15
02

23115

गांधी स्मृति ग्रंथालय
भावनगर

P
050
SHI-21
23115

GANDHI SMRITI LIBRARY
BHAVNAGAR

આ પુસ્તક

તરફથી ભેટ મળેલું છે.

આ પુસ્તક .....દિવસ રાખી શકાશે.


23115

રાષ્ટ્રની તૈયારી હોવા છતાં બાળકેળવણી વખતે દેશની ગરીબાઈ આડે આવે તેથી મારા મનને ઘણું જ દુઃખ થતું હતું.

પૂ. બાપુજીએ કહ્યું; 'ખર્ચની બાબત હું પ્રમાણમાં ગૌણ ગણું છું. હિંદુસ્તાનને પચે તેવી વાત હોય તો ભલેને કરોડો ખરચાય. પણ કરોડો ખરચીને ઇંગ્લંડની હવા અહી લાવવાની વાત હોય તો તે ખોટી છે. તે આવી પણ શકે નહિ. આપણે તો હિંદુસ્તાનની ગરમ હવામાં જ નભતાં શીખવું જોઈએ. આવી રીતે ત્યાંની હવા લાવવાનો પ્રયત્ન કોઈ કરે ને કહે કે ખરચાળ વાત છે તો હું કહું એ મૂળ વાત જ વાયડી છે માટે છોડવી જોઈએ, નહિ કે તે ખરચાળ છે માટે. ખરચની વાત અગત્યની હોઈ શકે; પણ આવશ્યક હોય ત્યાં ખરચ થાય તો વાંધો ન હોઈ શકે.' રાષ્ટ્રની ઉન્નતિના કામોના ખરચ પરત્વે પૂ. બાપુજીના આ વિચારો અત્યંત મનનીય છે. તે બન્ને બાજુના વિચારકોને માર્ગદર્શક છે. 'આપણો દેશ ગરીબ છે માટે આ ન પોસાય.' 'આ છે તો ઘણું સારું; પણ આપણાં સાત લાખ ગામડાંવાળા દેશ માટે કામનું નથી.' વગેરે ઉદ્‌ગારો હંમેશ સંભળાય છે. તેમને માટે પૂ બાપુજીના વિચારો ધ્યાનમાં લેવા જેવા છે. 'આવશ્યક હોય ત્યાં ખરચ થાય તો વાંધો નથી.' 'ભલેને કરોડો ખરચાય.' એ શબ્દો કાર્યનું મહત્ત્વ બતાવે છે.

સાથે સાથે આ વસ્તુ ઉપયોગી છે માટે જે લોકો ગમે તેટલો ખરચ કરીને બાલમંદિરો ચલાવે છે તેમને માટે પણ ઘણું જ વિચારવાનું રહે છે. 'હિંદુસ્તાનને પચે તેવી વાત હોય... મૂળ વાત જ વાયડી છે માટે છોડવી જોઈએ... પણ આવશ્યક હોય ત્યાં.....' આ બધા શબ્દો વિચાર કરવા થોભાવે તેવા છે. આ ક્ષેત્રમાં આજે કામ કરનારે ડગલે ને પગલે આ વાત વિચારમાં લેવી જોઈએ. ખરેખરનું, પ્રામાણિકપણે આપણે આત્મનિરીક્ષણ કરવું જોઈએ. પૂ. બાપુજી એટલે કે સમગ્ર રાષ્ટ્રની સંપૂર્ણ ઉન્નતિનો વિચાર કરનારા નેતાઓને દોરનારા ફિલસૂફ જે બાબતને 'વાયડી' કહે એવી બાબતો આપણે આગણાં બાલમ દિરોમાં દાખલ કરી છે કે નહિ, તે તપાસવાનું રહેશે. આપણે જો કસીને તપાસ કરીશું તો મને લાગે છે કે આપણું કામ જોઈને આજે જે ટીકાના શબ્દો ઘણાઓના મોંમાથી નીકળે છે તે નીકળશે નહિ. કારણ સંભવ છે કે ટીકા કરનારા આ પ્રવૃત્તિમા કાઢી નાખવા જેવું શું છે તે પકડી શકતા નહિ હોય, તેથી એકદમ નજરે ચડે એવી ખરચની વાત બોલી જતા હશે. પણ તે જ કામ જો યોગ્ય સ્વરૂપમાં તેમની આગળ આવે તો કદાચ તેમને પણ એમ જ કહેવાનું મન થઈ આવશે કે આ તો આપણે પણ કરવુ જ જોઈએ; ભલેને કરોડો ખરચાય.

બેઅઢી વર્ષથી પૂર્વબુનિયાદી તાલીમની શરૂઆત થાય છે. એ ઉંમરે બાળક શું શું અને કેવી કેવી રીતે શીખી શકે છે તે આપણે જોવું જોઈએ. બાળક તે ઉંમરે આસપાસના જગતનો પરિચય મેળવવા મથે છે. દરેક દરેક વસ્તુનો ગુણધર્મ અને ઉપયોગ જાણવા ચાહે છે. પોતાના હાથપગ અને અંગ વાપરીને તે દરેક જાતની હિલચાલ કરતાં શીખે છે. ઘણી વાર હિલચાલ કરતી વખતે તે ગુણધર્મ જાણી લે છે. જેમકે વસ્તુ ઉપાડે, પછાડે, મોંમાં નાખે, એક જગ્યાએથી બીજી જગ્યાએ લઇ જાય, વગેરે.

જે પ્રકારનું શિક્ષણ બાળક આ રીતે લેવા માગે છે, તે જ તેને સારી રીતે મળે એવી ગોઠવણ ને સવડ કરી આપવી એ બાલશિક્ષણનું કામ છે.

આ ઉપરથી એક વાત તો નક્કી થાય છે કે બાળક આ ઉંમરે આપણી પાસેથી સીધું ભાષાદ્વારા કે પુસ્તકદ્વારા શિક્ષણ લઈ શકતું નથી, પણ ક્રિયાદ્વારા અને પોતાના પ્રયત્નથી જ શિક્ષણ મેળવી શકે છે. માટે આપણે મોટાઓએ એટલે કે શિક્ષકની ભૂમિકા લેવા-વાળાઓએ પોતે બાજુએ ખસી જવું જોઇએ ને બાળકોને હિલચાલ, ક્રિયા ને પ્રયત્ન કરવા માટે અવકાશ આપવો જોઇએ.

પણ બાળકો એકલાં એકલાં કેટલું કરી શકે ? તેઓ પોતાની બુદ્ધિ શાના ઉપર વાપરે ? પોતાની આસપાસની વસ્તુઓ ઉપર તેઓ ક્રિયા પ્રતિક્રિયા વડે પોતાની બુદ્ધિ કસી શકે માટે તેમના વાતાવરણમાં એવી વસ્તુઓ હોવાની જરૂર છે કે જેના ઉપર તેઓ ક્રિયા કરી શકે. એટલે તેઓ છૂટથી વાપરી શકે એવાં સાધનો હોવાની જરૂર પૂરેપૂરી છે.

આપણાં ઘરોમાં કે બહારની સૃષ્ટિમાં બાળકોને સહેજે કેટલાંએક સાધનો મળી જાય છે. પણ તે બાળકોની પ્રવૃત્તિ માટે પૂરતાં કે સવડવાળાં હોતાં નથી. સિવાય તે મોટાંઓના ઉપયોગ માટે વસાવેલાં હોય છે. તેથી બાળકોના શિક્ષણ વિષે વિચાર કરતાં શિક્ષણનું એક મુખ્ય કામ એ છે કે બાળકોના વપરાશ માટે સુગમતા-વાળાં, બાળમનને માફક આવે એવાં અને તેઓ આ ઉમરે જે જે શીખવા માગે છે તે ઝડપથી અને સંગીન રીતે મેળવી શકે એવાં સાધનો ઉપજાવવાં. આ સાધનો એવાં હોવાં જોઇએ કે તે વડે બાળકની બુદ્ધિ કસાય; પોતાના પ્રયત્ન અને મહેનતથી પોતે જ કામ કરી શકે; જે તેને વિચાર કરવા પ્રેરે અને જેની સાથે તે જુદા જુદા પ્રયોગો કરી શકે અને પરિણામે ખોજ કરતાં કરતાં દુનિયાનું જ્ઞાન ગ્રહણ કરી શકે—છતાં બાળકને પોતાને એ બધું કામ રમત જેવું લાગે, પુનઃ પુનઃ કરવાનું મન થાય; તેમાં જ તેનું ચિત્ત એકાગ્ર થાય અને કેટલોય વખત એક વસ્તુ મેળવવા પાછળ કાઢવા તે પ્રેરાય.

સાધનોના સંબંધમાં પણ પૂ૦ બાપુજીની વાતચીતમાં ઘણા મહત્ત્વના મુદ્દાઓ જણાઇ આવ્યા છે. હવે પછી એ દિશામાં ઘણી જગ્યાએ અને ઘણા વધારે લોકો કામ કરશે એ સંભવિત છે. બાળકેળવણીની પ્રવૃત્તિ ગામડામાં શરૂ કરવાના પ્રયત્નો પણ થશે. જે લોકો આજે તે પ્રદેશમાં કામ કરે છે તેમજ જે નવા આવશે તે બધાને જ માટે એ વિચારો માર્ગદર્શક થશે. બાપુજી કહે છે, 'હું દરેક ગામડામાં તેનાં સાધનો શોધી કાઢું. સાચો વૈદ્ય તો એ છે કે જ્યાં જે સાધન મળે ત્યાં તેનાથી કામ આપે. મધ્યસ્થ સ્થાનમાં સાધનો ઉત્પન્ન કરો ને તે ગામડે લઇ જાઓ એટલે મરી ગયા.....શોધતાં શોધતાં જે આપણે કારખાનામાં બનતાં સાધનો પાસે પહોંચી જઇએ તો તે મૉન્ટેસોરી પદ્ધતિ નહિ થાય. ગામડામાં જે લાકડું મળે તેમાંથી જ સાધનો બનવાં જોઇએ. જો તમે મને કહો કે ગામડામાં સંશોધન થશે તો મને વાંધો નથી. તેમાં વધુ ખર્ચ થાય પણ તે આવશ્યક થાય તો મને વાંધો ન હોય. કારખાનામાં થયેલું સસ્તું થાય ને ગામડામાં મોઘું પડે છતાં તે

કરું. સંશોધન પોતે કેમ કરી લેવું તે આપણે દરેકને શીખવી દેવું રહ્યું.'

બાળકોના વપરાશ માટે સાધનો જોઇશે એ ખરું પણ તે કઇ જાતનાં જોઇએ તે બરાબર તપાસીને ને વિચારી જોવું જોઇએ. પહેલેથી બીજા દેશોમાં–ખાસ કરીને પાશ્ચાત્ય દેશોમાં અમુક વસ્તુઓ અમુક રીતે વાપરે છે માટે તે બધું આપણે ત્યાં પણ જોઇશે એમ સ્વીકારવું તે બરોબર નથી, શાસ્ત્રીય કે વૈજ્ઞાનિક દૃષ્ટિએ તો વિચાર થવો જ જોઇએ, પણ તેની સાથે-સાથ આપણું પોતાનું સંશોધન તેમાં હોવું જોઇએ. તે સાધનો આપણે ત્યાંજ ઊગેલાં, વિકાસ પામેલાં ને આપણી બુદ્ધિશક્તિથી ઉત્પન્ન થયેલાં હોય તો જ કામનાં. આપણા શિક્ષકો, આપણા કારીગરો, આપણાં સાધનો વાપરનારાં માબાપો, બધાંનો તે તૈયાર કરવામાં ને વિકસાવીને પૂર્ણત્વ તરફ લઇ જવામાં ફાળો હોઇ શકે. ને એમ હોય તો જ તે સાધનો વડે આપણી રાષ્ટ્રીય ઉન્નતિ સંભવે.

એ પ્રમાણે જોતાં પૂ૰ બાપુજી સાધનોના વપરાશ પરત્વે જે સંશોધન અને શિક્ષકે જાતે બનાવી કે ગામડાના કારીગર પાસેથી બનાવરાવી લેવા ઉપર ભાર મૂકે છે તે તદ્દન આવશ્યક વાત છે. આપણે તેમ ન કરીએ તો જેમ બીજી બાબતોમાં બીજાઓએ બનાવેલી તૈયાર વસ્તુઓ વાપરતાં થયાં તેમ આ બાબતમાં પણ થવાનાં. અને તેથી બુદ્ધિવિકાસ થવાનો નથી.

સાધનોના સંબંધમાં પૂ૰ બાપુજીના કથનમાં બીજો એક મહત્ત્વનો મુદ્દો સમાયેલો છે. આપણે જરૂરી સાધનો બનાવીએ તેમાં તેમને વાંધો નથી; પણ તે ગામડામાં મળતી વસ્તુમાંથી. વાંસ, લાકડું કે બીજી વસ્તુઓ ગામડામાંથી મેળવી તે ગામડાના કારીગર પાસે જ તે જ ગામમાં બનાવી લેવાવાં જોઇએ, એવો તેમનો આગ્રહ મને દેખાયો. એક, એ કે પાંચદસ કુશળ (expert) કારીગરો મોટા ભંડોળની મદદથી, એક જગ્યાએ સાધનો બનાવે ને બધી શાખાઓ તે વાપર્યા કરે એમાં બીજો ભય છે તે એ કે આજે જેમ હિંદુસ્તાન પરદેશી માલનો ભોગ થઇ પડ્યું છે તેમ ગામડાંઓ શહેરી કારખાનાનાં ભોગ થવાનાં. શહેર કે ગામડામાં મૂડીદારો કારખાનાં કાઢે, તેમાં જરૂર કરતાં વધારે માલ પેદા કરે, તેને માટે તેમને (બજાર) ખરીદ કરનારા શોધવા પડે, તે માટે કારખાનાં કારખાનાં વચ્ચે હરીફાઇ થાય, ભાવ ચડઊતર થાય, વધારે પડતો નફો આવાનો લોભ થાય, વગેરે અનેક આજના જગતનાં ઉત્પત્તિકેંદ્રો ને વસ્તુવેચાણને લગતા જે પ્રશ્નો ઉત્પન્ન થયા છે તે બધા આ કારખાનામાં લાગુ પડે ને પરિણામે મૂડીવાદ પોષાય; ને ગામડાને તો શહેર તરફ નજર રાખવી, ત્યાંના લોકોના મગજમાંથી (ને તેમના મગજમાં યે મોટે: ભાગ પરદેશના અનુકરણનો જ હોય) નીકળે તે ખરીદવું ને જેવું મળે તેવું વાપરવું એટલું જ કરવાનું રહે તેમાં નથી ગામડાનો વિકાસ, નથી કારીગરીનો વિકાસ કે નથી બુદ્ધિનો વિકાસ. એનાથી ઊલટું પૂ. બાપુજી કહે છે તેમ દરેક શિક્ષક પોતાનાં સાધનો પોતાના ગામમાં મળતી વસ્તુમાંથી, પોતાના ગામમાં વસતા કારીગરની મદદથી કરાવી લેવા મથે તો તેને પોતાને ઘણો વિચાર કરવો પડે, પરિસ્થિતિમાંથી શું શું ઉપયોગી થઇ પડે તે જોવાની તેની શક્તિ વધે; ગામડાના કારીગરો પણ વધારે હોશિયાર, કળાવાન અને શાસ્ત્રીય રીતે કામ કરનારા તથા

શોધક પણ બને. ને સૌથી વધારે કિંમતી પરિણામ તો એ આવે કે બાળકો પણ બાસ તૈયાર સાધનોની સાથે રમતાં-થવાને બદલે શિક્ષણસાધનનો વિકાસ જુએ ને તેમાં કદાચ પોતાનો ફાળો પણ આપે તેમને પોતાને પણ જોઈએ તે ઝટ ઊઠીને બનાવી લેવાની ટેવ પડી શકે. ઉપરાંત ભાવી ગ્રામજનો બુદ્ધિથી કે આવડતથી પરાવલંબી નહિ પણ ખરા સ્વાવલંબી અને સ્વતઃપૂર્ણ ( Self-sufficient ) થઈ શકશે.

આ પ્રમાણે શિક્ષણનાં સાધનો ને બાલમંદિરો ચલાવવા પરત્વે અત્યંત મહત્ત્વના મુદ્દાઓ આપણને પૂ૦ બાપુજી પાસેથી મળ્યા છે. આપણે જોઈ શકીએ છીએ કે તેમની મૉન્ટેસોરી પદ્ધતિ તરફની વૃત્તિ પણ શુદ્ધ શાસ્ત્રીય છે. તેને પરદેશી ગણીને તેઓ ધિક્કારતા નથી તેની-શાસ્ત્રીયતા સ્વીકારીને તેનો આપણા દેશને પૂરેપૂરો લાભ મળે તેમ તેઓ ઇચ્છે છે તેઓ કહે છે, 'હું મૉન્ટેસોરી પદ્ધતિને વગોવતો નથી તેની શાસ્ત્રીયતા સ્વીકારું છું. પણ આપણા દેશમાં તે આપણા લેબાસમાં મૂકવાની જરૂર છે'

વર્ષોથી આ ક્ષેત્રમાં કામ કરનારા ને નવા આવનારા, શહેરોમાં કામ કરનારા ને ગામડામાં બાલશિક્ષણ ચલાવવાની હોંશ રાખવાવાળા, શ્રીમંત શાળાના ચાલકો ને ગરીબ શાળાના ચાલકો, બધાને જ માટે આ વિચારો વિચારપ્રેરક ને નવી દૃષ્ટિ આપવાવાળા છે. આશા છે કે પૂ૦ બાપુજીએ આપેલા આ વિચારના પ્રકાશમાં ઘણું કામ અને સંશોધન થશે

તા૦

---

# ગ્રામ બાલશિક્ષણકેંદ્ર : બોરડી

ઘણા વખતથી નૂતન બાલશિક્ષણ સંબંધનો વિચાર ગ્રામ બાલશિક્ષણકેંદ્ર શરૂ કરવાનો હતો તે આખરે અમલમાં મૂકી શકાયો છે. આમ એ વિચારને અનુસરીને ચારેક વર્ષ પહેલાં ત્રણ જગ્યાએ ગ્રામદૃષ્ટિથી પ્રયોગ કરવાનું યોજ્યું હતું. કાઠિયાવાડના ભાવનગર રાજ્યમાં આવેલા આંબલા ગામે, બારડોલી તાલુકાના વેડછી ગામે અને મુંબઈની ગરીબ વસ્તીમાં સેવામંદિરમાં એમ ત્રણે સ્થળેએ પ્રયોગની શરૂઆત કરવામાં આવી હતી. તે અનુભવનો લાભ ઉઠાવીને નૂતન બાલશિક્ષણ સંઘે ગ્રામ બાલશિક્ષણની એક યોજના તૈયાર કરી હતી જે ગયા વર્ષે શિક્ષણ પત્રિકામાં પ્રસિદ્ધ કરવામાં આવી હતી.

હવે તે યોજના પ્રત્યક્ષ કાર્યમાં મૂકવાનો અવસર આવ્યો છે

જયા નવેંબર માસથી ગ્રામ બાલવાડીનું કામ શરૂ કરવા માટે કેટલાક કાર્યકર્તાઓ બોરડી મુકામે જઈને રહ્યા છે.

**સ્થળ**

બાલશિક્ષણની યોજના કાર્યમાં મૂકવા સારૂ બે વસ્તુ સૌથી મહત્ત્વની ગણી શકાય; એક સ્થળ અને બીજી કાર્યકર્તાઓ.

ગ્રામ બાલશિક્ષણના પ્રયોગ માટે ગામડાની પસંદગી કરવાની જરૂર હતી. આજે ગામડાઓના બાલશિક્ષણની જરૂરિયાત ઊભી થઈ છે. તેને લીધે હિંદુસ્તાનના ઘણા ભાગોમાંથી ગ્રામ બાલશિક્ષકોની માગણી ઉપરાઉપરી આવી રહી છે. તેથી જ્યાં જલદી બીજારોપણ કરી શકાય અને સફળતા મળી શકે તેવા સ્થળની પસંદગી કરવાની જરૂર હતી. આજે કોઈપણ ગામડામાં જઈને ગમે તે કાર્ય શરૂ કરીએ તો પણ ત્યાં પ્રાથમિક અડચણોનો સામનો કરવો જ પડે. અને તેથી નવા શરૂ થતા કામનાં મૂળ લાગતાં અને તેને કોંટા ફૂટતાં જ સારી પેઠે સમય જાય. તેથી જ્યાં પ્રાથમિક મુશ્કેલીઓ અને અન્ય બાહ્ય અડચણો ઓછી નડે તેવું સ્થળ પસંદ કરવાનું અમે નક્કી કર્યું, અને સદ્‌ભાગ્યે એવું સ્થળ મળી પણ ગયું.

### 'બાલકમંદિર પ્રભુમંદિર બનો

'આપના બાલમંદિરના ઉદ્‌ઘાટન સમારંભમાં હું હાજર રહી શકતો નથી. મોટા માણસને હાથે સમારંભ થવાનો છે. જ્યાં બાળક–બાલિકાઓની જીવનકળીનો વિકાસ કરવાનું પવિત્ર કાર્ય થાય છે ત્યાં જ પ્રભુનું મંદિર હોય છે. તમારું બાલકમંદિર યથાર્થપણે પ્રભુમંદિર બનો.

તમને આ સંસ્થા માટે સારા સેવકો મળ્યા છે. તમારું કિંમતી અનુભવી નેતૃત્વ છે. પછી શું જોઈએ? થોડા દિવસોમાં જ તમારા કાર્યકર્તાઓએ ગામલોકોનાં મન હરી લીધાં છે. તમારી સંસ્થા બોરડીનું એક વધારે નવીન આભૂષણ બનો.

આવો સદિચ્છાદર્શક સંદેશો મોકલવા જેટલો હું મોટો નથી.

૨૨–૧૨–૪૫ આપનો નમ્ર,
**સાને ગુરુજી**

### શિક્ષણની તપોભૂમિ

છેલ્લાં પચીસ વર્ષથી જ્યાં એકધારું શિક્ષણકાર્ય ચાલી રહ્યું છે, અને જનતાના નીચેના થર સુધી શિક્ષણપ્રેમ પહોંચેલો છે એવું બોરડી ગામ અમે પસંદ કર્યું.

બોરડી એ આચાર્ય સિસોદેજીની તપોભૂમિ છે. તેમણે અને તેમના એકનિષ્ઠ, રાષ્ટ્રભાવનાથી રંગાયેલા સાથીઓએ શિક્ષણકાર્યને પોતાનું જન્મકાર્ય બનાવેલું છે.

હરિજનકાર્ય, આદિવાસી સેવામંડળ, મહિલામંડળ, મહાસભા સમિતિ વગેરે રચનાત્મક કાર્યનું બોરડી એક મજબૂત થાણું બનેલું છે આચાર્ય સિસોદેજી, ચિત્રેજી વગેરે દેશસેવકોની તપશ્ચર્યાનો લાભ આ બાલ શિક્ષણકેંદ્રને શરૂઆત કરવામાં ઘણો ઉપયોગી નીવડશે એ સૌથી મોટો લાભ ગણી શકાય.

બોરડીનું સ્થળ પસંદ કરવામાં બીજાં પણ અનેક કારણો છે.

એક તો બોરડી નાનું ગામ હોવા છતાં ત્યાં હાઈસ્કૂલ, ટ્રેનિંગ કૉલેજ વગેરે સંસ્થાઓ વર્ષોથી ચાલતી હોઈને શિક્ષણકાર્યને માટે યોગ્ય વાતાવરણ તૈયાર થયેલું છે. આગળ જતાં ગ્રામવિદ્યા પીઠ થઈ શકે તેવી એ ગામની તૈયારી આજે નજરે પડે છે.

બીજું, એ ગામમાં ફળફુલ અને શાકભાજીની સુંદર વાડીઓ અને સમુદ્રનો શાંત કિનારો હોઈ કેળવણીને માટે નૈસર્ગિક રમ્યતા ત્યાં જણાય છે. ગામડાના અનેક પ્રકારના વહેમ, અજ્ઞાન, આળસ, રોગ અને ઉપાધિઓવાળા વાતાવરણમાં કામ કરનારને માટે માનસિક અને શારીરિક સ્વાસ્થ્ય કુદરતી રીતે જ આ ગામમાં મળી શકે તેમ છે એ પણ એક કારણ છે.

વળી હાલ તુરત જે કાર્યકર્તાઓ મળશે તે મોટે ભાગે શહેરોમાં જ રહેનારા અને શહેરી ટેવોથી ઘડાયેલા હશે. તેથી તેમનાથી સહન ન થઈ શકે એવી મુશ્કેલીઓ આ સ્થળે નથી, એ પણ એક આશ્વાસન છે.

આપણે બીજાનાં બાળકોને કેળવવા અને ઉછેરવાનું કાર્ય કરતી વખતે પોતાનાં બાળકોનું આરોગ્ય અને શિક્ષણ પણ જોવું જોઈએ. કેટલીક વાર એ કારણે જ કાર્યકર્તાઓ અસ્થિર બને છે અને શરૂ કરેલાં કાર્ય અધૂરાં રહે છે. બોરડીમાં એ બાબતની સગવડતા છે એ પણ એ સ્થળ પસંદ કરવાનું એક કારણ ગણી શકાય.

## એક પ્રતિકૂળતા

આમ સગવડતાઓ અને અનુકૂળતાઓ વચ્ચે એક મોટી પ્રતિકૂળતા પણ છે. બોરડી સમુદ્રકિનારે આવેલું હવા ખાવાનું સ્થળ હોઈ ત્યાં માથેરાન–મહાબળેશ્વરની માફક શ્રીમંત લોકો રજાઓમાં ને ગરમીના દિવસોમાં આવે છે. તેને લીધે ગરીબ સ્ત્રીપુરુષો અને બાળકો સુદ્ધાં કોઈ પણ ઊજળા લુગડાંવાળો માણસ નજરે પડયો કે તરત તેની સામે હાથ લંબાવે છે અને રાંકડું મોં કરીને પૈસા માગે છે. આમ શહેરોના ઊજળિયાત વર્ગ પાસેથી આર્થિક લાભની જ અપેક્ષા રાખનાર ગરીબ વર્ગને શિક્ષણ આપવું, તેમનામાં સંસ્કારની ભૂખ જગાડવી, એ બીજાં શહેરોથી અલિપ્ત ગામડાંઓ કરતાં વધારે મુશ્કેલ પડશે એમ અમને પ્રથમ અનુભવે જ લાગ્યું છે.

ઉપરાંત થોડા દિવસ મોજ કરવા આવેલા પૈસાદાર લોકો પોતાને જોઈતી ચીજના મોં-માગ્યા દામ આપે છે. એમને પૈસા કરતાં વસ્તુની જ કિંમત વધારે હોય છે. તેને લીધે નાતાલ વગેરે રજાઓમાં અને ગરમીના દિવસોમાં દરેક ચીજના ભાવ મુંબઈ જેટલા ઊંચા ચડી જાય છે. પરિણામે જીવનની પ્રાથમિક જરૂરિયાતની ચીજો પણ બહુ મોંઘી બને છે.

## ઉદ્‌ઘાટન

આવા સ્થળે એક પ્રાયોગિક બાલવાડી શરૂ કરવામાં આવી છે. જેની ઉદ્‌ઘાટનક્રિયા તા. ૨૪–૧૨–૪૫ સોમવારના રોજ માનનીય શ્રી બાળાસાહેબ ખેરને હાથે થઈ. એ પ્રસંગે સંઘના પ્રમુખ શ્રી સરલાદેવી સારાભાઈ, મુંબઈ શાખાનાં મંત્રી શ્રી બાબીબેન મૂળજી, બજનચી શ્રી ચંદુલાલ ઝવેરી, શ્રી પરમાણંદ કાપડિયા, શ્રી વિજયાબેન, તથા શ્રી તારાબેન ઝવેરી, શ્રી મોઘીબેન, ગોપાલરાવ કુળકર્ણી, ત્રણે ભાષામંત્રીઓ શ્રી કાશીનાથજી, તથા શ્રી કમલિનીબેન, વિગેરે ભાઈબેનો આવ્યાં હતાં. બોરડી, ઘોલવડ અને દેવીયર ગામનાં શિક્ષણ-પ્રેમી સ્ત્રીપુરુષોની હાજરી વચ્ચે શ્રી ખેર-સાહેબે ગ્રામ બાલકેંદ્રનું ઉદ્‌ઘાટન કર્યું હતું. ઉદ્‌ઘાટનની વિનતિ કરતાં શ્રી સરલાદેવીબેને બાલ કેંદ્રનો હેતુ સ્પષ્ટ કરતાં કહ્યું કે : આજે હિંદુસ્તાનમાં પૂર્વબુનિયાદી તાલીમ માટે કેળવણીકારો અને દેશના આગેવાનો વિચાર કરી રહ્યા છે. દેશના જુદા જુદા ભાગમાં નાનાં બાળકો માટે બાલવાડીઓ શરૂ થવા લાગી છે. તે વખતે અહીં આપણે બાલકેંદ્ર શરૂ કરીએ છીએ. અહીં આપણે પૂર્વબુનિયાદી તાલીમ માટે પ્રયોગો કરવાના છે. તેનાં સાધનોનું સંશોધન કરવાનું છે. એ દૃષ્ટિએ વિચારતાં આ કાર્ય કેટલું મહત્ત્વનું છે અને અમારી જવાબદારી કેટલી મોટી છે તેનો ખ્યાલ આવશે.

અમે એ મોટા કામ માટે આ સ્થળ પસંદ કર્યું છે. અમને એ કાર્ય માટેની અનુકૂળતાઓ અહીં જણાય છે,...'આગળ ચાલતાં તેઓશ્રીએ પૂર્વબુનિયાદી તાલીમનું મહત્ત્વ સમજાવી ઓરડીમાં મળેલી સહાય બદલ આભાર માન્યો હતો અને શ્રી. ખેરસાહેબને ઉદ્‌ઘાટનક્રિયા કરવાની વિનંતિ કરી હતી.

બાલશિક્ષણ કેંદ્ર ખુલ્લું મૂકતાં શ્રી ખેર સાહેબે કેટલાક મનનીય ઉદ્‌ગાર કાઢયા હતા.

## સા વિદ્યા યા વિમુક્તયે

" આટલી નાની બાળશાળા ચલાવવી હતી તો તેને માટે તારાબેન મુંબઇ છોડીને અહીં શા માટે આવ્યાં ? મને શા માટે બોલાવ્યો ? તારાબેનને સૌ ધન્યવાદ શા માટે આપે છે ? એનું કારણ છે. આપણા દેશના પુનરુત્થાન માટે મૂળમાંથી સુધારો કરવાની જરૂર છે. આજે આ કામ નાનું દેખાય છે પણ જેમ નાના બીજમાથી મહાન વૃક્ષ થાય છે તેમ આ કાર્યમાંથી મહાન ફળ નીપજવાની અપેક્ષા છે.

આપણે આજ સુધી પરદેશી ઢબની વિદ્યા લઈને પરવશ બન્યા; હવે આપણે આપણી રીતે વિદ્યા મેળવવી છે. સા વિદ્યા યા વિમુક્તયે એ આપણો મૂળ આદર્શ છે. તે પ્રમાણે આ વિદ્યા આપણને મુક્તિનો માર્ગ બતાવશે.

કોઇ પૂછશે, તો શું આટલા મોટા દાક્તરો, પીએચ. ડી. વગેરે ભણ્યા તે ભણતર બોટું ? તો હું કહીશ, હા એમ જ છે. આટલા લોકો આટલું બધું ભણ્યા છતાં આપણો દેશ એવો ને એવો રહ્યો, કારણ મેટ્રિક પછી પરીક્ષાઓની હારમાળામાં જ એ અટવાઇ જાય છે. આગળ શું કરવાનું છે એ તેમને સૂઝતું જ નથી.

## ગર્ભમાંથી શિક્ષણ શરૂ થવું જોઇએ

ખરી રીતે ગર્ભમાંથી જ બાળકનું શિક્ષણ શરૂ થવું જોઇએ. સૂર્યનું અજવાળું જુએ ત્યારથી જ બાળકને દરેક વસ્તુ શીખવી પડે છે. હાથપગનું હલનચલન, કાન, આંખ જીભની ક્રિયાઓ ધીમે ધીમે કેવી રીતે વિકસે છે તે જોવું અને તેને યોગ્ય રીતે કેળવવી એ સૌથી મહત્ત્વનું શિક્ષણકાર્ય છે. ગર્ભાધાનથી સાત વર્ષ સુધીની ઉમર એ મનુષ્ય જીવનની સૌથી મહત્ત્વની ઉંમર છે.

આ દુનિયા ઓળખવી, જેમણે આપણને બનાવ્યા તે ભગવાનને ઓળખવો, એ શિક્ષણનો હેતુ છે. એવું શિક્ષણ મોટો પીએચ. ડી. થયો હોય તે પણ આપી શકતો નથી. એને માટે જીવન વિષેની દૃષ્ટિ સ્પષ્ટ થવાની જરૂર છે. બરું કહીએ તો એ વિકાસ કરવાનું કામ પ્રભુનું છે. એવું વિશાળ હૃદય એટલે પ્રેમ જેમનામા હશે તે જ એ શીખવી શકશે. પદ્ધતિ તો સારી હોવી જોઇએ, પરંતુ મુખ્ય વસ્તુ બાલપ્રેમ છે. એ દૃષ્ટિએ જોતાં, કૉલેજમાં ગણિત વગેરે શીખીએ છીએ તે નકામું છે. ઇંદ્રિયોમાં, મનમાં, બુદ્ધિમાં, હૃદયમાં જે શક્તિ પડેલી છે તેને વિકસાવવી જોઇએ. ઇંદ્રિયો પોતાનું કામ સફળતાથી કુશળપણે કરી શકે તે જ શિક્ષણ સાચું છે. તેને માટે સ્વતંત્ર વાતાવરણ જોઈએ.

## બાળકોને નાતજાત નથી

અહીં અછૂત, મુસલમાન, વગેરે કોમનાં

બાળકો છે. તેથી જેઓ પોતાનાં બાળકને મોકલતાં અચકાય છે તેમને હું કહું છું, કે બાળકને જાતિ નથી. અછૂત, મુસલમાન, પારસી હિંદુ એવા ભેદ આપણે મોટાઓએ કરેલા છે. બાળક એ બાળક છે. એ જગતનું મોટામાં મોટું પ્રાણી છે. ઇંગ્લંડનો વડો પ્રધાન લૉર્ડ જ્યોર્જ ચમારનો છોકરો હતો; એનો બાપ જોડા બનાવતો. તેથી શું? દરેક ધંધો પ્રામાણિકપણે થાય તો તે પવિત્ર છે. બાળક તો નિષ્પાપ છે. એની શક્તિઓ ખીલવવી એ પવિત્ર કાર્ય છે.

અહીં એ પવિત્ર કાર્ય શરૂ થયું છે. આ બાલવાડીને હું ખુલ્લી મૂકું છું. એક દીવામાંથી અનેક દીવા પ્રગટે અને સમગ્ર જગતમાં પ્રકાશ ફેલાય તેમ આ બાલકેંદ્રમાંથી અનેક શિક્ષકો તાલીમ મેળવી આખા દેશભરમાં બાલકેંદ્રો ફેલાવો અને દેશને અજવાળો એવી મારી શુભેચ્છા અને પ્રભુપ્રાર્થના છે."

આ ગ્રામ બાલકેંદ્ર દ્વારા બોરડીની બાલવાડી ઉપરાંત આસપાસનાં ગામોમાં, આદિવાસીઓનાં ઝૂંપડાઓમાં, નાની મોટી બાલવાડીઓ શરૂ કરવાની સંઘની અભિલાષા છે.

ગ્રામ બાલશિક્ષણ અધ્યાપનમંદિર તો તુરતમાં જ શરૂ કરવાની ધારણા છે. તેનો અભ્યાસક્રમ ત્રણ માસનો પ્રથમ રહેશે. પછી નવ માસના અભ્યાસક્રમો યોજવા વિચારણા ચાલે છે.

ગ્રામ બાલવાડીઓને માટે કેવાં સાધનો આવશ્યક છે તેનું સંશોધનકાર્ય પણ આ કેંદ્રમાં થશે. ગામડાના કારીગરની સલાહથી, આસપાસમાં મળતા માલમસાલામાંથી, બાલ-શિક્ષણશાસ્ત્રના નિષ્ણાતની દેખરેખ નીચે, એ સાધનોનું સંશોધનકાર્ય કરવું એવી સંઘની ઉમેદ છે.

ગ્રામ દૃષ્ટિએ બાલવાચન માટેનાં પુસ્તકો, ગ્રામ અધ્યાપનમંદિર માટેનાં પાઠ્યપુસ્તકો, વગેરેનું પ્રકાશન પણ આ કેંદ્રમાં કરવાની ખ્વાહેશ રાખી છે.

બાલશિક્ષણને પોષક પ્રવૃત્તિ તરીકે સાક્ષરતા-પ્રચારનું કામ પણ બાલકેંદ્રમાં જ રહેતાં એક સેવાભાવી કાર્યકર બહેને શરૂ કર્યું છે. ગરીબ, અજ્ઞાન માબાપોને તેમનાં બાળકોના શિક્ષણનું મહત્ત્વ સમજાવવા માટે, તેમની બૌદ્ધિક ભૂમિકા ઊંચે લાવવાની જરૂર છે. બાળકોને કેમ ઉછેરવાં તેની સમજણ આપવા માટે તેમને કેળવણીની જરૂર છે. બાળકોને કેમ સાજાં રાખવાં તેને માટે માબાપોમાં રોગોનું અને આરોગ્યનું જ્ઞાન જરૂરી છે. એ દૃષ્ટિએ સાક્ષરતાપ્રસાર અને સ્વચ્છતા તથા રોગનિવારણનું કામ પણ ઉપયોગી નીવડવા સંભવ છે.

---

## અગત્યની સૂચના

જેમને એપ્રિલ માસથી જ અંકો મળ્યા છે તેમનું આવેલું લવાજમ માર્ચ આખર સુધીનું ગણાશે. આથી તેમને આ વર્ષે ૧–૧૦–૦ લવાજમ માત્ર આપવાનું છે. તો આપ એ રકમ મ. ઓ. થી મોકલી આપશો. નહિતર આવતો અંક આપને ૧–૧૪–૦ ના વી. પી. થી રવાના થશે. તેનો સ્વીકાર કરશો. કાર્યાલયની અનુકૂળતા સારુ આપને વી. પી. બે માસ અગાઉ કરવામાં આવશે તો માફ કરશો.

૧ વ્યવસ્થાપક.

# એમ કેમ ?

૧

મનુને નિશાળે જતાં આજે મોહું થયું હતું.

મનુની નિશાળ નાની હતી. નિશાળને બે ઓરડા હતા. નિશાળ નાની એટલે શિક્ષક પણ એક જ હતા. મનુ નિશાળના ઓરડામાં દાખલ થયો તે જ વખતે બીજા બારણેથી 'માસ્તર' સાહેબ દાખલ થયા.

નિશાળનો ઘંટ વાગ્યાને બે કલાક થઈ ગયા હતા. માસ્તર સાહેબ પહેરેલો કોટ કાઢી મૂકી ખુરસી પર બેઠા. ન્યાયાધીશની પેઠે ઠાવકું મોં રાખી, મેજ પર મુઠ્ઠી પછાડીને બોલ્યા: 'આજે કોણ કોણ નિશાળે મોડા આવ્યા છે ?'

બિચારા વિદ્યાર્થીઓ ઊભા થયા. ઘંટ વાગ્યા પછી કોણ આવ્યું, અર્ધો કલાક કોણ મોડો આવ્યો, કોણ અત્યારે આવ્યો એની તપાસ કરી શિક્ષા કરવા માંડી. જેવો ગુનો તેવી શિક્ષા, નહિ ? બહુ મોડા આવનાર વિદ્યાર્થીઓમાં બાપડો મનુ એકલો જ હતો. માસ્તરે તેને સારો મેથીપાક જમાડ્યો !

મનુ વિચારમાં પડ્યો: 'કોણ મોહું આવ્યુ ? સાહેબની પહેલાં તો હું જ નિશાળમાં દાખલ થયો હતો. છતાં સાહેબ મોડા આવે અને મને મારે છે, એમ કેમ ?'

૨

'કેમ ભાન નથી રખાતું ?'

'પણ બા ! હું શું કરું ?'

'પણ શું કરે છે, જોઈને કેમ ચાલતો નથી ?'

'જોઈને જ ચાલતો હતોસ્તો. પણ પગ લપસી ગયો ને 'કપ' ફૂટી ગયો, તેમાં બા હું શું કરું ?' મનુ બા તરફ જોઈ રહ્યો.

મનુ બજારમાં દૂધ લેવા ગયો હતો. દૂધ લઈને આવતાં તેનો પગ લપસી જવાથી તે પડી ગયો, દૂધ ઢોળાઈ ગયું ને 'કપ' ફૂટી ગયો. મનુની બાએ મનુને માર માર્યો અને વઢી.

એ જ દિવસે મનુને ઘેર મહેમાન આવ્યા. ચા પીતાં પીતાં મહેમાન દાઝ્યા અને તેથી તેમનો હાથ ધ્રૂજ્યો ને કપરકાબી ભોંય પર પડ્યાં ને ફૂટી ગયા. ગાદલા પર અને બધે ચાના છાંટા ઊડ્યા.

મનુની બા ત્યાં ઊભી હતી તે બોલી : બોહો ચંપકલાલભાઈ ! દઝાયું ? અરે ' તમારાં કપડાં પણ બગડ્યાં. !"

મનુની બાએ તેમને રૂમાલ આપ્યો. તેમણે ચાના ડાઘ લૂછી કાઢ્યા. રિસાયેલો મનુ પણ ત્યાં હતો. તેના મનમાં પ્રશ્ન ઊઠ્યો : ચંપકભાઈથી કપ-રકાબી ફૂટી ગયાં છતાં બા લઢી તો નહિ; પણ તેમને ' દઝાયું !' એમ કહી રૂમાલ આપ્યો. અને સવારે મેં કપ ફોડી નાખ્યો ત્યારે મને માર્યો ! એમ કેમ ?'

૩

મનુના બાપાને બીડી પીધા વગર ચાલતું નહિ, પણ એક દિવસ કાગળની બીડી બનાવી, પીતા મનુને તેમણે માર માર્યો.

* * *

મનુએ 'સત્યવાદી રાજા હરિશ્ચંદ્ર'નું નાટક જોયું હતું. તેના બાપા પણ સાચું બોલવા વિષે બોધ આપતા.

એક દિવસ મનુને ઘેર એક માણસ સાડી ખરીદવા આવ્યો. મનુના બાપા 'મનુની બા માટે એ સાડી લાવ્યા હતા, પણ મનુની બાને તે સાડી ગમતી ન હોવાથી વેચી દેવાની હતી.

મનુના બાપાએ પેલા માણસને કહ્યું: 'ભાઇ! એ સાડી મેં સાત રૂપિયે આણી હતી. ખરીદ કમતે જ વેચી દેવાની છે. ઘેર પહેરી ય નથી. ગડી વાળીને મૂકી જ રાખી હતી.'

મનુ તો આભો જ બની ગયો. તે તેના બાપા સાથે બજારમાં ગયો હતો ત્યારે તેના બાપાએ એ સાડી પાંચ રૂપિયામાં લીધી હતી!

મનુને લાગ્યું કે, 'બા અને બાપા પોતે ન કરે તે બાળકો પાસે કરાવવા કેમ ઇચ્છે છે? મોડા આવનાર માસ્તર સાહેબ નિશાળમા મોડા જવા માટે શા સારુ મારે છે? બીડી પીતા બાપા બીડી કેમ પીવા દેતા નથી? જુઠું ન બોલવાની શિખામણ આપનાર બાપા શા માટે જુઠું બોલે છે?'

મનુના બાળમાનસમાં ઊઠતા પ્રશ્નોના જવાબ શિક્ષકો અને માબાપો આપવા તૈયાર થશે? તેઓ મનુનું સમાધાન કરવા શ્રમ લેશે?

મનુનું માનસ ગૂંગળાઈને પોકાર પાડતું હતું: એમ 'કેમ?'

**શંકરભાઇ સોમાભાઇ તડવી**
(પુરુષ અધ્યાપન પાઠશાળા,) વડોદરા.

---

# ખરા સંસ્કાર તો ગર્ભકાળમાં પડે છે.

મને એક દિવસે મારા એક મિત્રે તેમના ત્રણ વર્ષના પુત્ર પીયૂષને બાલમંદિરે લઇ જવા કહ્યું. તેને બીજે દિવસે લઇ જવા મેં નિશ્ચય કર્યો. બીજે દિવસે બાલમંદિરના સમયે પીયૂષને આંગળીએ વળગાડીને હું લઇ જતો હતો. બે દિવસ પહેલાં શરૂનો વરસાદ વરસ્યો હતો, ને પાણીનાં બાબોચિયાં ઠેરઠેર ભરાયાં હતાં, અને બાજીનો રસ્તો કોરો હતો. પીયૂષ આંગળી પકડીને ધીરી ચાલે આમ-તેમ જોતો મારી સાથે ચાલતો હતો. એવામાં એક પાણીના બાબોચિયામાં થઇને જવાનો રસ્તો આવ્યો. પીયૂષે પાણીનું બાબોચિયું જોયું ને ભયભીતપણે ચીસ પાડીને ઉતાવળે અવાજે 'ભૂ' બોલીને અટક્યો. મેં તેને ચાલવા સમજાવ્યું પણ તે નહિ ચાલવામાં મક્કમ રહ્યો. મેં તેને છેવટે તેડી લીધો. પાણીનું બાબોચિયું ઓળંગ્યું, ને પાછો રસ્તા ઉપર તેને મૂકીને આંગળી પકડાવીને ચલાવવા માંડ્યું. થોડી વારે બીજું પાણીનું બાબોચિયું આવ્યું ને ઉપરનો ભય તથા વર્તન તેણે બતાવ્યાં. છેવટે મેં તેને તેડીને બાલમંદિર ભેગો કર્યો. પીયૂષના આવા પાણી તરફના ભયે મને વિચાર કરતો કરી મૂક્યો. પીયૂષ આમ પાણીથી ભયભીત કેમ બન્યો હશે? ખરી રીતે

બાળકો ચોમાસામાં વરસતા વરસાદમાં અને બાબોચિયામાં ધિંગામસ્તી કરે છે. આથી મને આ ભયમાં કંઈકું ગંભીર કારણ જણાયું, ને તે કારણ તેના ઘરમાંથી શોધવા વિચાર્યું

બીજે દિવસે હું પીયૂષના પિતાને મળ્યો, ને વાત કરી કે પીયૂષ પાણીના બાબોચિયાથી ભય પામે છે. તેના પિતાએ કહ્યું કે જ્યારે જ્યારે વરસાદ વરસે છે ત્યારે પીયૂષ ચીસ પાડતો ઘરમાં નાસી જઈને વરસાદ પડે ત્યાં સુધી ઓરડામાં સંતાઈ રહે છે અને વધુમાં ફરવા જવાનો એક પ્રસંગ તેમણે મને કહ્યો. એક દિવસ પીયૂષના પિતા તેને બગીચા તરફ ફરવા લઈ ગયેલા. બગીચાની સામે થોડે દૂર તળાવ છે. પિતાની ઈચ્છા પિયૂષને તળાવ બતાવીને બગીચામાં લઈ જવાની થઈ. પીયૂષ આંગળીએ હતો. પિતાએ તળાવ નજીક જઈને પીયૂષને તળાવનું 'ભૂ' બતાવ્યું. પીયૂષે ચમકીને ચીસ પાડી ને ભયથી ઘર ભણી દોડયો. પિતાએ પીયૂષને વહાલથી પકડીને તેડી લીધો ને છાતીસરસો ચાંપ્યો. તેના હૃદયના ધબકારા વધી પડયા હતા. તેને શાંત પાડવા પ્રેમપૂર્વક સમજાવતાં તેને બગીચામાં લઈ જઈને શાંત પાડયો. પીયૂષના પિતા કોઈ કોઈ વાર પીયૂષને બગીચામાં લઈ જાય છે. પણ પીયૂષભાઈ તો તળાવના રસ્તેથી પિતાને ખેંચીને ઘર કે બગીચો બનાવે છે. આટલી વાત થઈ રહ્યા પછી મેં પીયૂષના પિતાને પ્રશ્ન કર્યો કે પીયૂષને ઘરમાંથી કોઈ દિવસ કોઈ તળાવે લઈ ગયેલું? પિયૂષના પિતાએ કહ્યું ના. મેં બીજો પ્રશ્ન કર્યો કે ઘરમાથી કોઈ ડૂબેલું? પિતાએ કહ્યું કે હા. પિયૂષની બા સાબરમતી નદી ઊતરતાં ડૂબેલાં ને બેભાન અવસ્થામાં બચેલાં. મેં પૂછ્યું તો આ ડૂબવાના પ્રસંગે પિયૂષની ઉંમર કેટલી? પિતાએ કહ્યું "કે પિયૂષ તો તે સમયે ગર્ભકાળમાં હતો, ને ૬ થી ૭ માસ થયા હશે. એટલે મેં કહ્યું કે પિયૂષમાં પડેલી 'ભૂ' પ્રત્યેની ભયની ગ્રંથિ ગર્ભકાળની છે.

પિયૂષનો 'ભૂ'નો ભય કાઢવા પ્રયોગ ચાલે છે. થોડો ભય ઓછો થયો છે. પણ સંપૂર્ણ ભય તો લાંબો સમય માગે છે. પાણીના ભયની ગ્રંથિથી કેટલાક તરતાં શીખતાં અટકયા છે ને કેટલાક ભયમાં ને ભયમાં ડૂબી જાય છે. મનુષ્યના મનની અંદર પડેલું ભયનું છૂપું બીજ સંયોગવશાત્ પ્રગટ થઇ મનુષ્યના વિકાસને અટકાવે છે. માટે મનુષ્યની ખરી કેળવણી અને સંસ્કાર માટે તો ગર્ભમાથી વિચારવું રહ્યું.

અમૃતભાઈ કે. જાની
બાલમંદિર, માણસા

# નૂતન બાલશિક્ષણ સંમેલન : મુંબઈ

મુંબઈ વિશ્વવિદ્યાલયના કૉન્વોકેશન હૉલમાં તા. ૧૮મી જન્યુઆરીના રોજ સાંજે પાંચ વાગે માનનીય શ્રી બાલાસાહેબ ખેરના હાથે નૂતન બાલશિક્ષણ સંમેલન તથા પ્રદર્શની ઉદ્ઘાટન-ક્રિયા કરવામાં આવી હતી. તા. ૧૮ થી ૨૧ ચાર દિવસ સંમેલનનાં અધિવેશનો ભરાયાં હતાં. તે દરમિયાન બધા કાર્યક્રમોમાં મુંબઈ, પરાંઓ અને બહારગામનાં નિમંત્રિત ભાઈબહેનોથી એ વિશાળ હૉલ ભરચક રહેતો હતો. ચારચાર પાંચપાંચ કલાક સુધી બાલ-શિક્ષણ ઉપર ચાલતાં વ્યાખ્યાનો અને વિચાર-ણામાં શ્રોતાજનો રસપૂર્વક ભાગ લેતા હતાં. સંમેલનને અંગે ભરાયેલા બાલશિક્ષણ પ્રદર્શ-નમાં બાલમંદિરોનાં બાળકો અને શિક્ષકોને હાથે નિર્માણ થયેલા બોધપ્રદ અને મનોરંજક નમૂ-નાઓ તેમ જ બાલશિક્ષણના સાધનો કલામય રીતે ગોઠવેલાં હતાં. એ જોવા માટે સવારના દસથી સાંજના સાત સુધી આબાલવૃદ્ધ સૌ કોઈની એક સરખી ભીડ રહેતી હતી.

સંમેલનના ઉદ્ઘાટન પ્રસંગે શ્રી બાળા-સાહેબ ખેરે કરેલું મંગળ પ્રવચન, અધિવેશનના પ્રમુખો અને વક્તાઓએ કરેલાં બાલશિક્ષણ-વિષયક અભ્યાસપૂર્ણ વ્યાખ્યાનો, મહારાષ્ટ્રના એકનિષ્ઠ સેવક અને યુવાનોના પ્રિય નેતા, સિદ્ધ-હસ્ત સાહિત્યકાર શ્રી સાને ગુરુજીએ કરેલી મનોહર, પ્રેરક અને પાવનકારી વાતો વગેરે કાર્યક્રમથી સંમેલન સંપૂર્ણ રીતે સફળ થયું હતું.

ઉપરાંત બલમંદિરોનાં બાળકોનો એક મનોરંજક કાર્યક્રમ ગોઠવ્યો હતો. નૃત્ય, અભિ-નય, ગીત, સંવાદ વગેરે કાર્યક્રમથી કૅપીટોલ થિયેટરમા મળેલી મેદનીનું બાળકોએ મન-રંજન કર્યું હતું.

મુંબઈના બાલશિક્ષણ સંમેલને મહારાષ્ટ્ર વિભાગમાં શરૂ થયેલા બાલશિક્ષણના કાર્યને વેગ આપ્યો હતો. અને સમગ્ર સંઘના કાર્યને આગળ ધપાવવામાં સારી સહાય કરી હતી.

સંમેલનનો વિસ્તૃત અહેવાલ અને પ્રમુ-ખોનાં વ્યાખ્યાનોનો મહત્ત્વનો સારભાગ આવતા અંકમાં આપવામાં આવશે.

સંપાદક.

---

# નિશાની જોશો.

આ અંકનાં સામાન્ય સભ્યનાં વી. પી. રવાના કર્યાં છે. તે સિવાયના નીચે પ્રમાણેના સભ્યોનાં વી. પી. ફેબ્રુઆરી અંકમાં રવાના થશે. આપને મળતા અંકમાં જેની સામે રાતી ચોકડી હશે તેનું વી. પી. આપને હવે પછી મળશે. આપ લવાજમ મ ઓ. થી મોકલી આપશો અગર ૦-૪-૦ વધારે ખર્ચવાળું વી. પી. કૃપા કરી સ્વીકારી લેશો.

| | | |
|---|---|---|
| સક્રિય સભ્ય | લવાજમના | ૩-૮-૦ |
| સહાયક સભ્ય | ,, | ૫-૮-૦ |
| સંસ્થા જોડાણ | ,, | ૬-૮-૦ |

આશા છે કે આપ મ. ઓ. નો માર્ગ જ સ્વીકારશો.

વ્યવસ્થાપક.

# નૂતન બાલશિક્ષણ સંઘની સામાન્ય સભા

## તા. ૯ માર્ચ ૧૯૪૬, શનિવાર

નૂતન બાલશિક્ષણ સંઘની સામાન્ય સભા ( General Body ) તારીખ ૯મી માર્ચ ૧૯૪૬ શનિવારના રોજ સાંજના ૪ વાગે ભગિની સમાજ ટી. એન. માળવી બાલમંદિર, મેથ્યુરોડ, ચોપાટી પર મળશે. તે વખતે સંઘના સઘળા પ્રકારના સહુ સભ્યોને હાજર રહેવાની નમ્ર વિનંતી છે.

સભામાં નીચે પ્રમાણેનું કામકાજ હાથ ધરવામાં આવશેઃ—

૧ ૧૯૪૫ સાલનો વાર્ષિક હિસાબ તથા અહેવાલ મંજૂર કરવો.

૨ નૂ. બા. શિ. સંઘના કામની નવી યોજનાઓનો પરિચય.

૩ બંધારણમાં સૂચવાયેલા ફેરફારો ( આ ફેરફારો આવતાં અંકમાં આપવામાં આવશે.)

૪ પ્રમુખશ્રીની રજાથી મંત્રીઓ રજૂ કરે તે.

તારાબેન મોડક
સરોજબેન ચોવ
મંત્રીઓ : નૂ. બા. શિ. સંઘ

---

# પ્રથમ અખિલહિંદ મોન્ટેસોરી પરિષદ : પિલાની

પિલાની એ જયપુર રાજ્યમાં આવેલું સુપ્રસિદ્ધ બિરલા કુટુંબનું વતન છે. તે જયપુરથી ૧૨૦ માઈલ દૂર એજ રાજ્યની રેલ્વે લાઈનમાં આવેલા ચિરાવા સ્ટેશનેથી નવ માઈલના અંતરે છે. ત્યાં પહોંચવા માટે પાકી સડક છે. તે દ્વારા મોટરબસ, ઘોડાગાડી, બળદગાડી કે ઊંટગાડી જેવાં વાહનોથી ત્યાં જઈ શકાય છે.

પિલાની સાધારણ રીતે તો રણમાં વસેલું એક સામાન્ય ગામ જ છે, પણ પોતાના વતનને દિપાવવાના બિરલા કુટુંબના પ્રયાસોથી તે એક પ્રગતિજનક કેન્દ્ર બની ગયું છે. કારણ આજે ત્યાં પૂર્વ પ્રાથમિક કેળવણીથી માંડીને ઉચ્ચ કેળવણી લગીની શાળા-પાઠશાળાઓ સ્થપાયેલી છે. ત્યાં સારી એવી મોન્ટીસોરી શાળા છે. નિવાસગૃહવાળું કન્યા વિદ્યાલય છે હાઈસ્કૂલ છે. Arts-Science and Commerce–કલા વિજ્ઞાન અને વ્યપારની કોલેજો છે. સૈધ્ધાંતિક જ્ઞાન આપતી એક નૌકાસૈન્ય પાઠશાળા પણ છે. આ બધી સંસ્થાઓને દૂધ પૂરું પાડવા માટે એક સુંદર વિશાળ ગૌશાળા છે. શાકભાજી માટે ફાર્મ–કૃષિક્ષેત્ર છે. તેને માટે એક 'શિવગંગા' કરીને સુંદર નહેર બાંધેલી છે. દીવાબત્તી માટે એક વીજળી-

ઘર ઊભું કરેલું છે. અને આ બધું આ શ્રીમંત કુટુંબના વતનપ્રેમને આભારી છે. આ જોઈને સહજ જ ઉદ્‌ગાર નીકળે કે ધન્ય છે આ ધનિકને! કે ધનનો સદુપયોગ કરી બતાવ્યો છે. ગુજરાતના કોઈએ ધનિકને આ કાને પડે ને પોતાના પ્યારા વતનને દિપાવવાની પ્રેરણા મેળવે તો કેવું સારું?

આવા વતનપ્રેમને અખિલહિંદમાં ઉજ્જવળ બનાવવાની શુભેચ્છાએ જ પિલાનીમાં ૧૯૪૫ ના ડિસેમ્બરની તા. ૨૭–૨૮–૨૯ ના રોજ હિંદમાં મેડમ મોન્ટેસોરીના સતત સાતેક અભ્યાસ વર્ગોના પસારા પછી તેમની હાજરીનો લાભ લઈ શકય હોય તો સદર પ્રવૃત્તિ સંગઠિત કરવાના શુભ ઈરાદાથી આ પરિષદના પગરણ મંડાયા હતાં. હિંદના સર્વ ભાગોમાથી એટલે કે આસામથી માંડી સિંધ સુધીના અને કાશ્મીરથી માંડી મદ્રાસ અને સિલોન સુધીના ૧૫૦–૨૦૦ પ્રતિનિધીઓ આ પરિષદમા હાજરી આપવા આવી પહોંચ્યા હતા.

પ્રમુખપદે મેડમ મોન્ટેસોરી હતાં, અને ત્રણે દિવસના લગભગ તમામ અધિવેશનોનો આરંભ મેડમ મોન્ટેસોરીના મગળ પ્રવચનથી જ થતો. ત્રણે દિવસોના વિષયોમાં (૧) સમાજમાં બાળકનું સ્થાન, (૨) શાળામાં બાળકનું સ્થાન અને (૩) ઘરમાં–કુટુંબમાં બાળકનું સ્થાન, મુખ્યત્વે હતા. વકતાઓમાં પહેલેથી જ નક્કી થયેલા મેડમના વિદ્યાર્થીઓ અને પ્રેશસકો હતા. તેમાં જુદીજુદી કોલેજ અને શિક્ષણસંસ્થાઓના આચાર્યો, અધ્યાપકો અને કેળવણીના વડાઓ પણ હતા લાહોર કોલેજના અધ્યાપક આર. આર. કુમારિયા અને અલીગઢનાં કુ. કમરજહાં જાફરઅલીએ શ્રોતાઓનું વિશેષ ધ્યાન ખેચ્યું હતું. ગૂજરાતમાંથી આપણા સંઘના પ્રમુખ શ્રી સરલાદેવી સારાભાઈ, તેમના પુત્રવધુ શ્રી મનોરબાબેન સારાભાઈ અને ભાઈ નામલે તથા, શ્રી હરપ્રસાદ ભટ્ટ એ મુખ્ય વકતાઓ હતા.

પરિષદ અંગે એક સુંદર વિધવિધ વિષયોનું માહિતી પૂર્ણ પ્રદર્શન ભરવામાં આવ્યું હતું જેમાં ગૂજરાતમાંથી સારાભાઈ કુટુંબના સાધનસાહિત્યો–ચાર્ટસ (નકશાઓ)એ સારો જેવોભાગ રોકયો હતો, જેનો લાભ મોન્ટેસોરી પ્રિય સજ્જનોએ–ખાસ કરીને શિક્ષણરસિકોએ લેવા જેવો હતો.

પિલાની મોન્ટેસોરી શાળા વિષયવાર એરડાઓમાં વહેંચાયેલી છે. કામકાજની દૃષ્ટિએ એ જોવા જેવી છે. પરીષદ એકંદરે સફળ થઈ હતી.

—ભાષામંત્રી
કે. પંડિત

---

નૂતન બાલાશિક્ષણ સંઘ માટે રા. પુ. આ. ચિત્રે એમણે
આત્મારામ પ્રિ. પ્રેસ, બાજીવાવ, વડોદરા, એમા છાપીને પ્રગટ કર્યું. તા. ૩૦–૧–૪૬

# શિક્ષણ પત્રિકા

## ગ્રામ બાલઅધ્યાપન મંદિર—ઓરડી

તારીખ ૨૪ ડિસેમ્બરનાં રોજ ઓરડીમાં ગ્રામબાલશિક્ષણ કેન્દ્રની સ્થાપના કરવામાં આવી છે. એ પહેલાંથી જ એટલે નવેમ્બરથી જ ત્યાં બાલવાડી શરૂ થઈ છે. હવે માર્ચની ૧૫ મી તારીખથી આ કેન્દ્રમાં બાલવાડીના અધ્યાપકો તૈયાર કરવા સારુ અધ્યાપનમંદિર પણ ખોલવામાં આવનાર છે.

હમણાં હમણાં હિંદુસ્થાન ભરમાંથી બાલવાડી સારુ શિક્ષકોની માગણી ખૂબ વધી છે. ગુજરાત—મહારાષ્ટ્રમાં પણ દિવસે દિવસે બાલમંદિરો વધારે વધારે ખોલવાની તૈયારી દેખાય છે પરંતુ શિક્ષકોને અભાવે બાલમંદિરો ઊઘડી શકતાં નથી, તેમ જ ખોલાયેલાં છે તે વ્યવસ્થિત રીતે ચાલતાં નથી. આ દબાણભરી અને વધતી જતી માગને લક્ષમા રાખી ચાલુ સાલે ઓરડીમાં પહેલાં ત્રણ મહિનાનો અભ્યાસક્રમ રાખવાનો વિચાર છે. શિક્ષણનું માધ્યમ હિંદી રહેશે. તે પછી વર્ષાઋતુ આવતાં એ સ્થળે કામ ચલાવવું મુશ્કેલીભર્યું બનશે તેથી અત્યારે ૧૫ મી માર્ચથી ૧૫ મી જૂન (૧૯૪૬) સુધી ત્રણ મહિનાની ટૂંકી મુદતનો બાલવાડીનો વર્ગ ચલાવવામાં આવશે.

ઓરડી ઉનાળામાં હવા ખાવાની જગ્યા ગણાય છે; અર્થાત્ ઉનાળામાં એ સ્થળે વર્ગ બહુ સુંદર હવામાનમાં ચાલશે. એટલું ખરું કે આ દિવસોમાં ત્યાં મોંઘવારીનું પ્રમાણ વધારે જણાશે. એટલે જમણનું ખર્ચ ગામડાના હિસાબે વધારે ગણાય તેટલું એટલે કે શહેરી ધોરણે આવશે.

ઓરડીમાં જે વર્ગ ચલાવવાનો છે તે મુખ્યત્વે ગામડામાં કામ કરનાર માટે ચલાવવાનો હોઈ ત્યાંના છાત્રાલયની રહેણીકરણી સ્વાવલંબી રહેશે. પોતાનાં સઘળાં કામો—રાંધવાનું

—કાકા કાલેલકર.

વર્ષ ૨૧ | ૨૦૦૨ | :: કાર્યાલય :: રાવપુરા : વડોદરા | અંક ૨ | મહા

# નૂતન બાલશિક્ષણ સંમેલન—મુંબઈ

## [ તા. ૧૮ થી ૨૧ જાનેવારી ૧૯૪૬ ]

નૂતન બાલશિક્ષણ સંઘના મહારાષ્ટ્ર વિભાગ અને મુંબઈ શાખા તરફથી જાન્યુઆરી માસની તા. ૧૮, ૧૯, ૨૦, ૨૧ ના દિવસોમાં એક બાલશિક્ષણ સમેલન ભરવામાં આવ્યું હતું. સંમેલનની સાથે એક પ્રદર્શનની પણ યોજના કરવામાં આવી હતી.

**અપૂર્વ પ્રસંગ**

ઉચ્ચ શિક્ષણના પદવીધરોને પદવીઓ એનાયત કરવાના કાર્ય અંગે જ ઉપયોગમાં આવતા મુંબઈ વિશ્વવિદ્યાલયના એ વિશાળ સભામંડપમાં પૂર્વપ્રાથમિક શિક્ષણનો વિચાર કરવા સારુ મળેલું બાલશિક્ષણ સંમેલન એ એક અપૂર્વ અને વિશિષ્ટ પ્રસંગ હતો. સંમેલન તથા પ્રદર્શનની ઉદ્‌ઘાટનક્રિયા કરતાં માનનીય શ્રી. બાળાસાહેબ ખેરે એ વસ્તુને એક સૂચક ચિહ્ન ગણીને ભવિષ્યમાં ઉચ્ચ શિક્ષણ જેટલું જ મહત્ત્વ લાખો ગામડાંની પૂર્વપ્રાથમિક કેળવણીને પણ હવેથી મળશે તેની આગાહી કરી હતી.

મુંબઈ શહેર, પરાંઓ અને બહાર ગામના પ્રતિનિધિઓ અને શિક્ષણપ્રેમી ભાઈબહેનોથી યુનિવર્સિટીનો કૉન્વોકેશન હૉલ ચિકાર ભરાઈ ગયો હતો. તા. ૧૮ મીની સાંજે પાંચ વાગે પ્રાર્થના અને બાળકોના સ્વાગતગીતથી સમેલનની શરૂઆત થઈ હતી. સ્વાગતાધ્યક્ષ શ્રી. માલિનીબાઈ પરાંજપેએ આમંત્રિત સજ્જનો અને સન્નારીઓનું ભાવભર્યું સ્વાગત કર્યું હતું.

**પ્રેરક સંદેશાઓ**

નૂતન બાલશિક્ષણ સંઘનાં પ્રમુખ શ્રી સરલાદેવી સારાભાઈએ પોતાનો સંદેશો વાંચી સંભળાવ્યો હતો. બાલશિક્ષણના ક્ષેત્રમાં નવયુગ પ્રસરાવનાર મેડમ મૉન્ટેસોરીએ હિંદની સુશિક્ષિત મહિલાઓ બાલશિક્ષણના કાર્યને ઉપાડી લે તેવો સંદેશ પાઠવ્યો હતો. હિંદુસ્તાની તાલીમી સંઘનાં મંત્રી શ્રી આશાદેવી આર્યનાયકમે હિંદનાં હજારો ગામડાંમાં વસતાં લાખો ગરીબ બાળકોને સ્વચ્છ પાણી, આરોગ્યપ્રદ ખોરાક અને નીરોગી રહેણીકરણી પૂરી પાડવામાં બાલશિક્ષણનું કાર્ય તત્પૂરતું સમાવવાની શુભેચ્છા વ્યક્ત કરી હતી.

સંદેશાઓ વાંચ્યા બાદ સંઘનાં મંત્રી શ્રી તારાબેન મોડકે સંઘના વીસ વર્ષના કાર્યનો ટૂંકો પરિચય આપ્યો હતો. ત્યાર બાદ મુંબઈ શાખાનાં પ્રમુખ શ્રી. તારાબેન પ્રેમચંદે સંઘના ભાવી કાર્યની રૂપરેખા દોરી બતાવી હતી.

**પ્રદર્શનનો પરિચય**

બાલશિક્ષણશાસ્ત્રી શ્રી. નારળકરે પ્રદર્શનનો પરિચય આપતાં, કલાત્મક રીતે ગોઠવેલા ભાગનું દિગ્‌દર્શન કરાવ્યું હતું. ભૂગોળ અને ભાષાશિક્ષણ, પોષ્ટિક ખોરાક, બાળકો તથા શિક્ષકોના કલામય નમૂના, ઘરમાં બાળકની પોતાની ઓરડી, ચિત્રકામ અને માટીકામ, બાલપુસ્તકાલય, ગર્ભદ્વારમાં પ્રવેશ કરતાં જ બારણાની આગળ કરેલી સુંદર, સુરેખ, કુદરતી રંગોની રાંગોળી વગેરે વસ્તુઓનો તેમણે સભાજનોને શૈક્ષણિક દૃષ્ટિએ પરિચય કરાવ્યો હતો.

### શ્રી. ખેરસાહેબ

ઉદ્‌ઘાટનનું માંગલિક પ્રવચન કરતાં શ્રી. ખેરસાહેબે પોતાની લાક્ષણિક ઢબે પૂર્વપ્રાથમિક કેળવણી ઉપર કેટલાક મનનીય વિચારો રજૂ કર્યા હતા. શહેરોનાં ફક્ત ૨૫ લાખ બાળકો માટે જ નહિ પણ હિંદનાં સાત લાખ ગામડાંઓમાં વસતાં અઢી કરોડ બાળકોના શિક્ષણનો પ્રશ્ન કેમ ઉકેલવો એ કામની કઠિનતા તેમણે દર્શાવી હતી. પરંતુ એ કઠિનતા છતાં કરોડો રૂપિયા ન મળે તોપણ એ પ્રશ્નનો ઉકેલ થઈ શકશે એવા પોતાની શ્રદ્ધા વ્યક્ત કરી હતી. નૂતન બાલશિક્ષણ સંઘે ગુજરાતમાં કરેલા કામની પ્રશંસા કરીને મહારાષ્ટ્ર વિભાગે એ કાર્યને વેગથી ઉપાડી લેવાની હિમાયત કરી હતી. અંતમાં સંમેલન અને પ્રદર્શનના શુભ હેતુ પાર પાડો એવી શુભેચ્છા દર્શાવી હતી.

મુંબઈ શાખાનાં મંત્રી શ્રા. બાબીબેન મૂળજીએ હિંદીમાં બોલતાં સૌનો આભાર માન્યો હતો. ત્યાર બાદ વંદેમાતરમ્ ગવાયા પછી પ્રથમ દિવસનો કાર્યક્રમ પૂરો થયો હતો.

### બાલવિકાસ : ઘરમાં અને શાળામાં

શનિવાર તા. ૧૯ મીએ સવારે અગિયાર વાગે અધિવેશનની શરૂઆત થઈ હતી. અધ્યક્ષ તરીકે વડોદરાથી ખાસ આવેલાં વિદુષી કમળાબાઈ ટિળક હતાં. સ્વાગતાધ્યક્ષ શ્રી. માલિનીબાઈએ પ્રમુખનો પરિચય આપ્યા બાદ સભાનું કામ શરૂ થયું હતું. 'બાળકોની હઠ' ઉપર શ્રી. નર્મદાબાઈ 'સમર્થે' અભ્યાસપૂર્ણ વ્યાખ્યાન આપ્યું હતું. ત્યાર બાદ શ્રી. લીલાબાઈ નાતૂએ બાળશાળાની જરૂરિયાત અને આર્થિક ઉકેલ ઉપર વ્યાખ્યાન આપ્યું હતું. નૂતન બાલશિક્ષણ સંઘનાં મરાઠી ભાષામંત્રી શ્રી. કમલિનીબાઈ દામલેએ ઘર અને શાળાના સહકાર ઉપર પોતાના અનુભવગમ્ય વિચારો સભા સમક્ષ રજૂ કર્યા હતા. શ્રી. ગોપાળરાવ કુલકર્ણીએ બાળકોના બુદ્ધિવિકાસ વિષે પ્રમાણબદ્ધ વ્યાખ્યાન આપ્યું હતું.

અંતમાં શ્રી. કમળાબાઈ ટિળકે પ્રમુખ તરીકે ઉપસંહાર કર્યો હતો.

### સર્વાંગ સુંદર વ્યાખ્યાન

બાલશિક્ષણનું મહત્ત્વ સમજાવતાં શ્રી કમળાબાઈ ટિળકે 'સ્વાતંત્ર્ય, ઐક્ય, સમાજસુધારણા વગેરે બહુજન સમાજના મોટા પ્રશ્નોના મૂળને સ્પર્શ કર્યો હતો. તેમના સર્વાંગ સુંદર ઉપસંહારમાં વાક્યે વાક્યે જણાતી વિદ્વત્તા, કલાપ્રિયતા, બાલપ્રેમ, માતૃત્વની જાગ્રત ભાવના, બાલશિક્ષણનો ઊંડો અભ્યાસ વગેરે તત્ત્વોથી શ્રોતાગણ મુગ્ધ બન્યો હતો. 'બાલક એ માબાપને સોંપાયેલો સાર્વજનિક વિશ્વસ્તનિધિ છે' 'વાત્સલ્ય એ એક ઈશ્વરદત્ત અક્ષિશ છે' એવાં એવાં વાક્યપુષ્પોથી પોતાની વિચારમાળા રજૂ કરીને તેમણે વાતાવરણને બાલશિક્ષણની સુગંધથી સુવાસિત બનાવી મૂક્યું હતું.

### બાલશિક્ષણમાં શિક્ષાનું સ્થાન

બપોરના ત્રણ વાગે શ્રી સરલાદેવી સારાભાઈના પ્રમુખપદે 'બાલશિક્ષણમાં શિક્ષાને સ્થાન છે' એ વિષય પર ગુજરાતીમાં વાદવિવાદ ગોઠવાયો હતો.

શ્રી. ચીમનભાઈ શાહ, મગનભાઈ વ્યાસ, પરમાણંદભાઈ કાપડિયા, મીસ રૂસ્તમજી, શ્રી.

સરલાબેન બેનર્જી, જમુભાઈ દાણી વગેરે ભાઈબહેનોએ ચર્ચામાં ભાગ લીધો હતો. આદર્શ સ્થિતિમાં આદર્શ સમાજનાં ઘરો અને બાળશાળાઓમાં શિક્ષાની બિલકુલ જરૂર નથી એ વસ્તુ બન્ને પક્ષે માન્ય હોવા છતાં મર્યાદિત સંજોગોમાં, માબાપો અને શિક્ષકોની નિર્બળતાને કારણે અત્યંત હળવા પ્રકારની શિક્ષાની જરૂરિયાત ઉપર પૂર્વપક્ષના વક્તાઓએ ઝોક આપ્યો હતો, જેનો પ્રત્યુત્તર શાસ્ત્રીય રીતે અને અનુભવગમ્ય રીતે પ્રતિવાદ કરનારાં ભાઈબહેનોએ સચોટ રીતે આપ્યો હતો. અંતમાં પ્રમુખશ્રી સરલાદેવીએ તાત્ત્વિક દૃષ્ટિએ અને વ્યવહારૂ રીતે શિક્ષણના ક્ષેત્રમાં કોઈ પણ પ્રકારની શિક્ષાને સ્થાન ન જ હોઈ શકે એ વસ્તુનું પ્રમાણો ટાંકીને પ્રતિપાદન કર્યું હતું અને સભાનો મત લેતાં 'બાલશિક્ષણમાં શિક્ષાને સ્થાન હોવું જોઈએ' એ પૂર્વપક્ષને મોટી બહુમતિએ ઉડાવી દીધો હતો.

ચાર કલાકની રસિક ચર્ચા પછી સભા વિસર્જન થઈ હતી.

### રંજન કાર્યક્રમ

મુંબઈ અને પરાંઓનાં બાલમંદિરોએ સંમેલનને અંગે ખાસ કાર્યક્રમ તૈયાર કરી રાખ્યો હતો. રવિવારે સવારે સાડા નવથી સાડા અગિયાર સુધી કૅપીટલ સિનેમા થિયેટરમાં એ કાર્યક્રમ ચાલ્યો હતો. સમય થયા પહેલાં જ આખું થિયેટર પ્રેક્ષકોથી ચિકાર ભરાઈ ગયું હતું; ટિકિટો બંધ કરવી પડી હતી. બે અઢી કલાક સુધી બાળકોએ નૃત્ય, સંગીત, અભિનય-ગીત, નાટયપ્રયોગો, મૂક અભિનય વગેરે કાર્યક્રમથી સૌનાં મન રંજિત કર્યાં હતાં.

### બાલસાહિત્ય

સંમેલનનું ચોથું અધિવેશન રવિવારે બપોરે બે વાગે શ્રી. તારાબેન મોડકના અધ્યક્ષપણા નીચે મળ્યું હતું. સ્વાગતાધ્યક્ષ શ્રી. માલિનીબેને શ્રી તારાબેનનો પરિચય આપતાં તેમને બાલશિક્ષણની સદાય જલતી જ્યોત તરીકે ઓળખાવ્યાં હતાં. પ્રદર્શનના વિભાગમાં જેમનાં ભાષાશિક્ષણનાં સાધનો સૌની તારીફ મેળવતાં હતાં એવા શ્રી નામલેએ ભાષાશિક્ષણ ઉપર પોતાના બાર વર્ષના સુદીર્ઘ અનુભવના નિચોડરૂપ વ્યાખ્યાન આપ્યું હતું, અને નકશાઓ બતાવીને તથા ઉદાહરણોથી પોતાના વક્તવ્યને સ્પષ્ટ કર્યું હતું.

શ્રી. રાનડેએ શિક્ષણના માધ્યમ તરીકે ગ્રામોફોન રેકાર્ડના ઉપયોગ વિષે વિદ્વત્તાપૂર્ણ ભાષણ કર્યું હતું અને કેટલીક રેકાર્ડો વગાડી સંભળાવી હતી. બાલોપયોગી રેકાર્ડોના શ્રવણથી કાર્યક્રમ રસિક બન્યો હતો.

પ્રો. હુદલીકરે બાળકોને ઘર આગળ બનાવવાનાં ચિત્રો તથા કાતરથી કાપીને બનાવી શકે તેવાં નાનાં આલ્બમો વિષે કેટલાંક ચિત્રો બતાવીને સભા સમક્ષ વ્યાખ્યાન કર્યું હતું.

### સાને ગુરુજી

ત્યાર બાદ જેમના પ્રવચનની આબાલવૃદ્ધ સૌ એક શ્વાસે રાહ જોઈ રહ્યાં હતાં એવા શ્રી સાને ગુરુજી આવી પહોંચ્યા હતા. મહારાષ્ટ્રના પ્રખર રાષ્ટ્રસેવક, યુવકોના પ્રિયનેતા, વાર્તાનવેશ અને વાર્તાકાર તરીકે સાને ગુરુજીનું નામ આજે મહારાષ્ટ્ર પ્રાંતની સીમાઓ વટાવી ગુજરાતમાં પણ જાણીતું થઈ ચૂકયું છે.

સાનેજી ધ્વનિવાહક યંત્ર સામે આવીને ઊભા રહ્યા એટલે સભામાં અપૂર્વ શાંતિ ફેલાઈ

ગઈ. એક પળવાર તેમણે આંખ મીંચી અને પછી હિમાલયમાંથી ગંગાનો પ્રવાહ નીકળે તેમ તેમની તપઃપૂત વાણી શ્રોતાસમૂહને પાવન કરતી વહેવા લાગી. "એક નાની છોકરી હતી. રસ્તા ઉપર દૂધ લેવા બેઠી હતી. કોઇની રાહ જોતી હતી. એવામાં બંબે નીસરણી, હાથમાં બત્તી સળગાવવાનો કાકડો, માથે લાલ ટોપી ને ટૂંકડું પાટલૂન, એવો બત્તી સળગાવનારો બુઢ્ઢો નીકળ્યો. બસ એની જ એ રાહ જોતી હતી!" એક પછી એક પાત્રો નજર સામે ખડાં થવા લાગ્યાં. સાવ સાદી ઘરગથ્થુ ભાષામાં, ભાવવાહી બોધક શૈલીમાં વાર્તા આગળ વધતી ગઈ. દયા, માયા, કૃતજ્ઞતા, માનવપ્રેમ, ઉદારતા, સહૃદયતા, વગેરે ગુણોથી અલંકૃત પાત્રસૃષ્ટિએ ભાષાનાં કશા જ અલંકાર ધારણ કર્યા વિના, શ્રોતાઓનાં મનને હરી લીધાં. રસપ્રદ, બોધક અને વાક્યે વાક્યે માનવતાપ્રેરક એ વાર્તા એક કલાક અને દસ મિનિટે પૂરી થઈ ત્યારે શ્રોતાજનો મંત્રમુગ્ધ બનીને ઘડીભર સાને ગુરુજીએ ઉઠાવીને મૂકેલી ઉચ્ચ ભૂમિકા ઉપર સ્થિર બની ગયાં.

અધ્યક્ષ તરીકેના સમારોપમાં શ્રી. તારાબેને પ્રસંગોચિત બે જ વાક્યો કહેલાં: 'સાને ગુરુજીની વાર્તા એ વાર્તા ન હતી પણ એક પ્રવચન હતું. અને એ પ્રવચન-પાથેય લઈને જ આપણે ઘેર જઈએ એ યોગ્ય છે.'

આમ ચોથું અધિવેશન સફળ રીતે પૂરું થયું.

**બાળકોના કૂટ પ્રશ્નો**

સોમવારનો દિવસ સંમેલનનો છેલ્લો દિવસ હતો. બરાબર બપોરના બે વાગે પ્રો. સુલભા-બાઈ પાણંદીકરના પ્રમુખપણા નીચે પાંચમું અધિવેશન શરૂ થયું. સભાગૃહ હંમેશ મુજબ ચિકાર ભરાયેલું હતું. 'બાળકોના કૂટ પ્રશ્નો' એ વિષય નક્કી કરેલો હતો.

'બાળકોનો ભય' એ વિષય ઉપર પ્રો. પારસનીસે, 'બાળકોનું માનસિક આરોગ્ય' એ વિષય પર શ્રી. ભાસ્કર ધોંડો કર્વેએ અને 'બાળકોના કૂટ પ્રશ્નો' ઉપર ડૉ. મારફતિયાએ માનસશાસ્ત્રનો ઊંડો પરિચય કરાવતાં વિદ્વત્તાપૂર્ણ અને બાલશિક્ષણના પ્રશ્નો પર પ્રકાશ પાડનારાં વ્યાખ્યાનો આપ્યાં.

પ્રમુખ શ્રી. પાણંદીકરે સમારોપ કરતાં એવું જ મહત્ત્વનું ભાષણ કર્યું હતું.*

ત્યાર પછી સંમેલન સમિતિએ જે બે ઠરાવો સૂચવ્યા હતા તેની ઉપર સારી પેઠે ચર્ચા થયા પછી તેમાં અનેક સુધારા સુચવાયા અને તે સુધારાને ટેકા પણ મળ્યા. સુચવાયેલા સુધારાઓ મૂળ ઠરાવ મૂકનારે સ્વીકારી લીધા હતા એટલે નીચેના ઠરાવો પસાર કરવામાં આવ્યા હતા.

**ઠરાવ પહેલો**

આ સંમેલનનો એવો અભિપ્રાય છે કે બાલશિક્ષણનો પ્રશ્ન મુખ્યતઃ સ્ત્રીઓએ જ હાથમાં લેવો જરૂરી છે. તેથી આ સંમેલન અખિલ ભારતીય મહિલા પરિષદ અને અખિલ હિંદ રાષ્ટ્રીય સ્ત્રીસંઘ (નેશનલ કાઉન્સિલ ઓફ વુમન ઇન ઇંડિયા) અને બીજી સ્ત્રીસંસ્થાઓને વિનંતિ કરે છે કે તેમણે આ પ્રશ્ન તત્કાલ હાથ

* અધિવેશનના પ્રમુખો તથા વક્તાઓનાં વ્યાખ્યાનોનો મહત્ત્વનો સારભાગ 'શિક્ષણ પત્રિકા'માં હવે પછીના અંકોમાં મુદ્દો આપવાનું નક્કી કરેલ છે.

ઘરી ઠેર ઠેર બાલકમંદિરો ખોલી, પોતપોતાની શાખાઓ મારફત બાલશિક્ષણસપ્તાહ, પ્રદર્શનો વગેરે ભરી આ કાર્યને વેગ આપવો, અને સંઘનો કાર્યમાં સહકાર કરવો.

તે જ પ્રમાણે દરેક મહિલાસંસ્થાની સાથે એક બાલપુસ્તકાલય અને હસ્તવ્યવસાયકેંદ્ર પણ રાખવામાં આવે.

સિવાય આ સંમેલન મ્યુનિસિપાલિટી, લોકલ બૉર્ડ તથા બીજી સંબદ્ધ સંસ્થાઓને આગ્રહભરી વિનંતિ કરે છે કે તેમણે ઠેર ઠેર બાલક્રીડાંગણો વહેલામાં વહેલી તકે સ્થાપી આ કાર્યને વેગ આપવો.

ઠરાવ મૂકનાર : શ્રી. તારાબેન મોડક.
અનુમોદન : ડૉ. કાશીબાઈ નવરંગે.
ટેકો : શ્રી. તારાબેન પ્રેમચંદ.
સર્વાનુમતે પસાર.

### ઠરાવ બીજો

શારીરિક અને બીજી શિક્ષાઓ બાળકોના મનોવિકાસને ઘાતક હોઈ શિક્ષાનો ત્યાગ થવો જોઈએ એવો આ સંમેલનનો મત છે.

ઠરાવન મૂકનાર : શ્રી. શારદાબાઈ સાઠે.
અનુમોદન : શ્રી. સરલાબાઇ ભાવે.
ટેકો : શ્રી. પ્રભુભાઈ ઉપાધ્યાય.
ઘણી મોટી બહુમતિથી પસાર.

સ્વાગતાધ્યક્ષ અને મંત્રીઓએ સૌનો આભાર માન્યા બાદ વંદેમાતરમ્ ગવાયું અને સંમેલનની પૂર્ણાહૂતિ કરવામાં આવી.

## પ્રદર્શન વિભાગ

સંમેલનમાં ભાષણો અને ચર્ચાના જેટલું જ, કહો કે એથી ય વધારે બાલશિક્ષણની દૃષ્ટિએ ઉપયોગી અંગ તે પ્રદર્શન હતું. પ્રવેશદ્વારમાં પેસતાં જ ડાબે હાથે બનાવેલી આકર્ષક રાંગોળી સહુનું ધ્યાન ખેંચતી હતી. અનાજ અને ફૂલોના કુદરતી રંગો વાપરીને જ યોજેલી એ રાંગોળી અતિશય સુંદર બની હતી.

બીજી બાજુએ ગુજરાતી અને મરાઠી બાલસાહિત્યનાં પુસ્તકો રાખવામાં આવ્યાં હતાં; એ પુસ્તકો માત્ર જોવા સારુ નહિ પણ વેચાતાં મળે તેવી ગોઠવણ સાથે રાખ્યાં હતાં. સંમેલનના ત્રણચાર દિવસો દરમિયાન એમાંથી ઘણાં પુસ્તકો વેચાયાં પણ હતાં.

અંદર આગળ વધતાં જ પૂર્વપ્રાથમિક કેળવણી પર યોજેલા નકશાઓ આવતા હતા. તેમાં બાલવાડીની રૂપરેખા, બાલવાડીના વિષયો, આંગણાની સફાઈ, અંગસ્વચ્છતા, વગેરે જુદા જુદા નકશાઓ હતા.

ડાબી બાજુએ પ્રથમ 'ઘરમાં બાળકનો ખૂણો' યોજી બતાવ્યો હતો, જેમાં બાળકને માફક આવે તેવી હાથ ધોવા, પાણી પીવા તેમ જ બેસવા વગેરેની ગોઠવણ દર્શાવી હતી. બાળકનો હાથ પહોંચે તેટલી ઊંચાઈના કપાટો, તેનાથી હેરવીફેરવી શકાય તેવાં હળવાં અને માફક સાહિત્યો તેમ જ તેના માટેનાં યોગ્ય એવાં રમકડાં રાખ્યાં હતાં. એ દૃશ્ય જોતાં હરકોઈને

લાગ્યા વિના ન જ રહે કે બાળકમાં સ્વતંત્ર વ્યક્તિત્વ અવશ્ય છે, પણ આપણે મોટેરાંએ એને દાબી રાખેલ છે. બાળકને માફક એવાં સાહિત્યસાધનો હોય તોપણ બાળકને સ્વાવલંબી થવામાં ખૂબ મદદગાર બને તેમ જ બાળકમાં પોતાની ચીજો માટેનો આદર, વ્યવસ્થિતપણું, શિસ્ત વગેરે બાબતો અંગેનો રસ અને હોંશ બહુ નાની ઉંમરથી જાગે.

તે પછી બાલમંદિરમાં વપરાતાં બધાં સાધનો ગોઠવેલાં હતાં. શરૂઆતનાં સાધનો બાળકોને ઘેર વાપરવા સારુ પણ આપી શકાય તેવાં છે એ બતાવવામાં આવ્યું હતું. નાનકડી ઘંટી, શાક સુધારવાની છરી, બમણી, સૂતર કાંતવાનાં સાધનો, વગેરે જાતજાતનાં પરંતુ જીવનમાં અતિ ઉપયોગી સાધનો રાખ્યાં હતાં. બાળકોને ઘરમાં સાધારણ રીતે આ સાધનો કદી આપવામાં આવતાં નથી, જો કે બાળકોને તે વાપરવાનું મન તો ઘણું જ થાય છે. ડૉ. મૉન્ટેસોરીએ યોજેલાં જ્ઞાનેંદ્રિયોના વિકાસને મદદરૂપ થાય તેવાં સાધનો પણ રાખેલાં હતાં. તે પછી ગણિતનાં સાધનો ગોઠવેલાં હતાં. એ સાધનો જોતાં જ ગણિત એ ગોખવાનો વિષય નહિ પણ જાતઅનુભવ અને વિચારપૂર્વક શીખી શકાય તેવો વિષય છે એની બાતરી થતી હતી.

એક મોટો એવો વિભાગ ભાષાશિક્ષણે રોકયો હતો. હરકોઇ નવા જોનારને એ જોતાં એવો સહેજે પ્રશ્ન થાય કે આનું નામ ભાષા-શિક્ષણ ? એનું કારણ એ હતું કે ત્યાં સૃષ્ટિ-નિરીક્ષણના પણ નકશાઓ ગોઠવેલા હતા. એટલા નકશાઓ પરથી એવું અનુમાન થઈ શકે તેમ હતું કે આ વિભાગ વિજ્ઞાન અંગેનો હશે. પરંતુ બાજુમાં જ ભૂગોળના નકશાઓ પણ હતા જે પરથી એ વિભાગ ભૂગોળનો હોય એમ પણ લાગે. એ જ વિભાગમાં સાગરમાંથી આણેલાં શંખલાં, છીપો તેમ જ બીજા પથ્થરો પણ ગોઠવેલા હતા. પણ ખરેખર એ આખો વિભાગ ભાષાશિક્ષણનો જ હતો. બાળકની ૨ થી ૬ વર્ષની ઉંમર સુધીમાં ભૂગર્ભશાસ્ત્ર, પ્રાણીશાસ્ત્ર, વનસ્પતિશાસ્ત્ર તેમ જ એવાં બીજાં શાસ્ત્રો પણ એને માટે ભાષાશિક્ષણનો પ્રદેશ બની શકે છે, કેમકે બાળક આ ઉંમરે આખા જગતનો પરિ-ચય મેળવતું હોય છે. બાળકના અનુભવને માટે, એના અવલોકન સારુ, નજરે પડતી ચીજો અને બનતી ક્રિયાઓ માટેના શબ્દો તેને મળે એનું જ નામ ભાષાશિક્ષણ શિક્ષકો તેમ જ માબાપો માટે આ વિભાગ ઘણો ઉપયોગી અને માર્ગ-સૂચક હતો. આમાંનાં ઘણાં સાધનો શ્રીયુત મૉન્ટે-સોરીની સૂચના પરથી શ્રી. નામલેએ અમદા-વાદમાં શ્રીમતી મનોરમાબેન સારાભાઇને ત્યાં બનાવેલાં હતાં.

બાળકોના હસ્તવ્યવસાયે એક મોટો વિભાગ રોકયો હતો. આપણે કલ્પી ન શકીએ એટલી સુંદર ચીજો તેમાં નજરે પડતી હતી. તેમાં છેક નાનાં બાળકોનું માટીકામ, રંગકામ, સીવણ, કાતરકામ વગેરે હતાં. આ વિભાગ જોયા પછી જોનારની બાતરી થયા વિના ન રહે કે જો બાળકોને આવાં કામો કરવાની અનુકૂળતા ઘરે અગર શાળામાં મળે તો અવશ્ય તેઓ ઊંચા ચિત્રકાર, રંગારા અને કારીગર બને.

એની બાજુમાં શિક્ષકોએ બાળકો માટે બનાવેલા હાથકામના નમૂનાઓ હતા. આમાંની ઘણી ચીજો એવી હતી કે જે છેક નકામી લાગતી વસ્તુઓમાંથી બનાવી હોય. વધારે બર્ષમાં

ઊતર્યા વિના બાળકો માટે હાથકારીગરીનાં સાહિત્યો કેવી રીતે સંપડાવી શકાય તેનો એ પ્રત્યક્ષ નમૂનો હતો. એમાં શેરડીના પડછામાંથી બનાવેલાં ફૂલો, નાના નાના પડદાઓ, કેળના સૂકાયેલા થડના છોલામાંથી બનાવેલી ટોપલીઓ, ફૂલો, એલચીના છોલામાંથી બનાવેલાં ફૂલો અને ઘઉંની ઊંબીઓ, અખરોડની છાલોમાંથી બનાવેલા કાચબાઓ, કોડીમાંથી બનાવેલા બગલા, ઈંડાંનાં કાચલાંમાંથી બનાવેલ પક્ષીઓ, સિવાય દીવાસળીનાં બાકસ અને કાગળના નાના ટુકડાઓ વગેરે ચીજોનો જાતજાતનો ઉપયોગ શી રીતે થોઈ શકાય તે જાણી શકાતું હતું.

એક વિભાગ 'બાળકોનું શારીરિક તેમ જ માનસિક આરોગ્ય' નામે હતો. તેમાં પોષક શ્રેષ્ઠ ખોરાકના નમૂના રજૂ કરવામાં આવ્યા હતા.

એક સ્થળે બુદ્ધિમાપનનાં ( Intelligence Test) સાધનો પણ રાખેલાં હતાં.

એક જગ્યાએ ઘઉં અને લાકડાની પૂર્ણ માહિતી મળે તેવી રચના હતી. આ વિભાગમાં બાળકોની ભીડ વધારે રહેતી હતી કેમકે શહેરનાં બાળકોને ખેતર અથવા જંગલ જોવાનાં મળતાં નથી. એક જંગલનો દેખાવ ગોઠવ્યો હતો. જંગલમાં લાકડાં કાપવાનું કામ કેમ ચાલે છે તે, તેમ જ ત્યાંથી તે બહાર શી રીતે લઈ જવામાં આવે છે તે બતાવવામાં આવ્યું હતું. પર્વત પરથી વહેતી નદીઓનો લાકડાંઓ લઈ જવામાં કેવી રીતે ઉપયોગ કરાય છે તેમ જ હાથીઓનો પણ કેમ ઉપયોગ થાય છે તે પ્રત્યક્ષ નમૂના બનાવીને બતાવાયું હતું. મોટાં લાકડાંમાંથી પાટિયાં કેમ વહેરાય છે, તેમ જ લાકડાંમાંથી જ કાગળ, દીવાસળીની પેટીઓ, કોલસા વગેરે શી રીતે બને છે તે બધું નમૂનાઓ દ્વારા રજૂ કરાયું હતું.

ઘઉં વિભાગમાં ખેતરમાં હળ હાંકવાથી માંડીને ઘઉં કેમ થાય છે અને તેની રોટલી શી રીતે બને છે તે બતાવ્યું હતું.

આ રીતે પ્રદર્શન નાનાંમોટાં સહુને માટે આકર્ષક બન્યું હતું; અને પ્રદર્શનના છેક છેલ્લા દિવસ સુધી જામતી પ્રેક્ષકોની ભીડ એ માટેની ખાતરી કરાવતી હતી. તા. ૨૨ અને ૨૩ ના દિવસો પ્રદર્શન બીજી નિશાળોના વિદ્યાર્થીઓ સારુ ખાસ ખુલ્લું રાખવામાં આવ્યું હતું. લગભગ દરેક બાલમંદિરે બાળકોને પ્રદર્શન બતાવ્યું હતું. હજારો ઉપર બાળકોએ એનો લાભ લીધો હતો. મુંબઈની પ્રાથમિક શાળાઓ તેમ જ બીજી મોટી શાળાઓએ પોતાના વિદ્યાર્થીઓને પ્રદર્શન બતાવવાનું વિચાર્યું હોત તો જરૂર લાભકારક નીવડત. કેળવણી ખાતાએ એ અંગે બેદરકારી બતાવી હોય તોપણ આમવર્ગે–કેળવાયેલ માબાપોએ પ્રદર્શનનો સારો લાભ ઉઠાવ્યો હતો એમ કહેવું જોઈએ. સંમેલનનો આ વિભાગ પણ આ રીતે સફળ નીવડ્યો હતો એમ કહેવામાં કશી અતિશયોક્તિ ન જ ગણાય.

---


## શિક્ષક જોઈએ. છે

બાલમંદિર સ્વતંત્ર રીતે ચલાવી શકે તેવા શિક્ષકની જરૂર છે. માસિક વેતન રૂા. ૪૦ ચાલીસ. બાજુના સરનામે સીધો પત્રવ્યવહાર કરવો.

મંત્રી : મણિભાઈ રણછોડભાઈ
બાલમંદિર
મુ. સોજીત્રા, આણંદ થઈને

# સંમેલન સફળ થાઓ

## ( સંદેશાઓ )

સંમેલન સફળ થાઓ એમ ઇચ્છું છું. નાનાં બાળકોની માનસિક જરૂરિયાત તરફ લક્ષ આપવાની જરૂર છે. એ હિંદી મહિલાઓને સમજાય અને તેઓ તે પૂરી પાડે.

ડૉ. મૅરિયા મૉન્ટેસોરી

( ૨ )

आपने मुझे बालशिक्षा सम्मेलन को एक संदेशा भेजने के लिये लिखा था। मैं सन्देशा क्या भेजुं ? मैं जितने ही गाँवों के बच्चों और उनके मातापिताओं की आर्थिक स्थिति देखती हूँ उससे मुझे लग रहा है कि बालशिक्षा का आज की परिस्थिति में एक ही अर्थ हो सकता है—बच्चों को अन्न देना। आप सम्मेलन को मेरी तरफ से कहिए कि आज हिन्दुस्तान के सात लाख गाँवों में करोडो बच्चों के लिये खाना नहीं, पीने स्वच्छ पानी नही, नहाने, हाथ मुँह धोने के लिये पानी नहीं, बिमार पडे तो दवाई नहीं। आज हमारे देहात का एक भी बच्चा पूर्ण विकसित, स्वच्छ, सुगठित नहीं। आज की हालत में बालशिक्षा का एक ही अर्थ हो सकता है, बच्चों को खाना दो, पीने के लिये पानी दो, औषध दो, खेलने के लिये खुल्ली जगह दो। जीवन में भय दूर करो और काम के जरिये आत्मप्रगटन का आनन्द दो।

सेवाग्राम
२२–१–४६

आशादेवी आर्यनायकम्

( ૩ )

તમે સૌ બાળકોની કલ્યાણકારી પ્રવૃત્તિમાં તલ્લીન બની રહ્યાં છો. તેથી હું તો અંતરથી રાજી થાઉં છું. અને ઈશ્વરના તમારા પર આશીર્વાદ છે જ એમ માનું છું. સમાજ હજી બાળકો તરફ ઘણો બેદરકાર છે. તમે સમાજને જગાડવાના જે પ્રયત્નો કરો છો તેને સફળતા મળશે જ.

આપણું સંમેલન સફળ નીવડો અને મુંબઈ આ કાર્યમાં આપણને દોરવણી આપો એવી ઇચ્છા થઈ આવે છે.

નાનાભાઈ ભટ્ટ

( ૪ )

આજે આ સંમેલન નિમિત્તે આપણે સૌ મુંબઈ યુનિવર્સિટીના આ કૉન્વોકેશન હૉલમાં બાલશિક્ષણનો વિચાર કરવા મળ્યાં છીએ એ બતાવે છે કે બાળકોના પ્રશ્ન તરફ હવે સમાજનું ધ્યાન ખેંચાયું છે, એનું મહત્ત્વ સમજાયું છે. સમાજજીવનમાં જે દર્દ છુપાયું છે, જેણે આપણા પુરુષાર્થને પંગુ બનાવ્યો છે, જે વસ્તુ આપણી ભાવનાઓને લાચાર બનાવી રહી છે, તે દર્દનો ગંભીરપણે વિચાર કરવા અને એના મૂળને સ્પર્શતા પ્રશ્નોને ઊંડા ઊતરીને વિચારવા અહી સૌ એકત્ર થયાં છીએ એ સૂચક છે. આપણા દેશમાં અને પરદેશમાં પણ સમાજ-જીવનના સર્વાંગી વિકાસ માટે બાળકેળવણીને સ્થાન મળ્યું છે. પાયા તરફ લક્ષ દોરાયું છે તે શુભ ચિહ્ન છે.

એ દૃષ્ટિએ જોતાં નૂતન બાલશિક્ષણ સંઘનું કાર્ય વિશાળ છે. તેને પહોંચી વળવામાં

આ સંમેલન અગત્યનો ફાળો આપે એવી શુભેચ્છા અને પ્રભુપ્રાર્થના છે.

**સરલાદેવી સારાભાઈ**

( ૫ )

સંમેલનનું આમંત્રણ મળ્યું. ફક્તેહ ઇચ્છું છું. સંઘપ્રવૃત્તિ સર્વવ્યાપક બને અને આથી સર્વોત્તમ બાળકલ્યાણ સાધનારી રચનાત્મક પ્રવૃત્તિ સર્વત્ર ન્યૂનાધિક ઊપડે, એવી આશા છે.

**કમળાશંકર પંડિત**

( ૬ )

સંમેલનના આપના આમંત્રણ માટે આભાર.

**પ્રેમશંકર ભટ્ટ**

---

# ઉદ્‌ઘાટન પ્રસંગે કરેલું વ્યાખ્યાન

## ( શ્રી બાળાસાહેબ ખેર )

'યુનિવર્સિટિના આ કૉન્વોકેશન હૉલમાં ઉચ્ચ શિક્ષણ માટેની ડિગ્રીઓ લેવા સારુ જ એકઠા થવાનો રિવાજ હોય છે. એ સ્થળે આજે આપણે તદ્દન નાનાં બાળકોના શિક્ષણનો વિચાર કરવા એકત્ર થયાં છીએ તે મુંબઈ યુનિવર્સિટીના ઈતિહાસમાં પ્રથમ દાખલો છે. અને એ એક શુભ ચિહ્ન પણ છે. પૂર્વ પ્રાથમિક શિક્ષણનું મહત્ત્વ આપણે સમજવા લાગ્યા છીએ એની એ નિશાની છે. પૂર્વ પ્રાથમિક શિક્ષણનો પ્રશ્ન એ એક વિકટ પ્રશ્ન છે. આપણા દેશમાં અઢી કરોડ નાનાં બાળકો છે તેમાંથી ફક્ત ૨૫ લાખ-શહેરોમાં વસે છે; બાકીનાં સવા બે કરોડ ગામડાંઓમાં રહે છે. તેમનાં શિક્ષણનો પ્રશ્ન આપણે ઉકેલવાનો છે.

પૂર્વ પ્રાથમિક શિક્ષણનું પ્રથમ તત્ત્વ વર્ધામાં તળેલી અખિલ હિંદ તાલીમી સંઘની પરિષદમાં મહાત્માજીએ રાષ્ટ્રની કેળવણીના નાવને મધ્યદરિયે મૂકી દીધું છે. જીવનસાગર પાર કરવા માટે મહાત્માજીએ જે આદર્શ અને જવાબદારી આપણને સોંપ્યાં છે તે સમજીને કામ કરીશું તો બેડો પાર છે.

નૂતન બાલશિક્ષણ સંઘની કાઠિયાવાડ શાખા તરફથી આ સંમેલનને હું સંપૂર્ણ સફળતા ઇચ્છું છું.

**પ્રેમશંકર ભટ્ટ**

---

# ઉદ્‌ઘાટન પ્રસંગે કરેલું વ્યાખ્યાન

## ( શ્રી બાળાસાહેબ ખેર )

'યુનિવર્સિટિના આ કૉન્વોકેશન હૉલમાં ઉચ્ચ શિક્ષણ માટેની ડિગ્રીઓ લેવા સારુ જ એકઠા થવાનો રિવાજ હોય છે. એ સ્થળે આજે આપણે તદ્દન નાનાં બાળકોના શિક્ષણનો વિચાર કરવા એકત્ર થયાં છીએ તે મુંબઈ યુનિવર્સિટીના ઈતિહાસમાં પ્રથમ દાખલો છે. અને એ એક શુભ ચિહ્ન પણ છે. પૂર્વ પ્રાથમિક શિક્ષણનું મહત્ત્વ આપણે સમજવા લાગ્યા છીએ એની એ નિશાની છે. પૂર્વ પ્રાથમિક શિક્ષણનો પ્રશ્ન એ એક વિકટ પ્રશ્ન છે. આપણા દેશમાં અઢી કરોડ નાનાં બાળકો છે તેમાંથી ફક્ત ૨૫ લાખ-શહેરોમાં વસે છે; બાકીનાં સવા બે કરોડ ગામડાંઓમાં રહે છે. તેમનાં શિક્ષણનો પ્રશ્ન આપણે ઉકેલવાનો છે.

પૂર્વ પ્રાથમિક શિક્ષણનું પ્રથમ તત્ત્વ ખાનપાન શૌચસ્નાન વગેરે છે. નાનું બાળક દોઢ વરસનું થાય છે ત્યારે ફક્ત 'હા' ને 'ના' એટલા બે જ શબ્દ બોલ્યા કરે છે છતાં એ વખતે એ પોતાનું ભાષાશિક્ષણ તૈયાર કરતું હોય છે. ઉપરાંત રમત, સંગીત, ફળફૂલ મારફત કુદરતનું જ્ઞાન તે મેળવે છે.

### અઢી કરોડનો પ્રશ્ન

અઢી કરોડ બાળકો માટે આપણે શું કરશું ? એમને સુંદર મકાન, કીંમતી સાધનો, સુશિક્ષિત શિક્ષકો કેવી રીતે પૂરા પાડી શકાશું ? એ એક કોયડો છે.

પણ મેં ભરૂચીવાડામાં પૂર્વ પ્રાથમિક શિક્ષણનો પ્રયોગ થતો જોયો છે અને મને આનંદ થયો છે. કેટલાંક ગામડાંઓમાં એવો

પ્રયોગ ચાલતો જોયો છે અને મને આશા બંધાઈ છે.

ગામડાંમાં નાનાં બાળકોને તેમનાં માબાપ કામે મોકલે છે. ગામડિયો પોતે શિક્ષણનું તત્ત્વ સારી રીતે સમજે છે. તે પોતાના ધંધામાં શિક્ષણ આપે છે. ગામડાના બાળકને ચોપડી વાંચવા કરતાં પોતાના નાના ભાઈને રાખવો કે બકરી ચારવા જવું એ વધારે અગત્યનું લાગે છે. શ્રમ એ આપણા જીવનનું સાચું રહસ્ય છે. એમાં કેળવણી અને વિકાસ રહેલાં છે. ઉત્પાદક, ઉપયોગી પરિશ્રમ એ જ જીવનનું શિક્ષણ છે. પૂર્વ પ્રાથમિક શિક્ષણમાં આ વસ્તુ રહેલી છે. મહાત્મા ગાંધીજીની વર્ધા યોજનામાં એ વસ્તુ રહેલી છે. એને ત્રણ વિભાગમાં આ રીતે ગણાવી શકાય:—

(૧) ઉદ્યોગ દ્વારા શિક્ષણ

(૨) માતૃભાષા દ્વારા શિક્ષણ

(૩) સ્વાવલંબી શિક્ષણ

મારા સાત વર્ષના અવલોકનથી મને ખાત્રી થઈ છે કે આપણી પાસે કરોડો રૂપિયા નહિ હોય તોપણ આપણે આ પ્રશ્નનો ઉકેલ લાવી શકશું.

## ગર્ભાધાનથી શિક્ષણ

પ્રાચીન કાળમાં ગર્ભાધાનથી શિક્ષણની શરૂઆત થતી. સગર્ભા સ્ત્રીના ઓરડામાં કેવાં ચિત્રો રાખવાં તેની પણ કાળજી રાખવામાં આવતી. જન્મ પછી ત્રણ વર્ષ સુધી માતાની પાસેથી બાળકને શિક્ષણ મળે છે. ત્યાર પછીના શિક્ષણનો ક્રમ આપણે નીચે પ્રમાણે ગોઠવી શકીએ:—

(૧) પૂર્વપ્રાથમિક: ૩ થી ૭ વર્ષ સુધી

(૨) પ્રાથમિક શિક્ષણ: ૭ થી ૧૪ વર્ષ સુધી

(૩) માધ્યમિક શિક્ષણ: ૧૪ થી ૧૮ „

(૪) પ્રૌઢ શિક્ષણ: ૧૮ થી મૃત્યુ પર્યંત

આપણા દેશમાં સ્વચ્છતાથી આપણે શરૂઆત કરવી પડશે. કયાં થૂંકવું, કયાં પેશાબ કરવો એની પણ આપણને ખબર નથી; એ દેશમાં ચોપડીઓનું શિક્ષણ નકામું છે. મેં એક ગામડામાં બાલવાડી જોઈ હતી તે અત્યારે મારી નજર સામે તરે છે. નાની છત્રી જેવી ઝૂંપડી હતી; એમાં એક અરીસો ને કાંસકી હતી. મોટી છોકરી નાની બહેનના વાળ ઓળતી હતી. ઝૂંપડીમાં મજાનો ઓળીયો કર્યો હતો. બાળકો આનંદથી નાચતાં હતાં. એ જોઈને મને ખાત્રી થઈ કે ગામડામાં પૂર્વપ્રાથમિક કેળવણીનું કામ ચાલી શકશે.

## સાર્વત્રિક કેમ થઈ શકે?

આપણી સામે પ્રશ્ન એ છે કે આ કેળવણી સાર્વત્રિક કેમ થઈ શકે. જ્યાં માને બાવા મળતું નથી, બાપને મળતું નથી, ૪૧ ટકાને પેટ પૂરતું મળતું નથી, ત્યા શિક્ષણનો વિચાર કરનારે બોનાંકનો વિચાર કરવો પડે છે. ઊંચાઈ કેમ વધારવી એ પ્રશ્ન આવે એટલે દૂધનો પ્રશ્ન આવવાનો જ. એને માટે સરકારે પ્રયાસ કરવાની જરૂર છે. લોકોએ પ્રયોગ કરવાની જરૂર છે. દૂધ ન મળે ત્યાં ભોંયરીંગ વાટીને આપવી. એમ પ્રયોગ ચાલુ કરવા.

## મહારાષ્ટ્રમાં પ્રચારની જરૂર

નૂતન બાલશિક્ષણ સંઘે કઠિયાવાડ–ગુજરાતમાં ખૂબ કામ કર્યું છે. મહારાષ્ટ્રમાં હજી હમણાં શરૂઆત થઈ છે. આપણાં તારાબાઈ

મોડક ગુજરાતમાં જઈને તારાબેન બન્યાં. હવે આપણે પાછાં તારાબાઈ બનાવવાં છે.

### પૈસાથી નહિ નિષ્ઠાથી કામ થયું છે

ગુજરાતમાં જે કામ થયું છે તે પૈસાથી નહિ પણ નિષ્ઠાથી થયું છે. એ નિષ્ઠા આપણે કેળવવાની છે. મહારાષ્ટ્રમાં કેળવણી પુષ્કળ છે; પૈસો ઓછો હશે પણ નિષ્ઠા કેળવાશે તો કામને પૂરતો વેગ મળી રહેશે.

### માતા એ કુદરતી શિક્ષક છે

પૂર્વપ્રાથમિક શિક્ષણની શાળામાં તો સ્ત્રી-શિક્ષક જ જોઇએ. એમાં પુરુષો શું કરે? આજકાલ સ્ત્રીઓ બંદૂક ફોડતાં, મોટર ચલાવતાં, વકીલાત કરતાં શીખે છે પણ એ એમનું કુદરતી કાર્ય નથી. કુદરતે તેમને સોંપેલ મહાન ને પવિત્ર કામ તો બાલશિક્ષણ એ જ છે. માતા જેવો કુદરતે નિર્માણ કરેલો શિક્ષક બાળકોને ક્યાંથી મળે? મહારાષ્ટ્રની બહેનો સુશિક્ષિત છે. તેમાં પરણેલી, કુમારિકા, વિધવા કે વૃદ્ધા ગમે તે હોય, જેમને અવકાશ હોય—પૈસાને માટે કામ કરવાની જરૂર હોય, તેમને માટે બાલ-શિક્ષણ એ કુદરતી ક્ષેત્ર છે. બાલશિક્ષણના મહાન ક્ષેત્રમાં લક્ષાવધિ બહેનોની જરૂર છે. સંતાન ન હોય તેવી બહેનોને માટે અનેક બાળકો તેની માતૃત્વની ભાવના પૂરી કરશે.

મારી ઉમેદ છે કે મહારાષ્ટ્રની સુશિક્ષિત મહિલાઓ આ કાર્યને ઉપાડી લેશે અને જે હેતુ માટે સંમેલન ભરાયું છે તે પાર પડશે.

---

## મુસાફરીમાં નાનાં બાળકોના થતા હાલ

આજકાલ મુસાફરી કરવી એ જ એક પ્રકારનો ત્રાસ છે. તેમાં ય નાનાં બાળકોને સાથે લઇને નીકળવું એટલે તો એ ત્રાસની હદ આવી રહે છે. આમ છતાં કેટલીય સ્ત્રીઓ નાનાં નાનાં છોકરાંઓને સાથે લઈને મુસાફરી કરતી નજરે પડે છે.

રેલગાડીમાં પ્રવાસ કરતાં ઘણી વાર છોકરાના હાલહવાલ થતા જોઈ મનમાં અત્યંત ઉદ્વેગ થાય છે, અને પ્રવાસ દરમિયાન બાળકોને માટે કશી જ સગવડ અગવડનો વિચાર કર્યા વિના મુસાફરીએ નીકળેલી આ માતાઓને શું કહેવું તે જ સૂઝતું નથી.

નાનાં બાળકોને માટે પ્રવાસમાં જતા પહેલાં મુખ્ય ત્રણ વસ્તુ વિચારવી જોઇએ. એક ઋતુ પ્રમાણે અને સમય અનુસાર કપડાં છે કે નહિ. કપડાં વિના ઠંડીના દિવસોમાં ટાઢથી ધ્રૂજતાં અને ઉનાળામાં કોટપાટલૂન, બૂટમોજાં પહેરાવ્યાથી ઘામે બફાતાં બાળકો જોવામાં આવે છે. ખાસ કરીને નાનાં ધાવણાં બચ્ચાંને પવન લાગવાની બીકે ટોપી ને કપડાંમાં લપેટવામાં આવે છે તેથી તેઓ ગૂંગળાઈ જાય છે. તો કોઈક વાર ઊલટું જ જોવા મળે છે. ઠંડીમાં કે વરસાદમાં શરદી હોવા છતાં બાળકોના પગ હાથ અને છાતી વગેરે ખુલ્લાં રાખેલા જણાય છે.

બીજી વાત તે તેમના ખાવાની વ્યવસ્થા. ખાવાની બાબતમાં પણ ઘણી જ બેદરકારી

બતાવવામાં આવે છે. ક્ષણ માણસો ન પચી શકે તેવી વસ્તુઓ સાથે લે છે; ઉપરાંત દરેક સ્ટેશને દાળ, ચેવડો, જમરૂખ વગેરે કાંઈ ને કાંઈ બાવાનું લે છે અને બાંય છે. એ ટેવ નાનાં છોકરાંઓને પણ પડે છે.

ગાડીમાં વધારે વખત કાઢવાનો હોય છે ત્યારે કંટાળો આવે છે અને તેથી છોકરાંઓ વારંવાર બાવાનું માગે છે. ગાડીમાં બીજા લોકોને બાતાં જોઈને પણ તેમને બાવાનું મન થાય છે. તે વખતે કંટાળો ન આવે તેવા ઉપાય કરવા જોઈએ. કાંઈક વાંચવાનું, કંઈક કામ કરવાનું ( પરોવવું, સીવવું, ગૂંથવું વગેરે ગાડીમાં કામ કરી શકાય તેવું ) સાથે જરૂર લેવું જોઈએ. બીજું જે જગ્યાએ ગાડી વધારે વખત ઊભી રહેવાની હોય ત્યાં નીચે ઊતરીને તેને ચલાવવાં જોઈએ. તેથી તેમના પગ છૂટા થાય છે, બાળકને ઠીક લાગે છે અને કંટાળો ઓછો થાય છે. બાવાપીવાનો કાર્યક્રમ પણ વચ્ચે રાખવો; પરંતુ તેને માટે વિચારપૂર્વક સમય અને વસ્તુ નક્કી કરી લેવાં જોઈએ. પારસી લોકો પાવ માખણ અને જૅમ સાથે લઈને નીકળે છે તે ઠીક છે. સેવગાંઠિયા, ચેવડો, દાળ તથા સ્ટેશન ઉપરની મીઠાઈ અગર ફળો વગેરેને લીધે બાળકોનું પેટ–હોજરી બગડવાનો સંભવ હોય છે. પ્રવાસમાં કંટાળો ન આવે માટે કંઈક મોઢું હલાવવા પૂરતું સાથે અવશ્ય લેવું જોઈએ. તેમાં લેમનડ્રૉપ્સ, ચૉકલેટ, દ્રાક્ષ, સૂકો મેવો, સંત્રા વગેરે વસ્તુઓ સાથે લેવી સારી. ટોપરાપાક, તલસાંકળી, શીંગપાક, મમરાદાળિયાના લાડવા, વગેરે ઘેર તૈયાર કરીને સાથે લઈ શકાય. રસ્તામાંથી ફળો લેવાં તો તે સારાં જોઈને લેવાં જોઈએ અને ધોઈને બાવા આપવાં જોઈએ. કોઈ જગ્યાએ ફળ અગર બાવાની વસ્તુ સારી મળતી હોય તો તે લેવામાં હરકત નથી. પણ સ્ટેશન આવ્યું કે તરત કાંઈ ને કાંઈ લેવું જ અને બાવું જ એવી ટેવ પાડવી સારી નથી, કારણ તેનાથી જ પેટ બગડવાનો સંભવ છે અને કૉલેરા, ટાઇફૉઇડ જેવા ભયંકર રોગો થવાની શક્યતા છે. બાસ કરીને દૂધ અને દૂધમાંથી બનેલા પદાર્થો, વાસી સડેલાં ફળો અને મીઠાઈ વગેરે વસ્તુઓ લેતાં બહુ જ સંભાળવું જોઈએ. ચોખ્ખી, તાજી, લેવા જેવી છે તેની બાત્રી કર્યા પછી જ વસ્તુઓ લેવી. ઘણી વાર ઉપરઉપરથી સ્વચ્છ જણાતા પદાર્થ બરેબર સ્વચ્છ હોતા નથી. તેથી ચાર પૈસા વધારે બર્ચ કરવા પડે તોપણ સારી દુકાનેથી અથવા ઘેરથી જ વસ્તુઓ તૈયાર કરી સાથે લેવી.

ત્રીજી વાત તે તેની કુદરતી હાજતો. કેટલીક વાર આ બાબતમાં છોકરાંઓ ઘણાં ગભરાઈ જાય છે અને માંદાં પડી જાય છે. એક તો બાવાપીવાની અનિયમિતતાને લીધે પેટ બગડ્યું જ હોય તેથી તેને વારંવાર બરચુપાણી કરવાની જરૂર પડે છે. બીજું બહારની ઠંડી હવાને લીધે વારંવાર પેસાબ લાગે છે. અને એવું બાસ વિશેષ કારણ ન હોય તોપણ મનુષ્યમાત્રને જરૂરી એવી હાજત બાળકને પણ થાય છે. પણ મોટી સ્ત્રીઓ પોતે જ એટલી થાકેલી અને કંટાળેલી હોય છે કે છોકરાંઓના આરોગ્યને માટે તેને મદદ કરવાની તેમને ઇચ્છા થતી નથી; તેથી છોકરાંઓ બૂબ જ હેરાન થાય છે. સામાનની ભીડ, માણસોની ભીડ, વગેરે કારણે મુશ્કેલી ઉપર મુશ્કેલી વધતી જાય છે. એ કારણે છોકરાંઓના જે હાલહવાલ થાય છે તે જોયા જાય તેવા નથી.

એક તાજી જ બનેલી વાત.

એક સ્ત્રી ત્રણ બાળકોને લઈને સવારની પોણાઆઠની ગાડીમાં નીકળેલી. ઘેરથી તો છ સાત વાગે અથવા તેથી પણ વહેલી નીકળી હશે. કારણ કે ત્રીજા વર્ગની મુસાફરી. ટિકીટ મેળવવા માટે કેટલાય કલાક ઊભા રહેવું પડે, ને તોપણ મળે અથવા ન મળે.

સવારમાં ઘરેથી વહેલા નીકળવા માટે તેણે પાંચ વાગ્યામાં ઊઠીને પોતાની તથા બાળકોની તૈયારી કરી હશે. એટલી વહેલી બાળકોને કુદરતી હાજત થઈ હશે કે નહિ; કેમકે ઉતાવળમાં ઘણાંને નિયમિત હાજત થતી નથી.

એ બહેનને એક ધાવણું, એક અઢી વર્ષનું અને એક પાંચ વર્ષનું એમ ત્રણ બાળકો હતાં. બેસતી વખતે સારી જગ્યા જોઈને એક ખૂણામાં બાળકોને લઈને એક નાના બાનામાં બેઠી. પછી માણસોની ભીડ વધી. બીજુ બાજી જવા માટેનો રસ્તો સામાનને લીધે બંધ થઈ ગયો. ગાડી ચાલી ને પહેલું સ્ટેશન આવ્યું ત્યાં મોટી છોકરીને પેસાબની હાજત થઈ. એણે એની બાને કહ્યું એટલે બા ચિડાઈ: 'આ મૂઈની આ જ પીડા ! ઘેર કીધું કે જઈ આવ તો કહે લાગી નથી. અને ગાડીમા બેઠી કે આ ચાલ્યુ: હગવા જવું છે ને મૂતરવા જવું છે. બેસ છાની માની ! સુરત ગયા પછી જજે. રસ્તામાં કાંઈ જવાનું નથી.'

છોડી બિચારી રાંકડું મોં કરીને બેસી રહી. થોડી વાર પછી ફરી ગરબડ શરૂ થઈ.

માએ બીજી બાઈઓને પાયખાનાનું બારણું ઉઘાડી આપવા વિનવણી કરી, પણ સામાન ખીચોખીચ ભરેલો હતો એટલે એ ઉપાડીને કોણ ઉઘાડી દે ?

એક બાઈએ કહ્યું: 'હમણાં જ સ્ટેશન આવશે એટલે નીચે ઉતારીને બેસાડજો.'

માએ છોકરીને દબડાવી: 'હમણાં બેસ છાનીમાની: સ્ટેશન આવે ત્યાં સુધી.'

છોકરી બિચારી ગરીબડું મોં કરીને બેસી રહી. થોડી વારમાં સ્ટેશન આવ્યું.

છોડીને નીચે ઉતારી. માના હાથમાં ધાવણું બચ્ચું હતું; બીજી અઢી વર્ષની છોકરી બાજુમાં હતી. એટલે એ સ્થિતમાં એનાથી નીચે ઉતરાય તેમ ન હતું. બીજી એક બાઈના મદદથી એણે મોટી છોડીને નીચે ઉતારી, અને પોતે મોંએથી જ એને આમ કર ને તેમ કર એમ કહેવા લાગી.

છોડી ઊતરીને ચડ્ડીની નાડી છોડવા માંડી. છોડના છોડનાં આજુબાજુ જોતી જતી હતી. આસપાસ ચડનાર ઊતરનારની ધૂમો ને ઉતાવળ ચાલુ હતાં, તેથી એ બિચારી ગભરાઈ ગઈ. એનાથી ચડ્ડીની નાડી છૂટતી ન હતી.

ઉપરથી માએ બૂમ પાડી: 'ઝટ કર! ગાડી ઊપડશે તો રહી જઈશ નીચે.'

એક તો છોડી બિચારી ઉતરનારાઓની ધમાલથી ગભરાયેલી જ હતી; એમાં માના શબ્દો સાંભળીને એટલી બધી ગભરાઈ ગઈ કે બેઠી છતા તેને પેસાબ ઊતરતો ન હતો.

માની ઉતાવળ ચાલુ જ હતી.

એટલામાં બીજી છોકરીને પેસાબની ઇચ્છા થઈ. જોડેની બાઈએ ઝટપટ એની ચડ્ડી કાઢી

અને નીચે બેસાડી એ ઠીક થયું નહિતર ધાવણા બાળકને તેડીને એ માથી કશું થઈ શકત નહિ.

ગાડીએ સીટી મારી. નાની છોડી તો પોતાનું કામ પતાવી ઊભી થઈ ગઈ. એને પાડોશણ બાઈએ ઉપાડીને ઉપર લઇ લીધી. પણ એ જોઇને મોટી પણ ઉપર ચડી. એનું કામ એમ ને એમ રહ્યું. મન સાથે કુદરતી હાજતોનો નિકટ સંબંધ હોવાથી બીકને લીધે એને પેસાબ ઊતર્યો જ નહિ.

બન્ને જણી ડબામાં ચડી ગઈ. બારણું બંધ થયું અને ગાડી ચાલી, એટલે અંદર અંદર બાઇઓની ચર્ચા શરૂ થઈ.

કોઇએ માને દોષ દીધો એટલે માએ છોડીનો વાંક કાઢયો. 'એ છે જ એવી. આ નાની જુઓ ને, કેટલી ડાહી છે ? પોતાની મેળે ઊતરી, પેસાબ કરીને ઉપર આવતી રહી. મોટીને શું થતું હતું ?'

ડબામાં બેઠેલી બાઇઓ પણ 'નાની કેવી ઝટપટ મૂતરીને આવતી રહી!' કહીને એનાં વખાણ કરવા લાગી, અને મોટીને વખોડવા માંડી. મા બોલી: 'એ છે જ એવી હઠીલી.' કોઇએ કહ્યું: 'ગાંડી લાગે છે.'

મોટી બિચારી શરમિંદું મોં કરીને બેઠી.

આ બાજુ એને ખૂબ લાગી હતી. જવાની જગ્યા ન હતી, અને જવું છે કહે તો જવાબ મળે: 'નાની કેવી ઊતરીને મૂતરી આવી ? તને શા ઘા વાગતા હતા ?' એવો જવાબ મળે. અને બીજી બાઇઓની પેઠે મા પણ એમ જ કહેવા લાગી એટલે છોડી બિચારી શું કરે ? રડવાની પણ હિંમત નહોતી.

અને હવે સ્ટેશન પણ જલદી આવતું ન હતું. માએ નાની છોડીને માખણ ચોપડીને પાઉનો ટુકડો ખાવા આપ્યો. મોટીને પણ ભૂખ લાગી હતી; દસ વ ગેલા. પણ ભૂખ લાગી છે એમ કહેતાં તે ડરતી હતી.

આખરે બાજુમાં બેઠેલી એક બાઇને દયા આવી. એની કરુણ દશા એ જોઈ શકી હતી. એ બાઇએ એના કાનમાં કહ્યું: 'જો હમણાં મોટું સ્ટેશન આવશે। ત્યાં ગાડી ઘણી વાર ઊભી રહેશે. ત્યાં હું તને નીચે ઉતારીશ. હમણાં ચડી કાંઠી રાખ એટલે નાડી છોડવાની ઉતાવળ ન કરવી પડે. પાંચ દસ મિનિટમાં જ સ્ટેશન આવશે.'

છોકરીને જરા ધીરજ આવી. આંખનાં આંસુ નીચે પડ્યાં અને સરકીને તે પેલી બાઈ પાસે જઇને બેઠી.

મોટું સ્ટેશન આવ્યું. એ ભલી બાઈ છોકરીને જરા દૂર લઈ ગઈ. 'ગાડીને ખૂબ વાર લાગશે.' એમ કહીને એને ધીરજ આપી. છોકરીના મનને નિરાંત વળી. પેસાબ કરીને એ ધીમે રહીને ઉપર ચડી આવી. એનો ઉદાસ ચહેરો હસતો હતો. એ હઠીલી પણ નહોતી ને બાવરી પણ નહોતી. પણ સ્ટેશન ઉપરનો ધમાલ અને માની મોટી ઉતાવળથી એ ગભરાઈ ગઈ હતી.

વાતનો સાર એટલો જ કે બને ત્યાં સુધી આવા સમયમાં પ્રવાસ જ ન કરવો. નાનાં છોકરાંઓને સાથે ન લઈ જવાં. અને બાળકોની સાથે મુસાફરી કરવી જ પડે તો તેમના આરોગ્યનો પૂરો વિચાર આગળથી જ કરી રાખવો. માની બેદરકારીથી જ છોકરાં પાયખાનાં બગાડે

છે, કપડાં બગાડે છે. ગાડી ઊભી રહે તે પહેલાં જ ચડ્ડી છોડીને એના મનને ધીરજ આપી રાખી હોય તો બે મિનિટમાં નિરાંતે કામ પતાવી શકાય છે અને બાળકનું આરોગ્ય સચવાય છે.

આજકાલ મુસાફરીમાં હાલાકી તો હોય જ છે. એમાં ઓની બેદરકારી, ઉતાવળ અને અવિચારીપણું હોય તો બિચારાં બાળકોના શા હાલ થાય? તા૦

---

# બંધારણમાં સૂચવેલો ફેરફાર

તારીખ ૯ મી માર્ચે મળનારી સંઘની સાધારણ બેઠકમાં રજૂ કરવા સારુ નૂતન બાલ-શિક્ષણ સંઘના બંધારણમાં નીચે પ્રમાણે ફેરફાર કરવાનું વ્યવસ્થાપક મંડળે સૂચવ્યું છે :—

" આથી ઠરાવવામાં આવે છે કે કાયદા-કાનૂનમાં કલમ ૧૦ (અ) માંથી નીચેના શબ્દો કાઢી નાખવા: 'સંઘની મૂડી તથા મિલકત અને બીજી બધી આવક, ' અને તેને બદલે નીચેના શબ્દો દાખલ કરવા: ' બધાં કાયમી ફંડો, ખાસ હેતુસર મળેલાં દાનો અને આજીવન સભ્યોનાં લવાજમો વિશ્વસ્ત મંડળને નામે રહેશે અને તેની વ્યવસ્થા તેઓ કરશે. "*

આ ફેરફાર સૂચવવાનું કારણ હવે વિશ્વસ્ત મંડળની નિમણૂક થઈ ગયેલી છે તે છે. આથી સંઘની સઘળી આવક વિશ્વસ્ત મંડળને ન સોંપાતાં ફેરફારમાં સૂચવ્યા પ્રમાણે કાયમી ફંડ, ખાસ હેતુસર મળેલાં દાન તથા આજીવન સભ્યોનાં લવાજમ એટલું જ સોંપાય અને ચાલુ લવાજમ ચાલુ ખર્ચ માટે વ્યવસ્થાપક મંડળ પાસે જમા રહે તો વ્યવસ્થા સુગમ થઈ પડે. આમ કરવાથી વિના કારણે વિશ્વસ્ત મંડળનું કામ વધશે નહિ તેમ જ વ્યવસ્થાપક મંડળ અને વિશ્વસ્ત મંડળનાં ક્ષેત્રો સ્પષ્ટ રીતે જુદાં રહેશે.

તારાબેન મોડક
સરોજબેન ચોધ
મંત્રીઓ : નૂ. બા. શિ. સંઘ

---

* Hereby it is resolved to delete the following in the clause 10 (a) in the rules and regulations, 'the funds, assets and all the incomes of the Sangh,' and substitute the following: ' all the reserved funds and the earmarked funds and the fees of the Ajivan Sabhyas shall be vested in and managed by the Board of Trustees. "

નૂતન બાલશિક્ષણ સંઘ માટે રા. પુ. આ. ચિત્રે એમણે
આત્મારામ પ્રિ. પ્રેસ, ખારીવાવ, વડોદરા, એમાં છાપીને પ્રગટ કર્યું. તા. ૨૫-૨-૪૬

# શિક્ષણ પત્રિકા

(નૂતન બાલશિક્ષણ સંઘ)

☆

આદ્યતંત્રી : સ્વ. ગિજુભાઈ બધેકા

: તંત્રી :

તારાબેન મોડક

☆

જરૂરી જ્ઞાન વિના બાળકોને ઉછેરવાનું જોખમ વહોરવું એ હારે ગંભીર પ્રકારનો દેશદ્રોહ કરવા જેવું છે. બાળકો એ બાનગી બાબત નથી પરંતુ રાષ્ટ્રની–દેશની એ મિલકત છે. એ એક જાતની જાહેર થાપણ–વિશ્વસ્તનિધિ છે. માબાપ ઉપર આવેલી એ એક ગંભીર જવાબદારી છે, ને તે ઉઠાવવા તેમણે સદૈવ તત્પર અને જાગતા રહેવું આવશ્યક છે. આ બાબતમાં તેમણે માત્ર કુદરતી પ્રેરણા–સ્વાભાવિક અંતઃપ્રવૃત્તિ ઉપર અવલંબી રહેવું કદી પણ પોસાય નહિ હોંકાય.

—સૌ. કમળાબાઈ ટિળક

વર્ષ ૨૧ | : : કાર્યાલય : : | અંક ૬

૨૦૦૨ | રાવપુરા : વડોદરા | ફાગણ

# બાલવિકાસ*

માનનીય સ્વાગત પ્રમુખ, સ્વાગત સમિતિના સભાસદો, પ્રતિનિધિઓ તથા અન્ય ભાઈબહેનો !

ગઈ કાલથી આપણે બહુ અહીં એક અતિ અગત્યના કાર્ય સારુ એકઠાં મળ્યાં છીએ. કેળવણી–ખાસ કરીને બાળકેળવણીનો સવાલ દેશ સમક્ષ ઉપસ્થિત થયેલો અતિ અગત્યનો સવાલ છે એ વિષે આજના જમાનામાં તો કોઈ વાંધો લઈ શકે તેવું રહ્યું નથી. આજે દેશ સામે સ્વરાજ મેળવવું, સામાજિક સુધારાઓ કરવા, હિંદુ–મુસલમાનના કોમી પ્રશ્નનો નિકાલ લાવવો વગેરે અનેક મહત્ત્વના પ્રશ્નો ઉકેલ માગી રહ્યા છે એ ખરું છે. પરંતુ એ સઘળા પ્રશ્નો અંગે લોકમત કેળવવાનું તેમ જ તેને આચારમાં મૂકવાની યોગ્યતા મેળવવાનું સાધન કેળવણી વિના બીજું શું છે ? અર્થાત્ કેળવણીના સવાલને જ સૌથી વધુ મહત્ત્વનો ગણવો એમાં શું ખોટું છે ? કેળવણીના મુખ્ય બે હેતુઓ છેઃ વૈયક્તિક ચારિત્ર્યનું ઘડતર અને નાગરિકનીતિની તાલીમ. દેશસેવાની ભાવના માનવીના દિલમાં પેદા કરવી અને દેશસેવા કરવાની યોગ્યતા સંપડાવવી એ જ કેળવણીનું ધ્યેય છે. આવી અગત્યની કેળવણી કોણે, કયાં અને કયા પ્રકારે આપવી જોઈએ ? પચાસ વરસ પહેલાં માબાપો પડવાને દિવસે મૂરત કરી બાળકોને મહેતાજીના હાથમાં સોંપી દેતાં અને એ રીતે બાળકની કેળવણીની જવાબદારી ગુરુને સોંપી પોતે એ બાબતમાં હાથ ખંખેરી બાજુએ ખસી જતાં. મહેતાજી પણ કમર કસીને 'સોટી વાગે સમસમ' એ સિદ્ધાંતનું પાલન કરી બાળકોના કૂણા વાંસા નેતરની સોટીથી વધારે કૂણા બનાવતા. આમ પ્રાથમિક શિક્ષણ લેવાતું. પછી હાઈસ્કૂલના મોટા વર્ગો અને ગમે તેમ ગોખી મારવાનું કામ ચાલતું. તે પછી વળી મોટા વર્ગો–ઉચ્ચ કેળવણી–કેટલું ય અર્થહીન કિલષ્ટ યાદ રાખવાનું ને પરીક્ષાઓ પાસ કરવાની એટલે છેવટે વિદ્વાન્–આદર્શ ગૃહસ્થ અને આદર્શ નાગરિક બની જવાતું. પણ આ જાતની કેળવણીમા એકાદ બે પેઢીઓ પસાર થઈ ત્યાં તો સમાજના વિચારવંત વર્ગને સમજાઈ ચૂકયું કે આ બી. એ., એમ એ., ની 'છાપ' મેળવેલા વિદ્વાનો દેશસેવાની વાત તો બાજુએ રહી, પરંતુ સાદું ગૃહસ્થ જીવન–સાદા રોજિંદા વહેવારી જીવન માટે પણ નાલાયક નીવડે છે. મોટા મોટાં પોથાંઓ તેમને મોંએ હોવા છતાં જીવન જીવવાની બાળપોથી પણ તેઓ ભણ્યા હોય એમ દેખાતું નથી. જીવતરમાં બાલ્યકાળનો તેમ જ જુવાનીની પહેલી પચ્ચીસીનો અમૂલ્ય સમય વ્યર્થ ગુમાવીને તાકાતહીન બાયકાંગલા શરીરવાળા, થાકેલા મનવાળા અને નિરુત્સાહી બનીને તેઓ જિંદગીમાં પ્રવેશ કરે છે, અને જીવનસંગ્રામમાં નીચોવાયેલ છોતરા જેવા તેઓ બાજુ પર ફેંકાઈ જાયછે. સમાજના આગેવાનોએ જોયું કે કયાંઈક કશીક ભૂલ રહેતી છે; પરિણામે નિશાળોમા–કેળવણીની પદ્ધતિમાં સુધારો કરવા તરફ તેમનું ધ્યાન ખેચાયું.

*મુ બઈ નૂતન બાલશિક્ષણ સંમેલનમા તા. ૧૯–૧–૧૯૪૬ ના રોજ આપેલું વ્યાખ્યાન.

ઉચ્ચ કેળવણી, તેમાંથી માધ્યમિક, પછી પ્રાથમિક એમ કરતાં કરતાં બાળકેળવણીને પાટે ગાડી ચડતાં અનેક વર્ષો પસાર થઈ ગયાં. 'બાળક એક કોરી પાટી છે; તેના પર ધારો તે લખી શકાય છે.' 'Children should be seen, and not heard.' વગેરે વગેરે બાલવિકાસની કલ્પના પર વળગેલાં જાળાંઝાંખરાં સાફ કરતાં ખૂબ મહેનત અને સમય પસાર થયો. બાળકના વિકાસમાં શાળા જેટલું જ, કિંબહુના શાળા કરતાં પણ વધારે અગત્યનું સ્થાન ઘરને આપવું જોઈએ એ વાતના સ્વીકારમાં વળી બીજો પણ થોડો કાળ વીત્યો. ત્યાં સુધી તો નિશાળમાં કેવા કેવા સુધારાઓ કરવા, અભ્યાસક્રમ કેવો જાતનો રાખવો, શિક્ષકોને કઈ જાતની તાલીમ આપવી, એવા સવાલોના તીવ્ર વાદવિવાદોમાં બાળકોના વિકાસમાં ઘરને સ્થાન હોઈ શકે એ વિચાર પણ કોઈના મનમાં આવ્યો નહોતો. માબાપો માનતાં હતાં કે બાળકને બહુ નાની ઉંમરે—છ્ઠે વર્ષે જ નિશાળે બેસાડી દીધું એટલે પોતાની જવાબદારી પૂરી થઈ; પછી તેમને ભણાવવાનું કામ તો શિક્ષકનું છે. પરંતુ નૂતન કેળવણી વાળાઓએ કહેવા માંડયું કે આમ કહેવું એ તો 'લૂટાયા તો કે ભોગ ગયો' ના જેવું થાય. ખરું જોતાં બાળકનાં પહેલાં છ વર્ષ એ જ તેનું ચારિત્ર્ય અને સ્વભાવના ઘડતરની દૃષ્ટિએ અતિ અગત્યનો કાળ છે. પછી માબાપોએ ચલાવ્યું: 'વારુ, બહુ સારું. અમે બાળકને ત્રીજે વરસે જ નિશાળે બેસારશું. મોન્ટેસોરી શાળાઓ—બાલમંદિરો છેક નાનાં બાળકોને પણ દાખલ કરે છે.' કબૂલ. પણ એમાં ૫ બાળક તો ફક્ત પાંચ જ કલાક શાળામાં ગાળે છે; બાકીનો બધો વખત બાળક ઘેર જ હોય છે. અર્થાત્ ઘરના વાતાવરણની, માબાપના સાંનિધ્યની તે શાળાથી પણ પોચા એવા સંસ્કારક્ષમ અને પથ્થર કરતાં પણ વધારે કાયમી એવા એ સંસ્કારઘડક બાલમન ઉપર શી અસર થાય, શી અસર થવી જોઈએ અને તે શી રીતે સાધ્ય કરવી એ બધાનો વિચાર કરવાનું આવશ્યક નથી શું? છતાં આદર્શ માતા થવા સારુ થોડી પણ કેળવણી-તાલીમની આવશ્યકતા છે એ વિચાર હજુ સુધી ઘણાંના મન સુધી પહોંચ્યો નથી. 'માથે પડે એટલે આપોઆપ આવડી જાય.' એમ માની કુદરતી પ્રેરણા પર ભરોંસો રાખી નિરાંતે ઊંઘી જનાર વર્ગ હજુ ઘણો મોટો છે. એ નવાઈ જેવું લાગે છતાં સત્ય હકીકત છે. શિલ્પશાસ્ત્રના જરા ય જ્ઞાન વિના કોઈ મકાન અગર પૂલ બાંધવાની વાતો કરે તો તેને સમાજ ગાંડો કહી હસી કાઢે છે; કાયદો ન ભણેલા વકીલને કોઈ અસીલ પોતાનો કેસ સોંપતો નથી; વૈદકીય જ્ઞાનમાં પારંગત નં થયેલ વૈદ્ય કે ડૉક્ટર પાસેથી આપણે દવા નહિ લઈએ. છતાં પ્રેરણા જેવી રવૈર વૃત્તિને હાથ આપણે ભાવિ પેઢીને સોંપી દેતાં અચકાતા નથી. ખરું જોતાં જરૂરી જ્ઞાન વિના બાળકોને ઉછેરવાનું જોખમ વહોરવું એ ભારે ગંભીર પ્રકારનો દેશદ્રોહ કરવા જેવું છે. બાળકો એ વ્યક્તિની અંગત બાબત નથી પરંતુ દેશની-રાષ્ટ્રની મિલકત છે. એ એક જાતની જાહેર થાપણ—વિશ્વસ્તનિધિ છે. માબાપ ઉપર આવેલી એ એક ગંભીર જવાબદારી છે, ને તે ઉઠાવવા તેમણે સદૈવ તત્પર અને જાગતા રહેવું આવશ્યક છે. આ બાબતમાં તેમણે માત્ર કુદરતી પ્રેરણા—સ્વાભાવિક અંતઃપ્રવૃત્તિ ઉપર આધાર

રહેવું કદી પણ વ્યાજબી નહિ લેખાય. Parental instinct–વાત્સલ્યભાવ એ પરમાત્માની એક મોટી બક્ષિશ છે એમાં શંકા નથી. પ્રો. મૅકડૂગલે કહ્યું છે: "વાત્સલ્યભાવ એ કુદરતની સૌથી સુંદર શોધ છે." આ વાત્સલ્યભાવ માતાપિતા બંનેમાં હોય અને બાળકને ઉછેરવાની જવાબદારી બંનેની ગણાતી હોય તોપણ એનો વધારે પડતો બોજો તો માતાને જ ઊંચકવો પડે છે. કેમકે બાળકના શરૂઆતના નાજુક સંસ્કારક્ષમ કાળમાં તે માતાના સહવાસમાં જ લાંબો વખત ગાળે છે. આ જ કારણે ઍબ્રૅહૅમ-લિંકન જેવી મહાન્ વ્યક્તિઓ પોતાને પ્રાપ્ત થયેલી કર્તૃત્વશક્તિ–મહત્તાનો જશ માતાને જ આપે છે. પણ બાળક ભવિષ્યમાં મહાન્ વ્યક્તિ બને તેટલા સારુ માતાનું માત્ર વાત્સલ્ય–જ્ઞાન-ચક્ષુ વિનાનું આંધળું વાત્સલ્ય બસ નથી. બાળ-કેળવણી શાસ્ત્રનો આદ્યપ્રણેતા પેસ્ટેલોઝી કહે છે: "ઈશ્વરે માતા પર મૂકેલી ભારે જવાબદારી સફળતાથી પાર પડે તેટલા સારુ માતાએ બાળક પર 'જ્ઞાનભર્યું વહાલ' (Thinking Love) દાખવવું જોઈએ. 'ફક્ત ગાંડું વહાલ' કશા બપનું નથી." વાત્સલ્યભાવ તો કુદરતે પશુપક્ષીઓમાં પણ સર્જ્યો જ છે, અને એને જ જોરે તેઓ પોતાનાં બચ્ચાંઓને ઉછેરે છે. પરંતુ માનવીની જવાબદારી ઘણી મોટી છે. તેનાં કર્તવ્યો માત્ર શરીરસંવર્ધન અગર ફક્ત પેટનો ખાડો પૂરવામાં સમાઈ જતાં નથી; સામાજિક અને રાષ્ટ્રીય બાબતો પણ તેમાં આવે છે. અર્થાત્ આ કુદરતી પ્રેરણાને જ્ઞાનનો સાથ મળવો જરૂરી છે. આવી જાતના જ્ઞાનની સહાય કેમ મેળવી શકાય તે પરત્વેના મારા વિચારો હવે ટૂંકમાં હું આપના સમક્ષ રજૂ કરું છું.

બાલવિકાસની દૃષ્ટિએ દુનિયામાં સૌથી અગત્યની જો કોઈ સંસ્થા હોય તો તે ઘર અથવા કુટુંબની સંસ્થા છે. બાળકને તમે જેવા ઘરમાં રાખશો, જે જાતનું વર્તન તેનું થાય એવું યોજશો તે પર બાળકના ભાવિ ચારિત્ર્ય, કર્તૃત્વશક્તિ અને જીવતરનો આધાર છે. બાળક સાથે કેમ વર્તવું તે સંબંધે બાઈબલમાં એક ઉત્તમ ઉક્તિ છે. તેમાં ત્રણ આજ્ઞાઓ છે: "Take heed that you offend not, despise not, hinder not one of these little ones." નૂતન બાલશિક્ષણ શાસ્ત્રનો સાર આ ઉક્તિમાં સમાઈ જાય છે એમ મને લાગે છે. "નાનાં બાળકોને દુભવશો નહિ, હલકાં ગણશો નહિ, પાછાં પાડશો નહિ." આ ત્રણ આજ્ઞાઓને આધારે આપણે બાલવિકાસનો માર્ગ શોધવાનો પ્રયત્ન કરીએ.

પહેલી આજ્ઞા છે બાળકોને દુભવશો નહિ. જૂના જમાનાની એવી માન્યતા હતી કે બાળકો પ્રત્યે કઠોરતાથી વર્તીએ, તેમને તેમની મરજી પ્રમાણે કરવા ન દઈએ, તો જ તેઓ સુધરે. ક્રિયાશક્તિને દબાવવામાં, 'to break the will'માં જ શિક્ષણ સમાઈ જતું. પરંતુ નવીન શિક્ષણશાસ્ત્રીને એ વાત મંજૂર નથી. સુખી બાળપણ–સ્વતંત્ર બાળપણ જે વ્યક્તિનું હશે.. તે જ ભાવિમાં આદર્શ પુરુષ અગર સ્ત્રી બનશે એમ તે માને છે. બાળકને સારી ટેવો પાડવી હોય, તેનામાં ઉત્તમ ગુણો કેળવવા હોય તો તે સુખકર માર્ગે જ બની શકશે; ત્રાસ અને કનડ-ગતથી નહિ જ બની શકે. માનસશાસ્ત્રનો એવો નિયમ છે કે આનંદદાયક બાબતો સ્મરણમાં જળવાઈ રહે છે જ્યારે દુઃખદાયક પ્રસંગો ભુલાઈ જવાય છે. ડૉ. બર્ટ એ સિદ્ધ કરી બતા-

જાય છે કે દુઃખી બાળપણ બાળકને ગુનાહિત પ્રવૃત્તિ તરફ ખેંચી જવાનું એક સાધન છે. બળપણનાં દુઃખો ભૂલી જવા સારુ કેટલાં ય બાળકો સ્વપ્નશીલ-તરંગી બને છે અને એ રીતે જિંદગી સારુ સાવ નાલાયક બની જાય છે.

આ સામે કોઈ માબાપો સવાલ કરશે: "બાળકોને જોવું નહિ, તેમને જો દુભવવાં નહિ તો શું કરવું? બાળકો તો ઘરમાં કાયમ ભાંગફોડ કર્યા કરે છે, પદાર્થો ઢોળીને વેરણછેરણ કરી દે છે, આપસમાં ઝઘડાઓ કર્યા કરે છે, લડી પડે છે, કહ્યું માનતાં નથી, જૂઠું બોલે છે, વગેરે. આવે વખતે તેમને દુભવ્યા વિના કેમ ચાલે? તો પછી અમારે શું કરવું?"

બાળકો આ રીતે શા માટે વર્તે છે તે જાણી લેવા સારુ બાળકોના માનસનો અભ્યાસ કરવો જોઇએ.

બાળકો પોતાના મનની ભિન્ન ભિન્ન પ્રકારની અંતઃપ્રવૃત્તિ (instincts) અનુસાર વર્તે છે. એમની એ અંતઃપ્રવૃત્તિઓને યોગ્ય માર્ગે વાળવી, તેનનો વિકાસ સાધવો એનું નામ કેળવણી. એ પ્રવૃત્તિઓને યોગ્ય માર્ગે ન વાળવામાં આવે તો તે આડેઅવળે રસ્તે-ઊંધે રસ્તે ચૂડી જાય છે અને પરિણામે ઉપર જણાવ્યા તેવા પ્રસંગો અનુભવવાનો વારો આવે છે; બેશક એમાં માબાપ તેમ જ બાળકો સહુને પરિણામે દુઃખ અને નુકસાન જ વેઠવાં પડે છે.

આપણે ભાંગફોડનો વિચાર હાથ ધરીએ. દરેક બાળકમાં will to power હોય જ છે, એટલે કે બાળકને એવી કોઈ ક્રિયા કરવી ગમે છે જેનું કશુંક પ્રત્યક્ષ ફળ દેખાય. કોઈ ચીજ ફેંકી દેવાથી અગર તોડીફોડી નાખવાથી આ પ્રવૃત્તિ તૃપ્ત થાય છે. પરંતુ યુક્તિપૂર્વક એ જ પ્રવૃત્તિને સર્જનાત્મક પ્રવૃત્તિ (constructive instinct) તરફ લઈ જઈ શકાય છે. ભાંગફોડ સહેલી છે જ્યારે રચનાનું કાર્ય ખૂબ કપરું છે. પણ સાધ્ય જેટલું મુશ્કેલીભર્યું હોય છે તેટલા જ પ્રમાણમાં એની પ્રાપ્તિમાં શાંતિ વધારે મળે છે. સર્જનક્રિયામાંથી આનંદ મેળવવાનો રસ બાળકોમાં જગાડી શકાય છે. આમાંથી બાળકમાં એક બીજો ગુણ પણ કેળવાશે-અન્યની ચીજવસ્તુની ભાંગફોડ ન કરવાનો. પોતાની ચીજ ભાંગો-તૂટી જતાં જેટલું દુઃખ આપણને થાય, તેટલું જ દુઃખ બીજાએ મહેનત કરીને બનાવેલી વસ્તુનો વિનાશ કરતાં તેને થાય, એ બાબત ઝટ સમજાઈ ને બાળકને ગળે ઊતરી જાય છે. એવી જ બીજી બાબત self-assertionની એટલે અહંપ્રવૃત્તિની અને instinct to seek recognition એટલે પોતા તરફ ધ્યાન ખેંચવાની પ્રવૃત્તિની છે. બાળકની આ શક્તિઓને ભાંગી નાખવાનો પ્રયત્ન કૃપા કરી ન કરશો. એનું એક કારણ એ છે કે બાળકની આ પ્રવૃત્તિઓને ભાંગી નાખવાનાં પરિણામો ભયંકર છે. માનસશાસ્ત્રીઓનું માનવું છે કે self-assertionને જો યોગ્ય અવકાશ ન મળે તો બાળક અવળે માર્ગે જાય છે, અને ભવિષ્યમાં ગુનાહિત મનવાળું બને છે. એથી ઊલટું જો એ શક્તિઓને સારે માર્ગે વાળવામાં આવે તો એમાંથી શ્રેષ્ઠ કલાકારો અને કર્તૃત્વશીલ વ્યક્તિઓ નિર્માણ થાય છે. Self-assertionને પૂરતો અવકાશ આપવાનું કામ મોન્ટેસોરી પદ્ધતિમાં બહુ સારી રીતે સાધવામાં આવ્યું છે. છેક નાના બાળકને માટે પણ ચોરસમાં ચોરસ અને વર્તુળમાં વર્તુળ

બરાબર ગોઠવવાનું કાર્ય તેના અહંને આહ્વાન આપે તેવું છે, અને બાળક એ ક્રિયા બરાબર સફળ રીતે પાર પાડીને પોતાના અહંને સંતોષે છે. પોતાની જાત તરફ ધ્યાન ખેંચવાની પ્રવૃત્તિને તૃપ્તિ મળે તે સારુ બાળકને નૃત્ય, નાટકો અને સંગીત તરફ વાળવા એ સારું છે. એ જ રીતે બાળકની 'લડાયક સહજપ્રવૃત્તિ'ને અનિષ્ટ તત્ત્વો સામે ઝુઝવામાં કામે લગાડી હોય તો ભવિષ્યમાં અનેક સમાજસુધારકો પેદા થાય. ટૂંકમાં બાળકોની સહજપ્રવૃત્તિઓને દુભવ્યા વિના જો તેમને સારે રસ્તે વાળવામાં આવે તો બાળકો સુખી અને કર્તવ્યપરાયણ બની સમાજનાં ઉત્તમ અંગોરૂપે ઝળકી રહે.

બીજી આજ્ઞા છે બાળકોને હલકાં ન ગણવાની. આજે સમાજમાં બાળકો ગમે તેટલાં લાડીલાં હોય તોપણ તેમને તુચ્છ ગણવાનો રિવાજ મોટા પ્રમાણમાં પ્રચલિત છે. કેટલાંએક કુટુંબોમાં તો મોટેરાંઓને માટે સારાં શાકભાજી, દૂધ, ઘી વગેરે આપવાંનો અને બાળકોને માત્ર દાળનું પાણી આપી પતાવવાનો રિવાજ ચાલે છે. "બાળકે ને એટલું બધું શા માટે જોઈએ? એમાં બાળકો શું સમજે? એમને શું આવડે?" એવું લેખવાનો અને બાળકોને મોંએ કહી સંભળાવવાનો પણ રિવાજ ઘણે ઠેકાણે દેખાય છે. આ વિચારસરણીને કારણે બાળકમાં રહેલી સ્વત્વની ભાવના–self-positive feeling દુભાય છે. અને કોઈ કોઈ દાખલાઓમાં બાળકમાં લઘુતાગ્રંથિ કાયમને માટે ઘર કરી બેસે છે. બાળકમાં સ્વાભિમાન--આત્મસમાનની ભાવના જાગ્રત થાય તે સારુ છેક શરૂઆતથી જ બાળક સાથે માનપૂર્વક અને બરોબરિયાને નાતે વર્તવું જોઈએ. એક માનસશાસ્ત્રીએ કહ્યું છે: "આપણે ત્યાં કદી ન આવતા એવા મોટા મહેમાન સાથે જેટલી કાળજીથી અને માનથી વર્તીએ છીએ તેટલી કાળજી અને માન જો ઘરનાં નાનેરાંઓ તરફ બતાવીએ તો તેનાં અદ્ભુત પરિણામ દેખાય!" પરંતુ મોટે ભાગે બધાં માબાપોનો એવો રિવાજ થઈ પડ્યો છે કે સમાજમાં બહાર નીકળીએ ત્યારે અગર ઘરમાં કોઈ આવ્યું હોય તે વખતે બાળકો સાથે મીઠાશથી બોલવું, માનથી વર્તવું અને સૌજન્ય બતાવવું; પરંતુ ઘરમાં તો બાળકો સાથે ધમપછાડા, બળતરા અને રાડારાડો જ કરવાં. આથી બાળકોનું સ્વમાન તો ઘવાય જ છે, સિવાય બીજું પણ નુકસાન થાય છે. બાળકો તો હમેશાં અનુકરણશીલ સ્વભાવનાં હોય. સહજપ્રવૃત્તિ અનુસાર અનુકરણથી જ બાળકોના ટેવો બંધાય છે ને સ્વભાવ ઘડાય છે. આપણે માબાપો આપણાં મોટાં બાળકો પર ગુસ્સો કરીએ છીએ ને ચીડાઈએ છીએ; એ જ મોટું બાળક પોતાનાં નાનેરાં ભાઈ–બહેન પ્રત્યે એવું જ વર્તન દાખવે તો એમાં બાળકોનો દોષ ગણવો કે માબાપોનો? એવે વખતે 'અરે ભાઈ! પોતાનાં નાનાં ભાંડરડાંને ના સતાવીએ.' એવો લૂખો ઉપદેશ કર્યે શો દહાડો વળે? ઈમર્સન કહેતો: "What you are speaks so loudly that I cannot hear a word of what you say." એટલે તારું વ્યક્તિત્વ મારા કાનમાં એવું તો પોકારી રહ્યું છે કે તું શું બોલે છે તેનો એક શબ્દ મને સંભળાતો નથી. ટૂંકમાં બાળકોનું વ્યક્તિત્વ જોરદાર બને તેટલા સારુ, માત્ર તેઓ શરીરે

દુઃખળાં અને વિચારમાં કાચાં છે માટે આપણું વડપણ તેમના પર ઠોકી બેસાડવાની રીત–હોંશ મેટેરાંઓએ તજવાં જોઈએ.

બાળકોને પાછાં પાડશો નહિ એ ત્રીજી આજ્ઞા છે. આ આજ્ઞા પણ નવીન માનસશાસ્ત્રના સિદ્ધાંતોને બરાબર બંધ બેસતી આવે છે. બાળકોની સહજપ્રવૃત્તિને જો છૂટથી વિકસવાનો અવકાશ ન અપાય તો બીકથી થોડા દહાડા તે દબાઈ રહેશે ખરી; પણ આગળ જતાં કોઈ બીજી જ કુપ્રવૃત્તિદ્વારા તે પ્રગટ થાય છે. આથી બાળકની આ અંતઃપ્રેરણાઓને કચડી ન નાખતાં તેમને ઉચ્ચગામી બનાવવી જોઈએ– sublimate કરવી જોઈએ. એમ કરવાથી બાળકમાં ગાંઠ જાતની ગ્રંથિઓ ન બંધાતાં તેમનો વિકાસ નીરોગપૂર્ણ બનશે. આને સારુ મનસશ સ્ત્રીઓની નજરે કાયમ sex–instinct અગર કામવેગનું ઉદાહરણ હોય છે. આ સહજપ્રવૃત્તિ બાળકોમાં છેક નાની ઉમરથી જુદે જુદે સ્વરૂપે રહેલી હોય છે. પૌગંડાવસ્થામાં એ જો પોતાની જાત ઉપર અગર સ્વજાતીય વ્યક્તિ ઉપર કેન્દ્રિત થાય તો માબાપ આંચકો અનુભવે છે; તેઓ તેથી ગભરાય છે ને એ કામપ્રવૃત્તિને દબાવી દેવાના પ્રયત્નો આદરે છે. પણ જો બાળક એ ભાવનાને બીકથી, દબાણથી અગર શરમથી દબાવી દેવાનો પ્રયત્ન કરે તો મોટી ઉંમરે તેમાંથી neuroses જેવા માનસિક વિકારો તેમને લાગૂ પડ્યાના દાખલાઓ ડૉકટરો ઘણાને બતાવી શકે છે. આથી બીજાં વધારે બળવાન આકર્ષણો પેદા કરીને આ વૃત્તિને ઉચ્ચગામી બનાવવી જોઈએ. એને સારુ જેમાં ઘણો થાક લાગે તેવી જાતજાતની રમતો, કલાની–કોઈ કલાની ઉપાસના, વધારે ઉચ્ચતર જ્ઞાનપ્રાપ્તિ અર્થે સતત બૌદ્ધિક મહેનત, વગેરે માર્ગોથી આ કામભાવનાને વાળી લઈ શકાય છે. ઈતર અંતઃપ્રવૃત્તિ અંગે પણ એવું જ છે. અહંવૃત્તિ હો, લડાયક વૃત્તિ હો કે ભાંગફોડની વૃત્તિ હો, માત્ર તેથી માબાપો હેરાન થાય છે અગર તો મુશ્કેલીમાં મુકાય છે એટલા જ ખાતર એને દબાવી ન દેતાં તેને સ્વાભિમાન, અન્યાય પ્રત્યેનો તિરસ્કાર અને સર્જનવૃત્તિને માર્ગે લઈ જવામાં આવે તો એથી બાળકનું વ્યક્તિત્વ ઊંચું ચડશે અને આખરે સમાજનું પણ કલ્યાણ જ થશે. એ રીતે બાળકોની સહજપ્રવૃત્તિઓને દુભવ્યા વિના, હલકી પાડયા વિના અગર દબાવ્યા વિના જો એને યોગ્ય દિશાએ વાળવી હોય તો તેમાં પહેલાં છ વર્ષોનો સમય જ અગત્યનો છે. જન્મના પ્રથમ દિવસથી જ બાળક સંસ્કાર ગ્રહણ કરવાનું કાર્ય શરૂ કરી દે છે. અને એક વાર સંસ્કારો દૃઢ થયા પછી એને ભૂંસી નાખવાનું બહુ જ મુશ્કેલ–કહોકે અશકય બને છે. જેઝુઇટ પંથનો એક પાદરી તો કહેતોઃ "બાળકને પહેલાં છ વર્ષ સુધી મને સોંપી દો; પછી તેને ગમે ત્યાં જવા દો." બાળપણના સંસ્કારો કદી પણ ભુંસાતા નથી; અને એ સંસ્કારો પડવાનું મુખ્ય સ્થાન ઘર–બાસ કરીને માતાનો સહવાસ છે. અર્થાત્ બાલવિકાસમાં માતા અને ઘર ઘણું અગત્યનું સ્થાન ભોગવે છે.

[ બાળકો અને શાળા, બાળકોનો બુદ્ધિવિકાસ, બાળકોની હઠ, ઘર અને શાળાનો બાલમંદિરની જરૂરિયાત, વગેરે વિષયોની ચર્ચાની સમાલોચના પછી કરેલો ઉપસંહાર. ]

એકંદરે, બાલવિકાસનો સવાલ રાષ્ટ્રીય દૃષ્ટિએ અતિ મહત્ત્વનો પ્રશ્ન છે, એટલે તે તરફ સઘળી વિચારશીલ વ્યક્તિઓનું ધ્યાન ખેંચાય એ જરૂરી છે. બાલમાનસશાસ્ત્રના અજ્ઞાનને પરિણામે બાળકો રુંધાઈ જાય છે-સબડે છે. ઘરમાં નાની વયમાંથી જ બાળકોના સ્વભાવમાં વિચિત્રતા અને વિકૃતિ પેદા થાય છે, જ્યારે નિશાળમાં તેમનો બૌદ્ધિક વિકાસ અટકી પડે છે. બાલમાનસશાસ્ત્રના જ્ઞાનનો પ્રચાર જેટલો થઈ શકે તેટલો કરવાનું આવશ્યક છે. આજના બાલશિક્ષણ સંમેલન સરખાં અનેક સંમેલનો ગામેગામ ભરાવાની જરૂર છે. શિક્ષકો અને માબાપો સારુ અભ્યાસકેંદ્રો ઉઘાડી વિચારણાઓ અને અનુભવની આપલે થવી જોઈએ છે. અને નાની બાલવાડીઓ અગર મોટાં બાલમંદિરો તો જેટલાં ઊઘડે તેટલાં થોડાં જ છે. પરંતુ અહીં એક બાબત ખાસ ધ્યાનમાં રાખવી જોઈએ કે બાલમાનસશાસ્ત્રનું-બાળકેળવણીનું આ હથિયાર યોગ્ય વ્યક્તિઓને હાથે જેટલું ઉપયોગી નીવડે તેટલું જ અયોગ્ય હાથે પડતાં તે નુકસાનકારક પણ બને એવો સંભવ છે. જર્મની-જપાન સરખા દેશોમાં બાળકોના કુમળાં માનસ ઉપર સ્વધર્મ, સ્વદેશભક્તિ અને શૂરવીરતાનાં આકર્ષક શીર્ષકોને બહાને અસહિષ્ણુતા, ક્રૂરતા, જબરજસ્તી અને હુકમશાહીની છાપ ઠોકી બેસાડવામાં આવી. પરિણામે મત્તર અઢાર વર્ષની ઊગતી વયના જર્મન સૈનિકો હિટલરને પ્રભુ માનીને પોતાની જાતને, દેશને અને આખી દુનિયાને યુદ્ધના દાવાનળમાં હોમી દેવા તૈયાર થયા હતા તેના તાજા દાખલાઓ આજે હજુ આપણી આંખ સામે ઊભા છે. કેળવણીના નિષ્ણાતોએ પોતાને સોંપેલ આ અમોઘ અસ્ત્રનો ઉપયોગ પોતાની સદસદ્વિવેકબુદ્ધિને પૂછીને કરવો જોઈએ. જેમ શિક્ષણ આપવાનું સાધન જબરજસ્તી નહિ પરંતુ પ્રેમ છે, તેમ જ તેનું અંતિમ સાધ્ય એકબીજા પર વડાઈ મેળવવાનું અગર પરસ્પરમાં વેરભાવ ફેલાવવાનું નહિ પરંતુ સારી ય માનવજાતમાં પરસ્પર સહૃદયતા અને પ્રેમભાવ વધારવાનું છે. બાળકોને તાલીમ આપતા બાલશિક્ષકો આ હકીકત તરફ સદૈવ નજર રાખ્યા કરશે તો જ દુનિયા સુખપૂર્વક પ્રગતિને પંથે એકાદ પગલું પણ આગળ માંડી શકશે.

સૌ. કમલાબાઈ ટિળક

---

# બાળકો અને શિક્ષા

આ સંમેલનમાં આજે જે ભાષણો થયાં તેનો મુખ્ય સૂર જોઈને મને ખેદ સાથે આશ્ચર્ય થાય છે. આશ્ચર્ય એટલા માટે થાય છે કે શનિવારની બપોરની બેઠકમાં બાળકો અને શિક્ષાના સંબંધમાં જે ઉચ્ચ અને સૂક્ષ્મ વિચારો આપણી સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા, અને જે વિચારો આપણે સહર્ષ વધાવી લીધા હતા, તેની સાથે આજના વિચારોનો પ્રવાહ બિલકુલ સુસંગત નથી. એકના એક પ્રશ્ન અંગે એક જ સંમેલનમાં જુદે જુદે દિવસે વિસંવાદી દૃષ્ટિબિન્દુઓ રજૂ થાય, એ ઘણું વિચિત્ર છે. અને મને ખેદ એટલા માટે થાય છે

કે બાળકોને શિક્ષા કરવાના આખા પ્રશ્નને આપણી રૂઢ માન્યતાઓ અને પૂર્વગ્રહો છોડીને કંઈક નવીન દૃષ્ટિથી જોવામાં આપણે નિષ્ફળ નીવડ્યાં છીએ.

જે સંસ્થાના ઉપક્રમથી આપણે આ સંમેલન ભર્યું છે તે નૂતન બાલશિક્ષણ સંઘ એકલી બાલકેળવણી વિષે જ નહિ પણ મનુષ્યની સમગ્ર કેળવણી વિષે જગત પાસે એક નૂતન દૃષ્ટિબિન્દુ રજૂ કરવાના આગ્રહથી હયાતીમાં આવ્યો છે. જો તેના વિચારો અને કાર્યપદ્ધતિ માત્ર રૂઢ અને ગતાનુગતિક હોત, અને આ ક્ષેત્રમાં તેને કંઈ નવું સિદ્ધ કરી બતાવવાની આકાંક્ષા ન હોત, તો તેની સ્થાપનાની કંઈ જ જરૂર રહેતી નહોતી.

બે દિવસ પહેલાં જ આપણે ઠરાવ કર્યો છે કે બાળકોના સંબંધમાં શારીરિક અને વાચિક શિક્ષાને તો સ્થાન નથી જ. પણ તે ઉપરાંત, પ્રેમના દબાણને વશ થઈને બાળકને ન રુચતું કંઈ કરવાની ફરજ પડે છે તેમાં પણ એક જાતની સૂક્ષ્મ શિક્ષા રહેલી છે એમ માનીને તેવા પ્રેમના દબાણમાંથી ઊપજતી જબરજસ્તી (Coercion) પણ ન હોવી જોઈએ. આવો ઠરાવ પસાર કર્યા પછી, આજે આપણે આપણા ઠરાવથી બાલકેળવણીમાં શિક્ષાને સ્થાન આપીશું, તોપણ તમને એમ લાગતું નથી કે આપણા વિચારોમાં કંઈ વ્યવસ્થા નથી? આપણે શાંતિથી વિચાર કરી શકતાં નથી? ગમે તો શનિવારની બેઠકમાં ઉત્સાહના આવેશમાં આવી જઈને કે પછી મોટા સિદ્ધાંતના દંભથી દોરાઈને એકદમ આપણે ભાવનાશાળી બની ગયા, અને પછી એ ઉત્સાહનું પૂર ઓસરી જતાં આપણે આપણી મૂળ પ્રકૃતિ ઉપર આવી ગયાં છીએ, અને પરમ દિવસે થઈ ગયેલી ભૂલને ધોઈ નાખવા આપણે તત્પર થઈ ગયાં છીએ.

આ સંઘનું કામ બાલશિક્ષણ પૂરતું મર્યાદિત છે. તેનો અર્થ એવો નથી કે આપણા આદર્શો આ ક્ષેત્ર પૂરતા જ છે. ખરી રીતે, નૂતન બાલશિક્ષણ સંઘના આદર્શો એ સમગ્ર જીવનની ફિલસૂફી છે. એ જ આદર્શો જીવનના એકેએક ક્ષેત્રને વ્યાપેલા હોવા જોઈએ છે. મનુષ્યજીવન ઉચ્ચ કરવું હોય, તે માટે પાયામાંથી તૈયારી કરવી હોય તો ઉદાત્ત આદર્શોમાં શ્રદ્ધા રાખ્યા વિના આપણે કેવી રીતે આગળ વધવાના હતા? ઉચ્ચ ભાવનાઓની પ્રેરણા વિના આપણી પ્રગતિ કેવી રીતે થવાની હતી? અલબત્ત, એક કૂદકે આદર્શને પહોંચી વળાતું નથી એ સાચી વાત છે. આપણે ધીમે ધીમે પ્રગતિ સાધવાની છે. અને આપણા સદ્ભાગ્યે પૂજ્ય ગાંધીજીએ જગતની સમક્ષ અહિંસાનો મહામંત્ર મૂકેલો છે. એ મહામંત્ર એકલા રાજકારણ માટે નથી, પણ એ તો આખા જીવનને આવરી લેતી જીવનદૃષ્ટિ છે. અને એ દૃષ્ટિનો ઉપયોગ કમમાં કમ નાનાં બાળકો સાથેના આપણા વર્તનમાં નહિ કરીએ તો ક્યાં કરીશું?

બાળકો માટે આપણને શિક્ષા આવશ્યક લાગે છે, કારણ કે આપણે બાળકોનાં મન સમજી શકતાં નથી. તેમના મનમાં શું ચાલી રહ્યું છે તે સમજવાની આપણી અશક્તિ છે. તેઓ જે કંઈ બોલે છે કે કહે છે તે આપણે આપણા મોટાંના દૃષ્ટિકોણથી જોઈએ છીએ, સાચા બોટાનાં જે રૂઢ પ્રમાણો જગતે નક્કી કરી રાખ્યાં છે તેમનાથી આપણે તેમને માપીએ

*મુંબઈ સંમેલનમાં તા. ૧૯-૧-૪૬ ના રોજ ચર્ચાને અંતે પ્રમુખ સ્થાનેથી કરેલો ઉપસંહાર.

છીએ. પણ બિચારાં નાનાં બાળકોને આપણા પ્રૌઢ જગતની ખબર નથી હોતી. તેમનું બાલ-માનસ જુદી રીતે વિકસતું હોય છે. એ રીતની આપણને ખબર હોતી નથી, એટલે તેમને આપણી રૂઢ રીતે વાળવા શિક્ષાનો ટૂંકો માર્ગ લઈએ છીએ. ઘણી વખત વાળવાના સ્પષ્ટ હેતુ વિના પણ આપણે ગુસ્સે થઈએ છીએ, અથવા તો બાળકે આપણું કહ્યું એકદમ સ્વીકારવાની ફરજ છે એવા ભ્રમથી દોરાઈને આપણે અસહિષ્ણુ બની જઈએ છીએ. જે બાળકોને પોતાની લાગણી-ઓ અને વિચારો દર્શાવવાનું વાણીનું યથાર્થ સાધન નથી, અને છતાં જેઓ પોતાના કુમળા મનમાં કંઈક થતું વ્યક્ત કરવાને હરહમેશ ગડ-મથલ કરી રહે છે તેઓને પૂરું સમજ્યા વિના જો આપણે શારીરિક કે વાચિક શિક્ષાથી દાબી દઈશું તો તેમનો વિકાસ કેવી રીતે થવાનો હતો ? તેમના વિકાસને યોગ્ય ભૂમિકા જો તૈયાર કરી આપવામાં આવે તો જ તેઓ સ્વાભાવિક રીતે આગળ વધી શકે. કેવળ દબાણથી કે ભય–લાલ-ચથી કંઈ જ સાધી શકાતું નથી. તેથી બાળ-કોની આજુબાજુ અહિંસા અને પ્રેમનું વાતા-વરણ ઉત્પન્ન કરી તેમને અભયદાન આપવું જોઈએ છે. આવું પ્રેમનું અભયદાન નથી આપવામાં આવતું તેથી તેમનામાં અનેક ગ્રંથિ-ઓ (Complexes) બંધાય છે, અને તે માટે આપણે મોટાં જ જવાબદાર છીએ. આનો અર્થ એવો નથી થતો કે તેમના વિચાર, લાગણી અને વલણો બાંધવામાં તેમને સ્વચ્છંદી થવા દેવાં. જ્યાં સુધી તેઓ પૂરું સમજતાં ન હોય, સારા-નરસાનો વિવેક ન કરી શકતાં હોય ત્યાં સુધી જરૂર આપણે તેમને મદદ કરીએ, પણ તે પૂર્ણ પ્રેમ અને સહાનુભૂતિથી થવી જોઇએ. તેમના પોલીસ કે ન્યાયાધીશ બનવાને બદલે આપણે જો તેમના શુભેચ્છક મિત્રો બની શકીએ તો તેમનો વિકાસ બરાબર થઈ શકે. અને આવી શુભેચ્છા અને મિત્રતાનું વાતાવરણ જમાવવા માટે શિક્ષાનો ત્યાગ કરવો જ જોઇએ. દરેક જીવને પોતાના ગુણ અને કર્મ અનુસાર લાગણી અને વિચારોનાં વલણો હોય છે. તે આપણે પૂર્ણ પ્રેમથી સમજવાં જરૂરી છે. તેને માટે અહિંસાનું વાતાવરણ ખાસ આવશ્યક છે. શિક્ષા કરવી તે બાળકની લાગણી જડ બનાવીને તેને જડ કરવા બરાબર છે. તેથી તેનું સ્વમાન ઘવાય છે. ભય અને લાલચથી જેને ઉછેરવામાં આવે તેનામાં જાતે સુધરવાનું આત્મભાન કેવી રીતે આવવાનું હતું ? આત્મ-ભાન એ મનુષ્યનો મોટામાં મોટો ગુણ છે. તેનો જ પ્રથમ ઘાત થાય છે. માટે આ ઠરાવ સ્વીકારતા પહેલાં જરાક કૂટસ્થ દૃષ્ટિ રાખી વિચાર કરવાની મારી આગ્રહપૂર્વક વિનંતી છે. આપણી કેળવણીની અને એકંદરે માનવ જીવનની ચાલુ, રૂઢ સ્થિતિથી અસંતોષ પામીને આપણે એક નવીન જીવનદૃષ્ટિ સ્વીકારી છે. એ જીવનદૃષ્ટિના આવિષ્કરણ માટે આપણી કાર્યપદ્ધતિમાં આદર્શો હોવા તદ્દન જરૂરી છે. તે વિના આપણી પ્રગતિ નહિ થાય, એ ચોક્કસ છે. શિક્ષાનો આખો પ્રશ્ન આ ઉચ્ચ દૃષ્ટિથી વિચારીને આપણે આપણા જીવ-નમાં બાળકો સાથેના વર્તનમાં શિક્ષાને કોઈ પણ ક્રમે સ્થાન ન જ આપવું જોઇએ, એવો આદર્શ રાખવાના નિર્ણય ઉપર તમે આવશો, એની મારી ખાત્રી છે. **સરલાદેવી સારાભાઈ**

# બાળકોની બીક*

બાળકોની બીક પરત્વે વિચારતાં એમ લાગે છે કે આ વિષયનો વિચાર કરવાની જરૂર છે ખરી ? કેમ કે બાળકો જેમ જેમ મોટાં થતાં જશે તેમ તેમ અ :ય ૫ તેમની બીક ઓછી થઈ જશે. જેમ જેમ તેમનો અનુભવ વધતો જશે, જેમ તેઓ વધારે જ્ઞાન મેળવતાં જશે તેમ તેમ તેમને માટે બીકનું ક્ષેત્ર મર્યાદિત બનતું જશે. આ જાતની સામાન્ય સમજણ સાચી છે એમ પહેલી વાર લાગવાનો સંભવ પણ છે, પરંતુ ઊંડો વિચાર કરતાં જણાઈ આવશે કે માનસશાસ્ત્રની દૃષ્ટિએ આ સમજણ બરાબર નથી. એ ખરું છે કે બાળપણની અનેક બીકો મોટપણે વધારે પ્રમાણમાં દેખાતી નથી. છતાં બાળપણમાં મનમાં પેસી ગયેલી ભીતિ મોટપણે પણ ડરાવે તો છે જ. એનું કારણ એ છે કે બાળપણમાં મન પર જે સારામાઠા સંસ્કારો પડ્યા હોય છે તેની અસર મોટપણે એક યા બીજી રીતે થયા સિવાય રહેતી નથી. બાળપણનો આ સમય અતિશય સંસ્કારક્ષમ હોવાથી આજે માનસશાસ્ત્રીઓ એ ઉંમરનો ઘણો સૂક્ષ્મ અભ્યાસ કરી રહ્યા છે. માનવીના જીવનમાં આ કાળ અતિશય મહત્ત્વનો છે એમ તેઓ માને છે. ગમે તેમ હો, પણ આજના વિષયની દૃષ્ટિએ જોતાં બાળપણ બહુ અગત્યનો સમય છે એમ આપણે સ્વીકારવું જ જોઈએ. નાનાં બાળકોને ભયના વાતાવરણમાં જ ઉછેરવાની આપણને જાણે કે ટેવ પડી ગઈ છે, એટલું જ નહિ પરંતુ ભવિષ્યમાં એનાં કેવાં અનિષ્ટ પરિણામો આવશે એનો વિચાર સરખો આપણે કરવા ઇચ્છતા નથી.

આપણે સહુ જો આત્મનિરીક્ષણ કરશું તો જણાઈ આવશે કે મોટપણે આપણને જે જે બીક લાગે છે તે સર્વનાં ઊંડાં મૂળ આપણી બાળવયમાં વવાયાં હોય છે. હું મારો પોતાનો દાખલો આપું. આજે પણ મને સાપની, ભૂતની અને પાણીની બીક લાગે છે. જરા વિચાર કરતાં હું એ પણ જોઈ શકું છું કે આ બીક પાયા વિનાની છે. મારી આ બીકનું પૃથક્કરણ મેં નીચે મુજબ કર્યું છે. નાની ઉંમરે અમારા ઘરમાં અને આસપાસમાં કાયમ સાપનો ઉપદ્રવ રહ્યા કરતો; એ વખતે સાપને કેમ મારવા એની યુક્તિ પણ મારા પિતાએ ગોઠવી રાખી હતી. સાપ મારવાની અનેક રીતો મેં જાતે જોઈ, તેમ ઘણી વેળા સાપ મારવામાં મેં પિતાને મદદ પણ કરેલી. પણ ત્યારથી સાપ વિષેની બીક મનમાં એવી તો પેસી ગઈ છે કે આજે અનેક અનુભવો પછી, તેમ જ આટલું જ્ઞાન મેળવ્યા પછી પણ એ બીક સદંતર દૂર નથી થઈ. બીજી બીક ભૂતની છે. ભૂતપિશાચમાં હું માનતો નથી. રામદાસ સ્વામીનું વચન 'માગें पाउल वाजलें, म्हणे मागे कोण आले ? '× મને સર્વાંશે કબૂલ છે. લોકોના ભ્રમ વિષેનો શ્રી વિષ્ણુશાસ્ત્રીનો નિબંધ મેં તેમના વિચારો સાથે સમરસ બનીને વિદ્યાર્થીઓને ભણાવેલ છે. પણ રાત વેળા સ્મશાન પાસેથી અગર કોઈ મેલડીના થાનક પ સેથી પસાર થવાનું બની આવે છે

* મુંબઈ સંમેલનમાં તા. ૨૧-૧-૪૬ ના રોજ આપેલું વ્યાખ્યાન.

× પાછળ પગલાનો ભણકાર થયો ને મને લાગ્યું કે કોઈ આવતું તો નથી ?

ત્યારે છાતીના ધબકારા હજુ ય વધી જાય છે, ને મનમાં મનમાં રામનામનું સ્મરણ કર્યા વિના રહી શકાતું નથી. એ ભય પમાડનારું સ્થળ પસાર થયા પછી–હવે હું સુખરૂપ છું એવી ખાત્રી થયા પછી મને સમજાય છે કે મારી બીક બિનપાયાદાર હતી. મારી એ બીકનું ખરું કારણ મેં વડીલવર્ગને મોંએ સાંભળેલી ભૂતપિશાચ તેમ જ, રાક્ષસોની વાતો છે. એ વેળા એ વાતોમાં મને ખૂબ રસ પડ્યો હશે પરંતુ એનાં પરિણામ તો હું આજે પણ ભોગવી રહ્યો છું. આથી મારું કહેવું એમ છે કે આપણે આવી વાતો કરવાનું સમૂળગું બંધ કરી દેવું જોઇએ. આને અંગે એક મજેની વાત કહેવાનું રોકી શકતો નથી. એકાદ ઘરમાં એક ભૂતે સ્ત્રીરૂપે જન્મ લીધો, ને સ્ત્રી તરીકે એણે વર્ષો સુધી ઘરવહેવાર પણ ચલવ્યો. પછી કહેવાય છે કે એક વાર સાંજની વેળા સસરાએ કહ્યું: 'વહુ! પેલા ઓરડાની દીવીની દિવેટ જગા સરખી કરશો કે?' પેલી બાઇએ રસોડામાં બેઠાં બેઠાં જ હાથ લંબાવીને ઠેઠ દેવ-મંદિરની દિવેટ સમારી! આ વાત મેં નાનપણમાં તો સાંભળી જ હતી, પણ હજુ થોડા જ દહાડા પહેલાં પણ સાંભળેલી! આવું બની શકે - હાથ આટલો લંબાવી શકાય અગર તો ભૂત મનુષ્ય-રૂપે અવતરે તે હકીકત બુદ્ધિ સ્વીકારતી ન હોય તોપણ એ વાતથી મનમાં ભયના સંસ્કારો પડ્યા વિના તો રહેતા જ નથી. પત્ની પિયેર અગર પરગામ ગઈ હોય ત્યારે એકલાં ઘરમાં સૂઈ નથી શકાતું એમ કહેવાય છે; કાંઈ નહિ તો મારો જાતઅનુભવ તો એવો જ છે રાત્રે દીવો ચાલુ રાખીને સૂઈ જાઉં તોપણ કયાંકથી હમણાં લાંબો હાથ આવીને સ્પર્શી જશે એવી બીક લાગ્યા જ કરે છે. એનું કારણ બાળપણમાં પડેલા સંસ્કારો જ છે! ત્રીજી બીક પાણીની છે. નદીમાં, કૂવામાં અગર તળાવમાં ન ડૂબવા જેટલું હું તરી શકું છું, પણ ધૂબકા મારી શકતો નથી. પાણીમાં ધૂબકા મારવાથી તેટલા જ વેગથી માણસ ઊંચે ફેંકાય છે એ શાસ્ત્રીય સત્ય હું બરાબર સમજું છું. છતાં ધૂબકા મારવાની હિંમત કરી શકતો નથી, એથી તરવાની મોજ પણ હું માણી શકતો નથી. આના કારણની શોધ કરતાં જણાયું કે નાનપણમાં અમારા ગામના તળાવમાં તેમ જ કૂવાઓમાં મેં માણસોને ડૂબી મરતાં ઘણી વાર જોયાં છે. ત્યારથી મારા મનમાં પાણીની બીક બરાબર પેસી ગઈ છે, ને તરતાં આવડવા છતાં એ ભય જતો નથી

આજનો વિષય તો બાળકોની બીક છે તેથી હું મારી એટલે મોટી ઉમરના માણસની ભીતિનું લાંબું ટાયલું હાંકું છું એ અસ્થાને છે, એમ પણ ઘણાને લાગશે તે હું સમજું છું. પણ મારે એ સિદ્ધ કરવું છે કે મોટપણે જે બીક લાગ્યા કરે છે તેનાં મૂળ બાળપણના અનુભવમાં ગવાયાં હોય છે. માટે બાળવયમાં જેટલે અંશે બીક વિનાનું–નિર્ભયતાનું વાતાવરણ રાખી શકાય તેટલું સાચવવું જરૂરી છે. માનસશાસ્ત્રીઓએ લશ્કરમાં ધૈર્યપૂર્વક અને નીડરતાથી લડનારા એક સિપાઈનો દાખલો ટાંકેલો છે. લડાઇના મેદાનમાં ભારે શૂરવીરતાપૂર્વક લડનારો એ સિપાઈ કોઇ પણ બહાદુર પાસે આવતાં ભયભીત બની જતો. માનસશાસ્ત્રીઓએ આ સિપાઇનું જ્યારે માનસવિશ્લેષણ કર્યું ત્યારે જણાયું કે બહાદુરની એની બીકની પાછળ નાનપણની બીક દટાયેલી છે. તે સિપાઇનો જૂનો અનુભવ આ જાતનો હતો. એક વાર નાનપણમાં તેની દાદીમાએ એની

પાસે ભોંયતળિયાની ઓરડીમાંથી કોઇ ચીજ મગાવી. ઓરડીમાં અંધારું હતું, આથી ત્યાંનો વાઘ જેવો વિકાળ કૂતરો તેને પહેલાં તો દેખાયો નહોતો. પણ ઓરડી પાસે પહોંચતાં જ પેલો ડાઘિયો ભૂંભૂ કરતો ગર્જી ઊઠ્યો, અને પેલો બાળક સખત બી ગયો. તેની એ બીકનું અંધારાથી બીવામાં કાયમી રૂપાંતર થઈ ગયું. મારા એક સાથી પ્રોફેસરનો પણ આવો જ દાખલો છે. આજે પણ તે બિલાડીથી બીએ છે. જમતી વેળા જો પડખેથી બિલાડી પસાર થઇ તો તેઓ પછી નિરાંતે જમી શકતા નથી. મનોવિશ્લેષણ દ્વારા એમની બીકનું કારણ પણ શોધી શકાય. ટૂંકમાં એમ કહી શકાય કે વાતાવરણને લીધે જ બાળકોના મનમાં બીક પેસે છે; અને મોટી ઉંમરે એનું પ્રમાણ ઓછું થતું હોય તોપણ એનું અસ્તિત્વ છેક નિર્મૂળ થઈ જતું નથી.

બીકનો હવે આપણે શાસ્ત્રીય દૃષ્ટિએ વિચાર કરીએ. પહેલો સવાલ એ થઈ શકે કે બાળકમાં શું જન્મથી જ બીક પેદા થતી હશે ? શું એ સહજપ્રવૃત્તિ હશે ? આ માન્યતા અંગે માનસશાસ્ત્રીઓમાં ઘણો મતભેદ છે. ઘણાઓનું વલણ બીક બાળકમાં ઉપજત હોવાનું માનવા તરફ છે. પરંતુ તાજેતરમાં થયેલા પ્રયોગો પછી પ્રો. વૉટસન એમ માને છે કે બીક એ સહજપ્રવૃત્તિ નથી પણ બાળકના મનમાં પાછળથી દાખલ થાય છે. આ રીતે બીક જન્મ પછીથી આવે છે એમ સ્વીકારીએ તો તે અનુભવજન્ય છે એમ માનવું જ જોઈએ; અને અર્થાત્ અનુભવની પેઠે તે પરિસ્થિતિ અગર આસપાસના વાતાવરણ પર જ અવલંબે. આ રીતે જોતાં કહેવામાં કશી હરકત નથી કે બાળકોને આદર્શ વાતાવરણ વચ્ચે ઉછેરવાથી તેઓ નિર્ભય બનશે. પ્રો. વૉટસનનું આ કથન સ્વીકારીએ, એટલે સહેજે બાળકનાં માબાપો અને શિક્ષકો પર ભારે જવાબદારી આવી પડે છે. પ્રો. વૉટસનનું કહેવું છે કે ફક્ત બે જ જાતની બીક પ્રાણી માટે સ્વાભાવિક છે. પૈકી પહેલી બીક મોટા અવાજની અને બીજી અવલંબ–આધાર છૂટી જવાની છે. નાનેથી મોટાં સુધી બધાંમાં આની ખાતરી કરી શકાય છે. તાજા અવતરેલા બાળકમાં પણ આ બે જાતની ભીતિ હોવાનું જણાયું છે. પ્રો. વૉટસને બહુ નાનાં બાળકો પર પોતાની પ્રયોગશાળામાં મનોરંજક તેમ જ બોધદાયક પ્રયોગો કરેલા છે. એ બધા પ્રયોગો વિષે બોલવા જતાં લંબાણ થઈ જાય; અહીં એમાંથી એક જ દાખલો નોંધું. નવ મહિનાના બાળકને સસલું અગર લાંબી રૂંવાટીવાળું કોઇ પ્રાણી બતાવવાથી તે જરાય બીતું નથી. પણ બાળક એ સસલાને બોળામાં લેતું હોય અગર અડકતું હોય ત્યારે તેની પાછળના ભાગમાં તે ન દેખે તેમ લોખંડના સળિયા ઉપર જોરથી હથોડી મારી મોટો અવાજ કરવાથી બાળક બીએ છે ને સસલાને અડકતું નથી. પછી તેને રમવા માટે લાકડાના ઘન આપતાં જ બાળક તેમાં તલ્લીન બની જાય છે. તે વેળા સસલું પાસે લાવવાથી જો કે તે તેને અધીરાઇથી પકડવા ઇચ્છતું નથી, પણ થોડી વાર પછી તે તેને જેમ તેમ કરી અડકતું થાય છે. તે વેળા ફરી વાર પેલો અવાજ જોરથી કરવાથી બાળક વળી બીવા માંડે છે. આમ વારંવાર કરવાથી એવું પરિણામ આવે છે કે જે વેળા સંતાઈને મોટો અવાજ કર્યા વિના જ માત્ર સસલાને દેખતાં જ બાળક ભય દાખવે છે, રડવા માંડે છે અને તેની સામે પણ તે જોવા

માગતું નથી. આ પ્રયોગ પરથી એ સાબિત થયું કે બાળક મૂળે સસલાથી બીતું નહોતું પણ ખાસ પરિસ્થિતિ અગર વાતાવરણ ઊભું કરવાથી બાળકમાં બીક પેદા થઈ શકી. વળી એ બીક ભાવિ જીવતરમાં પણ ટકી રહે છે. સસલાના આ દાખલા પરથી બાળકના મનમાં કૂતરું, બિલાંડી, ઉંદર વગેરે પ્રાણીઓ અંગે પણ કાયમી બીક આવી છે. પશ્ચિમના વૈજ્ઞાનિકો આ વિષયનો કેવી રીતે અભ્યાસ કરે છે તેના ઉદાહરણ રૂપે ઉપરનો દાખલો અહીં ટાંકી બતાવ્યો છે.

આપણે કેક નાનાં બાળકોનો પ્રશ્ન ન લેતાં સામાન્ય રીતે બેથી પાંચ વર્ષની ઉંમરનાં બાળકોનો વિચાર કરીએ. બે વર્ષનું બાળક બીક એ શી ચીજ છે તે જાણતું હોતું નથી. આપણ મોટેરાં અગર આસપાસના લોકો જ બાળકના મનમાં બીકનો વિચાર પેદા કરીએ છીએ. બે વર્ષનો મારો શશી અજવાળામાંથી અંધારાવાળા ઓરડામાં જતાં કદી બીતો નહોતો. પણ એક વાર પાંચ વર્ષની મારી દીકરી સંધ્યાએ કહ્યું: ' હું અંધારામાં જતાં બીઉં છું. ' શશીએ એ વાક્ય પકડી લીધું અને પછી જ્યાં ત્યાં હરવા ફરવાનું તેણે માંડી વાળ્યું. દીકરીના મનમાં ભયનો સંચાર કયાંથી થયો એની શોધ કરતાં એમ જણાયું કે એની બેનપણીઓ ( તેનાથી વયમાં મોટી )એ તેને ભયજનક વાર્તાઓ સંભળાવી છે. બંને બાળકોના મનમાંથી અંધારા વિષેની બીક જતી રહે તેટલા સારુ એ બંને જાગતાં હોય ત્યાં સુધી અમે ઘરના બધા ઓરડાઓમાં ખાસ રીતે દીવા ચાલુ જ રાખીએ છીએ; રાત્રે પણ સૂતી વેળા ઝાંખો દીવો તેમને સારુ બળતો રાખીએ છીએ. સિવાય દીકરીના મનમાંથી ધીમે ધીમે ભય દૂર કરવાના પ્રયત્ન તો ચાલે જ છે. એવા જ ભય પરત્વે એક બીજી વાત જણાવું મારો શશીકાંત છેક બાળપણથી ઘરમાં પાળેલા કૂતરા સાથે રમ્યા કરતો; તેના કાન પકડતો અને પૂંછડી પણ ખેંચતો. એક વાર શેરીનાં કૂતરાં અમારી અગાશીમાં લડી પડ્યાં, ને જોરજોરથી ભસવા માંડ્યાં. એ ભસવાને પરિણામે શશીના મનમાં બીક પેઠી. હવે આસ્તે આસ્તે અમારે એ ભીતિ દૂર કરવી રહી. સાધારણ રીતે બાળકો રડવા માંડે એટલે મોટેરાંઓ તેમના પર ગુસ્સે થઈ રાડો પાડી ઊઠે છે: ' છાનો રહે નહિ તો બાવાને આપી દઈશ. ' '...નહિ તો બાવાને બોલાવીશ. ' '...નહિ તો સિપાઈ આવશે. ' '...નહિ તો અંધારી ઓરડીમાં પૂરી દઈશ. ' વગેરે..બાળક છાનું રહે માટે તેને આમ જાતજાતની ધમકીઓ અપાય છે. ખરું જોતાં રડવાનું કારણ શું છે તે શોધવું જોઈએ, પણ તેને બદલે આ અનિષ્ટ માર્ગનો જ અવલંબ કરાય છે. મોટેરાંની આવી ડરામણીથી બાળકના દિલમાં બાવડો, બાવો, સિપાઇ અગર અંધારી ઓરડી વિષે અજ્ઞાનપણે બિનજરૂરી બીક પેદા કરાય છે. બાળકની આ બધી બીકના મૂળમાં આપણ મોટેરાં જ છીએ એ વાત આપણા ખ્યાલમાં જ આવતી નથી, અને ઊલટાનું જ્યારે બાવાથી કે બાવડાથી બાળકો 'બીતાં થાય છે ત્યારે પાછાં આપણે જ તેમને ' હત્ બીકણ ! ' કહી હલકાં પાડીએ છીએ અને અપમાનીએ છીએ !

આ ઉપરાંત બાળકો જ્યાં ત્યાં દખલ કર્યા ન કરે તે માટે પણ આપણે ભયનું જ હથિયાર સદા વાપરીએ છીએ. ' આને ન અડીશ.' ' ત્યાં

ના જઈશ.' એવા નકારો જ ઘરમાં વારંવાર બાળકને સાંભળવા પડે છે! ખરું જોતાં ઘરમાં અહીં તહીં ફરવા માટે, ઘરની ચીજો હાથમાં લઇ તપાસી જોવા માટે, ઘરની બધી બાબતોનું જ્ઞાન મેળવવા સારુ અને કોઇ કોઇ વાર મોટાંઓનું અનુકરણ કરી જોવા ખાતર પણ બાળકોને સ્વાતંત્ર્યની જરૂર હોય છે, જગ્યાની મોકળાશ તેમને સારુ આવશ્યક હોય છે. શહેરમાં આવી મોકળાશ મળી શકતી નથી તેથી તો બાળકોને માટે બંધનો–મર્યાદાઓમાં વધારો જ થાય છે. સારાસાર વિચાર કરીને બાળકોને છૂટ આપવી જ યોગ્ય છે. ઉંમરે તેઓ નાનાં હોવા છતાં તેમની નાની–બાળદુનિયામાં તેમને સ્વતંત્ર રીતે જીવવાનો હક્ક છે. તેમના પર ગુસ્સો કરવો, તેમને મારવાં અગર ડરાવવાં એ સઘળું નિરર્થક છે. ઊલટું એનાં અનિષ્ટ પરિણામો બાળકોના મન પર થયા વિના રહેતાં નથી. એના એક બે ઘરગથ્થુ દાખલાઓ આપું. મારી સંધ્યાને તેની બાની પેઠે જ શાક સુધારવાનું મન થાય છે. તેના હાથમાં છરી આપવી જોખમકારક છતાં બરાબર બતાવીને તેને બટાટા, ગાજર, રતાળુ વગેરે સમારવાનું અમે શીખવ્યું છે. રોજ હવે હોંશથી તે થોડું એક શાક સુધારી પણ આપે છે. કોઈ વાર જો જરા આંગળી વઢાઈ જાય છે, તો તે ચુંકારો પણ કરતી નથી, કેમકે તે ક્રિયા તે પોતે પોતાની હોંશથી કરે છે. મોટીબેનને કામ કરતી જોઈ નાનો શશી શી રીતે રહી શકે? એક-વાર તેણે પણ શાક સુધારવાનો પ્રયોગ કર્યો ને આંગળી વાઢી લીધી. એ ઘા એક મહિના સુધી ચાલ્યો! પણ હવે તે છરી, થાળી, સૂડી કે કાતર લેવા માટે હઠ નથી કરતો. શાક સુધારવાની બાબતમાં સંધ્યા સફળ નીવડી તોપણ એક બીજી બાબતમાં તે બરોબર ફસાઈ પડી! સગતા બંધામાં છાણાના ટુકડા નાખવાની તેને ભારે હોંશ હતી; ઘણું કહ્યું પણ તે માનતી નહોતી. આખરે એક વાર હાથ દાઝ્યા ત્યારે રહી; ત્યાર પછી તેણે ફરી એ હઠ લીધી નહિ.

બાળકો મસ્તી કરે છે, અનેક અટકચાળાં કરે છે. એમના તરફ પૂરતું ધ્યાન આપવા જેટલી માબાપોને નવરાશ હોતી નથી. નવ-રાશને અભાવે બાળકો આપણા કહ્યામાં રહે તે સારું બાળકોને રમતનું અને આનંદનું વાતાવરણ ગોઠવવાને બદલે આપણે માબાપો બાળકોની આસપાસ ભયનું વાતાવરણ જમાવીએ છીએ. બાળકોની વિકસતી જતી બુદ્ધિને આકર્ષી શકે એવાં સાધનો આપણાં ઘરોમાં ભાગ્યે જ હોય છે; બાળકો હાથમાં લઇ વાપરી શકે એવી ચીજો પણ ઘરમાં ક્વચિત સાંપડે છે. આથી બાળકો ઘરમાં સદાય મૂંઝાયા કરે છે. બીજી બાજુ માબાપ કહે તેમ તે ન કરે તો શિક્ષા-નો ભય પણ ઊભો જ હોય છે. આમ પરિસ્થિ-તિને કારણે બાળકો માબાપના ગુસ્સાથી ડરતાં નથી અગર ધમકીને ગણકારતાં નથી. તેમનામાં સામો પ્રતિકાર કરવાની વૃત્તિ જાગ્રત થાય છે; અને એથી જ્યારે બા બાળકને મારવા ઊઠે છે ત્યારે બાળક સામે મારતું હોવાનું દૃશ્ય જોવાનું સાંપડે છે. બાળક પોતાના ગુસ્સાને અગર માર ને ગણકારતું નથી એમ દેખાતાં જ મા વળી પિતાનું નામ આડે ધરે છે, ત્યારે બાળક સામેથી 'બાપુ તને જ મારશે!' એમ માને સંભળાવે છે! આવું બનવાથી માબાપો ફરિયાદ કરે છે કે આજનાં બાળકો ભારે તોફાની થઈ ગયાં છે. આપણે મોટેરાં બીક બતા-

પીને, ગુસ્સો કરીને, અગર દબડાવીને બાળકોમાં આપણા વિષેની પ્રતિકારભાવના જાગ્રત ન કરીએ એ જ સાચો ઉપાય છે એ વાત બહુ થોડાં માબાપો સમજે છે. બાળપણમાં બાળકોની શી શી જરૂરિયાતો હોય છે, તેમનો વિકાસ સાચે માર્ગે થાય તે માટે મોટેરાંઓએ તેમની સાથે કેવી જાતનું વર્તન રાખવું જોઇએ, અગર બાળકોમાં સારી ટેવો કેળવાય તે માટે કઈ જાતનું વાતાવરણ જમાવવું આવશ્યક છે, વગેરે બાબતોનું જ્ઞાન મોટેરાંઓને હોતું નથી. પણ એમના એ અજ્ઞાનનો ગેરલાભ માત્ર બાળકોને જીવનભર સહેવો પડે છે. બરી રીતે જોતાં મોટાંઓએ બાળકોને અનુકૂળ પડે તે રીતે કામ લેવું જોઈએ. મોટેરાંઓને મોંએ હમેશાં સંભળાતા શબ્દો 'જો, કુલાણું ન કરશો.' 'ત્યાં ન જશો.' વગેરે છે. આવા નકારાત્મક શબ્દો અથવા હુકમો કરતાં બને ત્યાં સુધી તેમણે બદલી જવું જોઈએ; તથા તેને બદલે 'જો, આમ કરો.' એવી વિધેયાત્મક આજ્ઞાઓ કરવાનો રિવાજ દાખલ કરવો જોઈએ. ઉપર વર્ણવેલા પ્રયોગમાં જે સ્થાન પેલી કથોડીનું છે તે જ સ્થાન અહીં નકારાત્મક આજ્ઞાઓ લે છે. પેલી કથોડીના અવાજને લીધે જેમ બાળકમાં સસલા અંગે ભય પેદા થયો તેમ જ આવી નિષેધાત્મક આજ્ઞાઓથી બાળકો અનિષ્ટ પ્રવૃત્તિઓ કરવા પ્રેરાય છે. બાળકો સારુ તો બાલમંદિરો, બાલોદ્યાનો કે શિશુવિહાર જેવી જાતની બાળશાળાઓ ગામેગામ ને લતેલતે ચાલતી જોઈએ, જ્યારે આજે તો એવી સ્થિતિ પ્રવર્તે છે કે બાળશાળાઓ આંગળીને વેઢે ગણાય એટલી જ આપણે ત્યાં છે.

સાધારણ રીતે આજે એવી પરિસ્થિતિ ઘરોમાં આલે છે કે છોકરો ઘેર વધારે ગડબડ કરવા માંડે એટલે ઘરના શાંતિમાં ખલેલ પડવા માંડે છે, ને માબાપો પણ કહે છે: "હવે આને નિશાળમાં ગોંધી દેવો પડશે, ને માસ્તરને કહેવું પડશે કે બરાબર ફટકારે." આવા અવિચારી શબ્દોથી બાળકના મનમાં શાળા વિષે જે ચિત્ર ઊભું થાય છે તેમાં શાળા એ કેદખાનું અને શિક્ષક એ શિક્ષા કરનારો જલ્લાદ બને છે. આવાં અયોગ્ય કલ્પનાચિત્રો મૂળે મોટેરાંઓ જ બાળકના મનમાં ઊભાં કરે છે. ખરું જોતાં શાળા માટે પ્રેમભાવ અને શિક્ષકો વિષે મમતા અને આદરભાવ પેદા થાય એવી જ વાતો માબાપોએ છોકરાંઓને કહેવી જોઇએ. આજે તો ઊલટું માત્ર બીકનું વાતાવરણ જ શાળાના ચિત્ર ફરતું ચીતરાયેલું દેખાય છે!

આ બધી હકીકત બાળકની પાંચ વર્ષની ઉંમરને ધ્યાનમાં રાખીને રજૂ કરી છે. આ રીતે આગળ ચાલતાં તે પછીનાં વર્ષો દરમ્યાન પણ બાળકોના દિલમાં ભયનું વાતાવરણ કઈ રીતે પથરાયેલું રહે છે અને પરિણામે બાળકો કેવાં બીકણ, કારમાળ અને મૂઢ બને છે તે સહેલાઈથી બતાવી શકાય. પણ અત્યારે એ પ્રસ્તુત નથી. એ હકીકત નિઃશંક નોંધવા જેવી છે કે બાળકોના હિત ખાતર જ માબાપો તેમ જ શિક્ષકોએ આ બાબતનો બરાબર ઈંડો અભ્યાસ કરવો ઘટે છે. પ્રથમ દૃષ્ટિએ આ બધી બાબતો સાવ સહી જણાવા છતાં તેનાં પરિણામો બહુ દુઃખદાયી હોય છે. કેળવણીને પરિણામે બાળકો નીડર નાગરિકો બને એમ જો આપણે ઇચ્છતાં હોઈએ તો તેની શરૂઆત છેક બાળપણથી જ કરી દેવી જોઈએ!

ન. ર. પારરાનીસ

## કાર્યાલય બદલાયું છે.

શ્રી પ્રૌઢશિક્ષણનું કાર્યાલય તા. ૧ લી જુલાઈ થી ચરોતરની બદલાઈ મુખ્યત્વે કરીને નવાંમાં આવનાર છે. આ બંને પત્રો પત્રિકાના વ્યવસ્થાપક પાસે મોકલી આપેલ છે. તમામ ભાઈઓ તથા બહેનોને સવનામે કરવા :—

શ્રી ૦ ૦ વ્યવસ્થાપક,
શિક્ષણ પત્રિકા કાર્યાલય
૨૦૦૨, ગિરધર ભવનની
દાહોદ (પંચમહાલ)

---

## આભાર

ગયા વર્ષે ચૈત્રસુદ (૧૯૯૫) આસપાસ આપણી પત્રિકાએ બીજી વર્ષગાંઠ ઉજવવાનું ગૌરવ પ્રાપ્ત કર્યું. તેમની પણ ગુજરાત તા. પાના પ્રમુખ શ્રી. વલ્લભદાસ ચુ. શાહે તા. ૧૦ ના પત્રો પાઠવ્યું આપી ગયા વર્ષોદરાનાં ગીત ગા. મોહનલાલ ભગવાનદાસ ભગીન, એકેડિ ૦ ૦ ઓફિસર્સ ગાંધી ગામના પણ ગા અન્ય સ્થાનોના ૦ ગાળા ૨ ગાને છે.

[વ્યવસ્થાપક મંડળની બેઠકના ઠરાવ મુજબ]

---

## પુણ્યતિથિને બદલે જયંતી

સ્વ૦ વિઠ્ઠલભાઈની પ્ર. તિથિ જૂનની તા. ૨ જી નીને ઉજવવાની હતી. પરંતુ તેને બદલે તેમની સાદુલવાની સ્વ૦ ભાઈ પ્રેમી ગરબા સંસ્થા સર્વ વિદ્યાર્થીઓ ઠરાવ કરવાનો નિર્ણય થયો તેમ તા. ૧૯ મી જૂને ઉજવવાનું નક્કી થયું છે તા. ૧૯ મી જૂને સાદુ ગરબા સંસ્થામાં તે સ્વર્ગની સ્વરગત ઠરાવ થઈ રહે.

[ વ્યવસ્થાપક મંડળના ઠરાવ મુજબ ]

---

## ગ્રામ બાલ અધ્યાપન મંદિર, ભોરડી

ગયા અંકમાં આપેલ કર્યા મુજબ ભોરડીમાં અધ્યાપનવર્ગની શરૂઆત થવાની છે. પરંતુ તેની તારીખોમાં ફેર-ફાર થયો છે. એટલે કે અગાઉ ૧૫ મી માર્ચ હતી તેને બદલે તા. ૨૦ મી માર્ચથી કરવાનું ઠરેલું છે.

દાહોદમાં શિક્ષણવિદ્યા બાલઅધ્યાપન-મંદિરનો જેઠ વર્ષનો ક્રમ છે તેમાં અને આ ગ્રામ બાલઅધ્યાપન વર્ગમાં સમાનતા કે ન થાય તેથી નીચેની જે બાબતો અંગે ખુલાસો કરવામાં આવે છે કે (૧) જેઠ વર્ષનો અધ્યાપન-ક્રમ અત્ર મંદિરમાં પહેલો થવાનો નથી. શિક્ષણવિદ્યાના અધ્યાપનવર્ગમાં શરૂઆતના ૪ મંદિરમાં જેટલો અભ્યાસક્રમ ચાલે છે તેના જેટલો લગભગ આ ભોરડી અધ્યાપનવર્ગનો પણ અભ્યાસક્રમ રહેશે. ઉપરાંત શિક્ષણવિદ્યા બંધ થવાથી જે બાકીનું અભ્યાસપત્ર રહે છે તે આવતી નવી બાલ અધ્યાપન, પરંતુ તેના સાથે બાલવિદ્યા સંબંધ થવાથી જેઠ પ્રમાણપત્ર આપવામાં આવશે. (૨) આ અધ્યાપન-ક્રમ અધ્યાપક આગેવાનોમાં કામ કરનારાઓ થાય છે. તેથી જેઓને આગેવાનીના કાર્યમાં રસ હોય તેવા ૨૫ વિદ્યાર્થીઓ ભોરડીમાં આવે તે ઇચ્છનીય છે. ભોરડી વર્ગમાં આવનાર વિદ્યાર્થીઓ પાસેથી ૨૫, તેમ જ રસોયણની પણ આવવાની રેલ્વે ટિકિટ તેમ કરવું

વાઘજીભાઈ ભાઈ
મુખ્ય કાર્યવાહક

## નૂતન બાલશિક્ષણ સંઘને ૧૯૪૫ ના વર્ષ દરમિયાન મળેલા દાનની યાદી

| | |
|---|---|
| શ્રી. સરલાદેવી સારાભાઈ | ૩૭૮૯–૦–૦ |
| ,, નવીનચંદ્ર મફતલાલ ગગલભાઈ | ૩૦૦૦–૦–૦ |
| ,, ચંદુલાલ ઝવેરી | ૬૧૦–૦–૦ |
| ,, સરોજબેન યોધ | ૪૦૦–૦–૦ |
| ,, બાબીબેન મૂળજી | ૨૫૦–૦–૦ |
| ,, કચ્છ નૂતન કેળવણી મંડળ | ૧૨૫–૦–૦ |
| ,, મોરારદાસ પીતાબરદાસ | ૧૦૧–૦–૦ |
| ,, જયંતીલાલ વખારીઆ | ૧૦૧–૦–૦ |
| ,, રાયચંદભાઈ ઝવેરી | ૫૧–૦–૦ |
| | ૩. ૮૪૨૭–૦–૦ |

## શિક્ષકો જોઇએ છીએ

( ૧ )

મૉન્ટેસોરી પદ્ધતિના નિષ્ણાત શિક્ષકની જરૂર છે. કામના અનુભવી અને પદ્ધતિના જાણકાર ભાઈ અગર બહેને અરજી કરવી. પગાર માસિક રૂા ૭૫ થી ૧૦૦ સુધી. પત્ર યવહાર સીધો નીચેને સરનામે કરવો:—

શ્રી. શાંતાબેન પટેલ; મંત્રી,
ભવાનીપુર ગુજરાતી બાલમંદિર, ભવાનીપુર,
૭ એલ્ગીનરોડ, કલકત્તા

( ૨ )

બે મૉન્ટેસોરી ટ્રેન્ડ શિક્ષકોની જરૂર છે. પગાર શરૂઆતમાં રૂા. ૭૦–૭૫; આવવા જવાનું ભાડું; દર બે વરસે વતનમાં જવા આવવાનું ભાડું; દર વરસે રૂા. ૩)નો વધારો આપી રૂા. ૧૧૫) સુધી લઈ જવામાં આવશે. લખો—

શ્રી. જીવણલાલ છોટાલાલ ચોકશી
બી.એ. (ઓનર્સ); બી. ટી.
જૂની હટરી; રાજનાંદગાંવ (સી.પી.)

( ૩ )

ગુજરાતી બાળકો માટે કન્યાશાળા, અદ્યતન ઢબનું છાત્રાલય ચલાવી શકે તેવાં શિક્ષક–શિક્ષિકાઓની જરૂર છે. યોગ્યતા મુજબનું સારું વેતન મળશે. પ્રોવિડન્ડ ફંડની વગેરેની યોજના છે. નીચેને સરનામે સીધો પત્રવ્યવહાર કરવો—

શ્રી. હાથીરામ ના. પંડ્યા;
મંત્રીઃ રાયપુર ગુજરાતી શિક્ષણ સંઘ
રાયપુર (સી. પી.)

## નવા આજીવનસભ્યો

ખ વર્ગ

(૧) શ્રી. કરસનજી જેઠાભાઈ જેઠવા
સિનોગરા (કચ્છ)

ચ વર્ગ

(૧) શ્રી. મોહનદાસ નગીનદાસ
જરીવાલા મુંબઈ–૪
(૨) શ્રી. હેમલતાબાઈ રતનજી બટાઉ મુંબઈ–૧
(૩) શ્રી. મણિભાઈ ચત્રભુજદાસ
દયાળ મુંબઈ–૬
(૪) શ્રી. પુરુષોત્તમ નારણજી સિકંદરાબાદ
(૫) શ્રી. પુરુષોત્તમ પુનમચંદ મહેતા

## નવી જોડાણસંસ્થાઓ

| | |
|---|---|
| (૧) સાર્વજનિક બાલમંદિર | બહાદુરપુર |
| (૨) શિશુમંદિર | અધેરી |

નૂતન બાલશિક્ષણ સંઘ માટે રા. પુ. આ. ચિત્રે એમણે
આત્મારામ પ્રિ. પ્રેસ, બારીવાવ, વડોદરા, એમાં છાપીને પ્રગટ કર્યું. તા. ૨૮–૩–૪૬

# શિક્ષણ પત્રિકા

(નૂતન બાલશિક્ષણ સંઘ)

આદ્ય તંત્રી : સ્વ. શ્રી. ગિજુભાઇ બધેકા

તંત્રી : શ્રી. તારાબેન મોડક

સહ સંપાદકો : શ્રી. ગોપાળરાવ કુલકર્ણી, શ્રી. બંસીધરજી, શ્રી. રામભાઈ પાઠક


23115

## सा विद्या या विमुक्तये

આપણી સામાજિક વ્યવસ્થામાં બે ધંધા એવા હોવા જોઇએ કે જે સેવાર્થે જ ચાલવા જોઇએ. એક શિક્ષકનો અને બીજો વૈદનો. પૈસાને અભાવે કોઇ અશિક્ષિત રહે અગર કોઇ બિમાર રહે તો તે સમાજવ્યવસ્થા બરાબર નથી એમ કહેવાય. તેમાંયે જ્ઞાન આપવું એ તો બ્રાહ્મણ ધર્મ છે. વૈશ્યવૃત્તિથી જે વિદ્યા મેળવાય છે તે નિષ્ફળ જાય છે. કર્ણે અબ્રાહ્મણવૃત્તિથી વિદ્યા પ્રાપ્ત કરી છે એમ પરશુરામને જાણ થઈ ત્યારે તેમણે શ્રાપ આપ્યો કે તારી વિદ્યા નિષ્ફળ જશે. એ પ્રમાણે હું કહું છું, જેઓ વૈશ્યવૃત્તિથી વિદ્યા પ્રાપ્ત કરવા માગશે તેમની વિદ્યા નિષ્ફળ જશે. પરમાર્થે મેળવેલી વિદ્યા જ પોતાનું અને જગતનું કલ્યાણ સાધી શકે છે. આપણા પ્રાચીન ઋષિમુનિઓએ કહેલું છે 'सा विद्या या विमुक्तये' એનું તાત્પર્ય એજ છે.

[illegible] તારાબેન મોડક

# તંત્રી સ્થાનેથી

## પત્રિકા મુંબઇ આવી

સંજોગવશાત્ પત્રિકાનું પ્રકાશન વડોદરાને બદલે મુંબઇથી કરવું પડે છે. પત્રિકા વડોદરા હતી ત્યાંસુધી ભાઇ ગોપાળરાવ વિદ્વાંસની નિઃસ્વાર્થ અને કુશળ દોરવણીનો લાભ પત્રિકાને મળતો હતો. હવે તે લાભ નહીં મળે. ભાઇ ગોપાળરાવની સેવાનો ખ્યાલ ગુજરાતની શિક્ષણપ્રેમી જનતાને આપવાનો ન હોય. ગયા પચ્ચીસ વર્ષ ભાઇ ગોપાળરાવ શિક્ષણ સાહિત્યના પ્રકાશનનું જ કામ કરી રહ્યા છે. દક્ષિણામૂર્તિનાં પ્રકાશનો તેમની જ પ્રખર તપસ્યાનું ફળ છે અને આર. આર શેઠની સાહિત્ય સેવામાં ગોપાળરાવજીની છાપ પૂરેપૂરી દેખાય છે. આવા સેવકની સેવા ગુમાવવી પડે એ કાંઇ નાનીસુની ખોટ નથી. ભાઇ ગોપાળરાવે પત્રિકાની જે સેવા બજાવી છે તે માટે પત્રિકા તેમની કાયમને માટે ઋણી રહેશે. પત્રિકાના તંત્રી મંડળ તરફથી અને નૂતન કેળવણી મંડળ તરફથી અમે ભાઇ ગોપાળરાવ વિદ્વાંસના હાર્દિક આભાર માનીએ છીએ અને પત્રિકાના કાર્યમાં યથાવકાશ મદદ આપવા માટે એમને વિનવીએ છીએ.

## શ્રી. શેઠનો આભાર

મુંબઇમાં આજે છાપકામની ખૂબ ભીડ છે. આવા સમયમાં ગુજરાતી, મરાઠી અને હિન્દીએ ત્રણે ભાષાની પત્રિકાઓ, ચાલુ ભાવ કરતાં ઓછા દરે છાપી આપવાનું અને તેની રવાનગી વગેરે કામ માટે 'જન્મભૂમિ' કાર્યાલયમાં જગ્યાની સગવડ કરી આપવાનું સ્વીકારી, શ્રી. અમૃતલાલભાઇ શેઠે નૂતન બાલશિક્ષણ સંઘ પ્રત્યે જે સહ્‌ભાવ દાખવ્યો છે તે બદલ તેમના અમે આભારી છીએ.

## જોડ અંક માટે ક્ષમાયાચના

કાર્યાલયની ફેરબદલી થતાં કાગળની પરમીટ, પોસ્ટલ પરમીટ, અને પ્રકાશન અંગેની વિધિમાં ધાર્યા કરતાં વધારે સમય જવાથી ચૈત્ર-વૈશાખ માસનો સંયુક્ત અંક આપવાની અમને ફરજ પડી છે તે બદલ વાંચકો દરગુજર કરશે એવી આશા છે.

## કદ વધ્યું છે

ચાલુ સાલે લવાજમમાં વધારો કર્યા સિવાય પત્રિકામાં શક્ય તેટલો સુધારો કરવાની અમારી આકાંક્ષા છે. તેના પ્રથમ પગલા તરીકે પત્રિકાનું વસ્તુ અને કદ આ અંકથી વધેલું વાંચકો જોઇ શકશે.

# આપણાં બાલમંદિરો

'શિક્ષણ પત્રિકા'માં એક અગત્યનો વિભાગ આવતા માસથી શરૂ કરવામાં આવે છે. તેમાં બૃહદ્ ગુજરાત, મહારાષ્ટ્ર અને મધ્ય હિંદ તથા દેશાવરમાં ચાલતા બાલમંદિરોના સમાચારો અને શિક્ષકો તથા માબાપોના વિવિધ પ્રશ્નો આવશે. બાલશિક્ષણની દિશામાં એક સાથે કૂચ કરતા બાલમંદિરના શિક્ષકો આપણા માસિક દ્વારા એ રીતે વધારે નિકટ આવી શકશે અને પોતાના રોજિંદા પ્રશ્નોનું નિરસન કરી શકશે. આ વિભાગમાં બાળકોનાં અવલોકન, બાળકોના પ્રસંગો, માબાપોના વિધવિધ પ્રશ્નોની ચર્ચા અને શૈક્ષણિક ચર્ચા, વગેરે તમામ બાબતોને અવકાશ રહેશે. સૌ ભાઇ બહેનોને આ વિભાગ માટે સાદી સરળ ભાષામાં, મિતાક્ષરી શૈલિથી પોતાનાં લખાણ નીચેને સરનામે મોકલવા વિનતિ છે. બાલમંદિરના શિક્ષકો, સંચાલકો અને માબાપો સૌ આમાં ભાગ લેશે એવી આશા છે.

સરનામું:-
**રામલાલ પાઠક,**
બાલવાડી, ભોડાં. Via ધોલવડ

-સંપાદક

# ગામડાના બાલશિક્ષકોને

## ગ્રામ બાલ અધ્યાપન

શાંત સાગર તીરે આવેલા બોરડી ગામમાં, નૂતન બાલ શિક્ષણ સંઘ તરફથી એક ગ્રામ બાલ અધ્યાપન વર્ગ ત્રણ માસ માટે શરૂ કરવામાં આવ્યો છે. કસ્તુરબા રાષ્ટ્રિય સ્મારક નિધિ તરફથી બિહાર, યુક્તપ્રાંત, ગુજરાત મધ્યપ્રાંત એમ જુદા જુદા પ્રાંતોમાંથી બહેનોને આ વર્ગમાં તાલીમ લેવા મોકલવામાં આવી છે. વ્યક્તિગત તથા સંસ્થાગત રીતે ત્રીસેક જેટલાં ભાઇ બૈનો આ વર્ગમાં બાલવાડીની તાલીમ લેવા આવેલાં છે.

તા. ૨૦ મી માર્ચની સુંદર સવારે વર્ગની શરૂઆત કરતાં શ્રી. તારાબેન મોડકે માંગલિક પ્રવચન કર્યું હતું. બાલવાડીનો વિશાળ ખંડ કેળ નાળિયેરીનાં પાન અને ફુલોથી શણગાર્યો હતો. ધૂપ દીપથી વાતાવરણ સુવાસિત બન્યું હતું. સાગર પરથી મંદ મંદ સમીર વાઇ રહ્યો હતો. એ વખતે શ્રી. તારાબેને ગ્રામ બાલઅધ્યાપક વર્ગનો હેતુ સમજાવતાં કેટલીક કીંમતી વાતો સંભળાવી હતી. દૂરદૂરથી આવેલાં બાલસેવાપ્રેમી ભાઇબેનોને તેમણે હાર્દિક આવકાર આપ્યો હતો. ત્યારબાદ ગ્રામસંસ્કૃતિને ઓળખવા અને તેનો વિકાસ સાધવા બાલશિક્ષકે શું કરવું જોઇએ તે સમજાવ્યું હતું. નૂતન બાલશિક્ષણ સંઘની દૃષ્ટિ સમજાવતાં તેમણે સ્વાવલંબન એ સ્વાતંત્ર્યનો પાયો છે એ વસ્તુ પર ભાર મૂક્યો હતો. શિક્ષણ અને આરોગ્ય એ બે ધંધા તો પરોપકાર્થે જ ચાલવા જોઇએ, ધંધાર્થે નહીં, એ વાત તેમણે કરી હતી. શિક્ષક બ્રાહ્મણવૃત્તિવાળો હોવો. જોઇએ તો જ તેની વિદ્યા ફળે અને સમાજ ઉન્નત થાય, એ વસ્તુ તરફ તેમણે સૌનું ધ્યાન દોર્યું હતું. એ પ્રવચનનો મહત્ત્વનો ભાગ અહીં આપવામાં આવ્યો છે.

## આવકાર

આજે તમને સૌને આવકાર આપતાં મને આનંદ થાય છે. ઔપચારિક રીતે નહીં પણ ખરી રીતે આ હું કહું છું. ઘણાં વર્ષો પહેલાં અમે ગ્રામ બાલશાળાના વિચારો કરતાં હતાં. આ બાલશિક્ષણના પ્રથમ પ્રચારક સ્વ. ગિજુભાઇ સાથે આ જાતનાં સ્વપ્નાં અમે સેવ્યાં હતાં. ગામડામાં શાળા અને અધ્યાપન મંદિર હોય જવાનો વિચાર કરતાં હતાં. અમારાં સ્વપ્નાં તો ગ્રામ વિદ્યાપીઠો ગામડાંની દૃષ્ટિએ સ્થપાય એટલે સુધીનાં હતાં. આજે અહીં ગ્રામ અધ્યાપન મંદિર શરૂ થાય છે ત્યારે એ સઘળા વિચારો અને સેવેલાં સ્વપ્નાં મને યાદ આવે છે. તમે પણ એવાજ કોઇક મનોરથો સેવીને અહીં આવ્યાં હશો. એ મનોરથો કાર્યમાં ઉતારવા માટે ખડતલપણું સાદાઇ વગેરે જોઇશે, તે તમારા ધ્યાન પર મુકું છું. આ કામના તમે આદ્ય પ્રચારક છો તેથી તમને હું મનઃપૂર્વક આવકારું છું.

## શીખવા આવ્યાં છીએ

આપણે ગામડાનું કામ કરવા નીકળ્યાં છીએ. તે વખતે આપણા મન સાથે એક વિચાર સ્પષ્ટ કરી લેવો જોઇએ. શહેરની ઢબેઢબ આપણામાં વણાઇ ગઇ છે. તેવાં આપણે ગામડામાં જવા નીકળ્યા છીએ. કાંઇ શ્રેષ્ઠ છીએ અને ગામડાનો ઉદ્ધાર કરવા નીકળ્યાં છીએ એમ માનશું તો આપણાથી કશું થઇ શકવાનું નથી. ગામડાનું હિત કરવાના ઇરાદાથી નહીં, પણ ગામડામાંથી સાચી સંસ્કૃતિ નીકળશે એમ માનીને આપણે જવું જોઇએ. આપણામાંના કેટલાકો એમ. એ., પી. એચ. ડી. બને છે. પણ શિક્ષણનો હેતુ પદવીઓ મેળવવી તે નથી, પણ નૈસર્ગિક શક્તિઓ ખીલવવી તે છે. માનવતાનો પૂર્ણ વિકાસ સાધવો એ નિસર્ગનો હેતુ છે. ગામડામાં જઇને આપણે ત્યાંની સંસ્કૃતિને ઓળખશું ને અપનાવશું તો આપણી, આપણા દેશની ઉન્નતિ થવાની છે એ વસ્તુ ધ્યાનમાં રાખજો. પહેલ વહેલાં આ ગામમાં આવીને શૈલતભાઇ સાથે અમે ફરવા નીકળ્યાં ત્યારે ચર્ચા કરતાં અમારા ધ્યાનમાં એક વસ્તુ આવી. તે એ કે આપણે શીખવવા નહીં પણ શીખવા આવ્યાં છીએ. આપણે કંઇક શ્રેષ્ઠ છીએ અને શ્રેષ્ઠ વસ્તુ આપવા નીકળ્યાં છીએ એમ મનમાં ન માનશો. આ વસ્તુ બાલશિક્ષકો માટે જ નહીં પણ દરેક ગ્રામ સેવક માટે છે. સુસંસ્કૃત ગ્રામજીવન બનાવવા માટે, એમનામાં જીવન અને સંસ્કૃતિ પુનર્જીવિત થાય એ દૃષ્ટિએ બાલશિક્ષકે ગામડામાં કામ કરવાનું છે. આપણું મુખ શહેર તરફ હશે તો એ વસ્તુ સિદ્ધ નહીં થાય. રવિવાર, તહેવાર કે રજાને દહાડે શહેરમાં આંટો મારવાનું મન થાય તો આપણો કે ગામડાંનો ઉદ્ધાર થવાનો નથી,

ગ્રામજીવનમાં રસપૂર્વક ઓતપ્રોત થનાર બાલશિક્ષક જ ગ્રામસંસ્કૃતિને સજીવન કરી શકશે.

## રાષ્ટ્રીય દૃષ્ટિએ વિચાર

વીસ વર્ષથી નૂતન બાલશિક્ષણ સંઘ બાલશિક્ષણનું કામ કરી રહેલ છે. સ્વ. ગિજુભાઇએ આ કામ ઉપાડયું તે પહેલાં બાલશિક્ષણ તરફ ઓછા જણાનું ધ્યાન આ રીતે દોરાયું હતું. ગિજુભાઇના કામ તરફ પણ લોકોની નજર જુદી હતી. ગિજુભાઇના આ કામને લોકોએ વધાવ્યું, અને તેમનું કામ વખાણ્યું. ઘરમાં બાળકો સાથે કેમ વરતવું એની સમજણ નહતી એટલે ગિજુભાઇના કામની એ દૃષ્ટિએ એટલા પુરતી કદર થઇ. પણ રાષ્ટ્ર દૃષ્ટિએ તેનો વિચાર થયો ન હતો. ગાંધીજીએ રચનાત્મક કાર્યના ચૌદ પ્રકારો બતાવ્યા તેમાં બાલશિક્ષણનો સમાવેશ થતો ન હતો. ૧૯૩૭ની સાલમાં વર્ધા શિક્ષણની વિચારણા વખતે મૌલિક વિચારો થયા, પણ તે સાત વર્ષ ઉપરના માટે. (હવે ૭ વર્ષની મર્યાદા રાખી છે.) પણ સાત વર્ષ નીચેનાં બાળકોની કેળવણી વિષે વિચાર કર્યો ન હતો. આ વસ્તુ તે વખતે રાષ્ટ્ર પુરુષોના ધ્યાન બહાર નહીં હોય. પણ એ ન લઇએ તો પણ ચાલે એમ લાગ્યું હશે. તેથી આજે અખિલ ભારતની દૃષ્ટિએ આ પ્રશ્નને અપનાવ્યો છે. એથી એ અખિલ ભારતીય દૃષ્ટિએ ઘણી અગત્યની વસ્તુ છે. અહીં તમે જે ભાઇ બેનો ગ્રામ બાલ શિક્ષણની તાલીમ લેવા આવ્યાં છો, તેઓ કદાચ બે વર્ષ પહેલાં અધ્યાપન વર્ગ ખોલ્યો હોત તો આ તરફ ન વળ્યાં હોત. પણ આપણા રાષ્ટ્રપુરુષોએ બાલ શિક્ષણના કાર્યને મહત્વ આપ્યું તેથી અહીં આજે ગ્રામસેવાની વૃત્તિવાળાં ભાઇબેનોને મારી સામે જોઉં છું. થોડા સમય પહેલાં અહીં યુકતપ્રાંતના એક જૂના ને મોટા કાર્યકર્તા શ્રી. અક્ષયકુમારજી આવ્યા હતા. તેઓ કહેતા હતા કે મેં અમારા પ્રાંતના એક નાના ગામડામાં વીસ વર્ષ સુધી કામ કર્યું. એની આર્થિક અને સામાજિક સ્થિતિ સુધારવા પ્રયાસ કર્યો. એથી અમે એને અર્ધાને બદલે આખો રોટલો આપી શકયા પણ સંસ્કાર પલટાવી ન શકયા; એને બદલે અમે જો બાલશિક્ષણની દૃષ્ટિએ કામ કર્યું હોત તો અમને ધારી સફળતા પ્રાપ્ત થાત એમ આજે લાગે છે. અમે એમની વૃત્તિમાં પલટો કરાવી શકયા હોત. પણ આજે બાલશિક્ષણને રાષ્ટ્રપુરુષોએ અપનાવ્યું તે આનંદની વાત છે. નૂતન બાલશિક્ષણ સંઘ વીસ વર્ષથી કામ કરતો આવ્યો તેની આજે સાર્થકતા થઇ છે. હવે રાષ્ટ્રકાર્ય તરીકે બાલશિક્ષણને અખિલ ભારતીય રીતે ઉપાડી લેવામાં આવ્યું છે એટલે સંઘની કૃતકૃત્યતા થઇ છે એમ મને લાગે છે.

## જીવન દૃષ્ટિમાં ફેરફાર કરવો પડશે

આ તો રાષ્ટ્ર પ્રવૃત્તિમાં તમે કયાં ઉભાં છો તે બતાવવા વાત કરી. હવે તમે અહીં શા માટે આવ્યાં છો ને શું કરશો તે કહું. તમે પાઠય પુસ્તકો ગોખી નાંખો, એક બેચાર ધોરણું પાસ થઇ મેટ્રીકને બી. એ. ની પરીક્ષા આપીને જાઓ તે દૃષ્ટિએ અહીં નથી આવ્યાં. તમે અહીં બદલાઇ જવા આવ્યાં છો. ઇયળમાંથી જેમ કોશેટો અને પતંગીયું થાય છે, તેમ એ જીવનનો ફેરફાર કુદરતી રીતે થાય છે. આપણે જોઇ નથી શકતાં, ધારી નથી શકતાં તેવા ફેરફાર ઇયળમાં થાય છે. તેમ તમે જે શિક્ષણ અહીં લેશો, જે રીતે લેશો, તે તમારામાં પરિવર્તન કરશે. તમે અત્યાર સુધી શું કરતાં હતાં તે જોવાનું નથી. નવો શિક્ષક એટલે નવી તરકીબો નહીં. નવો શિક્ષક એટલે જીવન વિષેની દૃષ્ટિમાં ફેરફાર. તમે અહીં ત્રણ મહીના રહો, નવ મહીના રહો, આ રીતે બદલાઇ જવાનું છે.

## માનવ વૃક્ષના રોપા

જૂનો શિક્ષક શીખવનાર તરીકે બેસે છે. તે પોતાને ડાહ્યો, સમજુ, સર્વજ્ઞ માને છે. બાળકને અજ્ઞાન, મૂઢ સમજે છે. એ બાળકને સુશિક્ષિત બનાવવા બેસે છે. એ વસ્તુમાં પંતુજીપણું રહેલું છે. બાળકો અજ્ઞાન છે અને મૂર્ખ છે એ વૃત્તિ કાઢી નાખવી જોઇએ. બાળકોને આપણે સમજાવવાનાં છે, વાંચવાનાં છે. બાળકો એ માનવ જીવનનો વિકાસ સાધતું એક અમૂલ્ય પુસ્તક છે. તેને વાંચવું જોઇએ. વિજ્ઞાનશાસ્ત્રી જેમ બી, કાંટો, પાન, ફૂલ, ફળ એમ બધી ક્રિયાઓને નિહાળે છે અને વનસ્પતિશાસ્ત્રનો અભ્યાસ કરે છે, તેમ આપણે પણ બાળકના વિકાસને નિહાળવો જોઇએ. બાળક એ માનવ વૃક્ષના રોપા છે. તેનો અભ્યાસ કરતાં આપણને અનેક પ્રકારની માનવી શકિતઓનું દર્શન થશે. એ આપણે જોતાં શીખવાનું છે, મેડમ-મોન્ટીસોરી કહે છે, પૂર્ણ

વિકસિત મનુષ્ય બનવું એજ બાળકનું જીવનકાર્ય છે. બાળકની દરેક હિલચાલ, તોફાન એ દૃષ્ટિએ જોવાં ને સમજવાં જોઇએ. એ કામ માટે વરસો પણ ઓછાં છે. વીસ વર્ષથી હું આ કામ કરું છું છતાં મને નવું દેખાય છે. ત્રણ મહિનામાં તમને થોડી દિશા બતાવવામાં આવશે. તમે આ દૃષ્ટિ મેળવશો એટલે તમને નવું નવું દેખાશે.

## બાલાવરણની રચના

બાળકોની પાસે તેમનું કાર્ય છે તેમ તેમની પાસે શીખવાની રીત પણ છે. મેડમ મોન્ટીસોરીએ બાળકોને જોયાં અને તેમને લાગ્યું કે બાળકો જાતેજ શીખી લે છે. શું શીખવું તે જાતેજ સમજી લે છે જેમ પ્રાણીઓ પોતાનો ખોરાક કુદરતી પ્રેરણાથીજ શોધી લે છે, તેમ બાળકો પોતાને શું શીખવાનું છે તે ઉપજત બુદ્ધિથી શોધી લે છે. આપણું કામ વાતાવરણ રચવાનું છે. વિચારથી, અવલોકનથી અને મનન કરવાથી બાળકોની પ્રવૃત્તિઓને સમજવાની દૃષ્ટિ તમારામાં આવશે. બાળકો સ્વયંશિક્ષણ કેમ લે છે તે જોવું એ પણ એક કાર્ય છે. જે બાલ શિક્ષકને જુની નવી પદ્ધતિનો ખ્યાલ નથી તે જેમ પહેલાં એકડો ઘુંટાવતો તેમ અત્યારે તકલી ફેરવાવશે, માટીકામને ચિત્ર કામ કરાવશે. પણ બાળકોને આપણે શીખવવાનું નથી, તેમની પાસે કામ કરાવી લેવાનું નથી, પણ સ્વયંવિકાસ સાધતાં તેના માર્ગમાં જે અંતરાયો છે તે દૂર કરવાનું આપણું કાર્ય છે.

હવે છેલ્લી વાત : આ વાત માત્ર બાલશિક્ષક માટેજ નહીં, પણ દરેક શિક્ષક માટે છે. શિક્ષકોએ બ્રાહ્મણ વૃત્તિ ધારણ કરવી જોઇએ. આ નવી વાત નથી, પણ શિક્ષક આ વૃત્તિથી દૂર જતો જાય છે એ બતાવવા પૂરતી કહું છું. મુંબઇ ઇલાકાના શિક્ષકોએ હડતાલ પાડી છે એથી લાખો બાળકો ભણ્યા વિના રહે છે. શિક્ષકોને આજે મળે છે કોઇને દસ વીસ તો કોઇને પાંચસો, હજાર. પાંચસો મેળવનાર પ્રોફેસર કહેવાતા હશે પણ એ શિક્ષકોનો પ્રશ્ન પગારના વધારાથી ઉકેલાવાનો નથી. શિક્ષકોએ સંપ કર્યો છે તેની પ્રત્યે મારી સહાનુભૂતિ છે છતાં એ ઉકેલનો માર્ગ નથી એમ મને લાગે છે. એનો ઉકેલ તો બ્રાહ્મણ વૃત્તિથીજ આવશે. મેં આગળ કહ્યું તેમ દશ રૂપીયા આપે તેજ ભણી શકે, અગર પાંચસો રૂપિયા ખર્ચે તેજ ઓપરેશન કરાવી શકે, નહિતર એને મરવું પડે, એ સમાજની રચના ખોટી છે. એ મોટો પ્રશ્ન જવા દઇએ. તમે જૂદી દૃષ્ટિથી આવ્યાં છો. છતાં કેટલાંક આ દૃષ્ટિએ નૂતન શિક્ષણ લે છે. મુંબઇમાં મેં જોયું છે કે પ્રમાણપત્ર ખાતર જ શીખે છે. આવી વ્યાપારી વૃત્તિ શિક્ષણના ક્ષેત્રમાં ન ચાલે. કર્ણ અબ્રાહ્મણ વૃત્તિથી પરશુરામ પાસે વિદ્યા ભણ્યો. પરશુરામને જ્યારે એ વાતની જાણ થઇ ત્યારે એમણે શ્રાપ આપ્યો કે તારી વિદ્યા નિષ્ફળ જશે. એમ હું કહું છું, જો વૈશ્યવૃત્તિથી વિદ્યાનો ઉપયોગ થશે તો આ વિદ્યા નિષ્ફળ જશે.

આપણું રાષ્ટ્ર પરાધીન છે એટલા માટેજ નહીં, પણ માનવતાના વિકાસની દૃષ્ટિએ બ્રાહ્મણવૃત્તિ આવશ્યક છે. અધ્યયન અને અધ્યાપનના શોખીન અધ્યયનપરાયણ શિક્ષકોની આપણને જરૂર છે. આઠ દિવસ પછી અહીં નાનાભાઇ આવવાના છે. તેઓ સાચા શિક્ષક છે. કાઠિયાવાડમાં તેમનું માન છે. દિવાનો અને રાજાઓ પણ તેમને માન આપે છે, ખુરશીએ બેસાડે છે. તેનું કારણ તેમનો પગાર મોટો છે એ નથી પણ તેઓ સાચા બ્રાહ્મણ છે એ છે.

## સ્વાવલંબન સ્વાતંત્ર્યનો પાયો

તમે અહીં આવ્યા કે તરત તમને બીજું કશું જાણવાનું મળે તે પહેલાં કામના વારા મળ્યા છે. સફાઇ, રસોઇ, પાણી ભરવું વગેરે કામ તૈયાર કરવામાં આવ્યાં છે. તમારામાંથી કેટલાંક સંસ્થાઓમાંથી આવ્યાં છે, એટલી આનંદની વાત છે. છતાં તમને કહું કે નૂતન બાલશિક્ષણની પ્રથમ દૃષ્ટિ સ્વાવલંબનની છે. સ્વાવલંબન એ સ્વાતંત્ર્યનો પાયો છે. કોઇ કરી આપે તોજ કામ થાય, એવી અસહાય વૃત્તિમાંથી તમારે મુક્તિ મેળવવાની છે. તમે આ સોંપાયેલાં કામોમાં ઓતપ્રોત થઇ જશો ત્યારે તમને સ્વાવલંબનનો આનંદ મળશે. તેમાં આનંદ અને મોટાઇ બન્ને છે. એ તમે અનુભવશો ત્યારેજ બાળકોને એ તરફ લઇ જઇ શકશો. એ દૃષ્ટિએ સ્વાવલંબન એ અભિમાન લેવા જેવી વસ્તુ છે. આ વસ્તુ હું અત્યાર પહેલાં અધ્યાપન મંદિરોમાં શીખવતી આવી છું, પણ મને સફળતા મળી નથી. અધ્યાપન મંદિરનાં ભાઇ બહેનોમાં સ્વાવલંબન ન હોય તો બાળકોમાં કયાંથી આવે ? પણ તમે સ્વાવલંબી થશો તો બાળકો પણ એનો આનંદ માણી શકશે.

અંતમાં, ગ્રામ બાલ અધ્યાપન મંદિરના પ્રથમ વિદ્યાર્થીઓ તરીકે હિંદભરમાં આ વસ્તુ ફેલાવવાની જવાબદારી તમારી છે. તમે ત્રણ માસ પછી પોત-પોતાના પ્રાંતોમાં જઇને આવાં અધ્યાપન મંદિરો શરૂ કરો અને હિંદનાં બાળકોને સ્વયંવિકાસમાં સહાયરૂપ બનો એવી આશા ને પ્રાર્થના છે. તા.

# ગંગા જમુનાનો સંગમ

જેમ બધે તેમ આપણા દેશમાં બાલ કેળવણીનું મહત્વ ઉત્તરોતર વિશેષ સમજાતું આવે છે. વ્યક્તિ અને સમાજના ઘડતરમાં તેના અગત્યની ખરી કદર કરીને એ દિશામાં વિરલ વ્યક્તિઓએ ઘણાં સ્તુત્ય પ્રયાસો કરેલા છે, અને આપણે તેમના અત્યંત ઋણી છીએ. હમણાં થોડા સમય ઉપર પ્રસિદ્ધ થયેલા સાર્જન્ટ રીપોર્ટમાં પણ હિન્દી સરકારે આ પ્રશ્નનું મહત્વ સ્વીકારીને તેની કેટલીક અગત્યની ચર્ચા કરેલી છે. જ્યારથી પૂજ્ય ગાંધીજીએ આપણા લોક જીવનમાં પ્રવેશ કર્યો છે ત્યારથી રાષ્ટ્ર કેળવણીના અટપટા પ્રશ્નો ઉકેલવાના પ્રયત્નો તેઓશ્રી કરતા આવ્યા છે. સમગ્ર રાષ્ટ્ર જીવનને આવરી લેતી તેમની આર્ષ દૃષ્ટિએ આપણને બુનિયાદી તાલીમ (Basic Education)ની અપૂર્વ ભેટ આપી છે, અને તે અનુસાર કેટલાક પ્રયોગો થઇ રહ્યા છે. પણ ગાંધીજીની, જેમ બીજી યોજનાઓમાં, તેમ રાષ્ટ્ર કેળવણીમાં બલ્કે આમાં તો સવિશેષ, મનુષ્ય જીવનના પૃથક પૃથક વિભાગો નહિ પાડતાં, તેને એક અને અખંડરૂપે ગણવાની તેમની દૃષ્ટિ સૂક્ષ્મ રૂપે ઓતપ્રોત રહેલી છે. તેથી એજ દૃષ્ટિ ધ્યાનમાં રાખી, બુનિયાદી તાલીમ ઉપરાંતની બીજી કક્ષાઓની જીવનની કેળવણી ને રાષ્ટ્રવ્યાપી વ્યવહારૂ સ્વરૂપ આપવાનું તેમનું ચિંતન ચાલતું હતું, તે જ સમયે, શ્રી. કસ્તુરબા સ્મારક યોજનાનો વિચાર કરવાનો અવસર આવ્યો. તેથી અઢીથી સાત વર્ષની વયનાં બાળકોની પૂર્વ બુનિયાદી કક્ષાની યોજના ઘડવાની તાત્કાલિક જરૂરિયાત ઉભી થઇ. આ અંગે શ્રી. કસ્તુરબા સ્મારક કામ કરી રહ્યું છે; પણ તે ઉપરાંત ગાંધીજીના માર્ગદર્શન અનુસાર હિન્દુસ્તાની તાલીમી સંઘ પણ એ કક્ષાની યોજનાનો વિચાર કરી રહ્યો છે. આમ, નૂતન બાળકેળવણીની દૃષ્ટિએ જે પ્રયત્નો થઇ રહ્યા છે, તેની સાથે, પૂજ્ય ગાંધીજીના માર્ગદર્શનથી જીવનની કેળવણી વિષે જે વિચારો અને પ્રયોગો થયા છે, તેનો સંયોગ થતાં, ગંગા યમુનાનો પુણ્ય સંગમ થવા પામ્યો છે. એક જ ધ્યેયથી વહેતા આ બે પ્રવાહોના સંગમજલથી આપણી બાલભૂમિ ફલદ્રુપ કરવાનું કામ આપણા કેળવણીકારો અને દેશ નાયકો સમક્ષ ખડું થયેલું છે. આ બાલશિક્ષણ કેન્દ્રની શરુઆત બાલવાડીથી કરી છે. આ બાલવાડી બીજી બાલવાડીઓ જેવી નહિ રહે. તેનું એક સવિશેષ મહત્વ છે. આપણી વર્તમાન સર્વવિધ સ્થિતિ અને આપણી સંસ્કૃતિને લક્ષમાં રાખીને, બાલજીવનનો શાસ્ત્રીય અભ્યાસ કરવો, અને વ્યક્તિ તેમજ રાષ્ટ્રની દૃષ્ટિએ એ બાલજીવનના વિકાસનો માર્ગ ખુલ્લો કરી દે એવી કાર્યરીતિ શુદ્ધ શાસ્ત્રીયતાથી સંશોધવી, એ એક હેતુ છે. અને તે સાથે, આટલા વિશાળ દેશનાં બાળકો માટે યોગ્ય તાલીમ પામેલા શિક્ષકો અને સાધનો મળી રહે, તે માટે શિક્ષકોને તાલીમ આપવાના કામમાં મદદરૂપ થવું, અને સાધનોનું સંશોધનકામ ઉપાડી લેવું, એ હાલ પુરતો તાત્કાલિક બીજો હેતુ છે.

**સરલાદેવી સારાભાઇ**

(બોરડી કેન્દ્રની બાલવાડીના ઉદ્‌ઘાટન પ્રસંગે આપેલ ભાષણમાંથી)

# બે છોકરા

વસઇના સ્ટેશનપર કેળાં જ કેળાં !

અમારા ડબામાંની બહેનો તો ગાંડીજ બની. "એક ડઝન આપ", "ચાર ડઝન આપ" ચાર આનાનાં–આઠ આનાનાં રૂપીયાનાં...ગાડી છુટી ત્યાંસુધી ખરીદી જારી રહી.

મારી સામેજ એક ૨૨/૨૫ સાલની જુવાન સ્ત્રી પોતાના એક સાલના બાળકને લઇને બેઠી હતી. તેણે પણ બધાંની સાથે એક ડઝન એલચી કેળાં લીધાં અને બાળકને દેખાય નહીં તે ખાતર ઉપરના પાટીયાપર મૂકી દીધાં.

બાળક ચકોર હતું. મા એ કેળાં લીધાં અને ઉપર મૂકયાં એ તે જોતો હતો. ઉપર કેળાં મૂકાયાં એટલે હાથપગ પછાડીને રોવા માંડયો. બાઇએ એક કેળું તેના હાથમાં આપ્યું અને બાકીના ઉપર મૂકી દીધાં. છોકરો વળી વધારે રોવા લાગ્યો. કેળું ફગવી દીધું, પગ જોરથી પછાડવા લાગ્યો. બાઇએ એક બે મિનીટ ધ્યાન આપ્યું નહીં. ફેંકી દીધેલું કેળું ઉઠાવીને મૂકી દીધું અને પોતે શાંત બેઠી, મને તેની આ ક્રિયામાં ખૂબ રસ પડયો. પણ બાળકનો અભિપ્રાય જુદો જણાયો. તેને

ખબર હોવી જોઇએ કે વધુ જોરથી અને ખૂબ લાંબો વખત રડવાથી માનો નિશ્ચય તૂટી જશે.

તેણે જોસથી હલ્લો જમાવ્યો; હાથ પગ પછાડી ખોળામાંથી તે નીચે ખસી પડયો અને મોટેથી રડવાનું કામ તેણે આદર્યું.

મા તેને સમજાવવા મોંડી. કેળું છોલી આપવા લાગી, પણ છોકરો તેના તરફ જોવા પણ રાજી ન હતો. તેણે પોતાનું ધ્યેય "પૂર્ણ સ્વાતંત્ર્ય" ઠરાવ્યું હતું. તે એકજ કેળા તરફ શા માટે જુએ?

આનો અંત શી રીતે આવશે, તે જોવાની મને ખૂબ ઉત્કંઠા જાગી. અન્તે છોકરાની ચળવળ એટલી વધી કે માનો નિશ્ચય તૂટી પડયો. તેણે કેળાંની આખી લૂમ કાઢીને છોકરાના હાથમાં આપી. છોકરાએ પણ હવે સમાધાન કર્યું. તે બધાં કેળાં એક હાથમાં રાખી બીજે હાથે પેલું છુટું કેળું ખાવાનું તેણે કબુલ્યું. માએ કેળું છોલી આપ્યું અને છોકરો થોડાજ વખતમાં તે ખાઇ ગયો.

હવે શું? બધાં કેળાં તેના હાથમાંજ હતાં. માએ માત્ર તેને સંતોષવા માટે તે તેના હાથમાં આપ્યાં હતાં. પણ છોકરાએ તે બધાં ખાવાનું નક્કી કર્યું હતું.

એક કેળું પૂરું થયા પછી તેનું રોવું પાછું શરૂ થયું. તેણે કેળું તોડવાનો પ્રયત્ન કર્યો, દાંત પણ લગાડી જોયા, પણ કેળું તૂટેજ નહીં. તેથી મદદ લેવા માટે ફરી રોવું જરૂરી હતું.

માએ જોયું કે એ માનશે નહી તેથી એક વધુ કેળું તેને આપી એક પોતે પણ ખાઇ ગઇ.

કેળું ખલાસ થતાં જ છોકરો ફરી રોવા લાગ્યો. માએ ખાસ ધ્યાન ન આપ્યું. તેના હાથમાં જ બધાં કેળાં હોવાથી તેણે ખેંચતાણ કરી એક કેળું વધારે લૂમમાંથી છૂટું કર્યું. પણ છોલાય શી રીતે? અન્તે માએ તે પણ તેને છોલી આપ્યું.

આ ક્રમ એક કલાક સુધી ચાલ્યો. દરમ્યાન એ વધારે ખાઇ ન જાય તે ખાતર મા પણ ખાતી રહી. કુલ બારમાંથી પાંચ કેળાં માએ ખાધાં અને સાત છોકરાએ.

આસપાસની બહેનો કહેવા લાગી 'આટલા બધાં કેળાં શી રીતે પચશે બાપડાને?"

માએ જવાબ આપ્યો, "કાંઇ વાંધો નથી. નાનાં છે કેળાં. વળી આખો દિવસ તેને બીજી કશું ખાવાનું નહીં આપું."

પણ તેને મનમાં થતું જ હતું કે કદાચ છોકરો પાછી હઠ કરશે અને તેને બાવા આપવું પડશે. પહેલાં તો તેનો વિચાર એકજ કેળું આપવાનો હતો. પણ પાછળથી તેણે તે ફેરવી નાખ્યો હતો. તેવું ફરી થાય એવો ડર તેને લાગ્યો.

મારૂં સ્ટેશન આવવાથી હું ઉતરી પડી અને તે મા દીકરો આગળ ગયાં.

છોકરાંનું પેટ ફુલી જઇ સાંજ સુધી તે ખૂબ બીમાર થશે એવી ચિંતા મને આખો દહાડો રહી!

વળી બીજે એક પ્રસંગે હું ગાડીમાં જતી હતી ત્યાં બીજી એક બાઇ અને તેનું ૨/૩ વર્ષનું બાળક એ બે વચ્ચે ઝઘડો ચાલતો હતો. છોકરો કેળું માંગતો હતો. માએ કેળાં લીધાં હતાં. પણ છોકરાને કેળું આપવાની તેણે ના પાડી અને કહ્યું, "કેળું ખાઇને માંદો પડવું છે?" તેણે તેને ચા આપી. પણ છોકરાની હઠ જબરીજ હતી, "કેળું આપ. કેળું ખાવું છે." અહીં પણ એક કલાક આ ઝઘડો ચાલ્યો. છોકરો રડતો હતો અને મા સ્વસ્થતાથી તેને ખોળામાં રડવા દેતી હતી.

પડોશવાળા કહેવા લાગ્યા, "આપો ને થોડું એક" માએ નિશ્ચયથી કહ્યું "આમ રડવાથી આપીએ તો ટેવ પડશે. રડવા દો એને." મને માના નિશ્ચયી વૃત્તિ માટે માન ઉપજ્યું. પણ છોકરો બે કલાક રોતો રહ્યો અને તેણે શાંન્તિથી સાંભળી લીધું. ગાડીમાંના બીજા લોકોથી તે ખમાયું નહીં. કોઇ કશું આપવા માંડયાં, કોઇ કશું બોલવા લાગ્યાં, પણ છોકરાની એકજ હઠ, "કેળું જોઇએ" અને માના કાન જાણે બહેરા થયા હતા! માની દૃઢતા માટે મને ખરેખર આદર ઉત્પન્ન થયો. તેણે કલાક દોઢ કલાક ખૂબ શાંતિ જાળવી તે બદલ પણ મને આનંદ થયો. પણ અન્તે તેણે ચોદમું રતન કાઢયું. તે છતાં બાવાનું ન આપવાના નિશ્ચયમાંથી તે ડગી નહીં.

પહેલી કરતાં બીજીજ બાઇ બાળકને કેળવવામાં વધુ સંમજતી હતી એમ કહેવું જોઇએ.

પહેલી સમજતી હતી કે એકાદ કેળું આપીને બાકીનાં મૂકી દેવાં જોઇએ. પણ નિશ્ચયથી અમલ કરવાની શક્તિ તેનામાં ન હતી.

બીજીમાં નિશ્ચયનું બળ હતું, પણ તેણે બીજો છેડો લીધો—તેનું ભણતર પુરતકી જણાયું. તેનું બાળક બે ત્રણ

વર્ષનું હતું. ગાડીમાં ગર્દી હોવાથી આસપાસ જોઈને મન મનાવાય તેમ ન હતું. આવે વખતે "નન્ના" નો કાયદો આટલી કડકાઈથી વાપરવાને બદલે, બાળકનું મન થાકેલું હતું તેને ખાવાપીવામાં પરોવી, તેના મનને ગમાડવું અને તેને તાજેમાજે કરી દેવો, એ માર્ગ તેણે લેવો જોઈતો હતો.

કેળું પચે કે નહીં એ બાબતમાં શંકા હતી, તો બાળકને આપવા જેવી બીજી ચીજ જોવી જોઈતી હતી, પોતાની સાથેજ લેવી જોઈતી હતી. ઉપરાંત, ત્રણ વર્ષના બાળકને દાંત પૂરા નીકળ્યા પછી કેળું પચાવામાં વાંધો નથી હોતો.

ટૂંકમાં આ બે છેડા જોઈ મન દુઃખી થયું. આપણી જુવાન માતાઓને બાળકોના ખોરાક વિષે રહેજ પણ કલ્પના નથી હોતી. બાળકોની હઠનો ઉપાય શો કરવો તે પણ તેઓ નથી જાણતી હોતી. આ પરિસ્થિતિ અસહ્ય નથી? આનો ઉપાય? સ્ત્રી કેળવણીના અભ્યાસ-ક્રમમાં આમૂલાગ્ર ફેરફાર એ એક જ ઉપાય છે. પણ બીજા કોઈપણ ધંધામાં તે ધંધાનું શિક્ષણ લીધા વગર જઈ શકાતું નથી. પણ ગમે તે સ્ત્રી મા થઈ શકે છે. આ પ્રકાર કેટલા દિવસ ચાલશે? તા.

## "બેબી કશું ખાતી જ નથી!"

આવી ફરીયાદ લઈને ડૉકટર પાસે જનાર માતાઓ ઓછી નથી હોતી. બેબી માંદી હોય અને તેથી ખાય નહીં તો માને બહુ ફિકર નથી થતી. પણ બેબીને કશું પણ દરદ ન હોય, માંદી લાગતી ન હોય અને તે છતાં તે ખાય નહીં તેથી માને રહેજે ચિંતા થાય છે, અને લાંબો વખત આમ ચાલે તો બેબી સાવ નબળી થશે અને કાંઈક ભયંકર પરિણામ આવશે એવો ડર રહેવાથી માતાઓ ડૉકટર પાસે દોડી જાય છે.

બેબી છે ખૂબ તન્દુરસ્ત, દોડે છે, રમે છે અને છતાં ખાતી નથી અને તેથી જ પ્રશ્ન ઘણો મુંઝવનારો થાય છે. પણ આ પ્રશ્નનો ઉકેલ ડૉકટરના હાથમાં નથી હોતો; કારણ કે આ મુંઝવનાર સમસ્યા શારીરિક કારણોમાંથી નથી ઉદ્ભવતી, એની પાછળ માનસિક કારણો હોય છે.

બાળક સાવ નાનું હોય છે ત્યારે ખોરાકની બાબતમાં તદ્દન પરસ્વાધીન રહે છે. તેને ખવરાવવામાં આવે ત્યારે તે ખાય છે. પણ બાળકની ઉમર જેમ વધતી જાય છે, છઠ્ઠો મહીનો વટાવીને તે આગળ વધે છે, ત્યારે તેનામાં પોતાના વ્યક્તિત્વનું તીવ્ર ભાન જાગે છે; તેને લાગવા માંડે છે કે તેની દુનિયાના સૂત્રધારો–તેનાં મા, બાપની જેમ, તે પણ પોતાની નાની દુનિયામાં સ્વતંત્ર અને સ્વાયત્ત છે. તેથી તે પોતાના વ્યક્તિત્વની, પોતાનાં મન્તવ્યોની, પોતાના ભાવભાવની ઝાંખી બીજાને કરાવવા મથે છે. "આ રમકડું જોઈએ, તે નહીં," "મારી સાથે આમ વર્તો તો મને ગમશે, આમ વર્તો તો નહીં ગમે," "મને આ કરવું ગમે છે, આ નહીં," વગેરે મન્તવ્યો તે પોતાની કૃતિ દ્વારા પ્રગટ કરે છે અને પોતે એક સ્વતંત્ર વ્યક્તિ છે તેનું ભાન વડીલોને કરાવવા મથે છે.

તેને એમ લાગે છે "મારી આસપાસના બીજાઓ દિવસનો કાર્યક્રમ ગોઠવે છે અને પરિસ્થિતિને પોતાની ઇચ્છા મુજબ બદલી નાખે છે. તો મારે જ શા માટે એ બધામાં મારો ફાળો ન આપવો?" આમ લાગવાથી પોતાની જાતનું મહત્વ બીજા ઉપર ઠસાવવાનો પ્રયત્ન તે આદરે છે. પ્રત્યક્ષ નવસર્જનની શક્તિ તેનામાં હજી નથી હોતી. પોતે કાંઈક કરીને વાતાવરણના ઘડતરમાં પોતાનો ફાળો આપી શકે એવી શક્તિ તેનામાં નથી હોતી. તેથી તે પોતાનું વ્યક્તિત્વ વિરોધ દ્વારા પ્રગટ કરે છે, મા નવરાવે તો તે ના પાડે છે, પણ પાણીની બાલદી પાસે તેને છુટું મૂકી દઈએ, તો તે નહાયા જ કરે છે અને ત્યાંથી ખસતું નથી. એને મા બોલાવે ત્યારે તે ભાગીને દૂર જાય છે. અને એ રીતે દરેક બાબતમાં વિરોધની વૃત્તિ પ્રગટ કરીને તે પોતાનું વ્યક્તિત્વ પરિસ્થિતિ પર ઠસાવવા મથે છે.

આ બધો વિરોધ માત્ર બાલિશ તોફાન છે એમ ગણી માબાપ તેને ગણકારતા નથી, બલકે તેથી રાજી થાય છે. પણ આ વિરોધની નીતિ જ્યારે ખાવાની બાબતમાં દાખલ થાય છે ત્યારે માબાપ ચમકે છે, ડરી જાય છે અને મુંઝાય છે. માબાપને આ બાબતમાં ડરી

ગયેલ્લાં જોઇ બાળકને આનંદ થાય છે. અત્યાર સુધીના તેના વિરોધના મોર્ચા તદ્દન અસર વિનાના હતા, તેને બદલે હવે તેના વિરોધને મહત્વ અપાતું જોઈ, બાળક તે વિશિષ્ટ વિરોધમાં મક્કમ બને છે અને એ રીતે પોતાનું મહત્વ માબાપની નજરમાં વધારે છે. ગાંધીયુગમાં પોતાના વ્યક્તિત્વનું ભાન દુનિયાને કે લાગતાવળગતાને કરાવવા માટે ઘણા લોકો અન્નસત્યાગ્રહ યાને ભૂખ-મરાનો આશ્રય લે છે તેની પાછળ રહેલી વૃત્તિ આ બાળકની વૃત્તિથી ખાસ જુદી નથી હોતી! અનેક પ્રયત્ન પછી ખાવાની ના પાડવાનું અમોઘ હથીયાર બાળકને મળી જાય છે, તેથી તે હથીયારનો છૂટથી ઉપયોગ કરી માબાપની નજરમાં તે પોતાનું મહત્વ વધારે છે અને માબાપ પાસેથી વધુ પ્રેમ, વધુ સંભાળ, વધુ ચિંતા મેળવે છે.

બરાબર આજ વખતે તેના શારીરિક બંધારણમાં એક અજબ પરિવર્તન થતું હોય છે. તેનું ધાટીલું ગોળમટોળ શરીર હવે લાંબું-ઉંચું થવા મથે છે. તેથી બાળક પાતળું થાય છે. ચરબીની જગાએ સ્નાયુ વધવા માંડે છે. બાળકના શરીરનું આ પરિવર્તન તેની માનસિક અસ્મિતાની જાગૃતિને સાથે જ થતું હોવાથી માબાપ ખૂબ ગભરાય છે. તેનું પાતળું થવું અને તેનું ન ખાવું એ બંને વસ્તુઓનો પરસ્પર સંબંધ છે એમ માતાઓ માને છે.

ડૉકટરો ઘણે ભાગે ખાવાની ચીજો લખી આપે છે અને ખાવાના ટાઇમ પણ નકકી કરી આપે છે. તેથી પ્રશ્નનો ઉકેલ નથી આવતો, કારણ કે તેનું મૂળ કારણ શારીરિક નથી હોતું, પણ માનસિક હોય છે. તેથી માતાઓએ આ પ્રશ્ન જાતે જ છોડવવો જોઇએ. માતા-ઓએ ધ્યાનમાં રાખવું ઘટે છે કે બાળકો મોટેરાઓ કરતાં ખૂબ ઓછું ખાય છે; અમુક જ ખોરાક ખાવો જોઇએ એ મોટેરાઓનો આગ્રહ બાળકો માટે કેટલીક-વાર નુકશાનકારક નીવડે છે; બધાં બાળકોને એક સરખો જ અથવા અમુક એટલો જ ખોરાક જોઇએ. એમ નથી હોતું; ઘરમાં પૂરતું ખાવાનું હોય ત્યારે કોઇ પણ તન્દુરસ્ત બાળક ભૂખે નહીં મરે એવી શ્રદ્ધા રાખવી જોઇએ; ઘણીવાર ખાવાનું ખૂબ હોવા-થી જ બાળકો ખાઇ શકતાં નથી; ભૂખ અને ખાવાની રુચિ એ તદ્દન ભિન્ન વસ્તુઓ છે; (કારણ કે ભૂખ લાગે ત્યારે ગમે તે ચીજ ખવાય છે, જ્યારે રુચિ ન હોય તો કોઇ પણ ચીજ નથી ખવાતી. પરિણામે બાળકને ભોજનની રુચિજ નહી હોય એમ બની શકે છે;) આટલી વસ્તુઓ માતાઓ યાદ રાખે તો ખોરાક લેવાની ના પાડનાર બાળકનો પ્રશ્ન તેઓ જાતેજ ઉકેલી શકશે.

ઘણી વખત જે બાળક પોતાના ઘરમાં ખાતું નથી તે બીજે પેટ ભરીને ખાય છે એમ જોવામાં આવે છે. એનું કારણ પણ ઉપર બતાવ્યું એજ છે. એને ખાવાની પાછળ એને ભૂખ નથી લાગતી અથવા ખાવાની રુચિ નથી હોતી એ નથી; પણ પોતાના વ્યકિતત્વનો પ્રભાવ પાડવાના અસરકારક માર્ગ તરીકે તે ખાવાનો ઇનકાર કરતો હોય છે. એ માર્ગનો અવલંબ બીજાને ઘરમાં કરવાની જરૂર નથી હોતી. તેથી બાળક પોતાના ઘરમાં નથી ખાતું તે છતાં બીજાને ત્યાં ખાય છે. એના માતા પિતા એની હાજરીમાં ગંભીરતાથી ચર્ચા કરે છે, તેથી ન ખાવાનો તેનો આગ્રહ તેના જીવનમાં એક વિજયચિહ્ન થઇ જાય છે અને તેથી તે તેને વધારે દૃઢતાથી વળગે છે. બાળકને આ હઠમાંથી હઠાવવાનો હોય તો તેને માટે માતપિતા પાસે એક જ અકસીર હથીયાર છે અને તે છે અનાસ્થા કે બેફિકર વૃત્તિ.

તેમણે બાળક ન ખાય તો તેને ગંભીર સ્વરૂપ નહીં આપવું જોઇએ. બાળકનું સુકાઇ જવું તેના ખોરાક સાથે સંબંધ નથી ધરાવતું, એ તેમણે સમજી લેવું જોઇએ. "ભૂખ લાગે ત્યારે એની મેળે ખાઇ લેશે. હમણાં નહી ખાય તો કાંઇ નહીં," એમ કહી મા બાપ પોતાનું ધ્યાન બીજે પરોવશે તો બાળકનું હથીયાર હેઠે પડશે અને બે ત્રણ દિવસમાં બાળક ખાતું થઇ જશે. બાળકો નથી ખાતાં તેનું બીજું પણ એક કારણ છે, તેનો ઉલ્લેખ કર્યા વગર નહીં ચાલે. બાળકોને સ્વભાવ-તઃ જ ધીરે ધીરે ખાવાની ટેવ હોય છે. પણ માતા-પિતાને એટલી ધીરજ નથી હોતી, તેથી બાળકને "ખા ને જલ્દી જલ્દી," એમ ટોકતાં રહેવાની ટેવ તેમને હોય છે. પરિણામે બાળકના મનમાં ન ખાવાની વૃત્તિ જાગૃત થાય છે અને ઉપર બતાવેલ માનસિક કારણને લીધે તે તેનો ઉપયોગ હઠથી કરે છે.

બાળકોને ખવરાવવામાં નીચેના નિયમો ધ્યાનમાં રાખવાથી ખૂબ ફાયદો જણાશેઃ

૧ બાળકને જમાડતાં પહેલાં થોડો વખત સંપૂર્ણ આરામની અવસ્થામાં રાખવો જોઇએ. કારણ કે

રમતા બાળકને બોલાવવાથી બાળક બોલ શકતું નથી. ફૂટબૉલની રમત એક કલાક રમ્યા પછી તરતજ મિષ્ટાન્નની મીજબાની રમવાવાળાને આપવામાં આવે તો તેઓ કશું પણ નહી બોલ શકે. બાળકનું તેમજ છે.

૨ ખોરાકમાં વિવિધતા અને કુશળ મિશ્રણ બાળકોને આનંદ આપે છે. બાળકો સ્વભાવતઃ પાતળા-પ્રવાહી ખોરાકને પસંદ કરતો નથી. દૂધ ન પીએ, પણ આઇશક્રીમ ખાય છે. બાળકને ભાવતી જ ચીજો હંમેશા આપતા જઇએ તો નવી રુચિ કદી પણ પેદા નથી થતી. તેથી બાળકને જેની રુચિ હોય એવો ખોરાક તેની આગળ ન મૂકવો, એ પણ તેની રુચિનું ક્ષેત્ર વધારવાનો અકસીર ઇલાજ છે.

૩ બોલ માટે ફરજ પાડવાથી, ખુશામત કરવાથી કે લાલચ આપવાથી બાજી બગડી જાય છે અને પ્રશ્ન વધુ વિકટ બને છે.

૪ જ્યારે ત્યારે બોલવાનું નહીં આપવું જોઇએ અથવા "બોલ" આપવાની લાલચથી બાળક પાસે પોતાનું ધાર્યું કરાવવાની વૃત્તિ નહીં રાખવી જોઇએ.

આ નિયમો ખ્યાલમાં રાખીને દૃઢતાથી કામ લેવામાં આવે તો બાળકની ન બોલવાની હઠ એની મેળે નિકળી જાય છે. માતાઓએ ધ્યાનમાં રાખવાનું છે કે કશી પણ માંદગી ન હોય છતાં બાળક બોલવાનો ઇનકાર કરે, ત્યારે બાળકે પોતાનો પ્રભાવ પાડવાના હથીયાર તરીકે ભૂખમરાની હડતાળ આદરી છે, એમ માતાએ સમજવું જોઇએ અને તેના વ્યક્તિત્વને પૂરતું માન આપીને, તેના ભાવાભાવનો ખ્યાલ રાખીને, તેનું અપમાન કે અવગણના ન થાય એવી સંભાળ રાખીને માતાઓ વર્તે, તો બાળક પોતાની હઠ એની મેળે ભૂલી જશે.

તન્દુરસ્ત બાળક ખોરાક લેવાની ના પાડે તેથી ડરવાની જરૂર નથી, કારણ કે કોઇ પણ તન્દુરસ્ત બાળક ભૂખમરાથી પોતાની જાતને જોખમમાં નહીં જ મૂકે.

ગોપાળરાવ કુલકર્ણી.

(ડૉ. પૉલ હેમિલ્ટન એમ. ડી. ના એક લેખ પરથી)

## ધનિક માતાઓનાં બાળકો

નૂતન બાલ શિક્ષણમાં સૌથી વધુ રસ લેનાર લોકોમાં મુંબઇ અને અમદાવાદ જેવા શહેરોમાં વસતા ધનિક વર્ગની માતાઓનો મુખ્યતઃ સમાવેશ થાય છે. એમના પ્રયત્નને લીધેજ અનેક બાળમંદિરો ગતિમાન થયાં છે. ધનિક વર્ગની બહેનોએ પોતાનાં બાળકોની કેળવણી માટે ભાતભાતનાં સાધનો વસાવેલાં હોય છે. મૉન્ટીસોરી સાધનો પણ ઘરમાં જ રાખેલાં હોય છે. મૉન્ટીસોરી શિક્ષકોની સેવા પણ બાળકો માટે યોજાયેલી હોય છે. આટલી સમજણ, ખંત અને સિદ્ધાન્તપ્રિયતા સાથે જે બાળકોનો વિકાસક્રમ સંકળાયેલો હોય તે બાળકોનો વિકાસ આદર્શતમજ થવો જોઇએ, એવી અપેક્ષા રાખવી વધારે પડતું નહીંજ ગણાય.

પણ ઘણી વખત પરિણામ આથી વેગળું આવેલું જોવામાં આવે છે. ધનિક માતાઓ પોતાનાં બાળકો માટે ઘણી વાર સચિંત દેખાય છે. બાળકોમાં વ્યવસ્થા નથી, પ્રયત્નનો પ્રેમ નથી, આજ્ઞાધારકતા નથી, પરસ્પર સહકાર નથી, નમ્રતા નથી એવી ફરીયાદો માતાઓ કરતી દેખાય છે. આનું કારણ શું? એમના પ્રયત્નમાં કયાંક ખામી છે કે નૂતન શિક્ષણના ક્રમમાં ખામી છે?

વિચાર કરતાં જણાય છે કે ધનિકોનું ધનજ તેમના બાળકોના વિકાસને આડે આવે છે. વિકાસનાં સાધનો ખડાં કરવા માટે જે ધન ખર્ચવામાં આવે છે તે ધનજ બાળકોના વિકાસને રોકી રાખે છે. બાળકોના રક્ષણ અને સંગોપન માટે જે નોકરો રાખવામાં આવે છે તે નોકરોજ બાળકોને અપંગ દશાને પહોંચાડે છે. જીવન સુખમય અને દુઃખહીન થાય એ દૃષ્ટિએ જે આરામનું વાતાવરણ ઉભું કરવામાં આવે છે, તે વાતાવરણ બાળકોના જીવનમાં દુઃખનાં બીજ રોપે છે. સાધનો, સેવકો અને શિક્ષકોની વિપુલતાને લીધેજ બાળકોનો વિકાસ કુંઠિત થાય છે.

કારણ કે બાલજીવનવિકાસનો જે મૂળભૂત સિદ્ધાન્ત તેને મારક આ બધાં તત્વો છે. જીવનને આવશ્યક એવી બધીજ ક્રિયાઓ સ્વાવલંબનથી કરવામાંજ બાળકનો વિકાસ રહેલો છે. સ્વાવલંબનમાં કષ્ટ છે અને તે કષ્ટમાંજ વિકાસનાં બીજ સમાયેલાં હોય છે. જે માતાઓ

પોતાનાં બાળકોને સ્વાવલંબનના કષ્ટમાંથી બચાવવા મથે છે તે અજાણતાં તેના જીવનને કુંઠિત કરે છે. સાધનોના વપરાશ સાથે, શિક્ષકોના માર્ગદર્શન સાથે કે નોકરોના રક્ષણ સાથે સ્વાવલંબનનું તત્વ સંકળાયેલું નહીં હોય તો સાધન–શિક્ષક–નોકરોનો એ સમૂહ વિલાસનાં સાધન બની જાય છે અને બાળકોને અપંગ, નિર્વીર્ય, ક્રિયાશૂન્ય અને પુરુષાર્થહીન બનાવવાનું વ્યવસ્થિત તંત્ર બાળકોની આસપાસ ઊભું કરી દે છે.

મેં ઉપર કહ્યું કે સ્વાવલંબનની કેળવણીનો માર્ગ કષ્ટમય છે. પણ કષ્ટમય એટલે દુઃખમય નથી. કષ્ટ એટલે દુઃખ એ સમીકરણ ખોટું છે. કષ્ટ એટલે મહેનત–શારીરિક કે માનસિક; અને જીવન વિકાસ મહેનત વગર નજ થઇ શકે. બાળકના વિકાસમાં ક્રિયાશક્તિનો વિકાસ મુખ્ય વસ્તુ છે અને ક્રિયાશક્ત અભ્યાસથી–મહેનતથી જ વધે છે. તેથી બાળકોને મહેનતનો કંટાળો નથી આવતો. બાળકોને મહેનત ગમે છે–તેઓ મહેનત માગી લે છે. તેમને કોઇ સર્જનાત્મક પ્રવૃત્તિદ્વારા મહેનતનો અવકાશ નહીં મળે તો દોડધામ કરીને, નાચીકૂદીને તેઓ મહેનત મેળવી લે છે. શરીર અને મન બન્નેની મહેનત તેઓ માગે છે, કારણ કે તેમને માટે તે જરૂરી છે. શારીરિક અને માનસિક કષ્ટને તેઓ આવકારે છે, કારણ કે કષ્ટ વિના જીવનવિકાસ સંભવતો નથી. તેથી કષ્ટમય જીવનમાં બાળકો આનંદ માને છે અને કષ્ટ એટલે આનંદ એવું સમીકરણ તેમના જીવનમાં દેખાય છે.

જીવનશાસ્ત્રના આ મહાન સિદ્ધાન્તનો વિરોધ ધનવાન માતાઓ કરતી જણાય છે. બાળકો પ્રત્યેના પોતાના આંધળા પ્રેમમાં તેઓ એવી ભૂલભરી માન્યતા સેવે છે કે બાળકને દરેક પ્રકારની મહેનતમાંથી બચાવી લેવાં એ જ તેમની મહાન સેવા છે. તેથી બાળકનું જીવન બને તેટલું સુંવાળું બનાવવાનો પ્રયત્ન તેઓ કરે છે અને ધનની તાકાદ તેમની પાસે હોવાથી તેઓ તેમાં સફળ પણ થાય છે. બાળકોને કપડાં પહેરાવવાથી માંડીને તેમને નવરોવવા, જમાડવા વગેરે બધાં જ કામો નોકરો પાસે કરાવવામાં આવે છે; પછી પોતાનાં કપડાં ધોવાં, પોતાનો ઓરડો સાફ કરવો, પુસ્તકો વ્યવસ્થિત રીતે ગોઠવવાં વગેરે કામો તો બાળકો પાસે શી રીતે જ કરાવાય ?

આને લીધે જ શરૂઆતમાં બતાવેલું પરિણામ આવે છે અને ધનિકો પોતાના બાળકોની પાછળ પાણીની જેમ પૈસા ખર્ચે છે. તે છતાં જીવનવિકાસની દૃષ્ટિએ ધાર્યું પરિણામ નથી આવી શકતું. આથી ઉલટું, ઉપર ઉપર બતાવેલ સાધનસામગ્રી સાથે સ્વાવલંબન અને મહેનત અથવા કષ્ટનું તત્વ ઉમેરાય તો જીવન વિકાસ ખૂબ સંતોષકારક રીતે થશે. તેની ચર્ચા હવે પછી.

(અપૂર્ણ)

ગો. ર. કુલકર્ણી.

# બાલવાડીમાં છોકરાઓને લાવવા બાબત અનુભવ

ઓડી આવ્યા પછી હજી સુધીમાં મેં કોઇ વાતનો વધારે અનુભવ લીધો હોય તો તે બાળકોને એકઠાં કરવાનો ! પહેલાં મને લાગ્યું હતું કે આ કામ ઘણું જ સહેલું છે. ગીતો, વાર્તાઓ, રમતો, નાસ્તો વગેરે હોય એટલે બાળકો ન આવે એમ બને જ નહીં. પોતાના બાળકોને સારી કેળવણી મળે છે, તેઓ સુધડ થાય છે એમ જોઇ પાલકોને આનંદ થશે અને તેઓ પોતાની મેળે બાળકોને બાલવાડીમાં મૂકી જશે.

પણ મારી આ ધારણા કરતાં કાંઇક જુદો જ અનુભવ મને થયો.

મેં હરિજનોનાં બાળકોને એકઠાં કરવાનો પ્રયત્ન કર્યો, ગામનાં બાળકોને તેમજ આદિવાસીઓનાં બાળકોને પણ એકઠાં કરવાનો પ્રયત્ન કર્યો. બધાં બાળકો વિષે મને એક જ પ્રકારનો અનુભવ થયો. તે નીચે મુજબ:–

(૧) નાનાં બાળકો પોતાના ઘરનું ફળીયું મૂકીને દૂર જવાને તૈયાર નથી હોતાં.

(૨) નાસ્તો, રમત, ગાયન વગેરેની ખાસ અસર એમના પર નથી થતી. સહેજ મોટાં એટલે ૭–૮ વર્ષનાં બાળકોને આ લાલચ આકર્ષે છે અને આવાં બાળકો દૂર જવાને તૈયાર પણ થાય છે. તેમને બાલ-વાડીના કામમાં રસ પણ આવે છે.

(૩) નાનાં બાળકોને એક ખાસ નક્કી કરેલ સમયે અને બધાં મળીને એક સાથે બાલવાડીમાં આવવું ગમતું નથી. દિવસમાં ગમે તે વખતે આવી બાલવાડીમાં

રમવાનું મળે તો તેમને ગમે છે. ઘણાં બાળકો બાળ-મંદિર ચાલતું હોય છે ત્યારે આવતાં નથી, પણ પાછળથી ગમે ત્યારે આવીને લાંબો વખત રમે છે. બધાંને એક જ સમય અનુકૂળ નથી આવતો. આ થઇ ખુદ બાળકોની વાત. હવે એમને બોલાવવા જતાં શો અનુભવ મળે છે તેની વાત કરું.

ગામ નાનું બરું, પણ બાળકો જુદા જુદા લત્તાઓમાંથી આવે છે. એકદમ બીજે છેડેથી શરૂ કરીએ તો પણ ભેગાં થયેલાં બાળકોને આખું ગામ રખડવું પડે છે. દરેક ઘર પાસે થોભવું પડે. કયાંક બાળક નહાતું હોય છે, તો કયાંક બાતું હોય છે. એ તૈયાર થાય ત્યાં સુધી ત્યાં ઊભું રહેવાનું. ઘણી વાર બાળક આવવાને તૈયાર નથી હોતું અને રડે છે. તેની અસર સાથે આવેલાં બીજાં બાળકો ઉપર થાય છે અને તેઓ પણ આવવા બાબત ઢીલાં થાય છે. વળી ખૂબ રખડવાથી બધાં થાકી જાય છે અને બીજે દિવસે આવતાં કંટાળે છે. હવે દરેક બાળકને બાલવાડીમાં છોડીને પછી બીજાને લેવા જઇએ, તો એક માણસથી એ નહીં થઇ શકે. તેથી પાસે પાસેના ૪/૫ બાળકોને તે વિભાગવાર કોઇ ભાઇ બાલવાડીમાં મૂકી જાય તો જ આ મુશ્કેલી ટળશે.

પાલકોની બાબતમાં મને નીચે મુજબ અનુભવ થયો છે.

(૧) આદિવાસીઓની વસ્તીમાં બધા લોકો આખો દિવસ કામ પર જાય છે, તેથી બાળકો તરફ ધ્યાન આપવાનો તેમને સમયજ નથી હોતો. બાળકો અમારી સાથે આવે અને ભણે તો ઘણું સારું. ન આવે તો તે માટે કશું કરવાનો સમય તેમની પાસે નથી હોતો. એટલો તેઓ વિરોધ પણ કરતાં નથી અને સહકાર પણ આપતા નથી. એમનાં બાળકો વધારે પડતા લાડને લીધે બગડેલાં હોય છે તેથી તેમને વાડીમાં આવવું ગમતું જ નથી.

(૨) અહીંના હરિજન વાડાનાં બાળકો માબાપને ખૂબ જ વહાલાં છે. "તેઓ નથી આવતાં તો અમે શું કરીએ?" એમ તેઓ સીધેસીધું સંભળાવે છે. પંણ બાલવાડી ખૂબ નજદીક હોવા છતાં બાળકોને ત્યાં મૂકી આવવાનું તેમને નથી સૂઝતું. તેમને આ શાળા માટે બાસ કશુંજ લાગતું નથી. ઉલટું, રહેજ ડરજ રહે છે. કારણ કે (૧) આ લોકો આપણા બાળકોને વટલાવશે (૨) એમને લડાઇ પર લઇ જશે (૩) કૉંગ્રેસવાળાઓ હોઇ એમને જેલમાં લઇ જશે, એવી જાતની શંકાઓ તેમને રહે છે. ધીરે ધીરે અમારે વિષે તેમને વિશ્વાસ પેદા થયો છે; તો પણ બાળકોને બાલમંદિરમાં મૂકવાનો પ્રયત્ન તેઓ હજી પણ નથી કરતા.

(૩) ગામના પાલકો વિષે ભાતભાતના અનુભવો મળે છે. ગામના ઘણા શિક્ષિત તેમજ અર્ધશિક્ષિત લોકો બાળમંદિર જોઇ ગયા છે. કેળવણીની નવી દિશા માટે તેમના મનમાં શંકા છે. તેમને તે ગમતી પણ નથી. અક્ષરજ્ઞાન અને આંકડાઓનું જ્ઞાન ન હોય તેને શાળાજ શી રીતે કહેવાય? ઝાડુ મારવો, જમીન લીંપવી, બોદવું, વગેરે કામો બાળકો કરે, તે પણ તેમને ગમતું નથી. બધી જાતના સમાજમાં ભળી જવાથી બાળકોનાં સંસ્કાર બગડશે એવો ડર પણ તેમને રહે છે. આ જાતની અવિશ્વાસની વૃત્તિ હોવા છતાં આ શાળાનો ઘણા મોટા લોકો સાથે સંબંધ છે, તેથી બાળ-કોને આ શાળામાં મોકલવાં, એમ માનનારા આ લોકો હોય છે.

કેળવણી કેવી છે એનો વિચાર પણ ન કરે એવા લોકો ઘણા છે. એવાઓને એકાદ વખત બાળકોને મેળામાં લઇ જવામાં જેમ મજા પડે છે, તેવી જ જાતની મજા આ નવી શાળામાં લઇ જવામાં પડે છે એક બે દિવસમાં હોંશ પૂરી થઇ જાય, પછી બાળકો શાળામાં જાય છે કે નહીં, તે બોલાવવા આવે ત્યારે તેમને તૈયાર રાખવા જોઇએ, વગેરે બાબતોમાં ધ્યાન આપવાની જરૂર તેમને નથી જણાતી. કેટલાકને લાગે છે કે બાળકોને નજર લાગશે. તેથી તેઓ તેમને મોક-લતાં નથી. કંઇક બહાના બતાવી ઘરમાં જ બેસાડી રાખે છે.

અમે સમજાવવા જઇએ તો કહે છે, "અત્યાર સુધી બાળમંદિર ન હતું ત્યારે કયાં અમને કશું નડતું હતું? બચ્ચાં મોટાં થશે એટલે એની મેળે શાળામાં જશે. અત્યારથી જ એમને શા માટે રોવરાવીએ?"

આવી પરિસ્થિમાં અમારે કામ કરી બાળમંદિરનું મહત્વ સમજાવવાનું છે. વરસ બે વરસ પછી જુદી જ જાતનો અનુભવ મળશે, એમ લાગે છે. પણ હમણાં તો પાલકોનું સહકાર્ય મુદ્દલે નથી.

આમાંથી એક રસ્તો દેખાય છે. રહે જ મોટી ઉમરના બાળકોને બાલવાડી ખૂબ ગમે છે. તેમને હીંચકા બાવામાં, રંગવામાં, માટી કામમાં ખૂબ રસ પડે છે. એવાંઓને અનુકૂળ સમય ગોઠવીએ અને તેમને પૂરતું કામ આપીએ, તો તેમની સાથે તેમનાં નાનાં ભાડું જરૂર આવશે,

અનસૂયા બેન.

# બાળગીતો અને બાળવાર્તાઓ

સ્વ. ગિજુભાઇની નૂતન બાળકેળવણી માટેની ઊંડાં ચિંતનભરી અનેકવિધ પ્રવૃત્તિઓના અવલોકન અને અભ્યાસને પરિણામે મળેલી પ્રેરણા અનુસાર સાચી બાલ સેવાની ઉદાત્તભાવના કેળવી બાળકો માટે શાસ્ત્રીય રીતે ચાલનારાં બાલમંદિરો અસ્તિત્વમાં આવ્યાં. આવા પદ્ધતિસર કાર્ય કરતા કોઇ કોઇ બાલમંદિરની પ્રવૃત્તિઓ જોઇ શું તો તેમાં બાળગીતો અને બાળવાર્તાઓને અપાતું મહત્વ વિશિષ્ટ રીતે આપણું ધ્યાન દોરશે.

અલબત બાલમંદિમાં બાળકોનું સંગીત તો ખાસ કરીને અનેક પ્રવૃત્તિઓમાં અગ્રપદેજ સ્થપાએલ છે. બાળમંદિરની શિક્ષણપદ્ધતિ એ રીતે યોજાયેલી છે કે તેમાં બાળક સ્વાતંત્ર્યના મુકત વાતાવરણમાં સ્વયંપ્રેરિત પ્રવૃત્તિઓમાં સામેલ થઇ ક્રમશઃ પોતે પોતાનો વિકાસ કરે છે. બાળકના આ સર્વાંગીણ વિકાસ માટે તેની આસપાસ તેની પ્રવૃત્તિ માટેના યોગ્ય સાધનોથી સભર એવાં વિવિધ વાતાવરણોનું સર્જન અનિવાર્ય છે. બાળકોના સંપૂર્ણ વિકાસની દૃષ્ટિએ સંગીત કળા પણ તેના વિકાસનું એક અંગ હોઇ શકે. મોરલીથી નાચતો સર્પ, સંગીતમુગ્ધ હરણ અને કૃષ્ણની બસરીએ ઘેલું બનેલું જગત આપણને સૌને સંગીતકળાના વિશિષ્ટ પ્રભુત્વનો ખ્યાલ આપે છે. કળા માત્ર માનવીને ઉચ્ચત્તર જીવનની અલૌકિક ભૂમિકાઓ તરફ દોરી જાય છે, જ્યાં તેને પરમસુખ આનંદ અને દિવ્ય શાંતિના પુનીત વાતાવરણમાં કુદરતનો મંગળ જીવનસંદેશ સાંભળવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થાય છે. સંગીતના આ વિશિષ્ટ પ્રભુત્વને પ્રતાપે નાનકડાં બાળકોને આવા સંગીતનું સુરમ્ય વાતાવરણ આપવામાં આવે છે. ૩ થી ૭ વર્ષના ગાળામાં બાળજીવન પર પડેલાં સંસ્કારો તેનામાં કાયમી છાપ મૂકે છે, તે વાત તો હવે સર્વસિદ્ધ થઇ ચૂકેલ છે.

આવા બાળસંગીતના વાતાવરણમાં બાળકોનો અંતરઆત્મા પુલકિત બની તેનામાં છૂપાઇ રહેલો અસલ બાળસ્વભાવ પ્રગટ કરે છે. બાળમંદિરમાં બાળકોને તેમની કક્ષા અનુસાર સંગીત રજૂ થાય છે. સાચા બાળગીતો બાળકો હોંશે હોંશે ગાય છે, અને અભિનય ગીતો દ્વારા બાળક પોતાના તાલ અને ગાયનથી મસ્ત બની નાચી ઉઠે છે.

બાળગીતોમાં વવિધ્યને ખૂબજ અવકાશ છે. બાળગીતો જુદા જુદા ઢાળમાં બાળકો સરળતાથી કંઠસ્થ કરી શકે તેવાં તેમજ બાળજીવન પ્રસંગોમાંથી સર્જાયેલાં હોવાં જોઇએ. બાળકોને ગમતાં ગીતોનું તેઓ વારંવાર પુનરાવર્તન કરે છે ને માગણી પણ કરે છે. અમુક ગીતો એવાં હોય છે કે બાળકો તેને પોતાના હાથપગના હલચલન દ્વારા અભિનયયુક્ત અંગમરોડથી રજૂ કરે છે. વળી સમૂહ અભિનયગીતો છે, ગરબા છે, ડાંડિયારાસ છે. અને નૃત્યના અવનવા પ્રયોગોને પણ બાલમંદિરમાં આવકારપાત્ર ગણેલા છે. બાળકોના સંગીત કાર્યક્રમોમાં એટલા બધા વૈવિધ્યને અવકાશ છે કે તેની અમુક કોઇ મર્યાદા આંકવી યોગ્ય નથી.

આવા સંગીતના વિધવિધ નમૂનાઓ સંગીત વિશા-

## આપે બાળકોના પ્રશ્ન શી રીતે ઉકેલ્યા?

આ પછી આ નામનો વિભાગ શિ. ૫. માં શરૂ કરવાનો ઇરાદો છે. માબાપ અને શિક્ષક વર્ગ આગળ બાળકોના અનેક પ્રશ્ન હંમેશા ઉભા થાય છે. તેમાંના કેટલાક પ્રશ્ન તરતજ ઉકેલવા જેવા હોય છે. આવા પ્રશ્નોનો ઉકેલ શી રીતે આણવો તે ઘણીવાર શિક્ષકોને કે માબાપને સમજાતું નથી. પણ ઘણીવાર સુવિદ્ય અને બુદ્ધિશાળી માબાપ અને શિક્ષક પોતાના અનુભવજન્ય કે શિક્ષણમાંથી મેળવેલ જ્ઞાનને લીધે અનેક કૂટ પ્રશ્નોનો ઉકેલ આણી શકે છે. આ બીજી જાતનાં માબાપ અને શિક્ષકોને આ વિભાગ માટે પોતાના અનુભવો મોકલવાની મારી વિનંતી છે. જે બાળકો સાથે તેમનો સંબંધ આવ્યો હશે, તેમાંના જેના વર્તનમાં કે સ્વભાવમાં કાંઇક અસ્વાભાવિક કે કઠણ તત્ત્વો તેમને જડી આવવાથી તેનો ઉકેલ લાવવાનો જેમણે સફળ પ્રયત્ન કર્યો હશે, તેમણે પોતાના અનુભવો લખી મોકલવા એવી પ્રાર્થના છે. તેમના અનુભવોનો લાભ શિ. પ.ના વાંચક વર્ગને સારી પેઠે થશે. તેથી મારી આ પ્રાર્થનાને માન આપી વાંચક વર્ગ આ બાબતના પોતાના અનુભવો મોકલી આપશે એવી આશા છે.

ગો. ર. કુલકર્ણી.

રદ્દોની દોરવણી નીચે, સંગીતના સાધનોદ્વારા બાળકો સમક્ષ અવારનવાર રજૂ કરવા ઇષ્ટ છે. આવા સંગીત વિશારદોને પણ બાલમંદિરના આચાર્ય તરફથી બાળકોનું સંગીત કેવું હોવું જોઇએ, તેની સંપૂર્ણ માહિતી અપાવવી જોઇએ. જે બાળકોમાં નૈસર્ગિક રીતે સંગીતના સંસ્કારો હોય છે તે આવા સંગીતના સુમધુર ને શાંત વાતાવરણમાં ખીલી ઉઠે છે, આવા શાસ્ત્રીય રીતે અપાતા સંગીતની છાપ બાળમાનસપર એવી સચોટ રીતે અંકાય છે કે બીજી કોઇ પણ પવૃત્તિ કરતાં કરતાં પણ બાળકો પોતાના પ્રિય ગીતોની કડીઓનું ગુંજન કરતાં માલુમ પડે છે. આ રીતે બાળકોના જીવનમાં અત્યારથીજ સંગીતના ઉન્નત સંસ્કારો પડે છે અને તેમનું મન આનંદી અને મસ્ત બને છે કોંઇ પણ કાર્યની સુંદર સફળતાનો આધાર તે કાર્ય કરનારની એકાગ્રતા પર અવલંબે છે. પોતાના કાર્ય પ્રત્યેની વફાદારી પૂર્વકની એકાગ્રતા અને અંત મનુષ્યને મહાન કાર્યનો વિજેતા બનાવે છે. સંગીતના આવા સુરમ્ય વાતાવરણમાં બાળકો એકાગ્રતાની અલૌકિક મઝા માણે છે; જે તેમના જીવન વિકાસની વિવિધ પ્રવૃત્તિઓમાં ઉપકારક નિવડે છે. બાળકો પોતાના સંગીતનું વાતાવરણ જ્યાં જ્યાં જાય છે ત્યાં સાથે લેતા જાય છે.

બાળગીતો અને બાળ વાર્તાઓ આપણી ભાષાના પરિચયની દૃષ્ટિએ પણ બાળકોને ઉપયોગી છે. આ ગીતો અને વાર્તાઓમાં આવતા વિવિધ શબ્દોનો બાળકોને પરિચય થતો જાય છે. બાળકો સામાન્યતઃ કલ્પનાશીલ છે; તેમની કલ્પનાને સાચું પ્રોત્સાહન મળે અને યોગ્ય વિકાસ થાય તે માટે તેવી તંદુરસ્ત કલ્પનાને પોષક એવી તરેહવાર વાર્તાઓ બાળકો સમક્ષ કહી સંભળાવવી જોઇએ. બાળગીતોની જેમ વાર્તાઓમાં વિવિધ પ્રકારો છે જ. કલ્પનાપ્રધાન વાર્તાઓ, પૌરાણિક લોકવાર્તાઓ, રાષ્ટ્રીય વીરકથાઓ, સામાજિક વાર્તાઓ, મહાભારત–રામાયણમાંના કેટલાક પ્રસંગોપરની ધાર્મિક અને શૌર્યયુકત વાર્તાઓ, સાહસ કથાઓ, પશુ પ્રાણીઓની વાર્તાઓ અને ડોશીમા પાસેથી સાંભળેલી અનેક પ્રકારની વાર્તાઓ બાળકો માટે હોઇ શકે. આવી વાર્તાઓમાંથી અમુક પસંદ કરેલી વાર્તા તેમાંના પ્રસંગોને અનુરૂપ યોગ્ય હિલચાલ દ્વારા બાળકો સમક્ષ કહેવી જોઇએ. અને આપણે પોતે એ વાર્તામાં ખૂબજ રસ લેતા હોઇએ એવા સંપૂર્ણ અભિનયદ્વારા વાર્તા કહેવી જોઇએ. વાર્તાના પ્રસંગો પ્રમાણે વાર્તા કહેનારના મુખ્યપ્રદેશના સૂક્ષ્મભાવો પણ અવાનવાર સ્પષ્ટ રીતે બદલાવા જોઇએ.

સારા ગીત ગાયક થવું જેટલું અઘરું છે તેનાથી સારા વાર્તાકાર થવું વધુ કઠિન કાર્ય છે. જેમ સંગીતકારો જન્મે છે તેમ વાર્તાકારોમાં પણ બની શકેઃ છતાં વાર્તાશાસ્ત્રનો સારો અભ્યાસ કરનાર, સતત પ્રયત્નશીલ રહેનાર સૌ કોઇ અમુક અનુભવ પછી કંઇક સારી રીતે વાર્તા કહી શકશે.

અમુક વિષય પૂરો થયા પછી મનને આનંદ અને આરામ આપવાના હેતુથી પણ વાર્તા અને ગીતોની પસંદગી થઇ શકે. આપણી જૂની લોકવાર્તાઓ આપણી સાચી સાહિત્યસમૃદ્ધિ છે. બાળવાર્તાઓનાં અનેક નવાં પુસ્તકો પ્રગટ થયાં જ કરે છે. તેમાંથી પસંદ કરી વાર્તાઓનો ઉપયોગ કરવો. સ્વ. ગિજુભાઇની બાળ વાર્તાઓ તથા તેમના તરફથી પ્રગટ થયેલી નાની બાળવાર્તાઓની ચોપડીઓ શરૂઆતમાં માર્ગદર્શી થઇ પડે તેમ છે.

અમુક વાર્તાઓ બાળકોને કહ્યા પછી બાળક પોતે પોતાની ભાષામાં એક નાના ટેબલ પર બેસી સૌને વાર્તા કહી સંભળાવે એ મહત્વની બિના છે. આથી તેમની સ્મરણશક્તિ ખીલશે અને સભાક્ષોભ નાશ પામી, વકતૃત્વકળાનો પરિચય સાધી શકશે. આપણા બાલમંદિરોના ઉત્સવોમાં સંગીત, ગરબા અને નાટકો યોજીએ છીએ તેમ બાળકોનું વાર્તા કથન યોજીએ તો?

બાળ સમાજના નિકટના પરિચય પછી તેમને અનુકૂળ એવાં સુંદર ગીતો અને તંદુરસ્ત બાળવાર્તાઓ સર્જી શકાય.

બા. છ. ભટ્ટ

## નાનાં બાળકોનું ભોજનવાંચન શિક્ષણ

નાનાં બાળકો ૨॥ થી ૩॥ કે ૪ વર્ષનાં થાય ત્યાંસુધી ઇંદ્રિયગમ્ય જ્ઞાન મેળવીને દુનિયાની તેમના આસપાસની વસ્તુઓ, બનાવો વગેરેનું જ્ઞાન મેળવવાનો ખૂબ પ્રયત્ન કરે છે, તેજ વખતે તેઓ સ્નાયુગત હીલચાલથી અનેક પ્રકારની ક્રિયા ઉપરનો કાબૂ પણ મેળવે છે.

આ બે જાતની અનુભવ ને સિદ્ધિના પરિપાકરૂપે તેઓ કેટલીએક શક્તિ ખીલવે છે. તે વાપરવા માટે

તેઓ સંધિ શોધતાં હોય છે. તેથી આશરે ૪ થી ૫ વર્ષની ઉંમરમાં પણ તેઓ અત્યંત તીવ્રતાથી ને ઝડપથી ઘણી બીજી વાતો શીખી લે છે.

જૂદા જૂદા આકારની સાથે પરિચિત થવું ને તેને શું કહેવામાં આવે છે તે શબ્દો શીખી લેવા એ એક આ ઉમરે તેમને અત્યંત ગમતી પ્રવૃત્તિ છે. સમભુજ ત્રિકોણને સમદ્વિભુજ ત્રિકોણ જેવા શબ્દો તે વખતે તો બાળકો સમજપૂર્વક ગ્રહણ કરે છે. આ ક્રિયા (Process) ચાલતી હોય તેજ વખતે ગમે તે વાંકાચુંકા આકારને એક લુંકું નામ આપવાની આપણી લેખન વાચનની રૂઢિ પણ તેઓ એક ગંમત કે રસિક શિક્ષણ તેરીકે પકડી લે છે. જેમકે ક આકારને ક કહેવું ને મ જેવા આકારને મ કહેવું એ તેમને મન એક બહુજ મજા આપે એવી વાત હોય છે. તેની સાથે સાથે જૂદા જૂદા ઉચ્ચારો ગળામાંથી કાઢવા જેમકે ક, ૫, ટ, ૨ એ પણ એ ઉમરે એક ગંમત આપનારી ક્રિયા હોય છે. તેથી અક્ષરનો વાંકાચુકા આકાર આંગળીની હીલચાલથી પકડવો, આંખથી જોઇને પકડવો (તેની સાથે એક ઉચ્ચારને જોડી દેવો, આંગળા ફેરવતાં ફેરવતાં ગળામાંથી તે ઉચ્ચાર કરવો), સાથે સાથે પોતાના કાનથી તે ઉચ્ચાર સાંભળવો, વગેરે બધી વાતો તેમને એક અત્યંત આનંદ આપનારી પ્રવૃત્તિ થઇ પડે છે. બે ત્રણ ઇંદ્રિયોને એક સાથે વાપરવાની પણ તેમને મજા પડે છે. આઠી વર્ષની ઉંમરે તો એક વખત એક ઇંદ્રિયનો અનુભવ વધારે સારી રીતે લઇ શકાતું હતું, તેઓ હવે બે ત્રણ ઇંદ્રિયોનો સમન્વય કરી વધારે જટિલ અનુભવ કરવા તૈયાર હોય છે. આવો વધારે જટિલ (complex) અનુભવ કરવામાં તેમને મજા પણ આવે છે. જૂદા જૂદા આકારોની સાથે ઉચ્ચારો જોડવાની લેખન વાચનની પ્રથમ ક્રિયા તેઓ ઝડપથી એક આનંદદાયક પ્રવૃત્તિ તરીકે લઇ લે છે. જ્યારે પ્રથમના આકાર ગ્રહણની કશી પ્રવૃત્તિ ન થઇ હોય અને ૩॥ થી ૭ વર્ષ સુધીની અત્યંત સંસ્કારગ્રાહી ઉમર (Sensitive period) એમને એમ ચાલી ગયા પછી–૭ વર્ષ પછી લેખન વાંચન શીખવવું ઘણુંજ અઘરૂં પડે છે. બાળકોને પણ તે એક કંટાળાભરી પ્રવૃત્તિ લાગે છે. નાનાં બાળકો ચાર સાડાચાર વર્ષની ઉમરે તે ઝડપથી કરી લે છે. તે લેખન વાચનનું જીવનમાં શું મહત્વ છે, તે સમજીને નહિ પણ તે કરવામાં સ્વતઃજ મજા પડે છે, માટે. જ્યારે મોટાં બાળકોને સ્વતઃ મજા પડતી નથી ને પ્રૌઢોની જેમ જીવનમાં તેનું મહત્વ શું છે તે પણ સમજાતું નથી. એટલે પૂર્વ સંસ્કારો વગરના સાત વર્ષની ઉપરનાં બાળકો માટે આ ક્રિયા ઘણી અઘરી અને અટપટી જણાય છે.

(૨) લેખન વાચન, ખાસ કરીને વાચનની ક્રિયા, આવડવાથી બીજી કેટલીએક બૌદ્ધિક ક્રિયાઓ શરૂ થાય છે, જે ભાષાશિક્ષણમાં ઘણીજ મહત્વની છે. વ્યંજનોનો સામટો ઉચ્ચાર કરવાથી એક શબ્દ બને છે ને તેમાંથી એક જૂદોજ અર્થ ઉત્પન્ન થાય છે એ વસ્તુ બાળકોને ઘણીજ આનંદદાયી હોય છે. છોકરાંઓ ધ ર એક સાથે વાંચે ને જ્યારે તેમના ધ્યાનમાં ઘર એટલે સામે દેખાય છે એવું મકાન આવે છે, ત્યારે તેમને ખૂબજ મજા પડે છે. કોઇ પણ અક્ષર સમૂહ એક સાથે વાંચીને તેનો શો અર્થ થશે તે શોધી કાઢવાની તેમને લત લાગે છે. આ સ્વપ્રયત્નથી ચાલતી પ્રવૃત્તિથી અર્થ સહિત વાચનની ટેવ પડે છે. તે આ ઉંમરે તો જાણે નવી શોધખોળનું (Exploration) નવું દાલન મળ્યું હોય એ ઢબની આ પ્રવૃત્તિ હોય છે. ઘણીવાર તેઓ ગમે તે અક્ષરો બોલીને અથવા લખીને અર્થ શોધે છે. જેમ કે સમખ કે ગમભ. અને એનો અર્થ નથી એ શોધી કાઢવાની પણ તેમને મજા પડે છે. અથવા રમત જોડકણામાં જ્યાં અર્થ વગરના શબ્દો આવે છે, જેમકે અટક મટક, તે શોધી કાઢે છે; ને બોલવામાં મજા આવે તો નવા નવા શબ્દો પણ બનાવે છે. સારાંશ શબ્દોમાંથી અર્થ શોધવાની એક પ્રવૃત્તિ તેમને આ વખતે મળે છે. તેથી ભાષા શિક્ષણનું એક મહત્વનું અંગ પાકું થાય છે.

(૩) આ બધી રમતોમાં બાળક સ્વાવલંબી હોય છે; ને તેને પરિણામે વધારે સ્વાવલંબી બને છે. દરેક બાબતમાં કોઇ મોઢેથી કહેશે ત્યારે સમજશે કે આવડશે એમ રહેતું નથી. પણ પોતેજ શોધી કાઢી શકાય છે. જેમકે એક ચિઠ્ઠી પર સરગવો લખ્યું હોય (ત્યાં બધી ઝાડોની ચિઠ્ઠીઓ હોય) તો સરગવાનું ઝાડ તે શોધવા તે પોતે નીકળી શકે ને જે ઝાડ ઉપર સરગવો નામની ચિઠ્ઠી હશે ત્યાં જઇ લેને શોધી કાઢી શકે ને જોઇને પરિચય પણ મેળવી શકે. પાટીયાં વાંચીને જેમ–આપણે નવા ગામના રસ્તા વગેરે શોધીએ તેમ

તેઓ શાળાને તેની આસપાસનો બધો પરિચય પાટીયાં વાંચીને મેળવી શકે. આ રીતે તે સ્વાવલંબી બની શકે છે. ગીતો, વાર્તા, ચિત્ર નીચેની કાપલીઓ, વગેરે અનેક વાતોમાં હવે તેને શિક્ષક ઉપરનો આધાર દિવસે દિવસે ઓછો થતો જાય છે.

આ સંસ્કારગ્રાહી ઉમરે આ જટિલ ક્રિયા રમત તરીકે આનંદથી ને ઝડપથી થઇ શકે છે, અર્થ શોધવાની મહત્વની પ્રવૃત્તિ થાય છે અને બાળકો જ્ઞાન મેળવવામાં સ્વાવલંબી બને છે. માટે ચોર સાડા ચાર વર્ષની ઉમરે લેખન વાંચનની પ્રવૃત્તિ બાળવાડીમાં રાખવી જોઇએ એ મતનાં અમે છીએ.

અર્થાત્ આ પ્રવૃત્તિ (૧) બધાં બાળકો માટે ફરજીઆત હોવાની જરૂર નથી, (૨) તેના ઉપરજ બધો ભાર દેવાની જરૂર નથી, (૩) તેને લીધે ઉદ્યોગ કે બીજા કામો તરફથી બાળકોનું ધ્યાન કઢાવી આ તરફ ખેંચવાની જરૂર નથી, (૪) અને મા બાપો કે ચાલુ સમાજને સંતોષવા ખાતર તો આ પ્રવૃત્તિને જરા પણ મહત્વ આપવાની જરૂર નથી.

પણ બીજાં કામોની સાથે લેખન વાંચનનું વાતાવરણ બાલવાડીમાં રાખવું જોઇએ ને જે બાળકો જેટલો થોડો યા વધારે વખત આના ઉપર કાઢવા ઇચ્છે તેટલો તેમને કાઢવા દેવો જોઇએ એવો અમારો મત છે.

તા.

## શારદા મંદિર બાલઅધ્યાપન વર્ગ

કેટલાક સમયથી સંસ્થાના મિત્રો અને સ્નેહીઓ સંસ્થા પાસેથી 'બાલ અધ્યાપન મંદિર'ની અપેક્ષા રાખતા આવે છે. ગુજરાતના જુદા જુદા સ્થળેથી બાળકેળવણી માટે તાલીમ પામેલ શિક્ષકોની ઘણી માંગ છે. તેવા શિક્ષકોની આજે ભારે તંગી છે. આ માગ પૂરી પાડવા માટે સંસ્થાના સ્નેહીઓ અને મિત્રો તરફથી 'બાલ અધ્યાપન મંદિર' શરૂ કરવાની અપેક્ષા ઘણા વર્ષોથી રહેતી. આથી સંસ્થાની વ્યવસ્થાપક સમિતિએ આવતા જુનની આખરથી 'બાલ અધ્યાપન મંદિર' એક વર્ષના અભ્યાસક્રમથી શરૂ કરવાનું નક્કી કર્યું છે. જે ભાઇબહેનો આ વર્ગમાં જોડાવા ઇચ્છતા હોય તેમણે નીચેને શરનામે પત્રવ્યવહાર કરવો—

વજુભાઇ દવે,
'શારદા મંદિર'–એલિસ બ્રીજ, અમદાવાદ.

## ગુજરાત પ્રાથમિક કેળવણી સંમેલન

### દ્વિતીય અધિવેશન

ભરૂચમાં તા. ૨૩–૨૪ માર્ચ ૧૯૪૬ ને રોજ શ્રી. મોરારજી દેસાઇના પ્રમુખપદે ડિસ્ટ્રિક્ટ લોકલ બોર્ડના ચોગાનમાં ઉપરોકત સંમેલનની બેઠક મળી હતી. આખા ગુજરાતમાંથી જુદી જુદી સંસ્થાઓના પ્રતિનિધિઓ અને કેળવણીમાં રસ લેતા અનેક વિદ્વાન વિદુષી બાઇ બહેનોની સારી હાજરી હતી.

સ્વાગત પ્રમુખ શ્રી. દિનકરરાય અને સંમેલન પ્રમુખ મોરારજીભાઇનાં મનનીય પ્રવચનો થયાં હતાં. મુખ્ય ત્રણ જ ઠરાવો થયા હતા, જેમાં પહેલો પ્રાથમિક કેળવણીમાં નૂતન કેળવણીના સિદ્ધાંતોને અનુસરીને પુનર્ઘટના કરવા બાબતનો હતો; બીજો ઠરાવ સંમેલનની કાયમી સમિતિના બંધારણને લગતો હતો; અને ત્રીજો પ્રાથમિક કેળવણીની બાબતમાં સરકાર સાથે કાયમ સંપર્ક રાખવા માટે એક કાયમી સમિતિ નીમવા બાબત હતો.

સંમેલનના બીજા દિવસે હડતાલ પર ગયેલા શિક્ષક મંડળે વિરોધ કરી સંમેલનમાં હાજરી આપી નહતી. ગુજરાત વિદ્યાપીઠના મહામાત્ર શ્રી. મગનભાઇ દેસાઇએ પાયાની કેળવણી પર મનનીય પ્રવચન કર્યું હતું. સંમેલન એકંદરે સફળતાથી પાર પડ્યું હતું.

# બાલવાડી : રાષ્ટ્રનિર્મિતિનું મૂળ

બાલવાડી નૂતનબાલશિક્ષણની નવી સંસ્થા છે આ સંસ્થામાં ઘર અને શાળાનો સુંદર સમન્વય છે. એનું કાર્યક્ષેત્ર ૨ાથી ૩ વર્ષના બાળકો માટે જ છે. આ ઉમરમાં આપણા દેશના બાલકો ઘણે ભાગે પોતાને ઘેર જ રહે છે અને તેમની સામે કશો જ નિશ્ચિત સ્વરૂપનો વિકાસક કાર્યક્રમ નહિ હોવાથી તેઓ પોતાનો સમય અને શક્તિ વેડફી નાખે છે. અદ્યતન શિક્ષણ-શાસ્ત્રીઓનો એવો મત છે કે અઢીથી ત્રણ વર્ષનો કાળ જ એવો છે કે તે વખતે બાળકોની બધી ઇન્દ્રિયોનો તેમ જ મન, બુદ્ધિ, હૃદય, વાણી વગેરેનો ઉત્તમ વિકાસ થઇ શકે છે. સર્વાંગપૂર્ણ મનુષ્ય બનાવવાની કેળવણી અને સંસ્કાર આ જ ઉમરમાં આપવામાં આવે છે. આપણા દુર્દૈવને લીધે બાળકોના આ ઉત્તમ અને ઉપયોગી સમયમાં જ તેની પૂરી અવગણના રાજ્ય, સમાજ અને પરિવાર કરે છે. જે અવસ્થામાં બાળકોને તેના વિકાસનું સર્વોત્કૃષ્ટ વાતાવરણ મળવું જોઇએ તે અવસ્થામાં જ આપણે તેમની અવગણના કરીએ છીએ. અને પછી તેઓ સારા નાગરિક અને સારા માણસો થાય તે માટે શાળાઓ, કોલેજો, યુનિવર્સિટીઓની પાછળ દર વર્ષે કરોડો રૂપિયા આપણે ખર્ચીએ છીએ. જાણે કે પૈસાની કશી કિંમત જ આપણને નથી. આ આંધળા ખર્ચને લીધે જ્યાં સાચે જ ખર્ચ કરવો જોઇએ ત્યાં એક પાઇનો પણ ખર્ચ આપણે કરી શકતા નથી. આજે પણ આપણી આ જ સ્થિતિ ઘણે ભાગે છે. પણ હવે યુગ ઝપાટાભેર બદલાતો જાય છે. નવી દુનિયાની ઉત્પત્તિ કરવા માટે દુનિયાના વિચારી લોકો હંમેશા પ્રયત્ન કરી રહ્યા છે અને બધા એક વાતમાં સહમત છે કે જ્યાં સુધી નવનર્મિતિનો પ્રારંભ મૂળથી જ નથી થતો ત્યાં સુધી નવતિર્મિતિ અશકય છે. મૂળથી જ શરૂઆત એટલે અઢીથી ત્રણ વર્ષના બાળકોની કેળવણીનું પવિત્ર કામ. બાલવાડીના રૂપમાં આ કામ હરેક ગામ અને શહેરમાં થવું જોઇએ. તેની જરૂરિયાત વિષે કે ઉપયોગિતા વિષે કોઇ પણ વ્યકિતના મનમાં શંકાને સ્થાન ન હોવું જોઇએ. જો આપણા શહેરનો કે રાષ્ટ્રનો સમૂહકવિકાસ થાય એવી આપણી ઇચ્છા હશે તો તેનો એક જ રાજમાર્ગ છે અને તે એ કે નૂતનશિક્ષણની દૃષ્ટિએ નાનાં બાળકોની કેળવણીની નગરવ્યાપી કે રાષ્ટ્રવ્યાપી વ્યવસ્થા કરવી. આપણી પ્રગતિનો આ જ એક માર્ગ આપણા હાથમાં છે.

અમારો એવો વિશ્વાસ છે કે નવા યુગની જરૂરિયાતો પૂરી કરવા માટે બાલવાડી જેવી શિક્ષણસંસ્થાઓ જ પરિણામકારક છે. આ સંસ્થાઓ બધી રીતે સ્વતંત્ર અને સ્વાવલંબી થવી જોઇએ. જે સ્વતંત્રતા માટે આપણું રાષ્ટ્ર તલસી રહ્યું છે તે સ્વતંત્રતાની મનોહર ઝાંખી બાલવાડીની મારફત આપણે આપણા બાળકોને કરાવવી જોઇએ. તેથી જ બાલવાડીના વાતાવરણમાં સ્વાવલંબન, સ્વયંસ્ફૂર્તિ અને સ્વતંત્રા એ ત્રણેને પહેલું સ્થાન આપવામાં આવેલું છે. જ્યાં સુધી બાળક તેના દૈનિક જીવનમાં નિર્ભય, સ્વાધીન અને સ્વતંત્ર નહિ થાય ત્યાં સુધી તે પોતાના રાષ્ટ્રની સ્વતંત્રતા માટે કાંઇ પણ કરશે એવી અપેક્ષા રાખવી એ રેતીમાંથી તેલ નીકળશે એવી અપેક્ષા રાખવા બરાબર છે.

આજની આપણી સૌથી મોટી જરૂરિયાત એ છે કે આપણાં બાળકો અને આપણા યુવકો નિર્ભય થવા જોઇએ. નિર્ભયતાનું વ્યાપક વાતાવરણ જ્યાંસુધી ઉત્પન્ન નહિ થાય ત્યાંસુધી નિર્ભયતા નથી આવી શકતી. તેમાંય સેકડો વર્ષની અનેકવિધ ગુલામીને લીધે આપણું જીવન એટલું બધું ભયગ્રસ્ત થયું છે કે આપણે પોતાના પડછાયાથી પણ ડરીએ છીએ. ભય અને અવિશ્વાસથી ભરેલા આ વાતાવરણને લીધે આપણું રાષ્ટ્રીય જીવન અનેક રીતે ક્ષીણ અને દુર્બલ થઇ ગયું છે. આનો એક જ ઉપાય છે, અને તે એ કે આપણે નવી પેઢીને બધી રીતે નિર્ભય, હિમ્મતવાન અને સાહસી કરી દેવી જોઇએ.

બાલવાડીના ઉદ્દેશોમાં નિર્ભયતાનું એક ખાસ સ્થાન છે. તેથી બાલવાડીના વાતાવરણમાં એવી એક વસ્તુ પણ નથી હોતી કે જેને લીધે બાળકમાં અપ્રત્યક્ષ બીકની પણ ભાવના આવી શકે. આ જ કારણને લીધે બાલવાડીમાં સજા, ઇનામ, સ્પર્ધા, પરીક્ષા વગેરે શિક્ષણ-ક્ષેત્રની વિદ્યમાન બદીઓને સ્થાન હોતું નથી. ત્યાં બાળકને તેની ઇચ્છા મુજબ મનગમતું કામ કરવાની છૂટ હોય છે. કોઇ પણ વાત તેનાપર લાદવામાં આવતી નથી. ઊલટું એવું વાતાવરણ પેદા કરાય છે કે બાળકને તેમાંથી પોતાની મેળે પ્રેરણા મળતી જાય અને બાળક

નવાં નવાં કામો કરતું થાય અને પોતાના કામો પસંદ કરતાં શીખે.

બાલવાડીનો બીજો મુખ્ય ઉદ્દેશ નાનાં બાળકોમાં બાલપણથી જ શરીરશ્રમની પ્રતિષ્ઠાની ભાવના જાગૃત કરવાનો છે. આજનો આપણો શિક્ષિતવર્ગ અનેક કારણોને લીધે કામચોર થયો છે. આ કામચોર વૃત્તિનું મહત્ત્વ એટલું બધું વધ્યું છે કે હૃષ્ટપુષ્ટ અને બધાંજ માણસો પણ થોડું ઘણું શીખ્યા પછી પોતાના કામો જાતે કરતાં શરમાય છે અને બીજા પાસે પોતાનાં કામો કરાવવામાં પ્રતિષ્ઠા માને છે. આજના શિક્ષિતોનો એક જ મહામંત્ર હોય છે અને તે એ કે ઓછામાં ઓછું કામ કરીને વધુમાં વધુ ધન કમાવું! તેમની દ્રવ્યપ્રાપ્તિ હકની કે પ્રામાણિકતાની નથી હોતી એ વાત તદ્દન સ્પષ્ટ છે. ગીતાજીના શબ્દોમાં તો આ પાપ-ચોરી છે; અને તેથી જ આવી જાતની કમાણી બધી રીતે ત્યાજ્ય છે. પણ હમણાં સમાજમાં એવી કમાણીનું જ મહત્ત્વ વધારે છે.

બાલવાડીએ આ પ્રતિષ્ઠાનો નાશ કરવાનું બીડું ઝડપ્યું છે. જ્યાં સુધી આપણા સમાજમાં શરીરશ્રમ અને લોકસેવા માટે કરવામાં આવતી મહેનતની પ્રતિષ્ઠા વધતી નથી, ત્યાં સુધી સમાજના સર્વાંગીણ અભ્યુત્થાનની આશા રાખવી ફોગટ છે. તેથી જ બાલવાડીનાં બાળકો પોતાનાં કપડાં, ઘર, આસપાસનો ભાગ અને બાગબગીચાની સાફસૂફી જાતે જ કરતાં શીખે છે. કોદાળી, પાવડો, ખરપી, ઝાડુ, ટોપલી એ તેમનાં પ્રિય હથિયારો છે અને તેમનો ઉપયોગ કરવામાં તેમને સાચો આનંદ મળે છે. આજ ઉદ્દેશથી બાળકો બાલવાડીમાં સૂતર કાંતવું, પીસવું, અનાજ સાફ કરવું, શાક સમારવું, રાંધવું, વાસણ માંજવાં, કપડાં ધોવાં, પીરસવું વગેરે કામો કરે છે અને આ કામો એવાં છે કે તે વિના કોઇ પણ માણસનો ઘરસંસાર નહિ ચાલી શકે.

આ દૃષ્ટિએ બાલવાડી એ બાળકોનું એવું ઘર છે કે જેમાં જીવન સાથે સંબદ્ધ એવાં બધાં કામો બાળકો જાતે સ્વાવલંબનથી, સ્વતંત્રતાથી, સ્વેચ્છાથી અને ટાપટીપથી કરતાં શીખે છે. આમાં બાળકની રુચિને પોષણ મળે જ છે પણ સામાજિક દૃષ્ટિએ પણ પોતા પર આવી પડતાં નાનાંમોટાં કામો જવાબદારીથી કરતાં તેઓ શીખે છે અને સમાજના જવાબદાર ઘટક બને છે. આજની આપણી રાજ્યવ્યવસ્થા એટલી બધી અસ્તવ્યસ્ત અને ઉચ્છૃંખલ થઇ છે કે કોઇ પણ વ્યક્તિ બીજી વ્યક્તિને જવાબદાર છે એ ભાવના જ નથી પેદા થઇ શકતી. આ આ સ્થિતિ ખૂબ દુઃખજનક છે. બાલવાડી પોતાના વાતાવરણ દ્વારા આ સ્થિતિનો સામનો કરવા મથે છે. બાલવાડીમાં બાળકો જે કાંઇ શીખે છે તે બધું પ્રત્યક્ષ અનુભવ અને ક્રિયાઓ દ્વારા જ શીખે છે. ત્યાં પોપટપંચીને બિલકુલ સ્થાન નથી. ભાષા, ભૂગોળ, ગણિત, વિજ્ઞાન, ઇતિહાસ, આરોગ્ય, નીતિ, ધર્મ, નાગરિકતા, સામાજિકતા વગેરે વિષયોનું જ્ઞાન બાળકો પ્રત્યક્ષ પરિચયથી જ મેળવે એ માટે બાળકો પોતાના શહેરનાં બધાં જોવા લાયક સ્થળો જોવા જાય છે. બાગબગીચા, નદીઓ, કુંગર, તળાવ, કૂવા, બંગલાઓ, ઝૂંપડાઓ, મંદિરો, મસ્જિદો, ચર્ચો, ગુરુદ્વારાઓ વગેરે જાતે ફરીને જોવાનાં હોય છે. આ આટલી મોટી વાત છે કે બાળકને તેમાંથી મળતી પ્રેરણા જિંદગી સુધી ટકે છે અને તે જીવનનું એક અવિભાજ્ય અંગ બને છે.

બાલવાડીનું બાળક માત્ર માનવસમાજની સાથે જ પરિચિત હોય છે એમ નથી, પણ તે આસપાસના પશુપંખી અને વૃક્ષવનસ્પતિઓનાં જીવનમાં પણ રસ લે છે અને તેમની સાથે સખ્ય અને બંધુત્વ બાંધે છે. આવું બાળક કદી પણ નિષ્ઠુર, હિંસક, ક્રૂર, અને અત્યાચારી નહિ થઇ શકે.

આ અને આવા બીજા આદેશોથી અને હેતુઓથી પ્રેરિત થઇ બાલવાડી પોતાનું કામ દેશવ્યાપી સ્વરૂપમાં શરૂ કરવા માગે છે. દરેક ગામ, તાલુકો, શહેર અને મહોલ્લામાં નાનાં બાળકો માટે આવી એક નહિ પણ અનેક બાલવાડીઓ સ્થાપવી જોઇએ. આ પવિત્ર અને રાષ્ટ્રનિર્માણકારી કામને માટે હજારો, લાખો સેવાભાવી, ઉત્સાહી, સમજદાર, સાહસી અને સહૃદય યુવકયુવતીઓએ આગળ આવવું જોઇએ અને દેશનાં બાળકોના સામુહિક અભ્યુદય માટે પોતાની સેવાઓ આપવી જોઇએ. દરરોજના ત્રણચાર કલાક જ આપણે ગમે તેમ કરી બાળકો સાથે ગાળીએ અને તેમને માટે વિકાસક વાતાવરણ પેદા કરી શકીએ, તો ખૂબ મોટું કામ થશે.

મુખ્ય સવાલ બાળકો વિષેની પોતાની દૃષ્ટિ ફેરવી નાખવાનો છે. આજસુધી આપણે આપણા કૌટુંબિક,

નાગરિક અને રાષ્ટ્રિય જીવનમાં બાળકોની અવગણના જ કરી છે. તેમને તેમનું અનુરૂપ સ્થાન આપણે આપ્યું નથી. તેથી આપણા દેશના દલિતવર્ગમાં સ્ત્રીઓ અને હરિજનોની સાથે બાળકોની પણ ગણતરી કરવામાં આવે છે. કોઇપણ જાગૃત સમાજને કે રાષ્ટ્રને આ વાત અસહ્ય થવી જોઇએ. આજે આપણે દેશને માટે સ્વરાજ્ય અને સ્વાતંત્ર્ય મેળવવાની વાતો કરીએ છીએ. આવે વખતે આપણું એ કર્તવ્ય છે કે આપણે આપણા ઘરોમાં અને શાળાઓમાં બાળકોને સંપૂર્ણ સ્વાતંત્ર્ય આપીએ, જેથી બાળકો સ્વાવલંબનથી, સ્વાભિમાનથી પોતાની રુચિ અને વૃત્તિને અનુસરીને પોતાના વ્યક્તિત્વનો સુંદર વિકાસ સાધી શકે અને રાષ્ટ્રના સાચા, સ્વતંત્ર, સ્વાભિમાની અને નીડર નાગરિક થઇ શકે.

બાલવાડીઓ, બાલઘરો અને બાલમંદિરો એ બધાં દ્વારા બાલસ્વાતંત્ર્ય અને બાલવિકાસ સાધવાનું આ કામ આપણે ઘણી સારી રીતે વ્યવસ્થિત અને સુસંઘટિત રીતે કરી શકીશું. આપણું ધ્યેય સ્પષ્ટ હોવું જોઇએ. બાળકને કેન્દ્રમાં રાખીને આપણે આપણો બધો કાર્યક્રમ આંકવાનો છે. આપણા મનમાં બાળક વિષે આદરની ભાવના હોવી જોઇએ. બાળક રાષ્ટ્રનું સાચું ધન અને અમૂલ્ય અંગ છે એ વાત આપણે હમેશા યાદ રાખવી જોઇએ. બાલોપાસના જ આપણી બધી ઉપાસનાઓનું કેન્દ્રબિન્દુ થવું જોઇએ. બાળકો દ્વારા આપણે આપણા સમકાલીન સમાજની અને રાષ્ટ્રની ઉત્કૃષ્ટ સેવા કરવી છે એ વાત આપણા મનમાં હસી જવી જોઇએ. રાષ્ટ્રનિર્માણ એ અત્યંત પવિત્ર અને આવશ્યક કાર્ય છે. તેની ઉપેક્ષા કરવાથી આપણું ભયંકર નુકસાન થયું છે એ વાત આપણે સ્વપ્નામાં પણ ભૂલવી નહિ જોઇએ. તો જ આપણે એ દિશામાં કશું કરી શકીશું. આપણે આમ કરીએ,– તરત જ કરીએ અને દૃઢ નિશ્ચયથી કરીએ તો કેવું સારૂ થશે!

(હિંદીમાંથી) કાશિનાથ ત્રિવેદી

# સૌ કોઈ વિચારે!

ચાર વર્ષના સુમાતભાઇના માબાપ મને વખતોવખત કહેતાં કે સુમતિ ચોરી કરે છે, જૂઠું બોલે છે, ગાળો દે છે, ને સામો થાય છે. હું સુમતિભાઇના વર્તનની વાતોતેમની પાસેથી ખુલાસાવાર પૂછતો. પણ તેઓ સ્પષ્ટ વાત કહેતાં સંકોચાતાં. એટલે સુમતિભાઇના ઉપરોકત દોષો માટે જવાબદાર કોણ છે? ને કયાં શું કરવું? તે મુશ્કેલ હતું.

એક દિવસ સુમતિભાઇનાં બા સુમતિભાઇને બાલમંદિરે મૂકવા આવ્યાં તે સમયે તેમણે કહ્યું: "જુઓને ભાઇ, સુમતિ આજે કોઇનો નાનો ગંજીપો ચોરી લાવ્યો છે. અમે બધાં ઘરનાંઓએ તેને ખૂબ સમજાવ્યો ને ખૂબ માર્યો છતાં ગંજીપો કોનો લાવ્યો છે તે વાત કહેતો નથી. ને વળી અમારી સામે થાય છે, ને ગંદી ગાળો દે છે. હવે સાંજ સુધીમાં અડોશીપડોશીની તકરાર આવશે. અમે તો હવે એનાથી કંટાળ્યાં. હવે તમે તેને કંઇ શીખામણ આપો ને સુધારો તો સારું."

મેં કહ્યું: "સુમતિભાઇમાં બુદ્ધિ તો ખૂબ જ છે. તેમને શિખામણ આપવાની જરૂર નથી. પણ તમો સુમતિભાઇને ચોરી કબૂલ કરાવવા તેમને સમજાવો કે ભય બતાવો કે માર મારો તે બરોબર નથી. તેથી તો ઉલટું બાળક નઠોર થતું જાય છે ને તેમાંથી અનેકવિધ વિકૃતિઓ જન્મે છે.

"આપણે પ્રથમ બાળકની જરૂરી વસ્તુઓની ભૂખ સંતોષવી જોઇએ. એ પછી બાળકમાં આવેલી વિકૃતિઓ જતી રહેશે. જો તમો એ બાળકને તે લાવ્યો હતો તેવો નાનો ગંજીપો બજારમાંથી લાવીને આપ્યો હોત ને કહ્યું હોત કે 'ભાઇ, તમે ગંજીપો જ્યાંથી લાવ્યા હો ત્યાં મૂકી આવો.' તો તમારે અને બાળકને જરા પણ કલેશ થયા વગર ચોરીની વાતનો ઉકેલ થયો હોત!

"બાળકમાં પડેલી આવી આદતો કેવળ શિખામણ, ભય કે મારથી ઘટશે નહિ પણ પ્રથમ આપણે બાળક સાથે વિશ્વાસ કેળવવો જોઇએ અને તેની કેટલીક જીવન–વિકાસની આવશ્યક વસ્તુઓની યોગ્ય માગણીની ભૂખનો આપણે ઉંડો વિચાર કરીને જેટલે દરજ્જે સંતોષાય તેટલી સંતોષીએ તો પછી બાળક ચોરી નહિ કરે ને ચોરીને છુપાવવા માટે આવેલું જુઠાપણું ને ચોરીને કબૂલ કરાવવા આપણા દમન સામે પ્રતિકાર કરવા આવેલી ગાળો અને સામે થવાની આદત બંધ થઇ જશે.

"માટે સૌ કોઇ વિચારે કે બાળકમાં આવેલી વિકૃતિનું જન્મસ્થાન કયાં છે?"

અમૃતભાઇ કે. જાની,
મુખ્ય આચાર્ય, બાલમંદિર, માણસા.

નવાં નવાં કામો કરતું થાય અને પોતાના કામો પસંદ કરતાં શીખે.

બાલવાડીનો બીજો મુખ્ય ઉદ્દેશ નાનાં બાળકોમાં બાલપણથી જ શરીરશ્રમની પ્રતિષ્ઠાની ભાવના જાગૃત કરવાનો છે. આજનો આપણો શિક્ષિતવર્ગ અનેક કારણોને લીધે કામચોર થયો છે. આ કામચોર વૃત્તિનું મહત્ત્વ એટલું બધું વધ્યું છે કે હૃષ્ટપુષ્ટ અને બબડધજ માણસો પણ થોડું ઘણું શીખ્યા પછી પોતાના કામો જાતે કરતાં શરમાય છે અને બીજા પાસે પોતાનાં કામો કરાવવામાં પ્રતિષ્ઠા માને છે. આજના શિક્ષિતોનો એક જ મહામંત્ર હોય છે અને તે એ કે ઓછામાં ઓછું કામ કરીને વધુમાં વધુ ધન કમાવું! તેમની દ્રવ્યપ્રાપ્તિ હકની કે પ્રામાણિકતાની નથી હોતી એ વાત તદ્દન સ્પષ્ટ છે. ગીતાજીના શબ્દોમાં તો આ પાપ-ચોરી છે; અને તેથી જ આવી જાતની કમાણી બધી રીતે ત્યાજ્ય છે. પણ હમણાં સમાજમાં એવી કમાણીનું જ મહત્ત્વ વધારે છે.

બાલવાડીએ આ પ્રતિષ્ઠાનો નાશ કરવાનું બીડું ઝડપ્યું છે. જ્યાં સુધી આપણા સમાજમાં શરીરશ્રમ અને લોકસેવા માટે કરવામાં આવતી મહેનતની પ્રતિષ્ઠા વધતી નથી, ત્યાં સુધી સમાજના સર્વાંગીણ અભ્યુત્થાનની આશા રાખવી ફોગટ છે. તેથી જ બાલ-વાડીનાં બાળકો પોતાનાં કપડાં, ઘર, આસપાસનો ભાગ અને બાગબગીચાની સાફસૂફી જાતે જ કરતાં શીખે છે. કોદાળી, પાવડો, ખરપી, ઝાડુ, ટોપલી એ તેમનાં પ્રિય હથિયારો છે અને તેમનો ઉપયોગ કરવામાં તેમને સાચો આનંદ મળે છે. આજ ઉદ્દેશથી બાળકો બાલ-વાડીમાં સૂતર કાંતવું, પીસવું, અનાજ સાફ કરવું, શાક સમારવું, રાંધવું, વાસણ માંજવાં, કપડાં ધોવાં, પીરસવું વગેરે કામો કરે છે અને આ કામો એવાં છે કે તે વિના કોઇ પણ માણસનો ઘરસંસાર નહિ ચાલી શકે.

આ દૃષ્ટિએ બાલવાડી એ બાળકોનું એવું ઘર છે કે જેમાં જીવન સાથે સંબદ્ધ એવાં બધાં કામો બાળકો જાતે સ્વાવલંબનથી, સ્વતંત્રતાથી, સ્વેચ્છાથી અને ટાપટીપથી કરતાં શીખે છે. આમાં બાળકની રુચિને પોષણ મળે જ છે પણ સામાજિક દૃષ્ટિએ પણ પોતા પર આવી પડતાં નાનાંમોટાં કામો જવાબદારીથી કરતાં તેઓ શીખે છે અને સમાજના જવાબદાર ઘટક બને છે. આજની આપણી રાજ્યવ્યવસ્થા એટલી બધી અસ્તવ્યસ્ત અને ઉચ્છૃંખલ થઇ છે કે કોઇ પણ વ્યકિત બીજી વ્યકિતને જવાબદાર છે એ ભાવના જ નથી પેદા થઇ શકતી. આ આ સ્થિતિ ખૂબ દુઃખજનક છે. બાલવાડી પોતાના વાતાવરણ દ્વારા આ સ્થિતિનો સામનો કરવા મથે છે. બાલવાડીમાં બાળકો જે કાંઇ શીખે છે તે બધું પ્રત્યક્ષ અનુભવ અને ક્રિયાઓ દ્વારા જ શીખે છે. ત્યાં પોપટપંચીને બિલકુલ સ્થાન નથી. ભાષા, ભૂગોળ, ગણિત, વિજ્ઞાન, ઇતિહાસ, આરોગ્ય, નીતિ, ધર્મ, નાગરિકતા, સામાજિકતા વગેરે વિષયોનું જ્ઞાન બાળકો પ્રત્યક્ષ પરિચયથી જ મેળવે એ માટે બાળકો પોતાના શહેરનાં બધાં જોવા લાયક સ્થળો જોવા જાય છે. બાગબગીચા, નદીઓ, કુંવર, તળાવ, કૂવા, બંગલાઓ, ઝૂંપડાઓ, મંદિરો, મસ્જિદો, ચર્ચો, ગુરુદ્વારાઓ વગેરે જાતે ફરીને જોવાનાં હોય છે. આ આટલી મોટી વાત છે કે બાળકને તેમાંથી મળતી પ્રેરણા જિંદગી સુધી ટકે છે અને તે જીવનનું એક અવિભાજ્ય અંગ બને છે.

બાલવાડીનું બાળક માત્ર માનવસમાજની સાથે જ પરિચિત હોય છે એમ નથી, પણ તે આસપાસના પશુપંખી અને વૃક્ષવનસ્પતિઓનાં જીવનમાં પણ રસ લે છે અને તેમની સાથે સખ્ય અને બંધુત્વ બાંધે છે. આવું બાળક કદી પણ નિષ્ઠુર, હિંસક, ક્રૂર, અને અત્યા-ચારી નહિ થઇ શકે.

આ અને આવા બીજા આદેશોથી અને હેતુઓથી પ્રેરિત થઇ બાલવાડી પોતાનું કામ દેશવ્યાપી સ્વરૂપમાં શરૂ કરવા માગે છે. દરેક ગામ, તાલુકો, શહેર અને મહોલ્લામાં નાનાં બાળકો માટે આવી એક નહિ પણ અનેક બાલવાડીઓ સ્થાપવી જોઇએ. આ પવિત્ર અને રાષ્ટ્રનિર્માણકારી કામને માટે હજારો, લાખો સેવાભાવી, ઉત્સાહી, સમજદાર, સાહસી અને સહૃદય યુવકયુવતી-ઓએ આગળ આવવું જોઇએ અને દેશનાં બાળકોના સામુહિક અભ્યુદય માટે પોતાની સેવાઓ આપવી જોઇએ. દરરોજના ત્રણચાર કલાક જ આપણે ગમે તેમ કરી બાળકો સાથે ગાળીએ અને તેમને માટે વિકાસક વાતાવરણ પેદા કરી શકીએ, તો ખૂબ મોટું કામ થશે.

મુખ્ય સવાલ બાળકો વિષેની પોતાની દૃષ્ટિ ફેરવી નાખવાનો છે. આજસુધી આપણે આપણા કૌટુંબિક,

નાગરિક અને રાષ્ટ્રિય જીવનમાં બાળકોની અવગણના જ કરી છે. તેમને તેમનું અનુરૂપ સ્થાન આપણે આપ્યું નથી. તેથી આપણા દેશના દલિતવર્ગમાં સ્ત્રીઓ અને હરિજનોની સાથે બાળકોની પણ ગણતરી કરવામાં આવે છે. કોઇપણ જાગૃત સમાજને કે રાષ્ટ્રને આ વાત અસહ્ય થવી જોઇએ. આજે આપણે દેશને માટે સ્વરાજ્ય અને સ્વાતંત્ર્ય મેળવવાની વાતો કરીએ છીએ. આવે વખતે આપણું એ કર્તવ્ય છે કે આપણે આપણા ઘરોમાં અને શાળાઓમાં બાળકોને સંપૂર્ણ સ્વાતંત્ર્ય આપીએ, જેથી બાળકો સ્વાવલંબનથી, સ્વાભિમાનથી પોતાની રુચિ અને વૃત્તિને અનુસરીને પોતાના વ્યક્તિત્વનો સુંદર વિકાસ સાધી શકે અને રાષ્ટ્રના સાચા, સ્વતંત્ર, સ્વાભિમાની અને નીડર નાગરિક થઇ શકે.

બાલવાડીઓ, બાલઘરો અને બાલમંદિરો એ બધાં દ્વારા બાલસ્વાતંત્ર્ય અને બાલવિકાસ સાધવાનું આ કામ આપણે ઘણી સારી રીતે વ્યવસ્થિત અને સુસંઘટિત રીતે કરી શકીશું. આપણું ધ્યેય સ્પષ્ટ હોવું જોઇએ. બાળકને કેન્દ્રમાં રાખીને આપણે આપણો બધો કાર્યક્રમ આંકવાનો છે. આપણા મનમાં બાળક વિષે આદરની ભાવના હોવી જોઇએ. બાળક રાષ્ટ્રનું સાચું ધન અને અમૂલ્ય અંગ છે એ વાત આપણે હમેશા યાદ રાખવી જોઇએ. બાજોપાસના જ આપણી બધી ઉપાસનાઓનું કેન્દ્રબિન્દુ થવું જોઇએ. બાળકો દ્વારા આપણે આપણા સમકાલીન સમાજની અને રાષ્ટ્રની ઉત્કૃષ્ટ સેવા કરવી છે એ વાત આપણા મનમાં દૃઢ જડવી જોઇએ. રાષ્ટ્રનિર્માણ એ અત્યંત પવિત્ર અને આવશ્યક કાર્ય છે. તેની ઉપેક્ષા કરવાથી આપણું ભયંકર નુકસાન થયું છે એ વાત આપણે સ્વપ્નામાં પણ ભૂલવી નહિ જોઇએ. તો જ આપણે એ દિશામાં કશું કરી શકીશું. આપણે આમ કરીએ, તરત જ કરીએ અને દૃઢ નિશ્ચયથી કરીએ તો કેવું સારૂ થશે!

(હિંદીમાંથી) કાશિનાથ ત્રિવેદી

# સૌ કોઇ વિચારે!

ચાર વર્ષના સુમતિભાઇના બાપા મને વખતોવખત કહેતાં કે સુમતિ ચોરી કરે છે, જૂઠું બોલે છે, ગાળો દે છે, ને સામો થાય છે. હું સુમતિભાઇના વર્તનની વાતોઅંતમની પાસેથી ખુલાસાવાર પૂછતો. પણ તેઓ સ્પષ્ટ વાત કહેતાં સંકોચાતાં. એટલે સુમતિભાઇના ઉપરોકત દોષો માટે જવાબદાર કોણ છે? ને ક્યાં શું કરવું? તે મુશ્કેલ હતું.

એક દિવસ સુમતિભાઇનાં બા સુમતિભાઇને બાલમંદિરે મૂકવા આવ્યાં તે સમયે તેમણે કહ્યું: "જુઓને ભાઇ, સુમતિ આજે કોઇનો નાનો ગંજીપો ચોરી લાવ્યો છે. અમે બધાં ઘરનાંઓએ તેને ખૂબ સમજાવ્યો ને ખૂબ માર્યો છતાં ગંજીપો કોનો લાવ્યો છે તે વાત કહેતો નથી. ને વળી અમારી સામે થાય છે, ને ગંદી ગાળો દે છે. હવે સાંજ સુધીમાં અડોશીપડોશીની તકરાર આવશે. અમે તો હવે એનાથી કંટાળ્યાં. હવે તમે તેને કંઇ શીખામણ આપો ને સુધારો તો સારું."

મેં કહ્યું: "સુમતિભાઇમાં બુદ્ધિ તો ખૂબ જ છે. તેમને શિખામણ આપવાની જરૂર નથી. પણ તમો સુમતિભાઇને ચોરી કબૂલ કરાવવા તેમને સમજાવો કે ભય બતાવો કે માર મારો તે બરોબર નથી. તેથી તો ઉલટું બાળક નઠોર થતું જાય છે ને તેમાંથી અનેકવિધ વિકૃતિઓ જન્મે છે.

"આપણે પ્રથમ બાળકની જરૂરી વસ્તુઓની ભૂખ સંતોષવી જોઇએ. એ પછી બાળકમાં આવેલી વિકૃતિઓ જતી રહેશે. જો તમો એ બાળકને તે લાવ્યો હતો તેવો નાનો ગંજીપો બન્નરમાંથી કાવીને આપ્યો હોત ને કહ્યું હોત કે 'ભાઇ, તમે ગંજીપો જ્યાંથી લાવ્યા હો ત્યાં મૂકી આવો.' તો તમારે અને બાળકને જરા પણ કલેશ થયા વગર ચોરીની વાતનો ઉકેલ થયો હોત!

"બાળકમાં પડેલી આવી આદતો કેવળ શિખામણ, ભય કે મારથી ઘટશે નહિ પણ પ્રથમ આપણે બાળક સાથે વિશ્વાસ કેળવવો જોઇએ અને તેની કેટલીક જીવન-વિકાસની આવશ્યક વસ્તુઓની યોગ્ય માગણીની ભૂખનો આપણે ઉંડો વિચાર કરીને જેટલે દરજ્જે સંતોષાય તેટલી સંતોષીએ તો પછી બાળક ચોરી નહિ કરે ને ચોરીને છુપાવવા માટે આવેલું જુઠાપણું ને ચોરીને કબૂલ કરાવવા આપણા દમન સામે પ્રતિકાર કરવા આવેલી ગાળો અને સામે થવાની આદત બંધ થઇ જશે.

"માટે સૌ કોઇ વિચારે કે બાળકમાં આવેલી વિકૃતિનું જન્મસ્થાન ક્યાં છે?"

અમૃતભાઇ કે. જાની,
મુખ્ય આચાર્ય, બાલમંદિર, માણસા.

# ગુજરાતની પ્રાથમિક કેળવણીની કંગાલિયત દૂર કરવા સંબંધી જાણીતા મહાસભાવાદી નેતા શ્રી. મોરારજી દેસાઇની કામતી

## —વિચારકણિકા—

[ ગૂજરાત પ્રાથમિક કેળવણીમંડળના મંત્રીઓએ શ્રી. મોરારજીભાઇ દેસાઇની મુલાકાત લીધી ત્યારે પ્રાથમિક કેળવણીના પ્રશ્નો સંબંધી જે પ્રશ્નોત્તરી થઇ તેનો નિષ્કર્ષ નીચે મુજબ છે. ]

### ટ્રેઇનિંગ કૉલેજમાં કોમી ધોરણે થતી પસંદગી સંબંધી

હું જાણું છું કે પછાત કોમોમાંથી શિક્ષકવર્ગને જે વિશિષ્ટ પસંદગી અપાય છે તેમાં ગુણ-Qualityનું તત્ત્વ વધે એ જરૂરનું છે. પછાત કોમોને રાષ્ટ્રના ધડતરમાં આગળ લાવવાનો આપણો ઉદ્દેશ-સદ્ભાવ અને તેમ કરવા છતાં ગુણ-Qualityમાં તેઓ જરાય પછાત ન રહે તેવું થવું જોઇએ. અમુક શિક્ષક અમુક પછાત વર્ગમાંથી આવે છે માટે તેના ગુણ ઓછા હશે તો ચાલશે એમ રાખશું તો કેળવણીનું ધોરણ નીચે જશે એ સમજું છું. માટે આપણી ટ્રેઇનિંગ કૉલેજોમાં પ્રવેશ મેળવવા માટે પછાત કોમોને આપણે વિશિષ્ટ પસંદગી ભલે આપીશું, પરંતુ તે કૉલેજોની પરીક્ષાઓ પસાર કરવા માટે તેમને કોઇપણ વિશિષ્ટ ધોરણ નહિ આપીએ. તે પરીક્ષાઓ પસાર કરવાના સર્વસામાન્ય ધોરણમાંથી પસાર થવા માટે તેવી કોમોમાંથી તૈયાર થતા શિક્ષકે વધુ સમય ગાળવાની જરૂર રહેતી હશે તો તેમ થવા દેવું પડશે. મતલબ કે શિક્ષક થવાની લાયકાત તો સર્વસામાન્ય ધોરણે મળે તેવું કરવું પડશે. આ એક જ વ્યવહારુ માર્ગ મને આ પ્રશ્ન અંગે જણાય છે.

### આજની ટ્રેઇનિંગ કૉલેજો સંબંધી

આજની ટ્રેઇનિંગ કૉલેજોના પ્રિન્સીપાલોમાં અને અધ્યાપકવર્ગમાં ધરમૂળના ફેરફાર જલદી લાવવા જોઇએ. નવરાષ્ટ્રના ઘડતરની કેળવણીના વિચારો જેના લોહીમાં સતત વહ્યા છે તેવા નવીન વિચારના પ્રાણવાન કેળવણીકારના હાથમાં ટ્રેઇનિંગ કૉલેજોનું સુકાન મૂકીશું ત્યારે જ તેવા પ્રિન્સીપાલના સહવાસથી પ્રાણવાન શિક્ષકવર્ગ પેદા થશે. સરકારી રીતરસમ seniorityથી, ખુશામતથી કે લાગવગથી તે ખુરસીઓ શોભાવનારાઓ આ કૉલેજની સીકલ નહિ બદલી શકે. આપણે ઠેકઠેકાણે ટ્રેઇનિંગ કૉલેજો સારી સંસ્થામાં ખોલીને નવીન શિક્ષકોનો મોટો સમુદાય ઝડપભેર તૈયાર કરવો જોઇશે. તેવી પ્રજાકીય કૉલેજોને સરકારે મદદ અને ઉત્તેજન આપી અપનાવવી પડશે. તે કૉલેજોના અધ્યાપકો પણ નવલોહિયા અને રાષ્ટ્રીય જરૂરીઆતોને પોષે તેવી કેળવણીના વિચારના હશે. સરકારી ચક્રો આ દૃષ્ટિએ આપણે બદલવાં જ પડશે. તેમ કર્યા વિના અત્યારની કૉલેજોનું સ્વરૂપ બદલાશે નહિ.

### ડિરેક્ટર ઓફ પબ્લિક ઇન્સ્ટ્રક્શન સંબંધી

અને આટલેથી જ અટકીશું તો કેળવણીની સિકલ બદલવાની કૂચકદમ અધૂરી જ રહેશે. પ્રાથમિક શિક્ષણ બદલાશે અને બાળકોને દેશની માયામૂડી લેખશું ત્યારે જ પ્રજાનું સાચું ઘડતર થશે. પ્રાથમિક કેળવણીમાં ધરમૂળના ફેરફાર તો પબ્લિક ઇન્સ્ટ્રક્શનનો ડિરેક્ટર લાવી શકશે. તે જગા પણ seniority, લાગવગ, કે તેવી કોઇ જૂની રીતે ન પુરાવી જોઇએ. જેમ પ્રધાનોની પસંદગી તેમની સેવાભાવનાના મૂલ્યાંકનથી થાય છે તેમ કેળવણીના ડિરેક્ટર પણ તે જ મૂલ્યાંકનથી પસંદ કરવા જોઇશે. તેની પસંદગીનો દૃષ્ટિકોણ બદલાશે અને તેનો અમલ થશે ત્યારે જ આપણે મૂળભૂત ફેરફાર આણી શકીશું. પ્રાથમિક કેળવણીના કૂટ પ્રશ્નોમાં જેણે જીવન અર્પણ કર્યું હશે એવા વ્યવહારદક્ષ કેળવણીકાર શોધી તેવાને જ તે સુકાન સોંપવું પડશે. આવા સુકાનીઓ જડી આવશે. મારું ચાલે તો નવી સરકારને હું આવો ધરમૂળનો ફેરફાર કરવાનું સૂચવું. અને તેમ કર્યા પછી તેવા ભાવનાશાળી સુકાનીને હું સર્વ સત્તા સોંપવાની અને છૂટ્ટો દોર આપવાની હિમાયત કરી પ્રધાનમંડળ તેની પડખે ઉભું રહે તેમ કરું. આ ફેરફાર થાય તો જોઇ લો કે થોડા જ વર્ષમાં આપણાં પ્રાણવાન બાળકોનું પોત કોઇ ઓર રીતે પ્રકાશશે. કેળવણીના સાચા વિકાસ માટે આવું પગલું મને અત્યંત જરૂરી લાગે છે.

## સ્થાનિક સ્વરાજની સ્કૂલબોર્ડો સંબંધી

સને ૧૯૨૩નો પ્રાથમિક કેળવણીનો કાયદો ફેરવવો તો પડશે. તે ફેરફાર કરતી વખતે સ્થાનિક સ્વરાજની ભાવના સચવાય અને પ્રાથમિક કેળવણી વિકસાવવામાં કોઇ પણ અંતરાય આવે નહિ એવું દૃષ્ટિબિંદુ સાચવવું પડશે. અત્યારની સ્કૂલબોર્ડો સરકાર જ ચલાવે એવો એક વિચાર કેટલીક જગ્યાએ પ્રચલિત છે. તેનાં કારણોમાં તો ૧૯૨૩ના કાયદાની ઊણપો છે. તે ઊણપો દૂર કરી પ્રજાશક્તિને વિકસાવવી તથા કેળવણીની સ્થાનિક સ્વરાજની દૃષ્ટિ સાચવવી. આમ કરવા જતાં હું તો સ્કૂલબોર્ડો પોતે જ સ્વતંત્ર રીતે પોતાના એડમિનિસ્ટ્રેટીવ ઓફિસર નીમે તેવી હિમાયત કરું. શાળાઓને સારી કરવા તથા સારું શિક્ષણ આપવા માટે લોકલબોર્ડોએ ૧૯૨૩નો કાયદો બદલાતાં કેળવણીના સુધારા માટે નવા કર નાખવાની હિંમત બતાવવી જ જોઇશે. તે માટે ચૂંટાયેલા પ્રતિનિધિઓએ આંદોલનો ફેલાવવાં પડશે. પ્રજા સમજશે કે અમારાં નાણાંનો સદુપયોગ થાય છે તો વિના સંકોચે પ્રજા તેને અપનાવશે. કર નાખતી વખતે જે ઉચ્ચ હેતુ હોય તો ડર સેવવાની જરૂર રહેતી નથી. આજે તો જે ડયુઅલપદ્ધતિ—કેળવણીમાં દ્વિરાજપદ્ધતિ—છે તેથી પ્રાથમિક કેળવણીમાં અરાજકતા છે. તે અરાજકતા ૧૯૨૩નો કાયદો વધુ વિસ્તૃત કરીને દૂર કરી શકાશે. તે નાબૂદ કરવાથી પ્રજાશક્તિ ખીલતી નથી તેવો વિચાર હું અપનાવું નહિ. પ્રજાકીય સંસ્થામાં શિક્ષકોને અવિશ્વાસ આવી ગયો છે તે મારી જાણ બહાર નથી. પરંતુ જો સંચાલન સારું થશે તો તે વિશ્વાસ પાછો મેળવી શકાશે. સંચાલન જોઇએ તેવું નહિ હોય તો તે સ્કૂલબોર્ડોને પ્રજાકીય સરકાર એક દિવસ પણ ન નિભાવી શકે. પ્રજાકીય સરકાર હોય તો તેવો અવિશ્વાસ સેવવાની જરૂર નથી.

## શિક્ષકોના પગાર સંબંધી

આજના કંગાલ પગારો એક ક્ષણ પણ નિભાવી ન શકાય. અંગત રીતે તો હું એમ કહું કે એક પટાવાળાને પણ આજનાં જીવનધોરણે માસિક રૂ. ૪૦થી ઓછો પગાર ન મળવો જોઇએ. આટલા ઉપરથી શિક્ષકના પગાર સંબંધીના મારા વિચાર સમજી શકાશે. સરકારના અન્ય ખાતાના પગારદારોના ધોરણે કેળવણી ખાતાના પગારદારોનું ધોરણ અત્યારે છે તેથી નીચું હોય તો તેમાં સત્વર ફેરફાર થવો જોઇએ.

## શિક્ષકો સંબંધી

આમ હું વિચારું છું છતાં એમ માનું છું કે શિક્ષકોના પગાર વધે એટલાથી જ તેમનું કામ સંગીન થઇ જવાનું નથી. આજે શિક્ષકોનો અમુક ભાગ એવો છે, જેમણે કાં તો આ ધંધો છોડવો જોઇએ અગર તો તેમનામાં રહેલો પ્રાણ મૂળ સ્વરૂપે તેમણે પ્રગટવા દેવો જોઇએ. સાચો શિક્ષક કયાંય ભૂખ્યો નહિ રહે. નવી સરકારે શિક્ષકના જીવનના ઉકેલ લાવવા પડશે. તેમને માટે મધ્યમ વર્ગના એક ગૃહસ્થ તરીકે સભ્યતા, સુઘડતા અને સ્વસ્થતાથી ચિંતારહિત જીવન ગાળી શકાય એટલું પગારનું ધોરણ રાખવું પડશે, તે રાખશે. પરંતુ તેટલું બસ નથી. તમારા જેવા કાર્યકરો કે જેઓ શિક્ષકવર્ગના સંપર્કમાં છે તેમણે તેમને સમજાવવા જોઇએ કે 'ફરજ ન ચૂકો'. મારી કહેવાની મતલબ એ છે કે શિક્ષક સંબંધેના હલકા વિચારો સમાજે છોડવા જોઇએ અને શિક્ષકે ગમે તે સંયોગોમાં પોતાની ફરજો અદા કરતાં શીખવું જોઇએ. જે શિક્ષકો તે ભાવના સેવશે તે જ આવતા જમાનામાં ટકી શકશે.

## સરવાળો

૧. પબ્લિક ઇન્સ્ટ્રકશનનો ડાયરેકટર નવીન વિચારનો હોય અને સરકારી જૂની રીતરસમે હોદ્દા પર આવતો ન હોય પરંતુ ભાવનાના બળે પસંદ થતો હોય,

૨. ટ્રેઇનિંગ કૉલેજોની સીકલ પણ બદલાતી હોય અને ગુણની દૃષ્ટિએ જ શિક્ષકોને શિક્ષક તરીકેનું પ્રમાણપત્ર મળતું હોય,

૩. શિક્ષકોનું જીવનધોરણ બદલાયું હોય, શિક્ષકનો દરજ્જો વધ્યો હોય,

૪. વર્ધાયોજના પ્રમાણેની પ્રાથમિક કેળવણીમાં જ દેશનો સાચો ઉદ્ધાર સમજાયો હોય,

૫. સને ૧૯૨૩નો પ્રાથમિક કેળવણીનો કાયદો કેળવણીની સુધારણા માટે વિસ્તૃત સત્તા આપી શકતો હોય,

૬. પ્રજાકીય સભ્યો લોકલબોર્ડો દ્વારા કેળવણીની સુધારણા ખાતર કર નાખવાની હિંમત કરી શકતા હોય,

૭. અને અત્યારનો શિક્ષકવર્ગ પોતાની ફરજ સમજી પોતાના કાર્યો ઉમંગ, ઉત્સાહ અને ખંતથી કરતો થાય.

તો આ સપ્તવિધ પ્રયત્નોથી કેળવણીની સીકલ બહુ ટૂંક સમયમાં જ બદલાઇ જાય.

તા. ૨૪–૧–૪૬. (સહી) મોરારજી દેસાઇ

# શિશુવિહાર, બાલઅધ્યાપનમંદિર, દાહોદ

## પ્રવેશપરીક્ષા વિષે નિયમ અને માહિતી

આ વર્ષથી શિશુવિહાર અધ્યાપનમંદિરની પ્રવેશ અને વાર્ષિક પરીક્ષા લેવાનું કામ "પૂર્વપ્રાથમિક અધ્યાપન નિયંત્રણ સમિતિ, પૂના"ને સોંપવામાં આવ્યું છે.

જેમને અધ્યાપનમંદિરમાં જોડાવાની ઇચ્છા હોય તેમણે પ્રવેશની બાબતમાં નીચેની વાતો ધ્યાનમાં રાખવી.

૧. બાલઅધ્યાપનમંદિરમાં સાધારણતઃ મેટ્રિક કિંવા તત્સમ પરીક્ષા પસાર કરી હોય એવા વિદ્યાર્થિઓને પ્રવેશ મળશે.

૨. ઉપરની યોગ્યતા ન હોય તેવા વિદ્યાર્થીઓની અધ્યાપનકેન્દ્રમાં નિયંત્રણ સમિતિ તરફથી પ્રવેશપરીક્ષા લેવામાં આવશે.

૩. પ્રવેશપરીક્ષા માટે નીચેના વિષયો રહેશેઃ

પ્રશ્નપત્ર ૧ (૧) બાળકો વિષે સામાન્ય જ્ઞાન.
(૨) સામાન્ય જ્ઞાન.

પ્રશ્નપત્ર ૨ (માતૃભાષા)
(૧) નિબંધ (૨) ઉતારાનો ખુલાસો.

પ્રશ્નપત્ર ૩: ગણિત અને પ્રેક્ટિકલ જોમેટ્રી.

પ્રશ્નપત્ર ૪: સામાન્ય વિજ્ઞાન (સૃષ્ટિનિરીક્ષણ).

આ વર્ષે પ્રવેશપરીક્ષાની તારીખો ૧૦ અને ૧૧ જૂન ૧૯૪૬ રાખી છે. દરેક વિષયમાં ૪૦ ટકા અને કુલ ૫૦ ટકા ગુણ મળવાથી ઉત્તીર્ણ ગણવામાં આવશે.

લિખિત પરીક્ષાની સાથે જ સંસ્થાની મુખ્ય અધ્યાપિકા મૌખિક પરીક્ષા લેશે અને તેનો રિપોર્ટ બોર્ડ ઉપર મોકલી આપશે.

પ્રવેશપરીક્ષા પહેલાં પ્રવેશપત્રિકા ભરી સાથે ૩. પાંચ પ્રવેશથી ભરવી પડશે.

પ્રવેશઅરજી સાથે પોતે જે સંસ્થામાં છેલ્લે શિક્ષણ લીધું હોય તે સંસ્થાનું લીવિંગ સર્ટિફિકેટ અને શારીરિક આરોગ્ય બાબતનું દાક્તરી સર્ટિફિકેટ મોકલવાં જોઇએ. અધ્યાપનવર્ગ આ વર્ષે તા૦ ૨૪-૬-૪૬થી શરૂ થશે.

## બાલઅધ્યાપનમંદિરના વાર્ષિક નિયમો

૧. દરેક વિદ્યાર્થીની વર્ષમાં ૧૪૦ દિવસની હાજરી ભરાવી જોઇએ. તા. ૧૦મી માર્ચે પરીક્ષા-ફોર્મ્સ મોકલવાના હોય છે. તે વખતે દરેક વિદ્યાર્થીની હાજરી ૧૧૦ દિવસની હોવી જોઇએ.

૨. દરેક વિદ્યાર્થીએ વર્ષમાં ૩૦ પાઠ આપવાના છે અને ઓછામાં ઓછા દસ દિવસ વર્ગ ચલાવવાના છે.

૩. ૬૦ વર્ગઅવલોકનો લખી આપવાં જોઇએ.

૪. ૪૦ આદર્શ પાઠોની નિરીક્ષણનોંધ થવી જોઇએ.

૫. સંગીત, હિંદી, શારીરિક — આ વિષયોની પરીક્ષા કેન્દ્રોમાં લેવામાં આવશે અને તેમાં પાસ થયાનું સર્ટિફિકેટ પરીક્ષાફોર્મ સાથે બોર્ડ પાસે મોકલવામાં આવશે.

તારાબેન મોડક, મુખ્યાધ્યાપિકા

# બાલશિક્ષકને સૂચના

બાલમંદિરમાં બાળકોને પાઠ આપવા અને તેમનો વર્ગ ચલાવવો એ બીજી શાળાઓ કરતાં ઘણી જુદી રીતે કરવું પડે છે. તેમાં જે ભૂલો ઘણે ભાગે થાય છે તે બાબતમાં અહીં કેટલીએક સૂચનાઓ આપું છું.

હમણાં જ શિશુવિહારમાં બાળકોના પાઠોની પરીક્ષા થઇ. આજના વિદ્યાર્થીઓ એ જ આવતી કાલના બાલશિક્ષકો છે. આજે તેમની જે ભૂલો થઇ તે શિક્ષક તરીકે પણ તેમનાથી થતી જવાની, તેથી સામાન્યતઃ થતી ભૂલો તરફ બધા વિદ્યાર્થીઓ અને શિક્ષકોનું ધ્યાન ખેંચાય એ ખાતર આ સૂચનાઓ આપી છે.

૧. આપણી શાળાઓમાં વ્યક્તિગત શિક્ષણ હોય છે તેથી એકેક બાળકને પાઠ આપવામાં આવે છે. પણ આનો અર્થ એ નથી કે એક બાળકને આપણે એક રમત બતાવતા હોઇએ ત્યારે બીજો બાળક આવે તો આપણે તેના તરફ ધ્યાન નહિ આપીએ કે તેને રમત વિષે કશું નહિ કહીએ. એકને બતાવવા લાગીએ ત્યારે કુદરતી રીતે જ બીજાં બેત્રણ બાળકો તે જોવા આવી બેસે છે. ત્યારે બે, ચાર કે એથી પણ વધારે બાળકોને તે સાધનનો પાઠ આપવામાં કશી જ હરકત નથી. એટલું જ નહિ પણ પાઠ એવી રીતે આપવાથી તે વધુ સરસ નીવડે છે. કારણ કે તે બધાં મળીને રમવા માંડે છે અને તેથી કામ કંટાળાભરેલું નહિ થતાં વધારે

વખત ચાલી શકે છે. બધાને મળીને કેવી રીતે આપવું તેની કળા શિક્ષકને અવગત હોવી જોઇએ.

૨. છોકરાઓને કાંઇ પણ નવું શીખવવું હોય તો તે ત્રિપદપદ્ધતિથી શીખવવું જોઇએ. તેમાં ઘણે ભાગે બીજું એટલે પાકું કરી લેવાનું પગથિયું મૂકી દેવાય છે એવો અનુભવ છે. દા. ત. આ લાલ; આ પીળું; આમ છોકરાઓને બતાવી બે નવા શબ્દ આપ્યા. પછી તરત જ આ શું? લાલ; આ શું? પીળું; આ રીતે ન લેતાં વચ્ચે એક પગથિયું લેવું જોઇએ, તેથી છોકરાઓ બરાબર શીખે છે.

| | |
|---|---|
| લાલ બતાવ | પીળું બતાવ |
| લાલ આપ | પીળું આપ |
| લાલ મૂક | પીળું મૂક |

આ રીતે કહીને લાલ અને પીળું એ શબ્દ આપણે બોલીએ અને બાળકોને ફકત તે તે રંગની ચીજોને હાથ લગાડવા, તે લઇ આવવા, તેને ઉપાડીને મૂકી દેવા વગેરે કહેવું, જેથી લાલ અને પીળા એ શબ્દ કઇ ચીજને માટે વપરાય તે પાકું થાય છે. પછી તેમને પૂછીએ કે આ કેવું? તો તેઓ તરત જ સાચો જવાબ આપશે.

આ ભૂલ ઘણાની થાય છે. આ ઘણી જ મોટી ભૂલ છે એમ કહેવાય.

૩. મોટું, નાનું, ઉંચું, ઠીંગણું; વગેરે શબ્દ હંમેશા જોડીમાં શીખવવા જોઇએ અને જોડીમાં જ પાકા કરાવવા જોઇએ. એક ધન મોટો અને બીજો નાનો એમ કહ્યા પછી બાલી એક ધન બતાવીને પૂછવામાં આવે કે આ કેવો? તો બાળક શું કહી શકે? બીજો એનાથી મોટો ધન પાસે આવે તો જ એ ધન નાનો થશે અને બીજો નાનો ધન પાસે આવે તો એ મોટો થશે.

ટૂંકમાં, આ શબ્દો સાપેક્ષ છે એ વાત ધ્યાનમાં રાખીને હંમેશા બે ચીજો બતાવીને તેમાંથી નાની બતાવ, મોટી બતાવ એમ કહેવું જોઇએ.

તે જ પ્રમાણે તેમની સાપેક્ષતાનો પણ ખ્યાલ આપી શકાય અને આપવો જોઇએ. દા. ત. મિનારાઓમાંનો પાંચ નંબરનો અને દશ નંબરનો એવા બે ધન બતાવી નાનામોટાની કલ્પના આપી ત્રિપદ પદ્ધતિથી પાકું થયા પછી પાંચ નંબરનો ધન ત્યાં જ રાખી ત્રણ કે ચાર નંબરનો ધન તેની પાસે મૂકવો. પછી પાંચ નંબરનો ધન દશ નંબરની પાસે મોટો થાય છે ત્યારે ત્રણની પાસે નાનો થાય છે એ સહેજે બતાવાય છે. અલબત આમાં સાપેક્ષતા ઉપર વ્યાખ્યાન આપવાનું નથી કે મોઢે સમજાવવાનું પણ નથી; પણ એકવાર પાંચ અને દસ મૂકી 'નાનો આપ, મોટો આપ' એમ કહી અન્તે "આ કેવો?" "આ કેવો?" એમ પૂછી પાકું થયા પછી, બાળકની નજર સમક્ષ જ દસ નો ઉપાડી મૂકી દઇ, પાંચની પાસે ત્રણનો મૂકી ફરી "નાનો આપ" "મોટો આપ" એમ કહી પાઠ આપવો. પછી ફરી ત્રણ કાઢીને દસ મૂકવો. ફરી દસ કાઢી ત્રણ મૂકવો, આમાં બાળક જાતે જ ઘણે ભાગે કહે છે કે દસ મૂકીએ કે આ મોટો થાય છે અને ત્રણ મૂકીએ એટલે એ નાનો થાય છે. તે તેના ખ્યાલમાં ન જ આવે તો પોતે પણ કહી શકાય કે "હવે આ મોટો" અને "હવે આ નાનો." "કેવી ગમ્મત છે?" એમ કહી પૂરું કરવું.

૪. જે પાઠ આપવો હોય તે હંમેશા નવો હોવો જોઇએ. કેટલીક વાર પૂરી રીતે જોણી લીધેલી ચીજનો જ પાઠ આપેલો જોવામાં આવે છે તે પાઠ ઘણો વિચિત્ર થાય છે. બાળકને ખબર હોવાથી ઝપાટાભેર કરવા જાય છે અને શિક્ષક તેને અટકાવીને નવું બતાવવાનો પ્રયત્ન કરે છે. પાઠ આપતાં પહેલાં હંમેશાં બાળકને કેટલું આવડે છે તે જોઇને તેના પછીનું જ શીખવવું. ને શીખવતી વખતે પણ બાળક ટૂંકમાં સમજી જાય તો તેને જ કરવા દેવું. શીખવ્યે જ જવાનો આગ્રહ ન રાખવો.

૫. આપણો નવું બતાવવાનો વેગ કેટલો હોય તે બાળકોએ જ ઠરાવવું જોઇએ. આપણે પાંચ વાતો મનમાં ગોઠવી હોય તો પણ કોઇ બાળકની સાથે તેમાંની બે જ વાતો કરીને પાઠ પૂરો કરવો પડે. વળી બીજા કોઇ બાળકને તે પાંચે વાતો બતાવીને ઉપરાંત કંઇક વધારાનું બતાવવું પડે. માટે છોકરાઓ કેટલું સમજ્યા છે તે જાણ્યા વગર આગળ કહેતાં ન જવું.

૬. આપણે પાઠ આપીએ ત્યારે પાઠમાં જ ધ્યાન હોવું જોઇએ એ સાચું. પણ સાથે સાથે આપણે જ વર્ગ ચલાવનાર હોઇએ તો વચ્ચે વચ્ચે વર્ગ ઉપર પણ પણ ધ્યાન આપવું જ જોઇએ. વિદ્યાર્થીઓ તો ઘણી વખત પાસે જ મારામારી કે રોકકળાટ કરતાં હોય તો પણ તે તરફ ધ્યાન નથી આપતા. બાળમંદિરનો શિક્ષક એક જ જગાએ બેસી એક જ બાળકને ભણાવતો રહે એ કદી નહિ ચાલે. તેથી પાઠ આપવો અને વર્ગનો

ખ્યાલ રાખવો એ બંને ચીજો એકી સાથે કરવાની ટેવ પાડવી જોઇએ.

૭. બાળકો એકાદ સાધન લઇને ગમે તે કરવા બેસે છે. ઘણી વાર તે સાધનનો ઉપયોગ નહિ જાણતા હોવાથી કંઇક જુદું જ કરતા હોય છે. પણ ઘણી વાર તેમને ઉપયોગી કલ્પના હોવાથી ઉપયોગ કરવાનો જ પ્રયત્ન કરતા હોય છે. તેથી તેઓ શું કરે છે તે જોઇને જ્યાં અને જેટલી જરૂર જણાય ત્યાં જ અને તેટલું જ બતાવતા જવું. ઘણે ભાગે પાઠ આપતી વેળાએ બાળકો શું કરવાં માગતાં હતાં તેનો ખ્યાલ જ નથી રખાતો અને પોતે નક્કી કરેલ વસ્તુ શીખવવાનો પ્રારંભ કરી દેવાય છે.

૮. તેવી જ રીતે થોડું ઘણું બતાવ્યા પછી બાળકો જાતે જ આગળ વધતા જાય છે. આવે વખતે તેમને કામ કરવા દેવું, ના તું હાથ ના લગાડીશ; હું બતાવું છું." એમ કહી તેમને હતોત્સાહ ન કરવા. આપણા બતાવ્યા વગર તેઓ પોતાની મેળે કરી શકતા હોય તો પોતે જ બતાવવાનો આગ્રહ રાખવો નહિ. આપણે બને ત્યાં સુધી ઓછો ભાગ લઇ બાળકો પાસે વધુમાં વધુ ભાગ લેવરાવવો એ આપણું સૂત્ર હોવું જોઇએ.

૯. પાઠ લેતી વેળાએ બાળકોને શેતરંજી પર બેસાડી રાખી આપણે જ સાધનો લાવવાં લઇ જવાં એવું નથી. ઘણી વખત બાળકોનો સહકાર લઇ શકાય છે. "ચાલો, એ પહોળી સીડી લઇ આવીએ" એમ કહી બાળકોને પણ સાથે રાખીએ તો બાળકો ઝપાટાભેર લાવવા માંડે છે. આનો મુખ્ય લાભ એ છે કે બાળકોનું ધ્યાન સાધનો તરફ દોરાય છે. સાધન લાવવાં એ પણ સાધનોથી રમવાનું અંગ બની જાય છે અને ત્યાંથી જ રમતનો પ્રારંભ થાય છે. આથી ઊલટું બાળકને શેતરંજી પર બેસાડી રાખી શિક્ષકો જ સાધનો લાવવા માંડે તો બાળક આમતેમ જોવા માંડે છે, અને ઊઠીને ચાલ્યું પણ જાય છે.

સમૂહગત પાઠ આપતી વેળાએ બાળકોનું ધ્યાન ખેંચી તેમને કહ્યું હોય કે, "હું લાંબી સીડી કેવી રીતે લાવું છું તે જુઓ," અને એકેક લાકડી બન્ને છેડે પકડી બેત્રણ લઇ આપીએ અને પછી બાળકોમાંથી એક એકને લાવવા અને પાછી મૂકવા કહ્યું હોય, તો ચાલે. આમ પાઠ લાવવા લઇ જવાનો જ થાય છે અને બધાં જ બાળકો ત્યાં હોવાથી બધાનું લક્ષ્ય એ વાત તરફ દોરાય છે.

પણ બાકીના બાળકો ઇચ્છા મુજબ જુદાં જુદાં સાધનો લઇ રમતાં હોય છે ત્યારે સાધન કેવી રીતે વાપરવું તેટલું પાંચ જ મિનિટમાં બતાવવાનું રહે છે. આવે વખતે એક એક ચીજ લાવવા લઇ જવાનું રાખીએ તો બાળકોનું લક્ષ રહેતું નથી. તેને બદલે તેમનો સહકાર લેવામાં આવે તો સહેજે તેમનું ધ્યાન રહે છે.

૧૦. ઝપાટાભેર આગળ વધતાં જવું એ જેમ ઠીક નથી તેમ જ ખૂબ ધીરે ધીરે કહેવું કે બતાવવું એ પણ નિષ્ફળ જાય છે. પાઠ એટલો બધો ધીમો થાય છે કે ઘણી વાર બાળકો બગાસાં ખાય છે અને કંટાળો તો તેમના મોઢા પર સતત દેખાય છે. છતાં પાઠ આપનાર શિક્ષકોને આ કેમ નથી દેખાતું તેની નવાઇ લાગે છે.

માટે શીખવવાની ગતિનો બાળકોની ગ્રહણ કરવાની ગતિ સાથે મેળ સધાવવો જોઇએ.

તેમ જ શિક્ષકોએ કેટલું બોલવું જોઇએ યા તો કેટલું હળવે યા મોટેથી બોલવું જોઇએ એનો આધાર પણ બાળકનું ધ્યાન ખેંચાય છે કે નહિ તે પર છે. અવાજનું તંત્ર સંભાળવું એ ઘણી મહત્ત્વની વાત છે. કયારેક સારી પેઠે સંભળાય એટલે મોટેથી બોલવું જરૂરી હોય છે; ત્યારે કયારેક કાનમાં હળવેથી કહેવાની જરૂર રહે છે. કયારેક શિક્ષકે ખૂબ ચપળ અને સક્રિય રહેવું પડે છે, તો શિક્ષકે કયારેક શાંત રહી બાળક શું કરે છે તે જ જોતાં રહેવું અને બાળકોને જે કરે છે તે કરવા દેવું, એ જરૂરી હોય છે.

આ બધામાં યોગ્ય સમયે યોગ્ય હોય તે જ કરવું એ મહત્ત્વની વાત છે.

૧૧. કેટલાક ખાસ વિષયોમાં ખાસ વાતો આવશ્યક હોય છે અને પાઠ આપવાવાળા બરાબર એ જ ભૂલી જાય છે. દા. ત.

(અ) અક્ષરો શીખવતી વેળાએ નોંધપોથી રાખી નોંધ કરતાં જવું.

(આ) સ્પર્શસાધનોની રમત વખતે હાથ ધોવા.

(ઇ) કચરો કાઢતી વેળાએ કચરો નાખવાનો ડબો કે ટોપલી રાખવી.

(ઉ) કચરો કાઢયા પછી હાથ ધોવા.

(એ) હાથ ધોતી વખતે હાથ લૂછવાનો રૂમાલ રાખવો.

(ઐ) જમીન પર પાણી ઢોળાવાનો સંભવ હોય ત્યારે જમીન લૂછવાનો કટકો રાખવો, વગેરે.

૧૨. શું શીખવવું છે અથવા કરવું છે તે બરાબર ધ્યાનમાં લાવી દેવું એમાં જ ઘણા પાઠોનુ રહસ્ય રહેલું છે. દા. ત. અવાજડબ્બીઓ, વજનતબ્તીઓ, વગેરે. બાળકો અવાજડબ્બીઓ લઈને ખડખડાવવા માંડે છે તેમાં કશો અર્થ નથી. કારણ કે એ ડબ્બીઓના અવાજની સરખામણી એ જ મુખ્યત્વે ખ્યાલમાં લાવવું જોઈએ. એ બન્ને ડબ્બીઓ એક સાથે વગાડવાથી નહિ થઈ શકે પણ એક પછી એક તરત જ વગાડી જોવી જોઈએ.

૧૩. શિક્ષિકાએ ૭–૪=૩ એવો બાદબાકીનો પાઠ આપ્યો. પણ '—' એટલે શું? અને 'ક'-એટલે શું? એ બાળકને ખબર ન હતી. તેનો પરિચય કરાવીને પછી ૮–૨; ૮–૩; વગેરે કાર્ડો લેવાં જોઈતાં હતાં.

સારાંશ એ કે આપણે જે નવું બતાવીએ તેના પહેલાંનું બરાબર સમજેલું હોવું જોઈએ. તે સમજાયલું છે કે નહિ તે પહેલાં અજમાવીને ન સમજાયું હોય તો તેનો જ પાઠ લેવો જોઈએ.

૧૪. સમજાવવું, ન સમજાવવું, કેટલું સમજાવવું એ બધાની માત્રા ગ્રાહકશક્તિ મુજબ બદલાવવી જોઈએ. બાળકોને કહેવાની જરૂર હોય કે ન હોય, શિક્ષિકાઓ નિશ્ચિત ચીજો નિશ્ચિત ઢબે કહે જ જાય છે એનું કારણ ઘણે ભાગે તેમના અવલોકનકાળમાં શિક્ષકે અમુક વખતે અમુક ચીજ કહી હોય છે અને વિદ્યાર્થિઓ તેને જ પકડી રાખે છે તે છે.

૧૫. કેટલીક બોલવાની ભૂલો તરફ ધ્યાન ખેંચવું જોઈએ. "તારા વર્ગમાં જા" એમ કહેવું બરાબર નથી. કારણ કે આપણી શાળામાં વર્ગ જ નથી હોતા. ઊલટું ઉપરના વર્ગના બાળકો નીચેના વર્ગમાં જઈ પુનરાવર્તન કરે અથવા નીચેના વર્ગના બાળકો ઉપર જઈ આગળના કામની કલ્પના મેળવી લે એ જરૂરી છે.

"કોને પહેલાં રમવું છે?" આમાં પહેલાં અને પછીની સ્પર્ધા આવી જાય છે. એટલે 'કોને કોને રમવું છે? હાથ ઉઠાવો, પછી હું ગમે તેને બોલાવી લઈશ,' એમ કહેવું.

"અવાજ નહિ કરો. ધીરેથી બૂકો." વગેરે વારંવાર કહ્યા કરવું એના કરતાં ફરીફરીને અવાજ ન કરવાના પાઠ લેવા. તેમાંય કહેવાની જરૂર જણાય તો કહેવા કરતાં કરી બતાવવું. ચાલીને અને દોડીને બતાવવું. શરૂઆતમાં બહુ તો એકવાર "ધીરેથી, બિલકુલ અવાજ નહિ થાય," એવી સૂચના આપવી. તા.

## બાલમંદિરનું બપોરણ

આજ નામીબેન (૫॥ વર્ષ) તેમનાં ૨થી ૨॥ વર્ષના બેબીબેનને સાથે લઈ બાલમંદિરે આવેલાં. બેબીબેનને બાલમંદિર તદ્દન નવું જ સ્થાન હતું. ત્યાંનું વાતાવરણ, વસ્તુઓ, શિક્ષકો, બધું જ અપરિચિત હોવાથી તે ઘણાં ગૂંચવાતાં હતાં; બાળકો ભેળાં પૂરાં ભળી પણ શકતા ન હતાં.

જમવાનો સમય થયો. શાળામાંથી આપેલા સ્વચ્છ કપડાના કટકામાં સૌ પોતાને ઘેરથી ભાથું લઈ આવ્યાં. નાનીબેન પણ ભાથું લઈ તેમનાં નામીબેન સાથે આવી ગયાં હતાં.

ભાથું થાળીમાં મૂકી હાથ ધોવા જવાનું હતું. નામીબેન પોતાનું ભાથું થાળીમાં મૂકી હાથ ધોવા ઊપડ્યાં; આગળ નામીબેન અને પાછળ બેબીબેન. બાથરૂમ પાસે આવ્યાં. નામીબેન બાથરૂમમાં પેઠાં, પણ તેમનાં બેન ત્યાં બારણા આગળ જ અટકયાં. કોણ જાણે કેમ પણ અંદર જાય જ નહિ. એટલે નામીબેન આગળ જતાં અટકયાં અને પાછાં ફર્યાં. તેમનાં બેન પાસે આવીને કહેઃ "હાલ્ય, અંદર હાલ્ય ને?

પણ બેન ખસ્યાં નહિ.

"જો પેલી ચકલીએ હાથ ધોઈને પછી આપણે જમવા બેસવાનું!"

"ઉંહું." એટલો જ જવાબ મળ્યો.

નામીબેન ગંભીર થઈ ગયાં, અને તેની પાસે બેસી ગયાં. બાથરૂમમાંથી હાથપગ ધોઈને આવતાં બાળકોને બતાવી નામીબેને કહેવા માંડ્યુંઃ "જો પેલી તેજકી અને આલાભાઈ, બધા હાથ પગ ધોઈને આવે છે. આ રામુભાઈ પણ જો રોટલો મૂકી હાથ ધોવા હાલ્યા. હાલ્યને આપણે પણ ધોઈ આવીએ."

લગભગ બધાં જ બાળકોએ હાથપગ ધોઈ પોતાની જગાએ લઈ લીધી હતી. પણ નામીબેને જરાય ઉતાવળ અનુભવી નહિ. તેમનો ચહેરો જરા પણ વ્યાકુળતા

વિનાનો શાન્ત હતો. તેમની સમજાવટ ચાલુ હતી.

આમ તો કેટલાંએ મોટાં ભાઇબેનો તેમનાં નાનાં ભાઇભાંડુને લઇને બાળમંદિરે મૂકવા આવે છે, અને ગોઠી ન જાય ત્યાં સુધી બાલમંદિરે સાથે રહે છે. આ સમય દરમિયાન કેટલીએ ખેંચતાણ તેમની વચ્ચે ચાલે છે. અને તેવે વખતે સાચવનાર ભાઇબેનો મોટે ભાગે કડક રૂપ દાખવતાં નજરે પડયાં છે. તે પ્રમાણે નામીબેને કેમ નહિ કર્યું હોય? તેમણે દાખવેલી આટલી બધી ધીરજ અને સમજાવટ કયાંથી આવી હશે?

નામીબેન છેલ્લા દોઢેક વર્ષથી બાલમંદિરે આવે છે. શાળાના વાતાવરણમાં ભળી જતાં તેમને જ્યાં જ્યાં મુશ્કેલીઓ જણાઇ ત્યાં ત્યાં શિક્ષકોએ સ્વાભાવિક રીતે જ ધીરજ અને સમજાવટથી કામ લીધું. વળી શાળાના વાતાવરણમાં બીજાં બાળકો પ્રત્યેની શિક્ષકોની તેવી જ માયાળુ રૂખ નામીબેને વારંવાર અનુભવી. પરિણામે તેમનાં નાનેરાં પ્રત્યે તેમણે તેવીજ રૂખ દાખવી.

બીજી જ પળે ભવિષ્યની ક્ષિતિજમાં નજર ડૂબી, તો બાલસમાજને અમૃતસિંચન કરી સુદૃઢ માનવ જાતનો ફાલ જગતને ચરણે ધરતાં અનેક નામીબેનનાં દર્શન થયાં!

આવા અનેક સુષુપ્ત નામીબહેનોને પ્રગટરૂપ આપવા માટે પોષક પરિસ્થિતિ આપણાં બાલમંદિરમાં છે? ન હોય તો તેવી પરિસ્થિતિ પેદા કરવાને માટે કયા પ્રયત્નો કરવા બાકી રહે છે? આપણો એ ફાળો સત્વરે નોંધાવવા આપણે શું કરીશું?*

શેલત

---

* શ્રી. શેલતનો આ લેખ છપાય છે ત્યારે તેમના અવસાનના દુઃખદ સમાચાર વાચકોને આપવા પડે છે. તેમનો પરિચય 'શિ. પ.' ના. આ અંકમાં અન્યત્ર જોવાનો મળશે. વિધિની ઘટના પણ અકલ્પ્ય છે ને! —સંપાદક

# શ્રી. શેલતનો સ્વર્ગવાસ

શિક્ષણ પત્રિકાના વાચકોને આ દુઃખદ સમાચાર અમારે આપવા પડશે, એવી સ્વપ્નામાંય કલ્પના ન હતી. ગુજરાતના બાલશિક્ષકો માટે અને બાલશિક્ષણપ્રેમીઓ માટે શ્રી. શેલતનું નામ સુવિખ્યાત હતું. મુંબઇમાં જે સફળ કામ તેમણે કર્યું તેની સુવાસ એટલી બધી ફેલાઇ કે તેમને બિહારથી પણ તેડું આવ્યું અને ત્યાં પણ તેમણે બાલશિક્ષણના પદાર્થપાઠ બિહારના શિક્ષક વર્ગને આપ્યા; અને છેલ્લે તેઓ બોરડીમાં ગ્રામવાડીનો જે પ્રયોગ શ્રી. તારાબેન મોડકે શરૂ કર્યો છે, તેમાં જોડાયા. પણ બોરડીના પ્રયોગમાં ઝાઝો વખત કામ કરવાનું તેમના નસીબમાં ન હતું. તેઓ બોરડીમાં જ માંદા થયા; માંદગી વધતી ગઇ એટલે તેઓ દેશમાં ઉમરેઠ ગયા. ત્યાં વળી માંદગી વધી પડી એટલે તેમને આણંદની હોસ્પિટલમાં લઇ જવામાં આવ્યા. એ માંદગી મેનીનજાઇટીસનું ભયંકર દરદ નીવડયું. ડોકટરોએ ખૂબ મહેનત લીધી છતાં દરદ પાછું ન હઠયું અને છેવટે રવિવાર તા. ૨૮/૪/૪૬ ને રોજ તેમણે દેહ છોડયો! તેમની પછવાડે તેમનાં જુવાન પત્ની અને બે બાળકો છે, એ બધાંના દુઃખમાં શિક્ષણપત્રિકા સહભાગી છે, એટલો જ દિલાસો અમે એમને આપી શકીએ.

શ્રી. ભગવતીપ્રસાદ શેલત ઉમરેઠના રહીશ હતા. શરૂઆતમાં તેઓ મદ્રાસની ગુજરાતી શાળામાં શિક્ષક હતા. ત્યાં ડો. મોન્ટેસરીનો વર્ગ અડયારમાં શરૂ થયો, તેમાં શેલત જોડાયા. વર્ગ પૂરો કરીને તેઓ શ્રી. જુગતરામભાઇનો પ્રયોગ જોવા વેડછી ગયા. ત્યાંનો અનુભવ મેળવી તેઓ મલાડના બાલશિક્ષણ સંમેલન માટે મુંબઇ આવ્યા. તેમની શકિતનો પરિચય બધાને આ સંમેલનમાં જ થયો, અને મુંબઇના સેવાસદનમાં બાલશિક્ષણનો પ્રયોગ ચાલતો હતો, તેનું સંચાલન તેમને સોંપવામાં આવ્યું. ત્યાં તેમણે ખૂબજ સફળતાથી કામ કર્યું. પછી તો તેમણે પોતાનો પ્રયોગ બોરીવલીના બહેનોના કેમ્પમાં કરી બતાવ્યો. ત્યારપછી તેઓ બિહારમાં ગયા. ત્યાંના શિક્ષકવર્ગને તેમણે બાલાશિક્ષણનો શાસ્ત્રશુધ્ધ વ્યવહાર બતાવ્યો. બિહારથી પાછા આવીને શ્રી. તારાબેન મોડકે શરૂ કરેલ ગ્રામબાલવાડીના પ્રયોગમાં તેઓ જોડાયા. પણ કમનસીબે તેમના જીવનનો એ છેલ્લો ભાગ નીવડયો. બોરડીથી માંદગી લઇને તેઓ ઉમરેઠ ગયા. માંદગી વધી અને મેનિનજાઇટીસનું ભયંકર દરદ લાગુ થયું. આણંદની હોસ્પિતાલના ડોકટરોએ ખૂબ મહેનત કરી તે છતાં શ્રી. શેલતને તેઓ બચાવી નહિ શકયા અને ૩૨ વર્ષની જુવાન ઉમરે તેમણે દેહ છોડયો!

શ્રી. શેલતના મૃત્યુથી ગુજરાતે એક શકિતશાળી કાર્યકર્તા અને નૂતન શિક્ષણે એક સમર્થ કેળવણીકર ગુમાવ્યો છે. ઇશ્વર તેમના આત્માને શાંતિ આપો!

—સંપાદક

# ઉદ્યોગ દ્વારા શિક્ષણ

સાત વર્ષથી નાનાં એટલે ૨।। થી ૭ વર્ષ સુધીનાં બાળકોની કેળવણીમાં પણ ઉદ્યોગ મારફત અને ઉદ્યોગ સાથે શિક્ષણ આપવું જોઇએ એ સિદ્ધાંતથી અમે જરા જુદા પડીએ છીએ.

મોટા એટલે સાત આઠ કે તેથી મોટાં બાળકોમાં કોઇ પણ વાત નવી જાણવા માટે કે મહેનત લઇને શીખવા માટે ખાસ પ્રયોજનની જરૂર હોય છે. જીવનની જરૂરિયાતોને લીધે કે તેમણે નક્કી કરેલી એકાદ યોજના પાર પાડવાની હોય તો તે બાબતમાં તેને લગતા અનેક વિષયો શીખી લેવામાં તેમને જીવંત રસ હોય છે એ ખરું, પરંતુ નાનાં બાળકોમાં આવા પ્રયોજનની જરૂર હોતી નથી. તેમને અંદરથી કેટલીએક સ્ફુર્તિ થઇ આવે છે ને તેને લીધે તેઓ કેટલીએ કૃતિઓ કર્યા જ કરે છે. આપણે સમજી શકીએ છીએ કે આ બધી ક્રિયાઓ ઉપર તેઓ કાબૂ મેળવે છે તે તેમના આગળના જીવનમાં ઉપયોગી છે જ. પણ બાળકનો આ હેતુ હોતો નથી. એ તો એક જગ્યાએથી એક વસ્તુ ઊપાડીને દૂર લઇ જવી અથવા ટોપલી કે ખાનામાંથી બધુ બહાર કાઢી લેવું ને પાછું ભરી દેવું. એમ માત્ર કાઢવા નાખવાની ક્રિયા કરે છે.

આમ દરેક ક્રીયા તે ખાસ પ્રયોજન વગર કરે છે. એટલે કે બાલ્ય એકાદ મોટી પ્રવૃત્તિનું અંગ તરીકે નહિ પણ તેટલું જ સાધ્ય કરી લેવા ખાતર કરે છે.

જે બાબત ક્રિયાઓને લાગુ છે તે જ ભાષા ને ગણિત-શિક્ષણ પરત્વે પણ બને છે.

બાળકો ઘણીવાર અર્થ વગરનું બબડવું પસંદ કરે છે. ઘણીવાર અર્થ વગરના અથવા તે વખતે તે અર્થ સમજી શકતું નથી. માટે તેટલા પૂરતું તો અર્થ વગરનું હોય એવા શબ્દોને લીટીઓ મોઢે કરે છે. નવા નવા શબ્દો, જોડકા વગેરે શીખે છે ને બોલે છે. તે બધું આખા જીવન સાથે કે જીવનની વિશેષ પ્રવૃત્તિ સાથે સંબંધ ધરાવતું હોતુ નથી. કેટલુંએક સંબંધ ધરાવતું હોય ને કેટલુંએક ન પણ હોય.

ગણિતનું પણ એમ જ હોય. એક બે ત્રણ ચાર એમ શબ્દો શીખવાનું પણ પસંદ કરે છે. ને જ્યારે સ્ફુર્તિ આવે ત્યારે તેને તેનું પુનરાવર્તન કરવાનું મન થઇ આવે છે ને તે વખતે તે કરી શકે એવું સાધન હોય તો તેને ફાવે છે. વાતાવરણમાં તેવો પ્રસંગ ઊભો થાય ત્યારે તેનો લાભ તો લેવો જ જોઇએ. જેમ કે રસોડામાં કેરી આવી હોય કે બોર, જાંબુડા, જમરૂખ બધાંને વહેંચી આપવાના હોય અથવા એ જ સ્વાભાવિક જીવનમાં જ્યાં જ્યાં પ્રસંગો આવે તે વખતે ગણિત કોઇ વાર માત્ર ગણવાનું કે કોઇ વાર સરવાળા, બાદબાકી, ગુણાકાર કે ભાગાકારનો પણ અવકાશ મળે ત્યારે તે વસ્તુ આવવી જ જોઇએ. પણ તેવા પ્રસંગો ન આવે તો પણ બાળકને સ્ફુર્તિ આવે ત્યારે પુનરાવર્તન કરી શકે એવાં સાધનો પણ રાખવામાં અમને હરકત દેખાતી નથી એટલું જ નહિ, પણ જરૂરનું લાગે છે.

જેમ જેમ બાળકની ઉંમર વધતી જાય છે તેમ તેમ છૂટક ક્રિયાઓ કે શીખવાની વાતોનો સંબંધ જીવન સાથે વધારે જોડાતો જશે. જેમ કે ૨।।/૩ વર્ષનું બાળક સાવરણીથી વાળવાની ખાતર જ વાળ્યા કરશે. જ્યારે ૪/૪।। વર્ષનું બાળક હવે વર્ગની તૈયારી કે જમવાની તૈયારી કરવી છે તે પહેલાં ઓરડો સ્વચ્છ કરી લેવો જોઇએ માટે વાળશે. જો કે આ ઉંમરના કે આથી મોટાં બાળકો પણ કેટલાએક વિષયોમાં ખાસ રસ ધરાવતાં હોય છે. તેથી ઉદ્યોગ કે બીજી રીતે પ્રયોજન ન ઊભું થાય તો પણ તે વિષયોમાં તેઓ રસ ધરાવતા થઇ જાય છે. ને ફુરસદને વખતે તે જ વિષયોમાં આગળ વધવાનું પસંદ કરે છે. એ વાત દાખી દેવા જેવી ગણતાં નથી. ઊલટા આવા શોખથી અભ્યાસ કરવાના ક્ષેત્રો જેટલા વધે તેટલા તે માણસના life-interests વિશાળ થાય તેટલું તેનું જીવન વિશેષ સમૃદ્ધ થાય. એટલે જીવન જરૂરીઆત કે જીવન ઉપયોગી ઉદ્યોગો સાથે જે જ્ઞાન લેવાનું હોય છે, લેવું પડે છે તે ઉપરાંત જ્ઞાનની ખાતર એટલે જ્ઞાન મેળવવાના રસને લીધે જ્ઞાન મેળવવાને અવકાશ પણ બાળવયથી જ મળવો જોઇએ. મોટાઓનાં જીવનમાં તત્ત્વચિંતન, વિજ્ઞાનની શોધખોળ કે કલાનો વિકાસ ઘણી વાર આવા શોખથી જ થાય છે. આ જાતના વ્યવસાયને અવકાશ રહેવો જોઇએ એવો અમારો મત છે.

તારાબેન

# આમ ના કર્યું હોત તો?

આજે રમેશને ઘેર તેના પિતાના ઓળખીતાઓ જમવા આવ્યા હતા. જમવામાં ઘણી સારી સારી ચીજો હતી. આઠ વર્ષનો રમેશ ખૂબ આનંદમાં હતો. એક પછી એક ચીજો આવતી જતી હતી. શ્રીખંડનો વારો આવ્યો ત્યારે રમેશ બોલી ઊઠ્યોઃ "મહારાજ, મને શ્રીખંડ!" કેટલો ભયંકર ગુનો! રમેશની માના કાળજામાં તીર ભોંકાયું; રમેશના પિતાને પોતાના કુળની બધી આબરુ ધૂળ ભેગી થઇ ગઇ છે એમ લાગ્યું. મા બોલી ઊઠ્યાંઃ "નહિ મળે શ્રીખંડ. શા માટે માંગ્યો." પિતાજી ગર્જ્યાઃ "આટઆટલું શીખવીએ છીએ તો યે હજી એવો ને એવો જ રહ્યો. શ્રીખંડ કદી ભાળ્યો ન હતો?" બીચારો રમેશ બિચારો પડી ગયો; તેની આંખમાં આંસુ આવ્યા. મહારાજે તેને શ્રીખંડ આપ્યો પણ તે શ્રીખંડની બધી મીઠાશ તેને માટે જતી રહી હતી. તેનું નાનકડું મગજ સમજી શકતું ન હતું કે જોઇતી ચીજ પોતાના જ ઘરમાં શા માટે ન માગવી. અને દરરોજ મહારાજની પાસે દરેક ચીજ માગે ત્યારેજ મહારાજ ખિજસતો. તો આજે એવું શું હતું કે તેણે માગવું નહિ?. એ સમસ્યાનો ઉકેલ આણવો તેને માટે મુશ્કેલ બન્યો. મહેમાનોની સામે માબાપે તેને ધૂત્કારી કાઢ્યો તેનું અપમાન તે ગળી જવા મથવા લાગ્યો. આંસુનો પ્રવાહ શરૂ થયો ત્યાં પિતાજીએ વળી ઉમેર્યું: "તેમાં રડે છે શાનો? એક તો કોડીની ય અકકલ નથી. અને વળી માઠું લાગે છે! બાઇ લે એ શ્રીખંડ છાનોમાનો." અને આ વાકય પૂરું ન થયું, ત્યાં પિતાજીએ મહારાજને બૂમ મારીને કહ્યું: "ભીંડાનું શાક લાવજો, મહારાજ!" બીચારો રમેશ અવાક બન્યો. પોતાનું અપમાન ભૂલ્યો, આંસુ સુકાઇ ગયા. તે મૂઢ જેવો ભીંડાનુ શાક લઇને આવતા મહારાજ તરફ જોવા લાગ્યો. તેને ન સમજાયું કે શ્રીખંડ માગવો એ ગુનો અને ભીંડાનું શાક માગવું એ ગુનો કેમ નહિ?

* * * *

કુન્દાનો વર્ગની બહેનો આવતી કાલે મુસાફરીએ જવાની હતી. કુન્દાએ પોતાનું નામ આપ્યુ હતું. કુન્દાને તેના શિક્ષકે ત્રીજી ટુકડીની નાયક બનાવી હતી અને કહ્યું હતું: "ટ્રેન સવારે ૭॥ વાગે ઉપડશે. તું ૭ વાગે સ્ટેશને આવજે અને તારી ત્રીજી ટુકડીની છોકરીઓને એક જગ્યાએ ગોઠવીને બેસાડી રાખજે!"

કુન્દા નાચતીકૂદતી ઘેર આવી. તેના પિતા બેન્કના એકાઉન્ટ ખાતામાં કલાર્ક હતા, સવાસો રૂપિયાનો પગાર હતો. કુન્દા ઘેર આવી ત્યારે પિતા ઘેર ન હતા. કુન્દાએ માને કહ્યું: "મા, હું કાલે મુસાફરીએ જાઉં?"

"કેવી મુસાફરી?"

"અમારા વર્ગની બધી છોકરીઓ જાય છે."

"કયાં જઓ છો?"

"પાર્કમાં."

"શા માટે?"

"બધાનો કેમ્પ છે ત્યાં, અને ગર્લગાયડિંગ પણ શીખવવાના છે."

"કયારે જવાનું?"

"કાલે સવારે ૭॥ ની ગાડીમાં અને સાંજે ૮ વાગે ઘેર આવીશું. ત્યારે હું જાઉ બા?"

"જજે ને. પણ તારા બાપુને પૂછવું પડશે ને?" કુન્દા ચિન્તામાં પડી. તેના બાપુનો સ્વભાવ તે જાણતી હતી. તેના બાપુ માનતા હતા કે, આખી દુનિયાએ તેમની સામે કાવતરું કર્યું છે–આખી દુનિયા તેમની દુશ્મન છે. ઓફિસના ઉપરીઅધિકારીઓ, દાણાની દુકાનવાળાઓ, કાપડની દુકાનવાળાઓ, ધોબીઓ, મજૂરો, કુન્દાની શાળાની શિક્ષિકાઓ બધાએ એમની સામે કાવતરું કર્યું છે અને બધાં તેમને અહર્નિશ લૂંટવાં જ કરે છે.

"મા, તું જ બાપાજી પાસે રજા મેળવી આપ ને?"

"ના રે માડી, એ આપણું કામ નહિ. તું જાણે ને તારા બાપુજી જાણે. આપણે વચ્ચે નહિ પડીએ." કુન્દા ચિન્તામાં પડી. પિતાજી આવવાનો વખત થયો હતો. પણ તે અર્ધો કલાક તેના ભારે ચિંતામાં ગયો. આખરે પિતાજી આવ્યા.

તેમનું મોં હું હમેશ મુજબ સખત હતું. નારાજગીની સ્પષ્ટ નિશાની તેમના મોઢા પર દેખાતી હતી. કુન્દાએ પિતાના મોઢા તરફ જોયું અને તેનું દિલ જાણે ભાંગી ગયું. તેની આંખમાં આંસુ આવ્યાં–નિરાશાનાં, ભયનાં!

તેણે મા તરફ નજર ફેરવીને જોયું. માએ નિશાનીથી તેને થોભી જવાનું સૂચવ્યુ. વળી કુન્દાનો ચિન્તા અને વ્યિગ્રતાનો સમય લંબાયો.

સાજે પિતાજી વાળુ કરવા બેઠા. પડખે કુન્દા પણ બેઠી. મા પિરસતી હતી.

"કાલે કુન્દાના કલાસની છોકરીઓ ઉજાણીએ જાય છે."

"હું." પિતાએ ટૂંકમાં પતાવ્યું.

"કુન્દા જવા માગે છે."

"હું." વળી જવાબ આવ્યો.

"ત્યારે જાય ને ?"

"ના, નથી જવાનું."

થયું. કુન્દાના માથા પર આકાશ તૂટી પડયું. પિતાનો નકાર એટલે પ્રિવિ કૌન્સીલનો છેલ્લો ચુકાદો ! કુન્દાએ આંસુભરી આંખે મા તરફ જોયું. માએ મોં ફેરવીને આંસુ લોહી નાખ્યાં.

પિતાજી ખાવાનું પૂરું કરીને ચાલ્યાં ગયાં. કુન્દા ડૂસે ડૂમે રોવા લાગી.

માએ કહ્યું "રડે છે શાની ? ના પાડી તો નહિ જવાનું."

"પણ મા, હું એક ટુકડીની નેતા છું, અને હું ચોકકસ આવીશ એમ મેં કહ્યું છે." કુન્દાએ ડૂસકે ડૂસકે રોતાં રોતાં કહ્યું.

"તે ગમે તેમ હોય. તેં પૂછયા વગર હા જ કેમ પાડી ? તારા બાપુજીનો સ્વભાવ હજી નથી ઓળખતી ?"

કુન્દા હાઇસ્કૂલના પાંચમા ધોરણમાં ભણતી હતી. આ અસહ્ય અપમાનથી તેનું હૃદય ધવાયુ. વળી, શિક્ષકને આપેલું વચન ? તેનું નેતાનું કામ કોણ સંભાળે ? મુસાફરીમાં તેનું કામ કોણ કરે ? વળી ભવિષ્યમાં તેના ઉપર વિશ્વાસેય કોણ રાખે ?

તે કશું ખાઇ શકી નહિ આખી રાત તેને ઉંઘ આવી નહિ. શાળામાં ફરી પગ શી રીતે મુકાય એ એક જ વિચારે તે બેબાકળી બની.

બીજે દિવસે સવારના ૭॥ વાગે ઉપડતી ગાડીમાં તેની બધી બહેનપણીઓ ઉજાણીએ ઉપડી ગઇ. કુન્દા ઘેર જ રહી. અપમાનિત, હતબલ, દુઃખિત અને દિગ્મૂઢ !

* * * *

ભરુચ પાસે શુકલતીર્થમાં દર વર્ષે મેળો ભરાય છે. પારડીના પશાભાઇ પટેલ સહકુટુંબ મેળો જોવા ઉપડયા. સાથે પોતાની ગાલ્લી લાવ્યા હતા. એક વડલાના ઝાડ નીચે પટેલે ગાડું છોડયું. પટેલનો એકનો એક દીકરો હતો આઠ વર્ષનો રાવજી. બાકી બે છોકરાં અને એક છોકરી કાળવશ થયાં હતાં. રાવજી પટેલ અને પટલાણીને પ્રાણથી પણ વહાલો હતો. વહેલી સવારમાં જ બધાં શુકલતીર્થ આવી પહોંચ્યાં હતાં. સાથે ભાથું લાવેલાં તેમાંથી બધાંએ નાસ્તો કર્યો અને બધાં મેળો જોવા ઉપડયાં.

રાવજીએ નવાં કપડાં પહેર્યાં હતાં. માથે ઝરીની ટોપી હતી. પગમાં સાટીનની સૂરવાળ અને કોટ પણ તે જ કપડાંનો હતો.

રસ્તામાં જે આવે તે રાવજી માગે. પિતા પશાભાઇ અને મા જડીબેન રાવજીની માગણી પૂરી કરવા માટે જાણે એકબીજા સાથે હરીફાઇ કરતાં હતાં. રસ્તામાં જે કાંઇ આવે તે માંગવાની શરૂઆત રાવજીએ કરી. તેમાં ચગડોળ પર બેસવું, આઇસક્રીટ ખાવું, ચેવડો ખાવો, રમકડાં ખરીદવાં, વગેરે બધી વાતો આવી ગઇ. રાવજી માગે તેની ના શી રીતે પડાય ? ઊલટું, રાવજી માગે નહિ તો પણ આગ્રહ કરીને તેને ચીજો અપાવવાની મા અને બાપ બન્નેની હરીફાઇ ચાલી. પરિણામ એ આવ્યું કે રાવજી માગે તે, પશાભાઇ ઇચ્છે તે અને જડીબેન અપાવે તે એમ મળીને ચીજોનો ઢગલો રાવજી આગળ ભેગો થયો.

ફરતાં ફરતાં બધાં નદીકાંઠે પહોંચ્યાં. જ્યાં સુધી ચીજોની માગણી હતી ત્યાં સુધી બધુ સરળ હતું. પટેલ પાસે દીકરાને માટે પૈસાની ખોટ ન હતી. પણ નદી કાંઠે ગયા પછી દીકરાએ નદીમાં નહાવા જવાની માગણી કરી. આમાં માબાપ મુંઝાયાં, વાત એ હતી કે, રાવજીને બે દિવસથી શરદી થઇ હતી તેથી રાવજીને ઠંડા પાણીમાં નહાવા દેવાય એમ ન હતું. બન્નેએ તેને સમજાવવાનો પ્રયત્ન કર્યો. ફરી ચગડોળે બેસવાનું કહ્યું, બીજાં રમકડાં અપાવવાનું કહ્યું, નવાં કપડાં ખરીદી આપવાનું કહ્યું. પણ રાવજી એકના બે ન થયો. તેણે મોટેથી રોવાની શરૂઆત કરી. પટેલપટલાણી ખૂબ મૂઝાયાં. દીકરો ચીજ માગે તેને ના શી રીતે પડાય ? બન્ને વિચારમાં પડયાં ત્યાં દીકરો એક ડગલુ આગળ વધ્યો. તે ચાલતો અટકી ગયો અને રસ્તા ઉપર બેસી પગ પછાડી તેણે રોવાની શરૂઆત કરી. આસપાસના બધા લોકોનું ધ્યાન આથી એ તરફ દોરાયું. ત્યાં લોકોનું ટોળું ભેગું થયું. પટેલપટલાણીની ફજેતીનો પાર ન રહ્યો. બન્ને જણાએ ઉતાવળે ઉતાવળે દીકરાને

ઊભો કર્યો. ચાલ દીકરા, નહાવું હોય તો નાહી લે.”

રાવજી ઊભો થયો અને સીધો નદી ભણી ચાલ્યો. પટેલ પટલાણી એની પાછળ ચાલ્યાં. નદીએ જઈ ત્રણે જણ નહાવાં પડ્યાં. રાવજી ખૂબ નહાયો. પટેલપટલાણીનો જીવ ઊંચો નીચો થાય. પણ દીકરો બહાર નીકળવાની વાત કરવા જ ન દે. અન્તે રાવજીને ટાઢ વાવા લાગી એટલે તે બહાર આવ્યો અને રીતસર ધ્રૂજવા લાગ્યો. માએ ઉતાવળે તેનું શરીર લૂછી કપડાં પહેરાવ્યાં. ભાઇની આંખો લાલ થઇ હતી. અને ઠંડી પણ સારી પેઠે ચઢી હતી. ગાડું છોડ્યું હતું તે જગાએ આવતાં આવતાં રાવજીએ “ટાઢ વાય છે.” “માથું દૂખે છે;” “ચલાતું નથી” વગેરે ફરિયાદોની પરંપરા જારી રાખી. માંડ માંડ ભાઇ ગાડી આગળ પહોંચ્યા ત્યાં રાવજીને જોસથી ઊલટી થઇ. ઊલટીમાં મેળામાં માબાપે વહાલથી ખવરાવેલો કચરો બધો નીકળી પડ્યો. રાવજી લોથ થઇને ઢળી પડ્યો. માએ પટેલને કહ્યું: “જાઓ, જલદી કોઇ ડોકટરને તેડી લાવો!” પટેલ ડોકટરની શોધમાં ગયા અને લગભગ એક કલાકે ગામના ડોકટરને શોધી લાવ્યા. ત્યાં રાવજીને સખત તાવ ચઢ્યો હતો અને પટલાણી લમણે હાથ દઇ આંસુ સારતાં એની પાસે બેઠાં હતાં.

* * * *

હું એક વાર મુંબઇથી રત્નાગિરિ જતો હતો. સ્ટીમરની ત્રીજા વર્ગની ટિકિટ અને મે મહિનાનો પ્રારંભ પછી પૂછવું જ શું? સ્ટીમરમાં ઊભા રહેવાની ય જગા ન હતી. અમે સહેજ વહેલાં ગયેલાં એટલે થોડીએક જગા મળી અને અમે અમારો સામાન મૂકી તેની પડખે એક શેતરંજી પાથરી બેસી ગયાં હતાં. લોકોની આવજા ચાલુ જ હતી, સામાન ઉપર પગ મૂકતા, ઠેકતા, અથડાતા ઉતારૂઓનો પ્રવાહ ચાલુ જ હતો; એવામાં હાંફળા ફાંફળા એક પતિપત્ની આવ્યાં. તેમની સાથે તેમનું છ માસનું બાળક હતું. પત્નીને સામાન સાથે દાદરા પાસે મૂકીને ભાઇ જગા શોધવા નીકળ્યા. આખી સ્ટીમર ફરીને આવ્યા તો પણ ઊભા રહેવાની ય જગા ન મળી. સામાન હજી મજૂરોના માથા પરજ હતો અને પત્ની બાળકને લઇને ઊભાં હતાં. પતિએ આવીને જણાવ્યું કે સહેજ પણ જગા નથી. પછી મજૂરોએ રસ્તો સુઝાડ્યો. સામાન દાદરા નીચે ખડકી દીધો અને બન્નેને ત્યાં જ ઊભાં રહેવા સૂચવ્યું. મજૂરી મળી એટલે મજૂરો ચાલ્યા ગયા. અને પછી થોડી જ વારે બાળકે રડવાની શરૂઆત કરી. બાળક દેખીતી રીતે ભૂખ્યું થયું હતું. પતિએ મહામુશ્કેલીએ બીજા લોકોને વિનવીને પોતાનો ટ્રંક મૂકવા જેટલી જગા કરી લીધી અને તેના ઉપર બેસી બાળકને ધવરાવવાનું સૂચન પત્નીને કર્યું. પત્ની બાળકને લઇને પેટી પર બેસી ગયાં અને બાળકને ધવડાવવાની તૈયારી કરી. પણ બાળક કેમે કરી ધાવે જ નહિ! માએ ખૂબ પ્રયત્ન કર્યો પણ બાળક વધુ ને વધુ ચીઢાવા માંડ્યું અને અંતે તો રડી રડીને રાતું પીળું થયું.

આ બધો પ્રકાર અમે બેઠાં બેઠાં જોતાં હતાં. છેવટે મારી બહેન સાથે હતાં, તેમનાથી રહેવાયું નહિ. અને તેમણે બાળકને પોતાના હાથમાં લઇ છાનું રાખવાનો પ્રયત્ન કર્યો. પણ બાળક છાનું શાનું રહે? વાતચીત કરતાં જણાઇ આવ્યું કે બાળક કદી પણ મા બેઠી હોય ત્યારે ધાવતું ન હતું. તેને ધાવવા માટે માએ આડા સૂઇ જવું જોઇએ અને બાળકને પડખે લઇને ધવરાવવું જોઇએ અને તેથી જ બાળક ધાવતું ન હતું. હવે સ્ટીમરમાં જ્યાં ઊભા રહેવાની ય જગા ન મળે ત્યાં સૂઇને ધવરાવવાની વાત જ ક્યાં? બાળક તો મોટી ફિટ આવી હોય તેવી હાલતે પહોંચ્યું હતું. કંઇક કરવું જ જોઇએ, નહિ તો બાળકને કાંઇક થઇ જશે એવો ડર લાગ્યો. છેવટે મારાથી રહેવાયું નહિ. હું સીધો સ્ટીમરના કપ્તાન પાસે ગયો. કપ્તાનને બધી વાત સમઝાવી. કપ્તાને એક કેબિન ખાલી હતી તે આપવાની તૈયારી બતાવી. મેં પેલા ગૃહસ્થને વાત કરી. તેમણે વધુ ભાડું ખર્ચવાની આનાકાની હોવા છતાં એ યોજના સ્વીકારી. મેં અને એ ગૃહસ્થે મળી એનો સામાન ફેરવ્યો. અને પેલા બેન કેબીનમાં જઇને આડા સૂઇ ગયાં અને બાળકને પડખે સૂવાડ્યુ ત્યારે જ બાળકે ધાવવાની શરૂઆત કરી અને તે શાંત થયું!

* * * *

આ ચાર પ્રસંગો સત્ય ઘટનાઓ છે. ફેરફાર માત્ર નામોનો છે. એ દરેકની પાછળ માબાપનું અજ્ઞાન રહેલું છે. માબાપ બાળકના ઉછેરમાં આંખ ઉઘાડી રાખીને વર્તશે, તો બાળજીવનમાં ચાલતા અઘોર અત્યાચાર જરૂર અટકશે અને બાળકોના અનેક પ્રશ્નો એની મેળે ઉકલી જશે. ઉપલા પ્રસંગોમાં માબાપની શી ભૂલો થઇ તે ચતુર વાચકોને સમજાવવાનું હોય જ નહિ.

ગો. ૨. કુલકર્ણી

# બાળકો અને રેંટિયો

ગામડાંના ગરીબ બાળકોની કેળવણીનો વિચાર કરતાં રેંટિયો તરત જ યાદ આવે છે. પાયાની કેળવણીમાં શિક્ષણના વાહન તરીકે સ્વીકારેલા ઉદ્યોગમાં ગાંધીજીએ રેંટિયાને આટલું બધું મહત્ત્વનું સ્થાન આપ્યું તેની પાછળ બહુ ભવ્ય વિચારસરણી રહેલી છે. સંજોગો અને પરિસ્થિતિ પ્રમાણે બીજા ગમે તેટલા સ્થાનિક ગૃહઉદ્યોગોની વ્યવસ્થા થઈ શકે છે પરંતુ એ બધામાં ત્યાં એ બધાંની સાથે પણ રેંટિયો તો રહેવો જ જોઈએ. એના જેટલો સરળ, સ્વાભાવિક અને સુલભ ગૃહઉદ્યોગ શોધવો મુશ્કેલ છે.

બાળમાનસ અને બાળકોનાં મંથનોનો અભ્યાસ કરીશું તો આપણે તરત જ સમજી શકીશું કે બાળકોને જન્મથી જ કંઈ ને કંઈ પરિશ્રમ કરવાની વૃત્તિઓ રહેલી જ હોય છે. જાતમહેનત એમનો જન્મસિદ્ધ અધિકાર છે. સ્વયંપ્રેરિત આનંદ છે. આજની કૃત્રિમ કેળવણી બાળકોના એ સ્વરાજ્ય એ આનંદને નિષ્ઠુરતાથી ચૂંથી નાખે છે. બાળકોની એ સ્વાભાવિક સ્વાવલંબન ઉદ્યોગવૃત્તિને પૂરેપૂરો અવકાશ મળવો જોઈએ. બાળકોના ઘરકામમાં એ ખીલી શકે છે અને છતાં એ દિશામાં પણ પરાવલંબનપ્રેમી માબાપો અને વડીલો બાળકોનો સ્વયંવિકાસનો અધિકાર ખૂંચવી લે છે. રેંટિયાની પ્રવૃત્તિ પણ બાળકોના એ પ્રિય સ્વાવલંબનરાજ્યના સ્વાભાવિક વિકાસ માટે બહુ સુંદર વાતાવરણ પ્રગટાવે છે. અનુભવે આ વસ્તુ વધુ ને વધુ સિદ્ધ થતી જાય છે. પરંતુ આ માટે બાળકોમાં કામ કરનાર શિક્ષિકા અથવા શિક્ષકે રેંટિયા પાછળ ગાંડપણ કેળવવું જોઈએ. આવા બાદીભક્ત શિક્ષક શિક્ષિકાઓજ બાળકોની કેળવણીમાં રેંટિયાની શિક્ષણશક્તિનો ચમત્કાર બતાવી શકશે.

એવા શિક્ષક–શિક્ષિકાઓને રેંટિયાની સર્વશક્તિમાં અખૂટ અને અખંડ શ્રદ્ધા હોવી જોઈએ. નિરંતર શુદ્ધ બાદીધારી હોવા ઉપરાંત એ ભાઈ અથવા બહેન રેંટિયાના તપસ્વી થવા મથતા હોવા જોઈએ. રેંટિયાના તપસ્વી થવું એટલે યજ્ઞ તરીકે રેંટિયો નિયમિત રીતે કાંતવો અને એનું આખુંયે વિજ્ઞાન સમજવું, શોધવું અને આચરવું. એથી રેંટિયાભક્ત શિક્ષક કપાસથી માંડીને કાંતવા અને થરડવા સુધીની બધી જ ક્રિયાઓ સમજવા ખૂબ જ હોંશ રાખશે. પોતાના જીવનમાં એ બધી ક્રિયાઓનો સાક્ષાત્કાર કરવા મથનાર શિક્ષિકા તરત સમજી લેશે કે એ બધી ક્રિયાઓમાં ત્રણ વર્ષનો બાળક પણ કંઈ ને કંઈ રીતે પોતાનો ફાળો આપવા અધીરો બને છે–અવકાશ અને ઉ-તેજન મળતાં કુશળ પણ બને છે.

રેંટિયાની આસપાસ ગૂંથાયેલી એ બધી ક્રિયાઓ કઈ છે એ જિજ્ઞાસુ શિક્ષક જાતે જ શોધી લે છે. એને લગતાં પુસ્તકો ઊથલાવી જાય છે. એને અંગે થતા અનુભવો–પ્રયોગોનો અભ્યાસ કરી લે છે. એ ક્રિયાઓનો ક્રમ આવો છે:

(૧) કપાસનું વાવેતર.

(૨) કપાસ તૈયાર થતા તેને દોહવાની ક્રિયા (કપાસ દોહવું એટલે કપાસના છોડ પરથી વહેલી સવારે કાળજીપૂર્વક કપાસના કાલા ચૂંટી લેવા.)

(૩) કપાસ ઉતાર્યા પછી એમાં રહી ગયેલા કચરાને સાફ કરવાની કપાસ–સફાઈની ક્રિયા.

(૪) કપાસ ઓટાઈ અથવા લોઢાઈ. સાફ કરેલા કપાસમાંથી કપાસિયા (કપાસનાં બી) અને રૂ છૂટાં કરી દેવા. આને કપાસ લોઢાઈની ક્રિયા કહે છે. (૧) હાથવતી પણ એ બી રૂથી છૂટા પાડી શકાય છે. એ બહુ હળવી અને નાજૂક ક્રિયા છે. (૨) અથવા લાકડાની પાટલી અને લોખંડના સળિયાનો ઉપયોગ કરી કપાસ લોઢી શકાય છે. (૩) કપાસ લોઢવાનો ચરખો પણ આવે છે. એમાં ઝડપ વધુ આવે છે.

(૫) લોઢેલું કપાસ એટલે સ્વચ્છ રૂ. રૂને પછી પીંજવામાં આવે છે અને પીંજેલા રૂની પૂણી થાય છે. તુનાઈની શોધ પછી આ પિંજણક્રિયા પણ બાળકો માટે બહુ હળવી અને સુલભ બનાવી દીધી છે. હવે તો એમાં પણ ત્રણ પ્રકારની શોધ છે: (૧) તુનાઈ: રૂને છૂટું કરી ચપટીમાં રાખી વાંસથી છરીથી તુણવું. આથી રૂના રેસા છૂટા થઈ વિસ્તારમાં પથરાય છે. (૨) રૂને છૂટું કરી કામઠીની તદ્દન હળવી ધુનાઈથી (કમાન પીંજણ) પીંજી લેવામાં આવે છે. આથી પણ રૂના રેસા વિસ્તારમાં પથરાય છે. (૩) કપાસને લોઢતી વખતે જ કાળજીપૂર્વક લોઢવામાં આવે તો રૂ છૂટું થવા માંડે છે. એવા તાજા લોઢેલા રૂની જ પુણી બનાવી લેવામાં આવે છે. આ ક્રિયાને તુનાઈ કહેવામાં આવે છે. એટલે રૂ પર તુનાઈ ધુનાઈ પુનાઈની થતાં તેની પૂણી બનાવાય છે.

(૬) એવી તૈયાર પૂણીને પછી કાંતવામાં આવે છે. કાંતવા માટે (૧) સામાન્ય તકલી (૨) ધનુષ તકલી અને (૩) યરોડા ચક્રનો સામાન્ય રીતે ઉપયોગ કરવામાં આવે છે. એ સૂતરને પછી ફાળકા પર ઉતારવામાં આવે છે.

(૭) વણાટ માટે આપણું કાંતેલું સૂતર સરળ થઈ પડે એ માટે હવે તેને કાંત્યા પછી તરત જ થરડી લેવામાં આવે છે. કાંતેલ સૂતરની બે ત્રાક ને એક ચોકઠામાં ભેરવી તેમાંથી નીકળતા તારને બેવડાં કરતા જઈ ચાલુ રેંટિયાની ત્રીજી ત્રાક પર તેને વળ આપી ઉતારતા જવાની ક્રિયાને થરડવાની ક્રિયા કહે છે. આ ક્રિયા પણ બહુ અઘરી નથી.

રેંટિયાની આ સાત ક્રિયાઓમાં એટલી બધી કળા,

એટલું બધું વિજ્ઞાન ભરેલાં છે કે શિક્ષક અથવા શિક્ષિકાને વર્ષો સુધી તન્મય થવાની પૂરી સામગ્રી એમાંથી મળી રહે છે. એવા રસિક કલાપ્રેમી શોધક શિક્ષકો બાળકોની સર્વેન્દ્રિયના વિકાસમાં એ બધી ક્રિયાઓનો સ્વાભાવિક સદુપયોગ કરી શકે છે. રેંટિયાની આ બધી ક્રિયાઓમાં કર્મકૌશલ્યની જે ભારે શિક્ષણશક્તિ પડી છે તેની શોધ કરવી, એના પ્રયોગો કરવા એ બાળવાડીઓ માટે બહુ રસિક ક્ષેત્ર છે. અનુભવે જણાય કે બાળકો તો એમાં તન્મય થતાં જાય છે અને એમાં નિત્ય નવીનતા પ્રગટતી જ જાય છે એ દૃષ્ટિએ રેંટિયો બાળકોને સ્વાશ્રયના અવનવા પાઠો આપી દે છે.

ગાંધી કુટિર, કરાડી. દિલખુશ બ્ર. દિવાનજી

# સાધ્ય અને સાધન

ભગવદ્‌ગીતામાં એક સુંદર શ્લોક છે. માનસશાસ્ત્રની દૃષ્ટિએ તેમજ શિક્ષણશાસ્ત્રના એક મહાન સિદ્ધાન્તની તરીકે તે શ્લોકમાં આપેલું પૃથક્કરણ ખૂબજ મહત્ત્વનું છે. આ રહ્યો તે શ્લોકઃ

अधिष्ठानं तथा कर्ता करणं च पृथग्विधम् ।
विविधाश्च पृथक् चेष्टाः दैवं चैवात्र पञ्चमम् ॥

આ શ્લોકમાં કાર્યની સિદ્ધિ માટેનાં પાંચ સાધનો બતાવ્યાં છે. એ પાંચ સાધનો પોતપોતાની રીતે કામ કરતાં હોય છે, અને એ બધાના કાર્યનો જે વધઘટ કરતાં સરવાળો આવે તે જ દરેક ક્રિયાનું પરિણામ ગણાય. હવે આ પાંચ સાધનો તપાસીએ.

પહેલું સાધન છે અધિષ્ઠાન. અધિષ્ઠાન એટલે સ્થાન, ભૂમિ—આપણે જ્યાં કામ કરીએ છીએ તે જગા. વિશાળ અર્થમાં આનો અર્થ પરિસ્થિતિ. આપણે બીજ વાવવું હોય તો યોગ્ય અધિષ્ઠાન જોઇને જ વાવવું જોઇએ. ખડક ઉપર બીજ વાવીએ તો ગમે તેટલી મહેનત લીધી હોવા છતાં બીજમાંથી છોડ કે વૃક્ષ કદી નીકળેજ નહિ.

બીજું સાધન કર્તા એટલે કે પ્રત્યક્ષ કાર્ય કરનાર. ઉપરનાજ બીજના દાખલામાં બેડૂત બીજ વાવનાર બેડૂત ન હોય તો બીજ ઊગેજ નહિ.

ત્રીજું સાધન છે કરણ. કરણ એટલે જુદાં જુદાં હથિયારો, સાધનો, યંત્રો વગેરે. જમીન (અધિષ્ઠાન) સારી હોય, બેડૂત (કર્તા) સારો હોય તે છતાં હળ, બરપી, પાણી, હવા વગેરે સાધન ન હોય તો બીજ સરખી રીતે નહિ ઊગી શકે.

ચોથું સાધન છે વિવિધ અને પૃથક ચેષ્ટા—એટલે કે કર્તાએ કરેલ પ્રયત્ન બધાં સાધનો હોય, જમીન સારી હોય, બેડૂત હોશિયાર હોય પણ આ બધાંની સાથે બેડૂત મહેનત જ ન કરે અને બેસી રહે તો બેતરમાં કશું જ ઊગે નહિ.

પાંચમું અને છેલ્લું સાધન છે દૈવ. દૈવ એટલે અદૃશ્ય શક્તિ, જેના ઉપર ઉપરના ચારે સાધનોમાંથી એકેયનો કાબૂ નથી. જેમ કે બેતીમાં જ ઉપરનાં ચાર પ્રકારનાં સાધનો એકદમ તૈયાર હોય તેમ છતાં વરસાદ જ ન પડે અથવા તો હિમ પડે તો તૈયાર થવા આવેલો બધો જ પાક બળી જાય અને કાર્ય નિષ્ફળ નિવડે.

આ પાંચ કારણો જેટલા પ્રમાણમાં એકબીજાને અનુકૂળ નિવડે તેટલા જ પ્રમાણમાં કાર્યની સિદ્ધિ થાય.

શિક્ષણશાસ્ત્રનો વિચાર કરીએ તો ઉપલું પૃથક્કરણ ઘણું જ ઉપયોગી નિવડે છે. બાળકના વિકાસ માટે અનુકૂળ વાતાવરણ એ પહેલી ચીજ છે. વાતાવરણ અનુકૂળ ન હોય તો ધાર્યો વિકાસ નહિ આવી શકે. કર્તા એટલે કેટલેક અંશે બાળક અને કેટલેક અંશે શિક્ષક. વિકાસનું કાર્ય તો બાળક જ કરે છે એટલે એ બાળકની શક્તિ અથવા અશક્તિ ઉપર તેના વિકાસનો આધાર રહે છે. શિક્ષક બાળકના મદદનીશ તરીકે તેના વિકાસક્રમમાં સરળતા કરી આપે છે.

યોગ્ય દિશામાં પ્રયત્ન એટલે જ શિક્ષણની પદ્ધતિ. મોન્ટિસોરી કે ડૉલ્ટન પદ્ધતિ વધુ શાસ્ત્રીય અને વધુ પરિણામકારક છે. અને છેલ્લું કારણ જે બતાવ્યું તે દૈવ એટલે કે બાળકની અદૃષ્ટ શક્તિઓ, તેની સહજ પ્રવૃત્તિઓ, તેની બુદ્ધિની કક્ષા વગેરે. દરેક બાળકનો વિકાસ તેની આન્તરિક શક્તિ પ્રમાણે જ થવાનો. એક જ પ્રકારના વાતાવરણમાં એક જ શિક્ષકના હાથ નીચે એક જ પદ્ધતિથી શીખવતાં બાળકોનો વિકાસ એક સરખો નથી થતો તેનું કારણ બાળકોના વ્યક્તિત્વનું જુદાપણું. એ જુદાપણું એટલેજ અદૃષ્ટ અથવા દૈવ.

કુશળ શિક્ષક કે કેળવણીકાર તે જ કહેવાય કે જે આ પાંચે સાધનોનો યોગ્ય સુમેળ સાધી કાર્યમાં વધુમાં વધુ સફળતા પ્રાપ્ત કરી શકે. ગો. ર. કુલકરણી


## મોન્ટીસોરી શિક્ષક જોઇએ છે

મોન્ટેસોરી પદ્ધતિના નિષ્ણાત શિક્ષકની જરૂર છે. કામના અનુભવી અને પદ્ધતિના જાણકાર તેમજ સ્વતંત્ર રીતે કામ ચલાવી શકે તેવા ભાઇ અથવા બહેને નીચેના સરનામે પત્રવ્યવહાર કરવોઃ

**મોહનલાલ ચં. ધરિયા**

ડો. વિલસન સ્ટ્રીટ, મણી મેન્શન, ગિરગાંવ બેક રોડ, મુંબઇ


મુદ્રક–પ્રકાશકઃ–ગો. ર. કુલકર્ણી, ૧૧૭, હિંદુ કોલોની દાદર–મુંબઇ ૧૪, મુદ્રણ સ્થાનઃ–સ્ટેટ્સ પીપલ પ્રેસ, ૧૩૮, મેડોઝ સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઇ.

# શિક્ષણ પત્રિકા

(નૂતન બાલશિક્ષણ સંઘ)

આદ્ય તંત્રી : સ્વ. શ્રી. ગિજુભાઇ બધેકા

તંત્રી : શ્રી. તારાબેન મોડક

સહ સંપાદકો : શ્રી. ગોપાળરાવ કુલકર્ણી, શ્રી. બંસીધરજી, શ્રી. રામલાઈ પાઠક


## શિક્ષણનું સાર્વભૌમ છત્ર

☆

શિક્ષણ જીવનનું એકમેવ શાસ્ત્ર છે. શિક્ષણના સાર્વભૌમ છત્ર નીચે જીવનનાં અંગોપાંગોનાં બધાં શાસ્ત્રોએ પોતાનો સંસાર ચલાવવો જોઈએ. આર્થિક, સામાજીક, રાજકીય, નૈતિક અને આધ્યાત્મિક એ બધાં જીવન-વ્યાપારો સાથે શિક્ષણે પોતાનો અખંડ સંબંધ રાખવો જોઈએ. જૂના વખતમાં જીવન પર આવી સાર્વભૌમ સત્તા ચલાવનાર શાસ્ત્રને ધર્મશાસ્ત્ર કહેતા. અત્રં જોતાં તે તે વખતનું શિક્ષણશાસ્ત્ર જ હતું. આધુનિક યુગમાં ધર્મની કલ્પના બૂબજ વિકૃત દશાએ પહોંચી હોવાથી ધર્મશાસ્ત્રનો વ્યાપક અધિકાર કેટલાક વિચારી લોકો સ્વીકારી શકતા નથી. તો પણ તેમને શિક્ષણ-શાસ્ત્રની ઉપલી કલ્પના માન્ય થતી જાય છે. શિક્ષણ આધુનિક યુગનો ધર્મ થયો છે અને શિક્ષણશાસ્ત્ર ધર્મશાસ્ત્રની પદવીએ પહોંચવા લાગ્યું છે.

આચાર્ય ભાગવત

૦૦૦ ૦૦૦


વર્ષ ૨૧ : કાર્યાલય : અંક ૬

૨૦૦૨ શાન્તારામ લેન, વાલકેશ્વર, મુંબઇ, ૬. જેઠ

# બાળકોનું લાલન

બાળક પાંચ વર્ષનું થાય ત્યાં સુધી તેનું લાલન કરવું અને તે પછી તેને મારવું એટલે શિસ્ત લગાડવી; અને સોળ વર્ષ પછી બાળકોની સાથે મિત્રની જેમ એટલે સમાન ભાવથી વર્તવું, એ અર્થનો એક સંસ્કૃત શ્લોક છે.

આજ કાલ આમાંથી કશું જ નથી પળાતું. લાડ પાંચજ નહીં પણ પચીસ વર્ષ સુધી પણ થાય છે. માર પાંચ પછી શરૂ કરવાની છૂટ છે એમ ગણીયે તો તેની શરૂઆત પહેલા વર્ષથીજ થાય છે. સાધારણ રીતે બારમા વર્ષે પછી મારવાનું બહુ નથી થતું એટલો સુધારો જણાય છે ખરો! સોળ પછી મિત્રતા નથી હોતી, તો પણ માર નથી હોતો એટલું સાચું.

ખરું પૂછીએ તો જેને લાડ કહે છે તે પહેલા પાંચ વર્ષમાં પણ નથી જરૂરી અને પછી દશ વર્ષ સુધી માર પણ શા માટે જોઇએ? સોળ વર્ષ પછી મિત્રની જેમ વર્તવાની શરૂઆત કરવા કરતાં પહેલા વર્ષથી જ મા અને બાપ બાળકના મિત્ર થઇ શકે છે. અને મિત્ર થવાનો પ્રયત્ન કરવો એટલે જ બાળકોને યોગ્ય રીતે ઉછેરવા અને તેમને શિસ્ત લગાડવી.

બાળકોને લાડ લડાવવા એ બરાબર નથી જ. અને લાડ માત્ર શ્રીમંતને ત્યાંજ હોય છે અને ગરીબને ત્યાં નથી હોતા એમ નથી. એક ભિખારણને પોતાના બાળકને વધુ પડતા લાડ લડાવતી મેં જોઇ છે.

બાળકોનું પાલન, પોષણ અને લાલન જરૂરી છે. પણ લાડ નહીં લડાવવા જોઇએ. એટલે એમ કે માત્ર શારીરિક જરૂરીયાતો પૂરી કરવાથી પાલનપોષણ થાય છે, પણ તેની સાથે લાલન એટલે કે ભાવના વગેરેનું માનસિક પોષણ પણ જોઇએ. પોતાનું ઘર—પછી તે ગરીબ ઝુંપડું હોય તો પણ—બાળકોને મોટા રાજમહેલ કરતાં પ્રિય લાગે છે, પોતાની મા—પછી તે ગમે તેટલી કદરૂપી કે અભણ હોય તો પણ—બાળકને ગમે છે, આનું કારણ એજ છે. નાજુક, સુંદર ભાવનાઓનો સગાસબંધીઓ વડે પરિપોષ થાય છે, બહારની દુનિયા અને તેના વ્યવહાર કાયદાઓ અને હુકકો પર રચેલાં હોય છે. પણ કુટુંબના વ્યવહાર પ્રેમ, સ્વાર્થત્યાગ, સહાનુભૂતિ સહિષ્ણુતા વગરે પર રચેલા હોય છે. તેથીજ ગરીબ બાળક શ્રીમંત માલેકના બંગલા કરતાં પોતાની ઝુંપડી તરફજ દોડયું જાય છે. ઉત્તમ તજજ્ઞ લોકો વડે ચલાવાતાં અને બાળકોની બધી જરૂરીઆતો પૂરી પાડતાં અનાથ-ગૃહોનાં બાળકો વ્યવસ્થિત અને પુષ્ટ જણાય, તો પણ અન્તે તે અનાથજ દેખાય છે!

ટૂંકમાં, ઘરમાં માબાપ પાસેથી અને બીજા વડીલો પાસેથી બાળકોને લાલન મળવું જોઇએ. બાળકના વિકાસ માટે દૂધ જેટલું જરૂરી છે, તેટલું જ લાલન પણ જરૂરી છે. લાલન એ બાળકોનું માનસિક અન્ન છે એમ કહી શકાય. પણ લાલન એટલે શું તે જોવું જોઇએ.

શરૂઆતમાં કહ્યું તેમ લાલન અને લાડ એ બેમાં શો ફેર છે તે જોવું જોઇએ. તેવીજ રીતે લાલન અને શિસ્ત એ બેનો શો સંબંધ છે તે પણ જોવું જોઇએ.

આપણામાં અનુભવી અને વિચારી લોકો લાલન અને લાડ એ બે વચ્ચેનો ફેર બરાબર સમજતા હતા. તેઓ જાણતા હતા કે બાળકને લાડ લડાવવા જોઇએ પણ તે માત્ર તેમના લાલન પૂરતા જ.

પણ લાડ યોગ્ય કયા અને અયોગ્ય કયા તે બાબતમાં સ્પષ્ટ ખ્યાલ જોઇએ. આજે એ શબ્દ ખૂબ જ અનિશ્ચિત અર્થમાં વપરાય છે.

ગૃહરાજ્યનો મુખ્ય પાયો પ્રેમ છે. ઘરનાં માણસો પ્રેમથી એક બીજા સાથે વર્તે છે. એક બીજા માટે ભાવું, એક બીજા માટે ઘસાઇ જવું, એક બીજાના દુઃખમાં સમરસ થવું; એક બીજાના દોષ સહી લેવા, એજ કુટુંબજીવન એને એજ કુટુંબજીવનની સુંદર અને ઉદાત્ત બાજુ. આ જાતની સહાનુભૂતિ, સહિષ્ણુતા, ત્યાગ પ્રેમ અને એક બીજાને સમજવાની શક્તિ—એવા વાતાવરણમાં ઉછેરાતું બાળક ઉત્તમ વિકાસ સાધશે એમાં શંકા નથી.

પણ ઘણીવાર આ બધી સારી વસ્તુઓનું વિપરીત પરિણામ દેખાય છે અને બાળકો તેમાં બગડી જાય છે. આનેજ આપણે વધુ પડતા લાડ કહીએ છીએ.

ઉપર બતાવેલ ઉત્તમ ચીજો ઘણીવાર એકપક્ષી હોય છે. વડીલો તરફથી બધી જાતનો ત્યાગ, સહિષ્ણુતા,

સહાનુભૂતિ પ્રેમ વગેરે હોય છે અને બાળકો માત્ર તેનો ઉપભોગ લે છે. તેમને એમાનું કશું જ કરવાનું હોતું નથી. પરિણામે કેટલાંક બાળકો એવાં દેખાય છે કે વડીલ માણસોએ, વિશેષતઃ માએ તેમની તેનાતમાં હમેશા હાજર રહેવું જ જોઇએ એવી તેમની અપેક્ષા હોય છે. મા બીમાર થાય અને તેની તેનાતમાં હાજર નહી રહી શકે તો તેઓ રડે છે, બીજાય છે. અન્તે સારૂં ન હોય તો પણ માને તેઓ ઉઠવાનીફરજ પાડે છે. એટલે સ્વાર્થત્યાગ, સહિષ્ણુતા, સહાનુભૂતિ વગેરે એક પક્ષે હોય છે; અને બીજે પક્ષે તે બધાંનો ઉપભોગ કરનાર ભાવનાશૂન્ય જુલમગાર તૈયાર થતો જાય છે. મા પોતાને ગમતી ચીજ તૈયાર કરીને બધાં કરતાં વધારે ભાગ બાળકને આપે તો તે માટે મા વિષે પ્રેમ જાગૃત થઇને તેને માટે પણ પોતે એ રીતે જ વર્તવું જોઇએ એવી ભાવના જાગૃત થવાને બદલે, તેણે એમ વર્તવું એ પોતાનો હક છે, તે એવી રીતે ન વર્તે તો તેના ઉપર બીજાવું, એમ કરનાર કેટલાંક બાળકો દેખાઇ આવે છે. આમાં બાળકોનો દોષ નથી હોતો. તેમને તેવાં બનાવનાર ઘરનાં વડીલ માણસોજ હોય છે.

બાળક નાનપણમાં સ્વાર્થી હોય તે સ્વાભાવિક છે. પણ કૃતજ્ઞતા, સહિષ્ણુતા વગેરે ઉચ્ચ અને સૂક્ષ્મ ભાવનાઓ પણ તેમને સમજાય છે. મા ની તબીયત ખરાબ હોવા છતાં તેણે તકલીફ લઇ આટલું પોતાને માટે કર્યું તેનું ભાન બાળકને રહેજે નહીં થાય, તો તે કરાવી શકાય તેમ છે. ઘરનું કોઇ વડીલ માણસ તેમ કહે તો પણ તે બાળકના ખ્યાલમાં આવી જાય છે.

અંગ્રેજ લોકોમાં નોકરો કે સગાંવહાલાંઓને 'Thank you' કહેવાની અને બાળકને તેમ કહેતાં શીખવવાની રીત છે. તે કૃતજ્ઞતાની ભાવના જાગૃત કરવાની દૃષ્ટિએ સારી છે. આપણને એ કૃત્રિમ લાગે છે તેમ છતાં ઉપકાર માનું છું, એમ કહ્યા વિના પણ કરેલ કામનું ભાન મનમાં થાય અને તે ભાવના વ્યકત થાય એમ કરવાની સૂક્ષ્મ રીતો હોય છે. તે આપણે બાળકોને શીખવીએ તો તેમના મનમાં તેવી ભાવનાઓ જાગૃત થઇ શકે છે. નોકરો વિષે, ઘરના ઘરડાંઓ વિષે, કે બીજાંઓ વિષે, આ પ્રકારની ભાવના અને કૃતિ બાળકોમાં જાગૃત કરી શકાય છે. ટુંકમાં, બીજા પાસેથી કામ કરાવવું આ નાનપણનો હકક જ છે એમ માની તે બજાવવાની ટેવ ન પાડતાં, બીજાઓ પોતાને માટે જે કરે છે તેવું પોતે પણ કરવું, એવી ભાવના જાગૃત કરી શકાય છે.

બીજી વાત એ છે કે શિસ્તભંગ કરવાનો હક એટલેજ લાલન એવી બાળકોની કલ્પના થાય છે. લાડકવાયાં બાળકો ૮/૯ વાગ્યે ઉઠે તો પણ વાંધો નહીં; નહાયા વગર જમવા બેસે તો પણ વાંધો નહીં; પિતાજી ઓફીસમાં ગયા હોય અને ઘરમાં માનું રાજ્ય હોય ત્યારે ઘરની શિસ્ત તોડી શકાય એમ બાળકોને લાગે છે. આનું કારણ મા લાડ લડાવે અને પિતા શિસ્ત શીખવે એવો શ્રમવિભાગ કરેલો હોય છે. ઘણીવાર મા શિસ્ત શીખવે છે ત્યારે નાની કે દાદી લાડ લડાવે છે. કયારેક દાદા તો કયારેક પિતા શિસ્ત શીખવનાર હોય છે, ત્યારે બીજું કોઇ તેટલાજ અધિકારવાળું લાડ લડાવનાર અને શિસ્તભંગને ઉ-તેજન આપનાર હોય છે. ખરૂં જોતાં ઘરની શિસ્ત બધાંએ મળીને પાળવાની હોય છે અને તેમાં બધાંએ એક મતથીજ વર્તવું જોઇએ. ખૂબ લાડીલું બાળક ગમે ત્યારે ઉઠે, ગમે ત્યારે સૂએ અને કોઇપણ શિસ્તનું પાલન ન કરે એવો રિવાજ પાડવાની શી જરૂર છે? લાડ લડાવવા એટલેજ શિસ્તભંગનો હક આપવો એ લાલનનો ખોટો અર્થ છે. ઉત્તમ લાલન અને યોગ્ય શિસ્ત એ બેનો સુમેળ સાધવો અશકય નથી. શિસ્ત કે નિયમિતતા, વ્યવસ્થિતતા કે ઉદ્યોગિતા, એ બધાંને લીધે બાળકનું જીવન બાળપણમાં પણ સુખી થાય છે. અને તેમના ભવિષ્ય જીવનમાં પણ તે ખૂબ ઉપયોગી અને જરૂરી નિવડે છે. તેથી લાડકવાયું બાળક ઘરના બધા નિયમોને અપવાદરૂપ, બધા નિયમોનો ભંગ કરવાના હકવાળું, આળસુપણાની છૂટવાળુ હોય, એ જરૂરી નથી. આ જાતના લાડ વધારે પડતા લાડ ગણાય. અને આવા લાડથી સૌથી વધુ નુકશાન તો બાળકનું જ થાય છે, એ વાત ધ્યાનમાં રાખવી જોઇએ.

લાડનો એક પ્રકાર એવો હોય છે કે લાડકવાયાના મોઢામાંથી શબ્દ નિકળે કે તેનો અમલ થવો જ જોઇએ. અધી રાતે તે અમુક એક ચીજ માંગે કે તેને મળવી જ જોઇએ. આ પણ લાડનો જ પ્રકાર છે. નૂતન–શિક્ષણપદ્ધતિ એટલે બાળકને જે ચીજ જોઇએ તે પૂરી પાડવી અને તેને ફાવે તેમ વર્તવા દેવું, એવો ખોટો અર્થ ઘણા ભણેલા લોકો પણ કરે છે. ડો. મોંટીસોરી, જે નૂતન બાલ શિક્ષણ પદ્ધતિના જનેતા છે, તેમનું એમ કહેવું

છે કે શાળામાં ૨૫ બાળકો હોય તો પણ રમવાનો એકજ સેટ રાખવો. જેથી એક બાળક રમતું હોય એવું રમકડું બીજાને લેવાનું મન થાય તો પહેલાનું રમવાનું પૂરું થાય ત્યાં સુધી રાહ જોવાની બાળકોને ટેવ પડશે.

બાળકોને ખૂબ સુરક્ષિત રાખવાં, તેમને ખૂબ જ સાચવવાં એ પણ અવાસ્તવ લાડનો પ્રકાર છે. કેટલીક માતાઓ શાળાની ટ્રિપ સાથે પોતાનાં બાળકોને મોકલતી નથી. કારણ કે કોઇ અકસ્માત થાય તો ? એવો ડર તેમને હોય છે. રસ્તા પર હાથ પકડયા વગર ચાલવું નહીં, એકલા તો કયારેય જવાનું જ નહીં, તડકો લાગવો નહીં જોઇએ; પવન, ઠંડી, વરસાદ, ખાવું, પીવું બધી બાબતોમાં એટલી બધી જાળવણી દેખાય છે કે તેને પરિણામે બાળકો વધારે બીમાર થયેલાં દેખાય છે. આથી શારીરિક દૃષ્ટિએ નાજુક અને અશકત અને માનસિક દૃષ્ટિએ પાંગળાં એવાં બાળકો થાય છે. પોતાનું રક્ષણ કેમ કરવું તે જાણતાં નહીં હોવાથી તેઓ હતાશ બને છે. કયાંથી, કયારે, કેવો ભય પેદા થઇ શકે છે એ પણ તેમને સમજાતું નથી. મનની કે શરીરની ચપળતા તો તેમનામાં હોતી જ નથી. સ્વરક્ષણની સહજપ્રવૃત્તિનો તેમનામાં વિકાસ થતો નથી. આથી ઉલટું, ગરીબનાં બાળકો રાત દિવસ રસ્તા પર જ મોટાં થાય છે. પણ તેમને નથી વીંછી કાંટાનો ભય કે નથી ટાઢ તડકાની ધાસ્તી ! તેઓ કદી પણ મોટર નીચે ચગદાતાં નથી કે સહેજે ટાઇફોઇડ કે કોલેરા જેવા દર્દોથી બીમાર થતાં નથી. કુટુંબમાં, બાળકોના અતિરક્ષણના લાડને લીધે તેઓ ખૂબજ હતબ્બલ થઇ જાય છે.

બાળકોને ખૂબ પંપાળવાં, તેમને છાતીએ દાબવાં, તેમને બચ્ચી ભરવી, તેમને હમેશા ખોળામાં કે કેડ પર લેવાં વગેરે રીતે તેમને શારીરિક લાડ લડાવવા એ પણ એક અવાસ્તવ લાડનો પ્રકાર છે. સહેજ જુદી જાતનો અને અસ્પષ્ટ એવો આ લૈંગિક ભાવનાઓનોજ પ્રકાર છે. બાળકને જોઇને પ્રેમનો ઉભરો આવે એ સ્વાભાવિક છે અને બાળકને પણ મા વિષે તેમ લાગે તે સ્વાભાવિક છે. તેથી મા બાળકને ભેટે છે અને બાળક પણ માને વળગી પડે છે. આની અતિશયતાનું પરિણામ ખરાબજ આવે છે. એવીજ રીતે પ્રેમ વ્યકત કરવામાં પણ મર્યાદા જોઇએ અને બાળક જેમ જેમ વધતું જાય તેમ તેમ તેના આવિષ્કરણમાં ફેરફાર થવા જોઇએ. મા બાળકને સૌથી નજીક છે, તેણે પણ આ બાબતમાં સંયમ રાખવો જોઈએ. તો પછી બીજાં સગાવહાલાઓની વાતજ શી ? કેટલાંક બાળકો સહજ બુદ્ધિથીજ સગાવહાલાં બચ્ચી ભરે ત્યારે તેને લૂંછી નાખે છે અથવા તો રડીને મોં ફેરવીને પોતાની નાપસંદગી બતાવે છે. મોટાઓ જેમ પોતાના શરીર પર કોઇ અત્યાચાર કરે તો સહન નથી કરી શકતાં, તેમ નાનાંઓ પણ નથી સહી શકતાં. આ એમની ભાવનાઓ આત્મસંમાન (Self respect) ને લીધે હોય છે. આવી ભાવનાઓનો વિકાસ થાય એવી અનુકૂળતા કરી આપવી જોઇએ. કુંટુંબમાં પારકાઓએ તો શું પણ મા બાપે કે નજીકના સંબંધીઓએ પણ શારીરિક પ્રેમ દર્શાવવામાં સંયમ, વિવેક અને સુરુચિ રાખવાં જોઇએ.

આ બધા અવાસ્તવ લાડ છે, તો પછી લાલન એટલે શું ? એવો પ્રશ્ન ઉભો થશે.

પહેલાંજ કહ્યું છે તેમ માનસિક પોષણ એટલે જ લાલન. તે નીચે બતાવેલ રીતે થઇ શકે છે.

૧ નાના બાળકને સુરક્ષિતતાની જરૂર છે–તાજા જન્મેલા બાળકને તો ખાસ કરીને. બાળક જેમ જેમ વધે છે તેમ તેમ તે માથી જુદું થતું જાય છે. તો પણ તેને ઘર અને ઘરનાં માણસોના સહવાસમાં સુરક્ષિતતા જણાય છે. બાળકોને પોતાનું કોઇ નથી, પોતે એકલવાયું છે, એવી જાતની માર્ગ ભૂલી પડેલ માણસના જેવી ભાવના ઘણી વખત થાય છે. તો પણ બાળકોને વધારે પડતા પરાવલંબી કે મોટેરાઓના આધારે રહેનાર નહીં બનાવવાં જોઇએ. તેવીજ રીતે પોતાનું કોઇ નથી, પોતાનું શું થશે, એવી ભયભીત દશામાં પણ તેમને રહેવાં નહીં દેવાં. કુટુંબજીવન સ્થિર અને નિયમિત હોવું જોઇએ. અને બાળકને વડીલોના પૂરતો આશરો મળતો રહેવો જોઇએ. ઘરમાં સુરક્ષિતતાની ખાતરી હોવી જોઇએ.

૨ દરેક બાળકને પોતે માબાપને ગમે છે, તેઓ પોતાના પર પ્રેમ કરે છે, પોતાના સ્વારથ્ય અને સુખ તરફ તેમનું ધ્યાન છે, એવું લાગવું જોઇએ. ધ્યાન આપવાના અનેક સૂક્ષ્મ પ્રકાર હોય છે. જ્યાં ઘણાં બાળકો છે ત્યાં એકાદ બાળક દુર્લક્ષિત રહે છે, અથવા તો તેને

તેમ લાગતું હોય છે. મોટેરાઓના ધ્યાનમાં પણ નહીં આવે એવાં નાનાં નાનાં કારણો બનતાં જ જાય છે. અને બાળકને તે શલ્યની જેમ ખૂંચતાં હોય છે આવાં બાળકો ઘણીવાર આંદગી વહોરી લે છે, કારણ કે માતું કે બીજાનું ધ્યાન ખેંચવાનો કે પોતાનું લાલન કરાવવાનો એ એકજ માર્ગ એમની પાસે હોય છે. તેથી પોતાના બાળકોમાંથી એકને પણ આવી રીતે માંદું થઇને લાલન માગી લેવું પડે, એવી સ્થિતિ નહીં થવા દેવી જોઇએ.

૩ પોતાના બાળકના વિકાસનું કે પ્રગતિનું યોગ્ય ભાન આપણને હોવું જોઇએ, અને પાછળ રહેનાર બાળકની આગળ વધનાર બાળક સાથે સરખામણી કરી તેને આપણે હલકું નહીં પાડવું જોઇએ. ઉલટું, એને જે આવડે છે તેમાંજ તેને ઉ-તેજન આપવું અને વધુ આગળ વધવામાં અનુકૂળતા કરી આપવી. કેટલાંક બાળકો દેખવામાં કુરૂપ તો કેટલાંક સુરૂપ હોય છે, કેટલાંક હોશીયાર તો - કેટલાંક મંદ, કેટલાંક સશક્ત તો કેટલાંક અશક્ત. આવો ફરક રહેવાનો જ. પણ તેમાં સરખામણીથી એકને હંમેશા વખાણવું અને બીજાને હંમેશા વખોડવું, આથી બન્ને પ્રકારનાં બાળકોને નુકશાન થાય છે. બધાંને તેઓ છે ત્યાંથી આગળ વધવાની અનુકૂળતા કરી આપવી આ લાલનનો એક મહત્વનો પ્રકાર છે. આ બાબતમાં ખૂબ સંભાળ રાખવી જોઇએ. બાલ્યાવસ્થામાં ઇર્ષ્યા, દ્વેષ, નિરાશાવાદિત્વ, પોતાનું અભિમાન વગેરેનાં બીજ રોપાય છે. પછીના આયુષ્યની ખરાબી કરનાર બીજો રોપાય નહીં તેની સંભાળ રાખવી એ એક લાલનનો સૂક્ષ્મ અને મહત્વનો પ્રકાર છે. આવે વખતે પછાત કે મુંઝાનાર બાળકને વિશેષ ટેકો આપી માતાએ તેને વધારે સબળ બનાવવું જોઇએ.

૪ દરેક બાળકને એમ લાગવું જોઇએ કે તેનું ઘરમાં કાંઇ ખાસ સ્થાન છે. એકાદ બાળકને જ ખાસ હાથમાં લેવું, બીજાને હંમેશા "તને આ નહીં આવડે" એમ કહ્યા કરવું, ત્રીજાને હંમેશા આવનાર જનારની સામે લાવી ગાયન વગેરે ગવડાવવાં, વગેરે પ્રકાર ઘરમાં હંમેશા થાય છે. આથી બધાંને જે જાતનું લાલન મળવું જોઇએ તે મળતું નથી. બધાંને આત્મપ્રસ્થાનને માટે પૂરતો અવકાશ મળે અને તેઓ પોતાનું વિશેષ સ્થાન લઇ શકે અને પરિણામે સુખ અને સંતોષમાં બધાં રહી શકે એ જરૂરી છે. આ સાધવા માટે યોગ્ય લાલન જરૂરી છે.

૫ ભાવનાઓનો યોગ્ય ઉછેર એ પણ લાલનનો એક પ્રકાર છે. પોતાનાપર પોતાના માણસોનો પ્રેમ છે એવી ખાતરી બાળકોને જરૂરની છે માણસ માણસના સ્વભાવમાં જેમ ફેર હોય છે, તેમ નાના બાળકોમાં પણ હોય છે. કેટલાંકને મા પાસે લે, બચ્ચી ભરે, પોતાની પાસે સુવાડે વગેરે પ્રેમના અવિષ્કરણની ખાસ જરૂર હોય છે. કેટલાંકને તેટલા બાહ્ય દેખાવની જરૂર નથી હોતી તો પણ તેમને કોઇને કોઇ રીતે વધુ સૂક્ષ્મ પ્રેમની જરૂર તો હોય જ છે. બાળકોના સ્વભાવ જોઇ તેમની જરૂરીયાત મુજબ પ્રેમ પૂરૂં પાડવું આ એક લાલનનો મહત્વનો પ્રકાર છે. સ્થૂળ, જાડી રીત કરતાં ઉચ્ચ સૂક્ષ્મ, સંસ્કારી રીતે પ્રેમ વ્યક્ત કરવાની કળા માબાપ બાળકોને શીખવી પણ શકે છે. એક બીજાના ભાવાભાવનો ખ્યાલ રાખવો, એક બીજાની સગવડ સાચવવી, એક બીજાને મદદ કરવી, એક બીજાનાં કામ કરવાં, આ પ્રેમ બતાવવાના ઉચ્ચ પ્રકાર છે. તે આપણે તેમને શીખવી શકીએ. 'બ્રહેનને' ગમતું ફૂલ સાચવી રાખીને તેમને આપવાની ઇંતેજારી કેટલી બધી છોકરીઓ રાખે છે ! તેવીજ રીતે ઘરનાં માણસો એક બીજા પ્રત્યે પોતાનો પ્રેમ અનેક રીતે બતાવી શકે છે. બાળક ટ્રિપપર ગયું હોય ત્યારે તેને નહાવા માટે ગરમ પાણી તૈયાર રાખવું અને મા કામમાં હોય ત્યારે તેનું બિછાનું બાળકે કરી રાખવું, એ બધાં આવા પ્રેમાવિષ્કરણના દાખલા છે.

આ રીતે વિચારવા બેસીએ તો બાલમનના વિકાસને પોષક અને આવશ્યક લાલનના અનેક પ્રકાર આપણને જડી આવશે. વિચારથી અને અનુભવથી તેનો ખ્યાલ આપણને આવશે. મુખ્ય વાત ધ્યાનમાં રાખવાની એ છે કે ઘરમાં અન્યાય શિરતભંગ, આળસ, પક્ષપાત વગેરેને સ્થાન ન આપતાં, બાળકોને સ્થિરતા અને સુરક્ષિતતા લાગે એવું વાતાવરણ પેદા કરી પ્રેમના રાજ્યમાં તેમને ઉછેરવાં જોઇએ.

(મરાઠી પરથી અનુવાદ) તારાબેન

# બાલ સંનો વિકાસ

માનું સુખ કેવું હોય તેનો અજયને ખ્યાલ જ ન હતો. તે દોઢ વર્ષનો હતો ત્યારેજ તેની મા મરી ગઇ હતી.

સાવકી મા તેને સાંખી શકતી ન હતી. તેણે કદી તેને વહાલથી પંપાળ્યો નહતો. પ્રેમના બે શબ્દ તેને કદી સંભળાવ્યા ન હતા. ચાલતાં બેસતાં ગાળો અને તમાચા એ સિવાય બીજું કશું એ જાણતી જ ન હતી. તેને પણ એક છોકરો હતો. તેને તે પોતાના પ્રાણ કરતાં પણ વધુ સાચવતી. સભા, સંમેલન, ખેલ, નાટક વગેરે બધું અજયને માટે બંધ હતું.

પોતાની રાક્ષસી વૃત્તિ વડે અજયના પિતાને સાવકી માએ પોતાના કાબુમાં રાખ્યા હતા. તેમને કશું પણ કહેવાની કે બોલવાની હિંમત જ થતી ન હતી. કોઇવાર અજયના પક્ષમાં તેઓ કશું કહે તો માતાજી ભયંકર સ્વરૂપ ધારણ કરતાં. આખો દિવસ તેમની બડબડ અને પછાડાટ ચાલુ રહેતો, તેથી પિતા બિચારા મૂંગા રહેતા!

અજય અને તેનો સાવકો ભાઇ વિજય બન્ને શાળામાં જતા. વિજય માલેકની જેમ ચાલતો અને અજય ચોરની જેમ! બન્નેની ચોપડીઓનો બોજો અજયનેજ ઉપાડવો પડતો. અજય કોઇ વાર મોં બોલે કે તેને તરતજ તમાચો મળતો, ઉપરાંત વિજય પહેલાંજ જઇને મા આગળ ફરીયાદ કરતો. ઘરે આવ્યા પછી વળી તેની પીઠ નરમ થતી!

શાળા પૂરી થતાંજ વિજય મેદાનમાં રમવા જતો. પણ "શાળા પછી તરતજ ઘેર આવવું જોઇએ" એવો અજયને હુકમ હતો. બપોરનાં બેઠાં વાસણ તેની રાહમાં બેઠાં જ હોય. રસ્તામાં મેદાન પર આનંદથી નાચતાં કુદતાં બાળકો તરફ જોતો જોતો તે જડ પગલે ઘેર જતો. તેનો આનંદ અને ઉત્સાહ તદ્દન જતો રહ્યો હતો.

ઘરમાં એક ક્ષણની પણ ફુરસદ નહીં મળવાથી તે અભ્યાસ ન હતો કરી શકતો. ફાનસ તેના નસીબમાં હતું જ નહી. રાતના અગીયાર વાગ્યા સુધી બેઠવાડ કાઢીને બધાંના બાધા પછી બચેલું, કાચું, બળેલું, સડેલું, બેહું જે કાંઇ મળે તે બાઇને તે ઉંધી જતો! શિક્ષકે આપેલ લેસન કરવાનો તેને વખતજ કયાંથી હોય? વર્ગમાં બધાની પાછળ પડી જવાથી શિક્ષક તેના પર નારાજ રહેતા અને વિદ્યાર્થી તેનો તિરસ્કાર કરતા. બધા કહેતા, "બિલકુલ ઠોઠ છે આ! ઠોઠ તે ઠોઠ ને વળી લેસન કરતો નથી. બાળસુ છે દુનિયાભરનો!!"

અજય આખો વખત વિચાર કર્યા કરતો, આખો વખત રડયા કરતો માના ડરથી દરેક કામ તે કરતો ડરતો કરતો. ડરને લીધે વસ્તુ હાથમાંથી પડી જતી મા બૂમ પાડી ઉઠતી. "બાય છે કેટલું બધું, મુઓ! પણ તાકાદ બધી કયાં ચાલી જાય છે? માનતો હશે કે ચીજો ફોડી નાખે એટલે ફરી કામ નહીં કહે. કયાંય જતો નથી કે મરતોય નથી, નાલાયક! નસીબની ઝંઝટ તો મટી જાય કાયમની!!" અજયને પણ થતું, "સાચેજ! હું શા માટે જીવું છું? મરી જાઉં તો છુટકારો પામીશ કાયમનો."

અજયની માસી આવીને તેને પોતાને ગામ ચાર દિવસ માટે લઇ ગઇ. રાત્રે તે માસીની સોડમાં સુઇ ગયો. માસીને એકદમ વળગીને સુતો! આખી જીંદગીમાં સુખનું આ પહેલું જ ક્ષણ તેણે અનુભવ્યું. તેને લાગ્યું આ રાત એવી રીતે કાયમ રહે અને માસીની સોડમાંથી તેને બહાર નિકળવું નહીં પડે!

ત્યાંના દોસ્તોમાં અજયનું મન રમી ગયું. તેનો માસીનો દીકરો ભાઇ વિનય તેને ખૂબજ પ્રિય હતો. માસી દરરોજ તેને વાર્તા કહેતી અને પોતાની પાસે થાબડીને સુવાડતી.

ચાર દિવસ ચાર ક્ષણની જેમ નિકળી ગયા. અજયના જવાથી તેની સાવકી મા પર કામનો બોજો આવી પડયો. તે બેબાકળી બની. તેને ગાળો આપવા માટે પણ કોઇ ન રહ્યું! તેણે અજયની માસીને પત્ર લખ્યો કે અજયને તરતજ મોકલી આપે.

આ ખબર અજયને મળી. તે ગભરાયો. તે માસીને વળગી પડયો અને કરગરીને બોલ્યો, "માસી, મને ઘેર નહીં મોકલતી. હું સારી રીતે રહીશ. કોઇની સાથે લડીશ નહીં, તારું કહ્યું માનીશ." તેની આંખોમાંથી વહેતાં ચોધાર આંસુ તરફ જોઇને માસીનું ગળું પણ ભરાઇ આવ્યું. તેણે કહ્યું, " ઠીક, મારા દીકરા! નહીં મોકલું

તને કયાંય ! ”

આ વર્ષે અજયનો વર્ગમાં પહેલો નંબર આવ્યો. ભાષણની હરીફાઇમાં તેણે ઇનામ મેળવ્યું. પોતાના વર્ગની રમતની ટુકડીનો તે નાયક છે. શિક્ષક તેના પર પ્રેમ રાખે છે. માસીને તે ખૂબજ પ્રિય છે. તેના સહવાસ માટે વિદ્યાર્થીઓ હંમેશા તલસે છે.

માસીના ગામમાં અજયના હૃદયની ભૂખ શાંત થઇ. તેને પ્રેમ મળ્યો, પ્રોત્સાહન મળ્યું, સહાનુભૂતિ મળી. તેને રમવા કુદવાનું મળ્યું, માસીની પ્રેમળ છાયા તેને મળી, અને રમતના સાથીઓ પણ તેને મળ્યા. અજય સ્વભાવે મહેનતુ હતો. સહાનુભૂતિને લીધે તે આગળ વધ્યો.

અજયને શિષ્યવૃત્તિ મળી. બધાં કહે છે, “અજય બુદ્ધિમાન છે, હોશીયાર છે.”

અજય કયારેક કયારેક વિચારે છે, “મારા ગામના લોકો મને ઠોઠ કહેતા, બળદ કહેતા. અહીંના લોકો મને હોશીયાર કહે છે, સાચું શું હશે?”

અને સાચું એજ છે કે આપણે જેને ઠોઠ કહીએ છીએ તે પોતાની જાતને ઠોઠ ગણતો થાય છે, અને આગળ જતાં તે સાચેજ ઠોઠ બને છે. આપણે જેને હોશીયાર કહીએ છીએ તે પોતાને હોશીયાર ગણે છે, અને આગળ જતાં સાચેજ હોશીયાર થાય છે. બાળકના કુમળા મનને દબાવીને તેમને પત્થર બનાવવાની આ ખરાબ ટેવ સમાજ છોડી દેશે ખરૂં?

(મરાઠી પરથી અનુવાદ) **બાલારામ વનમાળી**

## બાળકોનો બુદ્ધિ વિકાસ

સામાન્ય વ્યવહારમાં બુદ્ધિ શબ્દનો ઉપયોગ ખૂબજ વ્યાપક રીતે થાય છે. પણ બાલમાનસશાસ્ત્રની દૃષ્ટિએ વિચારતાં બુદ્ધિ શબ્દની વ્યાખ્યા આપવી એ કાંઇ સહેલી વાત નથી. આપણે ઉત્તમ બુદ્ધિવાળાં, મધ્યમ બુદ્ધિવાળાં અને કનિષ્ઠ બુદ્ધિવાળાં એવી બાળકોની કક્ષાઓ ગોઠવીએ છીએ; પણ આ બુદ્ધિનું માપ તમે શી રીતે કાઢયું એમ આપણને કોઇ પૂછે, તો તેનો સમર્પક જવાબ આપણે નથી આપી શકતાં. શાળાઓમાં બાળકોની પરીક્ષાઓ લેવાય છે તે પરથી આ માપ કાઢયું એમ કહીએ, તો દુનિયામાં (ખાસ કરીને આપણા દેશમાં) શાળામાં નહીં જનાર અસંખ્ય બાળકોનો વર્ગ છે તેમની બુદ્ધિ માપવાનું સાધન જ આપણી પાસે નથી, એમ કહેવું પડે. તેમનામાં બુદ્ધિ નથી એમ તો ન જ કહેવાય. અશિક્ષિત સમાજમાં સુશિક્ષિત સમાજ કરતાં વધુ બુદ્ધિશાળી લોકો હંમેશા મળી આવે છે, આ અશિક્ષિત લોકોની બુદ્ધિનું માપ આપણે હંમેશા કાઢીએ છીએ. પણ તે માપ શી રીતે કાઢયું એમ આપણને કોઇ પૂછે તો જવાબ આપવો આપણે માટે કઠિણ થશે. જે માણસો સાથે આપણો સંબંધ આવે છે તેમનું બોલવું, ચાલવું, વર્તવું વગેરે પરથી આપણા મન પર જે છાપ પડે છે તેને આધારે આપણે તેમની બુદ્ધિની કક્ષા ઠરાવીએ છીએ.

પણ ‘બુદ્ધિ’ શબ્દ વડે આપણે મનની કઇ ખાસ શકિતનો નિર્દેશ કરીએ છીએ તે કહેવું મુશ્કેલ છે. માનસશાસ્ત્રજ્ઞો પણ બુદ્ધિની સમર્પક વ્યાખ્યા ઐકમત્યથી નથી આપી શકતા. પણ પ્રત્યક્ષ વ્યાખ્યા નહી આપી શકાય તો પણ બુદ્ધિનું અપ્રત્યક્ષ દર્શન આપણે કરાવી શકીએ છીએ. એટલે કે, જેમ તત્ત્વજ્ઞાનમાં ‘આત્મા’ શબ્દથી અભિપ્રેત થતા તત્વનો પરિચય અપ્રત્યક્ષ દર્શન વડે એટલે ‘ને તિ ને તિ’ ની વિચારસરણીથી અપાય છે, તેવી જ રીતે બુદ્ધિની વ્યાખ્યાની બાબતમાં આપણે કરવું ઘટે છે. આત્મા એ મન નથી, શરીર નથી, આત્મા આકાશ જેવો નથી, પાણી જેવો નથી વગેરે પ્રકારોથી આપણે તેનું વર્ણન કરવાનો પ્રયત્ન કરીએ છીએ. તેવીજ રીતે બુદ્ધિ એટલે શું? એ ઠરાવતી વેળાએ, બુદ્ધિ શું નથી? એ વિચારતા જવાથી બુદ્ધિનો અર્થ વધુ સ્પષ્ટતાથી આપણને સમજાય છે.

આ દૃષ્ટિએ જોતાં આપણને જણાય છે કે બુદ્ધિ એટલે માણસનો સ્વભાવ કે ચારિત્ર્ય નથી. ઉત્તમ બુદ્ધિ હોવા છતાં હલકું ચારિત્ર્ય સંભવે છે, તેવીજ રીતે મંદબુદ્ધિ હોવા છતાં ઉદાર સ્વભાવ સંભવે છે. બુદ્ધિ એટલે સંકલ્પશક્તિ પણ નથી. બુદ્ધિ એટલે ભાવના પણ નથી, શિક્ષણથી મેળવેલી શારીરિક કે માનસિક ક્રિયાશક્તિ પણ બુદ્ધિ નથી. બી. એ. થયેલ માણસનું ઇતિહાસનું જ્ઞાન

પુષ્કળ હશે તો પણ તે પરથી તેની બુદ્ધિનું માપ આપણે કાઢી શકતા નથી. ઇતિહાસનો એક અક્ષર પણ નહીં જાણનાર નિરક્ષર માણસ પેલા સુશિક્ષિત બી. એ. કરતાં પણ વધુ બુદ્ધિવાળો હોઇ શકે–હોય પણ છે. તેવીજ રીતે, સારંગી પર સંગીતના ઉત્તમોત્તમ રાગ વગાડનાર વાદક સંગીતનો કક્કો પણ નહી જાણનાર ગામડીયા કરતાં ઓછી બુદ્ધિવાળો હોઇ શકે છે એમ આપણે જોઇએ છીએ. આનોજ ત્રીજી દૃષ્ટિએ વિચાર કરીએ તો આપણને જણાય છે કે કોઇ વિશિષ્ટ પ્રકારના મર્યાદિત સ્વરૂપના કામમાં કોઇ વ્યક્તિની, સમજ, ક્રિયાશક્તિ કે યોજકતા તીવ્ર હોય, તો પણ તેટલા પરથીજ તેની સમગ્ર બુદ્ધિ-શક્તિનું માપ આપણે નથી કાઢી શકતાં. ઉપરના વાદકનો જ દાખલો લઇએ તો વાદ્યની કલામાં તે ખૂબજ નિપુણ હશે તો પણ જીવનના બીજા અંગોમાં તે મંદ-બુદ્ધિ છે એમ પણ ઘણીવાર જણાય છે.

બુદ્ધિ શું નથી તે અહીં સુધી વિચાર્યું. હવે આપણે બુદ્ધિનું સ્વરૂપ શું તે છે વિચારીએ. આપણે જ્યારે એમ કહીએ છીએ, કે માણસ કૂતરા કરતાં વધારે બુદ્ધિશાળી છે, ત્યારે આપણે શું કહેવા માંગીએ છીએ ? આપણો એ અભિપ્રાય હોય છે કે કૂતરાના વર્તનથી માણસના વર્તનમાં વધારે બુદ્ધિ જણાઇ આવે છે. આમાંય તે બુદ્ધિ શબ્દની સ્વીકૃત કલ્પના જ આવી, બુદ્ધિની વ્યાખ્યા નથી આવી. બુદ્ધિ વિષેની સ્વીકૃત કલ્પનાનું પૃથક્કરણ કરીએ તો આપણને જણાય છે કે બુદ્ધિ એ મનની કોઇ વિશિષ્ટ શક્તિ નથી. જેમ સ્મરણ, કલ્પના, વિવેક, ધારણા, ગ્રહણ એ મનની વિભિન્ન શક્તિઓ છે, તેવી જાતની મનની વિશિષ્ટ શક્તિ બુદ્ધિ છે એમ ન કહી શકાય. ઉલટું, ઉપર ગણાવેલ શક્તિઓમાં બુદ્ધિની છાયા, બુદ્ધિનો પ્રભાવ, બુદ્ધિનો અંશ દેખાઇ આવે છે, એટલું જ નહીં પણ માણસની દરેક કૃતિમાં, પછી તે શારીરિક હોય કે માનસિક, આપણને બુદ્ધિની છાપ જણાય છે. કુવામાંથી પાણી ખેંચનાર માણસ પણ તે ક્રિયા વડે પોતાની બુદ્ધિની કક્ષા પ્રગટ કરે છે. ક્રિકેટની રમત રમનાર ક્રિકેટપટુ વધારે કે ઓછી બુદ્ધિ ધરાવે છે તે તેની રમત પરથી આપણને જણાય છે. લેખન, વાંચન, ગણિત વગેરે ક્રિયાઓમાં પણ બુદ્ધિની છાપ આપણને જણાય છે.

આ ઉપરથી એટલું તો સ્પષ્ટ થશે જ કે બુદ્ધિ જીવનની દરેક શારીરિક અને માનસિક ક્રિયા સાથે સબંધ ધરાવનાર સર્વવ્યાપક વસ્તુ છે. સહેજ ઉંડો વિચાર કરીએ તો આપણને જણાશે કે બુદ્ધિ એ મનની વેગશક્તિ છે. દરેક ક્રિયામાં માનસિક અંશ હોયજ છે, તે માનસિક અંશમાં ઓછો વત્તો વેગ આવે છે તે બુદ્ધિને લીધે. જેવી રીતે મોટરમાં જે એન્જીન હોય છે તેની વેગશક્તિ ઓછી કે વધારે હોય છે અને તે શક્તિને આપણે હોર્સ-પાવર કહીએ છીએ, તેવીજ રીતે માનસિક ક્રિયાની સામાન્ય શક્તિ પણ વધુ કે ઓછી હોય છે અને તેને આપણે બુદ્ધિ કહીએ છીએ. બુદ્ધિ એ મનની હોર્સપાવર છે એમ કહી શકાય. વ્યાકરણની ભાષામાં બોલીયે તો માનસિક કે શારીરિક ક્રિયાને ક્રિયાપદ નામ આપીએ તો બુદ્ધિ એ તે ક્રિયાપદનું ક્રિયાવિશેષણ થાય ! એક માણસ ગાવાની ક્રિયામાં બીજા માણસ કરતાં વધુ બુદ્ધિમાન છે એનો અર્થ એ થયો કે એ વિશિષ્ટ ક્રિયામાં તેની હોર્સપાવર કે તેનો વેગ વધારે છે.

બીજી પણ એક દૃષ્ટિએ આ સવાલનો વિચાર થઇ શકે. માણસ કૂતરા કરતાં વધારે બુદ્ધિમાન છે એમ આપણે કહીએ છીએ તેનો અર્થ શો ? એનો અર્થ એ કે–

૧ માણસ પોતાના ભૂત અનુભવોનો કૂતરા કરતાં વધુ ઉપયોગ કરી શકે છે.

૨ માણસ નવી પરિસ્થિતિ સાથે વધુ પ્રમાણમાં બંધ બેસતો થઇ શકે છે.

૩ માણસ કૂતરા કરતાં પરિસ્થિતિના વિશાલતર ક્ષેત્રનું આકલન કરી શકે છે.

ઉપરની સરખામણીનો અર્થ વધુ સ્પષ્ટ કરવા બેસીએ તો આપણને જણાય છે કે માણસ અનુભવથી ડાહ્યો થાય છે તેમ કૂતરો નથી થઇ શકતો. આમાંજ માણસની નવી નવી ચીજો શીખવાની શક્તિનો અંતર્ભાવ થાય છે. આજે થોડું એક ગણિત બાળકને શીખવીએ તો કાલે તેનો ઉપયોગ તે આગળનું ગણિત શીખવામાં કરી શકશે. આજે વર્તવાની બાબતમાં આપેલી સૂચનાઓનો ઉપયોગ બીજા દિવસના વર્તનમાં તે કરશે. તેવીજ રીતે કોઇ હિંદી કુંટુંબનું સાવ નાનું બાળક સંજોગવશાત વિલાયતમાં રહેતું થાય તો તે ત્યાં અંગ્રેજી ભાષા જ

બોલવા માંડશે. આ પરિસ્થિતિ સાથે બંધબેસતું થવાની શક્તિ કૂતરામાં આપણને દેખાતી નથી. ત્રીજું, કોઇ દુકાનમાં પાંવ રોટી મૂકી હોય તો કૂતરો તે રોટી પોતાના મોઢામાં લઇને ભાગી જશે, તેવી રીતે માણસ નહીં કરે. માણસ તો આ રોટી દુકાનદારની છે એ વાતનો વિચાર કરશે.

બુદ્ધિવિષેનું ઉપરનું વિવેચન વધુ સ્પષ્ટ કરવા માટે હજી એક દૃષ્ટિએ તેનો વિચાર કરીએ તો ઠીક થાય. બુદ્ધિમત્તા કોને કહેવાય, એ પ્રશ્ન બાજુએ મૂકીને નિર્બુદ્ધતા કોને કહેવાય એ વિચારીએ તો બુદ્ધિ વિષેની વધુ સ્પષ્ટ કલ્પના આપણને આવશે. નિર્બુદ્ધ માણસને એક જ વાત વારંવાર બતાવવી પડે છે. એકવાર કોઇ ક્રિયા એક રીતે કરતાં એ શીખે તો હંમેશા એજ રીતે એ તે ક્રિયા કરતો રહે છે. પરિસ્થિતિમાં ફરક થાય તો પણ તે ક્રિયા જુદી રીતે કરવાથી વધુ લાભ થાય એ તે સમજી શકતો નથી. તેવી જ રીતે પરિસ્થિતિનું સર્વાંગીણ આકલન કરવાની શક્તિ નિર્બુદ્ધ માણસમાં નથી હોતી.

ઉપરની ચર્ચા પછી બુદ્ધિની એક કામચલાઉ વ્યાખ્યા આપણે નીચે મુજબ કરી શકીશું:—

"બુદ્ધિ એટલે પૂર્વાનુભવના બળ પર વિદ્યમાન પરિસ્થિતિમાં તે પરિસ્થિતિના નવા ઘટકોનો પૂરો વિચાર કરીને અને સમગ્ર પરિસ્થિતિનું આકલન કરીને કાર્ય કરવાની શક્તિ."

(મરાઠી પરથી અનુવાદ)

ગો. રા. કુલકર્ણી
(અપૂર્ણ)

## બાળકો અને મોટાં માણસો

આજ શાળામાં મજુરી કામ હતું. શિક્ષિકાઓ અને બાળકો ખૂબ જોસથી કામ કરતાં હતાં. છોકરા-છોકરીઓએ પોતાનાં પહેરણ અને ઝભલાં કઢી મૂકયાં હતાં અને તેઓ એક બીજાને હમાલ કહેતાં હતાં. મોઢેથી "કદમ કદમ"નું ગીત ચાલતું હતું અને હાથથી માટી લઇ જવાનું કામ ચાલુ હતું. એક ખુણામાં માટીનો ઢેર હતો. કોઇના હાથમાં ટોપલીઓ હતી, તો કોઇનાં હાથમાં બાલદીઓ. કામ જોસભેર તાલબદ્ધ ચાલુ હતું. બાલદીઓ ભરી ભરીને નાખી આવવી એ કામ હતું.

કોઇ ખોદતાં હતાં
કોઇ ભરતાં હતાં
કોઇ વાળતાં હતાં
કોઇ વહેતાં હતાં

કામજ કામ! આનંદ સમાતો ન હતો. તડકાની દરકાર ન હતી. ધૂળનો ખ્યાલ ન હતો. ગંદકીની ગણતરી ન હતી. બસ માત્ર કામનો જ ખ્યાલ હતો. ૧૧ થી ૨ સુધી આરામ વિના સળંગ કામ ચાલુ હતું. બે વાગ્યે પણ કામ પરાણે બંધ કરવું પડયું, બાળકો તૈયાર જ ન હતાં.

અંદર ગાયન ચાલતું હતું. કેટલાંક બાળકો ગાયનમાં ગયાં જ નહીં, બહારથી જ સાંભળવાં લાગ્યાં. "વંદે માતરમ્" શરૂ થયું. કામ બંધ કરી બાળકો માટીની ઢગલી પાસે શાંત ઉભાં રહ્યાં અને તેમણે રાષ્ટ્રગીતને માન આપ્યું. ફરી કામની શરૂઆત થઇ.

કામમાં ઉત્સાહ હતો
કામમાં સહકાર્ય હતું
કામમાં આનંદ હતો
કામમાં ચીવટ હતી

હરામહાડકાપણું, આળસ, ઝઘડો એ બધાંને સહેજ પણ સ્થાન ન હતું, આપણને કલ્પના પણ નહીં આવે કે આ બાલસેનાએ કેટલું કામ કર્યું! તદ્દન નાની કીડીઓ કેટલું ભારે કામ કરે છે! તેવું જ આ બાલસેનાએ કર્યું.

થોડા વખત પછી 'મોટાં' માણસો કામને માટે આવ્યા. પણ—

કામમાં ઉત્સાહ ન હતો
કામમાં આનંદ ન હતો
તડકાની તકલીફ થવા માંડી
આળસ અને ઇર્ષ્યા દેખાવા માંડયાં

કામ શરૂ થયું પણ તેમાં પ્રાણ ન હતો. તેથી થોડીજ વારમાં થાક જણાવા લાગ્યો અને કામ યાંત્રિક રીતે થવા માંડયું. તેથીજ કામનો બોજો જણાવા

માંડયેા. કામ જલદી પુરૂં થાય તેા સારૂં એમ લાગવા માંડયું.

બીજે દિવસે તેજ કામ શરૂ થયું. બાળકેા પેાતાની મેળે કામ કરવા ગયાં અને પહેલા દિવસની જેમ જ કામે લાગ્યાં. અધ્યાપન–વિદ્યાર્થીનીઓ પણ કામને માટે આવી, પણ કર્તવ્ય તરીકે. તેમની સંખ્યા પણ ઓછી હતી.

એક છેાકરેા વર્ગમાં જ રડતેા હતેા. તેને કારણ પૂછ્યું ત્યારે તે વધારે રેાવા લાગ્યેા. મેં તેને કહ્યું, "તારે કામ નહીં કરવું હેાય તેા તું વર્ગમાં જ બેસીને કંઈક કર." પણ તેનું રડવું બંધ ન થયું. મને એક શંકા થઇ તેથી મેં તેને પૂછ્યું, "તારી બાએ તને કામ કરવાની ના પાડી છે?" જવાબમાં તેણે હા પાડી ત્યારે મેં તેને કહ્યું, "બાએ કામ માટે ના પાડી હેાય તેા તું કામ માટે નહી જતેા." થેાડેા વખત તે વર્ગમાં બેઠેા, પણ તેનાથી રહેવાયું નહીં. તે કામમાં ગયેા જ.

આને કહે છે કામનેા પ્રેમ! આને કહે છે ચીવટ! એ પ્રેમ અને ચીવટ મેાટપણમાં ક્યાં જાય છે? આપણે પણ એક વખતે બાળકેા હતાં જ. તે વખતની આપણી કામની વૃત્તિ ક્યાં અને કેવી રીતે અલેાપ થઇ હશે? તે એવી ને એવી રહી હેાય તેા કેવું સારૂં! ખરૂં જોતાં આ શક્તિને આપણે આપણી વિચાર શક્તિવડે વધારવી જોઇએ. પણ દેખાય છે આથી ઉલટું જ. આનું કારણ એ હેાવું જોઇએ કે આપણે આપણા પેાતાના વિષે ખેાટી મેાટાઇનેા ખ્યાલ કેળવીએ છીએ. આનંદી વૃત્તિને ખાઇ જનાર આળસ એ પણ બીજું કારણ હેાઇ શકે.

કામમાં આનંદ નહી હેાવાથી બાળકેાને સહેલું લાગતું કામ મેાટાઓને ભારે જણાય છે. કેાઇ પણ કામ આપણા પર બીજાએ લાદ્યું છે એમ લાગવાથી તેનેા બેાજો લાગવા માંડે છે, પણ કામ સ્વેચ્છાથી લીધું હેાય તેા ભારે કામ પણ હલકું લાગે છે.

આ આપણી વૃત્તિને લીધે કેાઇ પણ કામ કર્યા પછીનેા આનંદ જે મનને આલ્હાદ આપે છે અને જે બાળકેાની મુદ્રા પર ચિહ્નિત હેાય છે, તેનેા અનુભવ આપણે નથી કરી શકતાં. આપણી આ બાલપણની વૃત્તિ કાયમ રહે એવેા પ્રયત્ન આપણે કરવેા જોઇએ. આપણામાં આ બાળકેાના ગુણ હશે તેાજ આપણે તેમને બાળકેામાં લાવી શકીશું, અને તેમની સાથે સમરસ થઇ શકશું.

(મરાઠી પરથી અનુવાદ.) સૌ. સરલા દેવધર.

# ધનિક માતાઓનાં બાળકો

(ગતાંકથી પૂરૂં)

કષ્ટ એટલે દુઃખ નથી, એ વાત પહેલેથી સમજી લેવાની જરૂર છે. કુદરતનેા નિયમ જ એવેા છે કે કષ્ટમાંથી જ સાચું સુખ મેળવી શકાય. મહેનત કરવામાં કષ્ટ જણાય છે, પણ મહેનત એ કુદરતનેા કાયદેા છે. "તારા પરસેવાથી જ તારે તારેા રેાટલેા કમાવેા ઘટે છે" એમ ભગવાન ખ્રિસ્તે લખ્યું છે, તેની પાછળ આજ વાત રહેલી છે. આઠ કલાકનેા શરીરશ્રમ ગાંધીજીએ પેાતાના આશ્રમવાસીઓ માટે રાખ્યેા છે તેનું કારણ પણ આજ છે. યેાગાભ્યાસ કરીને સમાધિ સુધીનેા માનસિક વિકાસ સાધવાની ક્રિયાઓનેા પૂર્વાર્ધ યમ, નિયમ, આસન અને પ્રાણાયામ એ ચતુર્વિધ શારીરિક તપશ્ચર્યાનેા રાખ્યેા છે એનું કારણ પણ એજ છે. માનસશાસ્ત્રજ્ઞેા માનસિક વિકૃતિઓને મેટાડવા માટે ઘણીવાર કષ્ટમય શારીરિક સજાનેા સુઝાડે છે એનું કારણ આજ છે. જૈન ધર્માચાર્યોએ જીવનવિકાસ માટે તપશ્ચર્યાને પ્રાધાન્ય આપ્યું છે તેની પાછળ પણ આજ તત્ત્વ રહેલું છે. જીવનવિકાસની શેાધમાં નિકળેલા સાધકેા ઘેાર તપસ્યાનેા આશ્રય લે છે તેનું કારણ પણ એજ છે.

આ બધાનું શાસ્ત્રીય કારણ વિચારીએ તેા આમ શા માટે છે તે આપણને સમજાશે. શરીર અને મન એ બંન્નેનેા ગાઢ સંબંધ એ બધાના મૂળમાં છે. જીવન-વિકાસ એટલે સમગ્ર વિકાસ. શરીરની અવગણના કરીને કેાઇ જીવનવિકાસ સાધવા માગે તેા તે અશક્ય છે. આપણી વિદ્યમાન શિક્ષણ–પ્રણાલીએ સદંતર શરીરને અવગણીને બૌદ્ધિક વિકાસ સાધવાનેા પ્રયત્ન કર્યેા, તેમાં બૌદ્ધિક વિકાસને બદલે બૌદ્ધિક અવનતિજ ભાગે આવી છે એ અનુભવ–સિદ્ધ વસ્તુ છે. અને તેથીજ ક્રિયા દ્વારા શિક્ષણ આપવાની વર્ધાયેાજનાને નામે ઓળખાતી

પાયાની કેળવણીની શાસ્ત્રશુદ્ધ પદ્ધતિને આપણે આવકારીએ છીએ; અને તેથીજ ડો. મોન્ટેસરીએ પણ નાનાં બાળકોની આખી શિક્ષણ પદ્ધતિમાં શારીરિક ક્રિયાઓને જ પ્રાધાન્ય આપ્યું છે.

નૂતન-શિક્ષણના એક મૂલભૂત સિદ્ધાન્ત તરીકે આપણે સ્વાતંત્ર્યને સ્વીકારીએ છીએ, પણ સ્વાવલંબન વિના સ્વાતંત્ર્ય સંભવતું નથી એ વાત આપણે ભૂલી જઈએ છીએ. જે બાળકને કે માણસને કે સમાજને સ્વાતંત્ર્ય ભોગવવું છે, તેણે સ્વાવલંબનની શક્તિ ખીલવવીજ જોઇએ. હિન્દુસ્તાન જેવા દેશના રાષ્ટ્રવિકાસમાં રચનાત્મક કાર્યક્રમની પ્રવૃત્તિને જે મહાન સ્થાન આપ્યું છે તેની પાછળ આજ અબાધિત તત્ત્વ છે.

એટલેજ ધનિક માતાઓએ પોતાનાં બાળકોના શિક્ષણક્રમમાં સ્વાવલંબનને પહેલું સ્થાન આપવું ઘટે છે. સ્વાવલંબન સિદ્ધ કરવા માટેની જે ક્રિયાઓ બાળકોને કરવી પડે છે તેમાં શારીરિક અને માનસિક બન્ને જાતની મહેનત છે. એ મહેનત બાળકો ખુશીથી કરે છે, માંગી લે છે, તેમાંથી તેઓ અમાપ આનંદ મેળવે છે. એ આનંદમાંથી બાળકોને વંચિત રાખવાં એના કરતાં વધારે દુષ્ટ અત્યાચાર માબાપ તેમના પર ભાગ્યેજ કરી શકે !

શરીર અને મનનો સંબંધ એટલો ઘનિષ્ટ છે કે શરીરને કમજોર રાખીને મનનો વિકાસ સાધવો અશક્ય છે અને તેથીજ આપણને જણાઇ આવે છે કે શાળાઓમાં કે યુનિવર્સિટીની પરીક્ષાઓમાં સામાન્ય રીતે ગરીબ વર્ગના વિદ્યાર્થીઓજ ઉંચે નંબરે પાસ થાય છે. ધનિકોનાં બાળકો શારીરિક આળપંપાળમાં ઉછરેલાં હોવાથી માનસિક શ્રમ કરવાની શક્તિનો વિકાસ તેમનામાં નથી થઇ શકતો. તેથી ઢગલાબંધ ટ્યુટરો હોવા છતાં ધનિક માતપિતાનાં બાળકો ભણતરમાં આગળ નથી આવી શકતાં.

જીવન એટલે અવિરત સંગ્રામ. કષ્ટ અને મહેનત વિના જીવનમાં ટકી જ નહી શકાય. દરેક વસ્તુ મહેનતથીજ મેળવી શકાય એ કુદરતનો માણસજાત માટે કાયદો છે. કષ્ટ વિના ચીજ મળે તો તે માણસના કામની નથી રહેતી. માબાપે મહેનત કરીને મેળવેલું ધન બાળકોની અવનતિમાં મદદરૂપ થયેલું જોવામાં આવે છે, તેનું કારણ એજ છે કે મહેનત વિના તે ધનનો માત્ર ઉપભોગ કરવાનો પ્રયત્ન થાય છે. ઢગલાબંધ ધન પાસે હોવાથી પોતાનાં બાળકોને જીવનમાં કોઇ મુશ્કેલી નહીં આવે એમ માનીને માતપિતાઓ પોતાનું આખું જીવન ધનસંચયમાં વ્યતીત કરે છે, તેમ છતાંય બાળકો સુખ ભોગવી શકતાં નથી. કારણ કે દુઃખનો, વિરોધનો સામનો કરવાની શક્તિ ખીલવ્યા વગર સુખની પ્રાપ્તિ અસંભવિત છે.

જ્ઞાનની શોધ એ ખાણમાંથી હીરા કાઢવાની ક્રિયા કરતાં પણ વધુ કઠણ વસ્તુ છે. જીવનમાં બાકીની બધીજ ચીજો પૈસાથી મેળવી શકાય; પણ શરીર અને મન એ બન્નેનો વિકાસ જાતમહેનત વિના નથી થઇ શકતો. જેને વિદ્યા મેળવવી છે તેણે જાતે બૌદ્ધિક તપશ્ચર્યા કરવી જ જોઇએ. સંસ્કૃત વ્યાકરણનાં રૂપો યાદ કરવા માટે ગરીબ અને તવંગર બન્ને પ્રકારનાં બાળકોને એક સરખી જ મહેનત કરવી પડે છે. ધનિક બાળકો ખૂબ પૈસા ખર્ચે તેથી થોડાંજ એ રૂપો યાદ થવાનાં હતાં ? એ રૂપો યાદ કરવાં હોય તો એને યાદજ કરવા જોઇએ, એ શિવાય એને માટે બીજો રસ્તોજ નથી.

જે સ્થિતિ મન અને બુદ્ધિની, તેજ સ્થિતિ શરીરની છે. શરીરવિકાસ માટે શારીરિક મહેનત જોઇએ. શરીરની બધી હીલચાલ બંધ રાખીને બીમારી અને કમજોરી નોતરી લેવી અને પછી ડોકટરોને બોલાવીને તેમની દવાઓથી પોતાની તંદુરસ્તી પાછી મેળવવી એ સદંતર ખોટનો વેપાર છે. આમ તંદુરસ્તી કદી પણ પાછી નહીં મેળવાય. તંદુરસ્તી જાતમહેનતથી જાળવી શકાય. શરીરે પરસેવો વળી જાય એટલી શારીરિક મહેનત દરરોજ નિયમિત રીતે થાય તોજ શરીરની તંદુરસ્તી મેળવી શકાય અને જાળવી શકાય.

ઉપરના વિવેચન પરથી એક વાત સ્પષ્ટતાથી સમજાઇ હશે એમ માનું છું કે ધનિક વર્ગનાં બાળકો જાતમહેનતથી (શારીરિક તેમજ માનસિક) વંચિત રહે છે, તેથીજ તેમનો જીવન-વિકાસ થઇ શકતો નથી. આ સત્ય સમજીને ધનિક માતાઓ નાનપણથી જ પોતાનાં બાળકોને સ્વાવલંબન માટે જરૂરી જાતમહેનતની ટેવ પાડશે તો તેમનાં બાળકોનો જીવન-વિકાસ બધાંને માટે આદર્શરૂપ નિવડશે. પોતાનાં બધાંજ કામો બાળકો પોતે હાથેજ કરે એવી પ્રથા ઘરમાં હોવી જોઇએ.

પોતાનો ઓરડો સાફ કરવો, ચોપડીઓ ગોઠવવી, કપડાં ધોવાં, સ્નાનાદિ કરવાં, રસોઇ બનાવવી, વાસણ સાફ કરવાં વગેરે માણસની દૈનિક જરૂરિયાતોમાં સ્વાવલંબન લાવવાનો પ્રયત્ન થવો જોઇએ.

હું જાણું છું કે ધનિક માતાઓ આ વાતથી ભડકી જશે. લક્ષાધિપતિનો છોકરો અને વળી પોતાની થાળી હાથે ઉંચકીને સાફ કરે! પણ આ રૂઢ ભાવના આજ્ઞાનપર રચેલી છે એ સમજી લેવાની જરૂર છે.

બીજી એક વાત સમજવાની જરૂર છે, અને તે એ કે જીવનવિકાસ એટલે સંકટો દુઃખો અને પ્રતિકૂલ પરિસ્થિતિનો સામનો કરવાની શક્તિનો વિકાસ. ગમે તેવા દિવસો આવે તો પણ તેમાં ચિત્તની અને શરીરની સ્વસ્થતા જાળવીને જીવતાં આવડવું જોઇએ. આને માટે દરેક પ્રકારની પરિસ્થિતિનો પ્રત્યક્ષ અનુભવ જરૂરી છે. તેથીજ ટાઢ, તડકો વગેરે સહેવાની શક્તિ પહેલેથીજ ખીલવવી જોઇએ. ઠંડી હોય કે વરસાદ, તડકો હોય કે છાંયડો, બાળકો આનંદથી રમતાં અને કુદતાં રહે એ જરૂરી છે. નાનપણમાંજ કુદરતના ભિન્ન સ્વરૂપો સાથે બાળકો એકરૂપ થતાં શીખે તો તેમનું શરીરસ્વાસ્થ્ય ખૂબજ સારી રીતે જળવાશે અને જીવનનો સાચો આનંદ તેઓ માણી શકશે. મોટા મોટા શહેરોમાં ત્રણથી માંડીને પંદર સોળ વર્ષ સુધીનાં ગરીબ બાળકો ઉઘાડે શરીરે, ઘરબાર વિના, બધી જ ઋતુઓમાં રખડતાં દેખાય છે. તેમ છતાં નથી તેમને કદી મોટર-બસનો એક્સિડેંડ થતો. કે નથી કદી ન્યુમોનિયા થતો. આથી ઉલટું, સુખી ગણાતાં બાળકો વારેઘડીએ બીમાર પડતાં દેખાય છે. એમાં બિચારાં ગરીબ બાળકોને પેટ પૂરતું ખાવાનું કે શરીર ઢંકાય તેટલું - પહેરવાઓઢવાનું પણ નથી મળતું, તેમ છતાંય તે તંદુરસ્ત રહી શકે છે. તો પછી તેને ખાવાનું અને પહેરવાનું પૂરતું મળે તો તેનું જીવન કેવું સુખી થાય! સંપન્ન ઘરનાં બાળકો ગરીબોની જેમ કષ્ટ વેઠતાં થાય તો તેમનો જીવન વિકાસ કેટલો સુંદર થાય, એ વાત ધનિકોએ વિચારવી જોઇએ. અને જ્યારે કષ્ટ કરતાં શીખવાની વાત હું કરું છું ત્યારે શારીરિક તેમજ બૌદ્ધિક કષ્ટ બન્નેની વાત એમાં આવી જાય છે. શારીરિક કષ્ટમાંથી ધનિકોનાં બાળકોને જાણી બુઝીને અળગાં રાખવામાં આવે છે. તેવીજ રીતે બાળકોને માટે ઘેર શિક્ષકો રાખીને તેમને બૌદ્ધિક કષ્ટમાંથી બચાવી લેવાની વૃત્તિ ધનિકો રાખે છે. તેને લીધે બૌદ્ધિક વિકાસ નથી થઇ શકતો. જ્ઞાનની ઉપાસના માટે આવશ્યક એટલો પુરૂષાર્થ કરવાની શક્તિનો વિકાસ થઇ શકતો નથી અને પરિણામે જ્ઞાનની પ્રાપ્તિ પણ જોઇએ તેવી નથી થઇ શકતી.

આ બધાને પરિણામે ધનિકોના બાળકોમાં શારીરિક તેમજ બૌદ્ધિક અપંગપણું આવી જાય છે. એ અપંગપણું માબાપના અજ્ઞાનને આભારી છે. ધનિક માતાઓએ આ બાબતમાં જાગૃત થઇને પોતાનાં બાળકોને શરૂઆતથીજ બચાવી લેવાં ઘટે છે. ધ્યાનમાં રાખવું જોઇએ કે જીવનવિકાસ એ પ્રખર તપસ્યા છે. તે સુંવાળો માર્ગ નથી, પણ કાંટાથી ભરેલો ખડબચડો માર્ગ છે. તે સાધવા માટે બડતલપણું અત્યંત આવશ્યક છે.

ગો. ર. કુલકર્ણી

## ગામડાની બાલવાડીઓ

આપણા દેશમાં સુધી ખેતી કરતા પ્રદેશમાં આરોગ્યની દૃષ્ટિએ અને આર્થિક રીતે ફળફુલનું મહત્ત્વ સમજાતાં શાકભાજી અને ફળની વાડીઓ વધવા લાગી. તેમ આજ કાલ સાત વર્ષ નીચેનાં બાળકોની કેળવણીનું મહત્ત્વ સમજાતાં બાલવાડીઓ શરૂ થવા લાગી છે. અસંસ્કારી માબાપોના સંસ્કારી ઘરનું સંસ્કારી આંગણું, એને જો બાલવાડી કહીએ તો એવી બાલવાડીઓની જરૂર આજે હિંદના સાતે લાખ ગામડાંમાં શેરીશેરીએ છે.

સ્વચ્છતા, વ્યવસ્થા, ઉદ્યમ, શિસ્ત, ચિત્ર અને સંગીત દ્વારા હિંદનાં લાખો ગામડાઓની ગંદકી, અવ્યવસ્થ-આળસ, બેકારી અને નિરુત્સાહ ટાળવા પાયામાંથી ચણતર કરવા સારૂ બાલવાડીઓ શરૂ કરવી એ એક અમોઘ ઉપાય છે.

વીસ વીસ વર્ષથી શહેરોમાં બાળકોને તાલીમ આપવાની નવી પવૃત્તિ અજમાવનાર નૂતનબાલશિક્ષણ-સંઘ કેટલોક સમય થયાં ગામડાનાં પછાત અને ગરીબ

બાળકો તરફ વળ્યો છે. રાષ્ટ્રપિતા ગાંધીજીની દૃષ્ટિ પણ આ વસ્તુ તરફ દોરાય છે અને તેમણે પોતાની આર્ષ દૃષ્ટિથી, અનોખી ઢબે રાષ્ટ્રને આ દિશા તરફ વળવા પ્રેરણા આપી છે.

નૂતનબાલશિક્ષણ સંઘ તરફથી બોરડીમાં ચાલતા ગ્રામ–બાલ–અધ્યાપન વર્ગનાં બત્રીશ ભાઈ–બેનો સાથે સુરત જિલ્લાના પ્રવાસે જતાં ઉપર જણાવેલી દૃષ્ટિએ ચાલતી ત્રણ બાલ વાડીઓ જોવાનું સદ્‌ભાગ્ય અમને પ્રાપ્ત થયું હતું.

ભારત વર્ષમાં સ્વાતંત્ર્યની ઉષા અને આશા પ્રગટાવનાર બારડોલી તાલુકામાં મઢી ને વડેછીનાં સ્વરાજ્ય થાણાં બાલશિક્ષણની બાબતમાં પણ મોખરે રહી આગેવાની લઈ રહ્યાં છે. રાનીપરજ જેવી અક્ષુદ્ર અર્ધજંગલી કોમને પકડીને પાસદીથી બેઠેલા શ્રી. જુગતરામ દવે અને શ્રી ચુનીલાલ મહેતાની પ્રેરણાથી આ બાલવાડીઓમાં પ્રાણસિંચન થઈ રહ્યું છે.

મઢી સ્ટેશનથી એક માઈલ દૂર નાનકડી નદીને કાંઠે આશ્રમ આવેલો છે. આશ્રમમાં અત્યારે રાનીપરજ કન્યાવિદ્યાલય ચાલે છે. તેનું સંચાલન શ્રી. ચુનીભાઈના પુત્રી શ્રી. અન્નપૂર્ણાબેન કરે છે. વેડછી આશ્રમમાં ઉછરીને મોટી થયેલી એ ઋષિકન્યા, નડિયાદ વિદ્યુન્ન–કન્યાવિદ્યાલયમાં માધ્યમિક શિક્ષણ પામી અને તેણે પોતાના ગુરુ અને પિતાનો વારસો સાચવવા મઢીમાં રાનીપરજ વિદ્યાલય ખોલ્યું. રાનીપરજ સ્ત્રીઓની ઢબે સાવ સફેદ ઓઢણી ઓઢેલી, બરે બપોરે ઉઘાડે પગે એ અમારા સંઘનું સ્વાગત કરવા દોડાદોડી કરતી હતી. રાનીપરજની ભાષામાં એ કન્યાઓ સાથે વાત કરતી હતી. આઠથી બાર વર્ષ સુધીની રાનીપરજ બાલાઓએ રસોઈ તૈયાર કરી હતી. નાહી ધોઈને સૌ જમવાના સ્થળે આવ્યા ત્યારે એ બાળાઓ પીરસવા નીકળી.

બોરડીની આસપાસ જંગલોમાં વસતા આદિવાસીઓ જેવી જ આ રાનીપરજની સ્થિતિ પચીસ વરસ પહેલાં હતી. અમારી નજર સામે બન્ને ચિત્ર બડાં થયાં. ઉજળાં લુગડાવાળાં અજાણ્યાં માણસોને જોતાં જ ઝુંપડામાં પેસી જતી આદિવાસી સ્ત્રીઓ ક્યાં અને સામે આવીને, બે હાથ જોડી, માથું નમાવી 'જય જય' કરીને ઉભી રહેતી આ બાળાઓ ક્યાં? પહેરવેશમાં પણ કેટલો મોટો ફેર હતો? પગમાં પિત્તળનાં કડાં, ગળામાં રંગીન મોતીની માળાઓ, ઉઘાડા ગંદા પગ, ઓળ્યા વિનાનું જીંથરીયું માથું, જેમ તેમ વીંટાળેલું એક કપડું એવી આદિવાસી કન્યા અહીં સ્વચ્છ સફેદ હાથે કાંતેલા સુતરની ખાદીની ઓઢણી ઓઢેલી, હાથ, પગ અને શરીર સ્વચ્છ કરેલી, માથાના વાળ સરખી રીતે ગુંથેલી, નજરે પડી. પીરસવાની કળા પણ આ બાળાઓએ હસ્તગત કરી હતી. અવાજ વિના, નીચે ઢળે નહીં તે રીતે, જરૂર પૂરતું, ઝડપથી પીરસતી જતી હતી. અમને થયું, અહીં છાત્રાલયમાં રોજ સવાર બપોર સાંજ જમતી હશે અને બે ત્રણ વર્ષથી રહેતી હશે, તેથી આ તાલીમ મળી જણાય છે. પણ પૂછતાં જણાયું કે આ બહેનો અહીં માત્ર અઠવાડિયામાં એકજ દિવસ સમૂહભોજન કરે છે. બાકી તો પોતપોતાને ઘેરજ જમે છે. સવારે નવ વાગે ઘેર જઈને જમી આવી બપોરે શાળામાં હાજર થાય છે. શાળાનો અભ્યાસ–જેમાં ઉદ્યોગ, લેખન, વાચન, ગણિત વગેરે વિષયોનો સમાવેશ થાય છે, એ કરીને સાંજે રમત રમી વાળુ કરવા પાછી ઘેર જાય છે. ઘેરથી જમીને તરત પાછી આશ્રમમાં પ્રાર્થનાને સમયે આવી પહોંચે છે. પ્રાર્થના, રાત્રિપ્રવૃત્તિ કરી આશ્રમમાંજ સુએ છે. સવારે વહેલી ઉઠી, નિત્યકર્મ કરી, પ્રાર્થના, સફાઈ વગેરે કામો પતાવી, ઘેર જમવા ચાલી જાય છે. આ પ્રમાણે એમનો કાર્યક્રમ ચાલે છે.

આ હકીકત સાંભળી અમને સાનંદાશ્ચર્ય થયું. સાથોસાથ છાત્રાલયના મોટા ખર્ચમાંથી બચી જઈ સ્વાવલંબન અને સ્વામાનની સાથે જીવનની તાલીમ આપવાનો આ પ્રયોગ પ્રશસંનીય અને અનુકરણીય લાગ્યો. અને અઠવાડિયામાં ફકત એક જ દિવસ સાથે રસોઈ કરી જમવા છતાં બાળાઓની રસોઈ, પીરસવાની કળા વગેરે જોઈ આનંદ થયો અને સોને જાણવાનું મળ્યું.

જમ્યા પછી બપોરના સમયે અન્યોન્ય પરિચય આપવાનો કાર્યક્રમ ગોઠવ્યો હતો. એ કાર્યક્રમ ધાર્યા કરતાં ઘણો વધારે રસિક બન્યો. લાંબી ઓસરીમાં બે હારમાં સૌ બેઠાં હતાં. સૌની આગળ કપાસની તાજી ટોપલીઓ મૂકી દેવામાં આવી હતી. ભજન અને

પ્રાર્થના થયાં. પછી કામ ચાલુ થયું.

હંમેશના રિવાજ પ્રમાણે અર્ધો કલાક મૌનકાર્ય ચાલ્યું. પછી પરિચય શરૂ થયો. વિદ્યાલયની એક બહેન ઉઠી અને બોલી "મારૂં નામ..., મારા બાપાનું નામ... મારી અટક... છે". તેજ પ્રમાણે અમારા વર્ગના ભાઇ બેનોએ પણ પોતાનો પરિચય આપ્યો. તેમાં જીલ્લા અને ગામનાં નામ હિંદના અન્ય પ્રાંતોનાં આવવા લાગ્યાં એટલે એ બાળકોને બહુમંતીથી દરેકે પોતાની મૂળ માતૃભાષામાં પરિચય આપવાનું ઠરાવતાં, હિંદી, મરાઠી, ગુજરાતી, બંગાળી અને રાનીપરજ ભાષાનું પંચામૃત બન્યું. મીઠી ભાષામાં રસુજ સાથે પ્રાંતોની ભૂગોળ અને ભાષાના ઉચ્ચારોનો પરિચય મળ્યો.

સાંજે રાનીપરજનાં ઝૂંપડાંઓ જોવા ચાલ્યાં. આગળ અન્નપૂર્ણાબેન અને પાછળ અમારો સંઘ, ખેતરમાંથી જતી કેડી પર થઇને સૌ ચાલ્યાં જતાં હતાં. બોરડી આવેલાં ત્યારે માપેલા શબ્દો બોલનાર અન્નપૂર્ણાબેનને આજે જાણે વાચા ફુટી હતી. તેઓ પોતાના કાર્યનો પરિચય આપતાં જતાં હતાં.

છુટાં ખેતરોની વચ્ચે ચાર પાંચ ઝૂપડાંનાં ઝુંડમાં રાનીપરજ વસ્તી વસેલી હતી. એક કુવા પર બહેન પાણી ખેંચી નાનાં બાળકોને નવરાવતાં હતાં. એ કુવાનો ગાળ કાઢવામાં બાળકોનાં માબાપોએ સમજાવટ પછી મદદ કરી હતી. ત્યાં એક પત્થર મૂકવામાં આવ્યો હતો. જે બહેનો વિદ્યાલયમાં આવતી હતી તેમનાં જ આ ભાંડુઓ હતાં. આનંદથી પોતાને હાથે નહાતાં હતાં. તેમની બાલવાડીની શરૂઆત સ્વચ્છતાથી થતી હતી. અમે આગળ ચાલ્યાં ત્યાં એક ઝૂંપડા આગળ એક આધેડ રાનીપરજ બહેન ઉભી હતી. તેને પૂછતાં જણાવ્યું, 'અમારી દીકરી વિદ્યાલયે જાય છે. જુઓ ઘર કેવું ચોખ્ખું રાખે છે. અમે તાડી પીતાં નથી. ખેતીવાડી અને મજૂરી કરીએ છીએ.' આગળ જતાં એક એથી મોટું કુટુંબ જોવા મળ્યું. તેમના દીકરા આશ્રમમાં કામે જાય છે. દીકરી વિદ્યાલયમાં જાય છે. સૌ હાથે કાંતેલી ખાદી પહેરે છે. એમનું ઘર, વાસણ, કપડાં બધું જ સ્વચ્છ ને વ્યવસ્થિત હતું. એમની ભાષા શુદ્ધ અને સ્પષ્ટ હતી. સ્ત્રીપુરૂષ સૌ ઉદ્યમી હતાં. ઘર વખરી, રાચરચીલા જેવું અમે એ ઘરમાં જોયું. અમે ગયાં તે પહેલાં થોડો વખત અગાઉ પંદર દિવસ માટે આશ્રમમાં મોટી ઉમરની સ્ત્રીઓનો એક વર્ગ ચલાવેલો હતો. એ વર્ગમાં જનાર સ્ત્રીઓનાં ઘર જોવા અમે ગયાં. વર્ગમાં એ જાતનાં ઘરના નમુના બતાવવામાં આવ્યા હતા. ગંદકી, અવ્યવસ્થા, આળસના નમુના જેવુ એક ઝુંપડું કર્યું હતું. બીજું સ્વચ્છ, વ્યવસ્થિત ઉદ્યમી ઘર હતું. વર્ગમાં જઇ આવેલી બહેનના પોતાના ઘરમાં પ્રવેશ કરતાં જ અમારૂં ધ્યાન ખેંચ્યું. ત્યાં ચુલો નવેસરથી બનાવેલો હતો. તે લીપેલો હતો. ઝુંપડામાં ગાર કરેલી હતી. એક ખૂણામાં ઇંટો મૂકી રેતી પાથરીને વચ્ચે પાણીનું માટલું મૂકેલું હતું. પાસે ઉટકેલો ઉજળો એક પ્યાલો નાની માટીની અભરાઇ કરી મૂકયો હતો. વળગણી પર જે ચાર કપડાં ઘરમાં હતાં તે ઘડી કરીને મૂકયાં હતાં.

એ બહેનની સાથે વાત કરી તો શરમાઇને બોલી; "પહેલાં અમને કોઇએ બતાવેલું નહીં તે રમ કરીને સમજ પડે? હવેતો આવું જ ઘર રાખવાની."

આગળ ચાલતાં સામે એક ઝૂંપડાના આંગણામાં દસ પંદર બાળકો ગોળ કુંડાળામાં બેઠેલાં જણાયાં. ઝૂપડાના બારણા પાસે એટલા પર મોટી ઉમરની સ્ત્રીઓ બેઠી બતી. ગીત ચાલતું હતું. બાળકો તાલ દેતાં હતાં. એ ત્યાંની બાલવાડી હતી. અમે સૌ જઇને શાંતિથી બેસી ગયાં. હજી તો બાલવાડીની શરૂઆતજ હતી, છતાં બાળકોનાં કપડાં, શરીર, ભાષાના ઉચ્ચાર, બેસવાની ઢબ, દરેકમાં વિદ્યાલયની બાળાઓની અસર ચોખ્ખી જણાતી હતી. આ બધુ જોતાં અમારામાંના ઘણાં ખરાંના મનમાં એકજ વિચાર ચાલ્યા કરતો હતો. બાળકોને માટે સાનુકૂળ વાતાવરણ રચવામાં બાલવાડીનાં બાળકોનાં માબાપો સાથેનો પરિચય, તેમની વચ્ચે રહીને તેમના સુખદુઃખના સાથી બનીને સાધેલો સહચાર, એ સૌથી વધારે અગત્યની વસ્તુ છે. બાળકોને માટે સંસ્કારી આંગણું પૂરૂં પાડવા માગતા બાલવાડીના બાલશિક્ષકોને સૌથી પ્રથમ બાળકોનાં માબાપ સાથે ઓતપ્રોત થઇને પ્રેમ સંબંધ બાંધવાની આવશ્યકતા છે. તેના આર્થિક ને સામાજિક પ્રશ્નોને હાથ કરવામાં સહાય કરવાની જરૂર છે. એ દ્વારાજ બાલાશિક્ષક ગરીબ અને અજ્ઞાન માબાપોનાં દિલ જીતી શકશે અને બાલવાડીનાં બાળકો માટે સુંદર, સ્વચ્છ, વ્યવસ્થિત ઘર અને માતપિતાના કુદરતી વાત્સલ્ય સાથે શારિરિક અને માનસિક પોષણ મેળવવાની સંસ્કા-

રિતા પ્રાપ્ત કરવાનું વાતાવરણ ઘરેઘરમાં ઉભું કરી શકશે. નૂતન બાલશિક્ષક માટે એ જરૂરી છે એટલું જ નહિ એ પ્રથમ જરૂરી છે. એ અનિવાર્ય છે. એણે ત્યાંથી જ શરૂઆત કરવાની રહે છે.

રાતે પ્રાર્થના સમયે બાળાઓએ ભજનો ગાયાં. પછી તેમની પોતાની ઢબે નૃત્ય સાથે રાસ લીધા, નાટય પ્રયોગો પણ કર્યા. એ દરેકમાં સંસ્કારિતાનું સુભગ દર્શન થતું હતું. નૃત્ય અને સંગીત એ માનવીને મળેલી કુદરતી બક્ષિસ છે. તેનો દુરુપયોગ વારતહેવારે દારૂ તાડી પીને ગાંડા થવામાં આ લોકો કરે છે. તેને સંસ્કારવાનો સુંદર પ્રયત્ન વિદ્યાલયની બાળાઓનાં નૃત્ય, ગીત અને નાટયમાં જોવા મળ્યો.

ગ્રામ–બાલ–અધ્યાપન વર્ગનાં ભાઈ બહેનો, જેઓ વર્ગ પૂરો થયે પોતપોતાના ગામમાં ગરીબ વસ્તીમાં જઈને નૂતન બાલ શિક્ષાનો પ્રયોગ આદરવાની ઉમેદ ધરાવે છે, તેમને માટે બપોરથી જોવા મળતી દરેક ક્રિયા અને વાતચીતમાંથી જોવા જાણવાનું અને સમજવાનું મળતું હતું. અરસપરસ વિચાર વિનિમય કરી એ ભાતું પચાવવાનો પ્રયત્ન ચાલતો હતો. મોડી રાત સુધી વર્ગની બહેનોએ શ્રી. અન્નપૂર્ણા બેન સાથે વાતો કરી રહી હતી. બાલશિક્ષણ, કન્યાકેળવણી, પ્રૌઢ–શિક્ષણ, સ્વચ્છતા અને ઉદ્યોગ, અક્ષરજ્ઞાન અને ચિત્રકળા, સંગીત અને નાટય પ્રયોગ, દરેક વિષયો ઉપર જે નજરે જોયું હતુ તેના પરથી ચર્ચા ચાલતી હતી અને અનેક ભાવી બાલવાડીઓની રચના કરવાની માનસિક ભૂમિકા તૈયાર થઈ રહી હતી.

બીજે દિવસે વહેલી સવારે વેડછી જવા માટે બાસ મોટર આવવાની હતી. એટલે આ જ્ઞાનસરિતાનું ઉગમસ્થાન જોવાની આતુર જિજ્ઞાસાવાળાં સૌ આકાશ-છત્ર નીચે મોડી રાતે જંપી ગયાં.

ક્રમશ.] **રામભાઈ.**

# ગ્રામ–બાલશિક્ષણ

[ બોરડીના ગ્રામ–બાલઅધ્યાપન–વર્ગમાં તા. ૨૮–૫–૪૬ ના રોજ પૂ. કાકા સાહેબ કાલેલકરે આપેલ વ્યાખ્યાનમાંથી આ નીચે કેટલાએક સુવિચાર ઉતારેલ છે–સંપાદક. ]

આજ કાલ જે કંઈ શિક્ષણ આપવામાં આવે છે તેમાં ભાષાશિક્ષણ પ્રધાનપદે હોય છે. થોડું ઘણું પણ અક્ષરજ્ઞાન મેળવો નહીંતર ભીખ માંગવી પડશે. આ એક બહુ મોટો ભ્રમ છે. નાનાં બાળકોને માટે તો પુસ્તકો, ભાષા અને ભાષાની ચર્ચા જેટલી દૂર રાખવામાં આવે તેટલું સારૂ છે

પ્રાથમિક શિક્ષણના પ્રથમ ત્રણ વર્ષમાં અક્ષર શિક્ષણનું નામ નિશાન ન હોવું જોઈએ.

અને અક્ષરશિક્ષણ એટલે બીજું શું છે ? આંગળીથી બોલવુ અને આંખોથી સાભળવુ. અમદાવાદ અગર મુંબઈ આપણે પત્ર લખીએ છીએ તે વખતે આંગળીઓથી કાગળ પર બોલતા ગયા અને ત્યાં એ લોકોએ કાનથી નહી પણ આંખથી એ પત્ર સાંભળ્યો, આવા વિચિત્ર વ્યવહારનું નામ લેખન છે.

બાલશિક્ષણમાં લેખનકળા પાછળથી આવે છે. પહેલાં તો બાળકે સૃષ્ટિનું અવલોકન કરવું જોઈએ. સૃષ્ટિનું અવલોકન કરતાં બાળક નિરીક્ષણ, પરીક્ષણ, પ્રયોગ અને રચના કરે છે. આવા બાલશિક્ષણના પ્રયોગો હિંદના લાખો ગરીબોનાં ઝૂંપડાઓમાં થવાની જરૂર છે. આજે આપણે ત્યાં નવા વિચાર ગ્રહણ કરીને નવા પ્રયોગ કરનારા બહુ થોડા છે. પદવીધારી તો ઘણા છે પણ પ્રયોગધારી થોડા છે. એથી થોડા ઉપર વધારે જવાબદારી રહે છે.

શ્રી. તારાબેન વરસોથી બાલશિક્ષણનો પ્રયોગ કરી રહ્યાં છે. એમને પોતાને ખબર પણ નથી એ રીતે એમનો પ્રયોગ આગળ વધી રહ્યો છે. પરંતુ એ સેંકડો માઇલના રણપ્રદેશ વચ્ચેના ઓઆસીસ ( રણવાડી ) જેવો છે.

...અહીંથી હવે જે કંઈ શીખી જાઓ તે જઈને ગામડાંને અર્પણ કરજો. ભગવાને તમને જીવન આપ્યું છે તેનો એ રીતે સદુપયોગ કરજો.

આજના જમાનામાં ભગવાને બે શક્તિ જગત પર મોકલી છે. એક મહાત્મા ગાંધી બીજો એટમિક બોંબ. બન્નેએ શહેરવાસીઓને જાગૃત કર્યા છે અને ગામડાઓમાં છુટાછવાયા વસવાની ચેતવણી આપી છે. હવેની સંસ્કૃતિમાં માણસો દૂર દૂર રહેવાનું પસંદ કરશે. તમારી શિક્ષણપદ્ધતિ પણ બાળકોની પાસે જઈને ભણાવવાની યોજવી પડશે. પુસ્તકોની જરૂર ઓછી થશે. નિરીક્ષણ, પરીક્ષણ, પ્રયોગ અને રચના એ ચતુર્વિધ રીતે શિક્ષણ આગળ વધશે.

ગ્રામોદ્ધારનું કામ કરનાર ગ્રામશિક્ષકને પૈસાનો લોભ નહિ હોય, એશઆરામનો લોભ નહિ હોય. માતા જેમ બાળકને વહાલ કરે છે તેમ

ગ્રામશિક્ષક ગ્રામવાસી અને તેમનાં બાળકો ઉપર પ્યાર કરશે. તેના જીવનમાં સાદાઇ, ઉદ્યોગ, સ્વાશ્રય હશે. ગામના લોકો અજ્ઞાન, સંકુચિત અને ગંદા હોય તોપણ તેના તરફ ગ્રામશિક્ષક સંપૂર્ણ આદર રાખશે. તમે જો મિશનરી લોકો જેવી ધગશથી અને દિલના સાચા પ્રેમ અને આદરથી પછાત કોમની સેવામાં જીવન અર્પણ કરી માનવ જીવનની કૃતાર્થતા પ્રાપ્ત કરશો એવી આશા છે.

## કાર્યાલયનું સરનામું બદલાયું

(૧) બા. શિ. સંઘ. ૧૧૮, વર્તકગૃહ,
હિંદુ કોલોની, દાદર, મુંબઇ ૧૪.

(૨) નૂ. બા. શિ. સંઘ. બાલવાડી, બોરડી
ઘોલવાડ થઇને, જિલ્લે થાણા,
B. B. C. I. Rly.

(૩) શિક્ષણપત્રિકા કાર્યાલય,
c/o બાબીબેન મૂળજી, શાંતારામ નારાયણુલેન
વાલકેશ્વર મુંબઇ.

## નૂતન બાળ-શિક્ષણ સંઘની સામાન્ય સભા

તા. ૯-૩-૪૬ ના રોજ સામાન્ય બેઠક મળવાની હતી. પરંતુ કોરમના અભાવે તે દિવસે તે બેઠક મુલતવી રહી હતી. એ બેઠક તા. ૧૭-૬-૪૬ સોમવારે સાંજે પાંચ વાગે શિશુવિહાર, દાદરમાં મળશે. તે વખતે સંઘના સર્વે સભ્યોને હાજર રહેવા વિનંતિ છે.

બેઠકમાં નીચે પ્રમાણે કામકાજ થશે:—

(૧) ગત વર્ષનો અહેવાલ તથા હિસાબ મંજુર કરવો.

(૨) પ્રમુખની રજાથી મંત્રી રજુ કરે તે.

તારાબેન મોડક,
સરોજબેન ચોધ
મંત્રીઓ,
નૂ બા. શિ સંઘ

## શિક્ષક જોઈએ

નીચેની સંસ્થાઓમાં મોન્ટીસોરી પદ્ધતિ જાણનાર શિક્ષક અથવા શિક્ષિકા જોઇએ. તો જેમને નોકરીની જરૂર હોય તેવા શિક્ષકોએ તેમને અરજી કરવી. અરજીમાં શિક્ષણ-પત્રિકાનો ઉલ્લેખ કરવો.

| | ગામ | સરનામું | ભાષા |
|---|---|---|---|
| ૧ | મુ. બાર્શી<br>જિ. સોલાપુર | શ્રી. જ. ગો. કરંદીકર<br>B. A. L. L. B.<br>મુખ્યાધ્યાપક, સુલાખે હાઇસ્કૂલ | મરાઠી |
| ૨ | જોધપુર | શ્રી. એસ. સિંહ<br>ઓ. સેક્રેટરી, બાલનિકેતન | હિંદી |
| ૩ | અંકલાવ<br>વાયા વાસદ, ગુજરાત | શ્રી. મગનલાઇ પટેલ | ગુજરાતી |
| ૪ | સાંતાક્રુઝ<br>મુંબઇ | શ્રી લીલાવતી ખાંડવાળા<br>બાલ મંદિર, ગુ. હિં. સ્ત્રીમંડળ | ગુજરાતી |
| ૫ | પરેલ, મુંબઇ | શ્રી. કાનજી દ્વારકાદાસ<br>ધી યુનાઇટેડ ઇંડિયા મિલ્સ | મરાઠી |

મુદ્રક-પ્રકાશક:-ગો. રા. કુલકર્ણી, ૧૧૭, હિંદુ કોલોની દાદર-મુંબઇ ૧૪, મુદ્રણ સ્થાન:-સ્ટેટ્સ પીપલ પ્રેસ, ૧૩૮, મેડોઝ સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઇ.

# શિક્ષણ પત્રિકા

(નૂતન બાલશિક્ષણ સંઘ)

આદ્ય તંત્રી : સ્વ. શ્રી. ગિજુભાઇ બધેકા

તંત્રી : શ્રી. તારાબેન મોડક

સહ સંપાદકો : શ્રી. ગોપાળરાવ કુલકર્ણી, શ્રી. બંસીધરજી, શ્રી. રામભાઈ પાઠક


## માનવ-વિકાસનું બીજ

'બાળક એ કુદરતે માણસને બક્ષેલું અણમોલું રત્ન છે,' આ વાકય કુદરતના ઉપાસક એડોલ્ફ જુસ્ટનું છે. માણસની કેટલી એ ભાવનાઓ બાળકદ્વારા પૂર્ણતાએ પહોંચે છે. માનવી ગુણોના વિકાસનું સૌથી મહાન અને સૌથી પ્રથમ સાધન બાળક જ છે. માતૃત્વ અને વાત્સલ્ય, ત્યાગ અને સહનશીલતા, તિતિક્ષા અને સાહસ, નમ્રતા અને પવિત્રતા, સૌન્દર્ય અને કળા, ભકિત અને વૈરાગ્ય, સેવા અને પ્રેમ, ઇત્યાદિ અનેક સદ્‌ગુણ માણપ બાળકો પાસેથી શીખે છે અને પોતાને મનુષ્યત્વની પૂર્ણતાને પહોંચાડે છે. બાળક એ માનવવિકાસનું બીજ પણ છે અને ફળ પણ છે.

—રામનારાયણ પાઠક.


વર્ષ ૨૧ : કાર્યાલય : અંક ૭

૨૦૦૨ શાન્તારામ લેન, વાલકેશ્વર, મુંબઇ, ૬. અષાઢ

# ગામડાંની સમૃદ્ધિ

દસ વરસ મુંબઇ જેવા મોટા શહેરમાં બાલમંદિર ચલાવ્યા પછી એક નાના સરખા ગામડામાં ગઇ. આદિવાસીઓની તદ્દન ગરીબ વસ્તીમાં ઉછરતાં બાળકો માટે એક નોની એવી બાલવાડી ઉભી કરવી એ વિચારે અમે ગયેલાં. ત્યાં તો પાસે જ તળાવડીને કાંઠે દુબળાઓની દસબાર ઝુંપડીઓ જોવામાં આવી. આ વસ્તી અમે જ્યાં રહેતાં ત્યાંથી સાવ નજીકમાં જ હોવાથી અમને ત્યાં કામ કરવાનું ઠીક ફાવશે એમ લાગવાથી તરત જ અમે ત્યાં બોલવાડી શરૂ કરી.

થોડા જ દિવસમાં અમને ખ્યાલ આવ્યો કે આ ગરીબ કંગાળ દેખાતાં જંગલી બાળકો ખૂબ જ સમૃદ્ધ પરિસ્થિમાં રહે છે અને અમારાં મુંબઇની હવેલીઓમાં રહેનારાં સુખવસ્તુ કુટુંબનાં બાળકો જ બિચારાં કંગાળ અવસ્થામાં રહે છે. ભલે એ લોકો પોતાનાં માબાપ સાથે ચોપાટી ઉપર કે મરીનલાઇન્સ ઉપર ફરવા જાય ને રોજ ઇસ્ત્રી કરેલાં કપડાં પહેરે; પણ આ નગ્ન બાળકો જેટલી સમૃદ્ધિ એમને મળતી નથી. એક રીતે તો આ શ્રીમંત બાળકો જ ખૂબ ગરીબ છે.

આ બાળકોની મોટામાં મોટી સમૃદ્ધિ તે વિશાળ આકાશની. અમારાં દાદર ને ગિરગાંવનાં બાળકો બિચારાં ઉંચા ઉંચા બંગલાઓની વચ્ચેથી દેખાય તેટલું જ નાનું સરખું આકાશ જોઇ શકે છે. તેમાં વળી જેમને ઘરની બહાર જવાની રજા ન હોય તેઓ તો પોતાની નાનીશી બારીમાંથી આકાશનો જે ટુકડો દેખાય તેટલો જ જોઇ શકે. બાળકો બે હાથ લાંબા કરે ને તેટલી જગ્યામાં જેટલું આકાશ સમાય તેટલું જ બિચારાં જોઇ શકે છે!

પણ અમારા આદિવાસી બાળકોને તો આભનો વિશાળ ચંદરવો જોવા મળે છે. એટલું જ નહિ, પણ આખો દિવસ આભના માંડવા નીચે બેસવાઉઠવાનું, રમવાનું ને પ્રસંગે સૂવાનું પણ ભાગ્ય પ્રાપ્ત થાય છે. આ કેટલી બધી સમૃદ્ધિ! આ બાબતમાં તો બિચારાં શહેરનાં બાળકોની જેટલી દયા ખાઇએ એટલી ઓછી જ છે. બિચારાંઓને અંધારી રાતનું રત્નજડિત આકાશ કયારે સુનમાન્યું જોવા મળે, કયારે એમને રૂપેરી દરિયા જેવું આકાશ, ચંદ્ર ને ચાંદનીનું તેજ જોવા મળે, કે તેમાં મનમુરાદ નહાવા મળે? કે કયારે એમને મોટા મોટા ડુંગરાનું સ્વરૂપ ધારણ કરતાં કે અહીંતહીં દોટંદોટા કરતાં કે વિજળીના ઝગારામાં તરી આવતાં કાળાં કાળાં વાદળાં યે જોવા મળે? આ જંગલી બાળકોના નિત્યના દોરત જેવા સૂર્યોદય ને સૂર્યાસ્તના તો પેલાં શહેરનાં બાળકોને પાઠય પુસ્તકોમાં વર્ણનો જ વાંચવાનાં રહ્યા, ને તે વર્ણનો ઉપરથી કલ્પનાજ કરવાની રહી. સાચે જ કેટલી દયા ખાઇએ બિચારાંની?

આભની સમૃદ્ધિથી જરાયે ઉતરતી નહિ એવી બીજી મોટી સમૃદ્ધિ તે આજુબાજુના સૃષ્ટિસૌંદર્યની. અમારા શહેરનાં બાળમંદિરોનાં બાળકોને તો રિંગણાનો છોડ કે પડોળાનો વેલો એ પણ કદી ન જોયેલી ને ન જાણેલી એવી નવીનવાઇની વાતો! પણ આ કહેવાતાં દુબળાં છતાં ખરી રીતે તો સઘળાં બાળકોને તો રિંગણાં જ શું પણ બધી જાતનાં છોડ, વેલ ને ઝાડઝાંખરાંની ઓળખાણ હોય છે. એમણે તેનાં બધાં સ્થિત્યંતરો જોયેલાં હોય છે. એ સિવાય ભાતનાં કે બીજાં અનાજનાં ખેતર; કેળાં, જામફળ, ચિકુ, પપૈયાં, ઝૂંડુ, શેવતી, અબોલી, મોગરો, ગુલાબ વગેરે બધા પ્રકારો એમની આંખ આગળ ઉગ્યા કરે છે. એટલું જ નહી પણ કેટલાક છોડોને ઉછેરવાની, તેમની સેવા કરવાની તક પણ તેમને મળ્યા કરે છે. એ ઉપરાંત જંગલની સમૃદ્ધિ ઉપર તો તેમનો જાણે પેઢીઓથી હક હોય જ છે. ચણોઠી, પાંચિકા, બોર, આમલી, ખજુરી, કરમદાં, જાંબુ, કેરી વગેરે જાણે એમની જાગીર જ! એ એમની પાસેથી કોણ લઇ શકે?

પણ આ આદિવાસીઓ રહેતાં એક તળાવડીને તીરે ને એ તળાવમાં કમળનો તો પાર નહિ. ભૂરાશ પડતા આછા વાદળી કે જાંબુડી રંગનાં ફૂલોથી ભરેલું તળાવ તો એકાદ રાજકુમારને યે રાતદિવસ જોવા નહિ મળતું હોય! ખરેખર, જેમજેમ અમે આ બાળકોનું જીવન જોવા લાગ્યાં, તેમની સાથે વધારે પરિચિત થયાં, તેમ તેમ તેમની આ સમૃદ્ધિની અમને અદેખાઇ આવવા લાગી. તેમને આટલું બધું કેમ મળે એ દૃષ્ટિએ નહિ, પણ અમારા શહેરી બાળકોને કેમ-કંઇ જ નહિ, એ વિચારે. એમની આ નિસર્ગદત્ત વનસ્પતિની

સમૃદ્ધિમાંથી એમને કેટલીએ ભેટો મળતી. કોઇવાર મૂળાં તો કોઇવાર ગાજર, કોઇવાર કાકડી તો કોઇવાર લીલી ડૂંગળી ને ટમેટાં. કમળકાકડી તો પોતાની મહેનતેજ તેઓ ખોદી લાવે. બોરાં ને આમલી તો જાણે એમની જ રાહ જુએ! જ્યારે અમારાં શહેરી બાળકોને તો બિચારાંને નિશાળના ગેઇટ પાસે બેઠેલી બાઇ પાસેથી પૈસાનાં બોરાં લેવા પડે ને તે યે ઘણીખરીવાર મા-બાપની ઇચ્છા વિરુદ્ધ ચોરીછુપીથી!

તેમની ત્રીજી સમૃદ્ધિ તે તેમનો પ્રાણિજીવન સાથેનો નિકટનો સંબંધ. સાત સાત આઠ આઠ વર્ષનાં બાળકો ગાયને પંપાળે, બળદની પીઠ થાબડે, ભેંસોને ચરવા લઇ જાય! આ રીતે એમના નિકટ પરિચયમાં આવ્યાથી એમને જીવન-ઉપયોગી કેટલીયે વાતોની જાણ થઇ જાય છે- એમની આગળ તો અમે મોટાંઓ અભણ લાગીએ. બે ચાર મોટાં મોટાં શીંગડાવાળી ભેંસો માથાં હલાવતી સામેથી ચાલી આવતી હોય તો અમે ગભરાઇને દૂર ખસી જઇએ છીએ. પણ આ બાળકો તો હાથમાં નાનો દંડુકો લઇને હાંકે છે. બરાબર ન ચાલે તો દંડુકાની બીક બતાવતાં હોય છે. વળી પાડોસીને ત્યાં બકરી ને બકરીનાં ભુડિયાં હોય છે, તેમને રમાડવાનું પણ મળે છે ને તેમની સાથે કુદકા પણ મારી શકાય છે. બીજાંના ઘરની કુકડી ને કુકડીનાં બચ્ચાં તો બધાંનાં આંગણામાં ફર્યા કરે. ફળિયામા આવતાં બતક, ભુંડ, કુતરાં, બિલાડાં જાણે બધાંયનાં માલિકીનાં હોય એ રીતે બાળકો એમની સાથે રમતાં હોય છે. નહિતર બિચારાં દાદરનાં બાળકો! એકવાર એક ગામડામાં ગયાં તો ભુંડનાં બચ્ચાં તેને ધાવતાં હતાં એજ કલાક સુધી જોયા કર્યું, ને ભેંશનો પોદળો જ એક બીજાને બતાવવા લાગ્યાં! બિચારાં ગામડાંનાં બાળકો આગળ કેટલા અજ્ઞાની ને ઓછા ગણેલાં દેખાણાં! ગામડાંના બાળકોને તો કોણ કયારે વીયાશે, કોને કેટલાં બચ્ચાં થશે, એવે ટાણે શું કરવું પડશે, એ શું ખાશે, એમને માટે કેવા પ્રકારનું ઘર બાંધવું પડશે, બચ્ચાંને ટોપલી નીચે કેવી રીતે રાખવું, એ બધુ જ ખબર હોય: જ્યારે શહેરી બાળકોને તો બતકનાં બચ્ચાં કયાં, કુકડીનાં બચ્ચાં કયાં, એ પણ ખબર ન હોય. બતકના ને કુકડીના ઇંડામાં શો ફેર, તેના ઉપર કોણ બેસે, કેવી રીતે બેસે, વગેરે કશુજ એ. બોકોને ખબર ન હોય; અથવા તો કદાચ ચોપડી વાંચીને જાણ્યું હોય તોયે આ ગામડાનાં બાળકોના પ્રત્યક્ષ અનુભવ આગળ તો એ જ્ઞાન ફિક્કું જ પડે! જ્યારે આ પ્રકાર જોયો ત્યારેજ જણાયું આવ્યું કે ગામડાનું નિસર્ગસમૃદ્ધ વાતાવરણ શહેરના પૈસાદાર ને યંત્રસમૃદ્ધ વાતાવરણ કરતાં તો ચોકકસજ વધારે શિક્ષણદાયી છે.

એમની ચોથી સમૃધ્ધિ તે જગ્યાની. તદ્દન ગરીબમાં ગરીબ બાળકો યે કેટલી મોટી જગ્યામાં હરેફરે છે ને નાચેકુદે છે! એમનાં ઝુંપડાં નાનાં હોય તોયે આંગણામાં ને આંગણાની બહાર તો પુષ્કળ જગ્યા. આસપાસનું આખુ જંગલ જાણે તેમનું ફરવા માટેનું ઉપવનજ! સાવ નાનાં ૧।। કે ૨ વર્ષનાં બાળકો યે કેટલેય દૂર દૂર સુધી ભટકતાં નજરે પડે છે. ત્રણ થી પાંચ વર્ષનાં બાળકો ઘર ઘર રમે તો ઝાડ હેઠળની આપણા મોટા હોલ કરતાંયે મોટી જગ્યામાં સાચી ઇટો ને માટી લઇને રમે. રમવા માટે બા પાસેથી એમને કઇ ન માંગવું પડે. પાસેના જંગલમાંથી પાન, ફૂલ, ફળ લઇ આવે ને પોતાના માબાપે જેવું ઘર બાંધ્યું હોય તેવું જ બાંધવાનો પ્રયત્ન કરે. તેઓ પોતાના ઘરમાં ભીતો ને છાપરૂં કરતાં પહેલા બાંડણીયું ને ચૂલો કરે, તેમજ કૂવો કે તળાવડી કરે. જીવનને આવશ્યક વસ્તુઓ વિષેની એમની આ કલ્પના કેટલી યથાર્થ છે! આપણાં શહેરી બાળકો રમતાં હોય તો કદાચ વિજળીનું બટણ પેહેલું બનાવે ને ચૂલો, બાંડણીયું, ઘંટી ને પાણીની વ્યવસ્થા કરવાનું તો ભૂલી જ જશે.

એકંદરે આ બાળકોને હરવાફરવા માટે જે ખુલ્લી વિપુલ જગ્યા મળે છે, તે પણ અદેખાઇ કરવા જેવી છે. મેડમ મોંટેસોરી કહે છે કે બાળકોને વિકસવા માટે પૂર્ણ અવકાશ એટલે કે સ્વાતંત્ર્ય આપો. તેમાંયે પેહેલું સ્વાતંત્ર્ય તે જગ્યાનું સ્વાતંત્ર્ય (Freedom of space.) તે દૃષ્ટિએ જોતાં આપણે નાની બે ઓરડીઓમાં કે કદાચ સાત કે આઠ ઓરડીઓમાં પણ રહેતાં હોઇએ, તોએ હજુ તો ચાલતાં શીખતું હોય એવા એક વર્ષના બાળકને કે તેથી મોટા છ સાત વર્ષના બાળકને યે કેટલી જગ્યા મળે? ઘરમાંનું ફર્નિચર, પલંગ, કે બીજી કામની વસ્તુઓમાંથી માંડ માંડ રસ્તો કાઢી બિચારાં જેમ તેમ ચાલતાં હોય છે. રસ્તા ઉપર કે શેરીમાં તો જઇ જ ન શકાય, કારણ કે

ગાડી, ઘોડા કે મોટરની બીક હોય. આંગણું તો લગભગ ન જ હોય કારણ ઘણીખરીવાર તો બીજે કે ત્રીજે માળેજ રહેવાનું હોય.

આ બધી બાબતોનો વિચાર કરવા બેસીએ ત્યારે થાય છે કે માણસ ડાહ્યો છે કે મૂર્ખ? આપણો હિંદુસ્તાન જેવો વિશાળ દેશ હોવા છતાં ગયા સો વર્ષમાં મોટા મોટા વિદ્વાનો, વિચારકો ને તજ્જ્ઞો એ મળી ને શું કર્યું? કબુતરખાના જેવી જગ્યામાં માણસ ને તેમની સાથે તેમનાં બાળબચ્ચાંની રહેવાની સગવડ કરી. બધાંએ પોતાનું ખોરડું, ખેતર, પાધર, ગાય ભેંસ છોડી શહેરો તરફ દોડી જવાની પ્રથા પાડી. આમ કેમ? તો કે ત્યાં વિજળી છે, ગેસ છે, નળ છે. પણ વિચાર કરતાં એમ લાગે છે કે શું શહેરમાં આટઆટલી યોજનાઓ કરનારા ઇજનેરો ને રાજ્યવ્યવસ્થાપકો વીજળી, ગેસ, નળ, પાકા રસ્તા ને હવાઉજાસવાળાં ઘરો ગામડામાં નજ લઇ જઇ શકયા હોત? રહેવાની જગ્યા ન હોય, શાળાને જગ્યા ન હોય, રમવાને કે હરવા ફરવાનેયે જગ્યા ન હોય, ત્યાં લાખો રૂપિયા ખર્ચીને એ લોકો કહે છે કે, અમે બાળકોના શિક્ષણની યોજના કરીએ છીએ! સખ્તીનું પ્રાથમિક શિક્ષણ કરી અશિક્ષિતતા કાઢી નાખવાની યોજના કરે છે ને તેને માટે પેહેલાં કરતાં યે લાખો રૂપિયા વધારે ખર્ચવાની યોજનાઓ ઘડે છે! આમ જ્યાં પાયો જ કાચો છે ત્યાં ઉપરના મકાનમાં કરેલું બધ્ય નકામું જ જાય ને? પણ એટલો વિચાર કોણ કરે? વિચારકો હોય તે કરે ને?

બાપરે બાપ! દોઢસો વર્ષની પ્રથા કેમ તોડાય? છે તે ચાલુ રાખવામાં જ ડહાપણ છે. બસો શાળા હોય ત્યાં ચારસો કરવી. વીસ હજાર વિદ્યાર્થીઓ ભણતા હોય ત્યાં ચાલીસ હજારની, સગવડ કરવી. આઠસો શિક્ષક હોય ત્યાં એવા જ સોળસો શિક્ષકો રાખવા. ને આપણી મ્યુનિસિપાલિટી, આપણી સરકાર, આપણું કોરપોરેશન શિક્ષણકાર્યમાં કેટલું બધું ખર્ચ કરે છે! એમ કરી પોતાની જ પીઠ થાબડવી ને પૂર્ણ સંતોષ મેળવવો, એ આજના યોજકોની વિચાર કરવાની રીત! આવી સ્થિતિમાં આમૂલાગ્ર ફેરફાર કેમ થાય? ગામડાંની સમૃદ્ધિ-નિસર્ગે મફત આપેલી સમૃદ્ધિનો લાભ આપણાં બાળકોને કેમ મળે? ગામડાંમાં બીજું કંઇ ન મળે તો યે પુષ્કળ હવા ને તડકો તો મફત મળી શકે. તેનો લાભ આપણાં બાળકોને આપવાની કોઇ યોજના ઘડે તો આપણા દેશનો ઘણો ઉદ્ધાર થશે. આથી ઉલટું ગામડાંમાં આ બીજી સમૃદ્ધિ છે તો બિચારાંને ખાવાનું મળતું નથી. કામ કરી મરવાનો વખત આવે ત્યારે માંડમાંડ અધી ભૂખ શમે એટલું કમોઇ શકાય. તેથી જ બિચારાં મરણશરણ થાય છે. જ્યારે શહેરમાં કેટલાંકને પચાવી ન શકાય તેટલું ખાવાનું મળે છે છતાં ગામડાની સમૃદ્ધિનો લાભ ન મળવાથી તેઓ સારી રીતે ઉછરી શકતા નથી.

કહેવાય છે કે હવે આપણી સરકાર આવી છે ને દેશોદ્ધાર માટે ઘણું ઘણું કરવા માગે છે. આશા છે કે એઓ તો ચાલુ પ્રથા તોડી કંઇક નવું કરવાની હિંમત બતાવે ને મ્યુનિસિપાલિટી ને કોર્પોરેશનને તેમ કરવાની ફરજ પાડે.

ખરેખર, શહેરમાંની પ્રાથમિક શાળાઓ ગામબહાર જવી જ જોઇએ. ને ખરું જોતાં એમાં અઘરૂ યે શું છે? બસ, સાચી ઇચ્છા ને હિંમત જોઇએ.

(મરાઠી ઉપરથી) તારાબેન મોડક.

## ગામડાંની બાલવાડીઓ

[આ બીજા લેખમાં લેખક વેડછી આશ્રમની આસપાસ શરૂ થયેલી ઘર–બાલવાડીઓનું વર્ણન કરે છે, જે તદ્દન નવો પ્રયોગ હોઇ વાચકને રસપ્રદ તેમજ બોધપ્રદ થશે. —સંપાદક]

### વેડછી આશ્રમની બાલવાડીઓ

સદ્‌ગત ગિજુભાઇના મિત્ર અને બાલકોના તેમજ રાનીપરજ કોમના દોસ્ત તરીકે શ્રી. જુગતરામભાઇ દવેને ગુજરાત સારી પેઠે પિછાને છે. ચાલણગાડી વાંચતાં બાળકો ગિજુભાઇની સાથેજ જુગતરામભાઇનું નામ વાંચતાં શીખે છે. બાલકાવ્યોમાં તેમની વાણી બાલભોગ્ય અને લોકભોગ્ય હોય છે.

ગ્રામોદ્ધારના ચૌદવિધ અને હવે સોળવિધ કાર્યક્રમમાં બાલવાડીને સ્થાન અપાવવામાં તેમણે બાલશિક્ષણ વિષે વિચારો કરેલા છે ગિજુભાઇ અને તારાબેનના બાલશિક્ષ-

ણુના પ્રયોગો રસથી નિહાળ્યા છે. હમણા . હમણાં શ્રી. તારાબેને શરૂ કરેલ ગ્રામબાલશિક્ષણના કાર્યમાં તેઓ રસ લઇ રહ્યા છે.

૧૯૪૨ ની સત્યાગ્રહની લડત પહેલાં વેડછી આશ્રમમાં બાલબાડી ચાલતી હતી. લડતનાં ચાર વર્ષ દરમિયાન આશ્રમની ખુવારી થઇ તેની સાથે બાલવાડી પણ છિન્નભિન્ન થઇ ગઇ હતી. છતાં અમારા અધ્યાપન મંદિરના સંઘને નવી શરૂ થતી આશ્રમની બાલવાડી અને કેટલીક ગૃહ–બાલવાડીઓ જોવા મળી.

અમારો સંઘ વેડછી આશ્રમને દરવાજે પહોંચ્યો ત્યારે હાથમાં દાતરડી લઇને માટીવાળા હાથે શ્રી. જુગતરામભાઇ સ્વાગત કરવા ઉભા હતા. જાણે એમ કહેતા ન હોય કે "આવો ભવિષ્યના બાલશિક્ષકો, તમારાં બાળકોના હાથમાં કલમ અને પેનને બદલે દાતરડું ખુરપી આપો, મકાનની ચાર દિવાલો છોડી આકાશછત્ર નીચે, ખુલ્લા મેદાનમાં વિશાળ ધરતીના પટ પર, ફળઝાડ અને અનાજના જીવંત છોડ ઉગાડી બાળકોનાં હૈયાને અને બુદ્ધિને વિકસાવો!" અને બે દિવસના વેડછી આશ્રમના નિવાસ દરમિયાન અધ્યાપન મંદિરનાં ભાઇબેનોને એ વસ્તુ દરેક કાર્યમાં, બોલવા–ચાલવામાં, જોવા મળી.

૧૯૨૧ની સાલની અસહકારની ઐતિહાસિક લડત મુલતવી રહ્યા પછી શ્રી. જુગતરામભાઇએ બારડોલીમાં રાનીપરજ વિદ્યાલય શરૂ કર્યું હતું. એ વખતે વેડછીમાં શ્રી. ચુનિભાઇ મહેતાએ એક ઝૂંપડી બાંધી બાદી-થણું નાખી આજના આશ્રમનાં બીજ વાવેલાં. થોડા વખત બાદ શ્રી. જુગતરામભાઇ રાનીપરજ વિદ્યાલય વેડછીમાં લઇ આવ્યા. શ્રી. ચીમનભાઇ ભટ્ટ જેવા સાથી પણ આવી મળ્યા. રાનીપરજના નાના વિદ્યાર્થીઓ વરસો જતાં યુવાન થયા અને સત્યાગ્રહ સંગ્રામમાં સૈનિક તરીકે અને શાંતિના સમયમાં કાર્યકર્તા તરીકે કામ કરવા લાગ્યા. એ રીતે વેડછી આસપાસ રાની-પરજ પ્રદેશમાં વડલાની વડવાઇઓ ફેલાય તેમ શ્રી. જુગતરામભાઇ અને ચુનિભાઇનું કામ ફાલ્યું.

લડતનાં ત્રણ ચાર વર્ષમાં આશ્રમનાં ફળઝાડ અને ફુલઝાડ, મકાનો અને રાચરચીલું, બેદાનમેદાન થઇ ગયું હતું. છતાં સવાર સાંજ સુંદર ફુલની પથારીઓ પાથરતાં ગુલમોરનાં બે મોટાં વૃક્ષ આશ્રમની શોભા જાળવી રહ્યાં હતાં. કોઇએ પૂછ્યું 'આશ્રમને કેટલાં વરસ થયાં હશે' ત્યારે જવાબ મળ્યો 'આ ગુલમોર જેટલાં.' ઉમાની સખીએ બટુવેશધારી મહાદેવને આપેલો જવાબ 'ઉમાના મનોરથ સાથે વાવેલાં વૃક્ષો ને ફળ આવ્યાં પણ મનોરથને ફોટો પણ ફુટ્યો નથી' એ યાદ આવ્યો. ગુલમોરની સાથે વાવેલા લોકસેવાના મનો-રથનાં ફળ તો ત્રીજી પેઢીને જ ચાખવા મળવાનાં. અત્યારે તો તેની જમીન તૈયાર થઇ રહી હતી. હા, કયાંક દોડીને કામ કરતાં રાનીપરજ કુમારો અને યુવક યુવતીઓ જોતાં તેના અંકુરો નજરે પડતા હતા ખરા! તેનું કારણ હતું. ઉમાનું તપ બાર વર્ષનું હતું ત્યારે આ આશ્રમવાસીઓનું તપ ચોત્રીશ વર્ષનું છે!

આસપાસનાં ઝૂપડાઓમાંથી આવેલાં ચારથી આઠ નવ વરસ સુધીનાં બાળકોને કુવા પર સ્નાન કરતાં જોઇને 'આ બાલવાડી ચાલે' કરી કેટલાંક ભાઇબેનો તે તરફ વળ્યાં.

બાલદીઓમાંથી લોટા વડે હાથે પાણી લઇ અંગ પર રેડતાં, અંગ ઘસતાં, માથાં ધોતાં બાળકોને સૌ જોવા મળ્યાં. નાનાં મોટાં એક બીજાની મદદ કરતાં હતાં રહેટ ચાલતો હતો. પાણીની બોટ ન હતી. બાળકો આનંદથી ખિલ-ખિલાટ હસતાં પાણી સાથે ગેલ કરતાં હતાં અને જમા-નાઓનો મેલ ધોતાં હતાં. આશ્રમની બાલવાડી હજુ શરૂ કરી નથી પણ બાળકો સવારે આશ્રમમાં નહાવા ધોવા આવે છે અને બપોર પછી બે ત્રણ ઘરોમાં બાલવાડીઓ ચાલે છે. અત્યારે બપોરે જમીને એ જોવા જવાનું હતું.

જમવાની રસોઇ આશ્રમના વિદ્યાર્થીઓએ તૈયાર કરી હતી. આશ્રમમાં બે ત્રણ રસોડાં જુદાં જુદાં રાખેલાં છે. પણ જમવાનું ભોજનાલય એકજ હતું. રસોડાનાં નામ પણ કાવ્યમય હતાં. મધુવન, વૃંદાવન, પંચવટી. નાના કુમારો રસોઇ કરી પીરસતા હતા. તેમનામાં શિસ્ત, વ્યવસ્થા અને ચીવટ દેખાઇ આવતાં હતાં. સ્વચ્છતા તો એમની રગમાં ઉતારવામાં આવી હતી. શિક્ષણદ્વારા સમાજની ક્રાંતિ શી રીતે કરી શકાય છે તેનું એક ઉદાહરણ અમારી સમક્ષ બધું હતું. અમારી સાથે જમવામાં કેટલાંક રાનીપરજ ભાઇબેનો પણ હતાં.

વેડછીથી થોડે દૂર બારેક માઇલ પર બેડા કરીને એક રાનીપરજ ગામ છે. ત્યાં રાનીપરજ દંપતી બાદી અને લોકશિક્ષણનું કામ કરી રહ્યાં છે. વેડછી આશ્રમમાં જ તાલીમ પામેલાં દશરાબેન અને તેમના પતિ બન્ને સાથે ત્યાં કામ કરે છે. તેઓ અમારો સંઘ આવ્યો હતો તે

નિમિત્તે પોતાની શાળાનાં બાળક બાળાઓને લઇને વેડછી આવ્યાં હતાં. બેડામાં નિશાળ તો સરકાર તરફથી ચાલેજ છે. પણ નિશાળે જતાં બાળકો શાળા સિવાયના વખતમાં દશરાબેનની ઝુંપડીએ આવે, ત્યાં મઠી આશ્રમની પેઠે સવારમાં દાતણ પાણી કરે, કાંતે, કાંતવામાંથી પોતાનાં અને માબાપનાં સુદ્ધાં (કેટલાંએક) કપડાં બનાવે, થોડું-ઘણું શીખે, વાંચે લખે, રાતે ભજન ગાય, અને સુઇ રહે. બાળકોને કેળવવાની આ રીત અનોખી છે. અમે બેડા જવા ઇચ્છતાં હતાં પરંતુ સમય અને સગવડને અભાવે જઇ ન શકાયું. શ્રી. જુગતરામભાઇએ બેડાની મંડળીનો સુયોગ વેડછીમાં જ કરાવી આપ્યો.

બેડાની વાત કરતાં મઠીથી વાલોડ આવતાં રસ્તામાં તિતવા ગામે જોયેલી સુમનભાઇની બાલવાડી યાદ આવે છે. અમે બાસ તિતવા જોવા સારૂ ત્યાં મોટર ઉભી રખાવી હતી. રાનીપરજ ઝૂંપડાંઓની વચ્ચે એમનો જેવું જ પણ સુઘડ, સ્વચ્છ એક છાપરૂં પોતાને હાથે - સુમનભાઇએ બનાવ્યું હતું. છાપરામાં એક તરફ રસોડું, એક બાજુ બેઠક, ને એક બાજુ શાળે ગોઠવી હતી. સુમનભાઇ પોતાના વિદ્યાર્થીઓને આગલે દિવસે મઠી લઇ આવ્યા હતા અને રાતે સૌએ સાથે આનંદ કર્યો હતો. તે વિદ્યાર્થીઓને નહાતાં ધોતાં, ખાતાં પીતાં, લખતાં વાંચતાં, કાંતતાં પીંજતાં શીખવવાનું કામ સુમનભાઇ કરે છે. બાસ સુમનભાઇ પોતે હરિજન હોવા છતાં રાનીપરજ વસતિની વચ્ચે પોતાની સેવાથી સવર્ણસેવક જેટલું જ માન મેળવી શકયા છે, એ સેવાભાવનાનો એક મોટો વિજય ગણી શકાય. સાચી સેવા નાતજાતના ભેદને ભુંસી નાંખે છે એ સૂત્ર ત્યાં સિદ્ધ થયેલું જોયું.

બપોર પછી વેડછી આશ્રમની આસપાસ વસેલી રાનીપરજ વસ્તીમાં અમે નીકળ્યાં. એક ઘરમાં પેસતાં જુગતરામભાઇએ કહ્યું 'જુઓ આ અમારી બાલવાડી. અહીં થોડાંએક છોકરાં એકઠાં થયાં છે. ઘરનાં મણસો પીંજવા કાંતવાનું કામ કરે છે. તેમાં આડોશી પાડોશીનાં નાનાં બોળકો ભળી ગયાં છે આ ઘરનાં બહેન અમારી બાલવાડીનાં સ્વયંસેવક શિક્ષિકા છે. એવી બે ત્રણ શિક્ષિકા હમણાં મને મળી ગઇ છે. તેથી મારું ગાડું ચાલ્યું છે.'

અમે અંદર જઇને જોયું તો માનવયંત્રોથી કોઇ શાંત મિલ ચાલી રહી હોય એમ અનેક નાના મોટા હાથ ચાલી રહ્યા હતા. નાનાં નાનાં ટપુડિયાં મોટેરાંની સામે જોઇ જોઇને કામ કરી રહ્યાં હતાં. ચાર પાંચ વર્ષનાં બાળકો ધીરજથી, એકાગ્રતાથી, કુશળતાથી રૂનો પોલ બનાવતાં હતાં, પુણી વણતાં હતાં, તકલી ચલાવતાં હતાં. આખું વાતાવરણ ઉદ્યમમય હતું. સ્વાતંત્ર્ય, સ્વયંસ્ફૂર્તિ, સર્જનાત્મક પ્રવૃત્તિ, એકાગ્રતા, શાંતિનું વાતાવરણ જામ્યું હતું. નાનાં બાળકોને પોતાની મેળે આ કામ કરતાં જોઇ સૌ સાનંદાશ્ચર્ય જોઇ રહ્યાં.

ઘરને બીજે બારણેથી બહાર નીકળતાં શ્રી. જુગતરામભાઇએ ઘુમ મારી: 'ચાલો હજી ઘણું જોવાનું બાકી છે'. અમે સૌ એમની પાછળ ચલ્યાં.

આગળ ચાલતાં શ્રી. જુગતરામભાઇએ બાલ-શિક્ષકોનો પરિચય કરાવ્યો. 'એ બહેન જેલ જઇ આવ્યાં છે. ખેતી કામ કરતાં કરતાં પોતાનાં કપડાં નીપજાવે છે અને આ અમારી યોજના મુજબની બાલવાડી પણ ચલાવે છે.'

અમે સૌ એ બહેન સામે જોઇ રહ્યાં. સ્વચ્છ સુઘડ, શિક્ષિત, ઉદ્યમી અને નીડર એવી આધેડ ગામડિયણને બાલશિક્ષિકા તરીકે ઓળખીને અમને આનંદ થયો. વાતો કરતાં અમે દરેક ઘરમાં નજર કરતાં જતાં હતાં. બીજા એક ઘરમાં પ્રવેશ કર્યો ત્યાંપણ બાલવાડી ચાલી રહી હતી. ઘરનું રાચરચીલું ચોખ્ખું અને વ્યવસ્થિત રીતે ગોઠવેલું હતું. ઝુંપડીની રચના પણ નવી ઢબની હતી. નવી ઢબની એટલે ઘાસ માટીની તો ખરીજ. પણ સગવડની દૃષ્ટિએ વ્યવસ્થિત હતી. બાળકો શાંતિથી પોતપોતાના કામમાં મગ્ન હતા. બાલવાડીની આ રીત વિષે જુદે જુદે વખતે *શ્રી. જુગતરામભાઇ સાથે થયેલી વાતચીત પરથી એમ સમજાયું હતું કે કોઇ પણ એક મુખ્ય ધંધો ઘરમાં ચાલતો હોય તેમાં બાળકો ભળે અને પોતાની ઉમર અને શકિત અનુસાર કામ કરતાં પોતાની શારીરિક, માનસિક અને બૌદ્ધિક શકિત ખીલવે, એવી ગ્રામ બાલવાડીઓ ઠેર ઠેર થવી જોઇએ. અને આજની પરિસ્થિતિમાં લાખો ગામડિયાઓ માટે એજ શકય છે. પગારદાર ચોવીસે કલાકનો શિક્ષક

*બાલવાડી વિષે યોજના સાથે એક લેખ 'શિક્ષણ અને સાહિત્ય'માં શ્રી જુગતરામભાઇએ આલેખ્યો હતો. તે વાંચ્યા પછી તેમના વિચારો વધારે સ્પષ્ટ રીતે સમજી શકાશે.

રાખવો એ બાલવાડી માટે પોસાય તેમ પણ નથી અને તેની જરૂર પણ નથી. સ્થાનિક કોઇ-બહેન યા ભાઇ પોતાનાં ઘરમાં બે–ચાર કલાક પોતાનાં બાળકોની સાથે પાડોશીનાં બાળકોને પણ ઉદ્યોગમાં ભેળવે, સવારે નહાવા ધોવામાં ભેળવે એ પૂરતું છે. ખેતી, કુંભારકામ, સુથારીકામ, કાંતણ અને વણાટ કામ વગેરે ધંધામાંથી ગમે તે ધંધામાં બાળકોને રસ લેતાં કરી શકાય છે. દૂધકામાં બાલશિક્ષકે કુશળ ધંધાદારી થઇ ધંધો ચલાવતાં, પોતાના કુટુંબની આજીવિકા નીપજાવતાં, શિક્ષણનું કામ કરવું યા તો જે ધંધાદારીઓ છે તેમને બાલશિક્ષણનું રહસ્ય સમજાવી દેવું. આમાં બીજો માર્ગ વધારે સારો અને સ્વાભાવિક છે. વેડછીનાં રાનીપરજ કુટુંબોની જે કાયાપલટ થયેલી અમે જોઇ તે પરથી એમ લાગ્યું કે માબાપોને તાલીમ આપવી એ બાલશિક્ષકનું મુખ્ય કામ છે. એને માટે બે પાંચ વર્ષ નહીં પણ દસ વીસ વર્ષની મુંગી તપશ્ચર્યાની જરૂર રહે છે.

બપોરે વેડછી ગામનાં ભાઇબહેનો આશ્રમમાં શ્રી. તારાબહેનનું વ્યાખ્યાન સાંભળવા આવ્યાં હતાં અને રાતે ગામમાં પ્રાર્થના અને સભા કરી હતી. એ બન્ને વખતે વેડછીનાં રાનીપરજ ભાઇ બહેનો અને બાળકોમાં થયેલું પરિવર્તન અમને જોવા મળ્યું. આશ્રમમાં અને ગ્રામસુધારણાનાં આ કામોમાં અમને જે વિશેષતા લાગી તે એ કે દરેક કાર્યની પાછળ શિક્ષણની દૃષ્ટિ રહેલી હતી. તેને બદલે કામ કરનાર સર્જનનો આનંદ લેતો હોય એવી તાજગી અને ઉલ્લાસ તેના ચહેરા પર દેખાતો હતો.

બીજે દિવસે પ્રાતઃકાળની પ્રાર્થના વખતે બાલ-શિક્ષકોને ઉદ્દેશીને શ્રી. જુગતરામભાઇએ એક સુવિચાર રજુ કર્યો તેનો સાર અહીં આપશું. "આજે ગીતાના શ્લોક ઉપર મનન કરતાં મને એક વિચાર આવ્યો તે તમારી સામે મૂકું છું. ગીતામાં એવી અનેક અણમોલી વસ્તુઓ પડેલી છે. દરેક માતાને પોતાના બાળક ઉપર કુદરતી પ્રેમ હોય છે. તે પ્રેમ તો પશુપક્ષી દરેકને હોય છે. પણ બીજાના બાળક ઉપર પ્રેમ રાખવો તેમાં વિશિષ્ટતા રહેલી છે. એ પ્રેમ તો જે સંયમી છે, નિર્વિકારી છે તેજ રાખી શકે. જેણે આવા અલૌકિક પ્રેમ રસનું પાન કર્યું તેને પછી વિષયરસ તુચ્છ લાગશે. એ બાળકોમાંજ પરમાત્માનાં દર્શન કરશે." આવા ભવ્ય વિચારને ભાથારૂપે સાથે બાંધીને સૌએ વેડછી આશ્રમની રજા લીધી, ત્યાંથી ખસવાનું કોઇને મન થતું નહતું. પણ વેડછીથી બારડોલીનો ચૌદ માઇલનો પંથ કાપવાનો હતો. મોં સુઝણું થઇ ગયું હતું. ત્રણ ગાડામાં સામાન ભરી સાજાં માંદાંને અંદર બેસાડી બાકીનાં પગપાળાં ચાલી નીકળ્યાં.

જે સ્થળે સ્વાગત કરવા ઉભાં હતાં તે સ્થળે શ્રી. જુગતરામભાઇ વગેરે ઉભાં રહ્યાં. એક પછી એક ભાઇ બહેનોએ નમસ્કાર કરી વિદાય લીધી. 'જનમનગણ-અધિનાયક જય હે ભારતભાગ્યવિધાતા'નું ગીત શરૂ થયું અને હિંદની ભાવી જનતાની સેવા કરવાનાં સ્વપ્ન સેવતાં સૌ ચાલી નીકળ્યાં.

(સંપૂર્ણ)

રામભાઇ પાઠક

---

**ગ્રામ બાલ–શિક્ષા કેન્દ્ર**

# ગ્રામ–બાલ–અધ્યાપન મંદિર

નૂતન–બાલ–શિક્ષણ સંઘે ગામડાનાં બાળકોના શિક્ષણનો પ્રશ્ન હાથ ધરવાનો વિચાર ૭ વર્ષ પહેલાં જ કરેલો ને પ્રથમ તે- દૃષ્ટિએ - ત્રણ જગાએ પ્રયોગ કર્યો. આ પ્રયોગમાંથી મળેલા અનુભવ પછી ગયા ડિસેમ્બરમાં સંઘ તરફથી બોડીં ગામે એક ગ્રામ–બાલ–શિક્ષા કેન્દ્ર ખોલવામાં આવ્યું. આ કેન્દ્રનું ઉદ્‌ઘાટન આજના પ્રધાન મંત્રી શ્રી. બાળાસાહેબ ખેરને હસ્તે તા. ૨૪-૧૨–૪૫ ને દિવસે થયું હતું. તેજ વખતે આ કેન્દ્રમાં ગ્રામ શિક્ષકો માટે એક અધ્યાપન મંદિર ખોલવામાં આવવાનું છે એમ જાહેર કરવામાં આવ્યું હતુ.

આ જાહેરાત મુજબ બોડીંમાં તા. ૨૦–૩–૪૬ ને રોજ ગ્રામ–બાલશિક્ષકોને તાલીમ આપવા માટે એક ત્રણ મહિનાનો ટુંકો બાલક્રીડાંગણનો અભ્યાસક્રમ રાખ-વામાં આવ્યો. આ વર્ગની શરૂઆત અમારે જરા અધુરી તૈયારીએજ કરવી પડી. કારણ જૂદા જૂદા પ્રાંતમાં શ્રી. કસ્તુરબા સ્મારક નિધી તરફથી ચાલતા શિબિરોમાં બાલવાડીના શિક્ષકોની માંગણી ઘણીજ હતી. તેને પહોંચી વળવા માટે વરસાદની શરૂઆત થતાં પહેલાં

ત્રણ મહિનાનો આ વર્ગ રાખવામાં આવ્યો.

જાહેરાત માટે ટુંકો સમય હોવાથી બધાંને પૂરતી જાણ પણ થઇ ન હતી ને વિદ્યાર્થીઓને શોધીને મોકલવા માટે સંસ્થાઓને વખત પણ થોડો જ હતો; છતાં આ મુશ્કેલીના પ્રમાણમાં વિદ્યાર્થીઓની ઠીક સંખ્યા હતી એમ કહી શકાય.

વિદ્યાર્થીઓની સંખ્યા નીચે પ્રમાણે હતી.

| | | | |
|---|---|---|---|
| બિહાર પ્રાંત | ૭ બહેનો | સંયુક્ત પ્રાંત | ૨ બહેનો |
| કચ્છ | ,, ૪ ,, | અમદાવાદ | ,, ૪ ,, |
| ૫ દોર | ,, ૩ ,, | મુંબઇ | ,, ૩ ,, |

ઉત્તર ગુજરાત ૮ ભાઇઓ ને ૬ બહેનો

મધ્ય ગુજરાત ૩ ભાઇઓ ને ૬ બહેનો

એમ જૂદા જૂદા પ્રાંતોમાંથી મળી ૫ ભાઇઓ અને ૨૯ બહેનો અધ્યાપન મંદિરમાં દાખલ થયાં હતાં. એમાંથી ૪ બહેનોએ માત્ર એક એક મહિનો જ લાભ લીધો. બીજાંઓએ પૂર્ણ ત્રણ મહિનાનો અભ્યાસ પૂરો કર્યો. એ શિવાય અકોલા અને બડવાણીથી ત્રણ જણ આવીને તબિયતને કારણે પાછાં ગયાં. દહેગામથી આવેલા એક બહેન પણ માંદગીને કારણે ઘરે પાછાં ગયાં.

આમાંથી ઘણાખરા વિદ્યાર્થીઓ સંસ્થાઓ તરફથી મોકલવામાં આવ્યા હતા. શ્રી. કસ્તુરબા સ્મારક નિધીનાં જૂદા જૂદા કેન્દ્રો તરફથી ૮/૯ વિદ્યાર્થિનીઓ આવી હતી. કચ્છ કેળવણી મંડળ તરફથી ત્રણ બહેનો, અમદાવાદથી જ્યોતિ સંઘ તરફથી ૪ બહેનો, વીસનગર અને પાટણના બાલ મંદિરો તરફથી ૫/૬ જણાં, દહેગામ બાલ મંદિર તરફથી ૧ ભાઇ, ગભીરાની કેળવણી સંસ્થા તરફથી ૧ ભાઇ, રાષ્ટ્રશિશુમંદિર વડોદરા તરફથી ૧ ભાઇ, રાણપુર આશ્રમ તરફથી ૧ બહેન, ધંધૂર મ્યુનિસીપાલિટી અને બાલનિકેતન તરફથી બે બહેનો અને ૬/૮ જેટલાં ભાઇ બહેનો સ્વતંત્ર રીતે આવ્યાં હતાં. આ થી પણ વધારે સંસ્થાઓ તરફથી કાગળો આવ્યા હતા. પણ ટુંકા વખતમાં તેઓ કોઇને મોકલી શકયા નહિ. આ પ્રમાણે ગુજરાત અને બીજા પણ કેટલાએક પ્રાંતોએ આ વર્ગનો લાભ ઉઠાવ્યો છે. કાગળપત્ર ઉપરથી જણાય છે કે ઘણી સંસ્થાઓ દ્વારા હવે બાલ શિક્ષણનું કામ ઉપાડવાનો વિચાર થાય છે ને તેમને તૈયાર શિક્ષકોની ખુબ જરૂર છે. સાનંદ નોંધવા જેવી વાત તો એ લાગે છે કે આમાંથી ઘણાં બરાં વિદ્યાર્થીઓ ને વિદ્યાર્થીનીઓ ગામડામાં અથવા શહેરોની ગરીબ વસ્તીનાં બાળકોમાં કામ કરવાની દૃષ્ટિએ આવ્યાં હતાં.

બોડીના અધ્યાપન મંદિરનો અભ્યાસક્રમ પણ એજ દૃષ્ટિએ રાખવામાં આવ્યો હતો.

બાલ શિક્ષણના અભ્યાસની સાથે ગામડાંની પરિસ્થિતિનો અભ્યાસ પણ કરવામાં આવ્યો હતો. તેમજ આર્થિક અને સામાજીક સ્થિતિ, રીત રિવાજો, ખાવું પીવું, રહેણી કરણી, અજ્ઞાન, વહેમો, ન્યાતજાતના પ્રશ્નો, લગ્ન વિગેરેના રિવાજો આ બધા તેમના શરૂઆતના અભ્યાસના વિષયો બન્યા હતા. ને તે અભ્યાસ પુસ્તકો દ્વારા નહિ પણ ગ્રામજનોના ઝુંપડાંમાં ફરીને તેમની સાથે બેસી ઉઠીને, પ્રત્યક્ષ પરિચય દ્વારા તેમણે કર્યો હતો. આ વિષયમાં તેમના અધ્યાપક શ્રી. રામનારાયણ ના. પાઠક હતા. એ શિવાય વર્ષોથી ગામડામાં રાષ્ટ્રીય પુનર્ઘટનાની દૃષ્ટિએ કાર્ય કરનારા અનુભવી કાર્ય કર્તાઓનાં – વ્યાખ્યાનો ગોઠવાયાં હતા. વેડછીના શ્રી. જુગતરામભાઇ દવે અને શ્રી. ચિમનભાઇ, થામણાના શ્રી બળવંતભાઇ મહેતા, કંકોડીના શ્રી દિવાનજીભાઇ, મઠી આશ્રમના બેન અન્નપૂર્ણાબેન, અને પૂજ્ય કાકાસાહેબ કાલેલકર વગેરેને ખાસ આમંત્રણથી બોલાવવામાં આવ્યાં હતા. તેમનાં વ્યાખ્યાનોનો અને પ્રશ્નોત્તરીનો સારો લાભ આ અધ્યાપન વર્ગને મળ્યો હતો. એ શિવાય કેટલાએક શિક્ષણરસિકો અને શિક્ષણ–તજ્ઞો કેન્દ્રમાં આવ્યા હતા. તેમનાં વ્યાખ્યાનોનો અમૂલ્ય લાભ પણ વર્ગને મળ્યો. હિંદુસ્તાની તાલીમીસંઘના મંત્રી શ્રી આશાદેવી આર્યનાયકમ્, શ્રી કસ્તુરબા સ્મારક નિધિના જનરલ ઓરગનાયઝર –શ્રી સુચેતાદેવી કૃપલાની, ન. બા. શિ. સંઘના પ્રમુખશ્રી સરલાદેવી સારાભાઇ, વડોદરા સ્ત્રીઓની ટ્રેનિંગ કોલેજના પ્રિન્સીપાલ અને – ન બા. શિ. સંઘના વ્યવસ્થાપક મંડળના એક સભ્ય શ્રી. ગંગુબાઇ પટવર્ધન, મુંબઇનાં ઇન્સપેકટ્રેસ શ્રી. સુલભાબાઇ પાણંદીકર, N. C. W. I. ના બુલેટીનના તંત્રી શ્રી. લીલાબાઇ કડકે, મુંબઇના ન્યુ ઇરા બાલમંદિરનાં મુખ્ય અધ્યાપિકા શ્રી. સરોજબેન વ્યાસ, પાદરાના શ્રી. દિનુભાઇ, શ્રી. નામલે શ્રી બમલેશ્વર, ગંભીરાના શ્રી. છગનભાઇ વગેરે અનેક સારા સારા કેળવણીકારોનો લાભ મેળવવા આ વર્ગ ભાગ્યશાળી થયો હતો.

આ ઉપરાંત આ વિદ્યાર્થીઓના આખા દિવસનો કાર્યક્રમ ગામડામાં જઇ કામ કરનારા કાર્યકર્તાને

અવશ્ય એવો રાખવામાં આવ્યો હતો. આખી સંસ્થાની સાફસુફી, બજાર, પોસ્ટ, રાંધવું, અનાજ સાફસુફી વગેરે બધાં કામો સ્વાવલંબનની દૃષ્ટિએ જાતે જ કરવાનું રાખવામાં આવ્યું હતું. એ તમામ વ્યવસ્થા વિદ્યાર્થીઓની આમસભામાં તેમના મતથી અને સ્વેચ્છાથી થતી. શ્રી. આશાદેવીને હસ્તે એ આમસભાની સ્થાપના થઇ ને આખર સુધી બહુજ સરળતાથી અને યોગ્ય રીતે બધાં વ્યવસ્થાનાં કામો થતાં હતાં. શિક્ષકો, અધ્યાપકો, અને વિદ્યાર્થીઓ વચ્ચે વસતિગૃહના જીવનમાં ખૂબ નિકટ સંબધ રહેતો. આ રીતે આ કેન્દ્રને એક આશ્રમ જીવનનું રૂપ આવ્યું હતું. મહાસાગરના નિકટ સહવાસમાં, ફુલફળની વાડીઓના આ નાના ગામના ગ્રામજનોની વસ્તીમાં આ અધ્યાપન વર્ગનું સવારમાં પાંચ વાગ્યાથી રાત્રે ૧૦ વાગ્યા સુધીનું કામકાજ અને અધ્યયનમાં જે વ્યવસ્થિત જીવન ચાલતું તે કોઇ પણ મેહમાનોને અસરકારક લાગતું હતુ. વિદ્યાર્થીઓને પોતાને પણ તેથી થોડા સમયમાં ઘણો વધારે લાભ લેવાની તક મળી તેથી ઘણો સંતોષ થયો હતો.

વ્યાખ્યાનો, પ્રાત્યક્ષિક પાઠો, અને જાત અનુભવ દ્વારા વિદ્યાર્થીઓને નાનાં બાળકોની બાલવાડી અથવા બાળક્રીડાંગણો ગામડામાં કેવી રીતે ચલાવવાં તેનું શિક્ષણ આપવામાં આવ્યું હતું. એક બાલવાડી સંસ્થામાં રાખવામાં આવી હતી. ત્યાં ગામમાંથી બાળકો આવે એવી ધારણા હતી. પણ આશા રાખી હતી તે પ્રમાણમાં ત્યાં બાળકોની સંખ્યા પૂરતી થઇ ન હતી. અમારી પાછળ ચમારનાં બે ઘરો છે ત્યાંથી ત્રણ બાળકો નિયમિત આવતાં અને સામે એક ખાટકીનું મુસલમાન કુટુંબ રહેતું ત્યાંથી ચાર પાંચ બાળકો, તેમજ અમારા શિક્ષકોના કુટુંબમાંથી બે ત્રણ બાળકો નિયમિત આવતાં. ગામમાંથી પણ ત્રણ ચાર બાળકો ગામમાં હોય ત્યારે નિયમિત આવતાં થયાં હતાં. પણ લગ્ન વગેરે કારણે એપ્રિલ મેમાં તેઓ ઘણો વખત બહાર ગામ જતાં આવતાં રહ્યાં. તે ઉપરાંત ઉનાળામાં હવા ખાવા આવેલાં કુટુંબોમાંથી ૬/૭ બાળકો નિયમિત આવતાં. એ શિવાય આજુબાજુનાં ૫/૬ બાળકો ફોડલાં થવાને કારણે માત્ર દવા મલમ કરાવી ચાલ્યાં જતાં. આ પ્રમાણે બાલવાડીમાં નિયમિત હાજરી ૧૨/૧૫ બાળકોની રહેતી. છતાં કામો પહેલેથી છેલ્લે સુધી સંપૂર્ણ રીતે લેવાતાં હતાં. નહાવા ધોવાથી માંડીને, ઓરડાનાં કામકાજો, સંગીત, વાર્તા, રમતો, નાસ્તો, આદર્શ પાઠો વગેરે બધું વ્યવસ્થિત રીતે ચાલતું હતું. શરૂઆતમાં જ અમારા બાલવાડીના કામને એક સખ્ત ધક્કો વાગ્યો હતો. અમારા અનુભવી અને ગ્રામ બાળકોના જીવન સાથે ઓતપ્રોત થએલા શિક્ષક ભાઇ ભગવતીપ્રસાદ શેલતની માંદગીને કારણે અને છેવટે તેમનું દુઃખદ નિધન થયું તેથી બાલવાડીનું કામ જરા અવ્યવસ્થિત થઇ ગયું હતું. જો કે અમારાં શિક્ષકા બહેન શ્રી અનસૂયાબેને તે સંભાળ્યું હતું. એકલે હાથે વસતિગૃહ, ને ત્રણ ત્રણ વાડીઓને પહોંચવાનો તેમનો પ્રયત્ન ઘણો જ સ્તુત્ય હતો. છતાં પ્રમાણમાં જરા ઓછું કામ થતું. પણ થોડા જ વખતમાં બીજા શિક્ષકોએ એ કામ ઉપાડી લઇ તેને વ્યવસ્થિત કરી દીધું હતું. એમાં વીસનગરથી આવેલા ભાઇ ઇશ્વરાચાર્ય તથા ખંભ તથી આવેલા શ્રી. રમેશભાઇ મહેતા એ આ કામ પોતાનું ગણી ખૂબજ મદદ કરી. મુંબઇના શ્રી. ઠક્કરભાઇ પરીખે બે અઠવાડીયા સુધી શ્રી. શેલતનું કામ સંભાળ્યું; પણ ત્યાર પછી તેમની દીકરીને હડકાયું કૂતરું કરડ્યું તેથી તેમને બોડીં છોડવું પડયું ને તેમની જગ્યા શ્રી. શારદાબેન ગદ્રે (B. A. મોંટીસોરી, અને શિશુવિહાર ડિપ્લોમાવાળા)એ બાલવાડીનું કામ ઘણી જ સફળતાથી સંભાળ્યું. એ ઉપરાંત શ્રી. સદાશિવ આત્મારામ કેળકર B. A. L. L B. શિશુવિહારડિપ્ એમણે માનસશાસ્ત્ર ઉપરનાં વ્યાખ્યાનો આપવામાં અને બીજાં કામોમાં સારી મદદ કરી. શ્રી. ઇશ્વરાચાર્ય, શ્રી. રમેશભાઇ અને શ્રી કેળકરે નિર્વેતન આ કામ કર્યું, તેથી સંસ્થા તેમની આભારી છે. તેઓ જેમ સંસ્થાને પોતાની ગણે છે તેમ સંસ્થા પણ તેમને પોતાના જ ગણે છે.

આ ઉપરાંત સાંજે બે બીજી બાલવાડીઓ ચાલતી. એક દુબળાઓની વસ્તીમાં હળપતિનિવાસમાં ગયા નવેંબરથીજ ચાલતી હતી; ને બીજી માંગલવાડામાં કોળીઓની વસ્તી છે ત્યાં નવી શરૂ કરી હતી. એ શિવાય ગામમાં એક મારતરને બેટલે ત્રીજી વાડી પણ ચાલુ કરી હતી. પણ ત્રણ જગ્યાએ પહોંચાતું ન હતું. એટલે તે બંધ કરી હતી. આ બાલવાડીઓમાં પણ વિદ્યાર્થીઓ વારાફરતી કામનો અનુભવ મેળવવા જતા. આ બાલવાડીઓની વિશેષતા એ હતી કે શકય તેટલો ઓછો સામાન વપરાતો અને બાળકોના ઘર આંગણેજ પ્રવૃત્તિઓ ચાલતી. એટલે બાળકોનાં માબાપોને ખાસ કરી

બહેનોને જોવા જાણવા મળતું. માંગલવાડાની બહેનો તો દરેક કામમાં રસ લેતી અને ઠેઠ સુધી જોવા બેસતી. એમની સાથે તે વસ્તીનાં મોટાં બાળકો, ખાસ કરી નિશાળે ન જનારી મોટી બહેનોને, આ પ્રવૃત્તિઓનો લાભ મળતો. હવે વરસાદની રજા પછી ત્યાં આ મોટાં નિશાળે ન જનારાઓને માટે અક્ષરજ્ઞાન અને કાંતણ વગેરે પ્રવૃત્તિ પણ રાખવા ધાર્યું છે. બાળકોના ફોડલા, આંખ વાળ વગેરેની જે દવા દારૂ ને સ્વચ્છતા રોજે રોજ થતી તેના તરફ માબાપોનું ધ્યાન પણ સારી રીતે ખેંચાતું હતું. પહેલાં દવાપાણી અને અક્ષરજ્ઞાનનું કામ N. C. W. I. તરફથી શ્રી. સીતાબાઇ માંડ- ગાંવકર જાતે કરતાં હતાં. તેમની અક્ષરજ્ઞાનની શાળાઓ જુદી જુદી વાડીઓમાં ચાલતી. પણ શ્રી સીતાબેનની તબિયત બગડવાને કારણે તેમને આ કામ છોડીને જવું પડયું. તેથી આ કામો હવે બાલવાડીના શિક્ષકો મારફત જ કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. માબાપોનો સહકાર અને સહાનુભૂતિ મેળવી તેમની પાસે અધિક નિકટ જવામાં દવાની મદદ અને અક્ષરજ્ઞાન અને ઉદ્યોગની શાળા જેવું એકે બીજું સાધન નથી. તેમજ તેમની વસ્તીમાંજ બાલવાડીઓ ચાલવી જોઇએ એમ અનુભવ ઉપરથી લાગ્યું છે. આ બન્ને બાલવાડીઓ આવતે વર્ષે ખૂબ સરસ બીલશે એવી બાત્રી અમને લાગે છે. કેમકે લોકોનો સહકાર બહુ જ સારો છે. આ રીતે આસપાસ બાઇલ દોઢ માઇલના અંતરમાં આવી પાંચ દસ બાલવાડીઓ થઇ શકશે ને તેમ કરવાની જરૂર છે એમ પણ અમને લાગ્યું છે. અધ્યાપન મંદિરની દૃષ્ટિએ એ ઉપયોગી છે, કારણ આવી નાની નાની બાલવાડીઓ પોતે ચલાવવાનું મળવાથી વિદ્યાર્થીઓને ઘણો અનુભવ અને પ્રત્યક્ષ પાઠ મળે છે.

આ શિવાય બાલસાહિત્ય, બાળરંજનની દૃષ્ટિએ નાટકો, જલસા, બાલપ્રવાસો અને હસ્તલિખિત માસિક અને દૈનિક સમાચાર જેવી અનેક પ્રવૃત્તિઓ અને કાર્યક્રમો રાખવામાં આવતા. આ બધા જ કાર્યક્રમો ઘણા રસિક અને આનંદ ઉપજાવનારા રહેતા હતા. પણ તેમાં હસ્તલિખિત માસિકની પ્રવૃત્તિ વિશેષ નોંધ કરવા જેવી હતી. તેનું કારણ એ પ્રવૃત્તિમાં કેટલાંએક વિદ્યાર્થી વિદ્યાર્થિનીઓ ખૂબ જ ઓતપ્રોત થઇ ગયાં હતાં. તેમાં શ્રી સીતારામ ઠાકોરનું નામ ખાસ નોંધવા- જેવું લાગે છે. તેમને આ એક જ કામની ધૂન લાગી હતી. તેથી તેને અંતર્બાહ્ય ખૂબ સુંદર બનાવવું, સારા સારા નામવંત લેખકોનાં લેખો, મુલાકાતો, સંદેશો મેળવવાં અને તે પોતાના હસ્તાક્ષરથી સુંદર રીતે આલેખિત કરવા ને યોગ્ય ચિત્રો ને સુશોભનથી તેને સુશોભિત કરવાં વગેરે પાછળ તેમણે અથાગ મહેનત લીધી હતી. એટલું જ નહિ પણ દર વખતના અંકનું ઉદ્ઘાટન અવનવા ઉત્સવની રૂપમાં કરવાની તેમની કલ્પના ને તે પ્રસંગના કાર્યક્રમો ઘણાં જ કલામય અને ભાવનાભર્યા રહેતાં હતાં. આ રીતે શોભા અને ગંભીર ઉંડા વિચારોનું સુંદર મીલન આ હસ્તલિખિત માસિકમાં જોવામાં આવતું. એનું નામ 'પંચામૃત' રાખવામાં આવ્યું હતું. કારણ અમારે ત્યાં પાંચ પ્રાંતના અને ભિન્ન ભાષાના વિદ્યાર્થી ભેગાં થયાં હતાં. દૈનિક સમાચાર છેલ્લે છેલ્લે જ શરૂ થયું હતું છતાં તેણે પણ વિદ્યાર્થીના હૃદયમાં સ્થાન મેળવી લીધું હતું.

ગ્રામસેવા કાર્યની દૃષ્ટિ વિશાળ થાય એ હેતુથી એક પ્રવાસ ગોઠવવામાં આવ્યો હતો. હાલની ટ્રેનોની ને બીજી હાડમારી છતાં પ્રવાસ ઘણો જ સુખકર અને લાભદાયી નીવડયો. તેનું મુખ્ય કારણ જે જે સંસ્થાઓ જોવા ગયાં, ત્યાંથી ખૂબજ સહકાર અને સહાય મળ્યું. જોવા જાણવાનું તો ઘણું ઘણું મળ્યું. એકંદરે આઠ દિવસને અંતે ગામડામાં બાલશિક્ષણ કેવી રીતે વધી શકે તે સંબંધના અનુભવમાં ઘણા સમૃદ્ધ બનીને વિદ્યાર્થીઓ પાછા ફર્યા. પ્રવાસમાં વિદ્યાર્થીઓએ ખડતલપણું પણ ખૂબ બતાવ્યું. એકબીજાનું તથા વિદ્યાર્થીઓ અને અધ્યાપક વર્ગનું વિશેષ સંઘઠ્ઠન પણ થયું. એ રીતે આ પ્રવાસ અનેક પ્રકારે લાભકારક થયો.

બોડીથી સૂરત જઇ ત્યાં- કતારગામનું બુનિયાદી તાલીમનું અધ્યાપનમંદિર જોયું અને સૂરતના બાલ- મંદિરો જોયાં. ત્યાંથી મઢી આશ્રમમાં ગયાં. ત્યાં શ્રી. અન્નપૂર્ણાબેન અને તેમના કામનો પરિચય બધાંને બહુજ સ્ફૂર્તિદાયી લાગ્યો. મઢીથી વેડછી એ દિવસ શ્રી. જુગેતરામભાઇ દવે, તેમના કાર્યકર્તાઓ અને વિદ્યાર્થી- ઓના સમાગમમાં ગાળ્યા. ત્યાં બેડાના કાર્યકર્તાઓ અને વિદ્યાર્થીઓ પણ આવ્યા હતા. એટલે ત્યાંના બે દિવસ એક પ્રકારના શિક્ષણસંમેલનમાં જ પસાર થયાનો ભાસ થયો. ગામડાની પછાત કોમોમાં કેટલું સંગીન કામ થઇ શકે છે, તે માટે કેવા કાર્યકર્તાઓ જોઇએ,

તેમનું જીવન, તેમની રહેણીકરણી ને લાગણીઓ કેવી જોઇએ, વગેરે અનેક વાતોનું પ્રત્યક્ષ દર્શન ત્યાં મળ્યું. વેડછીથી બારડોલીનો પ્રવાસ – થોડાં ચાલતાં, થોડાં ગાડામાં, એમ આનંદદાયક રીતે થયો. બારડોલી આશ્રમ એટલે આપણા સ્વરાજ્યનો એક મોટો કિલ્લો હોય તેમજ લાગ્યું. ત્યાં વ્યાયામ વર્ગ ચાલતો હતો તેની મુલાકાતનો પણ સાથે સાથે લાભ મળ્યો. છેલ્લે ગામડાનાં બાલ-શિક્ષણની દૃષ્ટિએ બહુજ મહત્વનું સ્થળ તે હજીરાની મુલાકાત હતી. તાપી નદીમાં હોડીનો પ્રવાસ નવો અને ગમે એવો જ હતો. ત્યાંના કાર્યકર્તાઓનો નવો ઉત્સાહ અને નિષ્ઠા ને તેને પરિણામે ટુંક વખતમાં કેટલું ઉભું કરી શકાય તે જોવા મળ્યું. બે જુવાન કાર્યકર્તા એક વર્ષ પહેલાંજ મુંબઇ શિશુવિહારમાંથી તાલીમ પામીને નીકળેલા છે. તેમણે હજીરા જેવા એક ખુણામાં પડેલા કોળીઓના ગામમાં ગામડાને યોગ્ય એવી બાલવાડી ખીલવવામાં સાચી દૃષ્ટિ, મહેનત, અને મૌલિકતા બતાવી છે તે જોઇ આશ્ચર્ય સાથે આનંદ ઉપજતો હતો. તેમણે ગામ લોકોનો જે સહકાર અને આદર મેળવ્યા છે તે તો ખરેખર અજબ લાગતા હતા. આ પ્રમાણે આ પ્રવાસ અમારા વિદ્યાર્થીઓના શિક્ષણને ઓપ અને સ્ફૂર્તિ આપનાર થયો.

છેલ્લે પૂ. કાકાસાહેબ કાલેલકરને હાથે વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો આપવાનો સમારંભ થવાનો હતો. પણ પૂજ્ય કાકાસાહેબ બીજા કારણોસર ૮/૧૦ દિવસ વહેલાંજ આવી ગયા. તેથી પ્રમાણપત્રો આચાર્યશ્રી બિસેજીને હસ્તે આપવાનું નક્કી કર્યું હતું. પણ આખરે તેમનો પણ લાભ ન મળી શકયો કારણ આગલેજ દિવસે તેમને નાનો એવો મોટર અકસ્માત થવાથી તેઓ આવી શકયા નહિ. પણ તેમની સંસ્થાના મુખ્ય અધ્યાપક શ્રી. સાવેજીએ એ કામ ઉત્તમ રીતે પાર પાડ્યું.

છેલ્લા અઠવાડિયામાં વિદ્યાર્થીઓએ શીખવાએલી વાતો કેટલી ગ્રહણ કરી છે તે તપાસવાની દૃષ્ટિએ પ્રાત્યક્ષિક અને લેખી પરીક્ષા જેવું પણ રાખ્યું હતું. તેમાં બિહાર યુ. પી. ની ટુકડીએ એકંદરે બહુજ સારૂં કામ કર્યાનું જોવામાં આવ્યું. બોડીનું કામકાજ પતાવી ગ્રામજનતા, ગ્રામબાળકો અને ત્યાંનો સાગરનો સુંદર સહવાસ વગેરે બધાંની યોગ્ય રીતે વિદાય લઇ આખો વર્ગ તા. ૧૩ મીએ મુંબઇ આવ્યો. મુંબઇની શાળાઓ, બંદર, બાગ બગીચા વગેરે જોઇ તા. ૧૫ જુને અહીથી વર્ગને વિદાય આપવામાં આવી. છુટાં પડતી વખતે આટલા ટુંકા વખતમાં પણ વિદ્યાર્થી અને અધ્યાપકોના એક બીજાની સાથે કેટલો નિકટનો પ્રેમસંબંધ થઇ ગયો હતો તેનો ખ્યાલ આવ્યો.

આ વિદ્યાર્થીઓને બોડીમાં ચાલુ પરિસ્થિતિને અંગે રેશનિંગ દૂધ ઘી વગેરે બાબતમાં ઘણીજ મુશ્કેલીઓ ભોગવવી પડી હતી. તેમજ નવી સંસ્થા હોવાથી બીજી પણ અનેક અગવડો હતી. અનેક અગવડો છતાં તે બધું ભૂલીને તેઓએ પ્રેમનાં મીઠાં સ્મરણો જ યાદ રાખ્યાં ને તેજ સાથે લઇ ગયાં એટલી તેમની ભલમનસાઇ ગણાય.

અમારા આખા વર્ગને ઉતારો કરવા માટે માટુંગાના પોદાર કૉમર્સ કૉલેજના પ્રિન્સીપાલે અમને એક ઓરડો આપ્યો તેથી અમારી ઘણીજ સગવડ થઇ હતી. તે માટે તેમનો ઉપકાર માનીએ છીએ.

આ પ્રમાણે બોડી ગ્રામબાલશિક્ષણ કેન્દ્રનો પહેલો ટુંકો અભ્યાસવર્ગ સારી રીતે યશસ્વી થયો એ જણાવતાં અમને આનંદ થાય છે.

**તા. બોડક.**
મુખ્ય અધ્યાપિકા,
બોડી ગ્રામબાલશિક્ષા કેન્દ્ર.

## બાળકો અને અસત્ય

નાનાં બાળકો એટલાં બધાં નિર્દોષ હોય છે કે સાચી વસ્તુ છુપાવી શકાય અથવા તેને છુપાવવાની આવશ્યકતા છે એની તેને કલ્પના પણ નથી હોતી. પોતાની ઇન્દ્રિયોદ્વારા જ્ઞાન ગ્રહણ કરવાની ક્રિયા તેઓ અખંડ ચલાવે છે. જે વસ્તુ સાથે તેમનો સંબંધ આવે તે વસ્તુનું સ્વરૂપ સમજી લેવા માટે તેઓ હમેશા તત્પર રહે છે, અને જે વસ્તુનું જે સ્વરૂપ દેખાય તે વસ્તુ તેજ સ્વરૂપમાં બીજાઓ આગળ રજુ કરવી જોઇએ એવી

એમની વિચારધારા હોય છે. એમના જીવનમાં એવી પરિસ્થિતિ હજી પેદા નથી થઇ. હોતી કે જેથી કરીને વસ્તુ છે તેનાથી ભિન્ન સ્વરૂપમાં બીજી આગળ રજુ કરવાની કળાનો આશ્રય તેમને લેવો પડે. ગ્રહણ (Impressoin) અને પ્રકટીકરણ (Expression) એ એ માનસિક ક્રિયાઓ દ્વારા તેઓ પોતાનો વિકાસ સાધતાં હોય છે. એમાં અસત્યની જટિલતા આવે તો એમનો વિકાસ કુંઠિત થાય. વસ્તુનું વાસ્તવિક સ્વરૂપ સમજી લેવું એ જ્ઞાન પ્રાપ્તિનું એક મહત્વનું અંગ છે અને તેથીજ "वस्तुनि अवस्त्वारोपः अज्ञानम्" એવી અજ્ઞાનની વ્યાખ્યા આપણા તત્ત્વજ્ઞોએ આપી છે. દોરીને સાપ કહી ડરવું એ અજ્ઞાન છે. એવી જાતનું અજ્ઞાન બાળકોમાં પણ દેખાય છે અને આ અજ્ઞાન દૂર કરવા માટે તેઓ પોતાનાથી વધારે અનુભવી એવાં વડીલોની મદદ માંગે છે. જે વસ્તુનું એમને જ્ઞાન નથી, અથવા જે વસ્તુને વિષે એમને અધૂરૂં અથવા ભૂલભરેલું જ્ઞાન (?) છે, તે બાબતમાં તેઓ પોતાના વડીલ વર્ગની મદદ લઇ પોતાનું અજ્ઞાન દૂર કરવા મથે છે.

પણ આ બધી ક્રિયામાં કયાંય છુપાવવાની, જુઠાણાંનો આશ્રયની વાત નથી આવતી. બાળકોનો વિકાસ એમના સ્વાભાવિક ક્રમ પ્રમાણેજ થવા દઇએ તો એમના જીવનમાં અસત્યનો પ્રવેશ જ થવા નહીં પામે. કારણ કે સત્ય એ કુદરતનો કાનૂન છે અને કુદરતી વિકાસમાં અસત્યને બિલકુલ સ્થાન નથી.

તો પછી બાળકોના જીવનમાં અસત્યનો પ્રવેશ કયારે અને કેવી રીતે થાય છે? કોઇ રસ્તે જનાર માણસ પણ કહી દેશે કે બાળકોને અસત્ય શીખવનાર આપણે વડીલો જ હોઇએ છીએ. વડીલો વિષે બાળકોના મનમાં શ્રદ્ધા હોય છે, કારણ કે બાલવિકાસમાં સજાતીયોનું અનુકરણ કરવાની ક્રિયાને મહત્ત્વનું સ્થાન છે. બાળક ભાષા શીખે છે તે પણ નિરીક્ષણ પછીના અનુકરણ વડે. બાળક ચાલતાં, બેસતાં, ઉઠતાં, ખાતાં, પીતાં બધું શીખે છે તે અનુકરણથી જ. તેથીજ બાળકોની ચાલવા બોલવાની કે ઉઠવા બેસવાની ઢબમાં તેના માતાપિતાની પ્રતિકૃતિ આપણે હમેશા જોઇએ છીએ. આ અનુકરણની ક્રિયામાંથી જ દોષોનું અનુકરણ પણ થાય છે. અને આપણા સામાજીક તેમજ વૈયાકિતક દોષોમાં અસત્ય પ્રમુખસ્થાને બિરાજે છે. વ્યવહારમાં અસત્ય વિના ચાલે જ નહીં એ આપણું જીવનસૂત્ર છે અને તેથીજ વ્યવહારની તાલીમ આપવામાં અસત્યના પાઠો વ્યવસ્થિત રીતે આપવાનો પ્રયત્ન થાય છે. બાળકને અંગે જે અસત્યની તાલીમ લેવી પડે છે તે તો મોટી ઉમરે બાળકને અપાય છે, પણ સાવ નાની ઉમરમાંજ, એકથી દોઢ વર્ષનું બાળક થાય છે ત્યારે પણ, આપણે બેદરકારીને લીધે અને અજ્ઞાનને લીધે બાળકને જાણ્યે અજાણ્યે અસત્યના પાઠ આપીએ છીએ.

વાતવાતમાં આપણે અસત્ય બોલીએ છીએ. બાળકની નજરની સામે કોઇ ઘટના બને છે અને બીજી જ ક્ષણે તે ઘટના વિપરીત રીતે વડીલો તરફથી બીજા આગળ રજુ થયેલી બાળક દેખે છે. કોઇનો ટેલીફોન આવ્યો હોય, પિતાજી ઘરમાં બેઠા હોય, તોપણ પિતાજી નોકરને કહે છે કે પોતે ઘરમાં નથી એમ સામા માણસને ટેલીફોનમાં કહે. બિચારૂં બાળક! એની સરળ બુદ્ધિને આનો અર્થ સમજાતો નથી અને પિતાના મોઢા તરફ તે આશ્ચર્યથી જોઇ રહે છે! માબાપ સિનેમા જોવા નિકળ્યાં હોય ત્યારે સિનેમાનું નામ ન લેતાં બીજું જ કાંઇ બહાનું બાળકને બતાવે છે અને સિનેમા જોઇ આવ્યા પછી તેજ બાળકની હાજરીમાં સિનેમાની વાર્તા વિષે અથવા તેના ગુણદોષ વિષે ચર્ચા કરે છે. બાળક સમજી શકતું નથી કે આ વિચિત્રતાનો અર્થ શો? આવી જાતના અસત્યના પ્રસંગો દિવસમાં અનેકવાર તેને જોવાના મળે છે અને પોતાના વડીલો તરફની સ્વાભાવિક શ્રદ્ધા અને તેમનું અનુકરણ કરવાની સ્વાભાવિક વૃત્તિ એ બન્નેને લીધે, બાળક પણ અસત્ય બોલતું થાય છે શરૂઆતમાં આ અસત્ય માત્ર અનુકરણાત્મક જ હોય છે, પણ આગળ જતાં અસત્ય બોલવાથી ફાયદો છે એવો અનુભવ મળવાથી તેઓ અસત્યને ચાહતાં થાય છે. અને અન્તે અસત્ય એમના જીવનનું એક અંગ બની જાય છે.

એમાં આશ્ચર્યની વાત એ છે કે માબાપ માત્ર બેદરકારીથી જ બાળકો ઉપર અસત્યના સંસ્કાર પાડે છે એમ નથી, પણ સત્યવાદી બાળકોને પણ અસત્ય બોલવાની ફરજ માબાપ પાડે છે. બાળકને ગમતી ચીજ કરવામાંથી તેને રોકવાની વૃત્તિ બધાંજ માબાપોમાં દેખાય છે. એ વૃત્તિનો વિરોધ કરવાની શકિત બાળકમાં નથી હોતી. તેથી બાળક અસત્યનો આશ્રય લઇ માબાપના રોષમાંથી બચવા મથે છે અને પોતાની મનગમતી પ્રવૃત્તિ પણ ચાલુ રાખે છે. ઘરમાં કોઇ ખાવાની ચીજ બનાવીને કબાટમાં રાખી હોય છે, બે

અઢી વર્ષનું બાળક સહજ આકર્ષણથી તે ચીજ ખાય છે. તે વખતે ત્યાં કોઇ હોતું નથી. પછી માના ધ્યાનમાં વાત આવી જાય છે. મા પૂછપરછ કરે છે. નિર્દોષ બાળક પોતે ચીજ ખાધી છે એ કબૂલ કરે છે. તે વખતે માનો હિટલર જાગૃત થાય છે. પોતાની રજા વગર બાળક ચીજ ખાય એટલે શું? અને વળી તેની તંદુરસ્તી બગડે તો? મા બાળકને વઢે છે, પોતાની નાપસંદગી દર્શાવે છે, અને કદી કદી કઠોરતાથી એ કુમળા બાળકને મારી પણ બેસે છે. આવા પ્રસંગો વારંવાર બને છે ત્યારે બાળકના મનમાં ઝગડો જાગે છે. પોતાના સ્વાભાવિક આકર્ષણની પરિપૂર્તિ અને તે આકર્ષણની પરિપૂર્તિ કરવા જતાં માબાપ પાસેથી મળતી સજા, એ બન્નેનો સંઘર્ષ ઉભો થાય છે. એમાં બાળસહજ પ્રકૃતિને લીધે આકર્ષણ બળવાન બને છે અને બાળક સજામાંથી બચવા ખાતર અસત્યનો આશ્રય લે છે. જુઠું બોલવાથી પોતે સજામાંથી બચે છે એવો અનુભવ એકવાર થયા પછી અને જુઠું બોલવું એ જીવનવિકાસને માટે નુકશાનકારક છે એ નૈતિક તત્ત્વનું આકલન કરવાની સમજણ શકિત હજી વિકસેલી નહીં હોવાથી, બાળક જુઠું બોલતાં શીખે છે. શરૂઆતમાં આ જુઠાણું મર્યાદિત હોય છે. પણ આગળ જતાં ગમ્મતની ખાતર બીજાને છેતરવા માટે, પોતાની પ્રતિષ્ઠા વધારવા ખાતર ઘણું જુઠું બોલી શકાય–બોલવું જોઇએ, એ ખ્યાલ જાગે છે. આઠ વર્ષના બાબાની હાજરીમાં ૩૨૦) રૂપીયે ખરીદેલા કબાટની કિંમત ૫૦૦) રૂપીયા કહી પોતાની શ્રીમંતાઇની પ્રતિષ્ઠા વધારવા ઇચ્છનાર માબાપ બાળકને અસત્યના ભયાનક પાઠ શીખવે છે.

બાળકને અસત્યનું શિક્ષણ આપનાર માત્ર માબાપ જ હોય છે એમ નથી. શાળામાં જતાં બાળકોને શિક્ષકો પણ અસત્યની તાલીમ આપે છે. ઇનસ્પેકટરને સારું પરિણામ દેખાડવા માટે વિદ્યાર્થીઓને અગાઉથી પ્રશ્ન કહી દેનાર શિક્ષકો, પરીક્ષા ચાલતી હોય ત્યારે વિદ્યાર્થીઓને જવાબ કહી દેનાર શિક્ષકો, બોટા ડોકટરી સર્ટિફિકેટો કરાવનાર શિક્ષકો, પોતાનું ટયુશન છે તેથી બાળકોને પરીક્ષામાં પાસ કરાવનાર શિક્ષકો બાળકોને અસત્યની વ્યવસ્થિત તાલીમ આપે છે. વળી શાળાના દોસ્તારો, અને શેરીનો સમોવડીયા પણ પોતાની રીતે અસત્યની તાલીમ આપતા હોય છે. અસત્યથી વણેલી આ જાળમાં સપડાયેલાં બાળકોનું જીવન અસત્યથી ભરપૂર બને એમાં શી નવાઇ?

અહીં કેટલાક લોકો એમ કહેશે કે કેટલીએક વસ્તુઓમાં બાળકોની બોટી જીજ્ઞાસાને શાંત કરવા માટે તેમની આગળ અસત્ય બોલવું જ પડે છે, અલબે અસત્ય બોલવું એ આપણો ધર્મ થાય છે. જેમ કે બાળકોના જન્મ વિષે અસત્ય બોલ્યા વગર ચાલે એમ જ નથી એમ માબાપ કહેશે. અઢી વર્ષની બેબીને નાનો ભાઇ આવ્યો. ગઇ કાલે ન હતો તે બાળક આજે કયાંથી આવ્યો? એવી જીજ્ઞાસા રહેજે પેદા થાય છે અને તે બાબતમાં બાળક માને સવાલ પણ પૂછે છે. બાળકનો જન્મ લૈંગિક જીવન સાથે સંબંધ રાખવાવાળી વસ્તુ હોઇ તેનું રહસ્ય બાળકો આગળ પ્રગટ ન થઇ શકે એમ માબાપ માને છે અને તેથી બાળકને ભિખારી પાસેથી ખરીદી લીધું છે, અથવા તો ભગવાને રાતમાં લાવીને આપી દીધું છે, એવી વાતોથી બાળકોને સમજાવવાની કોશીશ થાય છે. આથી બાળકોને સંતોષ થતો જ નથી, ઉલટું એમની જીજ્ઞાસામાં મુંઝવણ ભળી જાય છે અને તે જીજ્ઞાસાની પરિતૃપ્તિ માટે બાળક વલખાં મારે છે. આવી બાબતમાં બાળકોને સત્ય વસ્તુ સમજાવવી અયોગ્ય છે કે નહીં એ પ્રશ્ન બાજુએ મૂકીએ તો પણ, તે વસ્તુ તેઓ સમજી જ નહીં શકે એ વાત ચોકકસ છે. તેથી આવે વખતે તે વસ્તુ તેમની કક્ષાની બહારની છે, તેઓ હમણાં તે નહીં સમજી શકે, એ વાત તેમના ઉપર ઠસાવવાથી બાળકો સંતોષ પામે છે. બાળકોને પોતાની શકિતની મર્યાદાનો પૂરતો ખ્યાલ હંમેશા હોય છે. પોતે જેમ ઉંચે મૂકેલી વસ્તુને પહોંચી શકતાં નથી, તેમજ પોતે ઘણા માનસિક પ્રશ્નોને પહોંચી નથી શકતાં એનું ભાન બાળકોને હોય છે. તેથી આ પ્રશ્ન તારી શકિતની બહારનો છે એ વાતનું ભાન બાળકને કરાવી શકાય.

આમાં એક વાત ધ્યાનમાં રાખવી જોઇએ કે અસત્ય કદી પણ ન બોલાય એ વાત જેટલી સાચી છે તેટલીજ સાચી વાત એ પણ છે કે સત્ય હંમેશા પ્રગટ ન જ કરાય. અસત્ય ન બોલવાની ફરજ માણસ પર છે. પણ સત્ય હોય તે બોલવું જ જોઇએ એમ નથી. કશું પણ ન બોલવું એ પણ એક રસ્તો છે અને તે ઘણીવાર હિતકારક હોય છે. ઘણીવાર સત્ય બોલવાથી

અનિચ્છનીય પરિણામ આવે છે. કોઇ બાળકમાં વિશિષ્ટ દોષ કે કમજોરી હોય અને આપણે તે જાણતાં હોઇએ તો ઘણીવાર "તારામાં એ દોષ છે" એમ કહેવું માનસ-શાસ્ત્રની દૃષ્ટિએ અનિષ્ટ પણ હોય. આવે વખતે દોષ-દર્શન ન કરાવતાં દોષ દૂર કેવી રીતે થાય એની ઉપાયયોજના એ શિક્ષકનો ધર્મ થઇ જાય છે. તેથીજ "सत्यं ब्रूयात् प्रियं ब्रयात् न ब्रूयात् सत्यम् अप्रियम्" એ નિયમ માણસના નૈતિક વર્તન માટે કહેલો છે. એક ગાયની પાછળ એક કસાઇ પડયો હોય, આપણને ગાય કઇ દિશામાં ગઇ એમ પૂછે, ત્યારે આપણને ખબર હોય છતાં ગાયની દિશા બતાવવામાં સત્ય વચન આવી જાય તો પણ, ગાયની હિંસા રહેલી છે તેથી ત્યાં સત્ય વચન અધર્મ થાય. વળી ગાયે ગઇ હોય તેથી ઉલટીજ દિશા બતાવીએ તો તેમાં અસત્ય આવે, માટે તે પણ અધર્મ થાય. એવી સ્થિતિમાં કશું પણ ન કહેવું અથવા કહેવાનો ઇનકાર કરવો એજ ધર્મ થઇ પડે છે. આ જે તત્વ સામાન્ય વ્યવહારમાં લાગુ પડે છે તેજ બાળકો સાથેના વ્યવહારમાં લાગુ પડે છે. લૌગિંક જેવા વિષયોમાં કે બાળકો સમજી નહીં શકે એવા વિષયોમાં સત્ય કે અસત્ય બન્ને ન કહેતાં, કહેવાનો ઇન્કાર કરવો અથવા એ વાત બાળકની કક્ષાની બહાર છે એમ બાળકને સમજાવવું, એ આપણો માબાપ કે શિક્ષક તરીકે ધર્મ થઇ જાય છે. આમાં બાળકની જીજ્ઞાસા અપરિતૃપ્ત નથી રહેતી, કારણ કે બાળકને પોતાની મર્યાદાનું ભાન હોવાથી યથાસમય આ બધું સમઝાશે એવો સંતોષ મેળવી બાળક પોતાની જીજ્ઞાસાને મુલતવી રાખી શકે છે..

બાળકો સાથે અંતઃકરણ નિખાલસતા રાખીએ તો બાળકના વિકાસમાં આપણે અમૂલ્ય ફાળો આપી શકીએ. આંટીઘૂંટીઓથી જટિલ એવા આપણા જીવનની વક્રતા બાળક સાથેના વ્યવહારમાં દેખા પણ નહીં દે એવી સંભાળ આપણે રાખવી ઘટે છે. બાળકો સત્યવાદી થાય એવું આપણે ઇચ્છતાં હોઇએ તો ઓછામાં ઓછું બાળકોની સાથેના વ્યવહારમાં તો આપણે સંપૂર્ણ સત્યનું જ પાલન કરવું જોઇએ.

ગો. રા. કુલકર્ણી

## સ્વ. ભગવતીપ્રસાદ શેલત

ફેબ્રુઆરી ૧૯૪૩ માં મલાડ મુકામે નૂતન બાલ-શિક્ષણ સંઘની મુંબઇ શાખા તરફથી યોજાયેલા બાલશિક્ષણ સંમેલને ગુજરાત મહારાષ્ટ્રની શિક્ષણપ્રેમી જનતાને સ્વ. ભગવતીપ્રસાદનો પ્રથમ પરિચય આપ્યો.

વર્ધા યોજનાના પ્રયોગો દેશભરમાં થઇ રહ્યા હતા. ઉદ્યોગને કેન્દ્રમાં રાખી શિક્ષણક્રમ યોજવા માટે વ્યવસ્થિત પ્રયાસો થઇ રહ્યા હતા. નૂતન બાલશિક્ષણ સંઘે પણ શ્રી. સરલાદેવી સારાભાઇની ઉદાર સખાવતોનો લાભ લઇ વેડછીમાં શ્રી. જુગતરામભાઇની દોરવણી હેઠળ એક પ્રયોગ શરૂ કર્યો હતો. પૂ. ગાંધીજીની દૃષ્ટિ અને શ્રી. જુગતભાઇરામનું સ્વતંત્ર વ્યક્તિત્વ એ બંનેના સુમેળે એ પ્રયોગને સફળ બનાવવામાં સારો ફાળો આપ્યો હતો. કાર્ય પૂરજોશથી ચાલી રહ્યું હતું. આ સંસ્થામાં ભાઇ શેલત પડ્યા હતા. તે ત્યાં જોડાયા એ તો ઇશ્વરી યોગજ ગણાય. પહેલાં એ મદ્રાસમાં પ્રાથમિક શાળાના મુખ્ય શિક્ષક હતા. શિક્ષણની રૂઢ પદ્ધતિમાં એ નિમગ્ન હતા. ડો. મોંટેસોરીએ તેમની આંખો પહેલવહેલી ઉઘાડી. તુરત બાલવિકાસનો ક્રમ, સ્વાતંત્ર્યની ભાવના ઇત્યાદિ વિષયો તેમના સ્વભાવમાં ઉતરી ગયા, અને બાળકોની સ્વાભાવિક વૃત્તિઓ ઉપર આપણે કેવો જુલમ ગુજારી રહ્યા છીએ તે તેમને સ્પષ્ટ સમજાયું. એમના 'પૂર્વાશ્રમ'ની વાત કરતાં એકવાર મને કહેલું: "બાળકોને શિક્ષા કરતી વખતે આપણે આપણી જાતને છેતરતાં હોઇએ છીએ. આપણી ભૂલ આપણે જોવી નથી હોતી માટે બાળકોને શિક્ષા કરી આપણે આપણા અહંભાવને સંતોષીએ છીએ. જો આપણે ન્યાય અન્યાયનું પાસું તપાસીએ તો મોટે ભાગે આપણેજ દોષિત હોઇએ છીએ.

મેડમ મોંટિસોરીના વર્ગમાં જોડાયા પહેલાં પણ કોઇ કોઇવાર આનો ખ્યાલ આવતો પણ એમનાં પુસ્તકોના અભ્યાસને પરિણામે એ ચોખ્ખું દીવા જેવું સમજાવા લાગ્યું. પછી તો બાળકો માટે એવી ભાવના જાગી કે તેઓ કુદરતી રીતે ખીલે નહીં ત્યાં સુધી ચેન જ ન પડે."

આ શેલતભાઇ આમ નવા વિચારોની અસરમાં આવ્યા પછી શ્રી. જુગતરામભાઇના સંપર્કમાં આવ્યા

અને એમના પ્રયોગના ભાગીદાર બન્યા. ત્યાં તો ૧૯૪૨ની લડત આવી અને શ્રી. જુગતરામભાઇને જેલમાં ઘસડી ગઇ. વેડછીની સંસ્થાને સરકારી તાળાં લાગ્યાં. ભાઇ શેલત ત્યાંથી છૂટા થયા, અને મલાડ સંમેલનમાં વેડછીના પ્રયોગને લગતા એમના વિશદ વ્યાખ્યાને એમને બાલ શિક્ષણ સંબંધી વિશાળ પ્રવૃત્તિઓ તરફ ખેંચ્યા.

વર્ધા યોજના સાત વર્ષ અને એથી ઉપરની વયના બાળકો માટે છે; તેથી નાની વયનાં બાળકો માટે એ યોજનાને અનુરૂપ એની પૂર્વભૂમિકા રૂપ કોઇ યોજના હોવી જોઇએ. હિંદુસ્તાનના સાત લાખ ગામડાંમાં શહેરી ઢબે ચાલતાં બાલમંદિરો ચલાવવાં સિદ્ધાંત દૃષ્ટિએ યોગ્ય હોય તો પણ આર્થિક દૃષ્ટિએ સાવ અશક્ય છે. ગ્રામ્ય પુનર્ઘટનાની દૃષ્ટિએ, બાલશિક્ષણના સિદ્ધાંતોને અનુરૂપ એવી બાલશિક્ષણની કોઇ યોજના તૈયાર થવી જોઇએ એમ ઘણાંને લાગ્યા કરતું હતું. એને માટે પ્રયોગ કરવા સંઘના સંચાલકો વિચારી રહ્યાં હતાં, અને બાલશિક્ષણના અનુભવી અને ગામડાંની દૃષ્ટિવાળા કાર્યકર્તાની શોધમાં હતાં. મલાડ સંમેલનના વ્યાખ્યાને શેલતભાઇમાં એવી લાયકાતનો સારો એવો ખ્યાલ આપ્યો અને સેવામંદિરનો પ્રયોગ શરૂ થયો.

મુંબઇમાં બેલાસિસ રોડ પર ભંગી લત્તામાં એક શાળા તો ભગિનીસમાજ નામની સંસ્થા ચલાવી રહી હતી; પણ તેમના સંચાલનમાં પ્રયોગ દૃષ્ટિ ન હતી. નૂતન બાલશિક્ષણ સંઘે શ્રી. તારાબેન મોડક દ્વારા એ પ્રયોગદૃષ્ટિ આપી.

બેલાસિસ રોડ ગામડું તો ન કહેવાય, પણ ગુજરાત કાઠીયાવાડ મહારાષ્ટ્રના ભંગીઓ ત્યાં આવી વસેલા છે. અંધારી તેમજ ગંદી ચાલીઓમાં રહે છે. કયાંક કયાંક ગ્રામ્ય સંસ્કૃતિના અંશો અજ્ઞાનતામાં દટાયેલા નજરે પડે. શહેરનાં દૂષણોને ભોગ પણ આ લોકો બનેલા છે છતાં તેમનાં બાળકો એ ગામડાનાં બાળકોને કાંઇક અંશે મળતાં આવે છે. એટલે મર્યાદિત સ્વરૂપમાં પ્રયોગ થઇ શકે એમ સંઘના સંચાલકોને જણાતાં ભગિની સમાજના સહકારથી પ્રયોગ શરૂ કર્યો. ભાઇ શેલતભાઇ આમાં મુખ્ય કાર્યકર બન્યા. ઉજળિયાત કોમના શિક્ષકો આ ગંદા વાતાવરણમાં કામ કરવા રાજી નથી હોતા પણ શેલતભાઇને સારે નશીબે સેવાભાવનાવાળાં એક બે ભાઇ બહેનો મળી આવ્યાં અને એમણે એમનું કાર્ય આગળ ધપાવ્યું. અંગસ્વચ્છતાથી એમણે શરૂઆત કરી, બાલમંદિરની સફાઇ, બાગાયત, કાંતણ, રસોઇકામ, માટીકામ, ચિત્રકામ, સંગીત અને છેલ્લે છેલ્લે અક્ષરજ્ઞાન તથા બાલશિક્ષણનાં સાધનોનો ઉપયોગ: એ બધી બાબતો તરફ ત્યાંનાં બાળકોને અભિમુખ કર્યાં.

તેમને ત્યાંના કામમાં પડેલ મુશીબતોનું વર્ણન ટૂંકાણમાં આપવું અશકય છે. પણ ગંદામાં ગંદા વાતાવરણમાં સ્વચ્છતા, સુઘડતા, સુંદરતા અને મનોવેધકતા આણવાના એમણે જે પ્રયાસો કર્યા એવા પ્રયાસોમાં સામાન્ય શિક્ષક હારી જ જાય, એવું કપરું એ કામ હતું. બાળકોનાં માબાપોને બાળકોની ગંદી ટેવો અકારી નહોતી લાગતી, તેમને એની સૂગ ન હતી, એમને સુઘડતાનું ભાન હોવાનો કે નિકટના ભવિષ્યમાં થવાનો સંભવ નહોતો, એટલા દલિત અને પતિત તેઓ હતા. સુંદરતાને એમના જીવન સાથે કોઇ રીતે મેળ બેસે તેવું લાગતું ન હતું; એમનાંજ બાળકોમાં સ્વચ્છતાની ટેવ પાડવી, સુઘડતાનો શોખ જન્માવવો, અને એજ બાળકોના અંતરમાં સૌંદર્યની ભાવના કુદરતે મૂકેલી છે એ એમની કલાકૃતિઓ દ્વારા પુરવાર કરવું એ ભગીરથ કાર્ય હતું; સામે પ્રવાહે જવા જેવું, સામે પંવને હોડી હાંકવા જેવું કાર્ય હતું; અને એમાં ઘણે અંશે શેલતભાઇ સફળ થયા એમ કહેવામાં જરાય અતિશયોકિત નથી. કોઇ કોઇ વાર એમને નિરાશા આવી જતી; પણ નિકટના મિત્રો સિવાય કોઇ પાસે એમણે એ વ્યકત કરી નથી; કારણ એ જાણતા હતા કે આપણા મનની નિરાશા આપણે વ્યકત કરીને આપણી આસપાસના વાતાવરણમાં નિરાશાનાં આંદોલનો ફેલાવીએ છીએ અને આપણી કાર્યસિદ્ધિને મહાકાલના અંધકારમાં દૂર ધકકેલી દઇએ છીએ.

આવા પ્રખર આશાવાદીને કાર્ય કરતાં જોવા એ એક લહાવો જ ગણવો જોઇએ. તેઓ વાર્તા કહે ત્યારે, ભજન ઉપાડે ત્યારે અથવા કોદાળી કે પાવડો લઇ બાગકામ કરતા હોય ત્યારે તેમની તન્મયતા અદ્‌ભુત; બાળકોને એ પ્રવૃત્તિમાં તરબોળ કરી દેવાની એમની શકિત પણ અજબ. પ્રાણવાન વ્યકિતત્વ વિના એ સંભવે જ નહીં.

એમની એક પ્રથાએ મારું બાસ ધ્યાન ખેંચ્યું. સામાન્ય રીતે બાલ મંદિરોમાં, ઇતર શાળાઓમાં હોય છે તેવો, હાજરી બોલાવવાનો રિવાજ નથી હોતો. શિક્ષકો પોતાની અનુકૂળતાએ હાજરી નોંધ

કરી લે. શેલતભાઇની હાજરી પૂરવાની રીત એમની પોતાની. બાળકો બપોરે બારેક વાગે ઘેરે ( પાસેની ચાલીઓમાં ) જાય તે એમનો હાજરી પૂરવાનો સમય. શેલતભાઇ બાળકનું નામ બોલે અને હાથ જોડી 'જે જે' કરે. બાળક પણ જવાબમાં 'જે જે' કરીને ઉઠે અને ઘર ભણી પલાયન થઇ જાય. સાંજે ફરી ઘેર જતી વખતે પણ એનું પુનરાવર્તન થાય. આમ બન્ને વખતની હાજરી નોંધાય. આ ક્રિયા એટલી બધી ભાવનાપૂર્વક થાય કે શિક્ષક અને બાળકો વધુ અને વધુ નિકટ આવતાં જાય, એમની વચ્ચે શિષ્ટાચારનો સંપર્ક સધાય, અને હળવે હળવે તે વિવેક કે વિનયમાં પરિણમે.

અમારું ઓળખાણ થયું તે અરસાનો એક પ્રસંગ બરાબર યાદ આવે છેઃ ૧૯૪૪ની મે મહિનાની રજાઓ દરમ્યાન હું દાદરના શિશુવિહારના મકાનની એક ઓરડીમાં રહેતો હતો. એક દિવસે બપોરે હું તદ્દન ફરનિચર વિનાની એ ઓરડીમાં શેતરંજી પર પડયો પડયો કાંઇક વાંચતો હતો. શ્રી. તારાબેનને મળવા આવેલ ભગવતીપ્રસાદ શેલત શિશુવિહારના પુસ્તકાલયમાંથી કોઇ એક પુસ્તક લેવા મારી પાસે આવ્યા. પ્રાસ્તાવિક વાતચીત થયા બાદ એ કહે "કોણ જાણે કેટલાયે દિવસો પછી આજે કાંઇક મોકળાશ અનુભવું છું. શહેરમાં બધું ભર્યું ભર્યું લાગે. કયાંય મોકળાશ નહીં. આરામથી લાંબા થવાનું સ્થાન જ ન મળે." તે વખતે તેઓ મિત્રો સાથે એક નાની કોટડીમાં રહેતા હતા.

મેં કહ્યું "ત્યારે અહિંજ લંબાવો."

અને ખરેખર એમને લાગ્યું કે એ સ્થાને લંબાવવું શિષ્ટાચારની વિરુદ્ધ ન હોતું. એટલે એ તો લાંબા થયા અને ઉમેર્યું.

"આ તો કાંઇક અપરિચિત સ્થાન છે. ઉમરેઠમાં અમારે ઘેર તો ઝબ્બો બબ્બો બધું કાઢી એક પોતિયાભેર લાંબા થઇએ ત્યારે જ નિરાંત વળે. એમાં જે મજા છે તે આ શિષ્ટાચારમાં ન આવે."

શહેરી શિષ્ટાચારના વાતાવરણમાં તો આ પછી તેઓ ત્રણ વર્ષ રહ્યા. જે સમાજમાં રહીએ તે સમાજના નિયમોને માન આપીને રહેવું જોઇએ એ તેઓ બહુ સારી પેઠે સમજતા હતા. પણ તેમનો આત્મા હમેશ મોકળાશ અને બંધનમુકિત માટે ઝંખી રહ્યો હતો, અને બાળકોને પણ સ્વતંત્ર રીતે વિહરવાની અને વિકાસ કરવાની તક એ શકય તેટલી આપ્યા કરતા.

અમદાવાદમાં મોંટેસરી કોર્સ ચાલતો હતો તે વખતે ત્યાંના પ્રાયોગિક બાલમંદિરમાં તેમની નિમણુંક થઇ હતી. તે વખતે હરિજન આશ્રમના તેમના મકાનમાં તેમને હું મળ્યો ત્યારે મને સ્વપ્નેય ખ્યાલ નહીં કે એ અમારો છેલ્લો મેળાપ હશે. એમને જોઇ મને એમ થતું હાશ ! ગુજરાતને સદ્‌ભાગ્યે નૂતન શિક્ષણના સિદ્ધાંતો જેના હૃદયમાં સોંસરવા ઉતરી ગયા હોય, સમગ્ર જીવનમાં વણાઇ ગયા હોય, એવો એક કાર્યકર્તા મળ્યો છે; એટલે બાલ શિક્ષણના ક્ષેત્રમાં નવી તેજી આવશે–પ્રાણ પૂરાશે. ખબર નહીં કે દિવડાની દિવેટ આટલી ટૂંકી હશે!

પાલણપુર. ચંદ્રકાન્ત ઉદ્દેશી.

## નૂતન-બાલ-શિક્ષણ સંઘ
## સામાન્ય સભા

નૂ બા. શિ. સંઘની મુલતવી રહેલી સામાન્ય સભા શનિવાર તા. ૩ ઓગસ્ટ ૧૯૪૬ ને રોજ સાંજે ૫ વાગ્યે મેથ્યુરોડ પર આવેલા ટી એન. માળવી (ભગિની સમાજ) બાળમંદિરમાં મળશે. બધા સામાન્ય સભ્યોને હાજર રહેવા વિનતી છે; સભામાં નીચેનું કામકાજ થશે.

(૧) મંડળનો વાર્ષિક અહવાલ મંજુર કરાવવો.

(૨) બંધારણીય ફેરફાર.

(અ) ફેબ્રુઆરી ૧૯૪૬ ના શિ. પ. ના અંકમાં સૂચવ્યા છે તે,

(આ) આજીવન સભ્યોનાં ક, બ, ગ, ઘ એવા વર્ગ છે તેને બદલે અનુક્રમે પ્રદાતા, દાતા, ઉપદાતા અને સામાન્ય એ ચાર નામ રાખવાં.

(૩) પ્રમુખની રજાથી સભામાં જે પ્રશ્ન આવે તે.

તારાબેન મોડક
સરોજબેન ચોધ
મંત્રી
નૂ. બા. શિ. સંઘ.

મુદ્રક–પ્રકાશક:–ગો. રા. કુલકર્ણી, ૧૧૭, હિંદુ કોલોની દાદર–મુંબઇ ૧૪, મુદ્રણ સ્થાન:–સ્ટેટ્સ પીપલ પ્રેસ, ૧૩૮, મેડોઝ સ્ટ્રીટ , ફોર્ટ, મુંબઇ.

# બાલજીવન

( નૂતન બાલશિક્ષણ સંઘ )

આદ્ય તંત્રી : સ્વ. શ્રી. ગિજુભાઇ બધેકા

તંત્રી : શ્રી. તારાબેન મોડક

સહ સંપાદકો : શ્રી. ગોપાળરાવ કુલકર્ણી, શ્રી. બંસીધરજી, શ્રી. રામભાઈ પાઠક


## "હું નહિ—તૂં જ"

નવા યુગની વિચારધારા સ્વીકારીને બાલપૂજનો આદર્શ સમાજ આગળ મૂકવા ઈચ્છતા સાધકોએ બાળકો વિષેનો પોતાનો પ્રેમ શુદ્ધતમ કરવો જોઇએ. આ શુધ્ધની સાધના એજ આ યુગનો યોગ છે. એજ ધર્મ–સાધના છે. પ્રેમની શુદ્ધિ માટે સૂક્ષ્મ વિચાર, સૂક્ષ્મ આત્મ-પરીક્ષણ અને નિખાલસ ત્યાગની આવશ્યકતા છે. તેથી દરેકે પોતાના દરેક વિચાર, ઉચ્ચાર અને આચાર પર પોતાનો અખંડ જાગૃત પહેરો મૂકવો જોઇએ.

બાલયુગનો એકજ ધ્યાનમંત્ર હોઇ શકે :

"હું નહિ—તૂંજ"

—તારાબેન મોડક.

# ❋ નવા યુગની આતાઓ ❋

આદર્શોનો સંઘર્ષ એ નવા યુગની ખાસીયત છે. ખાસ કરીને આપણા દેશમાં જ્યારે સામાજીક, રાજકીય અને ધાર્મિક એ ચારે જીવનક્ષેત્રોમાં જૂની પ્રથાને બદલે નવી પ્રથાઓ લાવવાનો પ્રયત્ન થાય છે, ત્યારે એ સંઘર્ષે ઘણું જ ઉગ્ર સ્વરૂપ લીધું છે. એ સ્વરૂપ વધારે ઉગ્ર હોવાનું બીજું કારણ વળી એ છે કે જૂની પ્રથાઓ અને જુના આદર્શો ત્યજીને તેની જગાએ નવી પ્રથાઓ અને નવા આદર્શો લાવવા જોઇએ એવી બૌદ્ધિક ઉત્કંઠા મનમાં હોવા છતાં, એ ક્રાન્તિને માટે જોઇતું સામાજીક વાતાવરણ અને માનસિક ભૂમિકા તૈયાર થઇ નથી. તેથી આજનો કાળ જૂનામાંથી નવામાં પ્રવેશ કરવા માટેનો સંક્રમણકાળ છે. સંક્રમણાવસ્થામાં અનેક પ્રકારની અનવસ્થા હમેશા પેદા થાયજ. તેવી અનવસ્થા આપણા સામાજીક જીવનમાં આજે પેદા થયેલી દેખાય છે. લગ્નની પ્રથા અને પસંદગી, કુટુંબ જીવનના આદર્શ, સમાજરચનાના નિયમો, બાળકોની કેળવણીની પદ્ધતિ વગેરે બધીજ બાબતોમાં આ સંક્રમણાવસ્થા છે. નવું લેવાની વૃત્તિ છે છતાં જુનું છોડાતું નથી એવી સ્થીતિ લગભગ બધાં ક્ષેત્રોમાં દેખાય છે. આ સ્થિતિ અપરિહાર્ય હોઇ એમાંથી પસાર થયેજ છુટકો છે. પુરાણ પ્રસિદ્ધ સમુદ્રમંથનમાંથી છેવટે અમૃત નિકળ્યું બરૂં, પણ તેના પહેલાં હળાહળ ઝેર નિકળ્યું હતું. તેવીજ રીતે આપણી જીવન–ક્રાન્તિ એક મહાન મન્થન છે. તેમાંથી સામાજીક સુસ્થિતિનું અમૃત છેવટે પેદા થવાનું છે એવી બાતરી હોવા છતાં એ મન્થનકાળમાં તેમાંથી અનેક પ્રકારનાં ઝેરો પણ પેદા થવાનાં એ આપણે સમજી લેવું ઘટે છે.

નવા જૂનાના આ સંઘર્ષોમાંનો એક મહત્વનો સંઘર્ષ આધુનિક માતાઓના જીવનમાં દેખાય છે. સામાજીક જીવનની રૂઢ કલ્પના પ્રમાણે સ્ત્રીનું સામ્રાજ્ય રસોડા પૂરતું. તેને બહારની દુનિયાનો કદી પણ વિચાર કરવાની જરૂર નથી. બહારની દુનિયાથી બને ત્યાં સુધી તેણે દૂર રહેવું, એટલે સુધી કે પોતાના ઘરની ચાર દિવાલોની અંદર અરે, તેમાંય તે બાસ ઝનાના માટે રાખેલા વિભાગમાં જ તેણે રહેવું, ભૂલેચૂકે પણ બહાર ન આવવું, એવી જાતની વ્યવસ્થા ઘણી જગાએ જોવામાં આવે છે; અને સ્ત્રિઓએ પણ એ બૂબ આનંદથી સ્વીકારી લીધી હોય એમ જણાય છે. પણ વિચારનો નવો યુગ શરૂ થયા પછી સ્ત્રીઓની દુનિયામાં પણ પરિવર્તનનાં મોજાં જઇ ચઢયા અને ઘરની ચાર દિવાલો અને શરીરને ઢાંકતો પડદો એ બન્નેને ચીરી નાખીને આપણી બહેનો હવે બહાર આવી છે. હિંન્દુસ્તાનના સામાજીક અને રાજકીય જીવનમાં પુરુષોની સાથે સાથે બહેનો પણ કામ કરતી દેખાય છે. શ્રી. કસ્તુરબા સ્મારક ફાળાની વિશાળ પ્રવૃત્તિ એ સ્ત્રીસમાજની મહાન ક્રાન્તિના ચિહ્ન અને સાધન તરીકે આપણી સમક્ષ બડી છે.

આ નવા જીવનની દીક્ષા લેવા જતાં બહેનો આગળ પાર વિનાની મુશ્કેલીઓ ઉભી થાય છે. પેઢીઓના સંસ્કાર બે ચાર કે પાંચ પચીસ વર્ષમાં નહીં બદલાવી શકાય. એટલે નવા આદર્શોનો અમલ કરવા જતાં જૂનાં બધનો અને સંસ્કારો અનેક મુશ્કેલીઓ બહેનોના રસ્તામાં ઉભી કરે છે.

બહેનોની દુનિયાની આ ક્રાંન્તિના અનેક પાસાં છે તેમાં માતૃતાનું પાસું પણ ક્રાંન્તિના પ્રવાહમાં આવી ગયું છે. પહેલાંના વખતની માતા ઘરની જ ચિંતા કરતી હતી તેથી તેને મન માતૃતા એક નજીવી વાત હતી. દશ દશ બાર બાર બાળકોને જન્મ આપનાર માતાઓએ પોતાના માતૃત્વની બાબતમાં કદી વિચાર પણ કર્યો હોય એમ જણાતું નથી. પણ આજે નવા યુગની સ્ત્રી જ્યારે માતૃપદે વિરાજે છે ત્યારે તેની આગળ કેટલીય મુશ્કેલીઓ બડી થાય છે. માનવ સહજ વાત્સલ્ય બાળકની બાવજત અને સંભાળ તરફ માતાને બેંચે છે. ત્યારે નવા જમાનાનો આદેશ તેને ઘરની બહારની પ્રવૃત્તિઓ તરફ બેંચે છે. આ બંને વૃત્તિઓનો સંઘર્ષ એ આજની માતાઓ આગળ એક પ્રશ્ન થઇ પડયો છે.

આ મુંઝવણમાંથી માર્ગ કાઢવી જતાં કેટલીક માતાઓને પોતાના નવા આદર્શોનું બલિદાન આપવું પડે છે, ત્યારે નવા આદર્શોને સાચવવા જતાં કેટલીએક માતાઓને પોતાના બાળકોના જીવનનું બલિદાન આપવું પડે છે. આ બેમાંથી એકે સ્થિતિ બૃષ્ટ નથી એ સૌ કોઇ કબૂલ કરશે. માતાઓ ઘરમાં જ બેસી રહે એ આદર્શ હવે જુનો થયો છે. માતાઓએ સામાજીક જીવનના ઘડતરમાં સક્રિય ફાળો આપવોજ જોઇએ એ લાગણી હવે સમાજમાં

બધે દેખાય છે. ત્યારે આ સંજોગોમાં માતૃતાનો ઉકેલ કેવી રીતે આવે?

વળી બદલાતા જમાનામાં બાળકોનું મહત્ત્વ પણ ખૂબ વધ્યું છે. એટલી હદ સુધી કે આ જમાનાને આપણે બાળકોનો યુગ કહીએ છીએ. તો પછી સામાજીક કાર્યોમાં ભાગ લેવા જતાં માતાઓ બાળકોની અવગણના કરે તે કેમ પાલવે?

એટલે બાળકોને પૂરતો ન્યાય મળે અને માતાઓ પોતાની સામાજીક જવાબદારીઓ પણ અદા કરી શકે એવો માર્ગ શોધવો જોઇએ. એવો માર્ગ સમગ્ર જન-સમાજ માટે શોધવાનું કાર્ય તો રાજ્યનું છે. રશિયા જેવા દેશોમાં જેમ માતાઓ કામે જતી વખતે પોતાના બાળકોને રાજ્ય તરફથી ખાસ ચાલતાં બાળ–સંગોપન–ગૃહોમાં મૂકી દે છે અને પાછાં ઘેર આવતાં તેમને લઇ આવે છે, એવી કાંઇક વ્યવસ્થા આપણા દેશમાં થવી ઘટે છે. પણ એ વ્યકિતનું કાર્ય નથી. એ કામ તો રાજ્યે પોતાની જવાબદારીએ કરવું જોઇએ. હિન્દુસ્તાન જેવા દેશમાં રાજ્ય આ પ્રશ્ન તરફ ધ્યાન આપે એવી સ્થિતિ આવતાં કેટલાંય વર્ષો ચાલ્યાં જશે. એક તો હાલ આપણે માથે પરદેશી સત્તા છે, જેને આ પ્રશ્નની કશીજ પડી નથી. આ સત્તા જઇને આપણી પોતાની સત્તા આવશે ત્યારે પણ રાષ્ટ્રવિકાસનાં એટલા બધા પ્રશ્નો રાજ્ય આગળ ઉભા થશે કે આ પ્રશ્નનો વિચાર કરવાનો વારો કયારે આવે તે કહી શકાતું નથી. સાક્ષરતાપ્રચાર, બાળકોનું શિક્ષણ, આરોગ્ય સંવર્ધન, આર્થિક સમાનતા, અસ્પૃશ્યતા નિવારણ, રાષ્ટ્રનું રક્ષણ, ઉદ્યોગ ધંધાઓની ખીલવણી, વગેરે પ્રશ્નો એટલા બધા અગત્યના છે કે માતાઓની આ મુંઝવણનો વિચાર કરવાનો અવસર રાજ્યને કયારે મળશે કોણ કહી શકે?

નવા જમાનામાં વળી વિભકત કુટુંબ પદ્ધતિનું સામ્રાજ્ય હોવાથી ઘરનો બધોજ ભાર એકલી જુવાન સ્ત્રીનેજ માથે આવે છે. રસોઇ કરવી, બાળકોને સાચવવાં, બીજાં ઘરકામ સંભાળવાં અને આ બધું એકલે હાથે કરવું. એટલે સ્ત્રીઓને ઘરના ખોજામાંથી બહાર નીકળવાનો અવસરજ કયાંથી મળે? ઘરમાં સાસુ, નણંદ, ભોજાઇ વગેરે હોય તો બાળકોની ચિંતા ન રહે. પણ અવિભકત કુટુંબની સ્ત્રીને વળી સામાજીક જીવન કેવું? તેણે તે ઘરમાંજ પોતાની સાસુના સામ્રાજ્યમાં તેની આજ્ઞાઓનું પાલન કરી જીંદગી વિતાડવી જોઇએ!

ટુંકામાં આ પ્રશ્ન ઘણોજ મુંઝવનારો છે. આનો ઉકેલ પ્રગતિશીલ માતાઓએ જાતેજ લાવવો જોઇએ. એક તો પોતાની સામાજીક કાર્યની ઇચ્છાઓ અને પોતાનું બાલવાત્સલ્ય એ બન્નેનો સુમેળ સધાય એવી રચના તેમણે કરવી જોઇએ. સંખ્યાબંધ બાળકોની માતા સમાજકાર્ય નહીં જ કરી શકે. એટલે સમાજકાર્ય કરવા ઇચ્છતી માતાઓએ બાળકોની સંખ્યા પોતાની ઇચ્છા મુજબ નિયત કરી દેવી જોઇએ. કેટલાં બાળકોને જન્મ આપવો એ વાત માતાની ઇચ્છા ઉપર જ રહેવી જોઇએ. બાળકોનાં જન્મ એ એક અકસ્માત–પરંપરા છે એ સ્થિતિ નીકળી જવી જોઇએ. જેમ ઘરમાં નવો કબાટ લાવતી વખતે આપણે અગાઉથી વિચાર કરી નવો કબાટ લાવવાનો નિર્ણય કરીને પછી જ લાવીએ છીએ, તેમ નવા બાળકને જન્મ આપવો હોય તો પહેલેથી વિચાર કરીને નકકી કર્યા પછી જ આપવો જોઇએ. એમ કરવાથી પોતાની માતૃતાની મર્યાદા અંકાશે અને સામાજીક કાર્યમાં આડે ન આવે એવી બાળકોની મર્યાદા પણ નકકી કરી શકાશે.

આ હિસાબે ત્રણ કે ચાર બાળકોથી માતાઓ સંતોષ માનતી થશે. કારણ કે એથી વધારે સંખ્યા આર્થિક દ્રષ્ટિએ તેમજ માતાઓના નવા આદર્શોની દૃષ્ટિએ અડચણ રૂપ થઇ પડશે. વળી બે બાળકોનાં જન્મની વચ્ચેનો અવધિ પણ યોજનાપૂર્વક ગોઠવવો જોઇએ. દોઢ દોઢ વર્ષના અંતરે બાળકોને જન્મ આપતી માતાઓ બાળ ઉછેરમાંથી કદી પણ બહાર નિકળી જ નથી શકતી. અને વળી આ રીતે ૫/૬ બાળકોને લાગલગાટ જન્મ આપ્યા પછી તેનામાં જીવનને માટે આવશ્યક એવી શારીરિક કે માનસિક શકિત પણ રહેતી નથી. તેથી બે બાળકના જન્મની વચ્ચેનું અંતર પણ નિયમિત કરી નાંખવું જોઇએ. સાધારણ રીતે ચાર વર્ષનું અંતર યોગ્ય ગણાય. એટલે કે ૨૫ થી ૩૫ વર્ષ સુધીની ઉંમરમાં ત્રણ કે ચાર બાળકોને જન્મ આપી માતાઓ પોતાની માતૃતાની પૂર્ણતા મેળવે. બાળકોનાં જન્મ વચ્ચે યોગ્ય કાલાવધિ રાખવાથી સામાજીક કાર્યમાં વધુ સરળતા આવશે એ વાત સૌ કોઇ સમજી શકશે.

જેમનાં સાવ નાનાં બાળકો છે તેમણે તો સામાજીક જીવનમાંથી તેટલા પુરતી છુટીજ લેવી

જોઇએ. કારણ કે બાળઉછેર એ એક મહત્વનું સામાજીક કાર્ય છે. બાળકની ગર્ભાવસ્થાના સાતમા માસથી બાળક ધાવણ મુકી દે ત્યાં સુધીનો એકાદ વર્ષનો લગભગ અવધિ માતાઓએ બાળ ઉછેરની પ્રવૃત્તિમાંજ ગાળવો. બાળક એક વર્ષનું થાય ત્યારપછી માતાની જગ્યાએ અડોશી પાડોશી, નોકર ચાકર, કે સગાં વહાલાં પણ બાળકની સંભાળ લઇ શકે છે. વળી બાળકને બે વર્ષ થતાં તેને કોઇ નવી પદ્ધતિથી ચાલતાં બાળમંદિરમાં પણ મૂકી શકાય છે.

હમણાંજ મેં રશિયાની વાત લખી. એવી સંસ્થા પ્રયોગની ખાતર પણ મુંબઇ જેવા શહેરમાં બાનગી પ્રયત્નથી નિકળે એ જરૂરી છે. આપણે હમણાં જોઇએ છીએ કે અનેક પ્રકારની નોકરીઓમાં પુરુષોની જેટલીજ લગભગ સંખ્યા સ્ત્રીઓની દેખાય છે. રેશનિંગ જેવા બાતાઓમાં તો બહેનોની સંખ્યા વધારે છે. આપણી સામાજીક સ્થિતિ એવી છે કે મુંબઇ જેવા શહેરમાં બહેનો પણ કમાણી માટે કામ ન કરે તો કુટુંબનું પોષણ પણ થવું અશકય થાય એટલે; બાલ–સંગોપન–ગૃહ જેવી સંસ્થા પ્રયોગની ખાતર અહીં બોલવી જોઇએ. માતાઓ પોતાના બાળકોને કામ પર જતી વેળાએ આ સંસ્થામાં મૂકે અને પાછાં જતી વખતે તેમને લઇ જાય. સંસ્થામાં કેળવાયેલી આયાઓ, નર્સો, ડોકટર વગેરે હોય. બાળકોને આ બધાંની શાસ્ત્રશુદ્ધ દેખરેખ મળે અને માતાઓ નિશ્ચિંતતાથી પોતાનું કામ કરી શકે. આવી સેવાઓ માટે માસિક વીસથી પચીસ રૂપીયાનો ખર્ચ એક બાળકને પછવાડે કરવા માટે પણ કેટલીએ માતાઓ તૈયાર થશે. કારણ કે બાળકની સંભાળ રાખવાની ઉત્તમ વ્યવસ્થા થવાથી તેઓ જોઇએ તેટલું કામ કરી શકશે, અને પોતાની કમાણીમાંથી આટલી રકમ બાળકની પછવાડે ખર્ચી શકશે.

આ તો માત્ર માર્ગ દર્શન પૂરતું સૂચન છે. પ્રત્યક્ષ વ્યવહારમાં એની સફળતા કેટલે સુધી થશે તે તો કોઇ પ્રયોગ કરનાર નીકળી આવે ત્યારેજ જણાશે. પણ આ લેખનો હેતુ આવા પ્રયોગ માટેનો પ્રચાર કરવાનો નથી. સામાજીક જીવન જીવવા ઇચ્છતી માતાઓની મુંઝવણોનો ઉકેલ કેવી રીતે આવી શકે તે વિષેની વિચાર-સરણી રજુ કરવી એજ આ લેખનો ઉદ્દેશ છે. આવો કંઇક ઉકેલ લાવવાની આવશ્યકતા દિવસે દિવસે વધારે જણાવા લાગી છે. આ લેખ વિચારકોને આ પ્રશ્નનો વિચાર કરવા પ્રેરશે તો પણ તેનો હેતુ સફળ થશે.

ગો. ર. કુલકર્ણી

## દાદીમાંની વાર્તાઓમાંનાં નીતિ–તત્વો

થોડા વખત પહેલાં ગુજરાતના બારડોલી તાલુકાના એક મોટા કાર્યકર્તા શ્રી. જુગતરામભાઇ દવે બોર્ડીં બાલવાડી જોવા આવ્યા હતા. તે વખતે તેમણે અધ્યાપન મંદિરનાં વિદ્યાર્થીઓ આગળ એક ભાષણ આપ્યું. તેમાં તેમણે બાળકોને કહેવાની વાર્તાઓની બાબતમાં એક વિચારવા જેવો મુદ્દો કહ્યો. તેમણે કહ્યું કે જુના વખતમાં જે નીતિ–તત્વો બાળકોને શીખવવામાં આવતાં તે રાજનૈતિક સ્વરૂપનાં હતાં. વ્યવહારમાં એક બીજાને છેતરીને પોતે યશસ્વી શી રીતે થવું એજ મુખ્યતઃ કહેવામાં આવતું. મોટામાં મોટો વાર્તાનો ગ્રંથ તે પંચતંત્ર. તેમાં પણ આજ વાત દેખાય છે. તે નીતિ એટલે કપટનીતિ અને 'शठंप्रतिशाठ्यं'ની નીતિ હતી. આપણે જે નીતિ પર આપણું જીવન રચવા માગીએ છીએ તે સત્ય, અહિંસા, સહિષ્ણુતા, ધૈર્ય, વીર્ય વગેરે ગુણો પર રચેલી છે. પહેલાંના વખતની વાર્તા કહેવાની પદ્ધતિ, તેની શૈલી, ભાષા વગેરે ખૂબ સુંદર છે. પણ તેમાંનાં નીતિ–તત્વો આપણા સમયને પ્રતિકૂળ હોય તો તે આપણે ચાલુ નહીં રાખવી જોઇએ.

શ્રી. જુગતરામભાઇનું કહેવું તદ્દન બરાબર છે. શ્રી. ગિજુભાઇએ દાદીમાંની વાતોને મહત્વ આપી તેને પ્રકાશમાં આણી. ભુલાઇ જતા આ કંઠસ્થ સાહિત્યને તેમણે પુનર્જીવન આપ્યું. હવે તેમના જ મિત્ર અને બાલસાહિત્ય લેખનના તેમના સહકારી શ્રી. જુગતરામભાઇએ આ જે શુદ્ધીકરણનો મુદ્દો રજુ કર્યો છે તે વિચારણીય છે. આ નવી દૃષ્ટિથી કેટલીક જુની પ્રચલિત વાર્તાઓનું પરીક્ષણ અહીં કર્યું છે.

એક જુની વાર્તા છે. અમારી દાદીમા અમને કહેતાં.

તે વાર્તા આ પ્રમાણે:—

## ચકલી પડી ખીરમાં

ચકલા ચકલીને ખીર ખાવાની ઇચ્છા થઇ.
ચકલો દૂધ લાવ્યો;
ચકલી ખીર બનાવવા બેઠી.
ખીર હલાવતાં હલાવતાં નમીને જોવા લાગી.
ત્યાં તો ખીરમાં પડી ગઇ.
ચીં ચીં ચીં કરીને ચીસો પાડવા લાગી.
ચકલો આવીને જુએ ત્યાં ચકલી ખીરમાં પડી હતી.
બિચારો ! તેને ખૂબ દુઃખ થયું.
મનમાં ખૂબ મુંઝાયો.
ત્યાં તેનો મિત્ર કાગડો આવ્યો.
" શું થયું રે ચકલા ? આમ મુંઝાય છે કેમ ?"
" શું કરું ભાઇ ?
ચકલી પડી ખીરમાં
ચકલો વિમાસણમાં
કાગડાની આંખ ફુટી જાય"
અને કાગડાની આંખ ફુટી ગઇ.
તે ઉડતો ઉડતો ગયો વડલાના ઝાડ પર.

વડલે પૂછ્યું. "કેમ અલ્યા કાગડા, આમ આંધળો શાથી થયો ?"

"શું કરું ભાઇ ?
ચકલી પડી ખીરમાં
ચકલો પડયો વિમાસણમાં
કાગડાની આંખ ફુટી જાય
વડલાના પાંદડાં ખરી જાય."
અને વડલાનાં પાંદડાં ખરી ગયાં !

પછી ત્યાં વડલાની છાયામાં બેસવા ગાય આવે છે. તે વડલાને પાંદડાં ખરી જવાનું કારણ પૂછે છે. વડલો જવાબમાં શું થયું તેની વાત કરી આખરે કહે છે "ગાયનાં શીંગડાં તૂટી જાઓ." ગાય નદી પર પાણી પીવા જાય છે અને નદી તેને શીંગડાં તૂટી જવાનું કારણ પૂછે છે તે પણ બધી હકીકત કહી છેવટે કહે છે, "નદીનું પાણી સુકાઇ જાઓ." આ રીતે સહાનુભૂતિથી મિત્રોએ કરેલી પૂછ-પરછના જવાબ દરેક જણ શાપના રૂપમાં જ આપે છે. આ સુરુચિ, સભ્યતા, અને સહૃદતાને અનુરૂપ તો નથી જ, પણ સામાન્ય માનવતાનો પણ અભાવ આમાં જણાય છે.

જવાબમાં કોઇ કહેશે કે દુનિયામાં બધું આમજ ચાલે છે. દાંભિકતાને લીધે આમ સ્પષ્ટતાથી કોઇ બોલતું નથી. પણ પોતાનું નુકશાન થાય છે ત્યારે બીજાનું પણ કંઇક નુકશાન થાય એમ બધાંને લાગે છે. અથવા તો જેનું નુકશાન થયું છે તેને આપણે પૂછવા જઇએ તો તેના પહેલાંજ દુભાયેલા મનને તે ગમતું નથી. તેથી પીડિત હૃદયમાંથી, "તું ય મરી જા" એવા શબ્દો અનેકવાર નીકળી આવે છે. વાર્તાકારે આ મનઃસ્થિતિ આ વાર્તામાં ચીતરી છે.

દાંભિકતા રાખવા કરતાં મનના સાચા વિચાર બોલી બતાવવા એજ વધારે સારૂં એમ કોઇ કહેશે. બીજા કોઇ નવીન માનસશાસ્ત્રનો આધાર લઇને કહેશે. "આ રીતે મનની હલકી ભાવના શબ્દો વડે કાઢી નાખવાથી મન વધારે વિશુદ્ધ થશે. નહીં તો સામાજીક દંભ જેમ જેમ વધતો જાય છે તેમ તેમ મનની દુષ્ટતા અંદરથી વધતીજ જાય છે. ઉપરથી બીજાને દુઃખે દુઃખી થયાનું ઢોંગ કરનાર માણસો મનમાં ખુશ થાય છે અને જાણી જોઇને બીજાનું બુરૂં કરવા પ્રેરાય છે. આ સ્થિતિ તો નિખાલસતામાં નહીં રહે."

ઉપરની વિચારસરણી બરાબર નથી. ભાવનાઓનું સંસ્કારીકરણ હલકી ભાવનાઓ સેવવાથી નથી થઇ શકતું. સામાજીક સભ્યતા માણસમાંના ઉચ્ચ ગુણો પર રચેલા વ્યવહાર પર નિર્ભર હોય છે. કેટલાય લોકો પોતાની ઇચ્છાથી તેટલી ઉંચી ભૂમિકા સુધી પહોંચી શકતાં નથી. તેઓ દાંભિકતાથી બારકાની હાજરીમાં સારૂં સારૂં બોલે છે. પણ મનમાં તેવી વૃત્તિ નથી હોતી. પણ પોતાની હલકી મનોવૃત્તિ દબાવવાની ઇચ્છા તેમને નથી હોતી. આ રીતે સામાજીક દંભ વધે છે. તેથી બાળકો આગળ સાચી સંસ્કારી ભાવનાઓ જ શરૂઆતથી રજુ કરવામાં આવે તો જ તેમની મનોવૃત્તિઓને તેવું વલણ મળે છે. વાર્તાઓ અને નવલકથાઓ માણસોને યોગ્ય વર્તન અને યોગ્ય ભાવનાનું શિક્ષણ આપવા માટેનું એક પ્રભાવશાળી સાધન છે એમાં શંકા નથી. પણ તેટલાથીજ કામ સરતું નથી. તેની સાથે ઘરમાં વડીલોનું જે વર્તન રહે છે તે પણ ભળી જાય છે. તોપણ વાર્તાઓમાં સંસ્કારી ભાવનાઓજ આવવી જોઇએ એમાં બે મત ન હોઇ શકે.

તેથી ઉપરની વાર્તા નીચે મુજબ ફેરવીને કહેવામાં આવે તો સહૃદયતાની ભાવના પોસાશે. અલબત વાર્તા-

એમાં કેટલીક વાતો અતિશયોક્તિના રૂપમાં આવે છે. તે મુજબ આ વાર્તામાં પણ અતિશયોક્તિ છેજ. દા. ત. મિત્રના દુઃખથી માણસ ગમે તેટલો દુઃખી થાય તો પણ પોતાની આંખ નહીં ફોડી લે. પણ વાર્તામાં તેમ થઇ શકે છે. તે અક્ષરશઃ સાચું નથી ગણવાનું એ બાળકો સમજતા હોય છે, પણ સાંભળનાર પર મિત્રના દુઃખને લીધે સહૃદયતાથી દુઃખી થવાની ભાવનાની છાપ માત્ર પડે છે.

ચકલાને કાગડો પૂછવા આવે ત્યારે તેણે કહેવું,

"શું કરું ભાઇ?
ચકલી પડી ખીરમાં.
ચકલો વિમાસણમાં."

કાગડાને આ સાંભળી એટલું બરાબ લાગ્યું કે તે ખૂબ રડ્યો.
રડી રડીને તેની આંખો જ ફુટી ગઇ.

તે તેવોજ વડલાની ડાળ પર બેસી રહ્યો, કયાંય જાય નહીં.

વડલાએ તેણે પૂછ્યું, "કેમ રે કાગડા, શું થયું તને"?

"શું કહું ભાઇ?
ચકલી પડી ખીરમાં
ચકલો વિમાસણમાં.
કાગડાની આંખ ફુટી ગઇ."

"અરેરે, ખૂબ બરાબ થયું." તેને ખૂબ દુઃખ લાગ્યું. તે ખૂબ હલવા લાગ્યો. એટલું બધું હલ્યો કે તેનાં બધાં પાંદડાં ખરી પડ્યાં.

વડલાની છાયામાં બેસવા દરરોજ એક ગાય આવતી તેણે કહ્યું, "કેમ, વડલાદાદા, આમ કેમ થયું?"

"શું કહું બેન?
ચકલી પડી ખીરમાં
ચકલો વિમાસણમાં.
કાગડાની આંખ ફુટી
વડલાનાં પાંદડાં ખર્યાં."

ગાયને આ સાંભળી એટલું બરાબ લાગ્યું કે તે ઝાડ પર માંથું પછાડવા લાગી અને તેના શીંગડાં જ તુટી ગયાં.

તે જતી રોજ કૃષ્ણાનદી પર પાણી પીવા. બીજે દિવસે ગઇ ત્યારે કૃષ્ણાએ તેને પૂછ્યું, "કેમ ગાય બેન આ શાથી થયું."

તેણે કહ્યું, "શું કહું બેન,
ચકલી પડી ખીરમાં
ચકલો વિમાસણમાં.
કાગડાની આંખ ફુટી
વડલાનાં પાન બર્યાં
ગાયનાં શીંગડાં ભાંગ્યાં."

આ સાંભળીને નદીને બટલું બધું દુઃખ થયું કે તે ખૂબ ઘૂજવા લાગી. કાદવ બધો ઉપર આવ્યો અને બધું પાણી કાદવવાળું થયું.

નદી પર સાંજે મોર આવ્યો. મોરે કહ્યું, "કેમ, કૃષ્ણાબેન, આમ શાથી થયું."

"શું કરું ભાઇ?
ચકલી પડી ખીરમાં,
ચકલો વિમાસણમાં.
કાગડાની આંખ ફુટી,
વડલાનાં પાન બર્યાં,
ગાયનાં શીંગડાં ભાંગ્યાં,
કૃષ્ણા કાદવવાળી."

મોરને એટલું બરાબ લાગ્યું કે તેનાં પીછાં જ બરી ગયાં અને તે બાંડો થયો.

આ રીતે વાર્તાઓને તપાસી તેમાં યોગ્ય તે ફેરફાર કરવા જોઇએ.

દા. ત. ઉંદરની ટોપીની પ્રસિદ્ધ વાર્તા લઇએ. ઉંદર દરજી, રંગારો વગેરે બધાને સિપાઇનો ડર બતાવી પોતાની ટોપી તૈયાર કરાવે છે.

તેને રસ્તામાં એક કપડું જડે છે. તેને ટાંકી શીવવાનો વિચાર આવે છે. તેથી કપડું લઇને ધોવરાવવા માટે ધોબી પાસે જાય છે. ધોબી કહે છે, "પૈસા લાવ" કે "મને વખત નથી," ત્યારે ઉંદર કહે છે,

"કચેરીમાં જાઉંગા
સિપાહીકો બુલાઉંગા
બડા માર હુંગા."

એટલે ધોબી ગભરાય છે અને કહે છે, "મારા બાપ! કચેરીમાં નહી જતો, સિપાઇને નહીં બોલાવતો, મારબાર નહીં બવરાવતો. હું તારું કપડું સીવી આપીશ."

બીજી રીતે ધમકી આપીને ઉંદરે દરજી વગેરે પાસે જઇ પોતાનું કામ કરાવ્યું. સરકારી માણસો

વેઠ કરાવી કામો કરાવે છે તે જેમ અનુચિત છે તેમજ ઉંદરની આ કાર્ય પદ્ધતિ પણ અનુચિત છે. પોતપોતાના કામ કરી પ્રમાણિકતાથી જીવન ગુજારનાર આ કારીગરોએ પણ સિપાઇના ડરથી ઉંદરના જુલમને વશ થવાની જરૂર ન હતી. ડરથી ગમે તે કરવા તૈયાર થવું અને સિપાઇનો ડર બતાવી બીજા પાસે કામ કરાવવા એ બન્ને ચીજો સારી છે એમ કલ્પી બાળકો આગળ રાખવા જેવી નથીજ. વળી વાર્તાના નાયક તરીકે ઉંદરને આ શોભતું પણ નથી.

તેના કરતાં ઉંદરને ટોપીની હોંશ છે તેથી તેના કહેવાથી બધા રાજી ખુશીથી તેને કરી આપે છે એ વધારે શોભાસ્પદ છે.

ઉંદર કહે છે, "ઘોબીદાદા, ઘોબીદાદા આ કટકો ધોઇ આપશો ? મારે રાજાની જેવી ટોપી બનાવરાવવી છે."

ઘોબી, "ઓહો, કોણ તમે ઉંદરભાઇ કે ? રાજાના જેવી ટોપી કરાવવી છે ? હા, હા, એકદમ રાજા જેવી કરી આપું છું. લાવ તે કપડું."

આ રીતે નાનાં બાળકોની હોંશ જેમ મોટાઓ પૂરી કરે છે તેમ આ બધા સુંદર ટોપી બનાવીને આપે છે અને પછી ઉંદર કચેરીની પાસે જાય છે. આ રીતે આ વાર્તાનું રૂપ ફેરવવું જોઇએ:-

(મરાઠી પરથી) —તારાબેન ઓઝા

## * * વનનાં એ ફુલ ! * *

પહાડો અને જંગલોમાં ઇતસ્તત: બીલતાં 'રાનફૂલ' જોવાનો મને નાનપણથી જ શોખ છે. તેમનો એ નાનકડો દેહ, એ રંગબેરંગી પોશાક, વાયુની નાની નાની લહરીઓ સાથે ઘાસ ઉપર થતું એમનું નૃત્ય, બધુંજ મનમોહક હોય છે! ઉપવનોમાં ફૂલોના ગુચ્છ બીલવવામાં આવે છે. તેમને બાતર, પાણી મળે છે; તેમને સુંદર કુંડીઓમાં રાખવામાં આવે છે, અને તેમની બધી રીતે સંભાળ રાખવામાં આવે છે. એ ફૂલો સુગંધી, સુરંગી અને સુંદર હોય છે; પણ તેથી કાંઇ વનવગડામાં એની મેળે બીલતાં રાનફુલોની કિંમત ઘટી જાય? ઉલટું, પ્રતિકૂલ પરિસ્થિતિની સામે ઝઘડીને પોતાનો વિકાસ સાધનાર આ રાનફૂલોની જ પ્રતિષ્ઠા મારી દૃષ્ટિએ વધારે છે.

વનફૂલોના ગૌરવમાં હું રાચતી હતી ત્યાં મારા જીવનમાં એક દિવસ એવો આવ્યો કે તે દિવસે હું વનબાળકોને જોવા પામી ! કૃષ્ણવર્ણ શરીર, અસ્તવ્યસ્ત વાળ, શરીર પર કપડાનું નામ નહીં, એવાં એ નિસર્ગબાળકો ધૂળમાં રમતાં હતાં. ધૂળ ! ઘરમાં ધૂળ ! બારણામાં ધૂળ !! શરીર પર ધૂળ !!! જાણે ધૂળમાંથી જ આ બાળકો ઊંચે આવ્યાં છે! પણ કાદવના બાબોચીયામાંથી ઉંચી ડોક કરીને બીલેલાં કમળો જેમ રમણીય દેખાય, તેમ આ બાળકોની ચળકતી આંખો અને સફેદ દાંત મોહક દેખાતાં હતાં.

બોડીં ગામના પૂર્વમાં એક બે ફર્લાંગ પર આવેલી આદિવાસીઓની વસ્તીમાં અમે ગયા હતાં. ત્યાં આ બાલસ્વરૂપ અમે જોવા પામ્યાં.

આ કુદરત સાથે રમનાર અને જંગલમાંજ વધનાર બાળકો ! તેમને નાગરી સંસ્કૃતિ શીખવવી છે, તેમને માનવતાના પાઠ આપવાના છે, અને તેથી આ બાલદેવતની બાલમંદિરમાં સ્થાપના કરવી છે. આ હેતુ મનમાં રાખી અમે બીજે દિવસે પણ ત્યાં ગયા. એક બે ઝૂંપડામાં ડોકીયું કર્યું. નાળીયેરીના પાંદડાંની ઝૂંપડી, બે ચાર તુટેલાં ફૂટેલાં માટીનાં વાસણ, એક બે ફાટેલાં કોથળાં અને કેટલાંક લટકતાં ચીથરાં ! આ એ બિચારાંનો સંસાર ! અમે એમને ઘેર જઇને મોટાં માણસો સાથે કાંઇક બોલવા લાગ્યાં. બાળકોને ખબર પડી કે વાતો તેમને વિષે જ થતી હતી. બીજે દિવસે અમને જોઇને બાળકો ઝૂંપડીઓમાંજ સંતાઇને બેઠાં. બારણું સહેજ બોલીને તેને આડેથી ડોકીયું કરે. ભારે મનોહર હતું એ દૃષ્ય ! કાળા ભમ્મર વાદળાંમાંથી વચ્ચે જ કોક વાર ચંદ્રમાનાં દર્શન થાય ને ? એકદમ એવું જ હતું એ દૃષ્ય ! ત્રીજે દિવસે અમે રંગબેરંગી મણિ લઇને ગયાં. ઓસરી પર જઇને બેઠાં અને ધીરે ધીરે મણિ પરોવવાની શરૂઆત કરી. બાળકો અમારાથી દશ ડગલાં દૂર ઉભાં ઉભાં જોતાં હતાં. એક બે નાનકાં પાસે આવીને બેઠાં પણ ખરાં ! કેટલાંકને અમે તેને ઘેર મણિ પરોવવા આપ્યાં. બે ત્રણ દિવસ આવોજ ક્રમ ચાલ્યો હતો. ધીરે ધીરે બીતાં બીતાં પણ બાળકો અમારી પાસે આવતાં થયાં. તેમના શરીર પરની ધૂળ સાફ કરવાની કેટલી બધી

ઇન્તેજારી હતી અમને! બીજે દિવસે અમે પાણી, ભીનો હાથ રૂમાલ, હાથ પગ લૂછવા માટે કટકા વગેરે લઇને ગયાં. પણ આ બધું જોઇને એ બાળકો ભાગી જ ગયાં ત્યારે અમારી ભૂલ અમને સમજાઇ. ધીરે ધીરે બાળકો સાથે અમારો પરિચય વધવા લાગ્યો. શાળા માટે રસ્તા પરનો જ એક ત્રિકોણી ખૂણો પસંદ કર્યો. ત્યાં વાળવું લીંપવું, છાંટવું, વગેરે કામો શરૂ કર્યાઃ આ કામોમાં બાળકોએ સારી પેઠે ભાગ લીધો. ધીરે ધીરે હાથ પગ ધોવાં, વાળ ઓળવાં વગેરે શરૂ થયું. ઝાડ તળે અમારું બાલમંદિર વ્યવસ્થિત રીતે શરૂ થયું.

બાળકોને સ્વભાવતઃજ ગાયન અને વાર્તાઓ ખૂબ ગમે છે. અમને થયું કે આ બાળકોને પણ ગાયનો અને વાર્તાઓ વડે આકર્ષિત કરી લેવાં. પણ તેમની ભાષા અમારી ભાષા સાથે મળતી ન હતી. જ્યાંસુધી અમે એમની માતૃભાષા નથી બોલી શકતાં ત્યાંસુધી તેમના હૃદયમાં અમે શી રીતે પ્રવેશ કરી શકીએ? એક દિવસ કરતાલ વગાડી અમે ગાયન ગાતાં હતાં. ૫/૬ બાળકો સાંભળવા બેઠાં. પણ ધીરે ધીરે બધાં ઉઠીને ચાલતાં થયાં. છેવટે અમે બે શિક્ષકોજ જગા પર રહ્યાં. હસી હસીને પેટમાં દુઃખવા આવ્યું તે દિવસે! તેમના જીવનમાં આપણાં ગાયનો અને આપણી વાર્તાઓનું સ્થાનજ કયાં છે?

ત્યાં બધું થયું તો વ્યવસ્થિત. પણ અમારી ઇચ્છા એ બાળકોને બાલમંદિરમાં (મધ્યવર્તિ કેન્દ્રમાં) લઇ જવાની હતી. તેથી બાળકોને લઇને ચણોઠી લાવવા, બોર બાવા, છીપલાં વીણવા વગેરે માટે અમે જતાં. જંગલમાં બબ્બે અઢી અઢી માઇલ ખુશીથી આ બાળકો અમારી સાથે ચાલતાં. પણ બે ફર્લાંગ પર આવેલા માણસોની વસ્તીની અંદરના બાલમંદિરમાં આવવા તેઓ તૈયાર ન હતાં. એક વાર મહા મુસીબતે ૭/૮ બાળકોને લઇને હું બાલમંદિર જવા ઉપડી. પણ અર્ધા બાળકો શરૂઆતમાં જ નીકળી ગયાં અને છેવટે માત્ર એકજ બાળક રહ્યું. આ બાળકો જનવરોથી ડરતાં નથી. તેમની પૂંછડીઓ આમળે છે, તેમની પીઠ પર સવાર થાય છે, તેમની પછવાડે લાંબે સુધી દોડયાં જાય છે. પણ માણસને જોતાં વેંત સંતાઇ જાય છે! એક વાર પંત પ્રધાન શ્રી બાળાસાહેબ ખેર અમારી આ નાની બાલવાડી જોવા આવ્યા હતા. તેમને જોઇને એક નાની છોકરીએ એવા જોસથી રડવાની શરૂઆત કરી કે તેઓ તરતજ પાછા વળ્યા. તેમણે કહ્યું, "હું જાઉં છું બેન, રડીશ નહિ."

એક વાર ખૂબ પ્રયત્ન કરીને આ વાનરસેનાને લઇને હું બાલમંદિરમાં આવી. આ બાળકોને મારો મેડો જોઇ ખૂબ આનંદ થયો. તેથી બધાંને લઇને હું મેડા પર ગઇ.. બાળકો કેટલીય વાર દાદર ચઢયાં ને ઉતર્યાં! ધમ ધમ ચાલીને અવાજ કરી જોયો, બેસીને જોયું ઉઠીને જોયું, જાણે મેડો એમને મન દુનિયાની આઠમી નવી ચીજ!

આ મેડાપરજ મેં આ બાલદેવતાઓને દૂધ પાયું. પણ તેમને દૂધ જરાય ભાવતું નથી. પપૈયું, ચીકુ, કેળાં વગેરે ફળો બાવા તૈયાર હોય છે. શાક રોટલો બાવા તૈયાર; પણ ટમેટાનું કચુંબર નહિ ભાવે. એક દિવસ સંત્રાં હતાં. તેમને એવી તો નવાઇ લાગી! એને છોલતાં પહેલાંજ હાથમાં લઇ ઉપરથી નીચેથી સ્પર્શ કરીને જોવા લાગ્યાં!

એક વાર ખૂબ પ્રયત્ન કરીને આ વાનરસેનાને લઇને હું બાલમંદિરમાં આવી. આ બાળકોને મારો મેડો જોઇ ખૂબ આનંદ થયો. તેથી બધાંને લઇને હું મેડા પર ગઇ.. બાળકો કેટલીય વાર દાદર ચઢયાં ને ઉતર્યાં! ધમ ધમ ચાલીને અવાજ કરી જોયો, બેસીને જોયું ઉઠીને જોયું, જાણે મેડો એમને મન દુનિયાની આઠમી નવી ચીજ!

આ મેડાપરજ મેં આ બાલદેવતાઓને દૂધ પાયું. પણ તેમને દૂધ જરાય ભાવતું નથી. પપૈયું, ચીકુ, કેળાં વગેરે ફળો બાવા તૈયાર હોય છે. શાક રોટલો બાવા તૈયાર; પણ ટમેટાનું કચુંબર નહિ ભાવે. એક દિવસ સંત્રાં હતાં. તેમને એવી તો નવાઇ લાગી! એને છોલતાં પહેલાંજ હાથમાં લઇ ઉપરથી નીચેથી સ્પર્શ કરીને જોવા લાગ્યાં!

આવાં એ વનબાળકો. મને વનફૂલોની જેવાં જ એ પ્રિય લાગે છે.

—અનસૂયા વાઘ
બાલવાડી, બોડી

(મરાઠી પરથી)

## * બાળકો પાસેથી આપણે શું શીખી શકીએ? *

આપણે બાળકો પાસેથી કશું શીખી નહીં શકીએ તો એમને કશું પણ શીખવવાને આપણે સમર્થ નહીં થઇએ, એ વાત નૂતન શિક્ષણમાં કામ કરવાવાળા શિક્ષકોએ સૌથી પહેલી સમજી લેવી જોઇએ. યુરોપમાં મોટા મોટા ચિત્રકારોએ ચિત્ર–વિજ્ઞાનમાં હમણાં બાળકોને પોતાના ગુરુ બનાવ્યાં છે, અને તે બાળકો પણ ૩ થી ૭ વર્ષનાં! જ્યારે આ નાનાં નાનાં બાળકોનાં ચિત્રો એ ચિત્રકારોએ જોયાં ત્યારે તેમને લાગ્યું કે પોતાનાં ચિત્રોમાં રંગરૂપ તો સારાં હોય છે પણ ચૈતન્ય ઓછું દેખાય છે.

નાનાં બાળકોનાં ચિત્રોમાં જે અવ્યવસ્થિત લીટીઓ હતી તેમાં જીવનનું કોઇ અનુપમ તત્વ ભરેલું હતું.

ચિત્રકારોએ પણ દેખ્યું કે કુદરતમાં જે જીવન-તત્ત્વ રહેલું છે તે બાળકોને નજરે દેખાય છે પણ તે જોવાની દૃષ્ટિ પોતાની પાસે નથી. ત્યારપછી ચિત્રકારોએ ત્રણથી સાત વર્ષનાં બાળકોને એકત્રિત કરી તેમને હાથે ઘણાં ચિત્રો કરાવ્યાં અને તે બધાંનો અભ્યાસ કરીને તેમાંથી તેઓ ઘણું શીખ્યા. આ બધું જ્ઞાન તેમને બાળકોજ આપી શક્યાં.

ચિત્રનું તો માત્ર ઉદાહરણ મેં લીધું છે. જીવનના બધાંજ ક્ષેત્રોમાં આપણે બાળકો પાસેથી ઘણું શીખી શકીએ છીએ. માતૃભાષા આપણા જીવનને પ્રગટ કરવાનું અનુપમ સાધન છે. તેનું રક્ષણ પણ બાળકોજ કરે છે. આપણામાં માતૃભાષાનો સાચો પાયો મોટી ઉમરે નથી નખાતો. તે બાળપણથીજ આપણને મળેલી બક્ષીસ છે. જો બાળપણમાં માતૃભાષાનું રક્ષણ અને શિક્ષણ ન થાત તો માતૃભાષાનું અસ્તિત્વજ અસંભવિત થાત. બાળકો પાસેથી આપણે ઘણા દૈવી સદ્‌ગુણ પણ શીખી શકીએ છીએ. જેવા કે નિર્દોષતા, પ્રેમ, ક્ષમા અને આનંદ.

બાળકોની જ્ઞાન મેળવવાની રીત તદ્દન જુદી જ હોય છે. બાળકોની કુદરતી બક્ષિસનું અનુકરણ આપણે નહીં કરી શકીએ, પણ બાળકો જ્ઞાન કેવી રીતે મેળવે છે તે જોઈને આપણે ઘણું શીખી શકીએ છીએ. આપણે બધાં જાણીએ છીએ કે ત્રણ વર્ષનું બાળક પોતાની માતૃભાષામાં બોલી શકે છે છતાં માતૃભાષા શીખવા માટે તેને કોઇ ખાસ પ્રયત્ન નથી કરવો પડતો. માતૃભાષા ઉપરાંત બીજી સેંકડો ચીજો બાળક પોતાની મેળે શીખી લે છે. શીખવાની એની પાસે કઇ રીત છે એ આપણે સારી રીતે સમજી લેવું જોઇએ.

બાળકોમાં અદ્‌ભુત શક્તિ હોય છે. તેની સામે જે કાંઇ આવે છે તેમાંથી તે કાંઇને કાંઇ પોતાને માટે ગ્રહણ કરી લે છે. આપણે માટે નવું જ્ઞાન ખૂબજ કષ્ટમય હોય છે, પણ બાળકો માટે તે ખૂબજ સહેલું હોય છે. સહજ શક્તિ વડે બાળકો જે જ્ઞાન મેળવે છે તેમાંથી કંઇક આપણે પણ શીખી શકીએ તો જીવનનો માર્ગ આજે આપણને જેટલો કઠણ લાગે છે તેટલો નહી લાગે.

મનુષ્યના જીવનને સાર્થ બનાવનારા આ સદ્‌ગુણ આપણે શીખવા હોય તો બાળકોને જ આપણે આપણા ગુરુ બનાવવા જોઇએ. આ બધા સદ્‌ગુણો બાળકોમાં ઓત-પ્રોત હોય છે, અને તેથીજ બાળક સમગ્ર માનવજીવનનું આશાસ્થાન છે. આશાની આ કળીઓને આપણે ખીલવા નહી દઇએ તો એથી વધુ ગુન્હો બીજો નહીં થાય.

પ્રેમશંકર ભટ્ટ

## * * આ જ્ઞા પા લ ન * *

કેળવણીની સંસ્થાઓમાંની શિસ્તમાં સૌથી મહત્ત્વનું સ્થાન આજ્ઞાપાલન ને આપવામાં આવે છે. શિક્ષણ સંસ્થાઓમાં જ નહી, પણ ઘરોમાં કે બીજે જ્યાં જ્યાં નાના મોટાનો સંબંધ હોય છે ત્યાં નાનાઓમાં આજ્ઞા-પાલન હોવુંજ જોઇએ એવો આગ્રહ દેખાય છે. આ આગ્રહના મૂળમાં એવી રૂઢ કલ્પના હોય છે કે નાનાં બાળકો નાનાં છે તેથીજ તેમણે પોતાનાથી ઉમરમાં મોટા માણસોના કહેવા પ્રમાણે વર્તવુંજ જોઇએ. વડીલ-પણાનો આ હક બજાવવા માટે ઉમરનું વિશિષ્ટ અંતર હોવું જ જોઇએ એવો નિર્બંધ કયારેય નથી હોતો. આઠ વર્ષના ભાઇએ પોતાના સાડાનવ વર્ષના ભાઇને તે મોટો છે તેથી માન આપવું જોઇએ અને તેનું કહ્યું માનવું જોઇએ એવો આગ્રહ બધે દેખાય છે.

ઉમરમાં મોટો હોવાથી જ મળતા આ હકના મૂળમાં કઇ યુકિતસંગત વિચારસરણી છે તેનો વિચાર કરવા માંડીએ તો આપણને જણાય છે કે ઉમરમાં મોટી વ્યકિત નાની વ્યકિત કરતાં વહેલી દુનિયામાં જન્મેલી હોવાથી, તેને નાના કરતાં દુનિયાનો અનુભવ વધારે હોવાનો અને તેથીજ તેનું જ્ઞાન પણ વધારે હોવાનું. તેથી અધિક અનુભવી અને જ્ઞાની માણસનું ઓછા અનુભવી અને જ્ઞાની માણસે માનવુંજ જોઇએ, એવો નિષ્કર્ષ કાઢવામાં આવે છે. આ સિવાય બીજું કોઇ પણ કારણ આ રૂઢ કલ્પનાની પાછળ હોય એમ દેખાતું નથી. અને સમાજ આટલાજ કારણથી સંતોષ પામીને દરેક નાનાએ દરેક મોટાનું માનવુંજ જોઇએ એ સિદ્ધાન્તને સ્વીકારી લે છે. અને આ વાત સામાન્ય જનસમૂહમાંજ છે એમ નથી, પણ જેમને આપણે પૂજ્ય ઐતિહાસિક વિભૂતિ ગણીએ છીએ અથવા જેમને ઇશ્વરનો અવતાર ગણીએ છીએ એવી વ્યકિતઓએ પણ આ સિદ્ધાન્તનો સ્વીકાર કર્યો હોય એમ જણાય છે. શ્રી.-

રામચંદ્રે સીતાના ત્યાગનો નિર્ણય કર્યો અને લક્ષ્મણને તેનો અમલ કરવાનું કહ્યું. લક્ષ્મણને તે નિર્ણય અત્યંત અન્યાય્ય લાગતો હતો, તે છતાં રામ પોતાનાથી મોટો છે એ એક જ કારણસર તેણે તે નિર્ણયનો અમલ કર્યો. વળી રામ અને લક્ષ્મણની ઉમરનું અંતર જોવા બેસીએ તો વડીલપણાનો હક બજાવવા માટે કેટલો ટૂંકો અવધિ પૂરો થાય છે તે આપણને સમજાય છે. શિક્ષણશાસ્ત્ર અને માનસશાસ્ત્રની કસોટીએ આ તત્વ કસી જોઇએ તો આપણને અનેક અનપેક્ષિત વસ્તુ દેખાશે. પહેલું એ કે દુનિયામાં જન્મ પહેલાં થયો છે તેટલા પરથી જ અનુભવ અને જ્ઞાન વધારે હોય જ છે એમ નથી. શ્રીમત્ શંકરાચાર્ય જુવાન હતા અને તેમના શિષ્યગણમાં ઘણરો ઘરડા હતા એ વાત જાણીતી છે. આને લીધે જ જ્ઞાનવૃદ્ધ એ શબ્દપ્રયોગ રૂઢ થયેલો છે. ઉમરથી મોટપણ નથી આવતું પણ જ્ઞાનથી આવે છે એ વાત સર્વમાન્ય છે. માનસશાસ્ત્રની દૃષ્ટિએ જોતાં દરેક વ્યકિત જન્મથી જ પોતાની સાથે વિશિષ્ટ મનોરચના લઇને આવે છે. જેને આપણે સહજપ્રવૃત્તિ (Instincts) કહીએ છીએ તેમનું બલાબલ દરેક વ્યકિતમાં અલગ અલગ હોય છે. તેવીજ રીતે બુદ્ધિશકિતમાં પણ ફરક હોય છે. આ ફેરફાર ને અનુસરીને જ દરેકનો ઓછોવત્તો વિકાસ થાય છે. જન્મતઃ આ ફરક શા માટે હોય છે તેનું કારણ માનસશાસ્ત્રજ્ઞ કહી શકતા નથી. પણ ધર્મજ્ઞશાસ્ત્રજ્ઞ આના કારણ તરીકે પુર્નજન્મનો સિદ્ધાન્ત બતાવે છે. પણ આનું કારણ ગમે તે હોય, પુર્નજન્મનો સિદ્ધાન્ત ખરો હોય કે ખોટો, આ ફરક હોય છે એ નિર્વિવાદ છે અને આ ફરકને લઇને જ વ્યકિત વ્યકિતના વિકાસમાં અંતર જણાય છે કેટલાકનો વિકાસ જલદી થાય છે, ત્યારે બીજા કેટલાકનો ધીમે ધીમે થાય છે. કેટલાક વિકાસના અત્યુચ્ચ શિખરે પહોંચે છે ત્યારે કેટલાક પાછળ રહી જાય છે. આ વાત આપણે હમેશા જોઇએ છીએ.

આ દૃષ્ટિએ જોતાં ઉમર અને વિકાસ એ બેનો સંબંધ ઝાઝો છે એમ નથી કહી શકાતું. એટલે માણસ ઉમરમાં મોટો છે તેથી જ તે જ્ઞાનમાં પણ મોટો હોવો જોઇએ એમ નથી. તેથી માણસ ઉમરમાં મોટો છે તેથી જ તેનાથી નાની ઉમરના માણસોએ તેનું માનવું જ જોઇએ એમ નથી થતું. આ વિચાર સ્વીકારવા જતાં આપણી રૂઢ કલ્પનાઓ અને સ્વીકૃત નીતિતત્વોને ખૂબ ધક્કો બેસશે. નાનાઓએ મોટાઓનું માનવું જ નહીં એવી પરિસ્થિતિ પેદા થઇને આપણા મનને પણ સખ્ત આઘાત લાગશે. પણ નાનાઓએ મોટાઓનું માનવું જ નહિ એવો નિર્ણય આમાંથી નથી નીકળતો. આમાંથી એક જ સિદ્ધાન્ત નીકળે છે અને તે એ કે મોટાઓએ પોતે મોટા છે એટલાજ ખાતર તેમનાથી નાના માણસોએ તેમની યોગ્યાયોગ્ય બધીજ વાતો માનવી જોઇએ એવો આગ્રહ મૂકી દેવો જોઇએ. કારણ કે એ આખી વિચારસરણીજ ભૂલ ભરેલી છે. કોઇ પણ સંસ્થાની શિસ્તના પાલન માટે આજ્ઞાપાલનનો ગુણ ખૂબજ આવશ્યક છે. તદ્દન લોકશાસનવાદી સંસ્થામાં પણ એકવાર પ્રમુખ તરીકે ચૂંટાયેલા માણસને આપેલા અધિકારોની રૂએ તે જે હુકમ બહાર પાડશે તેનું પાલન પ્રજાએ બરાબર કરવું જ જોઇએ એવો નિયમ હોય છે અને આ નિયમ આવશ્યક છે. આવો નિયમ ન હોય તો સમાજની વ્યવસ્થા જાળવીજ અશકય થઇ જાય. કોઇ પણ વ્યવસ્થિત તંત્રમાં પણ એવું જ હોવું જોઇએ. પણ સામાજીક તંત્રમાં આજ્ઞાપાલન નું જે નિયંત્રણ હોય છે તેથી તદ્દન જુદી જાતનું નિયંત્રણ કુટુંબના તંત્રમાં હોય છે. સામાજીક તંત્રનું નેતૃત્વ ગુણોપર આધાર રાખે છે. બધામાં સૌથી વધારે લાયક માણસને જ સમાજના નેતા તરીકે પસંદ કરવામાં આવે છે. આથી ઉલટું કુટુંબમાં તદ્દન નાલાયક, વ્યસની, અજ્ઞાની માણસ પણ બધાંથી તે ઉમરમાં મોટો છે એટલા ખાતર જ કુટુંબનો નેતા થાય છે અને તેની આજ્ઞા બધાંએ પાળવી જોઇએ એવો આગ્રહ રાખવામાં આવે છે. આથી અનેક પ્રકારના અત્યાચાર થાય છે. પતિએ પત્ની પર કરેલા અત્યાચાર, પિતાએ પુત્ર પર કરેલા અત્યાચાર, યુવક યુવતીઓ પર લગ્નની બાબતમાં થતા અત્યાચાર, આજ ભૂલ ભરેલી માન્યતાને લીધે શકય બને છે. જે સ્થિતિ કુટુંબ-સંસ્થાની છે તેજ શિક્ષણ-સંસ્થાની છે. શિક્ષણસંસ્થામાં શિક્ષક પિતાની જગાએ હોય છે અને કુટુંબમાં જે હક પિતાએ કબજે રાખેલો હોય છે તેજ હક શિક્ષકે શિક્ષણસંસ્થામાં કબજે કરેલો હોય છે. શિક્ષક વિદ્યાર્થી કરતાં વધુ શીખેલો છે, એવો એક બચાવ આપી શકાય. પણ આ બચાવ પણ લંગડો છે. નામની છેડે પદવીઓનું પૂછડું લટકાવવાથી જ્ઞાન વધારે છે એમ નથી સિદ્ધ થતું. ઘણીવાર શિક્ષકોના હુકમ અન્યાયી હોય છે અને તેમના

નિર્ણય ભૂલભરેલા હોય છે એમ દેખાઇ આવે છે.

कामात् लोभात् भयात् वापि क्रोधात् वा भ्रष्टबुद्धितः ।
शिष्याय कुमतिं दद्यात् स गुरुः राष्ट्रघातकः ॥

આ શ્લોકમાં વર્ણવેલી સ્થિતિ ઘણા શિક્ષકોની બાબતમાં લાગુ થતી દેખાય છે. આવા સંજોગોમાં શિક્ષકોએ વિદ્યાર્થીઓ પાસે આજ્ઞાપાલનનો આગ્રહ રાખવો કેટલે અંશે બરાબર થાય એ વાંચકોજ વિચારે.

અહીં ઘણા કહેશે કે શિક્ષણ સંસ્થામાંથી કે કુટુંબ સંસ્થામાંથી આજ્ઞાપાલન નીકળી જશે તો અંધાધુંધી જામશે. પણ આજ્ઞાપાલન કાઢી નાખવાનો સવાલજ નથી.. આ આજ્ઞાપાલનનું તંત્ર વધુ વ્યવસ્થિત અને શાસ્ત્રીય થવું જોઇએ એ એનો અર્થ છે. બીજી શિસ્તની જેમ આજ્ઞાપાલનની વૃત્તિ પણ બાળકોના અંતરમાંથી સ્વયં-સ્ફૂર્તિથી ઉત્પન્ન થવી જોઇએ. શુદ્ધ ચારિત્ર્યવાળા લોકપ્રિય શિક્ષકનું નૈતિક વજન વિદ્યાર્થીઓપર કેટલું હોય છે તે કહેવાની જરૂર નથી. પણ આ વજન શિક્ષકના આગ્રહને લીધે આવેલું નથી હોતું પણ તે બાળકોના અંતરમાંથી સ્વયંસ્ફુરિત થયેલું હોય છે. શિષ્યો પર પ્રેમ કરનાર શિક્ષકને વિદ્યાર્થીઓ પાસેથી હમેશા આજ્ઞાપાલન મળે છે એ વાત સૌ કોઇ જાણે છે. અને તેથીજ આવા શિક્ષકો વિદ્યાર્થીઓના જીવનપર પોતાનો કેવો સજ્જડ પ્રભાવ પાડે છે અને તેમના જીવનને કેવું વલણ લગાડે છે તે પણ આપણે હમેશા જોઇએ છીએ.

આનો અર્થ એવો થયો કે વડીલપણાના કે શિક્ષકપણાના હક તરીકે આજ્ઞાપાલન માગવું એ નુકશાનકારક છે. આજ્ઞાપાલન શિક્ષકો માટે કે વડીલો માટે નથી, પણ તે નાનાંઓના કલ્યાણ માટે હોય છે. આ બે વતો ખ્યાલમાં રાખીએ તો આજ્ઞાપાલન એ મોટાઓના ચારિત્ર્યમાંથી ઉદ્‌ભવતી વૃત્તિ છે એ સ્પષ્ટ થશે. અને ચારિત્ર્યની કસોટી છે પ્રેમ અને સેવા છે. જે શિક્ષક બાળકો પર પ્રેમ કરે છે અને તેમની સેવા કરે છે તેને માગ્યા વગર જ વિદ્યાર્થીઓનું આજ્ઞાપાલન મળે છે. જે સ્થિતિ શિક્ષકની તેજ માબાપની અને બીજાં વડીલોની. આજ્ઞાપાલન અને પ્રેમ-સેવાનો એટલો બધો ઘનિષ્ટ સંબંધ છે કે બીજા વગર પહેલું સંભવતું જ નથી. વડીલ માણસ ગમે તેટલું અશિક્ષિત હોય તો પણ પોતાના પ્રેમના બળે નાનાં પર કેટલો ભારે અધિકાર ભોગવે છે તે આપણે જોઇએ જ છીએ.

પ્રેમ અને સેવા એ બે માંથીજ સાચું આજ્ઞાપાલન આવી શકે છે, એ વધારે સ્પષ્ટ કરવાની જરૂર છે. આજ્ઞાપાલન બે જાતનું હોય છે. એક ઐચ્છિક અથવા હાર્દિક અને બીજું અનૈચ્છિક અથવા ફરજીયાત. બીજી જાતનું આજ્ઞાપાલન આપણને લશ્કરમાં દેખાય છે. અધિકારી તરફથી જે હુકમ થાય તેનું પાલન થવું જ જોઇએ; પછી તે હુકમ યોગ્ય હોય કે અયોગ્ય, પાલન કરવાની ઇચ્છા હોય કે ન હોય. આ જાતનું જ આજ્ઞાપાલન કુટુંબોમાં કે શાળાઓમાં સ્થાપવાનો પ્રયત્ન બધે દેખાય છે. સત્તા કે શકિતના બળ પર સ્થપાયેલા આ આજ્ઞાપાલન ને લીધે આજ્ઞા પાળવાવાળાના જીવનનો વિકાસ કે માનસિક શકિતઓનો વિકાસ થઇ શકતો નથી. ઉલટું, તેના મનનું સ્વાતંત્ર્ય નષ્ટ થાય છે અને વિકાસ અટકે છે. તેથી બાળકો પર આવી જાતનું આજ્ઞાપાલન નહીં લાદવું જોઇએ. જુલમથી લદાયેલ આજ્ઞાપાલનનો સ્વીકાર કરનાર બાળકો મોટી ઉમરમાં માબાપ અને શિક્ષકોની સામે બંડ કરે છે એ આપણે હમેશા જોઇએ છીએ. આ પેલા જુલ્મની, દબાણની પ્રતિક્રિયા હોય છે. આપણો હેતુ ગમે તેમ કરી બાળકો પાસે આજ્ઞાપાલન કરાવવું અને વડીલ તરીકેની પોતાની સત્તા અબાધિત રાખવી એ નથી, પણ આજ્ઞાપાલનનો ગુણ યોગ્ય સ્વરૂપમાં બાળકોમાં વિકસાવીને તેમનું જીવન સંપન્ન અને ઉન્નત બનાવવું એ આપણો હેતુ છે-હોવો જોઇએ.

આ હેતુ પહેલી જાતના એટલે ઐચ્છિક આજ્ઞાપાલનની ટેવ પડવાથી જ સફળ થાય છે કારણકે બાળકના જીવન-વિકાસમાં શરૂઆતમાં અનુકરણ અને સૂચન એ બે મહત્વનાં સાધનો છે અને આજ્ઞાપાલનમાં આ બન્નેનો અંશ હોય જ છે. વડીલોની, શિક્ષકોની, દેશનેતાઓની કે અધિકારીઓની આજ્ઞા પાળવામાં તેમનું અનુકરણ કરવાની કે તેમના તરફથી મળતી સૂચનાઓ મુજબ વર્તવાની વૃત્તિ હોય છે. પણ આ વૃત્તિ શ્રદ્ધા વગર જાગતી નથી. જેમને માટે આપણા મનમાં શ્રદ્ધા હોય છે તેમનું જ અનુકરણ આપણે કરીએ છીએ, તેમની જ સૂચનાઓ અનુસાર આપણે વર્તીએ છીએ. માબાપ વિષે બાળકોના મનમાં સ્વાભાવિક શ્રદ્ધા હોય છે, તેથી માબાપ જે કાંઇ કહે કે સૂચવે તે મુજબ વર્તવાની તેમની વૃત્તિ હોય છે. એજ વાત શિક્ષકોની બાબતમાં છે. ગાંધીજી, જવાહરલાલ જેવા દેશનેતાઓના એક આદેશથી અસંખ્ય માણસો

પોતાના પ્રાણ આપવા તૈયાર થાય છે, એની પાછળ આ જ તત્ત્વ છે.

એટલે ઐચ્છિક આજ્ઞાપાલન બાળકોના જીવનમાં લાવવું એ આપણો હેતુ થયો. એવું આજ્ઞાપાલન બાળકના જીવન વિકાસ માટે આવશ્યક છે એ ઉપર બતાવેલ માનસશાસ્ત્રના નિયમ પરથી સ્પષ્ટ થાય છે. ઐચ્છિક આજ્ઞાપાલન પેદા કરવા માટે શ્રદ્ધા ઉત્પન્ન કરવી જોઇએ અને શ્રદ્ધા માટે પ્રેમ અને સેવા તેમજ ઉત્કૃષ્ટ ચારિત્ર્ય એ આવશ્યક છે.

પ્રેમ, સેવા અને ચારિત્ર્ય એ ત્રણેનો સુમેળ હોય, તેને લીધે બાળકોમાં શ્રદ્ધા પેદા થઇ હોય, તો પણ આજ્ઞાપાલનની શિસ્ત સ્થાપન કરવાની કળા વડીલો અને શિક્ષકોને અવગત હોવી જોઇએ. ગમે તેવી આજ્ઞાઓ આપતાં જઇએ તો બાળકોની શ્રદ્ધા ડગી જશે. આજ્ઞાઓ યુક્તિસંગત હોવી જોઇએ, તે ન્યાય પર રચેલી હોવી જોઇએ, તે બાળકોના હિત માટે જ હોવી જોઇએ, પોતાનો અધિકાર બજાવવા માટે નહીં. અનુકરણ અને સૂચન એ પ્રવૃત્તિઓ બાળકોમાં બળવાન હોય છે એ ખરું; પણ બધાથી બળવાન એવી આત્મપ્રવૃત્તિ બાળકોમાં હોય છે. આત્મપ્રવૃત્તિને ધક્કો લાગે તો બીજી પ્રવૃત્તિઓ પાછી હઠે છે. તેથી બાળકોને અપમાન લાગે એવી આજ્ઞાઓ નહીં કરવી જોઇએ. આટલી સંભાળ રાખીને આપણે આજ્ઞાપાલનની વૃત્તિ પેદા કરવાનો પ્રયાન કરીશું તો બાળકોના જીવનમાં આજ્ઞાપાલનની યોગ્ય શિસ્ત ઉપન્ન થશે. અને સત્તાના બળ પર આજ્ઞાપાલન લાદવાનો પ્રયત્ન થશે તો તેનું પરિણામ વિપરીત આવશે અને બાળકોનો જીવનવિકાસ કુંઠિત થશે.

( મરાઠી પરથી ) — ગો. ર. કુલકર્ણી

## * * મે અનુભવ * *

મોંટેસોરી પદ્ધતિનો મારો અભ્યાસ પૂર્ણ થયા પછી અનુભવ માટે નોકરી કરવી એવો વિચાર કરી હું નોકરીની ખોળ કરતી હતી. ત્યાં તો એક શ્રીમંતોની નિશાળમાં મને નોકરી મળી ગઇ. જે શાળામાં મને નોકરી કરવાની તક મળી એ શાળાનું ઉદ્‌ઘાટન પણ મારે હાથે જ થવાનું હતું. કારણ કે એ શાળાની મુખ્ય અધ્યાપિકા તરીકે મારી જ નિમણુંક થઇ હતી.

અમારી શાળા જૂનની ૧૦ મી તારીખે ઉઘડવાની હતી. પરંતુ શાળામાં પોતાના બાળકનું નામ દાખલ કરવા માટે તા. ૮ તથા ૯ મીએ પાલકોને રૂબરૂ લઇને બોલાવવામાં આવ્યા હતા. કેટલાય દિવસ અગાઉથી છાપામાં પણ જાહેર કરવામાં આવેલું ! આઠમી તારીખે શાળાની ઓફીસમાં સો રૂપિયા કિંમતનું એક મોટું બધું ટેબલ ગોઠવવામાં આવેલું. તે પર એક બાજુ ફોર્મસનું બંડલ શોભતું હતું તો બીજી બાજુએ બે ચાર હોલ્ડર, ઉંચી જાતનો બડીઓ ને મોટો એવો બ્લોટિંગપેપર પોતાની મહત્તા બતાવી રહ્યાં હતાં ! ઓફીસની બહાર ૫૦/૬૦ પાલકોની હાર લાગી ગયેલી. બિચારા બે ચાર કલાક અગાઉથી જ આવી ગયેલા.

બરાબર અગિયાર થયા ને એક એક બબ્બે પાલકોને અંદર પ્રવેશ આપવામાં આવ્યો. ઝપાટાબંધ બધાના ફોર્મસ ભરી લેવામાં આવ્યા અને ૪૫ ફોર્મસ ભરાયા કે તરત જ ઓફીસનું બારણું ધડ દઇને બંધ કરવામાં આવ્યું. જેમનાં બાળકોના ફોર્મસ ન હતા ભરાયા તેમનાં હૃદય ઉપર જાણે ઘા કરાયો ન હોય !

શાળામાં સાધનો તો કેટલાયે દિવસ અગાઉથી જ લાવી રાખવામાં આવ્યાં હતાં, શાળા ખોલવાની બધી જ પૂર્ણ તૈયારીઓ કરી દેવામાં આવી હતી. આખરે ૧૦ મી તારીખે સવારે બરાબર ૧૦ વાગે અમારું બાલમંદિર ખુલ્લું મુકવામાં આવ્યું. પૂર્વતૈયારી માટે અમે શિક્ષિકાબહેનો લગભગ દોઢ કલાક વહેલાં શાળામાં આવેલાં. ને વળી અમારા સેક્રેટરી, અમારા આસિસ્ટંટ સેક્રેટરી, એમની એક બે મદદનીશ બહેનો, એમ પાંચ છ વધારાની વ્યક્તિઓ પણ હાજર હતી.

શાળાનો મુખ્ય ઓરડો ખૂબ શણગારવામાં આવ્યો હતો. કાચના કબાટમાં લાકડાનાં રમકડાં, શાક, ફળો, હાથી, ઘોડા, સિંહ વિગેરે વસ્તુઓ કલાત્મક રીતે મૂકવામાં આવી હતી. કબાટની ઉપર સુંદર ફૂલદાનીઓમાં તેથી પણ સુંદર ફૂલો મૂકયાં હતાં. એક બાજુએ સાધનો મૂકવા માટે આધુનિક પદ્ધતિનું સ્ટેંડ મૂકયું હતું. તેના ઉપર પરોવવાના મણકા, રંગીન ઘન, પોસ્ટ બોકસેસ વિગેરે સાધનો મૂકયાં હતાં.

બીજી બાજુએ નાનું એવું સુંદર ડેસિંગ ટેબલ, રંગબેરંગી કાંસકીઓ, ધસ્ત્રી કરેલા નેપકિન, આમલીથી

ધસેલી તદ્દન નવી જ પિત્તળની ડોલો, પિત્તળના લોટા, પાણી પીવાના પિત્તળના પીપ, અને નાનાં નાનાં ચળકતાં પવાલાં એવી એવી વસ્તુઓ બાળકોને આકર્ષક થઇ પડે એવી રીતે ગોઠવીને રાખેલી હતી. જાણે કોઇ ધનિકનો બંગલો જ સજાવી દીધો ન હોય!

આમ બાળકોની ગેરહાજરીમાં કોઇ શાળા જોવા આવ્યું હત તો ચોક્કસ અંજાઇ જ જાત! પણ ૪૬ બાળકોમાંથી ૪૦ બાળકો હાજર રહ્યા અને તેમની સાથે તેમની માતાઓ પણ આવેલી. એટલે શાળાની નાનીશી જગ્યા માણસોથી ઉભરાઇ ગઇ ને શાળાને ગોકુળ આઠમના મેળાનું સ્વરૂપ પ્રાપ્ત થઇ ગયું. નવા બાળકોએ ગભરાઇ જઇને રડવાનું શરૂ કર્યું ને કોઇ હિંમતવાન બાળકોએ નવાં નવાં રમકડાં માંગવા માંડયાં. આખી શાળા ગાજી ઉઠી ને શિક્ષકોનો તો બાળકોને સમજાવતાં સમજાવતાં દમ નીકળી ગયો! જ્યે ક આટલાં નાનાં બાળકો, પહેલવહેલાંજ ઘરનું સુરક્ષિત વાતાવરણ છોડી નિશાળના નાવિન્યપૂર્ણ વાતાવરણમાં આવેલાં તેથી ગભરાઇ ન ગયાં હત તો જ નવાઇ લાગત!

કોઇ બાળકો હિંમતભેર સાધનો લેતાં હતાં. પણ તેમનામાંયે ઇંદ્રિયો ઉપર કાબુ ન હોવાથી કેટલાક અથડાઇ પડી જતાં હતાં, તો કેટલાકના હાથમાંથી સાધનો પડી જઇ મણકા વેરાઇ જતા હતા.

આવી જ ધમાલમાં લગભગ બે કલાક વીતી ગયા. આખરે બધાં બાળકોને થોડો થોડો સૂકો મેવો આપી રવાના કર્યાં ને અમે છુટકારાનો દમ ખેંચ્યો!

આ અનુભવ પછી અગિયાર મહિના પછીની જ વાત છે. ઉનાળાની રજામાં મને બોડીં મુકામે કામ કરવા જવાનો પ્રસંગ આવ્યો. ત્યાં બીજા જ પ્રકારની એક બાલવાડી ખોલવાની તક મળી.

બોડીં ગામમાં માંગલવાડા કરીને એક વિભાગ છે. ત્યાં ઘણી ખરી વસ્તી ગરીબ કોળી કોમની છે. તેમાંનો પુરૂષવર્ગ પોતાનો ઘણોખરો સમય શાંત સાગરના સાન્નિધ્યમાં અથવા તો દારૂના લત્તામાં કાઢે છે ને સ્ત્રી વર્ગ બજારમાં માછલી વેચવા બેસે છે. એટલે બિચારાં બાળકોને માટીમાં ને ગારામાં રમવા સિવાય બીજી પ્રવૃત્તિયે શું રહે?

આવા પ્રકારની આ વસ્તીમાં જ્યારે અમે બાલવાડી શરૂ કરવાના ઉદ્દેશથી ગયાં ત્યારે જે કરૂણ દૃષ્ય અમારી નજરે પડ્યું તે ખરેખર કદી ભૂલી નહિ શકાય. કેટલાંયે બાળકોનાં શરીર પર પૂરતાં કપડાંયે નહોતાં! એકાદ મેલુંઘેલું ફાટેલું તૂટેલું બમીશ અથવા પોલકું એ જ એમનો પોશાક. નાહી ધોઇને બદલાવી શકાય તેટલુંયે કપડું એમની પાસે ન હતું. શું કરે બિચારાં? કયાંથી ચોખ્ખા રહેને આરોગ્ય જાળવે? બાળકોનાં પેટ જોઇએ તો ઢોલની માફક ફૂલી ગયેલાં. એમણે શું લાડવા બાધાં હશે? નારે ના! એ તો પેટમાં જીવડા પડેલા તેથી બધાંનાં એવાં પેટ થયેલાં. બાળકોમાં બસ તો સર્વવ્યાપી જ બની ગયેલી. પણ દવા કોણ આપે એમને?

પણ આવી કપરી ને દયાજનક સ્થિતિમાં રહેતાં હોવા છતાં અમને જોઇને, અમારૂં ભજન સાંભળીને, એમના મુખ ઉપર કેટલી ભયમિશ્રિત ઉત્સુકતા છવાઇ ગઇ! તેમની ગંદી શેરીઓમાંથી જ્યારે અમે મંજીરા વગાડતા ને 'રઘુપતિરાઘવ'ની ધૂન બોલતાં નીકળ્યાં ત્યારે કેટલાંયે બાળકો ધીરે રહીને પોતપોતાના બોરડામાંથી ડોકીયું કરી અમને જોઇ રહ્યાં. એમનું એક મન કહેવા લાગ્યું, "કેવું સરસ ગાય છે. એમની પાછળ જઇને એમનું સંગીત સાંભળ્યાં જ કરીએ." ત્યાં તો બીજું મન બોલી ઉઠતું, "ના રે ભાઇ! એમ તે કંઇ જવાય! એ લોકો આપણને કંઇ કરે તો! એના કરતાં અહિંથીજ સાંભળીએ તો શું બોટું?" એમની તેજસ્વી આંખોમાં એમની આ દ્વિધા મનઃસ્થિતિ સ્પષ્ટ જણાઇ-આવતી હતી. અમે તરત જ એ પારખી લીધું ને અમારી પાસે આવવા એમને ઇસારો કર્યો. બસ એટલી જ જરૂર હતી. અમે ઇસારો કરતાંની સાથે અમારી આસપાસ કેટલાંયે બાળકો ફરી વળ્યાં. પહેલાં મોટાં બાળકો આવ્યાં ને તેમની પાછળ તેમનાં ભાંડુઓ આવ્યાં.

બાલવાડી ખોલવાની અમારી તયારીયે જોવા જેવી હતી. આગલે દિવસે એક રસ્તાના વળાંક ઉપર થોડી જગ્યા હતી તે સાફ કરી રાખેલી. જગ્યાની આસપાસ નાની ઝુંપડીઓ ને ઝુંપડીઓની સામે માછલી પકડવાની જાળો લટકાવેલી. માછલીની દુર્ગંધી તો એટલી આવે કે કંઇ વાત પૂછો મા! નાક ઉપર રૂમાલ મૂકવાનું જ મન થાય. આવી અપૂર્વ જગ્યાએ બીજે દિવસે અમે બે ત્રણ જણ મંજરીઓ લઇ ગાતાં ગાતાં જઇ પહોંચ્યાં. સાથે બે સાવરણા યે રાખેલા. જઇને તરત જગ્યા સાફ કરી લીધી ને આસન પાથરી બેઠાં ભજન કરવા!

બસ! આટલી જ તૈયારથી અમે બાલવાડી શરૂ કરેલી. પણ એ સ્થળે નિર્ભેળ આનંદ, તીવ્ર ઉત્સુકતા ને અમાપ

જિજ્ઞાસા દેખાઇ આવતી હતી. અમારી સામે બેઠેલાં બાળકોની આંખો જાણે અમને કહેતી હતી, "હવે તો રોજ આવશોને? અમને વાર્તા કહેશોને?"

બે અનુભવ! પણ કેટલા ભિન્ન પ્રકારના!! એક જગ્યાએ પહેલાં અમારી પાસે બાળકો આવ્યાં ને એમને આકર્ષી લેવાની જવાબદારી અમારે માથે આવી પડી. તો બીજી જગ્યાએ પ્રથમ આકર્ષણ થયું ને એ આકર્ષણને લીધે બાળકો અમારી પાસે આવેલાં. એક ઠેકાણે શહેરનો બાહ્ય દેખાવ હતો તો બીજી જગ્યાએ ગામડાની સાદાઇ હતી. એક ઠેકાણે પગાર માટે કામ કરવાનું હતું તો બીજી જગાએ સ્વયંસ્ફૂર્તિથી કામ કરવાનું હતું તેથી જ માંગલ્યવાડીના અનુભવથી જે ઉર્મિઓ ઉછળી ને કાર્ય માટે તમન્ના જાગી તે શહેરના અનુભવથી કદી ન જાગત.

(મરાઠી પરથી) —શારદા ગદ્રે.

## * * પૂનાનું જ્ઞાનસત્ર * *

આપણા પ્રધાન મંત્રી શ્રી. બાળાસાહેબ ખેરની અદમ્ય કાર્યનિષ્ઠા એમના જીવનના બધાં કાર્યોમાં દેખાઇ આવે છે. પ્રધાનમંત્રી હોવા ઉપરાંત તેઓ મુંબઇના નવા રાજ્યતંત્રમાં શિક્ષણમંત્રી પણ છે. અશિક્ષિતતાનો કાળો કલંક હિંદુસ્તાનને માથે છે, તેને ભૂંસી નાખવા માટે જેટલો પ્રયત્ન મુંબઇમાં બાળાસાહેબની સરકારે કર્યો છે તેટલો ભાગ્યે જ હિંદના બીજા કોઇ પણ પ્રાંતમાં થયો હશે. મુંબઇ પ્રાંતનું સાક્ષરતાનું પ્રમાણ બીજા કોઇ પણ પ્રાન્ત કરતાં વધારે છે એજ એની સાબીતી છે.

પણ બાળાસાહેબ આગળ માત્ર સાક્ષરતા–પ્રચારનો જ પ્રશ્ન હોત તો વાત ઘણી સહેલી હતી. શિક્ષણની જૂની વ્યાખ્યાથી–વાચન, લેખન અને ગણિતનું શિક્ષણ–જો તેમને સંતોષ થયો હોત તો તેમનું કાર્ય ઘણું જ સહેલું હતું. પણ બાળાસાહેબ રહ્યા આદર્શવાદી. શિક્ષણ સાર્વત્રિક થવું જોઇએ, શિક્ષણ ફરજીયાત હોવું જોઇએ, શિક્ષણ આબાલવૃદ્ધ બધાંને મળવું જોઇએ અને શિક્ષણ શાસ્ત્રશુદ્ધ અને જીવનનો સર્વાંગીણ વિકાસ કરવાવાળું હોવું જોઇએ. એવો ઉંચો આદર્શ મનમાં રાખી બાળાસાહેબે પોતાનું કામ ખૂબજ અઘરું કરી લીધું છે. એને લીધેજ બાળાસાહેબ આપણાં બધાંના આદરને પાત્ર છે.

આ વિકટ પ્રશ્નનો ઉકેલ વધુમાં વધુ સફળતાથી લાવી શકાય એવી વિચાર અને અનુભવોની સામગ્રી એકઠી કરવા માટે જુલાઇની ૩૦ મી અને ૩૧ મીએ પૂનામાં બધા પ્રાંતોના શિક્ષણ મંત્રીઓ અને હિંદભરના રાષ્ટ્રીય વિચારના સારા સારા કેળવણીકારોની એક પરિષદ શ્રી. બાળાસાહેબે બોલાવી હતી. આ પરિષદ યથાસમય ભરાઇ. તેમાં અનેક વિચારકોએ હાજરી આપી અને ઘણીજ મહત્વની વિચારણા તેમાં થઇ. પરિષદની ધુરા પ્રમુખ સ્થાનેથી શ્રી. બાળાસાહેબ ખેરેજ ઉપાડી હતી.

આ પરિષદની કાર્યવાહી જોવાને જેઓ ભાગ્યશાળી થયા હતા તેમને ખરેખર જ એક મહાન જ્ઞાનસત્રના સાક્ષી થયાનો આનંદ મળ્યો. આ પરિષદમાં જે ચર્ચાઓ થઇ તેમાં શિક્ષણશાસ્ત્રના સિદ્ધાંતોનું અવલોકન તો હતું જ, પણ ભાવી માટેનું સ્પષ્ટ દિશાસૂચન પણ હતું. અને એજ આ પરિષદની વિશિષ્ટતા છે. માત્ર સિદ્ધાંતોની ચર્ચાઓ અનેક પરિષદોમાં થાય છે, પણ ચર્ચાઓ પછી જે નિર્ણય ઉપર પરિષદ આવે તેનો અમલ કરવાની સત્તા કે શકિત પરિષદમાં ન હોવાથી તે પરિષદનું પ્રત્યક્ષ ક્રિયાની દૃષ્ટિએ મૂલ્યાંકન ઘણું જ ઓછું થાય છે. પણ આ પરિષદમાં પ્રાંતોના સત્તાધીશ શિક્ષણમંત્રીઓ હોવાથી પરિષદે લીધેલા નિર્ણયો પ્રત્યક્ષ ક્રિયામાં ઉતરશે જ એવી સંભાવનાને લીધે આ પરિષદ હિંદુસ્તાનના ગયા દોઢસો વર્ષના શિક્ષણના ઇતિહાસમાં અદ્વિતીય ગણાશે એમાં શંકા નથી.

પરિષદમાં બધા પ્રાન્તોના શિક્ષણમંત્રીઓએ પોતપોતાના પ્રાન્તોની શિક્ષણ અંગેની પરિસ્થિતિ રજુ કરી. તેમનાં વકતવ્યો પરથી એક વાત સ્પષ્ટ જણાઇ આવી કે રૂઢ શિક્ષણપ્રણાલીમાં મૌલિક પરિવર્તન કરવાની હાર્દિક ઇચ્છા બધા મંત્રીઓની હોવા છતાં, આર્થિક તેમજ તાંત્રિક મુશ્કેલીઓ બધા આગળ પારવિનાની હતી. શિક્ષકોના પગાર વધારવા જોઇએ, પૈસા કયાંથી લાવવા? નવા આદર્શવાળા શિક્ષકો જોઇએ, તેમને ઝપાટાભેર તાલીમ શી રીતે આપવી? જૂના શિક્ષકો અને શિક્ષણાધિકારીઓને નવી વિચારધારામાં શી રીતે બેસાડવા? વગેરે પ્રશ્નો બધાને મુંઝવતા હતા. પણ આ પ્રશ્નોનો ઉકેલ અમે લાવવા માંગીએ છીએ એવી

ધગશ પણ બધાના વક્તવ્યોમાં તરી આવતી હતી.

પરિષદની સાચી ભવ્યતા તો વિદ્વાન શિક્ષણ-શાસ્ત્રજ્ઞોએ શિક્ષણના સિદ્ધાન્ત વિષે જે પ્રવચનો કર્યાં તેમાં છે. આમાં અગ્રભાગે પૂ. બાપુજી આવે છે. પહેલે જ દિવસે બપોર પછીની બેઠકમાં તેમણે શિક્ષણ વિષેની પોતાની જે વિચારધારા વહેરાવી તેમાં જીવનનાં મહાન તત્ત્વોને પ્રત્યક્ષ આચારમાં કેવી રીતે ઉતારવું તેનું સ્પષ્ટ દિગ્દર્શન હતું. ગાંધીજીની વિચાર પદ્ધતિ આર્ષ છે. સત્યનું દર્શન તેમને એની મેળે થાય છે અને તે સત્ય તેઓ દુનિયા આગળ નિર્ભયતાથી મૂકે છે. કેળવણીની બાબતમાં પણ સ્વાવલંબી કેળવણી એજ હિંદ માટેની સાચી કેળવણી છે એ વાત એમણે અસંદિગ્ધ શબ્દોમાં મૂકી હતી. સાથે સાથે હિંદની કેળવણીમાં અંગ્રેજીને અવકાશ જ નહી હોઇ શકે એ વાત પણ એમણે સ્પષ્ટ કહી હતી. બાળકોને ક્રિયા દ્વારા જ કેળવણી શા માટે આપવી એ સમજાવતાં તેમણે હસ્તક્રિયાનો નાશ એટલે માનવી સંસ્કૃતિનો નાશ એ મહાન સત્ય પરિષદ આગળ રજુ કર્યું હતું. ગાંધીજીનું પ્રવચન ખૂબ જ પ્રેરક અને ઉદ્‌બોધક હતું.

પરિષદના વિદ્વાનોમાં ડો૦ ઝાકીર હુસેન સહેજે સૌનું ધ્યાન ખેંચતા હતા. કોઇ પણ જટિલ સમસ્યા પર પોતાની અદ્‌ભુત પૃથક્કરણની શૈલીથી અવાસ્તવ મુદ્દાઓને અલગ કરી મુખ્ય વસ્તુને તારવીને બધા આગળ રજુ કરવાની તેમની કળા સાચે જ અનુપમ હતી. સાત વર્ષથી ઓછો અવધિ કેળવણી માટે નકામો છે. તેથી પ્રાથમિક કહો કે પાયાની કહો, જે કેળવણી ફરજીયાતરૂપે આપણે દાખલ કરવા માંગીએ છીએ તે ઓછામાં ઓછી સાત વર્ષની હોવી જ જોઇએ એ વાતનું સમર્થન ડોકટર સાહેબે ખૂબ જ કુશળતાથી કર્યું હતું. આચાર્ય કૃપલાનીએ ભેગા થયેલા મંત્રીઓ આગળ લાલબત્તી ધરીને જણાવ્યું કે જીવન સળંગ વસ્તુ છે. તેના ભાગલા પાડવા જઇએ તો જીવન વિચ્છિન્ન થાય અને નિષ્ફળ નીવડે. શિક્ષણમાં ગાંધીજીએ બતાવેલી પાયાની કેળવણીનો સ્વીકાર કરવો અને આર્થિક કે ઔદ્યોગિક બાબતોમાં રશિયા કે બીજા પાશ્ચાત્ય દેશોની યોજનાઓ સ્વીકારી ઔદ્યોગીકરણની નીતિ સ્વીકારવી એમ કરવા જતાં આદર્શોના આ સંઘર્ષમાં કાર્યસિદ્ધિ શૂન્ય આવશે, એ વાત કૃપલાનીજીએ પોતાની અનુપમ શૈલીમાં રજુ કરી. ત્યારે ડો. ઝાકીર હુસેને એક મોટી વાત બતાવી. તે એ કે જો શિક્ષણપદ્ધતિ સાચી હોય તો તેમાંથી કેળવાઇને બહાર નિકળતા વિદ્યાર્થીઓ એવા સાચા નાગરિકો થશે કે સમાજમાં કોઇ પણ જાતની રચના આવશે તો તેમાં તે બધી રીતે વધારે જવાબદારીથી કામ કરશે. સાચી શિક્ષણપદ્ધતિ અમુક રજકીય નીતિ હોય તોજ સાચી છે અને બીજી હોય તો ખોટી છે એમ નથી બનતું. ડો. સાહેબના આ કથનમાં કેટલી સૂક્ષ્મદૃષ્ટિ અને વિચાર શુદ્ધિ રહેલી છે તે વાંચકો સહેજે જોઇ શકશે.

આ ઉપરાંત આચાર્ય કાકા કાલેલકરે પ્રચલિત પ્રાથમિક શાળાઓને બુનિયાદી શાળાઓમાં ફેરવવાનો જે ક્રમ અને યોજના બતાવી તે મૌલિક હતી. અંગ્રેજી ભાષાને કેટલે સુધી સ્થાન આપવું એ ચર્ચામાં પણ કાકાસાહેબે અસંદિગ્ધ ભાષામાં અંગ્રેજીની જરૂર આપણા રાષ્ટ્રજીવનમાં કેટલી ઓછી છે તે સ્પષ્ટ કર્યું.

શ્રી. આર્ય નાયકમે બાપુજીની જીવન વિષયક દૃષ્ટિ સ્પષ્ટ કરી બતાવી. શ્રી. આશાદેવી હિંદુસ્તાનની ગરીબ પ્રજાના બાળકોને પૌષ્ટિક ખોરાક અને શારીરિક સ્વચ્છતા એ બે આવશ્યક વસ્તુઓ આપવાનો પહેલો પ્રયત્ન કરવો જોઇએ એ વાત પર ભાર મૂક્યો. પ્રો. ગાડગીલે પ્રજાની શિક્ષણની અદમ્ય ભુખ બનતી ઉતાવળે પૂરી કરવી જોઇએ એ વાત પોતાની અનુપમ શૈલીમાં પરિષદ આગળ મૂકી. સાતારાના શ્રી. ભાઉરાવ પાટીલે પોતાના જીલ્લામાં પોતે કરેલ શિક્ષણ કાર્યની પ્રત્યક્ષ માહિતી આપી એકનિષ્ઠા અને સતત પ્રયત્નથી કેટલું કામ થઇ શકે છે તેનો ખ્યાલ બધાંને આપ્યો.

આ રીતે ખૂબ જ રસિક અને જ્ઞાનપ્રદ ચર્ચા થયા પછી પરિષદે કેટલાક મહત્ત્વના નિર્ણયો સર્વાનુમતે કર્યા. તેમાં બુનિયાદી અભ્યાસક્રમના સાત વર્ષના અભ્યાસક્રમમાં અંગ્રેજીને સ્થાન ન હોવું જોઇએ એ નિર્ણય ખૂબજ મહત્ત્વનો હતો. બુનિયાદી અભ્યાસક્રમ પૂરી રીતે દાખલ કરી શકાય ત્યાં સુધી બેસી ન રહેતાં બધી ચાલુ પ્રાથમિક શાળાઓમાં હસ્તોદ્યોગ દાખલ કરવાની નીતિ બધાએ સ્વીકારવી એવી ભલામણ પરિષદે કરી. બુનિયાદી યોજના વિશિષ્ટ કેન્દ્રોમાં દાખલ કરવાની નીતિ રાખવી કે સાર્વત્રિક રીતે દાખલ કરવી એના ઉપર સાધક બાધક ચર્ચા થઇને સામાન્ય રીતે એમ ઠરાવવામાં આવ્યું કે વિશિષ્ટ કેન્દ્રોની અત્યાર સુધીની નીતિ ન લેતાં સાર્વત્રિક રીતે પ્રયોગ કરવાની નીતિ વધારે ફળદાયી છે.

પ્રૌઢ શિક્ષણ અને સાક્ષરતા પ્રચારની ઉદ્‌બોધક ચર્ચા પણ પરિષદમાં થઇ. પરિષદ જો કે બુનિવાદી તાલીમની દૃષ્ટિએ વિચાર કરવા માટે બોલાવાઇ હતી, તો પણ પૂર્વ બુનિવાદી (Pre–basic) અને ઉત્તર બુનિયાદી (Post–basic) વિષેની ચર્ચાઓ પણ તેના અનુસંધાનમાં થઇ જ. તેમાં ખાસ કરીને ગાંધીજીએ પોતાના પ્રવચનમાં મનુષ્યની કેળવણી ગર્ભાવસ્થામાંથી શરૂ થાય છે અને મૃત્યુસુધી ચાલે છે એ વાત સભા આગળ મૂકી નવા શિક્ષણની વ્યાપ્તિ વિશદ કરી હતી.

આ પરિષદનો લાભ લઇ મુંબઇના જાણીતા શ્રી. હિલેકરે શિક્ષણમાં ચિત્રો અને ચિત્રપટોનું સ્થાન કેવું છે તે બતાવવા માટે એક સુંદર પ્રદર્શન વાડીયા કોલેજમાં ગોઠવ્યું હતું. તે ખૂબજ ઉદ્‌બોધક હતું.

આ રીતે એ દિવસનું આ જ્ઞાનસત્ર જોનાર અને

સાંભળનાર માટે ખૂબજ ઉદ્બોધક થયું. સાંભળનાર તો સાંભળી ને ચાલ્યા ગયા; પણ પરિષદમાં નકકી કરેલી કાર્યપદ્ધતિ અમલમાં મૂકવાના ભગીરથ કાર્યના બોજ-નીચે ચિંતાગ્રસ્ત થયેલા શિક્ષણ મંત્રીઓએ પોતાની રાતની નીંદ ગુમાવી હોય તો તેમાં નવાઇ નથી. અમે ઇશ્વરને પ્રાર્થીએ છીએ કે હિંદુસ્તાનનાં બાળકોની કેળ-વણીના પ્રશ્નનો સફળ ઉકેલ લાવવાની શકિત તે આ શિક્ષણ મંત્રીઓને આપો.

ગો. રા. કુલકર્ણી

## નૂતન બાલ-શિક્ષણ સંઘની
## —બીજી સામાન્ય સભા—

નૂતન બાલ શિક્ષણ સંઘની બીજી સામાન્ય સભા તા. ૩–૮–૪૬ શનિવારના રોજ સાંજના પાંચ વાગે ભગિની સમાજ બાલમંદિરમાં મુંબઇ મુકામે મળી હતી.

અમદાવાદથી આ સભાને માટે શ્રી. સરલાદેવી સારાભાઇ ખાસ પધાર્યાં હતાં અને તેમને સભાનું પ્રમુખસ્થાન આપવામાં આવ્યું હતું.

આગલી સભાના કામકાજનો અહેવાલ વંચાયા બાદ સૂચિત કાર્યક્રમ પ્રમાણેના ઠરાવોનું કામકાજ હાથ ધરવામાં આવ્યું હતું. નીચેના ઠરાવો સર્વાનુમતે પસાર થયા હતા.

૧ ગયી સભાએ મંજૂર કરેલ સંઘના કામનો અહેવાલ પ્રગટ થયો હતો પરંતુ કાગળની મુશ્કેલીને લીધે હિસાબ છાપી શકાયો ન હતો. તે હિસાબ હવે 'શિક્ષણ પત્રિકા' માં પ્રગટ કરવો એમ નક્કી થયું.

૨ સને ૧૯૪૪–૪૫ નો સંઘના કામનો અહેવાલ તથા હિસાબ મંજૂર થયો અને તે પણ 'શિક્ષણ પત્રિકા'માં પ્રગટ કરવાનું ઠરાવ્યું.

૩ સંઘની મિલકત વિશ્વસ્ત મંડળને સુપ્રત કરવા વિષેની બંધારણની કલમમાં સૂચવેલો વ્યવસ્થાપક મંડળનો ઠરાવ જે શિ. પ.ના આગળનાં અંકમાં છપાયો હતો તે પસાર કરવામાં આવ્યો.

૪ આજીવન સભ્યોના વર્ગ ક, ખ, ગ, ઘ છે, તેને નીચે પ્રમાણે નામ આપવાં એમ નકકી કર્યું.

| | | |
|---|---|---|
| પ્રદાતા | આજીવન સભ્ય | ૧૦૦૦ કે તેથી વધારે |
| દાતા | ,, | ૫૦૦ ,, |
| શુભેચ્છક | ,, | ૨૫૦ ,, |
| હિતેચ્છુ | ,, | ૧૦૦ ,, |

અને ચ વર્ગ (રૂા. ૫૦ નો વર્ગ) કમી કરવો એમ નકકી કર્યું.

પ્રમુખશ્રીનો આભાર માન્યા બાદ સભા વિસર્જન થઇ હતી.

મંત્રી
નૂ. બા. શિ. સંઘ.

## ગ્રાહક, વાંચક અને લેખકોને સૂચના

૧ શિક્ષણ પત્રિકાનું લવાજમ જેમનું બાકી હશે તેમણે ડિસેંબર ૧૯૪૬ સુધીનું તરત જ મોકલી આપવું. ઓગસ્ટના અંત સુધી રાહ જોઇ સપ્ટેંબરનો અંક જેમનું લવાજમ નહીં આવે તેમને વી. પી.થી મોકલ-વામાં આવશે. વી. પી.ને લીધે ગ્રાહકોને ૫/૬ આના વધારે ખર્ચ થશે.

૨ ગ્રાહકોએ પત્રવ્યવહાર કરતી વેળાએ પોતાનો **ગ્રાહક નંબર લખવો જોઇએ.** પત્રવ્યવહાર "વ્યવ-સ્થાપકે, **શિક્ષણ પત્રિકા,** શાન્તારામ નારાયણ લેન, વાલકેશ્વર, મુંબઇ નં. ૬." એ સરનામે કરવો.

૩ મનીઓર્ડર કે ચેક ઉપરને સરનામે જ મોકલવો. ચેક 'સેક્રેટરી, **નૂતન બાલ શિક્ષણ સંઘ**'ના નામનો લખવો અને ક્રોસ કરવો.

૪ સરનામું બદલાયું હોય તો ગ્રાહકોએ તરત જ **શિ. પ. કાર્યાલય**પર નવું સરનામું પોતાના ગ્રાહક નંબર સાથે લખી મોકલવું.

૫ જેમને અંક બંધ કરવો હોય તેમણે તરતજ તેમ જણાવવું; એટલે વી. પી. નો ખર્ચ નકામો નહિ કરવો પડે.

૬ અંક ન મળ્યાની ફરીયાદ બને તેમ વહેલી કરવી.

૭ પત્રિકા માટે જેમને લેખ મોકલવા હોય તેમણે મરાઠી, ગુજરાતી કે હિંદી કોઇ પણ એક ભાષામાં લખી મોકલવા. લેખ કાગળની એક જ બાજુએ સુવાચ્ય અક્ષરે લખવો અને "સંપાદક, શિક્ષણ પત્રિકા, ૧૧૮, હિન્દુ કોલની, દાદર" એ સરનામે મોકલવો. વ્યવસ્થા-પકને સરનામે મોકલવો નહિ.

વ્યવસ્થાપક—**શિક્ષણ પત્રિકા**

મુદ્રક–પ્રકાશક:–ગો. રા. કુલકર્ણી, ૧૧૭, હિંદુ કોલોની દાદર–મુંબઇ ૧૪, મુદ્રણ સ્થાન:–સ્ટેટ્સ પીપલ પ્રેસ, ૧૩૮, મેડોઝ સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઇ.

સદ્‌ગત કૈ. કાશીબાઈ નવરંગે

# શિક્ષણ પત્રિકા

( નૂતન બાલશિક્ષણ સંઘ )

આદ્ય તંત્રી : સ્વ. શ્રી. ગિજુભાઇ બધેકા

તંત્રી : શ્રી. તારાબેન મોડક

સહ સંપાદકો : શ્રી. ગોપાળરાવ કુલકર્ણી, શ્રી. બંસીધરજી, શ્રી. રામલાઈ પાઠક

## કેળવણીનો ઉદ્દેશ

કેળવણીનો ઉદ્દેશ મુખ્યત: જીવનશુદ્ધિ અને જીવન સમૃદ્ધિ એજ હોવો જોઇએ. "જીવનને માટે કેળવણી" નહીં; પણ "જીવનદ્વારા કેળવણી અને કેળવણી દ્વારા જીવન" એજ આપણું સૂત્ર થવું જોઇએ. વિદ્યામંદિરમાં શું શીખવાય છે એ સવાલ કરતાં વિદ્યામંદિરમાં જીવન કેવી રીતે ગાળવામાં આવે છે, એ સવાલ વધારે મહત્વનો છે.

વર્ષ ૨૧ : કાર્યાલય : અંક ૯

૨૦૦૨ " શાન્તારામ લેન, વાલકેશ્વર, મુંબઇ, ૬. ભાદરવો

# * * સદ્‌ગત ડૉ. કાશીબાઈ નવરંગે * *

પોતે સુખડની જેમ ઘસાઇને જનતાને શીતલતા આપી, તેમનો દાહ શાંત કરી કોમલ સુગંધ વડે તેમને આરામ અને આલ્હાદ મેળવી આપનાર વ્યકિતઓ ઘણીજ ઓછી હોય છે. તેમાંય તેજ એક જીવનકાર્ય સમજીને નાનપણથી તે જીંદગીના અંત સુધી આખો જન્મ ઘસાઇ જતી વ્યકિતઓ તો તેના કરતાંય ઓછી હોય છે.

તા. ૨૧ ઓગસ્ટ ૧૯૪૬ને રોજ મુંબઇમાં એવી એક વ્યકિતનો દેહાન્ત થયો અને પોતાના સગાંસંબંધીઓને, મિત્રોને તેમજ આખી જનતાને સખ્ત આઘાત આપી તે ચાલી ગઇ. તે વ્યકિ તે ડૉ. કાશીબાઇ નવરંગે.

ડૉ. કાશીબાઇ નવરંગે એવા સમયમાં જન્મ્યાં હતાં અને શીખ્યાં હતા કે તેમણે એક સુશિક્ષિત સ્ત્રી તરીકે સામાજીક અને ધાર્મિક જવાબદારી લેવીજ જોઇતી હતી. તે દૃષ્ટિએ તેમણે શુદ્ધ ધર્મ પ્રચાર સ્ત્રી-શિક્ષણ, ગરીબ બાળકોની સંભાળ અને કેળવણી વગેરે અનેક કાર્યોમાં ભાગ લીધો. ડૉકટર તરીકે તેઓ સફળ હતાંજ અને પોતાના ડૉકટરી જ્ઞાનનો તેમણે અનેક ગરીબ કુટુંબોને અને સંસ્થાઓને લાભ આપ્યો. પણ તેટલાજ ક્ષેત્રમાં અટકી નહીં જતાં તેમણે શિક્ષણના ક્ષેત્રમાં ઘણું કામ કર્યું.

ડૉ. કાશીબાઇ વિદુષી હતાં, લેખિકા હતાં, ડૉકટર હતાં, ધાર્મિક સુધારક અને નિષ્ઠાવાન ભકત હતાં. મુંબઇનાં એક પ્રમુખ સ્ત્રી કાર્યકર્તા હતાં. અનેક સંસ્થાઓના વ્યવસ્થાપક મંડળોમાં પ્રમુખ, મંત્રી કે સભાસદ એવું કંઇક સ્થાન ભોગવતાં હતાં. પ્રાર્થના સમાજના બાર વર્ષ સુધી પ્રમુખ હતાં. આર્ય મહિલા સમાજનાં મંત્રી અને ઉપાધ્યક્ષ હતાં. મુંબઇ મ્યુનિસિપલ સ્કૂલબોર્ડના સભ્ય હતાં. યુનિવર્સિટીનાં ફેલો હતાં. સરકારે તેમને જે. પી. બનાવ્યાં હતાં. જ્યુવેનાઇલ કોર્ટના તેઓ ન્યાયાધીશ હતાં. તેઓ ઘણું બધું હતાં અને અનેક રીતે તેમની શકિતનો, બુદ્ધિનો તેમજ લોકોપયોગી સંસ્થાઓમાં સાચા દિલથી કામ કરવાના તેમના સ્વભાવનો, અનેક સંસ્થાઓને અનેક વર્ષો સુધી લાભ મળ્યો છે. તેમનાં આ કામો જાહેરકામો હતાં. તેમને માટે મુંબઇની જનતા કૃતજ્ઞ છેજ. તેઓ કદી પણ કોઇ પણ નાની યા મોટી કમિટી પર માત્ર ખુરસીની શોભા વધારવા બેઠાં નથી. દાદરનું એક નાનું સરખું કામ તે બાલવાંચનાલય ખોલવું. તેમને કમિટીનાં પ્રમુખ થવાની વિનંતી કરી. તેમણે પ્રમુખ પદ સ્વીકારવાની હા પાડી અને તેજ દિવસે સભા પૂરી થયા પછી સાંજે બાલવાંચનાલયને માટે ફાળો મેળવવા માટે સૌ. સોનાબાઇ પાટીલને સાથે લઇને તેઓ ચાલતાંજ નિકળ્યાં. આ એક નાનકડું ઉદાહરણ છે. પણ તે તેમની કામ કરવાની પદ્ધતિ બતાવવા માટે પૂરતું છે. જવાબદારી લીધી કે તે પૂરી રીતે જાગૃત રહીને તેઓ સંભાળતાં. એક વાર કોઇને પણ–પછી તે વ્યકિત હોય કે સંસ્થા હોય કે કોઇ કાર્ય હોય–પોતાનું ગણ્યું એટલે છેવટ સુધી માની માવજતથી પોતાનું તન મન ધન આપીને તેની સંભાળ કરતાં રહેવું જ, એ એમના જીવનની ખાસીયત હતી. એજ એમની મહત્તા હતી. તેઓ બ્રહ્મચારિણી હતાં. છતાં અનેકોની માતા હતાં. અનેક બાળાઓ, બાળકો અને સંસ્થાઓની અત્યંત દક્ષ અને જવાબદાર માતા હતાં. તેઓ ડૉકટર તરીકે જતાં ત્યાં પણ કેટલાંએક કુટુંબોની માતા જ થઇ ગયાં હતાં. ટુંકમાં, માતૃત્વ માણસને વિકાસની પરાકોટીએ પહોંચાડે છે. તેવી એક ધન્યમાતા તેઓ હતાં.

પણ તેમની બાબતમાં તેઓ માતા હતાં એ કહેવું યોગ્ય છે કે પિતા હતાં એમ કહેવું જોઇએ, એ વિચાર થઇ પડે છે. તેઓ ગયાં એટલે ઘરનો કર્તાહર્તા પુરુષ ચાલ્યા ગયા પછી ઘર જેવું દેખાય છે તેવું જ બધાંને લાગ્યું. બારીક જોતાં તેમનામાં પુરુષની ધમક, કર્તૃત્વ અને કડકાઇ હતાં. તો પણ તેઓ મર્દાના સ્ત્રી ન હતાં જ! તેમની તરફ જોઇએ તો મહાનદીઓ સિંધુ, બ્રહ્મપુત્રા, ગંગા વગેરેનું સ્મરણ થતું. તેમને નદ કહેવા કે નદીઓ કહેવી કે સાગર કહેવો એ બાબતગમું વિચાર થઇ પડે છે. પણ અંતે તેઓ વિશાળ પ્રદેશને જીવન આપી પોષણ આપનાર નદીઓ જ હોય છે. તેવી જ રીતે કાશીબાઇના હૃદયની પ્રેમસરિતા કદી પણ નહી સુકાય એવી મહાનદી હતી.

ઘણાં ઓળખીતાઓને તેમને માટે ખૂબ જ આદર અને અભિમાન લાગતાં હતાં. એ એમની ભારે કાર્યશકિત કે ચીવટ કે ધનના સદુપયોગ વગેરે વાતો માટે હતાં જ;

પણ તેઓ જાતે ઘસાઇને એકદમ નાનાં એવા કામોમાં, કે જ્યાં પ્રસિદ્ધિ કે માનસન્માનને સ્હેજ પણ સ્થાન ન હોય, પણ લાગી જતાં તે માટે લોકોને તેમને માટે વધુ આદર થતો. આર્યમહિલાસમાજનો નોકર આવે એટલે ગમે તેટલાં થાકી ગયા હોય, ગમે તેવા કઠણ કેસીસ જોઇને આવ્યાં હોય, તોપણ તેમના હિસાબ લેવામાં તેઓ કેટલી તત્પરતા બતાવતાં એ બહારના લોકો શી રીતે જાણી શકે? કોઇ અનાશ્રિતને મદદ કરવા નીકળે ત્યારે પૈસા આપી છૂટા નહીં થતાં તેને પોતાને ઘેર લાવી પોતાને સાથે રાખી તેમની કેળવણી લગ્ન વગેરે કરાવી, તેમની સુવાવડો, તેમનાં બાળકોની માંદગી વગેરે કરાવતાં બાળકોની માવજત, તેમનાં જન્મ દિવસની ઉજવણી વગેરે નાનાથી માંડીને મોટા સુધી બધાંની કોઇ હોશીયાર સંસારી બાઇની જેમ શરીરથી તેમજ મનથી ઘસાઇને ઉત્સાહથી કરતાં રહેવું એ એમની અલૌકિકતાનું લક્ષણ છે. તેઓ દૈનિક પત્રોનાં પહેલાં પાનાંપર ચમકનારી વ્યક્તિઓ માંનાં ન હતાં. હિંદુસ્તાનમાં કે પરદેશમાં માનસન્માન પામેલ પહેલી શ્રેણીની સ્ત્રી કાર્યકર્તા થવું તેમને માટે અશકય નહતું. પણ તેમણે એ પસંદ ન કર્યું તેથી તેમની મહત્તા ઘટવાને બદલે વધેજ છે. કારણ કે તેઓ જો અખિલ ભારતની 'કાર્યકર્ત્રી' થયાં હોત તો જે બાબતોમાં તેમના હૃદયનો પરમ વિકાસ થયો તે બાબતમાં તે ન થાત. પોતાના જ લોહીની નહી, મોટા કુંટુંબોની નહીં, પણ લોકોએ તજી દીધેલ, કોઇને પણ ખબર ન હોય એવી કન્યાઓને ખોળામાં લઇ પોતાનો માતૃપ્રેમસ્ત્રોત તેમણે વહેવરાવ્યો તે કદાચ ન થયું હોત. અને આજે ભક્તિ, પ્રેમ અને નિરપેક્ષ સેવાની ટોંચે તેઓ પહોંચેલાં દેખાય છે, ત્યાં તેઓ ન પહોંચ્યાં હોત.

તેમની નૈતિક ભૂમિકા ખૂબજ ઉચ્ચ અને સૂક્ષ્મ હતી. જે. પી. તરીકે તેમને કેટલાંયને સહીઓ આપવાનું કામ કરવું પડતું. પણ સાચાનું જૂઠું કે જૂઠાનું સાચું કરવા માટે સહી જોઇતી હોય તો તેમની પાસે જવાની કોઇનીય હિમ્મત ચાલતી નહીં. આજની દુનિયામાં અને ડોકટરી ધંધામાં રહી, મુંબઇ જેવા શહેરમાં વસી અને ધનવાન લોકોમાં હરીફરી એવી ઉંચી નૈતિક ભૂમિકા પર સંપૂર્ણતયા ટકી રહેવું કેટલું કઠણ છે, તે દુનિયાના વ્યવહારનો જેમને અનુભવ અને પરિચય છે તેઓ જ સમજી શકશે.

પૈસા, ઓળખાણ, વજન અને બુદ્ધિશક્તિ બધું હોવા છતાં માનસન્માન મેળવવા તરફ સ્હેજ પણ ધ્યાન નહિ આપતાં કામ કરવું એ પણ અદ્વિતીયતાનું એક લક્ષણ છે. તેમને દીકરીઓ બનાવી તેઓ જેમ નિરાશ્રિત અને ઓછા આશ્રયવાળી હતી, તેવી જ રીતે નિરાશ્રિત અને ઓછી આશ્રયવાળી સંસ્થાઓને તેમને અપનાવી. વિલેપાર્લેનું ઓર્ફનેજ, નાયગામનો ઓતલ સેંટર, આર્ય મહિલા સમાજનું વસતિગૃહ વગેરે સંસ્થાઓને તેમણે અપનાવી. જેવી રીતે ખંતથી અને ધસાઇને તેમણે કન્યાઓને અપનાવી ઉછેરી તેમનાં લગ્ન શિક્ષણ વગેરે કરી આપ્યાં, તેવીજ રીતે સંસ્થાઓ માટે ઘેર ઘેર ફરી તેમણે ફાળો કર્યો, પોતાના ઘરના પૈસા પણ તેમાં નાખ્યા અને પોતાનો આરામનો સમય ખર્ચીને બાકીનાં કામો પણ તેમણે જાતેજ કર્યાં. જેમણે સંસ્થા ઊભી કરી ચલાવી હશે તેમનેજ તેમના આ કાર્યનું મહત્વ સમજાશે.

ડો. કાશીબાઇ નવરંગે તેમના કાર્ય કરતાં તેમની કાર્યપદ્ધતિને લીધે જ આખા દેશને તેમજ સમાજ સેવકોને આદર્શરૂપ થયાં છે. કાર્યકર્તાઓ તેમના જીવનમાંથી પ્રેરણા મેળવો.

તેઓ જેમની જેમની સાથે સંબંધમાં આવ્યાં તેમનાં હૃદયોમાં ચિરંજીવ થઇને રહેશે!

(મરાઠી પરથી) —**તારાબેન મોડક**

## ** નૂતન બાલશિક્ષણ સંઘની ચૂંટણી **

૧૯૪૪માં નૂ. બા. શિ. સંઘના વ્યવસ્થાપક મંડળની ચૂંટણી થઇ અને ત્રણ વર્ષ સુધી તે મંડળ ચાલુ રહેવાનું હતું. ૧૯૪૬ આખર તેનાં ત્રણ વર્ષ પૂરાં થાય છે. તેથી તા. ૧–૧૨–'૪૬ ને રોજ નવી ચૂંટણી કરવાનું ચાલુ વ્યવસ્થાપક મંડળે ઠરાવ્યું છે. નવા ચૂંટાઇને આવેલા સભ્યો તા. ૧ જાનેવારી ૧૯૪૭ થી વ્ય. મં. નાં સૂત્રો હાથમાં લઇ શકશે.

નૂ. બા. શિ. સંઘના બંધારણની કલમ ૨ 'સી'

મુજબ વ્ય. મં. માંના અર્ધાં જૂનાં સભ્યો નિવૃત્ત થશે. તે મુજબ નીચેનાં સભ્યો નિવૃત્ત થાય છે.

શ્રી સરલાબેન સારાભાઇ (આજીવન સભ્યો તરફથી)
,, નાનાભાઇ ભટ્ટ (સક્રિય સભ્યો તરફથી)
,, તારાબેન મોડક ,, ,, ,,
,, સરોજબેન ચોધ ,, ,, ,,
,, ચંદુલાલ ઝવેરી ,, ,, ,,
,, કુસુમાવતી દેશપાંડે (સહાયક સભ્યો તરફથી)

આ મુજબ નવી ચૂંટણીમાં છ જ સભ્યો ચૂંટાશે. ગયા વ્ય. મં. ના નીચેનાં સભ્યો ચાલુ રહેશે.

શ્રી બાબીબેન મૂળજી (આજીવન સભ્ય)
,, જમુભાઇ દાણી (સહાયક સભ્ય)
,, ગંગુબાઇ પટવર્ધન (સક્રિય સભ્ય)
" વિષ્ણુભાઇ મજમુદાર ,, ,,
,, પ્રભુલાલ ધોળકીયા (સામાન્ય સભ્ય)

આ વર્ષની ચૂંટણીમાં નીચે મુજબની જગાઓ પૂરાવાની છે. તે તરફ ઉમેદવારોનું ધ્યાન દોરીએ છીએ.

૧ આજીવન સભ્ય
૧ સહાયક સભ્ય
૪ સક્રિય સભ્ય

સંઘનું કામકાજ જેશભેર વધતું જાય છે. તેને માટે ઉત્સાહી અને દક્ષ વ્યવસ્થાપકોની ખૂબજ જરૂર છે, તેથી સંઘના કાર્ય સાથે ઓતપ્રોત થયેલા ઉમેદવારો પોતપોતાનાં પત્રકો ભરીને મોકલશે એવી આશા છે. ચૂંટણીમાં ન ચૂંટાયેલા ઉમેદવારો સંઘના કામમાં સક્રિય ભાગ લઇને કામમાં મદદ કરી શકશે. તેથી આ ચૂંટણીમાં કોઇએ નિરાશ થવાનું કારણ રહેશે નહીં. સંઘને તેના કાર્યમાં મદદ કરવા ઇચ્છતા બધા હિતેચ્છુ કાર્યકર્તાઓની ખૂબ જરૂર છે.

તા. મોડક, સ. ચોધ
મંત્રીઓ
નૂ. બા. શિ. સંઘ.

# * * નૂતન બાલશિક્ષણ સંઘ * *

## વ્યવસ્થાપક મંડળની ત્રીજી સભા:-

સંઘના વ્યવસ્થાપક મંડળની ત્રીજી સભા તા. ૨૪-૮-૪૬ શનિવારના રોજ બપોરે બાર વાગે ટી. એન. માળવી બાલ મંદિર, મુંબઇ, એ સ્થળે શ્રી. સરલાદેવી સારાભાઇના અધ્યક્ષપદે મળી હતી. સભામાં મુખ્યત્વે નીચે પ્રમાણે કામ થયું.

## નવા વ્યવસ્થાપક મંડળની નિમણુંક:

ચાલુ વ્યવસ્થાપક મંડળની મુદત આવતા ડિસેંબરની આખરે પુરી થતી હોવાથી નવા વ્યવસ્થાપક મંડળની ચૂંટણીની બાબતમાં વિચાર કરવામાં આવ્યો.

## જાહેરાતો લેવા બાબત

પોતાના ધ્યેયને અનુસરીને આટલાં વર્ષો સુધી સંઘે નુકસાની સહન કરીને પણ શિક્ષણ પત્રિકા ચલાવી. પણ હાલની આર્થિક પરિસ્થિતિ લક્ષમાં લઇ સંઘે સ્વીકારેલા સિધ્ધાંતો તથા ધ્યેયને વિરોધક ન હોય તેવી જાહેરાતો પત્રિકામાં લેવી એમ નક્કી કરવામાં આવ્યું. કયા પ્રકારની જાહેરાતો લેવી તે નક્કી કરવા માટે એક પેટાસમિતિ નીમવામાં આવી.

## લવાજમ

પત્રિકાનો આકાર, તેમાંનું વસ્તુ અને તેનું બહિરંગ એ ત્રણ બાબતોમાં ૧૯૪૭ની શરૂઆતથી સુધારો કરવો એમ નક્કી કરવામાં આવ્યું. આજની મોંઘવારીમાં આ ફેરફારો કરવાથી પત્રિકાના ખર્ચમાં ઘણો જ વધારો થશે. છતાં જો એ પ્રમાણમાં લવાજમ વધારવામાં આવે તો શાળાઓ, શિક્ષકો અને મધ્યમ વર્ગીય પાલકો, એ લોકો પત્રિકાનો લાભ ઉઠાવી શકશે નહિ, તેથી પત્રિકાનું લવાજમ છે તેનાથી ફકત એક જ રૂપિયો વધારવામાં આવ્યું છે. એ પ્રમાણે જનેવારી ૧૯૪૭ થી ગુજરાતી શિ. પ. નું લવાજમ રૂા. ૩ કરવામાં આવશે.

## પ્રકાશન

બાલશિક્ષણ વિષયક તેમ જ બાલોપયોગી પુસ્તકોનું પ્રકાશન સંઘ તરફથી કરવામાં આવ્યું.

## પાયાનું શિક્ષણ

ગ્રામ-બાલશિક્ષા-કેન્દ્ર, મોડી એ સ્થળે પૂર્વબુનિયાદી તાલીમ વર્ગો ચાલુ છે. નાણાંની વ્યવસ્થા થતાં તે સાથે જ બુનિયાદી તાલીમ વર્ગ પણ ચાલુ કરવો એમ નક્કી

કરવામાં આવ્યું.

### આજીવન અને સામાન્ય કાર્યકર્તાઓ

સંઘની પ્રવૃત્તિઓ ધીરે ધીરે વિકાસ પામે છે. સંઘનું કાર્યાલય, પત્રિકાનું કાર્યાલય, નિરીક્ષણ ખાતું, ગ્રામ–બાલ–કેન્દ્ર વિગેરે વિભાગોમાં સંઘને પોતાની આજીવન સેવા અર્પે એવા ત્યાગી કાર્યકર્તાઓની જરૂર છે. તેમ થશે તોજ સંઘનું કાર્ય ચિરંજીવી બનશે. આવા કાર્યકર્તાઓ ખોળી કાઢવાનો પ્રયત્ન સઘે શરૂ કર્યો છે. એવા કાર્યકર્તાઓ માટે પગારનું ધોરણ શું રહેવું જોઇએ તે સબધી વિચાર સભામાં થયો. સ્વ. ગિજુભાઇ, મેડમ મોંટેસોરી, શ્રી. તારાબેન મોડક તથા પૂનાનું અધ્યાપન મદિર, એ સ્થળે શિક્ષણ પામેલાં અને બાલસેવાના આદર્શથી પ્રેરિત થયેલાં એવાં સ્ત્રી પુરુષ આ કાર્ય માટે સઘને પોતાની શકિતઓનો લાભ આપે એવી આશા રાખીએ છીએ.

—તારાબેન મોડક,
મુંબઇ,
તા. ૨૭–૮–૪૬.

—સરોજબેન યોધ
મંત્રી નૂ. બા. શિ. સંઘ

## * * નૂતન બાલશિક્ષણ સંઘ * *
## ૧૯૪૪–૪૫ નો અહેવાલ

આજે સંઘના ઓગણીસમા તથા વીસમા વર્ષનો આ અહેવાલ અહીં આપ સૌ સમક્ષ રજુ કરતાં અમને ઘણોજ આનંદ થાય છે. કારણ સંઘની પ્રવૃત્તિઓ અને કાર્યવિસ્તારની દૃષ્ટિએ આજ સુધી કોઇ વાર થઇ ન હતી એટલી પ્રગતિ થએલી આપણે જોઇશું.

સ્વ. ગિજુભાઇ એ આ સંઘના આદ્યસ્થાપક અને તેને આગળ વિકાસાવનારા હતા. તેમના અકાળ અવસાનથી સંઘની પ્રવૃત્તિઓનો વેગ અચાનક થંભી ગયો. ધીમે ધીમે આપણે સૌએ અનેક મુશ્કેલીઓ વચ્ચેથી પસાર થતાં સંઘનાં કામોને વ્યવસ્થિત કરવાના પ્રયાસ શરૂ કર્યા અને આ ૭ વર્ષના ગાળામાં સંઘનાં કાર્યો ઠીક ઠીક રીતે વ્યવસ્થિત થયાં.

### બંધારણ

સને ૧૯૩૯ માં માત્ર શિક્ષણપત્રિકા ચાલુ હતી. ૧૯૪૦ માં આપણે સંઘનું બંધારણ નવેસરથી ઘડ્યું. ૧૯૪૪ માં બંધારણમાં યોગ્ય જણાયા તે ફેરફાર કર્યા. અને ચૂંટણીના ધોરણપર વ્યવસ્થાપક મંડળની રચના કરી.

૧૯૪૪ માં ચૂંટાયેલ વ્યવસ્થાપકમંડળ નીચે મુજબ છે.

૧ શ્રી સરલાદેવી સારાભાઇ–પ્રમુખ
૨ ,, નાનાભાઇ ભટ્ટ–ઉપપ્રમુખ
૩ ,, તારાબેન મોડક–મુખ્ય મંત્રી
૪ ,, સરોજબેન યોધ–સહ મંત્રી
૫ શ્રી ચંદુલાલ ઝવેરી–બબનચી
૬ ,, બાબીબેન મૂળજી–સભ્ય
૭ ,, ગંગુબાઇ પટવર્ધન– ,,
૮ ,, કુસુમાવતી દેશપાંડે– ,,
૯ ,, જમુભાઇ દાણી– ,,
૧૦ ,, પ્રભુલાલ ધોળકીયા–,,
૧૧ ,, વિષ્ણુપ્રસાદ મજમુદાર ,,

૧૯૪૫ માં આ બંધારણ અનુસાર એક ટ્રસ્ટી મંડળ નીમ્યું. તેનાં નામો :–

૧ શ્રી બાળાસાહેબ ખેર પ્રમુખ
૨ ,, સરલાદેવી સારાભાઇ મંત્રી અને બબનચી
૩ ,, ચંદુલાલભાઇ ઝવેરી
૪ ,, સુવ્રતાદેવી રૂઇયા
૫ ,, તારાબેન પ્રેમચંદ
૬ ,, શાંતિલાલભાઇ મંગળદાસ

### ભાષામંત્રીઓ અને શાખાઓ

નવા બંધારણ પ્રમાણે કાર્યકર્તા મંડળોને વધારે કાર્યક્ષમ બનાવવા માટે આપણે ભાષામંત્રીઓની નિમણૂંક કરી. તે પ્રમાણે ગુજરાતમાં શ્રી. કમળાશંકર પંડિત, મહારાષ્ટ્રમાં શ્રી. કમલિનીબાઇ દામલે, અને હિંદી ભાષામંત્રી તરીકે શ્રી. કાશીનાથ ત્રિવેદીને નીમવામાં આવ્યા.

ભાષામંત્રીઓ મારફત વિભાગીય કાર્યકર્તા મંડળો નીમાયાં અને તેમાંથી મંત્રીઓની ચૂંટણી કરવામાં

આવી.. વિભાગીય મંત્રીઓએ પોતપોતાના વિભાગમાં કાર્યકર્તાઓ તથા માબાપોના સહકારથી બાલશિક્ષણના કામને ઉપાડી લીધું. વિભાગીય શાખાઓ સ્થપાઇ તેના પ્રમુખ અને મંત્રીઓનાં નામો નીચે મુજબ છેઃ–

: વિભાગીય પ્રમુખ તથા મંત્રીઓ :

**: મુંબઇ શાખા :**

શ્રી. તારાબેન પ્રેમચંદ, પ્રમુખ
,, બાબીબેન મૂળજી, મંત્રી
,, પૂર્ણિમાબેન પકવાસા ,,
,, તારાબેન ઝવેરી ,,

**: મધ્ય ગુજરાત :**

શ્રી. હરિવલ્લભ ચુ. શાહ, પ્રમુખ
,, પુરૂષોત્તમભાઇ પટેલ, મંત્રી
,, નટવરલાલ બરાનપુરીઆ, સહમંત્રી
,, દેવદત્ત પટેલ, ,,

**: કચ્છ :**

શ્રી. કરસનજી જેઠાભાઇ જેઠવા, પ્રમુખ
,, દેવરામ ડાહ્યાભાઇ વરૂ, મંત્રી
,, હરિભાઇ ચૌહાણ, સહમંત્રી

**: ઉત્તર ગુજરાત :**

ડૉ. શેવંતીલાલ શાહ, પ્રમુખ
શ્રી. ઇશ્વરલાલ આચાર્ય, ઉપપ્રમુખ
,, પુનમચંદ શાહ, મંત્રી
,, શાંતિલાલ રાવળ, ,,

**: કાઠિયાવાડ :**

શ્રી. હરભાઇ ત્રિવેદી, પ્રમુખ
,, પ્રેમશંકર ભટ્ટ, મંત્રી
,, હેમુભાઇ રાજગોર, ,,

મુંબઇ શાખા પ્રથમથી જ કામ કરી રહી હતી. તે ઉપરાંત ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત, કચ્છ અને કાઠિયાવાડમાં વિભાગીય સમેલનો ભરી શાખાઓની સ્થાપના કરવામાં આવી.

ઉત્તર ગુજરાતના વિભાગીય મંત્રીઓએ કાર્યકર્તાઓનો પ્રવાસ ગોઠવ્યો હતો અને પ્રવાસ દરમિયાન સંઘના સભ્યો બનાવવાનું તથા બાલશિક્ષણનો સદેશો પહોંચાડવાનુ કામ કર્યું હતું.

આણંદ મુકામે એક સપ્તાહનો સંસ્કાર વર્ગ ચલાવવામાં આવ્યો હતો અને મધ્ય ગુજરાતનાં ૨૩ બાલમંદિરોમાંથી ૩૩ ભાઇબહેનોએ આ વર્ગનો લાભ લીધો હતો. આ વર્ગના કાર્યમાં શાખાના પ્રમુખ શ્રી. હરિવલ્લભદાસ ચુ. શાહ તથા એલેમ્બિકવાળાં શ્રી. ધીરજબેન રમણભાઇ અમીને સારી સહાય કરી હતી. સંઘનાં પ્રમુખ શ્રી. સરલાદેવી સારાભાઇ અને ગુજરાતના બાલશિક્ષણશાસ્ત્રના અનુભવી અધ્યાપકોએ વર્ગને પોતાની મુલાકાતનો લાભ આપ્યો હતો.

મુંબઇ શાખા દર ત્રણ મહિને બાલશિક્ષકોનું સંમેલન યોજે છે. ઉપરાંત બાલરંજન અને બાલક્રીડાંગણનો કાર્યક્રમ ગોઠવી બાળકોને તથા શિક્ષકોને પ્રોત્સાહન આપે છે.

મુંબઇ શાખા અને મહારાષ્ટ્ર વિભાગ તરફથી મુંબઇમાં ૧૯૪૬ ના જાન્યુઆરી માસમાં બાલશિક્ષણ સંમેલન ભરવામાં આવ્યું હતું. એ સંમેલને મહારાષ્ટ્ર અને હિંદી વિભાગોમાં સંઘના કામને સારો વેગ આપ્યો હતો.

## નિરીક્ષણ

સને ૧૯૪૪–૪૫ ના વર્ષોમાં શ્રી. તારાબેન મોડક કેટલાંએક બાલમંદિરોના નિરીક્ષણ અર્થે ગયાં હતાં. મુંબઇનાં ૭ બાલમંદિરો, પૂના, નાગપુર, રાજપીપળા, ડભોઇ, અમદાવાદ, કપડવંજ, સોજીત્રા, નડિયાદ, ઉત્તરસંડા, ખંભાત વગેરે સ્થળે તેઓ ગયાં હતાં. કચ્છ કાઠિયાવાડના સમેલન વેળાનો શ્રી. તારાબેનનો પ્રવાસ પણ એ દૃષ્ટિએ ઉપયોગી નીવડ્યો હતો. આમ છતાં સંઘ સાથે જોડાયેલી દરેક સંસ્થાઓનું નિરીક્ષણ કામ ધાર્યા પ્રમાણે આ વરસોમાં થઇ શકયું નથી. બધાં બાલમંદિરોમાં શ્રી. તારાબેન નિયમિત જાતે જઇ વધારે સમય આપી શકે તેમ ન હોઇ, સંઘ સાથે જોડાયેલી સંસ્થાઓનું નિરીક્ષણ કાર્ય વ્યવસ્થિત રીતે ચાલે તે માટે સંઘ તરફથી એક સારા નિરીક્ષકને નીમવાનું નકકી કરવામાં આવ્યું છે. એવા યોગ્ય નિરીક્ષક મળતાં નિરીક્ષણ કાર્ય નિયમિત ચાલુ કરવાની અમારી ઉમેદ છે.

## ગ્રામ શિક્ષણ

૧૯૪૦ની સાલમાં સંઘ તરફથી ત્રણ સ્થળે ગ્રામ શિક્ષણના પ્રયોગ કરવામાં આવ્યા હતા. આંબલા વેડછી અને મુંબઇ–આંબલા અને વેડછીમાં ગ્રામ બાલશિક્ષણના અને મુંબઇ શહેરમાં શ્રમજીવીઓના બાળકોના શિક્ષણના

પ્રયોગ કરવામાં આવ્યા હતા.

દેશની વિષમ પરિસ્થિતિને કારણે એ પ્રયોગો ધાર્યા પ્રમાણે પૂરા થઇ શકયા ન હતા. છતાં તેમાંથી કીમતી અનુભવ મળ્યો અને તેને પરિણામે ૧૯૪૫ ના નવેમ્બર માસમાં બોરડીમાં સંઘ તરફથી ગ્રામકેન્દ્રની રીતસરની સ્થાપના કરવામાં આવી. તેનું ઉદ્‌ઘાટન ૨૪ મી ડિસેમ્બર ૧૯૪૫ના રોજ શ્રી. બાળાસાહેબ ખેરના શુભ હસ્તે થયું હતું. આ ગ્રામકેન્દ્રની સ્થાપના થતાં સંઘ તરફથી સેવામંદિરમાં ચાલતો પ્રયોગ બંધ કરવામાં આવ્યો. સને ૧૯૪૨ ના ડિસેમ્બર માસથી અમારી માગણીથી મુંબઇ ભગિનીસમાજના સેવામંદિરના સંચાલકોએ સેવામંદિરનો આ બાલવિભાગ અમારા હાથમાં પ્રયોગ માટે મૂકયો હતો. તેમણે પણ ઘણા ઉત્સાહથી અમને સહકાર આપ્યો હતો અને બધી સગવડ કરી આપી હતી. તે બદલ અમે તેમનો ઉપકાર માનીએ છીએ.

બોરડીમાં શરૂ કરેલા ગ્રામકેન્દ્રમાં અત્યારે ત્રણ બાલવાડીઓ ચાલી રહી છે. સંસ્થાની એક મુખ્ય બાલવાડી ઉપરાંત બીજી બે બાલવાડીઓ, એક આદિવાસીઓના ઝુંપડાંમાં તથા બીજી માછીવાડામાં ચલાવવામાં આવે છે. આ ગરીબ વસ્તીમાં બાલશિક્ષણ સાથે પ્રૌઢશિક્ષણના વર્ગો તથા વૈદ્યકીય રાહત આપવાનું કાર્ય પણ ચાલી રહ્યું છે. અને તે સેવાભાવી સંચાલિકા શ્રી. સીતાબાઇ માડગાંવકર ચલાવી રહ્યાં છે. આ કામમાં શ્રી. સીતાબાઇને શ્રી. નર્મદાબેન પાઠકે પણ મદદ કરી હતી. એ કામ નેશનલ કાઉન્સીલ ઓફ વિમેન ફોર ઇંડિયાની વિલેજ વેલ્ફેર સ્ટેન્ડીંગ કમિટિ તરફથી ચાલે છે. અને તે કામ જોવા સારૂ V. W. St. C. નાં પ્રમુખ લેડી ચંદાવરકર, શ્રી. તારાબેન પ્રેમચંદ અને કેટલીએક બહેનો બોરડી આવ્યાં હતાં.

સને ૧૯૪૬ ના માર્ચની ૨૦ મી તારીખથી ત્રણ માસ માટે બોરડીમાં ગ્રામબાલક્રીડાંગણનો અભ્યાસવર્ગ યોજવામાં આવ્યો હતો. જેમાં હિંદના જુદા જુદા પ્રાન્તોમાંથી ૩૪ જેટલાં ભાઇ બહેનો તાલીમ લેવા આવ્યાં હતાં. વર્ગ ચાલુ હતો તે દરમિયાન બોરડીના ગ્રામ કેન્દ્રની મુલાકાતે ગ્રામબાલશિક્ષણનાં અભ્યાસી, નામાંકિત ભાઇબેનો પધાર્યા હતાં. જેમના અનુભવ અને જ્ઞાનનો લાભ વર્ગને સારી પેઠે મળ્યો હતો.

## અખિલ ભારતીય સંસ્થાઓ સાથે સંબંધ

આપણો સંઘ છેલ્લાં વીસ વર્ષથી બાલશિક્ષણના ક્ષેત્રમાં એકધારૂં અખંડ રીતે કામ કરતો આવ્યો છે. તેને લીધે આજે અખિલ ભારતીય શિક્ષણ સંસ્થાઓનું લક્ષ સંઘ તરફ દોરાયું છે.

હિન્દુસ્તાની તાલીમી સંઘે ૧૯૪૫ ના જાન્યુઆરી માસમાં સેવાગ્રામ મુકામે એક રાષ્ટ્રિય સમેલન ભર્યું હતું. તેના પૂર્વ બુનિયાદી વિભાગની વિષયવિચારિણી સમિતિમાં હિંદુસ્તાની તાલીમી સંઘનાં મંત્રી શ્રી. આશાદેવીજીએ સંઘનાં પ્રમુખ, ઉપપ્રમુખ તથા મંત્રીને ખાસ નિમંત્રણ આપ્યું હતું અને તેમણે એની ચર્ચામાં ભાગ લીધો હતો. રાષ્ટ્રિય સંમેલનમાં પૂર્વ બુનિયાદી-તાલીમી પ્રદર્શન ભરવામાં આવ્યું હતું અને તેમાં તાલીમી સંઘના નિમંત્રણથી આપણા સંઘનાં કેટલાંક કાર્યકર્તાઓએ ખાસ ચાર્ટસ તૈયાર કર્યા હતા અને પ્રદર્શનમાં તેની ગોઠવણ કરી હતી.

હિંદુસ્તાની તાલીમી સંઘની પૂર્વ બુનિયાદી તાલીમી ઉપસમિતિમાં શ્રી. સરલાબેન તથા શ્રી. તારાબેનને નીમવામાં આવ્યાં હતાં. તેની બે બેઠકો મળી હતી. એ સમિતિએ પૂર્વ બુનિયાદી શિક્ષણક્રમ ઘડયો અને કાર્યની દિશા નકકી કરી હતી. ત્યારબાદ પૂર્વ બુનિયાદી તાલીમની કાયમી સલાહકારક સમિતિ (કન્સલ્ટેટીંગ કમિટિ)માં શ્રી. સરલાબેન તથા શ્રી. તારાંબેનને લેવામાં આવ્યાં છે. આ રીતે હિંદુસ્તાની તાલીમી સંઘ સાથે આપણા સંઘનો સંબંધ ગાઢ બનતો જાય છે.

ઓલ ઇંડિયા ફેડરેશન ઓફ એજ્યુકેશન સોસાયટી અને તેના બાલશિક્ષણ વિભાગના મંત્રી શ્રી. ફડકે સાથે સંઘનો સંબંધ દિનપ્રતિદિન વધતો જાય છે. એ ફેડરેશન તરફથી સ્થપાયેલા ઇંડિયન કાઉન્સીલ ઓફ ચાઇલ્ડ એજ્યુકેશનના વિભાગમાં તેની કાર્યવાહક સમિતિનાં પ્રમુખ તરીકે શ્રી. સરલાબેન અને ઉપપ્રમુખ તરીકે શ્રી. હરભાઇ ત્રિવેદીને નીમવામાં આવ્યાં હતાં. એ કાર્યવાહક સમિતિના એક સભ્ય તરીકે શ્રી. તારાબેનને લેવામાં આવ્યાં છે.

સ્વ. કસ્તુરબા રાષ્ટ્રિય સ્મારક નિધિ તરફથી બોરીવલી તથા બિહારમાં ચાલેલાં તાલીમી શિબિરમાં બાલવાડીઓ ચલાવવા માટે આપણા સંઘને નિમંત્રણ મળ્યું હતું અને તે કાર્ય સંઘ તરફથી સ્વ. શેલતભાઇએ

યશસ્વી રીતે બજાવ્યું હતું. બોરીવલી શિબિરમાં બાલવાડી ઉપરાંત એક ટ્રેનીંગ કલાસ એક મહિના માટે ચલાવવામાં આવ્યો હતો, જેનું સંચાલન શ્રી. તારાબેન તથા શેલતભાઇએ કર્યું હતું. બોરીવલી તથા બિહારમાં કામ કર્યું તે સમયનું સ્વ. શેલતભાઇનું વેતન શ્રી. સરલાબેન તરફથી આપવામાં આવ્યું હતું.

સ્વ. કસ્તુરબા સ્મારક નિધિ તરફથી બાલવાડીઓ બોલવાનું નક્કી થતાં તેને માટે શિક્ષકો તૈયાર કરવાનું કામ નૂતન બાલશિક્ષણ સંઘ કરે તેવી અપેક્ષા રાખવામાં આવી હતી. તે મુજબ બોરડીમાં ચાલેલા ગ્રામ–બાલ-અધ્યાપન વર્ગમાં કસ્તુરબા નિધિ તરફથી બિહાર, યુકતપ્રાંત, ગુજરાત અને મધ્યપ્રાંત મળીને દસ બહેનોને તાલીમ માટે મોકલવામાં આવી હતી. આ રીતે સ્વ. કસ્તુરબા સ્મારક નિધિ સાથે આપણા સંઘનો સંબંધ ઘનિષ્ટ બનતો જાય છે.

બાલકંજીઆરીના વ્યવસ્થાપકો સાથે સંઘના મંત્રી-ઓએ વિચાર વિનિમય કરી સાથે કામ કરવાનું નકકી કર્યું હતું. બાળકો સંબંધીનાં એવાં ઘણાં કામો હોય છે, જેમાં આ બે સંસ્થાઓએ સાથે મળીને કામ કરવાની જરૂર પડે છે. તેથી જ્યાં જ્યાં શકય હોય ત્યાં બન્ને સંસ્થાઓએ મળીને એ પ્રકારનાં કાર્યો યોજવાં એમ ઠરાવ્યું અને તેનો અમલ થઇ રહ્યો છે.

ડો. મોન્ટીસોરીએ સને ૧૯૪૪ના ફેબ્રુઆરી માસમાં કોડીકેનાલમાં એડવાન્સ કોર્સ શરૂ કર્યો હતો. હિંદુ-સ્તાનમાં આવો વર્ગ પ્રથમ હતો. એ વર્ગની કલ્પના લેવા માટે સંઘ તરફથી સઘના મંત્રી શ્રી. તારાબેન કોડીકેનાલ ગયાં હતાં. ત્યાં તેઓ એક માસ રહ્યાં હતાં. દરમિયાન તેમણે બાસ કરીને ગણિત વ્યાકરણ અને વનસ્પતિ શાસ્ત્ર ઉપર વ્યાખ્યાનો સાંભળ્યાં હતાં. અને મેડમ અને મોન્ટીસોરી તથા વર્ગમાં આવેલાં બાઇઓનો સાથે પરિચય વધાર્યો હતો.

અમદાવાદમાં સને ૧૯૪૫ માં ચાલેલો મોન્ટીસોરી વર્ગ સીધી રીતે સંઘ તરફથી ચાલ્યો ન હતો, પરંતુ તેની વ્યવસ્થા અને આર્થિક જવાબદારી શ્રી. સરલાબેન સારાભાઇએ અંગત રીતે ઉઠાવી હતી. શ્રી. સરલાબેન સંઘનાં પ્રમુખ અને અંગત એમ બાલશિક્ષણના કાર્યની દૃષ્ટિએ જુદાં નથી; તેથી આ વર્ગથી સંઘના કાર્યને વેગ મળ્યો હતો. મોન્ટીસોરી વર્ગ માટે અમદાવાદમાં ચલાવેલા બાલમંદિરમાં કામ કરવા શ્રી૰ મોંઘીબેન તથા સ્વ. શેલતભાઇ ગયાં હતાં.

## સ્વ. ભગવતીપ્રસાદ શેલત

સંઘ ધીમે ધીમે પણ ચોકકસ રીતે ગ્રામબાલ-શિક્ષણ તરફ પગલાં માંડી રહ્યો છે, એ વખતે સંઘના ગ્રામશિક્ષણના કાર્યમાં ઓતપ્રોત બની જનાર, સંઘના કાર્યને જ જીવનકાર્ય માનનાર, સ્વ. ભગવતીપ્રસાદ શેલતનું અકાળ અવસાન એ ન પૂરી શકાય તેવી ખોટ પડી છે. બોરડીની બાલવાડીઓ, બિહાર જેટલે દૂર સુધી સેવા મંદિરનો પ્રયોગ, બોરીવલી શિબિર વગેરેમાં સફળ રીતે કામ કરીને ગ્રામ શિક્ષણનો સંદેશો સફળ રીતે પહોંચાડનાર સ્વ. શેલતભાઇના જતાં સંઘના કાર્યને ઠીક ઠીક ધક્કો પહોંચ્યો છે. સદ્‌ગતનું વિશાળ મિત્ર-મંડળ એમના અધૂરા કામને ઉપાડી લઇ સંઘને સહાય કરશે એવી આશા છે.

## ભાવી કાર્ય

સંઘના ભાવી કાર્યનો વિચાર કરતાં સૌથી પ્રથમ અમારી નજર સામે બોરડી ગ્રામકેન્દ્ર, તેનો અધ્યાપન વર્ગ અને ગ્રામ–સાધનોનો પ્રયોગ આવે છે. સ્વ. ગિજુભાઇએ પોતાનો સંદેશો ગુજરાતભરમાં અને હિંદમાં ફેલાવ્યો, તે અધ્યાપન મંદિરો દ્વારા મુખ્યત્વે ફેલાવ્યો હતો. અત્યાર સુધી આપણું કાર્ય શહેરો અને મોટા કસ્બાઓમાં ચાલતું હતું. હવે આપણો સંઘ આ ગ્રામકેન્દ્ર મારફત હિંદનાં ગામડાંઓના વિશાળ ક્ષેત્રમાં પડે છે. કરોડો બાળકોના શિક્ષણનો પ્રશ્ન ઉકેલવાના રાષ્ટ્રના ભગીરથ પ્રયત્નમાં આપણો સંઘ યથાશકિત સહાય કરવાની ઉમેદ ધરાવે છે. એથી અમારી દૃષ્ટિએ ગ્રામકેન્દ્રનું કાર્ય એક મોટું કામ છે. ત્યાંના અધ્યાપન મંદિરમાં તાલીમ પામેલાં બાઇબેનો પોતપોતાના સ્થાને જઇને સંઘનો બાલશિક્ષણનો સંદેશો ગામડાઓમાં ફેલાવશે. એ રીતે સઘના કાર્યનું વર્તુળ વિશાળતામાં અને ઉંડાણમાં વધતું જશે એવી અમને આશા છે.

ગ્રામ બાલશિક્ષણના સાધનો માટેની દિશા તદ્દન નવીજ છે. એ પ્રશ્ન પણ એટલોજ મહત્વનો છે. કરોડો બાળ-કોના શાસ્ત્રીય વિકાસનો પ્રશ્ન હોઇ તેની પાછળ સંઘ જેટલી શકિત ખરચે તેટલી ઓછી જ છે.

આ ગ્રામ કેન્દ્રનું એક બીજી દૃષ્ટિએ પણ મહત્વ છે. આજ સુધી સંઘની પોતાની એવી કોઇ સંસ્થા

ન હતી. બોરડીનું 'ગ્રામ બાલશિક્ષણ કેન્દ્ર' એ સંઘની સંસ્થા છે. એટલે તેની આસપાસ સંઘના આજીવન સેવકો, કાર્યકર્તાઓ વગેરેનું મંડળ જામશે એવી પણ આશા રહે છે.

## શિક્ષણ પત્રિકા

શિક્ષણ પત્રિકામાં સુધારો કરવાનો વિચાર અમે ઘણા સમયથી કરી રહ્યાં છીએ. તેનો અમલ કરવાનો વખત હવે આવ્યો છે.

અત્યારે તો પત્રિકાનું વસ્તુ મોટે ભાગે શિક્ષકોપયોગી હોય છે. તેને માબાપો તથા બાળકો રસપૂર્વક વાંચી શકે તેવી બનાવવાની અમારી ઉમેદ છે. તેના વસ્તુમાં, કદમાં અને સુશોભનમાં ઘટતો ફેરફાર કરવાની અમારી ધારણા છે. તેમ કરવા જતાં એનું લવાજમ વધશે, શરૂઆતમાં બે વરસ ખોટ પણ ખમવી પડશે; પરંતુ જે હેતુ માટે સંઘ આજે વીસ વરસથી પત્રિકા ચલાવી રહેલ છે તે હેતુને બર લાવવા સારુ આ સાહસ ખેડવાનો અમે નિર્ધાર કર્યો છે.

પત્રિકાનું કાર્યાલય વડોદરાથી મુંબઇ લાવવામાં આવ્યું છે. તેની વ્યવસ્થા મુંબઇ શાખાનાં ઉત્સાહી મંત્રીઓ શ્રી. બાબીબેન મૂળજી, શ્રી. પૂર્ણિમાબેન પકવાસા અને તારાબેન ઝવેરી તથા સંઘનાં મંત્રી શ્રી. સરોજબેન ચોધ સંભાળે છે. પત્રિકાને આર્થિક રીતે ભારે ખોટ ન જાય છતાં એ સધ્ધર બને તેવો પ્રયાસ તેઓ કરી રહ્યાં છે. બાલશિક્ષણપ્રેમી ભાઇ બેનો એમાં અમને સંપૂર્ણ સહકાર આપશે અને સૌના સહકારથી સંઘને આ કાર્યમાં ધારી સફળતા પ્રાપ્ત થશે એવી આશા છે.

**તારાબેન ઝોડક**
**સરોજબેન ચોધ**
મંત્રીઓ,
નૂ બા. શિ. સંઘ

## * * આટલું ધ્યાનમાં રાખો * *

૧૩૩ મે પાને નવી ચૂંટણી માટેની વિગતો આપી છે. તે બાબતમાં આટલુ ખાસ ધ્યાનમાં રાખજો:

ઉમેદવાર પત્રકો–કાર્યાલયમાં પહોંચાડવાની છેલ્લી તારીખ ૫–૧૦–૪૬ છે.

મતપત્રક આવતા અંકમાં આવશે. તે અંક આવતા માસની આખરે મળશે. તો મતપત્રક બને તેટલાં જલદી ભરી મોકલવાં. ચૂંટણીની તારીખ ૧–૧૨–૪૬ છે.

તા. ૩૦–૧૧–૪૬ સાંજ સુધીમાં આવેલ મતની ગણતરી થશે.

જે વર્ગના પોતે સભ્ય હોય તેનું લવાજમ મોકલી આપવું બાકી હોય તેમણે તા. ૧૫–૧૦–૪૬ સુધીમાં મોકલવું.

લવાજમના દર નીચે પ્રમાણે છે:

સામાન્ય સભ્ય રૂા. ૨।।, સક્રિય ૪, સહાયક ૬, અને પ્રતિનિધિ ૭.

આવતી પ્રત્રિકા દિવાળીનો ખાસ અંક છે

**આવતા અંકમાં મતપત્રકો મળશે તે ધ્યાનમાં રાખો**

## મતદારોને

નૂતન બાલશિક્ષણના દરેક પ્રકારના સભ્યોને વ્યવસ્થાપક મંડળની ચૂંટણી માટે ઉમેદવારોનાં નામ સાથે મતપત્રકો ઓકટોબરના અંક સાથે મળશે. સર્વે મતદારોએ પોતપોતાનાં મતપત્રકો તેમાં આપેલી સૂચના મુજબ ભરીને તા. ૩૦–૧૧–૪૬ ના રોજ સાંજના ૬ વાગતા સુધીમાં દાદર કાર્યાલયમાં પહોંચી જાય તે રીતે મોકલવાં. મત આપવા માટે ખાસ સૂચનાઓ મતપત્રકની પાછળની બાજુએ આપવામાં આવશે. સંઘના સર્વે સભ્યોએ પોતપોતાના મતો આ સૂચનાઓ કાળજી પૂર્વક વાંચ્યા પછી જ આપવા એવી વિનંતિ છે.

મંત્રીઓ
નૂતન બાલશિક્ષણ સંઘ

## બાલકુન–જી–બારી પરિષદ

ડિસેંબરના છેલ્લા અઠવાડીયામાં, ઘણે ભાગે તા. ૨૭ થી ૩૧ ડિસેંબર સુધીમાં, બાલકુન–જી–બારીના કાર્યકર્તાઓની બીજી અખિલ ભારતીય પરિષદ મુંબઇમાં ભરાવાની છે. બાલશિક્ષણ પ્રેમી જનતા માટે આ પરિષદ ખુલી છે. તે બાબતમાં "શ્રી. રમણિક વી. શાહ, ગુલિસ્તાન, બાર, મુંબઇ ૧૧" ને સરનામે પત્રવ્યવહાર કરવો.

## ઇંદોરમાં નૂ. બા. શિક્ષણ સંમેલન

ઓકટોબરના છેલ્લા અઠવાડિયામાં ઇન્દોરમાં, મુંબઇમાં ગઇ જનેવારીમાં ભરાયું હતું તેવું જ, નૂતન બાલશિક્ષણ સંમેલન ખાસ કરીને હિંદી ભાષા ભાષી જનતાને માટે ભરાશે. સંમેલનની માહિતી "શ્રી. મોરોપંત મોઘે, 'અરુણ', ૧૦૩ સ્નેહલતાગંજ, ઇન્દોર" ને સરનામે પત્રવ્યવહાર કરવાથી મેળવી શકાશે.

# નૂતન બાલશિક્ષણ સંઘ

## તા. ૧-૧-૪૪ થી તા. ૩૧-૧૨-૪૪ સુધીના આવક જાવકનો હિસાબ

### જમા

| | | | |
|---|---|---|---|
| | લવાજમ ... ... | | ૩૦૬૮-૧૦-૦ |
| પત્રિકા | ૨૨૨૩-૧૨-૦ | | |
| સંઘ | ૮૭૪-૧૪-૦ | | |
| | | ૩૦૬૮-૧૦-૦ | |
| | વેચાણ ... ... | | ૬૮-૧-૬ |
| | દાન ... ... | | ૧૨૦૮-૧૧-૦ |
| પત્રિકા | ૫૦૭-૧૧-૦ | | |
| સંઘ | ૭૦૧- ૦-૦ | | |
| | | ૧૨૦૮-૧૧-૦ | |
| આવક કરતાં વધારે થયેલ ખર્ચ... | | | ૫૬૫-૭-૯ |
| | | | ૪૬૭૦-૧૪-૩ |

### ઉધાર

| | | |
|---|---|---|
| કાગળ શિક્ષણ પત્રિકા ... .. | | ૮૭૬-૭-૯ |
| પગાર ... ... ... | | ૫૭૦-૦-૦ |
| ઘર ભાડું ... ... ... | | ૮૪-૦-૦ |
| ટેલીફોન ... ... ... | | ૧૮૮-૦-૦ |
| છપામણી ... ... ... | | ૨૭-૭-૬ |
| સ્ટેશનરી ... ... ... | | ૬૪-૬-૩ |
| પ્રવાસ ... ... ... | | ૧૬૬-૧૧-૦ |
| પરચુરણ ... ... ... | | ૧૦-૧૧-૦ |
| શિષ્યવૃત્તિ ... ... ... | | ૨૫૦-૦-૦ |
| પત્રિકા વ્યવસ્થા ખર્ચ શ્રી. ગો. ગ. વિદ્વાંસને | | ૨૬૫૦-૦-૦ |
| પુરસ્કાર ... ... ... | | ૧૨-૦-૦ |
| બેંક કમિશન ... ... ... | | ૮-૧૧-૬ |
| પોસ્ટેજ ... ... ... | | ૫૬-૪-૩ |
| | | ૪૬૭૦-૧૪-૩ |

તપાસતાં બરાબર માલમ પડ્યું છે.
તા. ૮-૩-૪૬.

(સહી) કેતકર એન્ડ કું.
રજીસ્ટર્ડ એકાઉન્ટન્ટસ.

## તા. ૧-૧-૪૫ થી તા. ૩૧-૧૨-૪૫ સુધી

### જમા

| | | | |
|---|---|---|---|
| | લવાજમ ... ... | | ૪૮૫૨-૮-૬ |
| પત્રિકા | ૩૫૬૧-૦-૬ | | |
| સંઘ | ૧૨૬૧-૮-૦ | | |
| | વેચાણ ... ... | | ૧૧૦-૧૫-૦ |
| | પત્રિકાદાન ... ... | | ૧૬-૧૨-૦ |
| | અન્ય દાન ... ... | | ૫૪૩૩- ૯-૦ |
| | સામાન્ય ૧૦૩૮-૦-૦ | | |
| | પ્રવાસ ૨૪૧-૯-૦ | | |
| | બોડી બાલવાડી ૧૫૦૪-૦-૦ | | |
| | આગલા વરસની બોટ પૂરવા ૨૬૫૦-૦-૦ | | |
| | | ૫૪૩૩-૯-૦ | |
| | કાર્યકર્તા મંડળ ... | | ૪૩-૧૧-૯ |
| | | | ૧૦૪૫૭-૮-૩ |

તપાસતાં બરાબર માલમ પડ્યું છે.
તા. ૮-૩-૪૬.

### ઉધાર

| | | |
|---|---|---|
| કાગળ .. ... ... | | ૭૧૪-૧૩-૬ |
| પત્રિકા વ્યવસ્થા ખર્ચ... ... | | ૩૬૫૦-૦-૦, |
| પગાર ... ... ... | | ૧૬૯૦-૦-૦ |
| ઘરભાડું ... ... ... | | ૧૦૧-૦-૦ |
| સ્ટેશનરી છપાઇ ... ... | | ૬૨-૧૪-૦ |
| પોસ્ટેજ ... ... ... | | ૮૦-૩-૬ |
| પ્રવાસ ... ... ... | | ૫૪૮-૪-૦ |
| બેંક કમિશન ... ... | | ૧૩-૯-૬ |
| ટેલીફોન ... ... ... | | ૨૦૪-૦-૦ |
| પુરસ્કાર ... ... ... | | ૭૦-૦-૦ |
| બોડી બાલકેન્દ્ર ... ... | | ૧૫૦૦-૦-૦ |
| પ્રચાર ... ... ... | | ૪૧૦-૦-૦ |
| લવાજમ ... ... ... | | ૩૩-૦-૦ |
| પરચુરણ ... ... ... | | ૫૦-૬-૦ |
| માંડીવાળેલી ઉધરાણી ... ... | | ૪૬-૧૪-૦ |
| સિલિક ... ... ... | | ૧૨૫૨-૭-૯ |
| | | ૧૦૪૫૭-૮-૩ |

કેતકર એન્ડ કું.
રજીસ્ટર્ડ એકાઉન્ટન્ટસ.

## નૂતન બાલશિક્ષણ સંઘ

# ઉમેદવારી પત્ર

શ્રી. મંત્રી, નૂતન બાલશિક્ષણ સંઘ, ૧૧૮, હિંદુ કૉલોની દાદર, મુંબઇ નં. ૧૪.

હું શ્રી.....

ઠેકાણું .....ગામ.....નૂતન બાલશિક્ષણ સંઘના

*આજીવન, સહાયક, સક્રિય, પ્રતિનિધિ, સામાન્ય સભ્ય તરફથી વ્યવસ્થાપક મંડળને માટે ઉમેદવાર તરીકે ઉભો રહેવા ઇચ્છું છું.

તા.....

.....

ઉમેદવારની સહી.

અથવા

શ્રી.....ઠેકાણું.....

ગામ.....ને સંઘના.....+સભ્ય તરફથી વ્યવસ્થાપક મંડળના સભ્યપદ માટે ઉમેદવાર તરીકે હું સૂચવું છું. તા.....

.....

અનુમોદન આપનારની પૂરી સહી, ઠામઠેકાણા સાથે.

.....

સૂચવનારની પૂરી સહી, ઠામઠેકાણા સાથે.

---

*અને +તેવાં ચિહ્નો તથા અન્ય સૂચનાઓ માટે પાછળ જુઓ.

# આ સ સૂ ચ ના

૧ *ઉમેદવાર સભ્ય પોતે જે વર્ગ તરફથી ઉમેદવારી કરતા હોય તે સિવાયના વર્ગોને છોડી દેવા.

૨ +જે સભ્યોએ બીજાનું નામ સૂચવ્યું હોય તેમણે તેને જે વર્ગ તરફથી સૂચવ્યા હોય તે વર્ગનું નામ સ્પષ્ટપણે લખવું.

(૧) વ્યવસ્થાપક મંડળની ચૂંટણીમાં ઉમેદવાર તરીકે ઉભા રહેવા ઇચ્છતા સંઘના સભ્યોએ પાછળનું ફોર્મ ભરી મોકલવું. ઉમેદવારનું નામ અને ઠામ-ઠેકાણું પૂરૂં લખવું.

(૨) પોતાને ઉમેદવાર તરીકે ઉભા રહેવું હોય અને બીજાનું નામ પણ સૂચવવાનું હોય તો બંને ફોર્મ જુદાં જુદાં ભરી મોકલવાં. તેને માટે વધારાના ફોર્મ સંઘના કાર્યાલયમાં દાદર મુકામેથી મંગાવી લેવાં.

(૩) બધાં ઉમેદવારી પત્રક તા. ૫-૧૦-૪૬ શનિવારે સાંજના ૬ વાગ્યા સુધીમાં પહોંચી જાય તે રીતે મંત્રી, નૂતન બાલશિક્ષણ સંઘ ૧૧૮, હિંદુ કોલોની દાદર, મુંબઇ ૧૪ એ સરનામે મોકલવાં. ત્યારબાદ આવેલાં પત્રકો સ્વીકારવામાં આવશે નહીં.

(૪) ચૂંટણીના ઉમેદવાર તરીકે બીજાનું નામ સૂચવનારે જેમનું નામ સૂચવ્યું હોય તે સભ્યની ઉમેદવાર તરીકે ઊભા રહેવાની સંમતિ અગાઉથી મેળવી લેવી. એવીજ રીતે એમને અનુમોદન આપનારની સહીની બાબ જરૂર રહેશે.

(૫) પોતે ઉમેદવાર તરીકે ઉભા રહેનારને અનુમોદન આપનારની સહીની જરૂર નથી.

(૬) સૂચવનાર, અનુમોદન આપનાર અને ઉમેદવાર ત્રણે સંઘના સભ્ય હોવા જોઇએ. અને તેમનું લવાજમ ૧૫ મી ઓકટોબર ૧૯૪૬ સુધીમાં મળી ગયું હોવું જોઇએ.

મંત્રી,
નૂ. બા. શિ. સંઘ.

# * નૂતન બાલશિક્ષણ સંઘનું મુંબઈમાં થયેલું સંમેલન *

જનેવારી માસમાં મુંબઈમાં સંઘનો મરાઠી વિભાગ અને મુંબઇ શાખા તરફથી જે સમેલન ભરવામાં આવ્યું હતું, તેનાં મંત્રીઓ સૌ. કૃષ્ણાબાઇ જોષી સૌ. સુશીલાબાઇ જોષી તેમજ સૌ. બાબીબેન મૂળજી લખે છે કે સમેલનનો હિસાબ બજનચી સૌ. મનુભાઇ આગટે એ શ્રી. વા. રા. પટવર્ધન પાસેથી તપાસાવી લીધો અને સમેલનની વ્યવસ્થાપક સમિતિની સામે તા. ૨૬/૮/૪૬ ને રોજ મૂકયો. સમિતિએ હિસાબ મજુર કર્યો છે. તે આ સાથે અમે પ્રસિદ્ધ કરીએ છીએ.

મંત્રીઓ આગળ જણાવે છે કે જમાખર્ચમાં જે રૂા. ૧૦૭૦) ની રકમ સિલક તરીકે બતાવી છે તે વ્યવસ્થાપક સમિતિએ મુંબઇ શાખાને ભવિષ્યના કાર્ય માટે આપવાનુ ઠરાવ્યું છે. ગરીબ વસ્તીનાં બાળકો માટે બાલક્રીડાંગણો, ગામડામાં કામ કરવા ઇચ્છતા શિક્ષકો માટે બોર્ડીંગ મુકામે ટ્રેનિંગ લેવા માટે શિષ્યવૃત્તિઓ અને બાલશિક્ષકોની સ્થિતિ સુધારવા માટે કોઇ પણ યોજના, એમાંથી કોઇ પણ કામમાં એ પૈસાનો વિનિયોગ કરવો એવી સમિતિની શિફારસ છે.

બૂબજ મહેનત લઇને આ સમેલનની વ્યવસ્થાપકસમિતિએ જે કામ કર્યું અને આ સમેલન યશસ્વી રીતે પાર ઉતર્યું, તેમજ હિસાબ વગેરે વ્યવસ્થિત રાખીને આજે જાહેર કર્યો તે બદલ સમિતિનાં બધાં સભ્યોને અને બાસ કરીને કાર્યવાહકોને અમે અભિનદન આપીએ છીએ. આ સમિતિએ એક સુદર દાખલો બેસાડી આપ્યો છે. તેજ મુજબ બધે કામ થશે એવી આશા છે.

બધા સ્વાગત સભ્યો પાસે શિ. પ. જાયજ છે અને આ હિસાબ બાસ કરીને સ્વાગતસભ્યોની જાણકારી માટે છે. તેથી તેમણે હિસાબ બરાબર જોઇ જવો એવી વિનંતી છે.

આ સંમેલનમાં દક્ષિણી અને ગુજરાતી જનતાએ ભેગાં મળી બૂબજ ઉત્સાહથી ભાગ લીધો હતો. તે પરથી આવી જાતના કાર્યક્રમો (વ્યાખ્યાનો, ચર્ચાઓ, પ્રદર્શનો વગેરે) વારવાર યોજવામાં આવે તો જનતાને આવકારદાયક થશે એ વાત તરી આવી છે. મુંબઇ શાખાએ આવા કાર્યક્રમો ગોઠવવાનુ નકકી કર્યું છે એમ મંત્રીઓ જણાવે છે. આ વાત ઘણી જ સ્પૃહણીય છે. આવીજ રીતે મહારાષ્ટ્રમાં અને બીજે નવી શાખાઓ સ્થાપન થાય અને ગુજરાત મહારાષ્ટ્રની બધી શાખાઓ સારામાં સારા કાર્યક્રમો યોજી લોકોમાં બાળકો માટે જાગૃતિ અને જ્ઞાનનો ફેલાવો કરે એવી આશા અમે રાખીએ છીએ.

**તંત્રી**

## નૂતન બાલશિક્ષણ સંઘ–મરાઠી શાખા સંમેલન ૧૯૪૫

### જમા ખર્ચ

| જ | | ઉ | |
|---|---|---|---|
| સ્વાગત સભ્ય લવાજમ | ૧૭૬૦– ૦–૦ | હોલ અને ફરનીચરનું ભાડું | ૨૩૮– ૦–૦ |
| ૩૫૨×૫ | | વિજળીનું ફિટિંગ અને લાઇટ | ૧૨૩– ૦–૦ |
| પ્રતિનિધિ ,, | ૩૬૩– ૦–૦ | ફૂલહાર | ૭૦– ૦–૦ |
| ૧૨૧×૩ | | મજૂરી | ૫૪–૧૩–૦ |
| શિક્ષક પ્રતિનિધિ ,, | ૩૪૭– ૦–૦ | પ્રવાસ ખર્ચ | ૧૨૯– ૪–૩ |
| ૩૪૭×૧ | | છપાઇ અને સ્ટેશનરી | ૨૦૪– ૦–૯ |
| પ્રદર્શન ટિકીટ વિક્રી | ૨૨૮– ૯–૦ | ભોજન અને નાસ્તો | ૧૬૬–૧૨–૩ |
| રંજન કાર્યક્રમ ,, | ૯૫–૧૦–૦ | ટપાલ ખર્ચ | ૫૪–૧૩–૦ |
| દાન | ૧૨૭– ૦–૦ | ઓફીસ કામનો ખર્ચ | ૨૦– ૦–૦ |
| પુસ્તક વેચાણ કમિશન | | | ૧૦૬૦–૧૧–૩ |
| આર. આર. શેઠ પાસેથી | ૨૩–૧૫–૦ | શિક્ષણ પત્રિકા | ૮૧૭– ૦–૦ |
| | | | ૧૮૭૭–૧૧–૩ |
| | | સિલક | ૧૦૬૭– ૬–૯ |
| | ૨૯૪૫– ૨–૦ | | ૨૯૪૫– ૨–૦ |

હિસાબ તપાસી જોયા બરાબર છે.
(સહી) **વા. રા. પટવર્ધન,** ઓડિટર.

(સહી) **મનુભાઇ આગટે**
ટ્રેઝરર.

# * * ગુજરાતની શિક્ષણપ્રેમી જનતાને * *

વીસ વીસ વર્ષ સુધી જે આદર્શ જાળવી રાખ્યો તેનાથી અંશતઃ પણ દૂર થતાં શિક્ષણ પત્રિકાના સંચાલકોને કેટલું દુઃખ થતું હશે તેની કલ્પના સહૃદય વાંચક જાતેજ કરે. શિક્ષણ પત્રિકાનો આદર્શ ઉંચો રાખવો, તેમાં વેવલી વાતો ન આવે, તેમાં જનતાનું રંજનજ કરવાનો હેતુ ન હોય પણ જનતાની સેવા કેળવણી દ્વારા કરવાનો ઉદ્દેશ હોય, તેમાં જાહેર ખબરોને સ્થાન આપી પૈસા કમાવવાની મનીષા ન હોય પણ જનતાને સસ્તામાં સસ્તું શૈક્ષણિક માસિક પૂરું પાડીને નવો કેળવણીનો સંદેશ ઘેર ઘેર પહોંચાડવો, એવા ઉચ્ચ મનોરથો સાથે સદ્‌ગત ગિજુભાઇએ શિક્ષણ પત્રિકા શરૂ કરી. ગિજુભાઇના સહકારી મિત્ર શ્રી. તારાબેન મોડકે નવી કેળવણીનો સંદેશ મહારાષ્ટ્રમાં અને હિંદ ભરમાં પહોંચાડવાની દૃષ્ટિએ શિ. પ.નાં મરાઠી અને હિંદી રૂપાંતરો પ્રસિદ્ધ કરવાનું માથે લીધું. આ રીતે હવે જનતાની સામે મરાઠી, ગુજરાતી અને હિંદી ત્રણે ભાષાઓમાં શિક્ષણ પત્રિકા મૂકવામાં આવે છે.

શિક્ષણ પત્રિકાએ જેટલાં સ્થિત્યંતરો જોયાં છે તેટલાં ભાગ્યેજ બીજાં માસિકોએ જોયાં હશે. ભાવનગરથી મુંબઇ, મુંબઇથી વડોદરા અને વડોદરાથી વળી મુંબઇ, એવી યાત્રા શિ.પ.ને કરવી પડી છે. શિક્ષણપત્રિકાનાં સંચાલકોમાં સ્વ. ગિજુભાઇ, શ્રી. તારાબેન, શ્રી. ગોપાળરાવજી વિદ્વાંસ, શ્રી. કાશીનાથજી ત્રિવેદી વગેરે એ અથાગ મહેનત ઉઠાવી તદ્દન નિઃસાર્થ ભાવે કામ કર્યું છે. તેથીજ શિ. પ. અવ્યાહત રીતે જનતા સમક્ષ પ્રગટ થતી આવી છે.

પણ દુનિયામાં અનેક ભયાનક ઘટનાઓ થઇ તેની અસર શિ. પ. પર પણ થઇ. મહાયુદ્ધની મોંઘવારી શિ. પ.ને પણ સારી પેઠે નડી. કાગળ ન મળવાથી કદ ઘટાડવું પડ્યું. સુંદર કાગળને બદલે ન્યૂજપ્રિન્ટથી સંતોષ માનવો પડ્યો. પણ આ બધી જ મુશ્કેલીઓ બધાં જ માસિકો માટે એક સરખી હોવાથી તેમાં શિ. પ.ને ખાસ ફરીયાદ કરવા પણું નથી રહેતું. પણ શિ. પ. ની મુશ્કેલીઓ જુદી જ જાતની હતી ને છે, જે તરફ હું ગુજરાતની શિક્ષણપ્રેમી જનતાનું ધ્યાન ખેંચવા માગું છું.

એપ્રિલ ૧૯૪૬ થી શિ. પ. નું પ્રકાશન મુંબઇથી થવા માંડ્યું, ત્યારથી શિ. પ. નો કાર્યાલય ખર્ચ ખૂબ જ વધ્યો. મુંબઇમાં દરેક કામને માટે પૈસા ખર્ચવા પડે છે એ વાત કોણ નથી જાણતું ? સંપાદન માટે વેતન ખર્ચ, કાર્યાલય વ્યવસ્થાનો વેતન ખર્ચ, મકાનભાડું, ટ્રામ બસ ભાડું વગેરે બધું જ વધ્યું. પત્રિકા વડોદરા હતી ત્યારે શ્રી ગોપાળરાવ વિદ્વાંસ તદ્દન નિઃસ્વાર્થ ભાવે જે કામ કરતા તે કામને માટે હવે પૈસા ખર્ચવા પડે એવી પરિસ્થિતિ આવી. પરિણામ એ આવ્યું કે પત્રિકાનું બજેટ એકદમ વધી ગયું. પણ ખર્ચ વધ્યું તેથી મહેત્વાકાંક્ષા થોડી જ ઓછી થઇ ? "મનોરથાનામગતિર્ન વિદ્યતે" એ સંસ્કૃત કહેવતને અનુસરીને શિ. પ.ના સંચાલકોએ પત્રિકામાં બધી રીતે સુધારો કરવાનું ઠરાવ્યું. તેના પ્રારંભ તરીકે શિ. પ.ની લંબાઇ પહોળાઇ વધારી લગભગ પહેલાંના કરતાં દોઢું મેટર આપવાની શરૂઆત કરી અને તે પણ ચાલુ લવાજમના દરમાંજ !. પરિણામ એ આવ્યું કે બોટનો અંદાજ વધ્યો અને શિ. પ. પગભર શી રીતે થાય તેની ચિંતા શરૂ થઇ.

શિક્ષણપત્રિકાનું કદ વધારવાથી જ શિ. પ. માં સુધારો શી રીતે થાય ? ગુજરાતની શિક્ષણ પ્રેમી જનતા જ્યાંસુધી શિ. પ.ને પોતાની નહિ ગણે ત્યાંસુધી પત્રિકાનું અંતરંગ નહિ સુધરે. મહિના પછી મહિનાઓ ચાલ્યા જાય અને શિક્ષણ પત્રિકા માત્ર તારાબેનના જ લેખોથી મુખ્યતઃ ભરાય એ સ્થિતિ આવકારદાયક નથી. તારાબેન ગમે તેવાં સારાં લેખક હોય તોપણ તેમની શૈલી અને તેમના વિચારો એકજ પ્રકારનાં હોવાનાં. મહિને મહિને એકને એક શૈલી અને એકને એક વિચારો વાંચવા પડે તો વાંચકો પણ કંટાળે! સદ્‌ગત ગિજુભાઇ જીવતા હતા ત્યારે શિક્ષણ પત્રિકા વિષે મેં એક વાર વિનોદમાં તેમને કહ્યું હતું, "આ તમારી પત્રિકા એટલે 'ગીતા' છે." તેમણે મને પૂછ્યું, "તે કેવી રીતે ?" મેં કહ્યું, "તેમાં કોઇ લેખની નીચે ગિ. (ગિજુભાઇનું પ્રથમાક્ષર) લખાય છે અને બાકીનાની નીચે તા. (તારાબેનનું પ્રથમાક્ષર) લખાય છે. બંનેને ભેગાં કરતાં 'ગિતા' એટલે 'ગીતા'નો અપભ્રષ્ટ શબ્દ થાય છે." ગિજુભાઇ મારી ટીકાનો મર્મ સમજ્યા અને તેમણે ગંભીરતાથી કહ્યું, "તમે કહો છો તે મને ઓછું નથી ખટકતું. પણ બીજા લખે ત્યારેને ? ચાલો, તમેજ કેમ નથી લખતા ?" મેં જવાબ આપ્યો, "મને વખતજ નથી મળતો." "ત્યારે બધાંનું એમજ છે.

દરેકને પોતપોતાની પ્રવૃત્તિ છે. તેમાંથી વખત કયાંથી મેળવે? હું અને તારાબેન શિ. પ. સાથે વરાયેલાં છીએ. એટલે અમેજ લખ્યે રાખીએ છીએ. કહેવાનું ખૂટી જશે એટલે પત્રિકા બંધ કરીશું."

આ દલીલની પછવાડેનું બળ હું જોઇ શકયો. મને તે વખતે તરતજ શ્રી. વિનોબાજી ભાવે યાદ આવ્યા. શ્રી. વિનોબાજીએ મહારાષ્ટ્રધર્મ નામનું એક માસિક કાઢયું. તેમાં સ્પષ્ટ લખ્યું હતું કે મારી પાસે લખવાની સ્ફૂર્તિ હશે ત્યાંસુધી માસિક ચાલશે, તે સ્ફૂર્તિ અટકી જશે અથવા મને વખત મળતો બંધ થશે, તો મહારાષ્ટ્ર-ધર્મ વગર નોટિસે બધ થશે. અને થયું પણ એમજ. અમુક અંક નીકળ્યા પછી મહારાષ્ટ્ર ધર્મ બંધ થયું.

પણ શિક્ષણપત્રિકાની વાત આથી જુદી છે. નૂતન શિક્ષણના સિદ્ધાન્તો સર્વદેશીય છે. તે કોઇ ખાસ વ્યકિતના નથી. નૂતન શિક્ષણના પ્રયોગ હિંદભરમાં અલગ અલગ રીતે થાય છે. નૂતન શિક્ષણમાં વિચાર કરવાવાળી અનેક સમર્થ વ્યકિતઓ દેશમાં છે. એટલે શિક્ષણ પત્રિકા સમગ્ર ભારતના નૂતન શિક્ષણના વિચાર પ્રવાહનું આમુખ બને એજ શિક્ષણપત્રિકા માટે યોગ્ય છે. શિ.. પ. એકજ વ્યકિતના વિચારોનું આમુખ બને તે યોગ્ય નથી.

તેથીજ આ લેખ દ્વારા ગુજરાતના સમર્થ કેળવણીકારોને, વિચારકોને અને સાહિત્યકોને હું વિનંતી કરું છું કે શિ. પ.ને પોતાના જ્ઞાનનો, અનુભવનો અને લેખન-શકિતનો લાભ તેઓ આપે. ભાવનગરવાળા શ્રી. હરભાઇ, આંબલાવાળા શ્રી. નાનાભાઇ, અમદાવાદવાળા શ્રી. વજુભાઇ, નૂતન શિક્ષણના મૌલિક ધુરીણો છે. તેઓ શિ. પ. ને શા માટે નહી અપનાવે? વિદ્યાપીઠવાળા શ્રી. મગનભાઇ પોતાનું જ્ઞાન શા માટે નહી પીરસે? આ અને બીજા સમર્થ વિચારકો અને કેળવણીકારો પાસે લેખ લખવાની પુરસદ નથી એ વાત હું સ્વીકારું છું. તેમ છતાંએ શિક્ષણ પત્રિકાને આખા હિંદુસ્તાનમાં અન્નેડ બનાવવાનાં એમનાં પણ સ્વપ્નાં હશેજ. તેથીજ કહું છું કે એ બધા અને બીજાઓ શિક્ષણ પત્રિકાને સબ્બર બનાવવામાં મદદ કરે.

અને શિક્ષણ પત્રિકામાં સુધારો વધારો કરવો એ કાંઇ સહેલી વાત છે? તેમાં લેખોની વિવિધતા તો હોવી જ જોઇએ. પણ સાથે સાથે તેમાં ચિત્રો પણ આવવાં જોઇએ. બહિરંગ આકર્ષક કરવા માટે ઊપર સારૂં પૂઠું જોઇએ. એ બધું કરવા જતાં ખર્ચ વધવાનો. તેના પ્રમાણમાં લવાજમ વધારવું જોઇએ. પહેલાં તો વિચાર કર્યો કે લવાજમ વધારીને રા. ૫) કરવું. પણ વ્યવસ્થાપક મંડળને લાગ્યું કે રા. ૫) નું લવાજમ પ્રાથમિક શાળાના શિક્ષકો શી રીતે આપે? અને વળી મધ્યમ વર્ગનાં માબાપો પણ શી રીતે આપે? એટલે લવાજમ માત્ર રા. ૧) વધારવાનું ઠરાવ્યું છે. આમ કરીને આવકમાં વધારો કરવા કરતાં ખોટમાં જ વધારો કરી લીધો છે.

અને આ ભારે ખોટ પૂરી કરવા માટેજ લાંબો વખત સેવેલા આદર્શને કોરે મૂકીને શિ. પ. માં જાહેર ખબરો લેવાનું ઠરાવ્યું છે. આ લેખ દ્વારા હું ગુજરાતની વેપારી આલમને જાહેર વિજ્ઞપ્તિ કરૂં છું કે શિ. પ. માટે સારી સારી જાહેર ખબરો તેઓ મેળવી આપે. શિ. પ. ના વાંચકો, નૂતન શિક્ષણ સાથે સબંધ ધરાવનાર સહકારી મિત્રો, બધાં આ દિશામાં શિ. પ. ને મદદ કરી શકશે. જાહેર ખબરોની આવક પૂરતા પ્રમાણમાં થશે તો ઉત્તરોત્તર શિક્ષણ પત્રિકાનું બહિરંગ અને અંતરંગ સુધારવાના મનોરથ અમે સેવીએ છીએ.

ઓકટોબરનો અંક મોટા કદમાં અને નવી ઢબે કાઢવાનો વિચાર કર્યો છે. પણ લગભગ વીસ દિવસ થયા સેન્ટ્રલ ગવમેંટને કાગળના વધારા માટે કાગળ લખ્યા છતાં હજી તેમના તરફથી કશો જવાબ મળ્યો નથી. કાગળનો વધારો મંજૂર ન જ થાય તો કદ વધારવાનું કેમ બને? અંતે મંજૂર તો થશે જ, એમ શ્રદ્ધા રાખીને અમે બેઠાં છીએ. પણ આ મહિના અખેર મંજૂરી નહીં આવે તો ઓકટોબરનો અંક મોટા કદમાં નહીંજ આપી શકાય એવો ભય રહે છે. જાનેવારી ૧૯૪૭ થી સુધારા વધારા સાથે શિ. પ. કાઢવાનું ઠરાવ્યું છે, તે વ્યવસ્થાપક મંડળના ઠરાવ પરથી બધાંને સમજાયું જ હશે. તેને માટે અમે અત્યારથીજ પત્રવ્યવહાર શરૂ કર્યો છે અને સરકાર પાસેથી ત્યાર સુધીમાં મંજુરી આવશે એમ અમને લાગે છે.

શિક્ષણ પત્રિકાને લગતી અનેક વાતો સ્પષ્ટતાથી મેં ગુજરાતની જનતા સમક્ષ અહીં રજુ કરી છે. કારણ કે જનતાના સક્રિય સહકાર સિવાય શિ. પ.ને યશસ્વી બનાવવી અશકય છે. સંપાદક માત્ર સંપાદન કરે; પણ તેને સમર્થ લેખકોનો અને વિચારકોનો ટેકો

ન હોય તો સંપાદક પાંગળો બની જાય. શિ. પ.નું સંપાદક મંડળ જનતા પાસે માગે છે કે તેઓ શિ. પ.માં પોતાનાથી બનતી બધી મદદ આપે.

શિ. પ. ના મુખ્ય તંત્રી શ્રી. તારાબેનનું કાર્યક્ષેત્ર હવે ખૂબ વધ્યું છે. તેઓ ધારાસભાનાં સભ્ય છે અને વળી ગામડાના પ્રયોગમાં વધારે રચ્યાંપચ્યાં રહે છે. તેથી શિ પ. માટે ગુજરાતના કેળવણીકારોનો સહકાર માગવાની બેવડી આવશ્યકતા ઊભી થઇ છે.

હું આશા રાખું છુ કે ગુજરાતની શિક્ષણ પ્રેમી જનતા શિક્ષણ પત્રિકાને અપનાવી સંપાદક મંડળને ઉપકૃત કરશે.

ગો. ર. કુલકર્ણી

## * * કાંતવાનો જ મૂલોદ્યોગ શા માટે? * *

જુલાઇની આખરમાં પુનામાં પ્રાન્તોના શિક્ષામંત્રીઓની જે પરિષદ ભરાઇ હતી તેમાં પૂ. ગાંધીજીને એક સવાલ પુછાયો હતો. તે એ કે દરેક શાળામાં કતાઇને જ મૂલોદ્યોગ તરીકે શા માટે રાખવો? તેના જવાબમાં ગાંધીજીએ જે કહ્યું તેના સાર નીચે મુજબ છે.

"જે ગામમાં કતાઇને શાળાના મૂલોદ્યોગ તરીકે દાખલ કરવો હોય ત્યાં કપાસ પાકતો જ હોવો જોઇએ એ દલીલ બરાબર નથી. ઇંગ્લાંડમાં કપાસ પાકતો જ નથી તે છતાં ત્યાં સેંકડો કાપડની મીલો ચાલે છે. હિંદુસ્તાનમાં ધારીએ તો કપાસ બધે જ ઉગાડી શકાય. વળી કતાઇના ધંધામાં કપાસ કાચો માલ તરીકે બીજેથી પણ મંગાવી શકાય. એટલે કપાસ નથી થતો એ કારણ બરાબર નથી.

"શિક્ષણની દૃષ્ટિએ વિચારીએ તો માણસ પોતાની મહેનતથી પોતાનાં કપડાં તૈયાર કરી શકે એમાં પુષ્કળ કેળવણી રહેલી છે. વળી વસ્ત્રવિદ્યાની બધી પ્રક્રિયાઓનો સમજ પૂર્વક અને તે બધી ક્રિયાઓની તાત્ત્વિક ભૂમિકા શીખીને અભ્યાસ કરવા જઇએ તો જ્ઞાનની એકે શાખા શીખ્યા વગરની ભાગ્યે રહેશે. ઉંડા ઉતરીને વિચારીએ તો જણાશે કે બીજા કોઇ પણ ઉદ્યોગ કરતાં વસ્ત્રવિદ્યામાં અનુબદ્ધ (Correlated) જ્ઞાન આપવાની શકિત વધારે છે.

"કતાઇ મુસલમાનોને નથી ગમતી એ હું જાણું છું. પણ એમની એ વૃત્તિ કાયમ નહિં ટકે. આજે આપણા મુસ્લીમ ભાઇઓ ચરખામાં કોંગ્રેસનું રાજકારણ જુએ છે તેથી તેઓ ચરખાનો વિરોધ કરે છે. પણ તેમને ખબર નથી કે ચરખાએ ગરીબ મુસલમાનોની જેટલી સેવા કરી છે તેટલી ભાગ્યે જ બીજી કોઇ પ્રવૃતિ કે સંસ્થાએ કરી હશે. બંગાળાના ઘણા બધા કાંતનારા મુસલમાન જ છે. ઢાકાની પ્રખ્યાત મલમલને માટે ઝીણામાં ઝીણું સૂતર કાંતનાર વર્ગ મુસલમાન બહેનોનો હતો અને તે ઝીણું સૂતર વણવાવાળા વણકરો પણ મુસલમાન જ હતા!

"એટલે ચરખાનો વિરોધ ભલે થાય, પણ વખત જતાં ચરખો પોતાનું સ્થાન મેળવ્યા વગર નહિ રહે. અન્તે સત્યજ ટકી રહે છે, બાકીની બધી ચીજો સમયના વહેણમાં તણાઇને નાશ પામે છે. તેથી જ મને જે સત્ય જણાય છે તે હું પોકારી પોકારીને કહેતો આવ્યો છું. મારો પોકાર આજે ભલે અરણ્યરુદન હોય, પણ વખત જતાં વિરોધના બધા સૂર બંધ થશે અને મારો જ પોકાર બધે સંભળાશે. કારણ કે મારો પોકાર તે સત્યનો પોકાર છે."

ગો. ર. કુ.

## અભિનંદન

વાંચકોનું ધ્યાન એક અવનવા પ્રયોગ તરફ અમે દોરીએ છીએ. ભાવનગર શહેરમાં વડવા વિભાગમાં ભાઇ માનશંકર નરભેરામ ભટ્ટ ઘણા વખતથી કામ કરે છે. મજૂરોનાં બાળકોને તાલીમ આપવી એ એમનો હેતુ છે. ભાઇ માનશંકરની કાર્યપદ્ધતિ તદ્દન સ્વતંત્ર છે. તેઓ કોઇ ખાસ વિચારસરણીના નિયમનને સ્વીકારીને કામ નથી કરતા. તેમ છતાં તેમનું કાર્ય ભાવનગરમાં દીપી રહ્યું છે. તેમની વ્યાયામપ્રવૃત્તિ વિશાળ છે. તેમનું ક્રીડાંગણ મનોહર છે. મજૂર બાળકો માટેનુ તેમનુ બાલમંદિર ખૂબ સફળતાથી ચાલી રહ્યું છે. તેમનું આ વડવા બાલમંદિર હવે નૂતન બાલ શિક્ષણ સંઘ સાથે જોડાયું છે. નૂ. બા. શિ. સંઘ તેને સહર્ષ આવકાર આપે છે. અમે શિક્ષણ પત્રિકા તરફથી ભાઇ માનશંકરને અને તેમની લોકોપયોગી પ્રવૃત્તિઓને માટે અમારી હાર્દિક શુભેચ્છાઓ દર્શાવીએ છીએ. ગો. ર. કુલકર્ણી

## ગ્રામ-બાલ-અધ્યાપન-મંદિર, બોરડી

પત્રિકાના વાંચકોને આ સંસ્થાની પ્રવૃત્તિઓનો ખ્યાલ શ્રી. તારાબેન મોડકના પાછલા અંકમાં આપેલા રિપોર્ટ પરથી આવશે. આ સંસ્થાનુ માહિતી પત્રક હવે તૈયાર થયું છે અને તે "મંત્રી, નૂતન બાલ શિક્ષણ સંઘ, ૧૧૮ હિંદુ કોલની, દાદર," અથવા "સંચાલક, બાલવાડી બોરડી, વાયા ધોલવડ B. B. C. I." એ સરનામે કાગળ લખવાથી મળી શકશે. કાગળની સાથે માહિતી પત્રકની કિંમત **ત્રણ આના પોસ્ટની ટિકીટના રૂપમાં** મોકલી આપવી.

**મંત્રી**

નૂ. બા. શિ. સંઘ.

મુદ્રક-પ્રકાશક:-ગો. ર. કુલકર્ણી, ૧૧૭, હિંદુ કોલોની દાદર-મુંબઇ ૧૪, મુદ્રણ સ્થાન:-સ્ટેટસ પીપલ પ્રેસ, ૧૩૮, મેડોઝ સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઇ.

નૂતન બાલ શિક્ષણ સંઘ સંચાલિત

# શિક્ષણ પત્રિકા

૧૮ અંક

ન હોય તો
સંપાદક
પોતા

# શિક્ષણ પત્રિકા

(નૂતન બાલશિક્ષણ સંઘ)

આદ્ય તંત્રી : સ્વ. શ્રી. ગિજુભાઇ બધેકા

તંત્રી : શ્રી. તારાબેન મોડક

સહ સંપાદકો : શ્રી. ગોપાળરાવ કુલકર્ણી, શ્રી. બંસીધરજી, શ્રી. રામલાઈ પાઠક

[વર્ષ ૨૧] ઓક્ટોબર ૧૯૪૬ આસો ૨૦૦૨ [અંક ૧૦ મો

## અનુક્રમણિકા


| | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧ | ગામડાંનાં બાલમંદિરો | ગાંધીજી | ૧૪૭ |
| ૨ | જીવન કાવ્ય | ગો. રા. કુલકર્ણી | ૧૪૮ |
| ૩ | બાળકોનું રક્ષણ | તારાબેન મોડક | ૧૫૨ |
| ૪ | જ્ઞાનનો અનુભવ | શારદા ગદ્રે | ૧૫૫ |
| ૫ | એક પ્રશ્ન અને તેનો જવાબ | સંપાદક | ૧૫૯ |
| ૬ | વાંચ્યું છે પણ યાદ નથી | એચ. એન. ત્રિવેદી | ૧૬૦ |
| ૭ | જાદુઈ પેટી | એક શિક્ષક | ૧૬૧ |
| ૮ | ચાતપત્રક | | ૧૬૩ |
| ૯ | સૂચના | | ૧૬૪ |
| ૧૦ | મધ્ય ગુજરાત બાલશિક્ષણ સમેલન | રામભાઇ પાઠક | ૧૬૫ |
| ૧૧ | આ બદીવાસમાંથી કયારે છૂટીશ ? | ગોપાળરાવ કુલકર્ણી | ૧૬૭ |
| ૧૨ | જતાં આવતાં | તારાબેન મોડક | ૧૭૦ |
| ૧૪ | નોંધપોથી માંથી | | કવર પૃષ્ઠ ૩ |
| ૧૩ | ગ્રહણ કે પ્રદાન ? | ગો. રા. કુ. | કવર પૃષ્ઠ ૪ |


## સાચી કેળવણી

બાળક કે મોટું માણસ બન્નેની સાચી કેળવણી તેમને માત્ર અગજ થી જ નહી પણ આખા શરીરથી વિચાર કરતાં શીખવવું એમાં છે, આ આજના યુગમાં શિક્ષણ શાસ્ત્રની એક મહાન શોધ છે.

એફ. સી. હૅપોલ્ડ.

# ગામડાંનાં બાલમંદિરો

(પૂ. બાપુજી સાથે શ્રી. તારાબેન મોડકને પ્રશ્નોત્તરરૂપે થએલી વાતચીત)

**પ્રશ્ન**—હવે ઘણા પ્રાંતોમાં આપણી સરકાર છે. ને તે શિક્ષણના કેટલાએક સુધારા કરે છે. ખાસ કરી પ્રાથમિક શિક્ષણના પ્રશ્નો હાથમાં લે છે. તો તેની સાથે સાથે ૭ વર્ષની અંદરનાં બાળકોના શિક્ષણ વિષે પણ તેઓ કંઈક કરે એ ઇચ્છવાજોગ છે એમ આપને નથી લાગતું શું? પૂર્વ પ્રાથમિક માટે પ્રાથમિક શિક્ષણ જેટલું તેઓ ન કરી શકે એ સમજી શકાય. પણ અત્યારે એ દિશામાં શરૂઆત તો કરવી જોઈએ એમ મને લાગે છે.

એ બાબતમાં સરકાર કરે એના કરતાં સ્વ. **કસ્તુરબા સ્મારક** નિધિ વગેરે કરે એ વધારે સારું એમ કેટલાએક કહે છે તે બરાબર છે?

**જવાબ :** સરકારે એ પણ લેવું જોઈએ, સ્મારક નિધિ શું કરી શકે? એ તો માત્ર રસ્તો બતાવી શકે. સરકારે જ ૭ વર્ષની અંદરનાં બાળકોનો પ્રશ્ન પણ હાથમાં લેવો જોઈએ.

**પ્રશ્ન :** હું નીચે પ્રમાણે સૂચવું છું.

(૧) સરકારે પૂર્વ પ્રાથમિકની ટ્રેનિંગ કૉલેજો (અધ્યાપન મંદિરો) ચલાવવાં. તે પણ ગામડાંઓનાં બાળકો માટે અને ગામડાંઓમાં જ.

(૨) ચાલતાં બાલમંદિરોને Token Grants આપવી ને તેમનું નિરીક્ષણ કરવું.

(૩) ગામડાંઓમાં નીકળતાં બાલમંદિરોને વધારે સારી રીતે આર્થિક મદદ કરવી.

અત્યારે એટલું થાય તો પણ ઘણું થશે એમ મને લાગે છે. આપનો એ વિષે અભિપ્રાય જાણવા માગું છું.

**જવાબ**—તમારી સૂચનો મને ગમે છે. પણ ખાલી સૂચના કર્યે કંઈ વળવાનું નથી. સરકારની અપંગતા પણ જોવી જોઈએ. એ રાંધે ને તમારે આવાનું હોય તો એ કાંઈ કરશે નહિ. એમનો સ્ટાફ જૂનો છે. બધાંને બરતરફ કરી શકે નહિ ને તે બરાબર પણ નથી. તેથી અધાધુધી થશે. આજે પણ છે એ કયાં સુધી જશે એ કોઈને ખબર નથી. સૌ પોતપોતાને માર્ગે ચાલે છે. તમે યોજના એની સામે મૂકો. આટલાં ગામડાંને અમે પહોંચી વળશું. આટલો અમારો સ્ટાફ છે. તો પછી સરકાર એના-ઉપર મોહોર મૂકશે. હિસાબ વર્ષને અંતે આપશું. વધારે જોઈશે તો સરકાર આપશે.

નિરીક્ષણ (Inspection) પાછળથી કરે. સરકારી નિરીક્ષણ થાય એમાંથી તમે પ્રતિષ્ઠા પામશો. જેટલા શિક્ષકો તમારી પાસે છે એટલા પાસેથી તમે કામ લેશો તો એ કામ વધશે.

Token grant ની જરૂર હું નથી જોતો. જે સંસ્થા નિરીક્ષણ કબુલ ન કરે તેને (Recognition) સરકાર માન્યતા ન મળે. સરકારનો અંકુશ ન સ્વીકારે તો તેને સરકારની પ્રતિષ્ઠા ન મળે. એટલે બધાં નિરીક્ષણ કબુલ રાખે. આજની સરકાર લોકમતને વશ છે. તેથી સરકારી નિરીક્ષણની દરકાર શિક્ષણ સંસ્થાઓને રહેશે. એમાં એનું જય શું? આ સંસ્થાઓ શિક્ષણ માટે છે. શિક્ષણ વેપાર સારૂ નથી. શિક્ષણ આપવાના ધંધાથી જે કામ કરે છે એને ઘટતી મદદ સરકારે આપવી જ જોઈએ. જનતા જાગ્રત ન હોય તો શિક્ષણ ધધાર્થે થશે.

તમારું પોતાનું ધ્યાન અત્યારે ગામડાં તરફ હોવું જોઈએ. મુંબઈનાં છોકરાંઓને કે શેઠીઆઓનાં છોકરાંઓને શીખવો ને શેઠીઆ પૈસા આપે એ બધું નિરર્થક છે. તમારો અનુભવ કેવળ ગામડાંને આપવો જોઈએ. ગામડાંનો ઉદ્ધાર ગામડાંની રીતેજ થવો જોઈએ. માટે તમારો વધારે સમય ગામડામાં જવો જોઈએ. મુંબઈની તમારી બેનોને—વિદ્યાર્થિનીઓને એ રીતે વાત કરવી જોઈએ. આ રીતે કામ થાય તોજ સરકાર કરે તે શોભશે.

કોઈ બહાનાં કાઢે એ નકામું છે. કસ્તુરબાનિધિ આખા હિંદુસ્તાનને પહોંચી વળે એમ નથી.

તમે યોજના આપો. અંદાજપત્ર (બજેટ) આપો. આટલાં માણસો, આટલાં ગામડાં વગેરે વિગત આપો. એટલે હું તજવીજ કરવા તૈયાર છું.

તમે એ ક્ષેત્રમાં કામ કરનારાં ભેગાં મળીને એક યોજના અને બજેટ આપો. નોખા નોખા વિચાર સરકાર પાસે ન જવા જોઈએ. બધાં તરફથી એક સમગ્ર બજેટ હોય એ શોભે.

ગામડાંને શહેર બનાવવાં એ હાનિકારક છે. નેવાનાં પાણી નીચેજ જવાનાં, એને ઉંચે ન લાવી શકાય. ગામડાંનો ઉદ્ધાર ગામડાંની રીતેજ થવો જોઈએ. માટે તમારો વધારે સમય ગામડામાં જવો જોઈએ. મુંબઈની તમારી બેનોને—વિદ્યાર્થિનીઓને એ રીતે વાત કરવી જોઈએ. આ રીતે કામ થાય તોજ સરકાર કરે તે શોભશે.

કોઈ બહાનાં કાઢે એ નકામું છે. કસ્તુરબાનિધિ આખા હિંદુસ્તાનને પહોંચી વળે એમ નથી.

તમે યોજના આપો. અંદાજપત્ર (બજેટ) આપો. આટલાં માણસો, આટલાં ગામડાં વગેરે વિગત આપો. એટલે હું તજવીજ કરવા તૈયાર છું.

તમે એ ક્ષેત્રમાં કામ કરનારાં ભેગાં મળીને એક યોજના અને બજેટ આપો. નોખા નોખા વિચાર સરકાર પાસે ન જવા જોઈએ. બધાં તરફથી એક સમગ્ર બજેટ હોય એ શોભે.

# જીવનકાવ્ય

સાક્ષરવર્ય સુશીલાએ આદિવાસી સેવા મંડળના આશ્રમમાં પગ મૂકતાંની સાથે જ આશ્રમના સંચાલકને પ્રશ્ન કર્યો :

"અહીં ટપાલ દરરોજ આવે છે ને?" અને જ્યારે ટપાલ અઠવાડીયામાં એજ વખત આવે છે એમ જાણ્યું ત્યારે તેની મુદ્રા પર નિરાશા છવાઇ.

"અઠવાડીયામાં એજ વખત?" તેણે પ્રશ્ન કર્યો.

"હા. પણ દરરોજ ટપાલ લાવવાની વ્યવસ્થા પણ થઇ શકશે. અહીંથી ૪ માઇલ પર માસવણ ગામમાં પોસ્ટ ઓફીસ છે. ત્યાંજ આપણી ટપાલ આવે છે. આપણે દરરોજ માણસ મોકલીએ તો દરરોજ ટપાલ મળી શકશે."

"તો તેની વ્યવસ્થા નથી આશ્રમમાં?"

"ના. આશ્રમમાં તેવી જરૂર જ નથી હોતી"

"તો પછી છાપાં પણ નથી આવતાં? તેના વગર શી રીતે ચાલે છે?"

"અઠવાડીયાનો નવાકાળ આવે છે, તે અમારે માટે બસ છે. બાકી એક બે માસિકો આવે છે"

"મારે તો દરરોજનાં છાપાં વાંચવાં જ જોઇએ. ત્રણ ચાર દૈનિકો નિયમિત રીતે અહીં આવે એવી વ્યવસ્થા કરી છે મેં. મફત આવશે આશ્રમ માટે. લઇ આવવાની વ્યવસ્થા આપણે કરવી પડશે."

આશ્રમના સંચાલક તાત્યા સાહેબ જોધેએ સાંભળ્યું હતું કે આદિવાસીઓની કેળવણીનું કામ કરવા માટે આવનાર સુશીલાબેન એક દૈનિક પત્રનાં ઉપતંત્રી હતાં. હવે એમની ખાતરી થઇ કે આદિવાસીઓની સેવા માટે ખરેખરજ એક વિદુષી મળી ગયાં છે.

અને હતું પણ તેમજ.

શ્રી. સુશીલા કારખાનીસ ફર્સ્ટ કલાસ એમ. એ. હોઇ પ્રખ્યાત લેખિકા હતાં. તેઓ કવચિત્રી હતાં અને મહારાષ્ટ્રનાં પ્રમુખ માસિકોમાં તેમનાં કાવ્યો પ્રસિદ્ધ થતાં હતાં. અનેક પ્રસંગોએ કાવ્ય ગાયન માટે તેમને પ્રશસ્તિપત્રો અને પદકો મળ્યાં હતાં. તેઓ દૈનિક "ભારત" નાં ઉપતંત્રી હતાં અને તે પત્રનો આખો સાહિત્ય વિભાગ એમને જ સંભાળવો પડતો. "ભારત" ના સાહિત્ય વિભાગને લીધે જ મુંબઇનાં દૈનિકોમાં તેનું સ્થાન અગ્રભાગે હતું. લોકો એ વાત જાણતા હતા, તેથી તેઓ સુશીલાબેનને હમેશા ધન્યવાદ આપતા. મુંબઇની જનતામાં અને મહારાષ્ટ્રના વાંચક વર્ગમાં સુશીલાબેન કારખાનીસ ઉત્તમ લેખિકા અને કવચિત્રી તરીકે જાણીતાં હતાં.

એવંગુણવિશિષ્ટ સુશીલા મુંબઇનું જીવન ત્યજીને આદિવાસીઓની સેવા માટે ગયાં એ વાત મુંબઇ અને મહારાષ્ટ્ર ભરમાં એક ચર્ચાનો વિષય થઇ ગયો હતો. સુશીલાબેન પાલઘર તાલુકામાં જવાનાં છે આ ખબર છાપાંઓમાં પ્રસિદ્ધ થઇ ત્યારે છાપાંઓના ખબરપત્રીઓએ તેમની મુલાકાત લઇ પ્રસિદ્ધ કરી. સુશીલાનો ફોટો પણ બધે છપાયો. જુદી જુદી સંસ્થાઓ તરફથી તેને પાર્ટી માટે નિમંત્રણો પણ આવ્યાં અને મુંબઇની જનતાએ તેમના ત્યાગની મુકતકંઠે પ્રશંસા કરી.

સાહિત્ય સુશીલાનો આત્મા હતો. મરણાસન્ન માતાની ઇચ્છા પૂરી કરવા માટે સુશીલાએ સોળમે વર્ષેજ વિદ્યાર્થીદશામાં લગ્ન કર્યા હતાં. પણ વિપરીત વિધિઘટનાને લીધે લગ્ન પછી છ જ મહિનામાં તેનો પતિ દિવંગત થયો. માતા પહેલાં જ ચાલી ગઇ હતી. સુશીલા હવે દુનિયામાં સાવ એકલી થઇ. ખૂબ જ હોશિયાર વિદ્યાર્થિની હોઇ મુંબઇના મહિલા મંડળે તેની કેળવણીની જવાબદારી પોતાને માથે લીધી અને મહિલા મંડળના છાત્રાલયમાં રહીને જ સુશીલાએ એમ. એ. સુધીનો અભ્યાસ પૂરો કર્યો. પાલઘરમાં આદિવાસીઓની પરિષદ થઇ ત્યારે દૈનિક 'ભારત'ની પ્રતિનિધિ તરીકે સુશીલાએ હાજરી આપી હતી. ત્યાં આદિવાસી પ્રજાનાં દર્શન તેણે કર્યાં. અત્યાચારના ભોગ થયેલી આદિવાસી બહેનો સાથે રૂબરૂ વાતચીત કરીને તેણે તેમની કરુણ કહાણી તેમને જ મોઢે સાંભળી. તેનો સાહિત્યરસિક આત્મા વિહ્વળ થયો અને તેનું કવિહૃદય વિદીર્ણ થયું. તેમાં શ્રી. બાલાસાહેબ ખેરે આદિવાસીઓની સેવા સારૂ જીંદગી અર્પવાવાળા સેવકો માટે હાકલ આપી.

સુશીલા પરિષદમાંથી પાછી ફરી, પણ. તેનું કવિહૃદય તેની સાથે પાછું ફર્યું નહીં. આદિવાસીઓની ઝૂંપડીઓમાં જ તે રહ્યું હતું. આજ સુધી જે સાહિત્યસેવા કરી તે આત્મવંચના હતી એમ તેને લાગ્યું. મધ્યમ અને ઉચ્ચ વર્ગીય સમાજનાં જીવનચિત્રો તેણે વાંચકો પાસે રજુ કર્યાં હતાં. તેનાં બધાં કાવ્યો સુખી કુટુંબોની ભાવનાસૃષ્ટિમાં રમવાવાળાં હતાં.

પણ ખોરાક વિનાં ટળવળતી, વસ્ત્ર વિના ટાઢે મરતી, છાયા વિના તડકામાં દઝાતી, જુલ્મી ધનિકોની વિષય-વાસનાનું ભક્ષ્ય થઇ જતી, ગરીબ, કંગાળ, નિર્બળ, અજ્ઞાન જનતાની હૃદયવિદારક જીવનગાથાને હજી સુધી તેની કલમ સ્પર્શી શકી ન હતી. આ વાત સુશીલાને ખૂબજ ખટકી અને તેથી જ આદિવાસીઓમાં જઈને રહેવાનું તેણે ઠરાવ્યું. સાહિત્યના નવા ક્ષેત્રમાં પદન્યાસ કરવાની તેને અનાવર ઇચ્છા થઇ. આજ સુધી સાહિત્યમાં જે વાતોની છાયા પણ ન હતી પડી, તે વાતોને સાહિત્યમાં લાવવાની ઉત્કંઠા તેનામાં જાગી. તેથી આદિવાસીઓનો જીવતો સંપર્ક સાધી તેમના જીવન સાથે સંલગ્ન એવું ક્રાન્તિ-કારી સાહિત્ય સર્જવાની ઇચ્છાથી તેણે આદિવાસી આશ્રમમાં પગ મૂકયો.

અને તેથી જ આશ્રમમાં પગ મૂકતાંની સાથે પહેલો પ્રશ્ન ટપાલ વિષેનો કર્યો. કારણ કે દૈનિક અને સામાહિક પત્રોમાં અને માસિકોમાં વખતો વખત આદિવાસીઓ વિષે લેખ લખવાનું ઠરાવીને તે આવી હતી.

બપોરનું ભોજન થયા પછી સહેજ આરામ લઇને સુશીલા તાત્યાસાહેબની સાથે આદિવાસીઓની વસ્તીમાં ફરવા નીકળી.

તાત્યાસાહેબ તેને દરેક ઝૂંપડીમાં લઇ ગયા. અર્ધનગ્ન સ્ત્રીપુરૂષ અને પૂર્ણનગ્ન બાળકોએ તેમનું સ્વાગત કર્યું. સ્વાગતની તેમની ઢબ સુશીલાને વિચિત્ર લાગી. ભયગ્રસ્ત હરિણીની જેવી તેમની સ્વાગતની રીત હતી. આખા વિશ્વની કાતરતા જાણે તેમની આંખોમાં એકઠી થઇ હતી! આવનાર મહેમાનો તરફ પોતાની કાતર દૃષ્ટિથી જોતાં જોતાં પોતે જે સ્થિતિમાં હતાં તેજ સ્થિતિમાં નિર્જીવ પૂતળાંની જેમ બેસી રહેવું, એજ એમના સ્વાગતની રીત હતી. કેવી ભારે અકર્મણ્યતા દેખાઇ આવી સુશીલાને! જાણે એમનું મન, એમનું શરીર, એ એમનાં પોતાનાં જ ન હતાં. કોઇ હુકમ કરે ત્યારે શરીર હલે અને મન જાગે! તેમનાં એ નાનાં નાનાં બાળકો! કોઇ માની પાછળ સંતાયું, તો કોઇ ઝૂંપડીમાં ઘૂસી ગયું તો કોઇ ખૂણામાં સતાયું! પણ એ બધાંની આંખો માત્ર આવનાર મહેમાનો તરફ તાકીને જોતી હતી. જાણે કે તેમના આખા શરીરમાં માત્ર તેમની આંખો જ એવો અવયવ હતો કે જે એમના બધા વ્યાપાર ચલાવતો!

દરેક ઝૂંપડીમાં આજ અનુભવ, આજ સ્વાગત, આજ ચિત્ર સુશીલાએ જોયું. તે બાબતમાં તેણે તાત્યાસાહેબ સાથે ચર્ચા પણ કરી.

સુશીલાનો આ દરરોજનો કાર્યક્રમ થઇ ગયો. દરરોજ બપોરના આદિવાસીઓના ઝૂંપડાંમાં જવું, નિરીક્ષણ કરવું, ચર્ચા કરવી અને ઘેર આવી જમી કરીને લેખ કે કવિતા લખી છાપાંઓ માટે મોકલવી. સવારનો વખત આશ્રમના કામકાજમાં ગાળી બાકીનો વખત છાપાંઓ અને માસિકો વાંચવામાં તે વ્યતીત કરતી. ઘણાંય છાપાંઓ અને માસિકો તેની પાસે આવતાં હતાં. તેથી સહેજે બે ત્રણ કલાક નીકળી જતાં.

એક દિવસ રાતના વાળુ કર્યા પછી કોડિયાના મંદ પ્રકાશમાં સુશીલા લખવા બેઠી. પણ આજે કલમ ચાલતી નહતી. મનમાં વિચાર ઊઠવા લાગ્યા. મુંબઇના ઝળહળતા વીજળીના પ્રકાશમાં ઊછરેલી સુશીલાને કોડિયાનો આ મંદ પ્રકાશ તદ્દન અંધારું જ લાગ્યો! અને મુંબઇના ઝળહળતા જીવનનો અનુભવ લીધેલ તેને આદિવાસીઓનું જીવન પણ તે કોડિયાના પ્રકાશની જેમ નિષ્પ્રભ, નિશ્ચેતન, અંધકારમય લાગ્યું!

આ જીવનમાં ચૈતન્ય લાવવાનું! સુશીલા વિચાર કરવા લાગી. સાહિત્યની સેવા કરવા માટે તે ત્યાં આવી હતી. પણ સાહિત્યની સેવા એટલે કોની સેવા? આદિવાસીઓની? બિલકુલ નહીં. તે બિચારાઓનાં ઝૂંપડાંમાં તેની કલમનો પ્રકાશ કેવી રીતે પહોંચે? અંધકારનો જાડો પડદો ચીરીને તેના લેખોમાં ચિત્રિત થયેલા વિચારો તેમના મન સુધી કેવી રીતે પહોંચે? પછી આ સાહિત્ય સેવા કોની? મુંબઇની, પૂનાની ઝળહળતી જનતાની! ગરીબોની હાડમારીઓનાં વર્ણનો વાંચી પોતાની વૃત્તિઓને ઊભરાવી કરુણ રસનો આનંદ અનુભવી, તે અનુભવ મેળવી આપવા માટે સુશીલાના વખાણ કરવા ઇચ્છતી જનતાની તે સેવા હતી! આ શું સેવા? કે સેવાની વિડંબના? ગરીબના દુઃખો પર દીધેલા ડામ જ હતા તે! કરુણ રસનો આનંદ! કેટલો ભયાનક વિરોધ અલંકાર આ! સિને-માના રજત-પટ પરનાં કરુણ દૃશ્યો જોઇને પ્રેક્ષકોની આંખોમાં આંસુ આવે છે, તેમાં પણ તેઓ કરુણ રસનો આનંદ નથી માણતા શું? આનંદ આવતો ન હોત તો ફરીફરી તે ચિત્ર જોવાની ઇચ્છા શા માટે થઇ હોત?

આ વિચાર આવ્યો અને સુશીલાની બુદ્ધિ કુંઠિત

થઇ. ભાવનાઓ અવરૂદ્ધ થઇ. ચિત્ત બેબાકળું થયું. વિચારોથી મન જડ બન્યું. કંગાલોના કારુણ્યનાં શબ્દ-ચિત્રો ચીતરી જેમને લીધે કંગાલપણું આવ્યું તે શહેરી લોકોનું જ મનરંજન કરવું—એજ નથી શું સાહિત્ય-સેવાની વ્યાખ્યા ?

અસહ્ય થયો આ વિચાર સુશીલાને. તે લેખની શરૂ-આત પણ નહિ કરી શકી. મુંઝાયેલી મનોદશામાં તે બિછાના પર પડી. કેટલોય વખત તેના મનમાં વિચારોની ગડમથલ ચાલી. ઊંઘનું નામ નહીં ! શરીર થાકયું હતું; પણ મન પર વિચારનું ઘેન ચઢયું હતું. શરી રિથિલ આરામ અનુભવતું હતું. પણ મન કેટલીય મોટી સફર કરતું હતું !

અન્તે તદ્દન મળસ્કે તેની આંખો મીંચાઇ.— પણ તે ઊંઘ ન હતી. વિચારસૃષ્ટિમાંથી સ્વપ્નસૃષ્ટિમાં તેણે પ્રવેશ કર્યો હતો. તેનું સ્વપ્નું તેના મનની મુંઝવણના જવાબ રૂપેજ હતું. એક વિશાળ બાગમાં જાણે તે બેઠી છે. માળી બાગને પાણી પાય છે. બાગમાં ચારે કોર ફૂલ ખીલ્યાં છે. એટલામાં ત્યાં એક સ્ત્રી આવે છે. તેની આંગળી પકડીને એક સુંદર બાળક ચાલે છે. તેની

**આ સ્વપ્ને સુશીલાને શીખવ્યું કે બાળક એજ સર્વશ્રેષ્ઠ સર્જન છે અને જીવન એજ સર્વશ્રેષ્ઠ કાવ્ય છે.**

આગળ એકબીજાનો હાથ પકડીને એક છોકરો અને છોકરી ચાલ્યાં છે. તે ભાઇબહેન છે અને તે સ્ત્રી તેમની માતા છે એ સુશીલાને તરતજ જણાયું. કારણ કે તેની સાથે ચાલનાર બાળકે, "ભાઇ, બહેન, થોભો. હું બા ને લઇને આવું છું," એમ કહીને પેલાં બેને બોલાવ્યાં. આ બધી સુંદર-તાથી સુશીલાનું મન આનંદથી ભરાઇ ગયું. તે વિચાર કરવા લાગી તેને જણાયુ કે તે પોતે બાગમાં એક લોન પર બેસીને કંઇક લખે છે. શો હતો વળી કાવ્યનો વિષય ?...

એટલામાં "સુશીલાબેન, ઉઠો છો ને ? પ્રાર્થનાનો સમય થઇ ગયો છે," એવો તાત્યા સાહેબનો સાદ આવ્યો સુશીલા જાગી ગઇ. તે ઊઠી. તેના ઓરડામાં સૂર્યનાં કિરણો આવ્યાં હતાં. તેની સ્વપ્નસૃષ્ટિ જતી રહી હતી અને તેણે હવે સત્ય સૃષ્ટિમાં પ્રવેશ કર્યો હતો. ઊઠીને તેણે મુખમાર્જન કર્યું અને તે ઉતાવળે પ્રાર્થના બંડમાં ગઇ.

આજની પ્રાર્થના તેને જુદી જ લાગી " असतो मा सद्गमय, तमसो मा ज्योतिर्गमय, मृत्योर्मा अमृतं गमय." કેટલી ભવ્ય અભિલાષા, કેટલીક ઉદાત્ત ભાવના, કેટલી પવિત્ર માગણી !

પ્રાર્થના પૂરી થઇ. સુશીલા પાણીની બાલટી લઇને કૂવા પર ગઇ. ત્યાં તાત્યાસાહેબ બાળકોને સ્નાન

કરાવતા હતા.

"હું મદદ કરું કે?" સુશીલાએ પૂછ્યું.

"ના જી, જરૂર નથી, આપ સ્નાન કરી લો. છાપાં આવીને પડ્યાં છે ઓરીસના ઓરડામાં."

છાપાં! સુશીલાનું જીવન હતું તે. પણ સુશીલાને આજે તે શબ્દ કર્કશ લાગ્યો. તે શબ્દનો તેને ડર લાગ્યો.

"સોમા, તાઈ માટે પાણી મૂકી આવ તો," તાત્યા-સાહેબે એક મોટી ઉમરના છોકરાને કહ્યું.

"ના, ના, હુંજ ખેંચીશ પાણી. તેને શા માટે તકલીફ?" સુશીલાએ બાલટી કુવામાં ઉતારતાં ઉતારતાં કહ્યું.

બાલટી ઊપર આવી, પણ સુશીલા તેને બહાર ખેંચી નહી શકી. સોમો ઝટ દઈને આગળ વધ્યો અને તેણે બાલટી બહાર કાઢી. સુશીલા શરમાઈ. બાલટી લઈને તે નહાવા ગઈ.

સ્નાન કરીને તે પાછી આવી, પણ હમેશ મુજબ સીધી ઓરીસના ઓરડામાં જઈ છાપાં વાંચવાને બદલે તે બાળકો જ્યાં કામ કરતાં હતાં તે ઓરડામાં ગઈ. ઘણાં ખરાં બાળકોનાં શરીર ઉઘાડાંજ હતાં. કપડાંની બચત કરવા માટે તાત્યા સાહેબે માત્ર ચડ્ડીનોજ પોશાક બાળકો માટે નિયત કર્યો હતો. ચોમાસુ અને ઉનાળો આજ પોશાકથી નીકળી જતો. શિયાળા માટે એક એક બંડી જણ દીઠ કરી રાખી હતી.

સુશીલા તે કાર્યવ્યગ્ર બાળકો તરફ જોવા લાગી. કામમાં તેમની એકાગ્રતા જોઈને તેને નવાઈ લાગી. કામની સુઘડતા જોઈને તેને આશ્ચર્ય થયું. વર્ગની શાંતિ તેને મનોહર લાગી. તરતજ શહેરના મ્યુનિસિપલ શાળાઓનો ઘોંઘાટ તેને સાંભર્યો. નહાઈ ધોઈને સ્વચ્છ કપડાં પહેરી બેઠેલાં તે બાળકો તરફ જોઈને તેને સંતોષ થયો. પોતે ઝૂપડાંઓમાં જોયેલાં ગદાં અને તેજોહીન બાળકો તે આજ શુ? આવી શંકા તેને થઈ. મળસ્કે જોયેલ સ્વપ્નનો તે વિચાર કરવા લાગી. તેને લાગ્યું—

ત્રણ સર્જનોનું એ સ્વપ્ન હતું. માળીએ ઉછેરેલો બાગ, માએ ઉછેરેલાં બાળકો અને તેણે રચેલી કવિતા. આમાંનાં પહેલાં બે સર્જનો વાસ્તવિક હતાં, સત્ય સૃષ્ટિનાં હતાં. તેનું સર્જન ભાવનાસૃષ્ટિનું, કાલ્પનિક અને શાબ્દિક હતું. કયું સર્જન વધારે મહત્વનુ? ફૂલ બાળક અને કાવ્ય! ત્રણેય મનોહર, ત્રણેય નિર્દોષ, ત્રણેય અંતઃકરણને ઉન્નત કરાવનાર. પણ આમાં તરતમ ભાવ નથી?

નથી કેમ? છે જ. સૃષ્ટિનું સર્વોત્કૃષ્ટ સર્જન એટલે બાળક. મેં સ્વપ્ન સૃષ્ટિમાં જે બાળકો જોયાં તે કેવાં સુંદર પ્રસન્ન અને પ્રફુલ્લ હતાં! જાણે કે પુષ્પવાટિકા-માંથી છૂટાં પડેલાં ફૂલ જ હતાં તે! પણ મેં આદીવાસી-ઓની ઝૂંપડીઓમાં જોયેલાં બાળકો? ધૂળમાં રગદો-ળાતાં, પગ નીચે કચડાયેલાં ફૂલો નથી હોતાં? તદ્દન તેવાંજ હતાં એ બાળકો. આ પદદલિત પુષ્પોમાં પ્રાણ-સિચ્ચન થઈ શકે? શા માટે નહિ થાય? આશ્રમનાં બાળકો કેવાં પ્રફુલ્લ અને પ્રસન્ન દેખાય છે!

તો પછી જ્યાં સુધી સમાજના રાક્ષસી તંત્રના પગ નીચે કચડાયેલાં આ કોમળ પુષ્પો પ્રફુલ્લિત નહિ થાય ત્યાં સુધી બીજું સર્જન શી રીતે થાય?.....
અને હું કાવ્યો લખી! પણ કેવાં? આ દલિત બાળકોની કંગાલ દશાનાં કરુણ ચિત્રો ચીતરીને સુખવસ્તુ સમાજના વખાણ હું મેળવીશ. પણ તેથી આ દલિતોનુ દુઃખ શી રીતે નષ્ટ થાય! આ કરમાયેલાં ફૂલોમાં શી રીતે પ્રાણ સિચાય?

આના કરતાં આ બાળકોની સેવામાં જ મેં મારી બુદ્ધિ અને શરીર વાપર્યાં હોય તો? જે સર્જન થશે તેમાંથી મળતો આત્મસંતોષ કેટલો મોટો હશે! અને મારો આત્મવિકાસ? દરેક ખીલતા ફૂલની સાથે મારા આત્માની એક એક પાંખડી ઊઘડતી જશે અને મારું આત્મકુસુમ પ્રફુલ્લ થશે. તે ખીલેલા આત્મકુસુમની સુગંધ ચોમેર ફેલાશે. મારા વિકસિત આત્માનુ મૂક કાવ્યજ હશે તે! તે અશરીર કાવ્ય રસિકોના જ શું પત્થરોના દિલને પણ પીગળાવે એવું પ્રભાવી હશે.

સુશીલાની વિચારશૃંખલા એકદમ તૂટી. તેની તદ્દન પાસે આવીને ઊભેલા સોમાના શબ્દ તેણે સાંભળ્યા, "બહેન, આ છાપાં મોકલ્યાં છે તાત્યાએ."

સુશીલાએ ચમકીને સોમા તરફ જોયું. તેના વાકયનો અર્થ તેના મગજમાં ઊતર્યો. તેના હાથમાંનાં છાપાં તેણે જોયાં. તેને અકળામણ થઈ. મળસ્કેનુ તે રમ્ય સ્વપ્ન અને ત્યારપછીનું હમણાંનું આ રમ્યતર દિવાસ્વપ્ન, બંનેને કચડી નાંખનાર તે છાપાં જોઈને તેને ખીજ ચઢી.

"મેં છાપાં કયારે માંગ્યાં હતાં? લઈ જા પાછાં" તે બોલી. "મેં મોકલ્યાં છે છાપાં, બહેન. ભૂલી ગયાં એમ લાગ્યું તેથી મોકલ્યાં. સોમા, જા બહેનના કમરામાં મૂકી આવ છાપાં," આ વાકય તાત્યાનું હતું. ઓરડા-માંથી બહાર આવીને તાત્યા સુશીલાની પાસે ઊભા અને ફરી બોલ્યા, "તમને છાપા વગર નથી ચાલતું તેથી મોકલ્યાં. મારાથી કાંઈ ભૂલ થઈ?"

સુશીલા શરમાઈ. તાત્યાના મુખ તરફ તે થોડી વાર જોઈ રહી. પછી કાંઈક નિશ્ચય કર્યો હોય તેમ તે બોલી, "તમારી નહીં, મારી જ ભૂલ થઈ. છાપાંઓનું રાજ્ય હવે ખલાસ થયું છે. હવે માણસોનું રાજ્ય થયું છે મારા હૃદયમાં. આદિવાસીઓના આ અરણ્યની ફૂલવાડી કરવાનો નિશ્ચય મેં કર્યો છે. તમારી મદદ જોઈએ."

તાત્યા સુશીલા તરફ જોઈ રહ્યા!

× × × ×

બીજા દિવસથી સુશીલાએ આદિવાસી બાળકો

માટે બાલવાડી ૨૩ કરી. આશ્રમમાં નહીં, આદિવાસીઓની વસ્તીમાં જ. બાળકોને રમાડવાં, તેમને ગીત શીખવવાં, તેમને નવરાવવાં, જમાડવાં, તેમનાં માબાપ સાથે સુખ દુઃખની વાતો કરવી, એવો કાર્યક્રમ હતો એ બાલવાડીનો.

દિવસ પછી દિવસ ચાલ્યા. સુશીલા પોતાના કામમાં અધિકાધિક રમમાણ થતી ગઇ. એક દિવસ સવારના બાલવાડીમાં વચ્ચે તે બેઠી હતી. ભીમો તેના બોળામાં માથું મૂકીને પડયો હતો. સુખી તેની પછવાડે ઉભી રહી તેના વાળ પર હાથ ફેરવતી હતી. ગોપ્યા માટીના રમકડાં બનાવતો હતો. કિસન ફૂલોની માળા ગૂંથતો હતો અને બીજાં બાળકો મનમાન્યું રમતાં હતાં. એટલામાં સોમો ટપાલ લઇને આવ્યો. ત્રણ તાર હતા. ત્રણે તારોમાં એકજ મજકૂર હતો. "માસિક માટે કવિતા હજી મળી નથી; તરતજ મોકલી આપો."

સુશીલાએ કાગળ પેન્સીલ લઇને ત્રણે તારોને એકજ જવાબ લખ્યો, "મારું કાવ્ય જોઇતું હોય તે અહીં આવીને જુએ, સાંભળે."

બાળવૈધવ્યને લીધે ત્રુટિત થયેલી જીવન-સરિતાને કાવ્ય અને સાહિત્યના માર્ગ પર વાળી સુશીલાએ જીવન સંપન્ન બનાવ્યું હતું. હવે બાલવાડીનાં ફૂલોના છોડ ઉછેરવા માટે તેણે પોતાની જીવન-સરિતા વહેરાવી હતી સુશીલા હવે અપગોની માતા થઇ હતી, ફૂલવાડીની માળણ થઇ હતી, દલિતોની સેવિકા થઇ હતી. જીવન એજ તેનું કાવ્ય થયું હતું!

ગો. ૨. કુલકર્ણી

# બાળકોનું રક્ષણ

બાળકોના રક્ષણની બાબતમાં વડીલ માણસોની બે જાતની ભૂલો ઘણી વખત થાય છે. એક અતિરક્ષણની અને બીજી અરક્ષણની સામાન્ય રીતે શ્રીમંત અને સુરક્ષિત વર્ગનું વલણ અતિરક્ષણ તરફ હોય છે. ખૂબ લાડવાળું કે માનતાવાળું બાળક હોય તો ગરીબ અને અરક્ષિત વર્ગનું વલણ પણ અને ત્યાંસુધી અતિ ક્ષણ તરફજ હોય છે.

આથી ઊલટું, ઘણાં ખરાં ગરીબ માણસોને કામ પર જવાનું હોય છે, ઘરનાં કામો કરવાનાં હોય છે. એમને એકંદરે લાંબા વખતની ટેવને લીધે બાળકોના રક્ષણની બાબતમાં સતત વિચાર કરતાં રહેવાનું સૂઝતું જ નથી. નાનાં એટલે ઘોડીયામાંનાં બાળકોને સાચવવાનું કામ પણ ઘણે ભાગે મોટાં બાળકોને કે ઘરડાંઓને સોંપવામાં આવે છે. અને સાધારણ રીતે બાળકો ૨ કે ૩ વર્ષનાં થાય અને પોતાને પગે આમ તેમ ફરવા માંડે એટલે તેની સંભાળ લેવામાં જ નથી આવતી. તેમનુ રક્ષણ તેમણે જાતેજ કરવુ પડે છે.

આ અરક્ષણ..... ...અને..... ...આ અતિરક્ષણ!

આથી વિરૂદ્ધ અતિરક્ષણનું હોય છે બાળક ૨/૩ જ શું પણ ૧૦/૧૫ કે ૨૫ વર્ષનું થાય તો પણ તે એકલુ કયાંય જઇજ નહી શકે, તેની સાથે હમેશા કોક મોટું માણસ જોઇએજ, ઘરનું કોઇ માણસ કે નોકર તો હોવો જ જોઇએ એવો નિયમ હોય છે.

રાજાઓ કે સરદારોનાં ઘરોમાં તો ચાર પાંચ અંગરક્ષક સાથે હોવાજ જોઇએ એવો રિવાજ હોય છે.

આવાં બાળકો ઘણીવાર હાથમાં લાકડીઓ, ચાબુક કે ખોટી તલવારો લઇને ફરે છે. લાકડીઓ અને ચાબુક લઇને પત્થર, ખુરસી કે વૃક્ષને મારવાવાળા છોકરાઓ ખૂબ શૂર અને લડવૈયા હોય છે એવી ઘણાં મા બાપોની ખોટી કલ્પના હોય છે. પણ ઘણે ભાગે આવાં બાળકો વધારે બીકણ હોય છે અને હાથમાં લાકડી વગેરે ન હોય તો, તેમને અસહાયપણું જણાય છે. અલબત આ નિયમ બધાંને જ નથી લાગુ પડતો. કેટલાકને લાકડી, ચાબુક, શિસોટી, વાવટો વગેરે ચીજો સત્તાધીશની નિશાની તરીકે ગમે છે. આગગાડીનો ગાર્ડ, ટ્રામનો કંડકટર, ઢોર ચારવાવાળો વગેરે થવાની ઇચ્છા ઘણાં બાળકોમાં હોય છે અને તે હોદ્દાની નિશાની તરીકે તેમને જે યોગ્ય જણાય તેનો તેઓ સ્વીકાર કરે છે. તેમનું આ કાર્ય ભીતિદર્શક નથી હોતુ પણ તેમાં તેમની સત્તા વિષેની અભિલાષા હોય છે એ ખરૂ. પણ ઘણાંઓની બાબતમાં સંરક્ષણનું સાધન હાથમાં રાખવું એ એમની અરક્ષિતતાના ભયમાંથી જન્મેલું હોય છે. આના મૂળમાં અતિરક્ષણ કે તદ્દન અરક્ષણ એજ હોય છે.

નાની ઉમરમાં બાળકોને સંરક્ષણ પણ જોઇએ અને સુરક્ષિતતાની ભાવના પણ જોઇએ.

બાળક ઘણી બાબતોમાં અસહાય હોય છે, તેથી તેને રક્ષણની જરૂર રહે છે. ઠંડી લાગે તો ગરમ પહેરવું એ તેને સમજાતું નથી, અને સમજાય તો પણ નથી કરી શકાતું. ગાય, બકરી શિંગડાં મારવા આવે તો ભાગી જવું એ સમજાતું નથી અને સમજાય તો પણ કરી શકાતું નથી. એટલે એમ કે પોતાનું રક્ષણ કેમ કરવુ તે તેમને નથી સમજાતું અને સમજાય તો પણ કરતાં નથી આવડતું. તેથી વડીલોએ તેમનું રક્ષણ કરવું જોઇએ અને વડીલો રક્ષણ કરે તેમ તેમ બાળકો તે જુએ છે અને શીખે છે.

બીજું એ કે શાનાથી રક્ષણ કરવાની જરૂર હોય છે અને શાનાથી નહીં, તે પણ બાળકો માટે નવો શીખવાનો વિષય હોય છે. મોટો અવાજ થાય ત્યારે ડરવું જોઇએ કે નહિ, પારકો માણસ કે કોઇ જનાવર દેખાય ત્યારે ડરવુ કે નહિ, ઊંચેથી વિસલ મારતી ટ્રેન દોડી જતી હોય ત્યારે ડરવુ કે નહિ, એ બધુ શીખવાની જરૂર હોય છે. પાટા પરની ટ્રેન પાટા મૂકીને પોતાના ઝૂંપડામાં નહીં આવે એ શીખવા માટે બાળકને ઠીક વાર લાગે છે.

આ બાબતોમાં બાળકો પોતાની સહજ પ્રવૃત્તિ અને આસપાસના માણસોનું અનુકરણ એ બે દ્વારા શીખે છે. એમનાં માબાપ કે ભાઇ બહેન જે ચીજથી નથી ડરતાં તેનાથી બાળકો પણ સાધારણ રીતે નથી ડરતાં. મા જો ઉંદર કે વાંદો જોઇને ચીસ પાડી ઊઠે તો બાળકો પણ તેનાથી ડરતાં થાય છે અને મા જો "આ પોલીસ શા માટે આ તરફ આવે છે?" એમ ડરીને બોલે, તો બાળક પણ પોલીસને જોઇને ડરવા લાગે છે.

એટલે એમ, કે બાળકોના મનનો ડર અને ભયાનક ચીજથી રક્ષણ એ બન્ને ચીજો તેમને મોટાંઓ પાસેથી જ મળે છે. આ ઉપરાંત અનુભવથી પણ બાળક શીખતું હોય છે. દરેક જીવડાને પકડવા જતું બાળક વીંછીને પકડવા જાય અને તેને ડંખ મારે અથવા કૂતરો કે બિલાડીનું પૂછડું ખેંચવા જતાં કૂતરો કે બિલાડી તેને કરડે, તો વીંછી, કૂતરો કે બિલાડીથી તે ડરતાં શીખે છે. ઘરના કે બહારના માણસોની બાબતમાં પણ બાળક આજ રીતે શીખે છે.

તેથી દુનિયામાં શાનાથી બીવું અથવા તો શાનાથી પોતાનું રક્ષણ કરવું અને તે કેવી રીતે કરવું તે બાળકોને વડીલો પાસેથી અને અનુભવથી શીખી જ લેવું જોઇએ. માત્ર બાળકોને સુરક્ષિત રાખવાથી અથવા તો તેમનું રક્ષણ કરવા માટે માણસો રોકવાથી તેમને આ શિક્ષણ નથી મળતું. બાળકોનું સુરક્ષણ એજ કેવળ માબાપનો હેતુ નહીં હોવો જોઇએ, પણ પોતાનું રક્ષણ કરવાની શકિત અને સાહસ તેમનામાં આવે એ એમનો હેતુ હોવો જોઇએ. અને તે માટે પહેલાં સમજાવીને તેમને શીખવવું જોઇએ કે શાનાથી રક્ષણ કરવુ જોઇએ અને શાનાથી ડરવું નહીં જોઇએ.

કોઇ દાઢીવાળો દેખાય કે ડરવું, રસ્તા પર જતાં ડરવું, પોલીસ કે ગોરા સોલજરને જોઇને ડરવું, વગેરે

પ્રકારના ડર બાળકોને ખોટો ડર બતાવવાથી કે પોતે વિના કારણ ડરવાથી કે બાળકોને વધારે પડતું રક્ષણ આપવાથી પેદા થાય છે. આવી પ્રજા કદી પણ સાહસી કે હિંમતવાળી નહિ થાય. અને ડરના કારણ નહીં હોવા છતાં બધી જ વાતોથી ડરતાં રહેવાથી તેઓ કદી સુખી પણ નહિ થાય. આજકાલ ભણેલા અને ધનવાન વર્ગોમાં આવી જાતની પ્રજા વધુ પ્રમાણમાં દેખાય છે.

રક્ષણ અને સુરક્ષિતતાની ભાવના નાન પણમાં ખૂબ આવશ્યક હોવા છતાં સાહસ, હિમત અને સ્વરક્ષણની શકિત વધારવી જોઇએ એ પણ એટલું જ જરૂરી છે.

અરક્ષિતોની સ્થીતિ આથી ઉલટી હોય છે. બાળકો ૨/૩ વર્ષનાં થાય એટલે તેમણે જાતેજ પોતાનું રક્ષણ કરવું એવો સામાન્ય નિયમ હોય છે. તેમને તેમનાથી મોટાં બાળકો સાથે આંગણામાં રસ્તા પર કે ગામની બહારની ખુલી જગામાં વખત ગાળવાનો હોય છે. મધ્યમ વર્ગ આથી બાળકોને સહેજ વધારે સંભાળે છે. શહેરમાં કે મોટા ગામોમાં વડીલો બાળકોને વધારે પડતું રખડવા નથી દેતાં તોપણ ચાલીની આસપાસ કે વાડીમાં બાળકોએ રમતાં રહેવું એવો ક્રમ ત્યાં પણ દેખાય છે.

આવી પરિસ્થિતિમાં અતિરક્ષિત બાળકો જેટલાં આ બાળકો ડરપોક નથી થતાં. ગામડાંનાં બાળકો સામાન્યતઃ ગાયો, ભેંસો, ગધેડાં, બકરાં વગેરેથી ડરતાં નથી. હમણાં જ બોર્ડીમાં એક અનુભવ મળ્યો. મુંબઇથી આવેલી કેટલીક બહેનો રસ્તા પર ચાલતી હતી. ત્યાં સામેથી ઘણી બધી ભેંસો આવી. એટલે એ બહેનોમાં બળભળાટ થયો. એટલામાં એક ૮/૯ વર્ષનો ગોવાળના છોકરાએ ભેંસોને બાજુએ વાળી દીધી અને બહેનોને રસ્તો કરી આપ્યો. જે ચીજો સાથે આ બાળકોનો હમેશનો પરિચય હોય છે તેમનાથી તેઓ ડરતાં નથી. હમેશનાં ઢોરઢાંકર, માણસો વગેરેમાં નીડરતાથી હરે ફરે છે. તેવીજ રીતે એકલાં હોવાનો ડર એમને નથી હોતો. ઘણી વખત આખું ઘર ચાર વર્ષના એકલા બાળકને સોંપીને મોટાં માણસો બહાર જાય છે.

પણ આનો અર્થ એ નથી કે એ બાળકો નિર્ભય હોય છે. અમારા રોજના અનુભવની વાત છે કે પોતાના ચૂંપડાના આંગણામાં સવારથી સાંજ સુધી તદ્દન એકલાં રહેવાવાળાં બાળકો તેમની પોતાની હદની બહાર પગ મૂકવા પણ તૈયાર નથી હોતાં. તળાવને કાંઠે ચૂંપડીમાં રહેતાં બાળકો હંમેશના ઓળખીતા શિક્ષકની સાથે પણ તળાવનો કાંઠો મૂકીને આગળ વધવા તૈયાર નથી હોતાં. બે ફર્લાંગ પર આવેલો સમુદ્રનો કિનારો પણ તેમણે જોયો નથી હોતો ! કારણ કે એમના ઘરનાં વડીલ માણસોને ફરવા જવાનો વખત નથી હોતો અને આ નાનાં બાળકો તેમના ઘરથી કહેજ પણ આઘાં નથી જતાં. કોઇ સાહેબી પોશાકવાળો કે શહેરી માણસ એમના ઘરની પાસે જાય તો આ બાળકો ઝટ દઇને ઘરમાં સંતાઇ જાય છે. એટલે કે વિનાકારણ ડરવું એ એમનામાં પણ જણાઇ આવે છે. પોતે અરક્ષિત છે એ વાતનું ભાન તેમને પણ હોય છે. નોકર અને આયા પાસે રહેતાં બાળકો તેમના વિના અસહાય અને અરક્ષિત થઇ જાય છે ત્યારે આ બાળકો હમેશા અરક્ષિતજ હોય છે અને પોતાની હિંમત પરજ તેમને રહેવું પડે છે; તેમ છતાં તેઓ સુરક્ષિત અને નિર્ભય નથી થઇ શકતાં. બંને પ્રકારના બાળકોમાં ભડકી જવાની વૃત્તિ દેખાય છે.

ઉપરાંત અશિક્ષિત તેમજ સુશિક્ષિત વડીલ માણસોની ભયવૃત્તિ વાતાવરણમાંથી અને વારસામાંથી બાળકો મેળવતાંજ હોય છે. આ બાબતમાં નીચેના મુદ્દાઓ ધ્યાનમાં રાખવા જેવા છે.

(૧) બાળકોને તેમની બાલ્યાવસ્થામાં સુરક્ષિતતા Security ની ખાસ જરૂર રહે છે. તેઓ ફકત સુરક્ષિત રહે તેટલું બસ નથી પણ પોતે સુરક્ષિત છે એમ તેમને લાગવુ જોઇએ. ઘણીવાર ઘણાં માણસોથી ભરેલા ઘરમાં બાળકને સતત એક પ્રકારનો ડર રહ્યા જ કરે છે. કોક વાર ઘરમાં કોઇ બીજાતું હોય છે તેથી, તો કોક વાર ઘરમાંનું કોઇજ તેમનો ખ્યાલ નથી રાખતો તેથી, બાળકોને ડર લાગે છે. તદ્દન ત્યકત–તજી દીધેલ–બાળકોની જેમ તેમને લાગે છે. મોટાંઓને તેની કલ્પના પણ ઘણી વાર નથી હોતી. કોઇ વાર મા પોતાને મૂકીને ચાલી જશે એવો ડર હોય છે. એટલે બાળકનો જે મુખ્ય આધાર તેજ અચાનક તૂટી જશે એવો ડર હોય છે. એ ડર વધારે સૂક્ષ્મ અને માનસિક હોય છે. બીજી કે પછીની સુવાવડ વખતે ખાસ કરીને આ બાબતમાં સંભાળ રાખવી જોઇએ. પહેલું બાળક પહેલેથીજ કોઇ બીજા સાથે ટેવાઇ જાય એવી વ્યવસ્થા

કરવી જોઇએ અને બાળકને પોતે નિરાધાર છે એમ નહીં લાગવું જોઇએ. બાળકોના મનની તૈયારી પણ એ રીતે કરવી જોઇએ. એકદમ અચાનક માનો પ્રેમ નષ્ટ થયો એમ બાળકને નહીં લાગવું જોઇએ.

(૨) અતિરક્ષણ હોવાથી બાળક પોતાની હિંમત પર એકલું રહી ન શકે એવું નહીં બનવું જોઇએ. બાળકના મનમાં જેમ જેમ હિંમત આવતી જાય છે તેમ તેમ તે એકલું અને સ્વતંત્ર રીતે ફરવાની ઇચ્છા બતાવવા માંડે છે. તેને આવે વખતે છુટું ફરવા દેવું જોઇએ. જરૂર જણાય તો દૂરથી તેના પર નજર રાખવી. પણ અતિસુરક્ષિતતાની છાયામાં સતત ઉછેરવાથી તેને એકલું પડવું એજ ડરવાનું કારણ થઇ જાય છે. એમ ન થવું જોઇએ.

(૩) બાળકને શૂરા બનાવવા માટે "તું એકલો જા" "તું અંધારામાં જા" "તું આમ કર ને તેમ કર" એમ કહી તેની શક્તિની કે ઇચ્છાની ઉપરવટ ચીજો તેની પાસે પરાણે કરાવવાથી બાળકો શૂરા અને બહાદુર નથી થતાં, તેવી જ રીતે ડરપોકપણા માટે મેણાં મારીને પણ તેમનો ડર દૂર નથી કરી શકાતો. ઊલટું અંદરથી લાગતા ડરમાં પોતા માટેની હીન ભાવના ભળી જાય છે. વળી લોકો પોતાને ડરપોક કહે છે એવી શરમની લાગણી પણ પેદા થાય છે.

(૪) ઉપરના પ્રકારથી ઊલટી રીતે "તું આમ નહીં જતો" "એ તરફ નહી ઝુકીશ," "ઉપર નહીં ચઢતો," "કૂદકો નહીં મારતો" એમ કહી બાળકની સહજ સાહસ વૃત્તિને રોકવી નહીં જોઇએ. પોતાની શક્તિનું માપ જોઇને સાહસ કરવાની વૃત્તિ બાળકમાં પેદા થવી જોઇએ. એક વાર એક માતા મને કહેતી હતી, મારા બાળકને કશાનો પણ ડર નથી લાગતો. તે ગમે ત્યાંથી કૂદી પડે છે. તે બાળક એકવાર અમારી સાથે આગગાડીમાં પ્રવાસ કરતો હતો. મેં તેને કહ્યું, "કેમ બારીમાંથી બહાર કૂદવું છે કે શું?" ત્યારે તેણે બહાર જોઇને કહ્યું, "ના." મેં પૂછ્યું "કેમ?" "વાહ! ગાડી ચાલે છે ને!" મને જવાબ મળ્યો. એટલે એ બાળકને જોખમ કયાં છે તેની કલ્પના હતી. તેની માને લાગતું હતું તેમ ગમે ત્યાંથી કૂદે એવો તે ન હતો. બાળક ગાંડું કે મંદબુદ્ધિનું (Defective or Backward) હોય તોજ તે પોતાના રક્ષણની કાળજી લેવા અસમર્થ હોય છે. ઘણી વખત બાળકો બીજું કશુંય નહીં સમજે તો પણ પોતાનું રક્ષણ થાય એટલું તો સમજેજ છે. સ્વરક્ષણ (Selfprotection)ની સહજ પ્રવૃત્તિ તદ્દન મૂળભૂત છે. તે પ્રવૃત્તિને આગળ વધવાનો અવકાશ આપવો જોઇએ. જોખમ કયાં છે અને કયાં નથી તે બાળક સમજી શકે છે. ઊલટું અતિરક્ષિત બાળકને જ જોખમ કયાં છે તેનો ખ્યાલ નથી હોતો.

(૫) બાળકોને ઉમરના પ્રમાણમાં જે જે રક્ષણ મળવું જોઇએ તે ન આપતાં તેમને તદ્દન અરક્ષિત રાખવાથી પણ બાળકો ડરપોક થાય છે. તેમને બધી તરફ જોખમ દેખાય છે અને પોતે અસહાય છે, પોતાને કોઇનો આશરો નથી, એમ લાગ્યા કરે છે. ઘણી વખત આવાં બાળકો બહુ વહેલાં પોતાના પગ પર નિર્ભર થતાં શીખે છે. પણ અંદરથી તેમને અસહાયતાનું ભાન હોયજ છે. યોગ્ય રક્ષણ અને સુરક્ષિતતાની ભાવના બાળપણમાં ખાસ જોઇએ જ.

બાળકોને પોતે ત્યકત છે એમ પણ નહીં લાગવું જોઇએ. બાળકોએ યોગ્ય ક્રમમાં સ્વતંત્ર થતાં જવું જોઇએ અને એ ક્રિયા ચાલતી હોય ત્યારે તેને જરૂર જણાય તેમ તેમ મદદ મળતી જાય છે, તેવી ખાતરી હોવી જોઇએ. આ બધી વાતો ખ્યાલમાં રાખીને જ આપણે બાળકોને ઉછેરવાં જોઇએ. **તારાબેન મોડક.**

## જ્ઞા ન નો અ નુ ભ વ

થોડા દિવસ પહેલાં હું મારા એક મામાને ત્યાં ત્રણ ચાર મહિના રહેવા ગયેલી. ત્યાં ગયા પછી પહેલા થોડા દિવસો તો મોજમજા કરવામાં ને હરવા ફરવામાંજ પસાર થયા. પણ પછી ધીરે ધીરે પ્રવૃત્તિ વગર બેસી રહેવાનો મને ખૂબ કંટાળો આવ્યો, અને મેં મામાને તેમ કહ્યું પણ ખરું. પહેલાં તો મામાએ મારી વાત હસીજ કાઢી, પણ પછી કહે, "તારે કામ જ કરવું છે ને? ચાલ હું તને આપું કામ. તને ગમે એવું જ કામ. આજથી મારી કુંદનને તું હાથમાં લે ને એને તમારી પદ્ધતિથી ભણાવી સરસ તૈયાર કર. જોઉં તો ખરો તમારી મોંટેસોરી પદ્ધતિ બાળકોને કેવી હોશિયાર બનાવે છે તે!"

આ સાંભળી હું તો રાજી રાજી થઇ ગઇ. મેળવેલા

જ્ઞાનનો આવો સદુપયોગ કરવાની સુસંધિ મળે તો કોને આનંદ ન થાય?

તેજ દિવસે બપોરે મેં એને પહેલો પાઠ આપવાનું નક્કી કર્યું. એને કહેવા યોગ્ય વાર્તાઓ તથા સંભળાવવા યોગ્ય બાલ ગીતોનો સંગ્રહ મારી પાસે હતોજ. સિવાય કુંદનના રમકડામાં થોડાં ફળો, શાક એવી એવી વસ્તુઓ હતી. તેનાં નામો તે જાણતી ન હોય તો તે નામો પણ તેને કહેવાં એમ નક્કી કરી રાખ્યું. થોડું ચિત્રકામનું સામાન તૈયાર કરી રાખ્યું એને સીવણ કામ કરવું હોય તો કામ લાગે એ માટે એક સીવણ કામનું કાણાવાળું પૂઠું પણ તૈયાર રાખ્યું. એક સારું મજાનું ચિત્રોનું પુસ્તક મામાના કબાટમાંથી ખોળી કાઢ્યું. મામી પાસેથી થોડું શાક તથા છરી અને પાટલો લઇ રાખ્યાં. કદાચ એને શાક સમારવામાં જ રસ પડે તો? કોઇને થશે, એક નાનકડી ચાર વર્ષની બાળકીને ભણાવવા તે વળી આટલાં બધાં સાધનો શાં? પણ મારે તો એ બાળકીને શામાં રસ પડે છે તે શોધી કાઢવું હતું. કારણ કે અમારો પ્રથમ સિદ્ધાંત તો એજ છે કે બાળકને જે કાર્યમાં રસ પડે તે કાર્ય તેને કરવા દેવું અને એજ કાર્યમાં જ્યાં માર્ગદર્શનની જરૂર પડે ત્યાં તેને માર્ગદર્શન કરવું. આમ કરવાથી બાળક ધીરે ધીરે બધા જ વિષયોમાં રસ લેતું થાય છે. એ અનુભવ છે માટે જ આવી ભારે તૈયારીઓ સાથે મેં કુંદનબેનને ભણાવવાનું શરૂ કર્યું.

**હઠીલી અને અવ્યવસ્થિત કુંદન આટલી શાંત અને વ્યવસ્થિત શાથી થઇ, તે તેની મા ને સમજાયું નહીં.**

મેં એકઠી કરેલી આ બધી વસ્તુઓ એક નાનકડી ઓરડીમાં વ્યવસ્થિત રીતે ગોઠવી રાખી હતી. કુંદન એને હાથે પાણી પી શકે એવી પણ વ્યવસ્થા કરી હતી અને એક નેપકિન પણ તૈયાર રાખ્યો હતો. બાળકનો સ્વતંત્ર ખૂણો સજાવી ગોઠવાઇ ગયો; બપોરે ચાપાણી થયા પછી હું કુંદનને એના ખૂણામાં લઇ ગઇ. મારી ધારણા હતી કે આ બધી વસ્તુઓ એને માટેજ રાખેલી છે એમ જ્યારે કુંદન જાણશે ત્યારે એને પાર વગરનો આનંદ થશે. અને એ તરતજ એ વસ્તુઓ લઇને રમવાનું શરૂ કરી દેશે. પણ મારી ધારણા ખોટી પડી. આજ સુધી કુંદનને કોઇ વાર આવી એના માલિકીની વસ્તુઓ મળી ન હતી કે એને કોઇ દિવસ સ્વતંત્ર રીતે રમવા પણ દેવામાં આવ્યું ન હતું. ખાસ એને માટે લીધેલી ડોલીયે એના હાથમાં તો નજ આવતી. સારાં સારાં કપડાં પહેરાવવામાં આવતાં અને એનું સ્થાન કાચના કબાટમાંજ રહેતું. બેચાર લાકડાનાં વાસણ અને એક નાનો સરખો ચૂલો હતો. પણ એ બધી વસ્તુઓ એટલી નાની નાની હતી કે એનો એ કંઇજ ઉપયોગ કરી શકતી નહિ. એણે તો એ બધી એક સૂંડલામાં ભરી ખૂણામાં મૂકી રાખી હતી. કોઇ

કોઇ વાર એ વસ્તુઓ લઇને એ રમતી ખરી પણ એમાં એને ખાસ રસ ન પડતો. એવી રમતમાં એ એકાગ્ર ન થઇ શકતી, ને ૧૫–૨૦ મિનિટ રમી એ બધી વસ્તુઓ જ્યાં ત્યાં પડી રહેવા દઇ બીજે કામે ચાલી જતી. રામો આવીને ઉપાડે ત્યારે જ એ વસ્તુઓ ઠેકાણે મુકાતી. આમ રમકડાંથી કંટાળે ત્યારે એ પોતાની બાની પાછળ ફરવાનું શરૂ કરે ને મિત્રોની ચોપડી કે બાપાજીની પેન્સીલ મેળવવા માટે હઠ લઇને બેસે. પણ એવી વસ્તુઓ તો એને મળે જ શાની? આખરે કંટાળીને આમ તેમ રખડવામાં ને તેમ રખડવાનો પણ કંટાળો આવતાં ઊંઘવામાં તે પોતાનો વખત જેમ તેમ પસાર કરતી. વસ્તુસ્થિતિ આ પ્રકારની હોવાથી મનને એકાગ્ર અને સ્થિર કરવાની યોગ્ય ઉંમર હોવા છતાં તેનું મન વધારેને વધારે અસ્થિર જ થવા લાગ્યું હતું. એ ઘ માં એની પોતાની એવી એક પણ વસ્તુ ન હતી, કોઇ પણ વસ્તુને એનાથી તો બાને પૂછ્યા વગર અડાય જ નહિ. એવી એની બાનરી થઇ હતી. આવી સમજણને લીધે જ પેલી ઓરડીમાંથી બધી વસ્તુઓ એની જ છે અને એ વસ્તુઓનો ઉપયોગ એ છૂટથી કરી શકે, એમ જ્યારે મેં એને કહ્યું ત્યારે એનો મારા ઉપર વિશ્વાસ જ બેસતો ન હતો. પણ આખરે મેં એને એક બે વસ્તુઓ કેવી રીતે વાપરવી તે બતાવ્યું એને એને વાપરવાનું કહ્યું ત્યારે જ એની બાતરી થઇ!

પણ એકદમ આટલી બધી વસ્તુઓ ઉપર પોતાનો માલિકી હક છે એ વિચાર આવતાં જાણે એ અત્યાનંદથી ઘેલી બની ગઇ! એને શું કરૂં, અને શું ન કરૂં, એમ થઇ ગયું. પહેલાં મને કહે, "મને ચિત્રો બતાવ." મેં ચિત્રોની ચોપડી લઇ એને ચિત્રો બતાવવા માંડ્યાં. એણે બેચાર ચિત્રો જોયાં બરાં, પણ એની આંખો તો વિકળતાથી આમતેમ ફરતી જ રહી. એકાએક એની નજર સામેના નાના ટેબલ ઉપર ગોઠવેલી રંગીન પેન્સીલ ઉપર પડી, ને એને ચિત્રકામ કરવાની ઇચ્છા થઇ આવી. તરત જ એ ટેબલ પાસે પહોંચી ગઇ, પણ બેચાર લિસોટા દોર્યા ત્યાંતો એ કંટાળી ગઇ અને ચિત્રકામ પડતું મૂકી સીવણકામનું પૂઠું લઇને બેસી ગઇ.

આમ લગભગ એક કલાક એ મારી સાથે હતી, એટલી વારમાં એણે એક વાર્તા અધુરી સાંભળી, બેચાર ચિત્રો જોયાં, ને એકબે લિસોટા દોર્યા. બાકીનો બધો સમય આમતેમ ફરવામાં જ પસાર થયો. તેની આ અસ્થિરતા જોઇને હું તો બૂબ જ નિરાશ થઇ ગઇ. મને બાતરી થઇ ગઇ કે એ બાળકીને સ્થિર કરવુ એ કઇ સહેલી વાત ન હતી. એને એકાગ્રતા તરફ બેચી જવામાં પૂરેપૂરી કસોટી થવાની, ને કદાચ તેમાં યશ ન મળે તો તો મામા ટોંકશે તે વધારાનું. મામા કહેશે, "આજ તમારી મોંટેસોરી પદ્ધતિ ને? લાંબી લાંબી વાતો કરો છો ને પ્રત્યક્ષ ઉપયોગ કરવાનો સમય આવ્યો ત્યારે આજ દરા થઇ ને?" તે રાતે આવા આવા વિચારોએ મને ઊંઘ પણ ન આવી. મેં બૂબ વિચારો કર્યા, ઘણી ઘણી યોજનાઓ ઘડી, ને આખરે એક નિશ્ચય ઉપર આવી કે કુંદનને પ્રથમ હસ્તવ્યવસાયો આપી તેમાં રસ ઉત્પન્ન કરવો ને પછી જોવું શું થાય છે તે.

બીજે દિવસે સાંજે એક અણધાર્યો બનાવ બન્યો. અમે બધાં દિવાનખાનામાં બેઠા હતાં. કંઇક આડીઅવળી વાતચીત ચાલતી હતી. ત્યાં કુંદનની જ બામી હતી. એ કયાંય દેખાતી ન હતી. મને એકાએક એ સાંભરી આવી; ત્યાં તો એણે જ હોલમાં પ્રવેશ કર્યો. પણ એના તરફ જોઇને અમે બધાં થોડીકવાર તો આશ્ચર્યમાં ગરકાવ થઇ ગયાં! એક હાથમાં એણે એક મોટી બધી કાતર પકડી રાખેલી. એ કાતરના પ્રયોગો એના વાળ ઉપર, ફ્રોક ઉપર, રૂમાલ ઉપર બધે જ થયેલા જણાતા હતા. એનો આ વેશ જોઇને મામીનું તો મગજ જ ફરી ગયું ને બેબ દઇને કુંદનની પીઠ ઉપર ધબાકો પડ્યો. કુંદન પોતે આ અચાનક બાથી તાજુબજ થઇ ગઇ ને તેણે મોટેથી રડવાનું શરૂ કર્યું.

પણ આજ પ્રસંગમાંથી મને મારી મુશ્કેલીનો ઉપાય જડ્યો. હું જોઇ શકી કે કુંદનને કાતર લઇને કામ કરવાની તીવ્ર ઇચ્છા થઇ આવી હતી. એણે પોતાનાં ભાઇબહેનને, બાબાપાને આ વસ્તુનો હરહમેશ ઉપયોગ કરતાં જોયાં હતાં ને આવી સુંદર વસ્તુનો આપણે પણ ઉપયોગ કરવો એવી તેને ઇચ્છા થાય, તેમાં કંઇ જ નવાઇ ન હતી. ને તેથી જ એનાથી આ વસ્તુનો આવો દુરુપયોગ અજાણતાં જ થઇ ગયો હતો. મેં નિશ્ચય કરી લીધો કે એને કાતરનો સાચો ઉપયોગ બતાવવો.

બીજે દિવસે મેં એને થોડા કાગળ ને એક નાનીશી કાતર આપી. કાતરથી કાગળ કેવા સરસ કપાય છે તે

બતાવ્યું ને એના હાથમાં કાતર કાગળ સોંપી હું એક બાજુએ ખસી ગઇ. એને અત્યંત આનંદ થયો. પહેલી વાર એને કાતર જેવી વસ્તુ વાપરવાની સ્વતંત્રતા મળી હતી. એણે ઝપાટાબંધ કાગળના કટકા કરવાનું કામ શરૂ કર્યું. આખો કલાક એણે આ જ કામમાં ગાળ્યો. એનું ચંચલ મન એકાગ્ર થઇ ગયું. એનું કામ ચાલુ થતાં પહેલાજ મેં એને કાતરકામનો કચરો થાય તે નાખવા ટોપલી આપી, કાતર ને કાગળ મૂકવા એક ડબો આપ્યો અને પોતાની વસ્તુઓ વ્યવસ્થિત મૂકવાનો પાઠ આપ્યો. એણે હોંશભેર આ વ્યવસ્થાને વધાવી લીધી.

બીજે દિવસે એ ઉઠીને તરત જ દોડતી દોડતી મારી પાસે આવી પહોંચીને મને કહેવા લાગી, "બેન મને કાગળ કાપવા આપશો?" મેં કહ્યું, "તારી કાતર ને કાગળ તો તેં જ મૂકયા છે, જાને તારી મેળે લઇને બેસ કાપવા. હા, પણ મોઢું ધોઇ, દૂધ પી, પછી બેસજે. એટલે તને ખૂબ વખત મળશે તારું કાતરકામ કરવા." એ હોંશમાં ને હોંશમાં કૂદતી કૂદતી જ મોઢું ધોવા ગઇ ને રોજ મોઢું ધોઇ દૂધ પીતાં કલાક ગાળી નાખનારી કુંદને તે દિવસે પાંચ મિનિટમાં બધુ પતાવી દીધું ને પોતાની ઓરડીમાં ભરાઇ ગઇ. તરત જ એનું કાતરકામ શરૂ થયું. તે પછી બાની રસોઇ થઇ ગઇ ને બાએ એને નહાવા માટે બોલાવી ત્યાં સુધી ચાલુ જ રહ્યું.

તે દિવસે મેં એને કાગળ ઉપર સીધી લિટી દોરી આપીને એ લિટી ઉપરથી કાપવાનું એને બતાવ્યું. શરૂઆતમાં એને કેમે કરી બરાબર લિટી ઉપર કાપવાનું ન આવડ્યું. પણ મેં એ તરફ ખાસ ધ્યાન ન આપ્યું ને એનામાં ગૌણભાવ પેદા ન થાય તે માટે કાળજી રાખી. બે ચાર દિવસમાં જ એણે સીધી લિટી ઉપર કાપવાની કલા સાધ્ય કરી. ત્યાર પછી તો કાતરકામમાં એની ઝડપી પ્રગતિ થવા લાગી ને થોડા જ દિવસોમાં એ સ્વતંત્ર રીતે પોતે જ કાગળની ઘડી પાડી સુંદર કોતરણી કામ કરવા લાગી. છાપાંમાંથી ચિત્રો કાપવાં એ તો એને મન રમત વાત થઇ ગઇ હતી. પણ એનો ચિત્રો કાપવામાંનો રસ ચાલ્યો ન જાય એ માટે મેં એને કાપેલાં ચિત્રોનું વર્ગીકરણ કરી ચિત્રસંગ્રહ બનાવવાનું બતાવ્યું ને તેમાંએ એને ખૂબ રસ પડ્યો.

આ પ્રમાણે એક વાર એક કામમાં રસ ઉત્પન્ન થયો એટલે તેનું મન ધીરે ધીરે એકાગ્ર થવા લાગ્યું. તેને એ કામની ધૂન લાગી ને કલાકો સુધી તે એ કામમાં મશગૂલ થવા લાગી. તેણે કરેલા કાતર કામના નમૂના ચિટકાડવા માટે મેં એને એક આલ્બમ કરી આપ્યું હતું. સાથે સાથે એક બ્રશ, એક ગુંદરની બાટલી ને એક લુગડાનો કટકો પણ આપેલો. એ કાતર કામ કરે ને પોતાના આલ્બમમાં ચિટકાડી દે.

ધીરે ધીરે હું એને અન્ય હસ્તવ્યવસાયો તરફ દોરવા લાગી. મેં તેને એક દિવસ સીવણ કામ બતાવ્યું. એને એમાં રસ પડ્યો ને તેમાં યોગ્ય માર્ગદર્શન પણ મળતું ગયું; એટલે કાતર કામ જેટલો જ સીવણ કામ એ પણ એનો પ્રિય વિષય થઇ પડ્યો. ઘડી કામ પણ બતાવવા પ્રયાસ કર્યો; પણ એમાં એને ખાસ રસ ન પડ્યો. જો કે સીવણ કામમાં એની ઝડપભેર પ્રગતિ થવા લાગી. ને બે જ મહિનામાં એ ઝીણા મોતી વડે પૂઠા ઉપર ભરત કામ કરતી થઇ ને કાપડ ઉપર દોરો ભરતાં પણ તેને આવડી ગયું.

આમ આવા આવા હસ્ત ઉદ્યોગોની સાથે સાથે જ હું એને હમેશા સ્વચ્છતા, વ્યવસ્થા વિગેરેના પાઠ પણ આપ્યા જ કરતી. તેને હું જે જે વસ્તુઓ આપતી એ વસ્તુઓ વ્યવસ્થિત મૂકવા માટે દરેક જાતની સગવડ હું એને કરી આપતી. એ પોતે પણ વ્યવસ્થાની કીમત સમજી હતી ને વસ્તુઓ વ્યવસ્થિત મૂકવાથી જ્યારે તે વસ્તુની જરૂર પડે ત્યારે તે બહુ સહેલાઇથી મળે એ ખ્યાલ તેને આવી ગયો હતો. વળી વસ્તુઓ આમ વ્યવસ્થિત રાખવાથી તેનો દેખાવ પણ સુંદર લાગે છે, એ વસ્તુ એ સમજી ગઇ હતી. તેથી એ પોતાની વસ્તુઓ બરાબર તેની જગાએ જ મૂકતાં શીખી ગઇ હતી. તેમજ વસ્તુઓ સ્વચ્છ દેખાય તે માટે કપડાંનો કટકો લઇ અવારનવાર લૂંછવાનો પણ એને શોખ લાગ્યો હતો.

ઘણીવાર મામી મને રસોડાનું કંઇક ને કંઇક કામ સોંપતાં. એવે વખતે હું કુંદનને પણ મદદમાં લેતી ને એને ફાવે તેવું કામ એને કરવા દેતી. મામીને આ ખાસ પસંદ ન પડતું, પણ મામા પોતાની દીકરીમાંનો ફેરફાર બરાબર જોઇ શકયા હતા તેથી તેઓ મને ખૂબ ઉત્સાહ આપતા.

આ પ્રમાણે લગભગ દોઢ બે મહિના સ્વચ્છતા, વ્યવસ્થા, હસ્ત વ્યવસાય, રસોડાનાં કામો, ગાયન, વાર્તા

વિગેરે વિષયો કરવામાં ગયા. હવે કુદન દરેક કાર્યમાં સ્થિર થઇ હતી. એટલે હવે અક્ષરો તથા અંક શિક્ષણની પણ શરૂઆત કરવાનો સમય આવી લાગ્યો હતો. ત્યાં તો એક દિવસ મામાએ પણ કહ્યું," કુસુમ, આ બધું ઠીક છે. કુંદનમાં હવે ઘણો જ ફેરફાર હુ જોઇ શકું છું. એની હઠ કરવાની ટેવ પણ હવે ધીરે ધીરે ચાલી ગઇ છે ને દરેક કામ એ સુઘડતાથી કરવા લાગી છે. ખાવા પીવામાં પણ વધારે વ્યવસ્થિત થઇ છે. પણ હવે તેના અક્ષરશિક્ષણનું કંઇક કરે તો સારૂં. તમારી મોંટેસોરી પદ્ધતિ પ્રમાણે એ કયારે રૂ૩ થાય?" એટલે મેં તરત જ જવાબમાં તો કહી દીધું કે, " એની શું એટલી ઉતાવળ છે? ધીરે ધીરે બધું થઇ રહેશે."

પણ બીજે જ દિવસે મેં એને બે રેતિઆ અક્ષરો ઉપર હાથ ફેરવવા કહ્યું. તેણે બે ત્રણ વાર હાથ ફેરવ્યો ને કહ્યું "હવે કંટાળો આવ્યો." મેં તરતજ અક્ષરો ભૂંસી દીધા. એના ઉપર કોઇ પણ જાતનું દબાણ કર્યું નહિ. આ બે અક્ષરો શીખતાં તેને ચાર દિવસ લાગ્યાં. પણ પછી એક જ ઝપાટે એણે દશ અક્ષરો કરી દીધા. હું ખૂબ આનંદમાં આવી ગઇ. પણ એકાએક એણે અક્ષરો કરવા ઉપર અણગમો દર્શાવવા માંડયો અને ચાર પાંચ દિવસ સુધી તો અક્ષરો હાથમાં જ ન લીધા. મને થયું આટલી મહેનત કરીને શીખેલા અક્ષરો આ છોકરી હવે ભૂલી જવાની! હું મુંઝાઇ ગઇ. એને અક્ષરો કરવામાં એટલો બધો રસ પડતો તે એકાએક એનો રસ આમ ઊડી કેમ ગયો એ હું સમજી ન શકી. હું એ ઉપર ખૂબ વિચાર કરવા લાગી. પણ કંઇ સુઝયું નહિ. એમાં ને એમાં જ ચાર દિવસ વીતી ગયા ને મારી મુંઝવણ વધવા લાગી. પણ પાંચમે દિવસે એની મેળે જ એ મારી પાસે આવીને મને કહે, " બેન, ચાલોને આપણે અક્ષરો કરીએ." હું નવાઇ પામીને શંકિત હૃદયે એની સાથે અક્ષરો કરવા ગઇ. પણ શુ આશ્ચર્ય એણે! ઝપાટાબંધ થયેલા બધા અક્ષરો વાંચી કાઢયા ને નવા અક્ષરોની માગણી કરી. મને આ જોઇ ખૂબ જ આનંદ થયો. મારી બીક તદ્દન અસ્થાને હતી. જે ચાર દિવસમાં એના મગજમાં વિસ્મૃતિની ક્રિયા ચાલતી હશે એમ હું ધારતી હતી, એ ચાર દિવસમાં એના મગજમાં તો સ્મૃતિની ક્રિયા ચાલતી હતી.

એ પછી અક્ષર શિક્ષણમાં એ ઝડપથી આગળ વધવા લાગી. એને માટે મેં 'અ'કારના શબ્દોની નાની નાની ચોપડીઓ બનાવી હતી. તે વાંચવામાં તેમજ 'ચલમૂલાક્ષર પેટી' લઇ તેમાંથી તેને પરિચિત અક્ષરોના શબ્દો બનાવવામાં તેને ખૂબ મઝા પડતી.

અક્ષરશિક્ષણની સાથે સાથે અંકશિક્ષણમાં એ પ્રગતિ થવા લાગી. પણ એ કંઇક ધીમી હતી. છતાં એ માટે ખાસ ચિંતા કરવાની જરૂર ન હતી.

લગભગ ત્રણ મહિના હું મામાને ત્યાં રહી ત્યાંસુધી કુંદનનું શિક્ષણ આ પ્રમાણે ચાલુ રહ્યું. એ ત્રણ મહિનામાં મામીને મોઢે કોઇ દિવસ કુંદન હેરાન કરે છે એ શબ્દો સાંભળવામાં ન આવ્યા. કુંદન એમની પાસે જાય તો હેરાન કરે ને? એને હવે પૂરૂ કામ મળી રહેતું. આખો દિવસ એ પોતાની ઓરડીમાં કંઇ ને કંઇ કામ કર્યા જ કરતી.

આખરે ત્રણ મહિના પછી જ્યારે હુ મામાને ત્યાંથી પાછી ઘરે જવા તૈયાર થઇ ત્યારે મામાએ મને અભિનંદન આપ્યું ને પોતે મોંટેસોરી પદ્ધતિ ઉપર લખાયેલાં પુસ્તકો વાંચી એ પદ્ધતિનો અભ્યાસ કરશે એવું અભિવચન આપ્યુ. વળી કુંદનનું શિક્ષણ એ જ પદ્ધતિએ આગળ ચાલુ રાખવાનું આશ્વાસન પણ આપ્યું.

—શારદા ગઢે

## એક પ્રશ્ન અને તેનો જવાબ

[આ પ્રશ્ન પૂછનાર બહેન બોડીમાં શિક્ષિકા છે. તેમનો સવાલ શિક્ષક જીવનમાં હમેશા આવે છે તેથી જવાબ સાથે અહીં આપ્યો છે:—સંપાદક.]

**પ્રશ્ન:**—આજકાલ બાલવાડીનાં ૫/૬ બાળકો મને વળગેલાં જ રહે છે. સવારથી સાંજ સુધી મારી પછવાડેજ ફરે છે. મહા મુશ્કેલીથી માત્ર જમવા માટે ઘેર જાય છે અને સાંજે એકદમ અંધારૂં થયા પછી ઘેર જાય છે. આટલો વખત એમને કામ પણ શું આપવું? ઘઉં વીણવા કાઢું તો જોતજોતામાં ખલાસ, કપડાં ધોવા લઉ તો તે પણ કામ પૂરૂ! "હવે શું કરીએ?" એ સવાલ ઊભોજ હોય, "કામ કહે નહિ તો બાઇ

જાઉ.” એમ કહેનાર રાક્ષસની જ અવસ્થા! એક દિવસ બપોરે મે કહ્યું, “હું સહેજ વાર ઊંઘી જાઉં છું. તમે પણ ઘેર જઈને ઊંઘી જાઓ.” હું તકીયા ઉપર માથું મૂકી સૂઈ ગઈ. થોડી વારે ઊઠીને જોયુ તો એ બધાંએ તકીયા પર જ્યાં જગા મળી ત્યાં મ થું મૂકયું હતું અને બધાં આંખો મીચીને પડયાં હતાં હું બેઠી થઈ અને તેઓ પણ બધાં એકદમ બેઠાં થયાં! હસી હસીને મારા પેટમાં દુખવા આવ્યું. આ બાળકોને હું બારે કલાક શું કામ આપુ? બીજાં કામો કયારે કરું? અને એક જ વ્યકિતને બાળકો વળગી રહે તે બરાબર છે?

**જવાબ :** બાળકો ઘેર જાય છે તેમ છતાં ફરી ફરીને બાલવાડીમાં આવીને બેસે છે તે મારી દૃષ્ટિએ સારું લક્ષણ છે. આપણું વાતાવરણ ભરેલું છે અને ઘરનું બાલી છે એ દેખીતું છે. અહી તેમને કંઈક કરવા, જોવા, શીખવા મળે છે. ઘેર ગમે તેમ વખત ગાળવાનો હોય છે. જ્યાં સુધી મનને અને હાથને ઉદ્યોગ શી રીતે અપાય તેની કલ્પના જ ન હતી; સ્વચ્છ અને વ્યવસ્થિત રહેણીનો ખ્યાલ જ ન હતો; ત્યાં સુધી ઘરના જ ચ ાંગણામાં, ધૂળમાં, કચરામાં કંઈક કરતાં રહેવું અને પોતાની મેળે કંઈક કામ શોધી કાઢવું એ જ એમને ગમતું હતું. ઉદ્યોગ શોધી કાઢે તો પણ તે ઢંગધડા વિનાનો જ હોય. જ્યારે અહીંના વાતાવરણમાં તેમને સહેતુક અને અધિકાધિક કૌશલ્ય મળી શકે તેવા ઉદ્યોગ મળ્યા, તેથી તે અહીજ વળગી રહે છે.

તમારી આસપાસ રહે તે કુદરતી છે. કારણ કે ત્યાં તેમે હાલ એકલાં જ છો. પણ હમણાં ચાલે છે તેમ ચલાવવા દેવું પણ બરાબર નથી. તેથી તમે બપોર માટે કેટલાંક કામો અને ઉદ્યોગ શોધી કાઢો. તે કામો આપવાં અને સામાન્ય દેખરેખ રાખવી એ કામ ગોવિંદભાઈને સોંપો. તેમાં બહારનું કામ ઘાસ વાઢવું, બગીચાની સંભાળ, કયારા બનાવવા, તુનાઇ ધુનાઇ કરવી, બાંધુ કામ, વગેરે આપી શકો. અનાજ સફાઇ પણ રાખી શકો; પણ તે એક કામ તરીકે, માત્ર વખત વિતાડવા માટે નહી. તમારે માત્ર એક બેવાર જઈને જોઇ આવવું. પણ બાળકો હમેશા તમને જ વળગીને રહે એ ટેવ કાઢી નાખવી જોઇએ. જેમ માના શરીરથી બાળકને મૂકાવે છે તેમજ તમારે કરવું જોઇએ. શરૂઆતમાં બાળકો તમને મૂકીને ગોવિંદભાઇ પાસે નહિ જાય, પણ તમારે જરા કડકાઇથી કહેવું જોઇએ કે, “ હવે મારે વિશ્રાંતિ લેવી છે. તમે નીચે ગોવિંદભાઇ પાસે જાઓ.” નીચે જઈને કામો શરૂ કરવાનું કામ તમારે કરવું પડશે. પણ દશ મિનિટમાં પાછાં આવી બાકીનું બધ કરી ઓરડીમાં બેસતાં જાઓ. એટલે આ ટેવ છૂટી જશે. બાળકો આપણને વળગે એ કુદરતી છે અને અભિમુખતા દર્શક છે. પણ હમેશા આપણને વળગી રહે તો તેઓ પરાવલંબી અને પરપ્રકાશિત રહે છે. તેમાંથી તેમને છોડવવાં જ જોઇએ. છોડાવ્યાં પછી તેઓ મનથી તદ્દન અળગાં થશે એમ નથી. પણ એમનું જોડાણ સૂક્ષ્મ રહે છે. સ્થૂલ રીતે આપણી જ આસપાસ રહેતાં નથી. આ લખતી વેળાએ દાદરના શિશુવિહારની એક બાળાની આંખો મારી નજર સામે આવે છે. તે શરૂઆતમાં શાળામાં રહેવા પણ ન હતી ઇચ્છતી. પછી મેં તેણે મારી પાસે લીધી. તે મને એવી વળગી કે છૂટી જ ન થાય. મેં ધીરે ધીરે તેને કામે વળગાડી અને હું બસી ગઇ. પણ હવે દોઢ વર્ષ થયું છે તેમ છતાં જ્યારે હું શાળામાં જાઉં ત્યારે આતુરતા અને પ્રેમથી મારી તરફ જુએ અને હસે છે, કોક વાર સાડીને હાથ અડાડીને ચાલી જાય છે. અને એ રીતે સંબંધ તૂટયો નથી એ બતાવે છે.

આ રીતે બાળકોને આપણાથી છૂટાં અને સ્વતંત્ર કરવાં જોઇએ અને આપણી સાથે નહીં પણ તેમનાં કામો સાથે વળગેલાં રહે તે જોવું જોઇએ.

## “વાંચ્યું છે પણ યાદ નથી”

ઘણી વખત વર્ગમાં વિદ્યાર્થીને પ્રશ્ન પૂછવામાં આવતાં જવાબ નહીં મળવાથી શિક્ષક વિદ્યાર્થીને નહીં વાંચીને આવવા માટે શિક્ષા કરે છે અથવા ગુસ્સો કરે છે. વિદ્યાર્થી પ્રામાણિકતાથી કહે છે કે “સાહેબ વાંચ્યું છે પણ યાદ નથી.” શિક્ષક ફરી સમય આપીને જવાબ આપવા કહે છે. વિદ્યાર્થી આંગળી લમણા ઉપર ટેકવી, આંખના ડોળા ઊંચે સ્થિર કરી, મગજને કસવાની કોશિશ કરે છે. પોતાને વાંચ્યા છતાં નહીં યાદ

રહેવાની અનઆવડત માટે ખૂબ દિલગીર થાય છે, અને રાંક બની શિક્ષક સામે મૂક બની ઊભો રહે છે. કહેવત છે કે, "હૈયે છે પણ હોઠે નથી." એટલે કે વાંચ્યું છે પણ વ્યવસ્થિત કર્યું નથી. વિદ્યાર્થીઓને ઘણું ઘણું વાંચવાનો શોખ હોય છે. પણ તેને હજમ કરી વ્યવસ્થિત કરવાની આદત હોતી નથી. એક વેપારી દુકાનમાં સાકર, ગોળ, મસાલા વગેરે ઘણું ઘણું ભરે અને ઘરાક આવી કોઇ મસાલો માંગે ત્યારે ઉતાવળમાં ડબલાં ઉઘાડવા માંડે. ઘરાક થાકીને ચાલ્યો જાય અથવા તો ઘણો ખોટી થાય ત્યારે જોઇએ તે મહામહેનતે મેળવી શકે. વ્યવસ્થિત ગોઠવણી કરી મસાલાના ડબ્બા પર નામ લખી રાખેલ હોય તો આવું થાય નહીં અને એકાએક ઘરાક આવે ત્યારે મુંઝવણ થાય નહિ. મુંઝવણ અને ઉતાવળ ઘણીવાર વધારે અવ્યવસ્થા ઉભી કરે છે.

વિદ્યાર્થીના વાંચનનું પણ ઘણીવાર આવુ જ હોય છે. વાંચ્યા પછી વિચારવામાં જો આવે તો તે મગજમાં વ્યવસ્થિત ગોઠવાઇ જાય અને યોગ્ય સમયે જવાબ આપવામાં અને દલીલ કરવામાં ઉપયોગી થાય. શિક્ષકોના એકાએક પુછાએલા પ્રશ્નોના પણ શકિતથી અને સહેલાઇથી જવાબ આપી શકાય. વિદ્યાર્થીઓ શાળાના સમયે પુસ્તકો શોધવામાં પણ આવી જ મુશ્કેલી અનુભવે છે, કેમકે તે ગોઠવવામાં બેદરકાર હોય છે.

"જીવનમાં જ્યાં વ્યવસ્થા ત્યાં સરળતા સાથે સફળતા" એ સૂત્ર દરેકે યાદ રાખીને વર્તવું જોઇએ.

**એચ. એન. ત્રિવેદી**

# જાદુઈ પેટી

**નોંધ :**—બાળકો હમેશા ક્રિયાશીલ હોય છે. એમને કાંઇને કાંઇ પ્રવૃત્તિ ગમે છે. બાળકોની અભિમુખતા, અને કામની ભૂખ જાગી હોય ત્યારે આપણે મોટેરાં એ ભૂખને ન સંતોષીએ, અને યોગ્ય તે પ્રવૃત્તિનું માર્ગદર્શન ન કરાવીએ તો બાળકો એ કામની ભૂખને સંતોષવા ગમે તેવી આડી અને અવ્યવસ્થિત પ્રવૃતિઓ કરી બેસે છે, જેનું પરિણામ આપણે કેટલી વખત સહેવું પડે છે. આપણે ત્યાં ઘરગથ્થુ કેટલીએ પ્રવૃત્તિઓ પડી છે જેનો ડગલે ને પગલે વગર પૈસે ઉપયોગ કરી શકીયે છીએ. બાળકો પાછળનું વ્યવસ્થિત થોડી એક મીનિટોનું રોકાણ આખા દિવસની પરેશાની મટાડે છે.

દા. ત. દીવાસળીની પેટી જે સર્વ સામાન્ય ગરીબ યા તવંગરને ઘેર હોય છે. આપણે ત્યાં એ પેટીનો ઉપયોગ ખાલી થતાં કચરાપેટીમાં કે ચૂલો સળગાવામાં જાય છે. એજ પેટી, જેને આપણે ખાલી સમજી ફેંકી દઇએ છીએ, તે બાળકોની પ્રવૃત્તિઓનું એક આકર્ષક અંગ છે. ઘણી વાર માબાપથી ચોરી છુપીથી બાળકો દીવાસળીનાં ખાલી બોક્સાં ભેગાં કરવાનો યત્ન કરે છે અને આગગાડી બનાવ્યાં કરે છે. જે રમત હવે સર્વસામાન્ય થઇ પડી છે. જેથી બાળકોને એના તરફ બહુ આકર્ષણ રહ્યું નથી. બાળકોને એકની એક રમત વધુ વાર આકર્ષી શકતી નથી. કારણ જેમ જેમ ઇંદ્રિય અને બુદ્ધિનો વિકાસ થતો જાય છે, તેમ તેમ તેમનામાં કંઇક નવુ કરવાની અને જોવાની તમન્ના જાગતી જાય છે. તે વખતે આપણે જે કાંઇ નવું ધરીયે તેને તરત જ અપનાવી લે છે. હવે દીવાસળીની પેટીની કેટલીક રમતો પૈકી એક, જેને અમે જાદુઇ પેટી કહીએ છીએ, તે રમતની સમજણ નીચે આપી છે બાળકો એનો સુંદર રીતે ઉપયોગ કરે છે. જાત જાતના રંગીન કાગળો ચોંટાડી બહુ આકર્ષક રીતે બનાવે છે.




**સમજ :**—દીવાસળીની એક ખાલી પેટી લેવી. દીવાસળીઓ મૂકવાનું ખાનું હોય છે તે કાઢી લેવું. પછી આકૃતિ નં. ૧ માં બતાવ્યા પ્રમાણે ચારે તરફ રંગીન કાગળ ચોંટાડી ગંધકવાળી બાજુ પર થોડે થોડે દૂર બબ્બે કાણાં પાડવાં. જ્યાં ખાલી લખ્યું છે ત્યાં કાગળ

ચોડવો નહિ. ત્યાર પછી દોઢ દોઢ ફૂટના બે લાંબા દોરા એક ભૂરો અને એક લાલ લેવા. અને આકૃતિ




હવે છુટા જે દોરાના છેડા છે એનાથી કંઇ એકી સાથે પકડવાનું ફાવે નહિ એટલે આકૃતિ નં. ૩ માં બતાવ્યા પ્રમાણે ચારેક ઇંચની વાંસની અગર કોઇ બીજી પેન્સીલ જેવી જાડી સળી અથવા ચીપ લઇ બને બાજુએ બે દોરાની વચમાં બાંધી દેવી. એટલે જાદુઇ પેટી નં. ૨ માં બતાવ્યા પ્રમાણે "લાલ" લખ્યું છે ત્યાંથી લાલ દોરો પસાર કરી ત્રાંસમાં જ્યાં "લાલ" લખ્યું છે ત્યાં લાવવો. એવી રીતે ભૂરો દોરો "ભૂરો" લખ્યું ત્યાંથી પસાર કરી ત્રાંસમાં નીચે "ભૂરો" લખ્યુ છે ત્યાં લાવવો. એટલે એક બાજુ ભૂરો અને એક બાજુ લાલ એમ બને બાજુએ છેડા આવશે. છેડા બહાર આવ્યા પછી આકૃતિ નં. ૧ માં જ્યાં ખાલી લખ્યું છે તે બંને બાજુને કાગળ ચોંટાડી દેવો, જેથી અંદરની કરામતની કોઇને ખબર પડે નહિ.

---

તૈયાર. પછી એ સળી આપણા હાથમાં અને બીજી સળી બાળકના હાથમાં આપી પેટીને જમણી તરફથી ડાબી બાજુ ખસેડવી એટલે ભૂરો દોરો હશે તે લાલ થઇ જશે, અને નીચેનો લાલ હશે તે ભૂરો થઇ જશે. આ કોઇ જાદુ નથી. પણ દોરાની સામસામી જે ચોકડી પડી એના લીધે જે ૨ ગનો દોરો હોય તેનાથી સામી બાજુનો રંગ નીકળે. જાદુ કરતાં પહેલાં પેટીને એક બાજુ ખસેડેલી રાખવી. ક્રિયાત્મક વસ્તુઓ હોવાથી બાળકોને ખૂબ આનંદ આવે છે. આવી આવી અનેક પ્રવૃત્તિઓ હોય છે જે બાળકોની ભૂખને શાંત કરી તેમના વિકાસમાં મદદ કરે છે.

દીવાસળીની ખાલી પેટીના બીજા પણ કેટલાક નમૂના બને છે, જેનાં નામ નીચે આપ્યાં છે. તમે ઘેર પ્રયત્ન કરશો તો ઘણી સહેલાઇથી બાળક પાસે બનાવરાવી શકશો.

(૧) સોફાસેટ (૨) પલંગ (૩) ટીપોઇ (૪) રાઇટીંગ ટેબલ વિ. ઘણી વસ્તુઓ બાળકો જરા પણ કંટાળ્યા વગર ખૂબ હોંશથી બનાવે છે. મોટેરા આ પ્રયોગો બાળકો સાથે કરે અને એનું પ્રત્યક્ષ પરિણામ જુએ.



# નૂતન બાળ શિક્ષણ સંઘ
## વ્યવસ્થાપક મંડળની ચૂંટણીનું મતપત્રક

સૂચના 1304

૧ મતપત્ર ભરતાં પહેલાં પાછળની સૂચનાઓ જરૂર વાંચી જજો.

૨ વ્યવસ્થાપક મંડળની ૭ જગાઓ માટે આ વર્ષે ચૂંટણી થવાની છે. ૧ આજીવન સભ્ય, ૧ સહાયક સભ્ય અને ૪ સક્રિય સભ્ય. તેમાંથી ૧ આજીવન સભ્ય અને ૧ સહાયક સભ્ય **બિનવિરોધ** ચૂંટાયા હોવાથી હવે ૪ સક્રિય સભ્યોનીજ ચૂંટણી કરવાની છે. દરેક મતદાતાને ૪ મત આપવાના છે અને આ ચારે મત સક્રિય વિભાગના કોઇ પણ ચાર ઉમેદવારોને જણદીઠ એક પ્રમાણે આપવાના છે. નીચેના ૫ ઉમેદવારોમાંથી જે ૪ ને તમારે મત આપવા હોય તેમના નામની બરાબર સામે × આવી ચોકડી કરો.

| કયા વિભાગના સભ્યોની કેટલી જગાઓ પૂરવાની | ક્રમ સંખ્યા | ઉમેદવારોનાં નામો | નિવાસ | મતની ચોકડી |
|---|---|---|---|---|
| સક્રિય સભ્યોની ચાર જગાઓ | ૧ | શ્રી સરોજબેન પોપ | મુંબઇ | |
| | ૨ | શ્રી નાનાભાઇ કા. ભટ્ટ | આંબલા | |
| | ૩ | શ્રી નર્મદાબેન રાવળ | અમદાવાદ | |
| | ૪ | શ્રી તારાબેન ઓઝા | દાદર | |
| | ૫ | શ્રી સરલાબાઇ દેવધર | દાદર | |

(×) કરી આપના ચાર મત આપો. આમાંનાં ગમે તે ચાર નામોની સામે

તારીખ – –૧૯૪૬.

પૂરૂં નામ અને સરનામું

_____

_____

_____

_____

મતદાતાની પૂરી સહી.

## સૂચના

૧ આજીવન સભ્યોના વિભાગમાંથી એકની જ ચૂંટણી થવાની છે. તે જગા માટે એક જ ઉમેદવારની અર્જી આવી હોવાથી તેમની ચૂંટણી વગર વિરોધે થાય છે. તેમનું નામ શ્રી. સરલાદેવી સારાભાઇ, અમદાવાદ.

૨ સહાયક સભ્યોના વિભાગમાંથી પણ એકની જ ચૂંટણી થવાની છે. તે જગા માટે પણ એક જ ઉમેદવારની અર્જી આવી હોવાથી તે વગર વિરોધે ચૂંટાય છે. તેમનું નામ શ્રી. માલિનીબાઇ પરાંજપે, પૂના.

૩ હવે સક્રિય સભ્યોની ચાર જગાઓ ખાલી છે. તે જગાઓ માટે પાંચ ઉમેદવારોની અર્જીઓ આવી છે.

૪ સંઘના કોઇ પણ પ્રકારના સભ્ય જેમનું ૧૯૪૬ નું લવાજમ તા. ૧૫-૧૦-૪૬ સુધી આવ્યું હશે તેમને આ સક્રિય સભ્યોની ચાર જગાઓ માટે ચાર મત આપવાનો અધિકાર છે. પોતે જે વિભાગના સભ્ય હશે તે વિભાગ માટે જ મત આપવાનો અધિકાર છે, એમ નથી. આપ કોઇ પણ વર્ગના સભાસદ હશો તો પણ આ ચાર જગાઓ માટે ચાર મત આપી શકો છો.

૫ દરેક મતદાતાએ ચાર મત આપવાના છે. તમને પસંદ હોય તેવા ચાર ઉમેદવારોની નામોની સામે × આવી ચોકડી કરજો. **ચારથી વધારે ચોકડી કરશો તો તમારું મતપત્ર રદ્દ ગણાશે.**

૬ છાપેલી અનુક્રમ સંખ્યાવાળાં અને મંત્રીઓની સહીઓવાળાં મતપત્રકો જ મતોની ગણતરીમાં યોગ્ય (valid) ગણાશે.

૭ મત આપ્યા પછી મતપત્રકની નીચે પોતાની સહી કરી, પોતાનું પૂરું નામ અને સરનામું લખવું જોઇએ.

૮ મત આપેલાં મતપત્રકો કવરમાં બીડી, કવર ઉપર ખુણામાં "વ્યવસ્થાપક મંડળની ચૂંટણી" એમ લખી મોડામાં મોડું તા. ૩૦-૧૧-૪૬ ની સાંજના ૬ લાગ્યા સુધી "શ્રી મંત્રી, નૂ. ભા. શિ. સંઘ, ૧૧૮, હિન્દુ કોલની, દાદર, મુંબઈ નં. ૧૪." આ સરનામે મોકલી આપવાં. તે પછી આવેલાં મતપત્રકો ગણવામાં નહીં આવે.

તારાબેન મોડક
સરોજબેન ચોધ
મંત્રી–નૂ. ભા. શિ. સંઘ.

# મધ્ય ગુજરાત બાલશિક્ષણ સંમેલન

નૂતન બાલ શિક્ષણ સંઘની મધ્ય ગુજરાત શાખા તરફથી ડભોઇ મુકામે તા. ૨૮–૨૯ સપ્ટેમ્બર, શનિ–રવિના દિવસોમાં શ્રી. તારાબેન મોડકના પ્રમુખપણા નીચે એક બાલ સિક્ષણ સમેલન યોજવામાં આવ્યું હતું. સમેલનમાં સંઘપ્રમુખ શ્રી. સરલાદેવી સારાભાઇ, શ્રી. બાબીબેન મૂળજી, શ્રી. સરોજબેન યોધ, શ્રી. વલ્લભભાઇ વૈદ્ય, એલેમ્બિકવાળા શ્રી. અંબાલાલભાઇ, મહાલ શાળાધિકારી શ્રી. પન્નાલાલ શાહ, ઉત્તર ગુજરાત, કાઠિયાવાડ, મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાત શાખાના મંત્રીઓ અને કાર્યકર્તાઓ, વડોદરાની પુરુષ અધ્યાપન પાઠશાળાના અધ્યાપકો શ્રી. વિષ્ણુભાઇ તથા શંકરભાઇ પટેલ, શ્રી. શંકરલાલ શાહ તથા સોમાભાઇ પટેલ, ઉપરાંત મધ્ય ગુજરાતનાં ૪૫ જેટલાં બાલ-મંદિરના શિક્ષક ભાઇબહેનો આવ્યાં હતાં. ડભોઇ તાલુકા પ્રાથમિક શાળાના સો એક શિક્ષકોએ પણ હાજરી આપી હતી.

શનિવારે સવારે મહેમાનો ડભોઇ આવી પહોંચતાં સ્ટેશન પર જુદી જુદી સંસ્થાના ચાલકોએ તેમનું સ્વાગત કર્યું હતું.

## પ્રદર્શન

સમેલનને અંગે એક બાલપ્રદર્શન યોજવામાં આવ્યું હતું. તેનું ઉદ્‌ઘાટન ડભોઇના પ્રતિષ્ઠિત વ્યાપારી શ્રી. મગનલાલ મોદીને હાથે થયું હતુ.

પ્રદર્શનનો હેતુ સમજાવતાં શ્રી. તારાબેને એક ટૂંકું પ્રવચન હાજર રહેલાં માબાપો અને શિક્ષકોને ઉદ્દેશીને કર્યું હતું. તેમણે જણાવ્યું "તમને કદાચ થતું હશે કે બાળકોનું પ્રદર્શન એટલે શું? અને તેમાં વળી આવડો મોટો સમારંભ શો? આવા પ્રશ્નો તમારા મનમાં ઊઠતા હશે. તેનો જવાબ એ છે કે તમને આમાંથી બાળકને જોવાની દૃષ્ટિ મળશે. બાળક કોઇ પણ ક્રિયા કરે તો તે નિરર્થક નથી હોતી. તેની પાછળ તેના અંતર્બાહ્ય વિકાસનો હેતુ રહેલો હોય છે. તેમાં તેનો બુદ્ધિ-વિકાસ, કલ્પના શક્તિનો વિકાસ, રહેલો હોય છે. આ પ્રદર્શનમાં એ તમને જોવા મળશે. ઘરની ચીજો અને કામના કાગળ બગાડતા બાળકને યોગ્ય સ્થાન અને સાધનો પૂરાં પાડવાની જરૂર છે, એ તમને આ પ્રદર્શન બતાવશે. નકામાં પોસ્ટ કાર્ડ, સુકાઇ ગયેલાં પાંદડાં, માટી અને એવા જ પદાર્થો વડે બાળકો કેવાં સુંદર સર્જન કરે છે એ તમને પ્રદર્શનમાં જોવા મળશે. બાલમંદિરમાં જ નહિ પણ ઘર આગળ પણ એવી પ્રવૃત્તિઓ બાળકને સહેલાઇથી આપી શકાય તેમ છે એ તમે જોશો. આ દૃષ્ટિ તમે મેળવશો તો પ્રદર્શન સફળ થયું ગણાશે."

પ્રવચન બાદ સૌ પ્રદર્શન જોવા ગયાં હતાં. પ્રદર્શનમાં વિભાગવાર સુંદર કારીગરીના નમૂના ગોઠવેલા હતા. જે જોઇને પ્રેક્ષકો પ્રસન્ન થયા હતા.

## ગ્રામ દર્શન

પ્રદર્શનમાંથી પાછાં વળતાં સસ્તા અનાજની દુકાને મહેમાનો રોકાયાં હતાં. સેવાસંઘના ઉત્સાહી મંત્રી શ્રી. રમણભાઇ શિરોબાવાળાએ સંઘના કામનો ઇતિહાસ કહી સંભળાવ્યો હતો. ડભોઇની સાર્વજનિક પ્રવૃત્તિઓનાં મૂળ સેવાસંઘના થોડા પણ સેવા ભાવી મિત્રોની કર્તવ્યપરાયણતામાં રહેલાં હતાં, એ જણાઇ આવતું હતુ.

જૈન ગ્રંથ ભંડાર, ભક્ત કવિ શ્રી. દયારામભાઇની સ્મૃતિમાં હાલનું બાલ પુસ્તકાલય અને સ્ત્રી પુસ્તકાલય, તેમજ ડભોઇની પ્રસિદ્ધ હીરા ભાગોળની કારીગરી જોઇને અતિથિઓ બાર વાગે ઉતારે પહોંચ્યા હતા.

## સ્ત્રીઓની સભા

ડભોઇ ભગિની સમાજના આશરા હેઠળ એક સ્ત્રી સભા બપોરના બે વાગે મળી હતી. તેમાં શ્રી. સરલાબેન તારાબેન, બાબીબેન અને સ્થાનિક બહેનોનાં વ્યાખ્યાન થયાં હતાં અને બહેનોએ ગરબા ગાઇ સંભળાવ્યા હતાં.

## સંમેલન

સાંજના ચાર વાગે વ્યાયામ શાળાના યોગાનમાં સંમેલનની બેઠક મળી હતી. ડભોઇના બાલશિક્ષણ પ્રેમીઓની મેદનીથી સભાસ્થાન ભરાયેલું હતુ.

પ્રાર્થના બાદ સ્વાગત પ્રમુખ શ્રી. જમનાદાસ જીનવાળાએ અતિથિઓનું સ્વાગત કરતાં ડભોઇનો ઉજ્જવળ ઇતિહાસ કહી શ્રી. સરલાબેનને સંમેલન ખુલ્લું મૂકવાની વિનંતી કરી હતી.

શ્રી. સરલાદેવી સારાભાઇએ સમેલનનું ઉદ્‌ઘાટન કરતાં મનનીય પ્રવચન કર્યું હતું. તેમાં તેમણે બાલ-

શિક્ષણના કાર્યને ગુજરાતભરમાં ગુણમાં અને પ્રમાણમાં વિકસાવવાનો બાલ શિક્ષકોને અનુરોધ કર્યો હતો. તેને માટે મા બાપો સાથે સંપર્ક સાધવા ભલામણ કરી હતી અને આધુનિક યુગને ઓળખી બુનિયાદી તાલીમ સાથે પુર્વ-બુનિયાદી તાલીમનો સુમેળ સાધવા વિનંતી કરી હતી.

ભાષા મંત્રી શ્રી કમળાશંકર પ્રંડિત તથા શ્રી. બાબી બેન મૂળજીએ સંઘના કાર્યનો ઇતિહાસ સંભળાવી એ કાર્યમાં મદદ કરવાનો અનુરોધ કર્યો હતો. શ્રી. પંડિત-જીએ બાલ મંદિરના મકાન માટે ડભોઇવાસી શ્રીમંતોને આગ્રહભરી વિનંતી કરી હતી.

## વડોદરાનું આમંત્રણ

આવતી સાલે સંઘનું સંમેલન વડોદરામાં એલેમ્બિકના શિશુકુંજને આંગણે ભરવા શ્રી. અંબાલાલ ભાઇએ આમંત્રણ આપ્યું હતુ. જેનો પ્રમુખશ્રી તથા મંત્રીઓએ સાભાર સ્વીકાર કર્યો હતો.

## પ્રમુખનું ભાષણ

ત્યાર બાદ શ્રી. તારાબેને અધ્યક્ષીય વ્યાખ્યાન શરૂ કર્યું. બે કલાકથી સંમેલનના કાર્યમાં એકાગ્રપણે આ-બાલવૃદ્ધ સૌ ભાગ લઇ રહ્યાં હતાં. વચ્ચે વચ્ચે સંગીત, બાલગીત ચાલતાં હતાં અને લાઉડ સ્પીકરની ગોઠવણ સારી હતી. છતાં હવે બાળકોની ધીરજ ખૂટી હતી અને બહેનોનો રસોઇનો સમય થયો હતો, તેથી પ્રમુખશ્રીએ શ્રોતાજનોની ધીરજની પ્રશંસા કરીને પોતાના વકતવ્યને ટૂંકાવ્યું હતું. એ મિતાક્ષરી અને મુદ્દાસરના ભાષણમાં તેમણે કેટલીક અગત્યની વાતો કરી હતી. ડભોઇ સાથેનો પોતાનો પ્રેમ સંબંધ તાજો કરી બાલ મંદિરના મકાનની માંગણીને ટેકો આપ્યો હતો. શ્રી. સરલાબેને રજૂ કરેલા મુદ્દાઓ ઉપર પોતાના વિશાળ અનુભવથી અનુમોદન આપ્યું હતું ને શિક્ષકો તથા માબાપોને બાલશિક્ષણનું કાર્ય ઉત્સાહભેર ઉપાડી લેવાની ભલામણ કરી હતી.

વંદે માતરમ્ ગવાયા બાદ બેઠક પૂરી થઇ હતી.

## ગામડાનું બાળક

રાતે સાડા આઠ વાગે 'ગામડાનું બાળક' એ વિષય ઉપર શિક્ષક ભાઇઓની વચ્ચે ચર્ચા ગોઠવવામાં આવી હતી. ચર્ચા શરૂ કરતાં વડોદરાવાળા શ્રી. ભાઇલાલ-ભાઇએ કહ્યું, "ગામડાના બાળકમાં શહેરી બાળક કરતાં સ્થૂળતા વધારે હોય છે, વ્યવસ્થાનો અભાવ હોય છે અને રૂઢિચુસ્તતા હોય છે."

આ ત્રણે મુદ્દાઓ વિષે અત્યંત રસિક અને બોધમય ચર્ચા ચાલી હતી. શાસ્ત્રીય રીતે અનુભવગમ્ય વિગતો રજૂ કરીને એ બાબતના જવાબો અપાયા હતા. ખાસ કરીને શ્રી. વિષ્ણુભાઇ મજમુદાર, સીતારામ ઠાકરે, શારદાબેન ભટ, છગનભાઇ પટેલ, સોમાભાઇ પટેલ, સરલાબેન સારાભાઇ વગેરેએ વિચારપ્રેરક દલીલો રજૂ કરી હતી. જો યોગ્ય વાતાવરણ મળે તો ગામડાનું બાળક શહેરી બાળક કરતાં કોઇ રીતે ઉતરતું ન બને, બલકે કેટલીક બાબતોમાં ચઢિયાતું થાય, એમ બતાવી આપ્યું હતું. આનુવંશિક અને ઘરના સંસ્કારોના કારણે પછાત લાગતું ગામડાનું બાળક સાનુકૂળ વાતાવરણ મળતાં સંપૂર્ણ વિકાસ સાધી શકે એમ સૌએ સિધ્ધ કરી આપ્યું હતું.

રવિવારે સવારે સાડા આઠ વાગે આગલી રાતની ચર્ચાનો ઉપસંહાર કરતાં પ્રમુખ શ્રી. તારાબેને આંબલા, વેડછી, મુબઇ સેવામંદિર તથા બોરડીના પોતાના અનુભવો અને માનસશાસ્ત્રના અભ્યાસની દૃષ્ટિએ જણાવ્યું હતું કે જગતમાં સર્વ બાળકો મૂળતઃ એકજ છે. આનુવંશિક સંસ્કાર અને પ્રાથમિક વાતાવરણને લીધે ફેર પડે છે. શહેરનાં બાળકોમાં પણ નેપીઅન્સી રોડ, વાલકેશ્વર, હિંદુકોલોની અને ભંગીવાસનાં બાળકોમાં ફેર પડશેજ. ગામડાનું બાળક ગરીબાઇથી પીડાતું હોય છે. જીવનની પ્રાથમિક જરૂરિયાત પણ તેને મળતી નથી. ગામડાની કુદરતી સમૃદ્ધિ, ખુલ્લાં હવાપાણી અને વનસ્પતિ તેમજ પક્ષિસૃષ્ટિ વચ્ચે રહેવાનું. નીચે પૃથ્વી માતા અને ઉપર આકાશછત્ર હોવાથી જ તેઓ જીવે છે. એ કુદરતની કૃપાથી જ એ જીવતું રહે છે, મરી જતું નથી ને મોટું થાય છે. એને અનુકૂળ વાતાવરણ અને પૌષ્ટિક ખોરાક મળે તો એ શહેરી બાળકોથી અનેક રીતે ચડિયાતું બને!

## સાધનો

'ગામડાનું બાળક' એ ચર્ચાનો ઉપસંહાર કર્યા પછી શ્રી. તારાબેને બાલવાડીનાં સાધનો વિષે પોતાના વિચારો રજૂ કર્યા હતા.

"ગામડામાં જઇને તરત શિક્ષકે સાધનો, લેખન, વાંચન, ગણિત વગેરે માટે ઉતાવળ કરવાની નથી.

ખોરાકનો પ્રશ્ન એ આજનો મોટો પ્રશ્ન છે. તેને માટે બાલવાડીમાં શકય હોય તે પ્રમાણે બકરાં, કૂકડાં પાળવા. શાકભાજી ઉગાડવાં. ગામડાંનાં બાળકો ચામડીના રોગથી પીડાય છે. તેને માટે સ્વચ્છતાની ભારે જરૂર છે. બાલ-શિક્ષકે ઘરગથ્થુ દવાઓ જાણી લેવી જોઇએ. ગીત, રમત, પર્યટનના કાર્યક્રમથી બાલવાડીનો કાર્યક્રમ સંપૂર્ણ કરવો. પર્યટન વેળાએ ગામડાના કારીગરોનો પરિચય કરાવવો.

ગામડાની બાલવાડીની વાત કરતાં પૂ. ગાંધી સાથે પોતાને તાજેતરમાં – થયેલી વાતચીતનો અહેવાલ વાંચી બતાવ્યો હતો. અને આપણા રાષ્ટ્ર-પિતાએ લાખો ગામડાંનાં કરોડો બાળકોના પ્રાથમિક વિકાસ માટે બતાવેલ દૃષ્ટિબિંદુ સમજાવ્યું હતુ.

શ્રી. સરલાબેને મોન્ટીસોરી અને ગાંધીજીના વિચારોનો સમન્વય કરી નૂતન બાલશિક્ષણના કામને આગળ ધપાવવાની સૌને ભલામણ કરી હતી.

### કાર્યકર્તા મંડળની બેઠક

ત્યારબાદ કાર્યકર્તા મંડળની બેઠક શરૂ થઇ હતી, જેમાં સંઘના ચાલુ કામકાજને અંગે ચર્ચા અને નિર્ણયો કરવામાં આવ્યા હતા.

### પ્રાથમિક શિક્ષક સંમેલન

રવિવારે બપોરે અઢી વાગે ડભોઇ તાલુકા પ્રાથમિક શાળા શિક્ષક સંમેલનની બેઠક મળી હતી. શ્રી. તારાબેન મોડકને પ્રમુખપદ આપવામાં આવ્યું હતું. મહાલ શાળાધિકારી શ્રી. પન્નાલાલ શાહે પ્રારંભિક વ્યાખ્યાન આપ્યુ હતુ. જેમાં ખાતાની તથા શિક્ષકોની મુશ્કેલીઓ અને સંબંધ જણાવી નવા યુગને ઓળખી આગળ વધવા શિક્ષકોને ભલામણ કરી હતી.

શ્રી. સરલાબેને માનસશાસ્ત્ર અને શિક્ષણશાસ્ત્રના સિદ્ધાંતે બાલશિક્ષણનું કાર્ય કેવી રીતે આગળ વધારી શકાય તેની રૂપરેખા દોરી બતાવી હતી. શ્રી. શંકરભાઇ શાહે વાચન તથા ગણિત જેવા વિષયોમાં અત્યારની સ્થિતિમાં પણ કઇ રીતે સુધારો કરી શકાય તે ઉદાહરણ સાથે સમજાવ્યું હતું.

શ્રી. વિષ્ણુભાઇ મુનશીદ્વારે પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ ભણેલું કેમ ભૂલી જાય છે, તેમજ દાખલા કેમ આવડતા નથી, ફરજિયાત શિક્ષણ હોવા છતાં ભણેલાના ટકા કેમ ઓછા છે, વગેરે ફરિયાદો સામેથી કેમ રદ્દ થતી નથી? એમ પ્રશ્ન પૂછી પ્રજાએ જાગ્રત રહેવાની ફરજ પર ભાર મૂકયો હતો. વનસ્પતિ શાસ્ત્રી શ્રી. વલ્લભરામભાઇએ પ્રાથમિક શાળાના શિક્ષકોને બાળકોના આરોગ્ય માટે આસપાસની કુદરતમાંથી ઘરગથ્થુ દવા જાણી લઇ સામાન્ય રોગો કેમ ટાળી શકાય તે સમજાવ્યું હતું.

અંતમાં પ્રમુખશ્રી તારાબેને સિદ્ધાંત ચર્ચામાં ન ઉતરતાં કેટલીક સીધી વાતો સંભળાવી હતી. બાળકોની સ્વચ્છતા, આરોગ્ય, બાગાયત, હસ્તવ્યવસાય, લેખન, વાચન, ગણિત, વગેરે બાબતોમાં ચાલુ સ્થિતિમાં કેવી રીતે સુધારા થઇ શકે તેના વ્યવહારૂ ઉપાયો સમજાવ્યા હતા.

સાડાચાર વાગે સંમેલનની બેઠક પૂરી થઇ હતી. આ રીતે યોજના અનુસાર સફળતાપૂર્વક કાર્યક્રમ પાર પડયો હતો. અને ડભોઇમાં બે દિવસ સુધી બાલશિક્ષણનું વાતાવરણ ગુંજી રહ્યું હતુ. એ વાતાવરણમાંથી પ્રેરણા મેળવીને બાલશિક્ષકો પોત પોતાના સ્થાને વિદાય થયા હતા.

—રામલાલ પાઠક

## આ બંદીવાસમાંથી કયારે છૂટીશ?

[દોઢ વર્ષનું બાળક! હમણાંજ ચાલતાં શીખ્યુ છે આમ તેમ દોડા દોડ કરી મન ગમતી ચીજને લેવા મથે છે. ટેબલ પર મૂકેલું 'ટિક ટિક' તેને ખૂબજ ગમે છે. તે દોડીને લેવા જાય છે, ત્યાં તેની માતાના કોમળ હાથ તેને પાછો ખેંચે છે. બાળક નિરાશ થાય છે, નારાજ થાય છે. અકળાય છે. માતા તેને ખોળામાં લે છે. માતાના મુખ તરફ તે જુએ છે. તેની આંખમાં આંસુ છે. આંસુ એજ એની ભાષા! એ ભાષામાં કેટલો બધો અર્થ સમાયેલો હોય છે! એ ભાષા સમજવાનો પ્રયત્ન કરીને આપણે એ બાળકના વિચારોને આપણી ભાષામાં અનુવાદિત કરીએ તો નીચે મુજબની વિચાર શૃંખલા આપણને સમજાશે. —લેખક]

માતાના અંધપ્રેમની આ કેદ હવે કયારે પૂરી થશે? નવ મહિના માતાના ઉદરમાં કેવી રીતે કાઢયા તે તો

ગાઢ઼ું મન જાણે છે. ચારે કોરથી બાંધેલું શરીર. આસ-પાસ ઘોર અંધકાર. હલવા ચાલવાની પણ જગા નહીં. આવી પરિસ્થિતિમાં જેમ તેમ દિવસો કાઢયા. એ અંધારી કોટડીનો કારાવાસ ખરેખર અસહ્ય હતો. હતું તેટલું



આ મારી પહેલી કેદ!

બધું બળ એકઠું કરીને એમાંથી છૂટવાનો મેં પ્રયત્ન કર્યો. મારો આ પ્રયાસ સફળ થયો. અસહાય માતા હારી. તેના ઉદરનો આશ્રય છોડીને હું બહાર આવ્યો. માતાને થતી અસહ્ય પીડા મેં ગણકારી નહીં. હું બહાર આવ્યો. દારુણ અંધકારમાંથી પ્રકાશમય સૃષ્ટિમાં મેં પ્રવેશ કર્યો. નહીં અનુભવેલાં સંવેદનોથી મારી સમગ્ર શરીરસંસ્થા પુલકિત બની. આંખો વડે પ્રકાશ જોયો, કાનથી અવાજ સાંભળ્યો, જીભથી માતાના અમૃતનો રસાસ્વાદ લીધો, હાથવડે માતાની પ્રેમ મૂર્તિનો સ્પર્શ અનુભવ્યો. બધું નવીન! સઘળું અપૂર્વ! સર્વ કાંઇ આકર્ષક! મને થયું ભયાનક બંદીવાસમાંથી હવે કાયમને માટે છૂટયો. પણ...

તે આશા ખોટી ઠરી. અસહાય, સંવેદનાશૂન્ય, અંધકારમય કારાવાસ ટળ્યો. પણ હવે જુદાજ પ્રકારનો કારાવાસ શરૂ થયો. પ્રકાશ હોવા છતાં અંધકાર દેખાવા લાગ્યો. દિવસ હોવા છતાં રાત જણાવા લાગી. પગ હોવા છતાં અપંગતા, હાથ હોવા છતાં પરાવલંબીપણું જીભ હોવા છતાં મુંગાપણું, આંખો હોવા છતાં આંધળાપણું! આ કેવો વિચિત્ર અનુભવ! મન મુંઝાયું. આતો વધુ ભયંકર બંદીવાસ. સંવેદના જાગૃત થયા પછી કારાવાસ વધારે ભયંકર લાગવા માંડયો. પણ કરવું શું? જ્યાં નાખે ત્યાં પડયો પડયો આ વિષમ પરિસ્થિતિનો વિચાર કરીને મગજને તાણ આપવા સિવાય હું શું કરી શકું તેમ હતું?

પણ એમાંયે આશાનું કિરણ દેખાવા લાગ્યું. દિવસ પછી દિવસ વીત્યા. ધીમે ધીમે મારા શરીરમાં, મારા અવયવમાં, મારી ઇંદ્રિયોમાં નવચૈતન્ય પ્રસ-રવા માંડયું. અસહાયતા ઓછી થવા લાગી. પરાવલંબી દશામાંથી સ્વાવલંબન તરફ હું પગલાં માંડી રહ્યો હોઉં એવું મને જણાયું. વાંકા ચૂંકા પગલાં ભરતો હું ચાલવા લાગ્યો, તોતડી વાણી બોલવા લાગ્યો. અસ્થિર આંખો વડે આસપાસની વસ્તુ જોવા લાગ્યો. મારે હાથે લઇ ખાવા માંડયો. મને થયું હવે મારા કારાવાસમાંથી મને કાયમનો છૂટકારો મળ્યો. હર્ષભર્યા નેત્રો વડે મારી સામે દેખાતી સૃષ્ટિ હું જોવા લાગ્યો. આશાનાં

આ બીજી કેદ!

કિરણ ચોતરફથી આવીને મને વીંટળાઇ વળતાં હોય એમ લાગ્યું.

### અને આ મારી ત્રીજી કેદ !

પણ આ શું? એક બંદીવાસ પૂરો થયો ત્યાં બીજો આવ્યો. બીજો પૂરો થયો એમ લાગ્યું એટલામાં આ ત્રીજો આવીને ઊભો રહ્યો. શરીર સ્વાવલંબી બન્યું; પણ તેને સ્વતંત્રતા ન હતી. ચાલવા જાઉં તો કોઇ ચાલવા દે નહીં. દોડવા માંડું તો કોઇ દોડવા દે નહીં. જોવા લાગ્યો તો કોઇ જોવા દે નહીં. કંઇ લેવા જાઉં તો કોઇ લેવા દે નહીં. જગત મને આનંદમય, આકર્ષક જણાતું હતું, તે દુઃખમય, ભયંકર છે એમ મારા મન પર ઠસાવવા લાગ્યું. મનમાં યોજના કરું પણ તેનો અમલ કોઇ કરવા દે નહીં. ભાવનાના કિલ્લા રચતો પણ એકજ ધક્કાથી તેને જમીનદોસ્ત કરવામાં આવતા. કાર્ય કારણની સાંકળ હું રચતો પણ એક જ ઝટકે એ તોડી નાંખતા. આ કેવી ભયંકર કેદ !

અને આ સર્વ ગુલામીમાં, કેદમાં, બન્ધનમાં કોઇ જવાબદાર હોય તો તે મારી માતા ! એ માની શકાય એવું નથી. પણ એ બની હકીકત છે. એક બાજુ મારું લાલન, પાલન, પોષણ, રક્ષણ કરનારી, અને પ્રેમસુધામાં અખંડ નવરાવનારી, એમાંજ પોતાની કૃતકૃત્યતા માનનારી મારી માતા આટલી ભયંકર જુલમગાર કેવી રીતે થઇ શકે? મારે માટે આવો સતત કારાવાસ એણે શા માટે બનાવ્યો હશે?

તેના પેટમાં હતો ત્યારે અંધારો બંદીવાસ.

તેના પેટમાંથી બહાર આવ્યો ત્યારે અનાથ, અસહાય, અપંગ કારાવાસ અને હવે...

શરીર સ્વતંત્ર બન્યું, અસહાયતા ટળી, અપંગતા નહીં જેવી બની, તો પણ વધારે ભયંકર કારાવાસ!

હવે પછીનો કારાવાસ એટલે મારા આત્માનો કારાવાસ અને તેથી જ તે અધિક સંતાપકર, અધિક ભયંકર લાગે છે.

મા, માડી, જન્મદાત્રી, પ્રેમમૂર્તિ! આ કારાવાસમાંથી મને કદીયે મુકત કરવાની જ નહીં શું?

**ગોપાળરાવ કુલકર્ણી**

---

## પત્રિકા વિષે કેટલીક સૂચનાઓ

૧ પત્રિકાના છુટક અંકની કિંમત ૭ આના છે.

૨ પત્રિકાના અંક ન મળ્યા બાબત ફરીયાદ વારંવાર આવે છે. અંક અહીંથી નિયમિત રીતે મોકલાય છે. સરનામું બરાબર નહીં હોય તોજ અંક નહીં મળે. તેથી સરનામું બરાબર આપવાની કૃપા કરવી. એજ પ્રમાણે પત્રવ્યવહારની બાબતમાં.

૩ પત્રિકાની એજન્સી આપવાનું ઠરાવ્યું છે. જે સંસ્થાઓને કે વ્યકિતઓને એજન્સી જોઇએ તેમણે "વ્યવસ્થાપક, શિક્ષણ પત્રિકા, શાન્તારામ નારાયણ લેન, વાલકેશ્વર, મુંબઇ ૬" ને સરનામે પત્રવ્યવહાર કરવો.

---

## ગિજુભાઇ જન્મદિન

ન. બા. શિ. સંઘે આ વર્ષથી સદ્‌ગત શ્રી ગિજુભાઇ બધેકાનો જન્મદિવસ ઉજવવાનું નકકી કર્યું છે. તેમની જન્મ તારીખ ૧૫ નોવેંબર છે. આ દિવસે નીચેમાંથી આખો કે ગમે તેટલો કાર્યક્રમ યોજી બાલશિક્ષણ પ્રેમી જનતા આ દિવસ ઊજવશે એવી વિનંતી સંઘના મંત્રીઓ કરે છે.

**કાર્યક્રમ**

૧ સવારે પ્રાર્થના
૨ બાલદિન
૩ માબાપની સભા
૪ હરિજન બાળકોની સેવા
૫ સંઘના સભ્ય નોંધવા
૬ શિક્ષણ પત્રિકાનો પ્રચાર

# જ તાં આ વ તાં

આગગાડી, બસ, ટ્રામ ગમે તેમાં આપણે પ્રવાસ કરતાં હોઇએ ત્યારે નાનાં બાળકો દેખાય છે અને તેમનાં માબાપ પણ. તેમનું વર્તન પણ દેખાય છે. બાળકોનું વર્તન પણ દેખાય છે. વડીલોનું વર્તન પણ દેખાય છે.

જોઇને ઘણીવાર હસવું આવે છે. કોક વાર દુઃખ થાય છે. કોઇ વાર આનંદ થાય છે. શીખવાનું ને વિચારવાનું તો હમેશ મળે જ છે.

હમણાંનો જ પ્રસંગ. તદ્દન નાનો છતાં ખૂબ આનંદદાયક. તુકારામે લખ્યું છે:

"સુખ બિંદુ માત્ર હોય છે, ત્યારે દુઃખ ડુંગરા , આની સાથે." જેવડુ હોય છે."

આપણા આ પ્રસંગોનું પણ એમજ છે. આનંદદાયી કોકજ હોય, દુઃખદાયીજ વધારે. તેથી આનંદદાયક પ્રસંગ નાનો હોય, નજીવો લાગે, તોપણ વારંવાર ગમે છે.

પૂનાને સ્ટેશને ત્રણ નંબરની બસમાં હું બેઠી, અને ડેક્કન જીમખાનાની ટીકીટ લીધી. ૧૦/૧૫ મિનિટનોજ એ પ્રવાસ હતો. એક કુટુંબ વચ્ચેથી જ બસમાં ચઢયું. બે બાળકો મા અને બાપ. નાના બાળકનું શું બગડ્યું કોણ જાણે! તે રડવા માંડયો. પિતાનો અવાજ મેં સાંભળ્યો. મારૂં ધ્યાન ખેંચાયું.

"તને રમવા ઘણી ટિકીટો આપું છું, હોંકે!"

તો પણ બાળકનું એં–એં–એ–ચાલુજ!

કંડક્ટરે ટિકીટો ફાડી. મજાની ગુલાબી રંગની હતી. પિતાએ દીકરાને બતાવી; "જો, ઘેર જઇને રમજે જો પણ એં–એં–એં–ચાલુજ!

માએ બોળામાં લીધો.

એં–એં–એં–ચાલુ જ!

દરમ્યાન એક બે સ્ટાન્ડ આવ્યા ને ગયા. ટિકીટ લેવાવાળાની ગર્દી ઓછી થઇ, કારણ કે ઘણાંખરાં ડેક્કન જીમખાનાનાં જ માણસો હતાં.



કંડક્ટરે પોતાના હાથમાંનો ટિકીટ કાપવાનો પંચ બાળકના હાથમાં આપ્યો.

બાળક ખુશ થયો.

એં-એં-બધ થયું. પંચ તેણે તપાસી જોયો અને આનંદ વ્યકત કર્યો. મા તરફ જોઇને મોહક હસ્યો.

એટલામાં ટિકીટ કાપવાનો વારો આવ્યો. કંડક્ટરે મૃદુ અવાજમાં કહ્યું, 'રહેજ આપીશ, બાબા?' બાળકે પંચ આપ્યો, ટિકીટ કેમ કપાય છે તે જોયું. કંડક્ટરે કામ પૂરૂં થયા પછી પંચ પાછો બાળકના હાથમાં આપ્યો. "પછી મને આપજો. આપશોને?" બાળકે પંચ મજબૂત પકડી રાખ્યો અને ડોક હલાવી સંમતિ દર્શાવી.

ધૂમાધૂમ, મારની ધમકી, ચીડાચીડ, વગેરે કશુંજ ન થતાં બાળકનું રડવું બધ થયેલું જોવાનો આ મારો પહેલોજ પ્રસંગ! તેમાં માબાપોએ નહીં પણ કંડક્ટરે આવા ડહાપણથી બાળકને સમજાવ્યો એ જોઇ મને ખૂબ આનંદ થયો.

**તારાબેન મોડક.**


## પત્રવ્યવહાર વખતે ધ્યાનમાં રાખો

સંઘનું મુખ્ય કાર્યાલય બોરડીમાં છે. તેનું સરનામું:
બાલવાડી, બોરડી, ધોલવડ થઇને, જીલ્લે થાણા,
B. B. C. I. Rly.

પત્રિકાનું કાર્યાલય મુંબઇમાં છે. તેનું સરનામું:
શાંતારામ નારાયણ લેન, વાલકેશ્વર, મુંબઇ–૬

# નોંધપોથીમાંથી

[શ્રી અનસૂયાબેન વાઘ બોડીંના શિક્ષણ કેન્દ્રનાં એક પ્રમુખ કાર્યકર્તા છે. તમની નોંધપોથીમાંથી કેટલાક મનોરંજક પ્રસંગ ચૂંટીને અહીં આપ્યા છે. આ પ્રસંગોમાં આદિવાસી બાળકોની મનોવૃત્તિનું પ્રતિબિંબ વાંચકોને જોવા મળશે.—સંપાદક]

## પુનશ્ચ હરિ : ૐ

દોઢ મહિનાની રજાઓ પૂરી થયા પછી આજે અગ્યાર વાગે હું બોડીં આવી ગઇ. મારો ટાંગો આવ્યો કે તરતજ હરિ, જગત, બયા, સકકર, બદીજા, વગેરેની બાલચમૂ મને વીંટળાઇને ઊભી રહી. "અનુબેન આવ્યાં," "અનુબેન બેઠાં," "અનુબેન, અનુબેન, અનુબેન." બસ આખો દિવસ આજ મંત્ર ચાલ્યો. એક પણ બાળક ઘેર નહીં ગયું. મારે દોઢ મહિનાનો કચરો બધો સાફ કરવો હતો. પણ આ વાંદરસેનાએ ભારે કરી. બધાં વાસણ ઉપાડીને નીચે લાવ્યાં અને માંજીને જગા પર ગોઠવી દીધાં. એક બે પાલી ઘઉં સાફ કર્યા, આંગણામાં ઊગેલું બધું ઘાસ ઉખેડી નાખી આંગણું સાફ કર્યું. મારા મોઢામાંથી વાત નીકળે એટલીજ વાર, કામ થઇજ ગયું સમજવું !

બધાં બાળકો કામ કરવામાં મગ્ન હતાં. વચ્ચે વચ્ચે અંદર અંદર વાતો કરતાં હતાં. એક જાતનો અનેરો આનંદ એમનાં મોઢાં પર દેખાતો હતો. કામમાં અપૂર્વ ઉસાહ હતો. અન્તે સાંજે જ્યારે બધાંને ચિકકીનો પ્રસાદ બવરાવીને વિદાય આપી ત્યારે જ એ બધાં પોતપોતાને ઘેર નાચતાં કૂદતાં ચાલ્યાં ગયાં. જાણે પંખીઓનું ટોળું કલબલાટ કરતું પોતાના માળા ભણી ઊડી ગયું !

## આને ફૂલ આવ્યું છે.

આજ કાલ અમારો ઉદ્યોગ બાગમાં જ ચાલે છે. જંગલી છોડ ઉખેડીને ફેંકી દેવા, કોદાળી અને બરપીઓથી ઘાસ સાફ કરવું, કચરો કાઢી નાખવો, બોદીને જમીન સરખી કરવી, વગેરે કામ ચાલે છે. વચ્ચે વચ્ચે વરસાદનાં ઝાપટાં આવે છે ત્યારે 'વરસાદ આવ્યો' એમ ધૂમ પાડીને છોકરાં અંદર દોડ્યાં જાય છે. ઝાપટું બંધ થતાં વેંત પાછાં કામે ચઢી જાય છે.

એક વખત તો હરિએ નાની કોદાળી મૂકીને મોટી કોદાળીથી જ બોદવાની શરૂઆત કરી, કારણ કે મૂળિયાં સાથે છોડ ઉખેડી નાખવાની શરતમાં તેને જીત મેળવવી હતી.

આખો બાગ સાફ થયો. જાતજાતનાં ફૂલનાં છોડ લાવીને રોપી દીધાં. હવે બાળકોમાં છોડ રોપવાની ધૂન જાગી. કોઇ પણ છોડ ગમે ત્યાંથી ઉખેડીને તેઓ લાવતાં અને તેને રોપવા માટે હઠ લેતાં. અને ગમે ત્યાં જઇને જમીનમાં બોસી દેતાં. એટલે મેં એમને કહ્યું, "જે છોડોને સારાં સારાં ફૂલ આવે છે, ફળ આવે છે, તેવાજ છોડ આપણે લગાડવા છે."

બીજે દિવસે જગત એક છોડ લઇ આવ્યો. તેના પર નાનાં નાનાં સફેદ ફૂલ હતાં. તેણે કહ્યું, "અનુબેન આને ફૂલ આવ્યાં છે."

મને મારી ગઇ કાલની વાત યાદ આવી. અને હું હસી પડી. તે છોડ તો જગને રોપી જ દીધો. બીજે દિવસે તે એક પપૈયાનો છોડ લાવ્યો. એક સારી જગા જોઇને ત્યાં અમે તે છોડને રોપ્યો. એટલે જગત નાચતો કૂદતો ઘેર ગયો.

## મોટર ! મોટર ! મોટર !

આજકાલ બાલવાડીમાં મોટરનું જ જોર ચાલે છે ! ચિત્ર કાઢે તે પણ મોટરનું, માટીમાંથી રમકડાં બનાવવાનું કહો તો મોટર જ બનાવે. રમે છે તે પણ મોટરની જ રમત રમે છે. પોં પોં, કિરર...એવો અવાજ મોઢેથી કરે છે અને જોસભેર આમ તેમ દોડે છે. સહેજ તપાસ કરતાં જણાયું કે આજકાલ ગામમાં એક મોટર આવી છે. બોડીં નાનકડું ગામ છે. રેલ્વે ગામથી બે માઇલ દૂર છે. અહીં મોટર ભાગ્યે જ દેખાય છે. કોઇ કોઇ વાર ધ ર્ં ર્ં કરતું વિમાન માથા પર ચાલ્યું જાય છે. પણ બાળકોને પરિચિત વાહન માત્ર ટાંગો અને ગાડું જ છે.

આજકાલ અહીં એક મોટી ઇમારત બાંધવાનું કામ ચાલે છે. એ કામને માટે દરરોજ દરિયા કિનારે રેતી લેવા માટે એક મોટર લોરી આવે છે અને રેતી ભરીને જાય છે. એજ મોટર અમારી બાલચમૂના કુતૂહલનો વિષય બની ગઇ છે.

—અનસૂયા વાઘ

---

## દક્ષિણ ગુજરાત શાખાની સ્થાપના

નૂતન બાલશિક્ષણ સંઘના ભાષામંત્રી શ્રી. કમળાશંકર પંડિત, કાર્યાલય મંત્રી શ્રી. રામભાઇ પાઠક અને મધ્ય ગુજરાતના મંત્રી શ્રી. નટુભાઇ બરાનપુરીયા તા. ૧૭–૯–૪૬ ના રોજ સુરત ગયા હતા.

તે પ્રસંગે નૂતન બાલશિક્ષણમાં રસ લેતાં ભાઇબહેનોની એક સભા શ્રી. રતનલાલ બાંડવાળાને ત્યાં સુરત મુકામે મેળવી હતી. તેમાં શ્રી. ચંદ્રવદન શાહ, કુસુમબેન શાહ, શ્રી. અભયાબેન, શ્રી. દેવરાનીબેન વગેરે હાજર રહ્યાં હતાં. પ્રાથમિક ચર્ચા બાદ નૂ. બા. શિ. સંઘની દક્ષિણ ગુજરાત શાખા સ્થાપવાનો ઠરાવ કરવામાં આવ્યો હતો. તેના સંયોજક મંત્રી તરીકે શ્રી. કુસુમબેન શાહને નીમવામાં આવ્યાં હતાં અને શાખાના પ્રમુખ તરીકે શ્રી. રતનલાલ બાંડવાળાની પસંદગી કરવામાં આવી હતી.

Regd. No. B. 2.

# ગ્રહણ કે પ્રદાન ?

મનાય છે કે શિક્ષણ એટલે ગ્રહણ. બાળક નવું શીખે છે એટલે નવું ગ્રહણ કરે છે. ચાલતાં શીખે છે એટલે ચાલવાની ક્રિયાનું કૌશલ્ય ગ્રહણ કરે છે; બોલતાં શીખે છે એટલે બોલવાની ક્રિયાનું કૌશલ્ય ગ્રહણ કરે છે. બીજી ભાષામાં કહેવું હોય તો બાળક જુદી જુદી જાતનું કૌશલ્ય મેળવે છે. કૌશલ્ય મેળવવાની આ ક્રિયા એટલે જ શિક્ષણ એવી વ્યાખ્યા સ્વીકારી શિક્ષણનો ઢંગ ઘણે ભાગે ગોઠવાય છે.

પણ લગભગ બધે જ ભૂલી જવાય છે કે પ્રદાન કર્યા વગર ગ્રહણ થઇ શકતું નથી, આપ્યા વગર લઈ શકાતું નથી. બાળક ચાલવાની ક્રિયામાં કૌશલ્ય મેળવે છે તે પ્રત્યક્ષ ચાલીને જ મેળવે છે. બાળક બોલવાની શક્તિ પ્રાપ્ત કરે છે તે પણ પ્રત્યક્ષ બોલીનેજ. ચાલવું અને બોલવું એ પ્રદાન થયું અને તેને અનુસરીને જે શક્તિ અંતરંગમાં વિકસે છે તે ગ્રહણ થયું.

રહેજ વિચાર કરતાં આમાં રહેલું રહસ્ય સમજાશે. આપવાથી મળે છે, એ સૃષ્ટિનો નિયમ જ છે, અને તે સૃષ્ટિની ધારણા માટે આવશ્યક છે. તેથીજ ભગવદ્-ગીતાએ ભારપૂર્વક કહ્યું છે:

"तैर्दत्तान् अप्रदायैभ्यः यः भुंक्ते स्तेनः एव सः"

'તેમણે' આપેલું 'એમને' આપ્યા વગર જે ભોગવે છે તે ચોર છે. આમાં 'તેમણે' એટલે કુદરતે અને એમને એટલે સમાજને, લોકોને, દુનિયાને.

ઉપનિષદો પણ એજ આદેશ આપે છે:

"तेन त्यक्तेन भुंजीथाः"—ત્યાગવડે ભોગ કરો.

પ્રદાન વિના ગ્રહણ સંભવતું નથી એ સિદ્ધાન્તની આ સામાજીક બાજુ થઇ. તેની શૈક્ષણિક બાજુ પણ તેટલી જ મહત્વની છે.

સ્થૂળ ભાષામાં કહીએ તો પ્રદાન ક્રિયા છે અને ગ્રહણ તે ક્રિયાની શક્તિનું સ્થિરીકરણ છે. ક્રિયા વિના તેની શક્તિનું સ્થિરીકરણ શી રીતે થાય? પ્રદાન વિના ગ્રહણ શી રીતે થાય?

બીજી રીતે જોઇએ તો પ્રદાન એટલે સર્જન અને ગ્રહણ એટલે સર્જનશક્તિ. સર્જન કરતા રહેવાથી જ સર્જનની શક્તિ ખીલે છે.

જ્યાં શિક્ષણના આયોજકો 'શિક્ષણ એટલે કેવળ ગ્રહણ' એવો એકાંગી સિદ્ધાન્ત સ્વીકારે છે, ત્યાં શિક્ષણની ભૂલ ભરેલી અને ઘાતક પ્રથા પ્રચલિત થાય છે. ચોપડીઓ વંચાવી, કહી, સંભળાવી, ગોખાવી, મગજમાં જુદા જુદા વિચારોનો અને કલ્પનાઓનો સંગ્રહ કરાવવો એટલે જ શિક્ષણ આપવું, એવી શિક્ષણની ભૂલ ભરેલી કલ્પના દૃઢ થાય છે અને તે મુજબ શિક્ષણ પ્રણાલી રચવાથી તેને પરિણામે અશિક્ષિત વર્ગ પેદા થાય છે. શિક્ષિત એટલે સર્જન કરવાવાળો આપવાવાળો; અશિક્ષિત એટલે આપ્યા વગર લેવાની ઇચ્છા કરતો એટલે કશું જ નહીં લઇ શકતો.

આજ સિદ્ધાંત અંગ્રેજીમાં "No Impression without Expression" એ વાક્યમાં મૂકયો છે. અહીં Impression એટલે ગ્રહણ, લેવું; અને Expression એટલે પ્રદાન, આપવું, સર્જવું.

તેથી જ નૂતન શિક્ષણ કહે છે: ક્રિયાદ્વારા જ શીખી શકાય છે. શિક્ષણ એટલે નવસર્જન.

ગો. રા. કુલકર્ણી.

મુદ્રક-પ્રકાશક-ગો. રા. કુલકર્ણી, ૧૧૭, હિંદુ કોલોની દાદર-મુંબઇ ૧૪, મુદ્રણ સ્થાન:-સ્ટેટસ પીપલ પ્રેસ, ૧૩૮, મેડોઝસ્ટ્રીટ, ફોર્ટ, મુંબઇ.

ન. બાલશિક્ષણ સંઘ સંચાલિત

# શિક્ષણ પત્રિકા



શિક્ષક એટલે ચારે વર્ણોના સદંશોનો સમન્વય. બ્રાહ્મણનું નિઃસ્વાર્થ જ્ઞાન, ક્ષત્રિયની રક્ષણશક્તિ, વૈશ્યની ત્યાગમય કર્મપ્રવણતા અને શૂદ્રની સેવાવૃત્તિ, એ ચારેનો સુમેળ જેના જીવનમાં છે તેજ સાચો શિક્ષક થઇ શકે. ગો. ર. કુલકર્ણી.

# નિશાળ અને જીવન

( નૂતન બાલશિક્ષણ સંઘ )

આદ્ય તંત્રી : સ્વ. શ્રી. ગિજુભાઇ બધેકા

તંત્રી : શ્રી. તારાબેન મોડક

સહ સંપાદકો : શ્રી. ગોપાળરાવ કુલકર્ણી, શ્રી. બંસીધરજી, શ્રી. રામલાઈ પાઠક

વર્ષ ૨૧] નવેમ્બર ૧૯૪૬ [અંક ૧૧ મો

## અનુક્રમણિકા


| લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|
| ૧ સામયિક નોંધ | ગો. રા. કુલકર્ણી | ૧૭૩ |
| ૨ ન ભણનારો હોશિયાર મધુ | ગોપાળરાવ કુલકર્ણી | ૧૭૫ |
| ૩ હજીરાની બાલવાડી | રામનારાયણ ના. પાઠક | ૧૭૮ |
| ૪ હિંદુસ્તાની ભાષા વિભાગનું પ્રથમ સમેલન | તા. મોડક | ૧૮૦ |
| ૫ વડોદરામાં શિશુભારતીનો વાર્ષિકોત્સવ | સંપાદક | ૧૮૧ |
| ૬ બાળવાર્તાઓ અને કાવ્યો | જુગતરામ દવે | ૧૮૨ |
| ૭ અંતર્મુખ અને બહિર્મુખ | ગો. રા. કુલકર્ણી | ૧૮૩ |
| ૮ પ્રકાશને ચાંપલો કહેવો કે ચોકકસ ? | પુનમચંદ શાહ | ૧૮૫ |
| ૯ મુંબઇમાં | બાબીબેન મુળજી | ૧૮૫ |
| ૧૦ બાળક અને રમકડાં | ચંદુલાલ વ્યાસ | ૧૮૬ |
| ૧૧ પ્રકાશસ્તંભ | લેખરાજ | ૧૮૬ |
| ૨૨ જનેવારીથી | બાબીબેન મુળજી | ૧૮૬ |



## કસ્તુરબા ગાંધી રાષ્ટ્રિય સ્મારક ટ્રસ્ટ

### ( ગુજરાત )

કસ્તુરબા ટ્રસ્ટના સંયોજક મંત્રી તરફથી યુ. પી. ના ફૈઝાબાદ જીલ્લાની રેનેવા ગામમાં પ્રાંતીય ગ્રામ સેવિકા તાલીમ વર્ગો (શિક્ષા શિબિરો) માટે અધ્યાપિકાઓ તૈયાર કરવા ૧ લી ડિસેંબરથી શરૂ થતા એક વર્ષના અધ્યાપિકા વર્ગની તાલીમ લેવા જી. એ., પી. એ., બી. એ. થયેલાં કે તેટલાં શિક્ષણવાળાં સેવાભાવી બહેનોને મોકલવાનાં છે. તો આ તાલીમ લેવા જવા ઇચ્છતી બહેનોને ટ્રસ્ટના ગુજરાત વિભાગના પ્રતિનિધિ (ધી રીટ્રીટ, શાહીબાગ, અમદાવાદ)ના સંપર્કમાં આવવા વિનંતી છે.

# સામયિક નોંધ

## મુંબઈ સરકારની શિક્ષણ યોજના

મુંબઈની કોંગ્રેસ સરકારે શૈક્ષણિક સુધારણાઓની પોતાની યોજનાની રૂપરેખા લોકો સમક્ષ મૂકી છે. તે યોજનાની રૂએ આખા પ્રાન્તમાં દસ વર્ષમાં ફરજીયાત પ્રાથમિક શિક્ષણ દાખલ થશે એવી સરકારની ગણતરી છે. સેન્ટ્રલ એડવિસરી બોર્ડ ઓફ એજ્યુકેશને આને માટે ૪૦ વર્ષનો અવધિ ગણ્યો છે, તેને બદલે દશ વર્ષની અંદર શિક્ષણ ફરજીયાત કરવાની મુરાદ મુંબઇ સરકાર રાખે છે તે આવકારદાયક છે.

આજે સરકાર પ્રાથમિક શિક્ષણપર દર સાલ લગભગ બે કરોડ રૂપીયા ખર્ચે છે. ઉપર મુજબની ફરજીયાત પ્રાથમિક કેળવણીની યોજના પૂરી કરવા છ કરોડ રૂપીયાનો વધારાનો ખર્ચ કરવો પડશે એવી સરકારની ગણતરી છે.

શરૂઆતમાં ફરજીયાતનું તત્વ ૬ થી ૧૧ વર્ષ સુધીની ઉંમરમાં એકથી ચાર ધોરણ સુધી દાખલ કરવું અને તે પણ ૧૦૦૦ કે તેથી વધારે વસ્તીવાળાં ગામોમાં. આમાં સફળતા મળ્યા પછી બીજાં ક્ષેત્રોમાં તે દાખલ કરવું.

સરકારનો અંતિમ ઇરાદો આખી શિક્ષણ પદ્ધતિ પાયાની કેળવણી (Basic Education) પર રચવાનો છે. પણ પાયાની કેળવણીની સંપૂર્ણ યોજના એકદમ દાખલ કરવાની શકયતા નથી. તેથી શરૂઆતમાં દરેક શાળામાં એકાદ પાયાનો ઉદ્યોગ દાખલ કરવાનું સરકારે ઠરાવ્યું છે. સાથે સાથે અધ્યાપન મંદિરો (Training Colleges)ના અભ્યાસક્રમમાં પાયાની કેળવણીની તાલીમ પણ દાખલ કરવી.

પ્રૌઢ શિક્ષણ માટે સરકારે મુંબઇ શહેર પર નજર ઠેરવી છે. મુંબઇમાં લગભગ ૬।। લાખ પ્રૌઢ નિરક્ષરો છે. તે બધાંને દસ વર્ષમાં સાક્ષર કરવાની સરકારની યોજના છે. આને માટે લગભગ ૫૪ લાખ રૂપીયાનો ખર્ચ થશે એવી ગણતરી છે.

આ ઉપરાંત કલા શિક્ષણની યોજના પણ સરકાર વિચારી રહી છે, અને ચિત્રપટો દ્વારા બહોળા પાયા પર શિક્ષણ આપવાની યોજના પણ સરકાર વિચારી રહી છે.

પૂર્વ પ્રાથમિક એટલે બે વર્ષથી ૭ વર્ષ સુધીનાં બાળકો માટે સરકાર માત્ર બાનગી પ્રયોગોને મદદ કરી શકશે. એ પ્રશ્નને હાલ તુરત હાથમાં લઇ શકશે નહીં.

ઔદ્યોગિક અને વેપાર વિષયક શિક્ષણને સરકાર ખાસ ઉ-તેજન આપવા માંગે છે.

આ બધી યોજના યોગ્ય દિશામાં ચાલે તે માટે સરકારે એક સેન્ટ્રલ એજ્યુકેશન બોર્ડ સ્થાપવાનું ઠરાવ્યું છે.

પ્રાથમિક શાળાઓમાં દાખલ કરવાના ઉદ્યોગોમાં હમણાં શાકભાજીનું બાગાયત કામ, સૂત કતાઇ અને કાર્ડ બોર્ડ-માંથી ઉપયોગી વસ્તુઓ બનાવવાનું કામ, એ ત્રણમાંથી ગમે તે એક ગામડાંની પરિસ્થિતિને અનુકૂળ હોય તેવો ઉદ્યોગ શાળાઓએ પસંદ કરવાનો રહેશે. મુસલમાન સમાજ તરફથી આમાંના કોઇ પણ ઉદ્યોગને વિરોધ થાય તો ઉર્દુ શાળાઓમાં તે સમાજને પસંદ પડે એવો કોઇ પણ ઉદ્યોગ દાખલ કરવાની જવાબદારી લોકલ બોર્ડ પર રહેશે.

આ ઉદ્યોગ દાખલ કરવાને અંગે જે ખર્ચ વધશે, તે બધોજ સરકાર ઉઠાવી લેશે, લોકલ બોર્ડને માથે નહીં પડે.

સરકારની આ નવી યોજનામાં અમે તેમને ફતેહ ઇચ્છીએ છીએ. પૂર્વ પ્રાથમિક શિક્ષણની જવાબદારી સરકારે સાવ કાઢી નાંખી છે તે બરાબર નથી, એમ અમને લાગે છે.

## આચાર્ય રાષ્ટ્રપતિ

આચાર્ય કૃપલાનીજી આગામી કોંગ્રેસ અધિવેશનના પ્રમુખપદે બિન વિરોધ ચૂંટાયા એ બદલ સહુ કોઇ શિક્ષણ પ્રેમીઓને અભિમાન લેવા જેવી લાગશે. ગુજરાત વિદ્યાપીઠનું આચાર્યપદ શોભવ્યા પછી ગાંધીજીના આદેશાનુસાર કૃપલાનીજી રચનાત્મક કાર્યક્રમના બાદી કાર્યમાં જોડાયા. જે મેરઠમાં આ વર્ષે કોંગ્રેસ ભરાય છે ત્યાંનો ગાંધી આશ્રમ એ કૃપલાનીજીનોજ વિકસાવેલો છે. રચનાત્મક કામમાંથી તેઓ કોંગ્રેસના રાજકારણમાં આવ્યા. કોંગ્રેસના જનરલ સેક્રેટરી તરીકે તેમણે ખૂબ સુંદર સેવા બજાવી અને હવે રાષ્ટ્રે તેમની સેવાની કદર કરી તેમને રાષ્ટ્રપતિ બનાવ્યા છે.

રાજકારણમાં ગયા છતાં કૃપલાનીજી શિક્ષણ શાસ્ત્રી મટયા નથી. તેમનું Latest Fad શિક્ષણ શાસ્ત્ર ઉપ-

રની એક અણમોલ પુસ્તિકા છે. રાષ્ટ્ર જ્યારે આજે કટોકટીના મામલામાંથી પસાર થઇ રહ્યું છે તે વખતે કૃપલાનીજીને માથે ભારે જવાબદારી આવી પડી છે. ઇશ્વરને અમે પ્રાર્થીએ છીએ કે એ જવાબદારી ઉપાડવાની શકિત એ તેમને આપે.

## અખિલ ભારત પૂર્વ પ્રાથમિક શિક્ષણ પરિષદ

મુંબઇ સરકારની શિક્ષણ યોજનાનો ખ્યાલ અમારી ઉપરની નોંધ પરથી વાંચકોને આવશેજ. એક રીતે જોતાં પૂર્વ પ્રાથમિક શિક્ષણ માટેનો સંઘટિત પ્રયત્ન મુંબઇ પ્રાન્તમાં જેટલા પ્રમાણમાં છે તેટલો ભાગ્યેજ બીજા પ્રાન્તમા હશે. ન. બા. શિ. સંઘ અને તે પહેલાં સદ્‌ગત શ્રી. ગિજુભાઇએ પૂર્વ પ્રાથમિક શિક્ષણ માટે ખૂબ કામ કર્યું છે. આજે ગુજરાત અને મહારાષ્ટ્રમાં નર્સરી અને મોંટીસોરી શાળાઓ ઠેર ઠેર ચાલે છે. એમ છતાંય મુંબઇ સરકાર પૂર્વ પ્રાથમિક શિક્ષણને અપનાવવા નથી માંગતી એ ખેદની વાત છે. પૂર્વ-પ્રાથમિકનો પાકો પાયો નાખ્યા વગર પ્રાથમિક શિક્ષણમાં ધાર્યું પરિણામ નજ લાવી શકાય એ વાત સરકારને ગળે હજી ઉતરી નથી એમ જણાય છે. એ વાત સરકારને સમજાવવાની જવાબદારી પૂર્વ પ્રાથમિક શિક્ષણના પ્રમુખ કાર્યકર્તાઓ ઉપર છે. ગુજરાત અને મહારાષ્ટ્રની જેમ ન. બા. શિ. સંઘની શાખાઓ ઉત્તર હિંદમાં અને દક્ષિણ હિંદમાં પણ સ્થપાવવી જોઇએ. તેને માટે વિશાળ પાયા પર પ્રયત્ન થવો જોઇએ. એની શરૂઆત તરીકે એક અખિલ ભારત પૂ. પ્રા. શિક્ષણ સમેલન તાકીદે ભરાવું જોઇએ. આ કામ કરવાની જવાબદારી ન. બા. શિ. સંઘની છે એમ અમે માનીએ છીએ. સંઘનાં પ્રમુખ શ્રી સરલાદેવી સારાભાઇ ઘણી લાગવગ ધરાવતાં અને પ્રખ્યાત વ્યકિત છે. તેઓ ગુજરાત માટે કસ્તુરબા સ્મારક સમિતિના જવાબદાર નેતા પણ છે. વર્ધા યોજના અથવા પાયાની કેળવણી ની સાથે મૉંટીસોરીના સિદ્ધાન્તોનો મેળ સાધી પૂર્વ પ્રાથમિકની સુંદર યોજના પ્રયોગ સિદ્ધ કરવા માટે તેઓ વર્ષોથી પ્રયત્નશીલ છે. ગુજરાત–મહારાષ્ટ્રના જાણીતાં બાળ કેળવણીકાર શ્રી. તારાબેન મોડક એ પ્રયોગ ચલાવી રહ્યાં છે. એ પ્રયોગ અનેક રીતે સફળ પણ થયો છે.

એ રીતે ન. બા. શિ. સંઘ આવી જાતનું અખિલ ભારત સંમેલન બોલાવવા માટે અધિકારી સંસ્થા છે. તે સંસ્થાની કાર્ય વ્યાપૃતિ દિનં પ્રતિદિન વધતી જાય છે. પણ અત્યારે તો એની બધી પ્રવૃત્તિ ગુજરાત મહારાષ્ટ્રમાં જ મર્યાદિત છે. તે પ્રવૃત્તિઓને હિંદભરમાં ફેલાવવાની જરૂર છે. આવું અખિલ ભારત સંમેલન બોલાવવાથી હિંદના ખૂણા-ખોમાં જે અનેક જ્ઞાત અજ્ઞાત વ્યકિતઓ બાળકેળવણીના ક્ષેત્રમાં કાર્ય કરી રહી છે તે બધાંનો એક બીજા સાથે પરિચય થશે અને બાળશિક્ષણની પ્રવૃત્તિ આગળ વધારવામાં સારી પેઠે વેગ મળશે.

ન. બા. શિ. સંઘના વ્યવસ્થાપક મંડળનું ધ્યાન અમે આ સૂચના તરફ ખેંચીએ છીએ.

## કાઠિયાવાડનો સ્તુત્ય ઉપક્રમ :

કાઠિયાવાડ નૂતન બાલશિક્ષણની જન્મભૂમિ છે. સ્વ. ગિજુભાઇનો વારસો જાણીતા કેળવણીકાર શ્રી. હરભાઇ ત્રિવેદી અને તેમના મદદનીસ કેળવણીકાર શ્રી. પ્રેમશંકર ભટે જાળવી રાખ્યો છે તે આનંદની વાત છે. હમણાં જ ભાવનગર મુકામે ન. બા. શિ. સંઘના કાઠિયાવાડ વિભાગની સભા થઇ. એ સભામાં સંઘની પુનર્ઘટનાની દૃષ્ટિએ જે નિર્ણયો કર્યા તેમાં કેટલાક ઘણાજ મહત્વના છે. જેમ કે દર વર્ષે કાર્યકર્તાઓ માટે ભાવનગરમાં ગ્રીષ્મ વર્ગની યોજના કરવાનો નિર્ણય, બાળમંદિરોની માહિતી મેળવીને સર્વ સંગ્રહ તૈયાર કરવો, કાર્યકર્તાઓએ વરસમાં એક વાર બધાંજ બાળમંદિરોની મુલાકાત લેવી, બાળ કેળવણીનો પ્રચાર કરવો, પુસ્તકાલય ઊભું કરવું, તા. ૧૫ મી નવેમ્બરે ગિજુભાઇની જયંતી ઊજવવી, વર્ધા યોજનાને આવકારવી વગેરે. આ નિર્ણયો માટે અમે કાઠિયાવાડ વિભાગના કાર્યકર્તાઓને ધન્યવાદ આપીએ છીએ, અને આ નિર્ણયો અમલમાં લાવી બીજી શાખાઓને કાઠિયાવાડ માર્ગદર્શન કરશે એવી આશા રાખીએ છીએ.

## ગિજુભાઇનો જન્મદિન

ગયા અંકમાં જાહેર કર્યા મુજબ ન. બા. શિ. સંઘની મુંબઇ શાખાએ સ્વ. ગિજુભાઇના જયન્તી તા. ૧૫ નોવેમ્બર ૧૯૪૬ ને રોજ ઊજવવાનું ઠરાવ્યું છે. તેમના કાર્યક્રમમાં મુખ્ય વસ્તુ ન. બા. શિ. સંઘના સભ્યો નોંધવાનો છે. સંઘના સભાસદોના ચાર વર્ગ છે. આજીવન, સહાયક, સક્રિય અને સામાન્ય અને ચારે વર્ગના સભ્યો નોંધવાનું કામ થશે.

કોઇ પણ સંસ્થાનું બળ તેના સભ્યોની સંખ્યા

પર નિર્ભર રહે છે આ દૃષ્ટિએ નૂ. ખા. શિક્ષણનો પ્રચાર કરવાનો ઉત્તમ માર્ગ સંઘના સભ્યોની સંખ્યા વધારવી એજ છે. પણ આજસુધીનો અનુભવ એવો છે કે ઉત્સાહમાં આવીને સભ્યો નોંધાય છે પણ બીજે વર્ષે લવાજમ ભરવાનું સભ્યો ભૂલી જાય છે, અને નોંધનાર વ્યકિત પણ તેમની પાસે લવાજમ લેવાનું ભૂલી જાય છે. હવે પછી એમ ન થાય એ જોવું જોઇએ.

પૂર્વ પ્રાથમિક શિક્ષણની બાબતમાં અમે જે વિચારો ઉપર દર્શાવ્યા છે તે દૃષ્ટિએ પણ સભાસદ નોંધવાનું કામ અગત્યનું થાય છે. સદ્‌ગત ગિજુભાઇનું નામ નૂતન બાલ શિક્ષણ સાથે જોડાયેલું જ રહેશે, કારણ કે નૂ. ખા. શિ. ની બધી જ પ્રવૃત્તિઓનું જનકત્વ એમનું જ છે. તેથી તેમના જન્મોત્સવના મુખ્ય કાર્યક્રમ તરીકે શિક્ષણપ્રેમી જનતા સંઘના સભ્ય નોંધવાનું કામ જોસભેર કરે એવી વિનંતી સંઘના મંત્રીઓ કરે છે અને અમે પણ તેમાં અમારો સૂર પૂરીએ છીએ. ગયા અંકમાં નૂ. ખા. શિ. સંઘના મંત્રીઓએ રજુ કરેલ કાર્યક્રમ તો બધાંએ યથાશકિત કરવાનો જ છે. પણ નૂ. ખા. શિ. ના પ્રચારની દૃષ્ટિએ સભ્યો વધારવાની અગત્ય અમને વધારે જણાય છે. તેથી અમે આશા રાખીએ છીએ કે ગુજરાતભરમાં આ પ્રવૃત્તિ જોસભેર ઉપાડી લેવામાં આવશે.

સ્વ. ગિજુભાઇનો જન્મ દિવસ તા. ૧૫ નવેંબરને દિવસે છે. છતાં બધી જ જગાએ એ દિવસ અનુકૂળ આવશે એમ નથી; તેથી સંઘના મંત્રી શ્રી. તારાબેન જણાવે છે કે તા. ૧૫ મી નવેંબરથી તા. ૩૦ મી નવેંબર સુધીના પખવાડિયામાં ગમે તે એક યા વધારે દિવસ પસંદ કરી આ ઉત્સવ બધાંએ ઊજવવો.

ગે. શ. કુલકર્ણી.

# ન ભણનારો હોશિયાર મધુ

મારો દીકરો આમ જુઓ તો કેટલો બધો હોશિયાર છે. કેવું મીઠું મીઠું બોલે છે. એને જોતાં-વેંત બધા લોકો કહે છે તમારો મધુ હોશિયાર છે.

"પણ શાળાનો એનો રિપોર્ટ જુઓ તો જાણે મોટો કોયડો ઊભો થાય છે. આટલો હોશિયાર જણાતો છોકરો પણ શાળામાં સાવ ઠોઠ! અક્ષર ગંદા, ગણિતમાં મોટું મીંડું, પાઠ કોઇદિ' કરેજ નહીં, વાંચતાં જાણે જીભ ચાલતી ન હોય એમ થોથરાય, સ્પેલિંગ ધ્યાનમાં રહેજ નહીં, કરાવેલો અભ્યાસ કરે નહીં, આવી એક નહીં હજાર તકરાર શિક્ષકો પાસેથી સાંભળવા મળે. શું કરવું આનું, એજ સમજાતું નથી. ઘેર માસ્તર રાખી જોયો, શાળા બદલાવી જોઇ, પૂણ આજ ત્રણ વર્ષ થયાં ભણવાનું નામ નહીં."

મધુની બાએ મારી આગળ આવીને ઉપર પ્રમાણે લાંબું લચક ભાષણ આપ્યું.

હું વિચારમાં પડયો. બાળકોના પ્રશ્નોના ઉકેલ હું લાવી શકું છું, એવી મારી થોડી ઘણી ખ્યાતિ હતી. તેથી હમેશા જાતજાતના પ્રશ્ન લઇને છોકરાંઓના માબાપ મારી પાસે આવતાં હતાં.

મધુની બા સાથે–અથવા કહો કે એના આખા કુટુંબ સાથે મારે સારો પરિચય હતો. તો પણ મધુનો પ્રશ્ન થોડો વિચાર કરવા જેવો તો હતો જ.

મધુની બાને પંદર દિવસ પછી મળવા આવવાનું મેં કહ્યું, અને તે ચાલી ગઇ.

વચ્ચેના પંદર દિવસમાં મેં મધુના ઘરના વાતાવરણનો ઠીક ઠીક અભ્યાસ કર્યો. મધુને ઘેર હું વારંવાર અને જુદા જુદા વખતે ગયો. મધુના પિતા સાથે મેં ઠીક ઠીક વાતો કરી. મધુની બાને પણ મેં વચ્ચે વચ્ચે સૂચક પ્રશ્નો પૂછ્યા. મધુનું વર્તન જુદે જુદે પ્રસંગે મેં જોયું. આટલું કર્યા બાદ મને લાગ્યું કે મધુનો પ્રશ્ન હવે મારી કક્ષામાં આવ્યો છે.

બરાબર પંદર દિવસ પછી મધુની બા મારી પાસે આવી. મેં તેને બેસાડી, અને થોડી ઔપચારિક વાતચીત કર્યા પછી મેં મુખ્ય બાબત શરૂ કરી. નીચે પ્રમાણે અમારો સંવાદ થયો.

'તમારો મધુ ઉપર ખૂબ પ્રેમ છે નહીં?'

'એમાં પૂછો છો શું? તમે પોતે જાણો જ છો.'

'હા, મને ખબર છે. માટેજ પૂછું છું. તમે મધુ માટે અત્યાર સુધી શું શું કર્યું?'

'શું કર્યું? હથેળીના ફોડલાની પેઠે એને સંભાળ્યો

છે. એનો એક બોલ ઉથામ્યો નથી. કપડાં લત્તાં, ખાનપાન, વગેરેમાં એકદમ પાણીની માફક પૈસા ખરચ્યા છે. એને માટે રમકડાં, પુસ્તકો, ચિત્રો, મિકેનો સર્વ કાંઇ લાવી આપ્યું. એને માટે ખાસ નોકર રાખ્યો. મેં એને માટે શું શું કર્યું છે એમ પૂછવાને બદલે એને માટે શું નથી કર્યું એ જ પૂછોને!'

આટલું બોલીને મધુની બા શાંત થઇ. એનો કંઠ રૂંધાયો હોય એમ લાગ્યું. એની આંખમાં પાણી આવ્યાં અને ગાલ ભીંજાયા.

હું થોડી વાર સ્તબ્ધ બની બેસી રહ્યો. મધુની બાએ આંસુ લુંછીને સૂચક દૃષ્ટિથી મારી સામે જોયું. હું બોલ્યો "તમને મારા પ્રશ્નથી માઠું લાગ્યું, નહીં ?મને માફ કરજો. પણ તમારા આ પ્રેમને લીધેજ મધુ ઠોઠ રહ્યો છે."

'એ કેમ બને?' એણે આશ્ચર્ય પામીને પૂછ્યું. "એજ તો તમને મારે કહેવાનું છે. એ સાંભળવા માટે તમારે મનની તૈયારી કરવી પડશે. એટલી તૈયારી છે કે?"

"હા છે, કહો જે કહેવું હોય તે." "સાંભળો ત્યારે. તમે મધુ માટે જે ભાવ રાખ્યો તે પ્રેમ ન હતો."

"પ્રેમ ન હતો તો પછી શું હતું?"

"કહું છું. તમે મધુને જરૂર કરતાં વધારે રક્ષણ આપ્યું. જરૂર કરતાં વધારે રક્ષણ આપનારી માતા બાળકને પ્રેમ આપતી નથી, પણ એની દુશ્મન બને છે." "સમજ્યું નહીં મને તમે શું કહેવા માગો છો."

"તેનું એક ઉદાહરણ આપીને સ્પષ્ટ કરૂં. આપણે અંગ્રેજોનો દ્વેષ શા માટે કરીએ છીએ? અંગ્રેજોએ આપણું રક્ષણ નથી કર્યું શું ? આપણે હાથમાં હથિયાર પણ લેવું ન પડે એવી વ્યવસ્થા એણે કરી. અંગ્રેજી લશ્કર આપણા રક્ષણ માટે રાખ્યું. પરસ-ાના આક્રમણ સામે બે વખત આપણું રક્ષણ કર્યું. આટલું કર્યું છતાં આપણે એમનો દ્વેષ શા માટે કરીએ છીએ ?- તે તમો કહી શકશો?"

એ બહેન વિચારમાં પડ્યાં એ જોઇને હું આગળ ચાલ્યો. "અંગ્રેજોએ આપણે માટે જે કર્યું તે રાષ્ટ્રને નિષ્પ્રાણ, નિર્વીર્ય બનાવવાના ઇરાદાથી યોજના પૂર્વક કર્યું. શરૂઆતમાં આપણા દેશને એનાથી હાશ થયું. અંગ્રેજ એટલે આકાશમાંથી આપણા કલ્યાણ માટે ઊતરી આવેલા ફિરસ્તા છે એમ આપણને લાગ્યું. પણ વખત જતાં અંગ્રેજોની દાનત રાષ્ટ્ર નાયકોના ધ્યાનમાં આવી. એણે ઊભું કરેલું રક્ષણ એ રક્ષણ નથી પણ ભક્ષણ છે એ આપણને સમજાયું. એ આપણને સમજાયું તેથી આપણે અંગ્રેજોનો દ્વેષ કરવા લાગ્યા.

"અંગ્રેજોએ જાણી બૂઝીને અને યોજનાપૂર્વક જે કર્યું તેજ તમે અજાણતાં કર્યું. બાળક માટેનો તમારો પ્રેમ આંધળો હતો. આંધળો પ્રેમ બાળક માટે નથી હોતો, પોતાને માટે હોય છે. બાળક ઉપર પ્રેમ કરવાથી પોતાને સંતોષ થાય છે, માટે બાળક પર પ્રેમ કરવો એ સમજણ ભૂલ ભરેલી છે. બાળક ઉપર પ્રેમ એ પોતાના સંતોષ ખાતર નહીં પણ બાળકના કલ્યાણ ખાતર રાખવો જોઇએ. બાળકનું કલ્યાણ એ મુખ્ય વસ્તુ હોવી જોઇએ. આપણે બાળકનું કલ્યાણ શામાં છે એ જોવાને બદલે પોતાનોજ સંતોષ શામાં છે એ જોઇએ છીએ. માટે આપણો પ્રેમ આંધળો અને સ્વાર્થી હોઇ તેનાથી બાળકનું હિત થાય નહીં. અહિત થાય બરૂ.

"બાળક વિકાસ માટે મથતું હોય છે. તેને સ્વાવલંબન ગમે છે તેને પોતાને હાથે જ બધુ કરવું એમ થાય છે. મુશ્કેલીનો સામનો જાતેજ કરવો એમ લાગે છે. પણ આપણા આંધળા પ્રેમને લીધે આપણે એને એમ કરવા દેતાં નથી. આપણે જાતે તેને કશું કરવા દેતાં નથી, આપણે તેને મુશ્કેલીનો સામનો કરવા દેતાં નથી. આપણે તેને કઠણ પરિસ્થિતિમાંથી માર્ગ કાઢવા દેતા નથી. તમે તમારા બાળક માટે એમજ કર્યું. એનું પરિણામ એ આવ્યું કે કોઇ પણ વિકટ પરિસ્થિતિ આવી કે તેની સામે હાર માનવાની વૃત્તિ એનામાં ઉત્પન્ન થઇ.

"જે ગમે તે બાળકને કરવા દેવું એ માનસશાસ્ત્રનો નિયમ છે. એ બરાબર છે. એટલા પૂરતો એ નિયમ તમે પાળ્યો; પણ એ પાલન એકાંગી બન્યું.

"ગમે તે કરવું એ બાળકનો જ નહીં મોટાનો પણ સ્વભાવ હોય છે. પણ તેટલાથીજ જીવન વ્યવહાર ચાલી શકે નહીં. જીવન સંકટ અને વિષમ પરિસ્થિતિથી ભરેલું છે. પળે પળે એનો સામનો કરવો પડે છે. ન ગમતી વસ્તુ હમેશા કરવી પડે છે.

"માટે ગમે તે કરવું એની સાથોસાથ જે કરવાની જરૂર છે, જે કરવું યોગ્ય છે, તે ગમવું જોઇએ—એ પણ શીખવવાની જરૂર છે.

"આ બીજો ભાગ તમે ભૂલી ગયાં. બરો પ્રેમ હોત

તો તો આ બીજા ભાગનું શિક્ષણ પણ તમે મધુને આપ્યું હોત. ન ગમતી વસ્તુ, ન ગમતાં કામ પણ કરવાં જોઇએ એ આપણે યોજના પૂર્વક બાળકોને શીખવવાની જરૂર છે. એવી પરિસ્થિતિમાં બાળકને વારંવાર મૂકવાં જોઇએ. વારંવાર આપણે મદદ કરીને વિષમ પરિસ્થિતિનો સામનો કરતાં આપણે એને શીખવવું જોઇએ. એનામાં એનો સામનો કરવાની શક્તિ ઉત્પન્ન કરવી જોઇએ, એમ આપણે કરીએ તો જ મોટપણે બાળકો સુખી થાય છે, જીવનમાં સફળ નીવડે છે.

"અત્યારે તમારા મધુને દશમું વર્ષ જાય છે. તેને ભણવું ગમતું નથી. શા માટે? કારણ કે લખવું, વાંચવું, ગોખવું આ બધી બાબતો અણગમતી છે. ન ગમતી વાત કરવા જ ન દેવી એ રીતે તમે એને ઉછેર્યો. શાળામાં દાખલ થતાં જ અણગમતી વસ્તુઓ એની સામે આવી. એ કરવાની શક્તિ જ એનામાં નહતી. તેથી એમાંથી નાસી છૂટવાનો એણે વિચાર કર્યો. ગયાં ચાર વર્ષમાં જેમ જેમ વર્ગ ચડતો ગયો તેમ તેમ તે અભ્યાસમાં પાછળ રહેતો ગયો. અંતે આજે તમે કહો છો એ સ્થિતિ આવીને ઊભી રહી.

"બીજી બધી બાબતોમાં મધુ હોશિયાર દેખાય છે એટલે શું? જે બાબતોમાં જીવનનો સીધો સંબંધ નથી હોતો, જેમાં જીવ પરોવીને લડવાનું નથી હોતું, તેવી બાબતોમાં મધુ હોશિયારી દેખાડે છે. રમવું, ખેલવું, કૂદવું, ગાવું બજાવવું, ખાવું, પીવું, સિનેમા જોવો, બોલવું, ચાલવું વગેરે બાબતમાં મહેનત પડતી નથી, વિષમ પરિસ્થિતિનો સામનો કરવો પડતો નથી. તેમાં મધુની હોશિયારી દેખાઇ આવે છે. પણ જ્યાં જ્ઞાન મેળવવાનો પ્રશ્ન આવ્યો ત્યાં એ હારી જાય છે, પાછો પડતો લાગે છે, ઠોઠ જણાય છે. કારણ કે જ્ઞાનપ્રાપ્તિ કરવામાં મુશ્કેલ વસ્તુનો સામનો કરવો પડે છે.

"હવે તમને સમજાયું હશે કે નાનપણથી જ જે પ્રકારે તમે મધુને ઉછેર્યો તેનીજ પ્રતિક્રિયા આજે દુઃખદાયક થઇ પડી છે."

મારું આ લાંબું લચક પ્રવચન મધુની બાએ એકાગ્રપણે સાંભળ્યું. એના અંતરની ગૂંચ જાણે ઉકેલાતી હોય એમ જણાતું હતું.

તે થોડીવાર શાંત રહી. તેના ચહેરા પર ગાંભીર્ય પ્રસર્યું. તે બોલી "તમે કહ્યું તે મને તદ્દન ખરું લાગે છે. ભૂલ થઇ ખરી. મધુ પહેલા બોળાનો. એટલે ખૂબ લાડમાં ઉછેરાયો. પણ એ લાડ જ એનો શત્રુ બન્યા છે. એમને ખબર ન હતી. પણ હવે એનો ઉપાય શો? મારી ભૂલ થઇ ખરી. પણ હવે એ સુધારી નહીં શકાય શું?"

"શા માટે ન સુધારી શકાય?" મેં જરા ઉત્તેજીત સ્વરે કહ્યું "મધુની આસપાસનું વાતાવરણ બદલો. તેનું સ્વાવલંબન વધારો. તેને પરિસ્થિતિનો સામનો કરતાં શીખવો. તેને માટે યોગ્ય શિક્ષણ સંસ્થા જોઇએ. શિક્ષક સમજદાર હશે તો મધુને મઠારી મઠારીને યોગ્ય માર્ગે વાળી શકશે. મધુ હજુ નાનો છે. ટેવો હજી રીઢી થઇ નથી. તેથી તેનું પરિવર્તન હજી શક્ય છે, સુલભ છે, એમ કહી શકાય."

આ પછી મધુને માટે શું કરવું જોઇએ એની ચર્ચા થઇ. મધુને એક જાણીતા છાત્રાલયમાં મૂકવાનું ઠર્યું. એ છાત્રાલય સાથે મારો સંબંધ હતો. તેથી મધુની સંભાળ રાખવાની જવાબદારી મેં મારે શિરે રાખી.

* * *

ઉપરની વાતને આજે છ વર્ષ થયાં છે. મધુ અત્યારે મેટ્રિક પાસ થયો છે. તેનો નંબર પહેલા સોની અંદર આવ્યો છે. પરદેશ જઇને મોટો વિજ્ઞાનશાસ્ત્રી થવાના મનોરથ એ સેવી રહ્યો છે.

(મરાઠી ઉપરથી) **ગોપાળરાવ કુલકર્ણી.**

———(૦)———

## શ્રી. તારાબેન મોડક સાથે પત્રવ્યવહાર કરનારાઓને.

શિક્ષણ પત્રિકાનાં સંપાદિકા અને નૂ. બા. શિ. સંઘનાં એક મંત્રી શ્રી. તારાબેન મોડકની કાર્યવ્યાપૃતિ હવે ખૂબજ વધી છે. તેથી તેઓ એક જગાએ ભાગ્યેજ રહી શકે છે. તેમના ઘણા બધા કાગળો દાદરને સરનામે આવે છે અને તેથી તે તેમને વખતસર મળતા નથી અને ઘણી વાર ગેરવલ્લે પણ જાય છે. તેથી તેમની સાથેનો પત્રવ્યવહાર નીચેને સરનામે કરવો.

C/o **રામલાઈ પાઠક,**
બાલવાડી, બોરીં, વાયા ઘોલવડ.
B. B. C. I.

# હજીરાની બાલવાડી

[ગ્રામ બાલ અધ્યાપન મંદિર બોરડીના વિદ્યાર્થીઓ સાથે કરેલા પ્રવાસમાં છેલ્લું સ્થાન જોવા મળ્યું તે હજીરાની બાલવાડી હતું. ત્યાં જે સ્વાભાવિકતા જોઈ તેનું વર્ણન લેખક આ છેલ્લા હપ્તામાં કરીને ગામડાની બાલવાડીઓની લેખમાળા પૂરી કરે છે. **સંપાદક**]

સુરતથી પંદરેક માઈલ દૂર તાપી નદીના મુખ પાસે હજીરા ગામ આવેલું છે. દાંડી, તિથલ અને ડુમસની માફક હજીરા શાંત રળિયામણું હવા ખાવાનું સ્થળ છે. હજીરામાં કોળી અને માછીની મુખ્ય વસ્તી છે. વહાણવટું એ મુખ્ય ધંધો છે. એ હજીરા ગામના બે કોળી જુવાનો શ્રી. ગોવિંદભાઈ અને શાંતિભાઈ ૧૯૪૨ ની લડતમાંથી પરવાર્યા પછી શ્રી. તારાબેન પાસે તાલીમ લેવા આવેલા. દાદરના શિશુવિહાર બાલ અધ્યાપન મંદિરમાં એક વર્ષ તાલીમ લીધા બાદ છ એક માસ શ્રી. જુગતરામભાઈ પાસે વેડછીમાં ગ્રામ બાલ શિક્ષણનો અનુભવ લીધો.

સેવાભાવના તો હતી જ. તેમાં શૈક્ષણિક અભ્યાસ અને અનુભવનું ભાતું મળ્યું. બન્ને જુવાનોએ પોતાના વતનને જ કાર્યક્ષેત્ર બનાવ્યું. નાનકડી બાલવાડી શરૂ કરી. બંને જુવાનોના સાથમાં મિત્રોનું નાનું શું જૂથ હતું અને ગામમાં પ્રતિષ્ઠા હતી. ચાર છ માસમાં બાલવાડી ફાલીફુલી, નાનાં મોટા પોણોસો બાળકો આ બંને જુવાનોના ખોળામાં રમવા લાગ્યાં. તેમણે અન્ય યુવાન મિત્રોની મદદથી જ એક ઝૂંપડું બનાવ્યું. ઝૂંપડા ફરતું સ્વચ્છ ચોગાન બનાવ્યું. પણ ચોમાસા માટે એ પૂરતું ન હતું. તેથી ઈંટો પાડવાનું શરૂ કર્યું. થોડા મજૂરો અને બાકી હાથ મહેનતથી કાચી ઈંટો પાડી. વાંસ, વળી અને લાકડાં મેળવવાં રહ્યાં છે. જે મેળવવાથી બાલવાડીનું ઝૂંપડું જાતે જ ઊભું કરવાની તેમને ઉમેદ છે.

બાલવાડીમાં સાવ નાની ઉમરનાં બાળકોની સ્વચ્છતાથી શરૂઆત કરાવવામાં આવે છે. પરંતુ હજીરામાં જે એક વસ્તુ જોવા મળી તે હિંદુસ્તાનનાં ગામડાંમાં અને તેમજ કોળીને માછી જેવી પછાત ગણાતી કોમની વસ્તીમાં ભાગ્યેજ જોવા મળે છે, તે તેમની નમુનેદાર સ્વચ્છતા. સ્વચ્છ ચળકતાં શરીર, ઊજળાં કપડાં, માથે એવાં જ ચમકતાં વાંસણો મૂકીને પાણીયારીઓ પાણી ભરતી હતી. એનાં આંગણાં અને ઘર પણ સ્વચ્છ હતાં. આ ચોખ્ખાઈનું કારણ તપાસવા અમે ઊંડા ઉતર્યા, તો જણાયું કે સ્ટીમરોમાં કામ કરનારા નાવિકો સ્વચ્છતાની કાળજી રાખતાં પરદેશીઓ પાસેથી શીખ્યા. જૂના કાળમાં સ્વચ્છતાના. આગ્રહી આગેવાનો હતા. બાળકોને માથાં ઓળી, હાથ પગ ધોઈ, બાલવાડીમાં મોકલવાં એ માબાપોને માટે એક લહાવો જણાતો હતો. અમે ગયાં તે દિવસે તો શ્રી. તારાબેનના સન્માનમાં ઉત્સવ રાખેલો. એટલે ચોખ્ખાઈ હોયજ. પણ અમે સાંભળ્યું કે ચોખ્ખાઈ એ ગામની વિશિષ્ટતા છે, ત્યારે આનંદ થયો.

સાધનો નામનાં જ હતા. હજી ધીમે ધીમે વસાવતા જતા હતા. પદ્ધતિસર કામ કરવામાં સાધનોની સગવડ બાદ કરતાં બાકીનું કામ વ્યવસ્થિત હતું. શ્રી ગોવિંદભાઈ કલાકાર છે. તેમના હાથમાં કારીગરી છે. એ બાલવાડીમાં ઠેર ઠેર નજરે પડતી હતી. દરિયાઈ સમૃદ્ધિનું નાનકડું પ્રદર્શન ભર્યું હતું. વહાણ, સ્ટીમર અને એવી ગ્રામ વસ્તુઓ હાથે બનાવી હતી.

બાળકોનું સંગીત અને નાટય પ્રયોગ સાહજિક હતાં. મોટી બાળાઓએ પૂજનનું અભિનય નૃત્ય કર્યું તે સુરતની સંસ્કારી કન્યાઓની હારમાં બેસે તેવું હતું.

બાળકોની સંખ્યા લગભગ સો સુધી પહોંચી હોઈ એક ત્રીજા મદદનીશ રાખ્યા હતા. એ પણ ત્યાંના વતની હતા.

ખર્ચની બાબતમાં હજી વ્યકિગત ગૃહસ્થોની સહાયથી કામ ચાલે છે. શ્રી. ગોવિંદભાઈ અને શાંતિભાઈ નામનું વેતન લે છે. તેમની ઉમેદ તો એવી છે કે પોતાની ખેતીવાડીમાં કંઈક સુધારો થઈ શકે તો આજીવિકા તેમાંથી મેળવવી અને બચત સમયમાં બાલવાડી ચલાવવી. આસપાસ બારાં પાણી ફરી વળતાં હોઈ જમીન બહુ ફળદ્રુપ નથી. છતાં ઉપરના ભાગમાં થોડી જમીન ગોળ માટે તાડી અને આંબા ઉગાડી શકાય તેવી છે.

બાલવાડીની પ્રવૃત્તિ ઉપરાંત હજીરામાં એક સરસ ઉદ્યોગશાળા ચાલે છે, જેમાં ગામના અનેક યુવાનો વણાટ કામ કરે છે.

બપોરે ગામની જાહેર સભા મળી. બરા તાપમાં પણ સેંકડો સ્ત્રી પુરૂષો અને બાળકો એકઠાં થયાં હતાં. શ્રી. તારાબેનના બાલશિક્ષણના અનુભવ અને અભ્યાસ

પૂર્ણ પ્રવચન સાંભળવા બહારગામથી હવા બાવા આવેલાં સ્ત્રી પુરૂષો પણ સભામાં આવ્યાં હતાં. હજીરા નાનું અને બૂણે પડેલું ગામ હોવા છતાં જાગૃતિ સારી પેઠે દેખાતી હતી અને તે ત્યાંના તેજસ્વી યુવક મંડળને આભારી હતી એમ અમે જોયું.

શ્રી. તારાબેન વ્યાખ્યાન કરવા ઊભાં થયાં. તેમણે પોતાના બે વિદ્યાર્થીઓને એક જ વર્ષમાં આ રીતે પોતાના મનોરથ સિદ્ધ કરવાની દિશામાં આગળ પગલાં માંડેલાં જોયાં તેથી તેમનું હૈયું ભરાઈ આવ્યું. વાત્સલ્ય પૂર્ણ અવાજે તેમણે બન્ને યુવાનોના કાર્યને અભિનંદન આપ્યાં. અને આ રીતે ગામડે ગામડે બાલવાડીઓ કરવા યુવકો અને યુવતીઓ તૈયાર થશે ત્યારે આપણા આ વિ ાળ દેશના બાલશિક્ષણનો મહાન પ્રશ્ન ઉકેલાશે એમ કહ્યું. પોતાના જ ગામમાં, નામનું વેતન લઈને, ભાવનાપૂર્વક, લોકોનો પ્રેમ સંપાદન કરીને, આ બે જુવાનોએ જે દાખલો બેસાડેલો છે તેનું અનુકરણ કરવાનો શ્રી. તારાબેને સૌ જુવાનોને અનુરોધ કર્યો.

અને આવા જુવાનો ભાવનાથી કામ કરતા હોય તેમની ભાવના ટકાવી રાખવા બાળકોના માબાપોએ, ગામના અને નજીકના શહેરના શ્રીમંતોએ, તેમને સહાય કરવી જોઈએ એ વસ્તુ તરફ બાસ લક્ષ દોર્યું.

સભા પૂરી થઈ.

"એટલા નોના ગામમાં રેશનિંગના જમાનામાં ચાલીસેક જેટલાં મહેમાનોને એ યુવાનોએ પોતાને ઘેર સાવ સ્વાભાવિક રીતે જમાડી દીધાં.

અધ્યાપન મંદિરનાં ભાઈ બહેનોને માટે ગામડાની બાલવાડીઓ જોવાના પ્રયાસમાં હજીરા એ છેલ્લી અને યાદગાર સ્મૃતિ હતી. સુરતથી હોડીમાં બેસીને હજીરા જવા નીકળ્યાં ત્યારથી એમને માટે શિક્ષણની શરૂઆત થઈ ચુકી હતી. નદીમાં તોફાન હતું. નાવિકના કહેવા પ્રમાણે બહુ તોફાન ન હોંતું પણ આઠ દસ આની હતું. અજાણ્યાને મન વીસ આની લાગતું હતું. બન્ને હોડીઓ કાતરની માફક જ્યારે એક બીજીને લગભગ ઘસાઈને જતી હોય તેમ પસાર થતી, ત્યારે ઘડીભર સૌના જીવ ઊંચા ચડી જતા. પણ ઘણા બધા રાષ્ટ્રગીતો અને બાલગીતોની ધૂનમાં મસ્ત હતાં. રાતે આઠ વાગે હોડીઓ કાંઠે લાગી. કિનારાથી ગામ અધોં પોણો માઈલ દુર હતું. કદીયે આવા કાદવકીચડમાં નહિ ચાલેલી બહેનો અમારી સાથે હતી. પણ શ્રી. તારાબેનને કાંડાબુડ કાદવમાં ચાલતાં જોયાં એટલે આ પણ એક ગામડાની બાલવાડી ચલાવવા માટે જરૂરી તાલીમ છે એમ સમજી, સૌએ જોશ કદમ આગળ ચાલવા માંડયું.

બીજે દિવસે બપોરે પાછાં વળતાં વંટોળ ચડયો. એમાં આગળ જનાર કોઇ રેતી રણમાં વણઝાર ચાલી જતી હોય તેવા દેખાતાં હતાં. ઘુંટણ સુધી પાણીમાં ચાલીને સૌ હોડીમાં બેઠાં. વળાવવા આવનાર મિત્રોએ ભાવ ભરી વિદાય આપી. હોડી છૂટી.

આ વખતે પવન અને પ્રવાહ બન્ને સાનુકૂળ હતાં. સુરતથી આવતાં ત્રણ ચાર કલાક લાગેલા, જતાં એક કલાકમાં હોડી પહોંચી ગઇ. આવવા જવાનો માર્ગ એકજ હોવા છતાં પ્રતિકૂળ પવનને લીધે મુશ્કેલી પડી. મુશ્કેલીનો સામનો કરવામાં અને થોડું ઘણું જોખમ ખેડવામાં એક પ્રકારનો નવીન આનંદનો અનુભવ મળ્યો, શક્તિની કસોટી થઇ. શ્રદ્ધાનું માપ નીકળ્યું. પાછાં ફરતાં મળેલો આનંદ એ એના ફળરૂપે હતો. જાણે એ બંને વસ્તુ ગામડામાં બાલવાડીઓ ચલાવવા જતાં નવા સાહસિકોને સૂચન કરતી હતી કે તમારે સમાજના વિચારોમાં સામે પૂરે ચાલવાનું છે. એમાં જોખમ રહેલું છે. એ માર્ગ મુશ્કેલ છે. પણ સાથોસાથ એમાં એક પ્રકારનો નવીન આનંદ રહેલો છે, અને શક્તિની કસોટી અને શ્રદ્ધાનું બળ વધવાનું છે. અને એક વાર એ માર્ગ કાપી નાંખ્યા પછી તમારે પોતાને માટે અને અન્યને માટે એ માર્ગ સરળ અને શાંતિદાયક બનવાનો છે.

હજીરા જવું કે ન જવું એવા સમવિષમ કરનારાં હજીરા જઇને સુરત પાછાં આવ્યાં ત્યારે એમના મોંમાંથી ઉદ્‌ગાર સરી પડયા, "આપણા આ પ્રવાસમાં હજીરાનો પ્રવાસ એક અનોખી યાદગીરી તરીકે સાંભર્યા કરશે. આપણે નવાંસવાં પોતાને ગામ જઇને કેવી રીતે કામ શરૂ કરવું એનું ઉદાહરણ તો હજીરામાં જ આપણને જોવા મળ્યું."

હજીરાની બાલવાડી એ આદર્શ બાલવાડી નહોતી, છતાં શરૂઆત કેવી રીતે કરવી અને પોતાનાજ ગામમાં શરૂઆત કેમ થઇ શકે, તેનું દિગ્દર્શન કરાવવામાં એ બાલવાડીનો નંબર સૌથી પહેલો હતો.

**રામનારાયણ ના. પાઠક.**

# હિંદુસ્તાની ભાષા વિભાગનું પ્રથમ સંમેલન

ઓકટોબરમાં મુલતવી રાખેલું હિંદુસ્તાની ભાષા વિભાગનું પ્રથમ સંમેલન ઇંદોરમાં ડિસેંબરના પહેલા અઠવાડિયામાં શનીવાર તા. ૭થી સોમવાર તા. ૯ સુધી ત્રણ દિવસ ભરવાનું નકકી થયું છે.

નૂ. બા. શિ.ના પ્રચાર માટે હિંદી ભાષામાં શિક્ષણ પત્રિકા ચલાવવાનું કામ ૧૩ વર્ષ પહેલાં ઇંદોરમાં જ શ્રી. કાશીનાથજી ત્રિવેદીના શુભ હસ્તે થયું હતું. એજ અરસામાં શ્રી. ચંદુલાલ વ. ભટ્ટ ઇંદોરમાં બાલમંદિર પણ ચલાવતા હતા.

૧૩ વર્ષથી જ્યાં પૂર્વ ભૂમિકા તૈયાર થઇ છે ત્યાંજ નૂ. બા. શિ. સંઘનું હિંદુસ્તાની ભાષા વિભાગનું પહેલું સંમેલન ભરાય તે તદ્દન વ્યાજબી છે.

૧૩ વર્ષ વહેલાં રોપેલા છોડનું પાલન પોષણ કરવાવાળાં પહેલાંનાં માણસો ત્યાં નથી; પણ નૂ. બા. શિ.નું કાર્ય કરવા માટે અને આ છોડને પોષવા માટે સૌ. શાલિની બાઇ મોઘે જેવાં ધાત્રી મળ્યાં છે–એટલે એમના સાસરૂં–પિયરનાં બન્ને કુટુંબો મળ્યાં છે એમજ કહેવું જોઇએ.

સૌ. શાલિનીબેન આ વર્ષે મે માસમાં કરાંચી જઇને મેડમ મોન્ટીસોરીને કોર્સ શીખીને આવ્યાં છે. પણ તેથી ઘણાં વર્ષ પહેલાં તેમણે પોતાની જ પ્રેરણાથી એક બાલનિકેતન ચલાવ્યું હતું. આ કામમાં તેમના પતિ શ્રી. મોઘે અને તેમના પિતાશ્રી તાત્યા સાહેબ સરવટે એ બન્નેએ પૂરતો સાથ આપ્યો હતો. તાત્યા સાહેબ પોતે કરાંચી ગયા હતા અને તેમણે મોંટીસોરીની માહિતી કરી લીધી હતી. શ્રી. મોઘે પહેલેથી જ આમાં રસ લઇ રહ્યા છે અને મુંબઇના સંમેલન વખતે બાલનિકેતનના પ્રતિનિધિ તરીકે પોતે હાજર હતા.

સૌ. શાલિનીબેનના કાકી સૌ. ઉષાબેન બોર્ડીમાં ત્રણ મહિનાનો બાલ ક્રીડાંગણનો કોર્સ કરી ગયાં છે. આ ઉપરાંત તેમની આસપાસની બહેનોમાં પણ તેમણે બાલશિક્ષણનો રસ જગાડ્યો છે. શ્રી. સરવટે કુંટુંબની અને ખાસ કરીને શ્રી. તાત્યાસાહેબની જનસેવાનો ખ્યાલ મધ્ય હિંદની જનતાને પૂરેપૂરો છે.

આ સંમેલનનું ઉદ્‌ઘાટન તા. ૭ ને રોજ શિક્ષણ તજજ્ઞ આચાર્ય કાકાસાહેબ કાલેલકરને હસ્તે થાય એવો પ્રયત્ન કરવામાં આવે છે. સંમેલનું પ્રમુખસ્થાન નૂ. બા. શિ. સંઘનાં પ્રમુખ શ્રી સરલાદેવી સારાભાઇ લેશે.

સંમેલનમાં બાલશિક્ષણનાં અનેક અંગોનું દર્શન કરાવનાર અનેક પ્રકારનો કાર્યક્રમ રહેશે. જ્ઞાતાઓનાં વ્યાખ્યાનો, ભાષણો, ચર્ચાઓ વગેરે થશે અને સૌથી વધારે અગત્યની વાત એ છે કે એક સુંદર પ્રદર્શન ભરવામાં આવશે. માબાપ, શિક્ષક અને શિક્ષણપ્રેમી બધુભગિની બધાં આમાં રસ લઇ સંમેલનને સફળ બનાવશે એવી આશા છે.

હિંદુસ્તાની ભાષા બોલવાવાળો પ્રદેશ ઘણો મોટો છે. અને ઇન્દોર મધ્યવર્તી સ્થાન છે. બધાં બાલશિક્ષણ પ્રેમી બંધુ ભગિની આ સંમેલનમાં હાજર રહેવાની કૃપા કરે.

શિક્ષણ સંસ્થાઓ અને મહિલા સંસ્થાઓ આ સંમેલનમાં પોતાના પ્રતિનિધિઓને મોકલી શકશે.

સ્વાગત સભ્યનું લવાજમ રૂા. ૫) અને પ્રતિનિધિનું રૂા. ૩) છે. આ ઉપરાંત શિક્ષક અને પ્રેક્ષક માટે રૂા. ૧)ની ટિકીટ રાખવામાં આવી છે.

વધુ માહિતી માટે લખો:

**"સૌ શાલિનીબાઇ મોઘે,** બાલનિકેતન,
C/o શ્રી. તાત્યાસાહેબ સરવટે,
૬૩, આલાપુરા, ઇન્દોર C. I."

**તારાબેન મોડક,**
મંત્રી. નૂ. બા. શિ. સંઘ.

**નોંધ:—શિક્ષણ પત્રિકાની બાબતમાં પત્રવ્યવહાર કરતી વેળાએ તમારો ગ્રાહક નંબર લખવા ભૂલશો નહિ. ન્યુઝ પ્રીન્ટની અગવડ અંગે ચાલુ અંકની પહોળાઇ જરા નાની છે. તેટલી અગવડ માટે દિલગીર છીએ.**

# વડોદરામાં શિશુભારતીનો વાર્ષિકોત્સવ

[ નૂ. બા. શિ. સંઘના એક પ્રમુખ કાર્યકર્તા ભાઇ કમળાશંકર પંડિત વડોદરામાં શિશુભારતી નામની સંસ્થા ચલાવે છે. તે સંસ્થાનો છઠ્ઠો વાર્ષિક ઉત્સવ હમણાં જ વડોદરામાં લેડી પ્રતિમા મિત્તરના પ્રમુખપદે ઉજવાયો હતો. તે પ્રસંગે લેડી મિત્તરે એક પ્રેરક પ્રવચન કર્યું હતું. તેનો સાર નીચે આપ્યો છે. —સંપાદક. ]

## લેડી પ્રતિમા મિત્તરનું ભાષણ

શ્રી. તારાબેન મોડકની દોરવણી નીચે થયેલી બાલ-શિક્ષણસંઘની સ્થાપના આ દિશામાં યોગ્ય પગલું છે, એમ મને લાગે છે.

### બાળશિક્ષણની અગત્ય

શિશુભારતીના ૬ ઠ્ઠા વાર્ષિકોત્સવ પ્રસંગે મને આમંત્રણ આપવા માટે શિશુભારતીના સંચાલકોનો હું અંતઃકરણથી આભાર માનું છું. નાનાં નાનાં બાળકોએ રજુ કરેલાં દૃશ્યો ખરેખર ઘણાંય આનંદદાયક અને રસપ્રદ થયાં છે અને મ્હારે કહેવું જોઇએ કે આજની સાંજના જેટલી મઝા વડોદરામાં મેં ભાગ્યે જ અનુભવી હશે. આવા સુંદર પ્રયોગો શિશુશિક્ષણમાં ઘણાંજ મહત્વના હોય છે. તેમાં તેમનું વ્યકિત્વ સારી રીતે વિકાસ પામે છે.

ખેલતાં રમતાં નહાનાં બાળકોનું દૃશ્ય જોઇ જેટલો આનંદ મને થાય છે તેટલો બીજા કોઇ પણ દૃષ્યથી થતો નથી.

આપ બધાં જાણો છો કે યુદ્ધોત્તર પુનર્રચનાની યોજનાઓમાં આપણા દેશનેતાઓનું શિક્ષણની યોજના તરફ ખાસ ધ્યાન ખેંચાયું છે. પૂનાની શિક્ષણ મંત્રીઓની પરિષદ આ વાત સાબિત કરે છે. પરંતુ છ વર્ષની અંદરનાં બાળકોના શિક્ષણ તરફ તેઓએ પૂરતું ધ્યાન આપ્યું છે કે નહિ તે બદલ મને શંકા છે. શિશુશિક્ષણ એ માનવશિક્ષણનો એક અત્યંત મહત્વનો ભાગ છે. બાળકનું શિક્ષણ તેના જન્મર્યા જ શરૂ થાય છે. પહેલાં છ વર્ષ દરમ્યાન જે જ્ઞાન બાળક ગ્રહણ કરે છે તે આશ્ચર્યજનક હોય છે. અને તેના ઉપર જ તેના ભવિષ્યના શિક્ષણનો અને ચારિત્ર્યનો આધાર હોય છે. બાળશિક્ષણનો એ પાયો જ છે. તેથી આ વિષયનો વાસ્તવદર્શી વિચાર ઘણો જ અગત્યનો છે એમ હું માનું છું.

### શ્રી ગિજુભાઇને અંજલી

બાળકોનું શિક્ષણ ઘણી નાની વયમાં શરૂ થવું જોઇએ, જેથી તેમના મનનો શિસ્તપૂર્વક વિકાસ થાય. આ સંબંધમાં શ્રી ગિજુભાઇ બધેકાનું કાર્ય આપ બધા જાણો છો જ.

### શિશુભારતીની મુલાકાત

ગઇ કાલે શિશુભારતીની મેં મુલાકાત લીધી. બાળકો ઘણાં જ-ખુશીમાં હોઇ, પોતાના કામમાં ઘણો જ રસ લેતાં જણાયાં.

બાળકોના જીવનને સ્પર્શતી અને તેમના મનને આકર્ષતી વસ્તુઓની સહાયથી શિક્ષણ આપવામાં આવે તો બાળકો તરત જ તેમાં રસ લેતાં થઇ જાય છે. આવા પ્રકારની શિક્ષણ સંસ્થાઓ સારા પ્રમાણમાં વધે અને ચારે તરફ પ્રસરે એવી હું આશા રાખું છું.

### મકાનની અગત્ય

શિશુભારતીને સારા મકાનની અને એક સારા ક્રીડાંગણની અત્યંત આવશ્યકતા છે. કોઇ પણ ઉપયોગી સંસ્થાને નાણાંનો અભાવ ભાગ્યે જ નડે છે. વડોદરામાં દાતાઓનો અભાવ નથી. હું આપણા શ્રીમંતોને વિનંતી કરું છું કે તેઓ પોતાના ધનનો અલ્પ લાભ આ ઊમદા કાર્ય માટે આપે અને આવી સંસ્થાઓને ઉત્તેજન આપે.

હું પંડિત કમળાશંકરને શિશુશિક્ષણ માટે તેઓ જે પ્રયત્ન કરી રહ્યા છે તે માટે ધન્યવાદ આપું છું. અને શિશુભારતીને ફતેહ ઇચ્છું છું.

—(૦)—

## સ્વ. ગિજુભાઇની જન્મતિથિ

એ તિથિ શુક્રવાર તા. ૧૫ મીએ આવે છે. તે દિવસે બાલશાળાઓમાં રજાઓ ન રાખતાં ઉત્સવનો કાર્યક્રમ ગોઠવવો અને શનિવાર તા. ૧૬ મીએ રજા પાડવી એમ નૂ. બા. શિ. સંઘના મંત્રી જણાવે છે.

# બાળવાર્તાઓ અને બાળકાવ્યો

બાળવાર્તાઓનો ઉદ્દેશ નીતિ શિક્ષણનો પ્રચાર કરવો એ છે. વાર્તા બાળકના જીવન વિકાસમાં મદદ કરે છે, તેથી વાર્તાકારે બાળ માનસનો જાણનાર હોવો જોઇએ. 'પંચતંત્ર' ભારતનું સૌથી મોટું બાળ સાહિત્ય ગણાય છે. પણ હું એમાં સંમત થતો નથી. પંચતંત્રની સેંકડે નેવું વાર્તાઓ એવી છે કે જે ચતુરાઇ અને મુત્સદ્દેગિરીના પાઠ આપે છે. આમાં કપટની વાર્તાઓ વારંવાર આવે છે. વાર્તાઓ સાહિત્ય અને કલાની દૃષ્ટિએ ઉત્તમ છે, પણ તેનું પરિણામ કપટ અને લુચ્ચાઇ એજ છે. આમાં શિયાળ અને હાથીની જેવી વાર્તાઓ કપટ નીતિનો જ બોધ આપે છે. એવા સમર્થ વાર્તાકારની ઉત્તમ વાર્તાઓ લોકોને ભ્રષ્ટ કરી નાંખે છે. આમ તો લોકો ભોળા હોય છે અને તેથી નબળા હોય છે. માટે કલાકાર જ્યારે એમની સામે પોતાની કળા કહે છે ત્યારે તે તેમને માટે ધર્મ થઇ જાય છે. તેથી ખરાબ વાર્તાઓ લોકોનો આચાર ભ્રષ્ટ કરવામાં મદદરૂપ થાય છે. તેથી બાળકોને સાદી અને બોધપ્રદ વાર્તાઓજ કહેવી જોઇએ. કળાનો હેતુ માત્ર મનોરંજનજ રહે તો એ કળાનું ફળ મધુર નહીં હોય. વાર્તામાં કલા, રસ અને આદર્શ ત્રણે હોવા જોઇએ.

માનવતાનો ઉત્કર્ષ થાય એવી વાર્તાઓ બાળકોને કહેવી જોઇએ. પ્રચલિત બાળવાર્તાઓમાં હું એક જ વાર્તાને સારી ગણું છું. તેનું નામ છે "આનંદી કાગડો." એક ઝાડ પર કાગડાનો માળો હતો. નીચે કુવા પર બહેનો પાણી ભરવા આવતી હતી. કાગડો એમના ઘડાને ચાંચ મારતો. બહેનો ખીજાઇને ફરી ઘડો સાફ કરતી. જ્યારે હમેશા જ આ પ્રકાર થવા લાગ્યો ત્યારે બહેનોએ રાજા પાસે ફરીયાદ કરી. કાગડાને રાજાએ સજા કરી, ઘણી રીતે એને હેરાન કર્યો. કાંટામાં ફેંકયો, તેને કુવામાં નાંખ્યો, તેને તડકામાં મૂકયો; પણ દરેક પરિસ્થિતિમાં તે આનંદી જ રહ્યો! આ જોઇ કાગડાની સહનશક્તિ અને પ્રસન્નતા માટે રાજા ખુશ થયો અને તેણે કાગડાને છોડી મૂકયો.

એવી વાર્તાઓથી બાળકોમાં પક્ષીઓ વિષેનો પ્રેમ જાગે છે. બાળકો આગળ ગધેડા વગેરેની રમુજી વાતો નહીં કહેવી જોઇએ. તેથી બાળકોનાં મન ગધેડા વિષે દૂષિત થાય છે. ગધેડાનું નામ લેતાં જ તેઓ તિરસ્કારથી જોવા લાગે છે. વાર્તા તો નિષ્કામ ભાવથી જ સાંભળવામાં આવે છે, પણ તેનું પરિણામ ગધેડા તરફ શત્રુભાવથી જોવામાં આવે છે. મનુષ્ય સમાજમાં આવા ઘણા ઓછા માણસો હશે કે જેઓ ગધેડા તરફ સહાનુભૂતિ રાખતા હોય! બાળવાર્તાઓ દ્વારા આપણા મન પર એવા કુસંસ્કાર નાખવામાં આવ્યા છે કે આપણે ગધેડાના દુશ્મન થયા છીએ. મારા જોવામાં ફકત ગિજુભાઇ જ એવા હતા કે જેઓ ગધેડા સાથે સહાનુભૂતિ રાખતા હતા. ગધેડાની વાર્તાઓ પ્રચલિત કરવા જેવી નથી જ.

વાર્તાઓની બાબતમાં આ મેં મારા વિચાર બતાવ્યા. મોટા મોટા કલાકારો ભલે સુંદર વાર્તા તૈયાર કરે, પણ આપણે તો નાની નાની, માનવતાપૂર્ણ, ભાવશુદ્ધ વાર્તાઓ જ કહેવી અને લખવી જોઇએ. જૂની વાર્તાઓ તો કદી પણ કહેવી નહીં જોઇએ. આમાં કોઇ એવો પ્રશ્ન પૂછશે કે જૂની વાર્તાઓ બંધ કરી દઇએ તો નવી વાર્તાઓ કયારે યાદ થશે? આનો જવાબ સહેલો છે. જૂની વાર્તાઓને આપણે ભૂલી જઇશું તો નવી વાર્તાઓ કહેતાં આપણે જાતે જ શીખી જઇશું.

કાવ્ય:—એવાં ઘણાં કાવ્યો છે કે જેને આપણે કુકાવ્ય જ કહેવાં જોઇએ. માત્ર શબ્દોની જાળ ઊભી કરવાથી બાલોપયોગી કાવ્ય ઉત્પન્ન નથી થઇ શકતું. ગુજરાતીમાં એક કાવ્ય છે, જેનું નામ સાંભળીને જ મને ખૂબ દુઃખ થાય છે. એ કાવ્યમાં આપણા પિતામહોની મશ્કરી જ કરેલી છે. પિતામહોની વાર્તાઓ લખતી વેળાએ કાવ્ય રચનાના પરિણામ પર રહેજ પણ ધ્યાન નથી અપાયું. "ગધેડાની મૂછો જેવી દાદાની મૂછો" એવા વાકયોથી ભરેલાં કાવ્યો આપણા તેમજ આપણા બાળકોના મનમાંથી આપણા પૂર્વજો વિષેનો આદરભાવ નષ્ટ કરી દે છે. આવાં કાવ્ય બાલ–કાવ્ય નથી પણ કુકાવ્ય છે.

બાળકોને વાર્તા કહેતી વેળાએ અદ્‌ભુત રસની જ વાર્તાઓ કહેવી જોઇએ એમ નથી. સામાન્ય લોકોના જીવનને લગતી વાર્તાઓ બાળકોને ગમે છે. દાખલા તરીકે સ્નાનની વાર્તા કહેવી હોય તો સ્નાનની પૂરી વિધિ

કહેવી જોઇએ એમાં આપણે જેટલો રસ નાખી શકીએ તેટલો નાખવો જોઇએ. કેટલીક વસ્તુઓની બાળકોને કલ્પના પણ નથી આવતી. કામકાજના દરેક પ્રકારને બાલ–સાહિત્યમાં સ્થાન આપવાથી બાળકોને ખૂબ લાભ થાય છે.

ગીત:–જેટલી પ્રવૃત્તિ આપણે કરીએ છીએ તેનું વર્ણન ગીતોમાં રહે તો બાળકોનાં મન તેમાં રમી જાય છે. આ પ્રવૃત્તિમાં જેટલી રસિકતા લાવી શકાય તેટલી આપણે લાવવી જોઇએ. નાસ્તા, સ્નાન, ભોજન વગેરે નિત્ય પ્રવૃત્તિને લગતાં ગીત આપણે બનાવવાં જોઇએ. સ્નાન કરતી વેળાએ ગીત નથી ગાવાનાં. સ્નાન કરી રહ્યા પછીજ સ્નાનનું ગીત યાદ આવે છે. અને તે જ વખતે તે ગાવાં જોઇએ. **જુગતરામ દવે.**

(બોરડીમાં આપેલ વ્યાખ્યાન પરથી)

# અંતર્મુખ અને બહિર્મુખ*

અંતર્મુખતા અને બહિર્મુખતાની બાબતમાં સામાન્ય જનસમૂહના મનમાં ઘણી ગેર સમજૂત ફેલાયેલી દેખાય છે. સાધારણ રીતે એમ મનાય છે કે અંતર્મુખ માણસ વધારે સારો છે, કારણ કે તે હમેશા પોતાના મનનું પૃથક્કરણ કરતો રહે છે અને તેથી આત્મવિકાસ સાધી શકે છે, જ્યારે બહિર્મુખ માણસ હમેશા બહારની વસ્તુઓનો જ વિચાર કરતો હોવાથી તેને આત્મવિકાસ માટે આવશ્યક એવું આત્મનિરીક્ષણ કરવાનું વખત જ રહેતો નથી. પણ આ માન્યતા ઉપર ઉપરથી વિચાર કરવાથી આવેલી છે. અંતર્મુખતા અને બહિર્મુખતાનું મુખ્ય લક્ષણ એ છે કે અંતર્મુખ માણસ ઘણે ભાગે સ્વાર્થી હોય છે, અને બહિર્મુખ માણસમાં સ્વાર્થની માત્રા ઓછી હોય છે. અંતર્મુખ માણસ બીજાને મળવાનું ટાળે છે, જ્યારે બહિર્મુખ માણસ ખાસ પ્રયત્નથી બીજાને મળે છે. અંતર્મુખ માણસ કલબ કે કમિટીની જવાબદારીઓમાંથી દૂર ભાગે છે, જ્યારે બહિર્મુખ માણસ તેને વહોરી લે છે. અંતર્મુખ માણસ બીજાની સેવા કરવાના મનોરથ રચે છે, જ્યારે બહિર્મુખ માણસ સેવા કરી છૂટે છે. પોતાને ન ગમતી ચીજો કરવાનો અંતર્મુખ માણસ પાસે વખત નથી હોતો, જ્યારે બહિર્મુખ માણસ ન ગમતી ચીજો પણ પ્રયત્નપૂર્વક કરે છે. અંતર્મુખ માણસ ભૂલો કરતાં અચકાય છે તેથી તે કોઇ પણ કામનું સાહસ નથી વહોરી લેતો. બહિર્મુખ માણસ પણ સાહસ ખેડતાં ડરે છે છતાં એ સાહસ ખેડે છે, તેમાં ભૂલો કરે છે, પરિણામે દુઃખ ભોગવે છે. પણ અંતે એ કૌશલ્ય અને આત્મવિશ્વાસ મેળવે છે.

મેં મારા ઘણા વિદ્યાર્થીઓને કહ્યું છે કે એક જ ભૂલ કરવા કરતાં સાત ભૂલો કરવી વધારે સારું. પહેલો માણસ જ્યારે ન્યૂનગંડને લીધે આનાકાનીમાં રહી જાય છે ત્યારે બીજો માણસ ભૂલો કરતો જાય છે અને પોતાની શક્તિ વધારતો જાય છે. અંતર્મુખ માણસ પ્રેમ અને સાહસની વાર્તાઓજ માત્ર વાંચે છે, જ્યારે બહિર્મુખ માણસ પોતે પ્રેમ અને સાહસના જીવનનો અનુભવ કરે છે. અંતર્મુખ માણસ પોતાના મિત્રો અને પાછલા અનુભવોનું પૃથક્કરણ કરતો રહે છે, જ્યારે બહિર્મુખ માણસ નવા મિત્રો મેળવી નવા અનુભવો પ્રાપ્ત કરે છે. પહેલો માણસનું જીવન વિચારની છાયાવડે અંધકારમય થાય છે, જ્યારે બીજો વિચારો આવતાં વેંત તેનો અમલ કરવા મથે છે. જીવનની કઠણ સમસ્યાઓમાંથી દૂર રહેવા મથતો અંતર્મુખ માણસ પોતાને ગમતું દિવા-સ્વપ્નનું જગત મનમાં ઊભું કરે છે અને તેમાં જ રહે છે, અને જ્યારે ફરજીયાત એની સામે કોઇ કઠણ પરિસ્થિતિ આવીને ઉભી રહે છે ત્યારે એ પોતાના ન્યૂનતાગંડને લીધે ખૂબ સહન કરે છે અને દુઃખી થાય છે.

ઉપરની સરખામણીથી ઘણાઓને ધક્કો લાગશે. કેટલાક એવી દલીલ કરશે કે અંતર્મુખ માણસ જ જીવનના સુક્ષ્મ મૂલ્યોનું આકલન કરી શકે છે, બહિર્મુખ નથી કરી શકતો. જીવનનાં ભવ્ય સ્વપ્નો અને બૌદ્ધિક તેમ જ કલાવિષયક સર્જનો અંતર્મુખ માણસોથી જ થઇ શકે છે. પણ આ માન્યતાને માટે શાસ્ત્રીય પુરાવો મુદ્દલે નથી, ઉલ્ટું આનાથી વિરુદ્ધ વાતજ સાચી છે એવો પુરાવો મળે છે. મેં હમણાંજ ત્રીશ સફળ કલાકારોની વ્યક્તિત્વની તપાસ માટેની

*Henry C. Link Ph. D. ના The Return to religion નામના પુસ્તકના એક પ્રકરણના આધારે—લેખક.

પરીક્ષા ગોઠવી હતી. તે પરથી મને જણાયું કે આ લોકોમાં સામાન્ય માણસો કરતાં વધારે બહિર્મુખતા હતી. આપણને એમ કહેવામાં આવે છે કે કલાકાર સામાન્ય માણસ જેટલો ભાવનાઓમાં સંયમિત નથી હોતો, પણ હમેશા લાગણીઓના ઊભરાઓ અનુભવે છે. મારી તપાસમાંથી જાણવા મળ્યું કે હકીકત આથી તદ્દન ઊલટીજ હોય છે. સફળ કલાકાર, ઘણા ખરા માણસો કરતાં ભાવનાઓમાં વધારે સંયમિત હોય છે.

અને આનું કારણ પણ છે. જે કલાની તેમને ભૂખ હોય છે તે કલા સિદ્ધ કરવા માટે જે પ્રયત્ન તેમને કરવો પડે છે, તે પ્રયત્નને લીધે તેમનામાં બહિર્મુખતા એની મેળે આવી જાય છે. કળાકાર અંતર્મુખજ રહે તો તેનાથી કળાની સિદ્ધિ માટેનો પ્રયત્ન નથી થઇ શકતો અને તે કળાકાર ન થતાં માત્ર કળાનો સ્વપ્નદ્રષ્ટા રહે છે.

આ પરથી એટલું સ્પષ્ટ થશે કે બહિર્મુખતા વગર જીવનમાં સમતોલન અને સમાધાન પ્રાપ્ત થઇ શકતાં નથી. બહિર્મુખતા લાવવા માટે જીવનમાં સંયમિત ટેવો સ્થિર કરવાનો પ્રયાસ કરવો જોઇએ.

બાયબલમાં એક વાકય છે, "Except a man be born again he cannot see the kingdom of God." આ વાકયનો માનસશાસ્ત્રની દૃષ્ટિએ વિચાર કરતાં આપણને જણાય છે કે આપણે બધાજ જન્મ સાથે અંતર્મુખ એટલે કે સ્વાર્થી હોઇએ છીએ. આ સ્થિતિમાંથી બહિર્મુખ કે નિઃસ્વાર્થી થવા માટે આપણે જે સતત પ્રયત્ન કરીએ છીએ તેમાં જ આપણું પુનર્જીવન રહેલું છે. નવી ટેવો મેળવી સ્વભાવનું પરિવર્તન સાધવાની ક્રિયા એજ તે પુનર્જન્મ છે અને આવો પુનર્જન્મ થયા વગર માણસને ઇશ્વરી તત્ત્વનું દર્શન નજ થઇ શકે, એવો બાયબલના એ સૂત્રનો અર્થ છે.

ભગવાન જીસસ ક્રાઇસ્ટ એ નિઃસ્વાર્થની મૂર્તિ હતા અને નિઃસ્વાર્થ જીવનના પ્રણેતા હતા. પણ તેઓય તે બહિર્મુખ હતા. તે એટલી હદ સુધી કે તે કક્ષાએ પહોંચવું કોઇને પણ શકય નહીં થાય. સામાજીક સંબંધ બાંધવામાં એ ખૂબ જ સાહસી હતા. સેમેરિટન સ્ત્રી પાસેથી કૂવા પર પાણી લેવામાં તેમને સંકોચ નહીં થયો અથવા તે અજ્ઞાન હતી અને તેની ભાષા જુદી હતી તેથી તેની સાથે વાત કરવામાં પણ તેમને હરકત નહીં જણાઇ. માત્ર પોતાના કક્ષાના માણસો તરફ જ ધ્યાન નહીં આપતાં સમાજની બધી કક્ષાના માણસો સાથે તેમણે સંપર્ક સાધ્યો હતો. લૂલાં, આંધળાં, અને પાપીઓ સાથે પણ તેમણે સંબંધ બાંધ્યો હતો. મનમાં ઊંચા જીવનનું ચિત્ર ઊભું કરીને તેમાંથી તેમણે પ્રેરણા મેળવી હતી. તેમ છતાં તેમનું પાર્થિવ જીવન બહોળા અને ઊંડા સામાજીક સંબંધોથી જ રચેલું હતું. લોકોને અંતિમ આદર્શ તરફ વાળતાં છતાં તેમની દૈનિક જરૂરીયાતો તરફ તેઓ વધારે ધ્યાન આપતા. પોતાના સ્થિર મન્તવ્યો હોવા છતાં બીજાનું દૃષ્ટિબિંદુ તેઓ તરતજ સમજી લેતા. નાનાં બાળકો તેમની પાસે આવતાં તેથી તેમને પજવણી ન હતી થતી. લોકોનાં ટોળાંઓથી તેઓ અકળાતા નહીં. જે લોકોના જીવન વિષે તેઓ ટીકા કરતા તેમને તેઓ ટાળતા નહીં, પણ ચાહીને તેમના ઘરોમાં જઇને તેમને મળતા. તેમની આંતરિક પ્રેરણા અને શકિતને ઉપકારક ક્રિયાઓદ્વારા તેમણે પ્રગટ કરી અને વિભન્ન પ્રકારના લોકો સાથે તેમણે સંપર્ક સાધ્યો. તેઓ પર્વત પર ચિંતન કરવા માટે ગયા હતા તેમ છતાં તેઓ મુખ્યત્વે કર્મયોગી જ હતા. જે સિદ્ધાન્તો પર તેમને શ્રદ્ધા હતી તેનો પોતાના જીવનમાં તેમણે અમલ કર્યો અને એ રીતે તેમણે સંપૂર્ણ જીવન જીવી બતાવ્યું.

ક્રાઇસ્ટના જીવનની આ બહિર્મુખતા કોઇ અકસ્માત ન હતી. એ બહિર્મુખતા એવા ભવ્ય આદર્શમાંથી જન્મી હતી કે જેની ખાતર પોતાનું સુખ અને પોતાનું જીવન એ બન્નેનું બલિદાન એમણે આપ્યું. "હું મારી પોતાની ઇચ્છાની પરિપૂર્તિ નથી માંગતો. પણ જે પિતાએ મને અહીં મોકલ્યો તેની ઇચ્છાની પરિપૂર્તિ હું માંગું છું." આ એમનું વર્ચન છે અને એમાંજ એમની વૃત્તિ સ્પષ્ટ થાય છે. વળી "પિતા, તું ચાહે તો આ પ્યાલો મારાથી હઠાવ. નહીં તો મારી નહીં પણ તારી જ ઇચ્છા સફળ થાઓ" એ એમના વચનમાં એમના જીવનનું રહસ્ય સ્પષ્ટ થાય છે. એ જીવન એટલે જ માનસશાસ્ત્રની ભાષામાં ક્રિયામય બહાર ઊભરાતું અને સુખી જીવન છે.

ગો. રા. કુલકર્ણી.

# પ્રકાશને ચાંપલો કહેવો કે ચોકકસ ?

પ્રકાશનાં શરૂઆતનાં ચાર વર્ષ એવા વાતાવરણમાં ગયાં છે જ્યાં ખૂબ જ લાડ કોડ, વારે વારે ખાયા કરવુ, અનિયમિત રીતે જીવ્યા કરવુ અને શેરીમાં રખડયા કરવુ એજ સ્વાભાવિક કાર્યક્રમ હતો. આજે એને પાંચ વર્ષ થયાં છે અને છેલ્લા એક વર્ષથી એ અમારે ત્યાં છે. વારે વારે અને હદ્દબહાર ખાવાની એની ટેવ ભુલાવતાં સારો એવો સમય ગયો કયારેક તો અમારે એને આમ કરતો અટકાવવા કડક નિયમો પણ મૂકવા પડતા અને ત્યારે એની એ લાલસા શરૂઆતમાં વધારે વિકૃત થયેલી લાગી માંગે ત્યારે સારૂ ખાવાનુ ન આપીએ તો એ કોઇ કોઇ વાર જ્યાં મળે ત્યાંથી એઠુ જુઠુ ખાતાં પણ ન અચકાતો પ્રશ્ન થોડાક સમય તો બહુજ મુઝવણ ભર્યો લાગ્યો અને કયારેક તો નિરાશા પણ આવી જતી પણ એકસંપી (અમારા પતિ, પત્ની વચ્ચેના) પ્રયત્નોથી લગભગ છ મહિનામાં તો અમારી આ મુઝવણનો ખૂબજ સફળતાપૂર્વક અત આવ્યો આ સમય દરમ્યાન વખતો વખત પ્રકાશને ઘણી વાતો સમજાવવામાં આવેલી, જેમાંની કેટલીક :—

(૧) તમારે એઠું ખાવુ હોય તો સારૂ ખાવાનું નહિ મળે.

(૨) જાજરે જવું હોય તો પીવાની નળીમાંથી પાણી ન લેવાય.

બહાર કુંડીમાંથી લેવાય.

એણે પ્રસંગે આ શિખામણ વ્યાપક રીતે અજમાવી.

એક વાર એક મુરબ્બી અમારે ઘેર આવેલા તે થોડોક સમય અમારી સાથે રહ્યા વૃદ્ધ માણસ ધાર્મિક વૃત્તિના અને પુરાણી ટેવો વાળા એમની રીતેજ કામ કર્યા કરે. પણ પ્રકાશ કઇ એમને છોડે ?

જમી રહ્યા પછી એમણે તો થાળી વાટકો ધોઇને પીવા માંડયુ પ્રકાશ થોડી વાર આ જોઇ રહ્યો અને મુરબ્બી બહાર ગયા કે તરતજ એને કહેવા લાગ્યો. "એમને એ ઠવાડ ખાતાની ટેવ છે, એમને સારી વસ્તુઓ ખાવા ના આપશો"

એકાદ કલાક થયો અને મુરબ્બી જાજરૂ જવા ઉપડયા પાણી પીવાની ગોળીમાથી જ એમણે લેટો ભર્યો પ્રકાશ આ જોયા જ કરતો હતો એનાથી અવ્યવસ્થા સહન ન થઇ એ મારી પાસે આવી કહેવા લાગ્યો "પુનમભાઇ, પેલા ભાઇએ જાજરૂ જવા માટે પીવાની નળમાંથી પાણી લીધું એમને કહોને એ તો પીવાનુ પાણી છે જાજરૂ જવા તો કુંડીમાથી પાણી લેવાય"

બીજે દિવસે એ મુરબ્બીને મે આ બન્ને પ્રસંગો કહ્યા એમણે વ્યગ્ર મને જવાબ આપ્યો "છોકરૂં આવુ બધુ કર્યા કરે છે ? આ તો ચાંપલાશ કહેવાય"

પ્રકાશને આ અને આવા ઘણાયે પ્રસંગોએ વહેવારિક દ્રષ્ટિનો ખ્યાલ આપવાનુ હુ નથી જ ચૂકતો. છતાયે મનમાં પ્રશ્ન ઉઠે છે કે "પ્રકાશને ચાંપલો કહેવો કે ચોકકસ" ?

**પુનમચન્દ્ર શાહ**

# મુંબઈમાં

## શ્રી. ગિજુભાઇ જયંતી સપ્તાહ

મુબઇ શાખા તરફથી શ્રી ગિજુભાઇ જયતી પ્રસંગે નીચેનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે ઉપરાંત સપ્તાહ દરમ્યાન સંઘ–માન્ય બાળમંદિરો પોતાના અનુકૂળ સમયે શ્રી ગિજુભાઇ જયતી ઉજવશે, જેની જાણ દૈનિક પત્રોદ્વારા કરવામા આવશે

મુબઇ શાખા તરફથી મુખ્ય સભા તા ૧૫–૧૧–૪૬ ને શુક્રવારના દિને સ્ટાં ટા ૩ા વાગે ભગિની સમાજ ટી એન માળવી બાલમંદિર, સીમલા હાઉસ, મેથ્યુરોડ, પર રાખવામા આવશે.

એ પ્રસંગે શ્રી સરલાદેવી સારાભાઇ પ્રમુખ સ્થાન લેશે પ્રસંગો પર વિવેચન ઉપરાંત રજન કાર્યક્રમ રજુ કરવામા આવશે

તા ૧૬–૧૧–૪૬ ને શનિવારે બપોરે સ્ટા ટા. ૯ થી ૨ આદર્શ બાળમંદિર ખાર પર શિક્ષક સમેલન ગોઠવવામાં આવશે તેનાં પ્રમુખશ્રી તારાબેન છે.

તા ૧૭–૧૧–૪૬ ને રવિવારે આદર્શ બાળમંદિર ખાર તથા બાલકન જી–બારીના સયુકત આશ્રય હેઠળ એક બાળ સમેલન સ્ટા ટા ૯ વાગે, લક્ષ્મીનગર, ખારમાં શ્રી જુગતરામ દવેના પ્રમુખપણા નીચે ગોઠવવામા આવશે. એ પ્રસંગે બાળકોને શાળામા મારવા ન જોઇએ એવો ઠરાવ કરવામાં આવશે. ઉપરાત મનોરજન કાર્યક્રમ થશે. આમાં પ્રમુખસ્થાન શ્રી જુગતરામ દવે લેશે

બાળશિક્ષણમાં રસ લેતા ભાઇબહેનોને ગિજુભાઇ જયતીના કાર્યક્રમ પ્રસંગે પધારવા વિનતી છે

**બાબીબેન મુળજી,**
**તારાબેન ઝવેરી,**
**પૂર્ણિમાબેન પકવાસા.**

# બાળક અને રમકડાં....

બાળકને માટે રમકડાં પસંદ કરવામાં ઘણી બાબતો વિચારવી જોઇએ. જે રમકડું પસંદ કરવામાં આવે તે બાળકને રમવા માટેની વસ્તુ છે અને તે વસ્તુથી બાળકને રમવાનું મન થાય એવી વસ્તુ હોવી જોઇએ. જે રમકડું બાળકને ગૂંચવે, નવો અનુભવ આપે અને તેની વિકસતી શક્તિઓને વેગ આપે તેવું રમકડું બાળકને ગમે છે.

બાળકને રંગ બહુ ગમે છે, [illegible] રમકડાં રંગીન હોવાં જોઇએ, અને જે રંગ પસંદ કરવામાં આવે તે પ્રકાશિત, આંખને ગમે તેવો અને આકર્ષક હોવો જોઇએ, કે જેથી રંગમાં બાળક રસ લેતું થાય.

રમકડાં સપ્રમાણ ઘાટીલાં અને સુરૂપ આકૃતિવાળાં હોવાં જોઇએ. મનુષ્ય કે જનાવરનાં નાનાં નાનાં રમકડાં બાળક માટે ત્યાજ્ય છે.

રમકડાંની બનાવટ એવી હોવી જોઇએ કે જેથી બાળકને ઇજા થાય નહિ. રમકડાં સાદાં, સુંવાળાં હોવા જોઇએ. રમકડાંનો રંગ પાકો હોવો જોઇએ, કારણ કે જે કાચો હોય તો બાળકના મોંમા જાય અને તેથી નુકસાન થાય. બધાં રમકડાં ધોઇ શકાય એવાં હોવા જોઇએ. તે સાથે તે પકડી શકાય એવા સગવડવાળાં હોવા જોઇએ. તે વજનમાં બહુ ભારે ન હોવા જોઇએ, તેમજ સારી બેઠકવાળાં હોવા જોઇએ, કે જેથી તે વાર વાર ગબડી પડે નહિ. રમકડાં મજબૂત અને ભાંગેતૂટે તેવાં તકલાદી ન જોઇએ. જે રમકડાં સહેલાઇથી તૂટી જાય તે લાવવાં નહિ. કારણ કે એથી બાળકમાં બેદરકારી અને ઉડાઉપણાના દુર્ગુણોનાં બીજ વવાય છે. રમકડાં હમેશાં રચનાત્મક હોવાં જોઇએ.

નાના બાળકને તો ચાલવું, દોડવું, ચઢવું, હીંચકા ખાવા, સ્વારી કરવી, ખેંચવું, ધકેલવું, બોદવું, નાખવું, ખાંડવું, બનાવવું, બાંધવું અને કંઇક ને કંઇક કરવાનું ગમે છે. તેથી તેનામાં કાંઇક કર્યા કરે એવો રસ કેળવવો જોઇએ. બાળકના વિકાસ માટે માબાપ અને શિક્ષકો જુદી જુદી રમતોથી તેનામાં થતી ક્રિયા તપાસી તેને માટે રમકડાં જુદી જુદી દૃષ્ટિએ જુદા જુદા પ્રકારથી પસંદ કરી આપવાનું રાખે તો તેનો સર્વદેશીય વિકાસ સાધી શકાશે.

**ચંદુલાલ વ્યાસ**

# પ્રકાશસ્તંભ

ઘરમાં જેવો દીવો સળગે તેવું અંધારૂં ભાગી જાય છે અને અજવાળું પ્રગટ થાય છે, અને ઘરની બધી વસ્તુઓ ચોકખી રીતે દેખાવા લાગે છે.

આ વાત બીજી રીતે પણ વર્ણવી શકાય. ઘરની બધી વસ્તુઓ એટલા માટે ચોકખી દેખાય છે કે પ્રકાશે ઘરના અંધારાને ધક્કો આપીને કાઢી મૂકયું છે.

દીવાની સગી બહેન કેળવણીનું પણ શરીરની અંધારી કોટડીમાં તેજ સ્થાન છે જે ઘરના ઓરડામાં દીવાનું છે.

પણ કેળવણી નામની બત્તીઓ આજે ઘેર ઘેર દેખાય છે તેમ છતાં અંતરમાં એટલું બધુ અંધારૂં છે કે પોતાની જાતને એટલે કે માણસાઇને કેળવાયેલો ગણાતો જીવ નથી ઓળખી શકતો.

ત્યારે શું એમ માનવું કે કેળવણીનું આ સ્વરૂપ ભૂલભરેલું છે?

ના, આમાં વિરોધાભાસને માટે કોઇ પણ અવકાશ નથી. કેળવણી એટલે શું? એ સવાલનો બેજ શબ્દોમાં એકજ જવાબ છે અને તે એ કે જેનાથી અંતર પ્રકાશિત નહીં થાય તે કેળવણી નથી, પણ અજ્ઞાન છે; અને જેનાથી અંતરની બધી દૈવી વિભૂતિ પ્રગટ થાય તેજ કેળવણી છે, તેજ દીપપુંજ છે, તેજ પ્રકાશસ્તંભ છે.

**—લેખરાજ**

# જાનેવારીથી

શિ. પ. નો ઓકટોબરનો ભેટ અંક વાચકોના હાથમાં જઇને બધાંયે એ વાંચ્યો હશે એમ હું માનું છું. જાનેવારી ૧૯૪૭ થી પત્રિકાના અંતરંગ અને બહિરંગમાં સુધારો કરવાની અમારી ઉમેદ છે. ઓકટોબરનો ભેટ અંક એ સુધારો કઇ જાતનો થશે તેના નમૂનારૂપ છે એમ વાંચકોએ ગણી લેવું. દોઢું કદ થશે અને પૂઠાનું તેમજ ચિત્રનું બર્ચ વધશે તેમ છતાં પત્રિકાના લવાજમમાં માત્ર નામનો જ વધારો થશે. લવાજમ વાર્ષિક રૂા. ૩) રહેશે. પત્રિકાના વધતા જતા બર્ચને પહોંચી વળવા માટે રાષ્ટ્રપોષક સ્વરૂપની જાહેરબબરો લેવાનું ઠરાવ્યું છે. શૈક્ષણિક સાધનો, પુસ્તકો, શાળાઓ, શિક્ષકની નોકરીઓ વગેરે બાબતની જાહેર બબરોને પહેલું સ્થાન બપાશે. તે ઉપરાંત બીજી કોઇ પણ રાષ્ટ્રપોષક પ્રવૃત્તિને લગતી જાહેર બબરોને સ્થાન બપાશે. મારી સાથે પત્રવ્યવહાર કરીને જાહેર બબરોના દર વગેરે બાબતમાં ખુલાસો કરી લેવા વિનંતી છે.

શિ. પ. પર આજ સુધી દેશી વર્ષ અને દેશી મહિનો લખાય છે, તે હવેથી અંગ્રેજી વર્ષ અને અંગ્રેજી મહિનો જ લખાશે, એ તરફ વાંચકોનું ધ્યાન અમે બેચીએ છીએ. કામની સરળતાની બાતર આ ફેરફાર આવશ્યક છે.

શિ. પત્રિકાના છૂટક અંકની કિંમત ૬ આના છે.

શાતારામ નારાયણ લેન,
વાલકેશ્વર,
મુંબઇ નં. ૬.

**બાબીબેન મૂળજી**
વ્યવસ્થાપક
શિક્ષણ પત્રિકા.

મુદ્રક–પ્રકાશક:–ગો. રા. ફુલકર્ણી, ૧૧૭, હિંદુ કોલોની દાદર–મુંબઇ ૧૪, મુદ્રણ સ્થાન:–સ્ટેટસ્ મીપલ પ્રેસ, ૧૩૮, મેડોઝ સ્ટ્રીટ, કોટ, મુંબઇ

નૂતન બાલશિક્ષણ સંઘ સંચાલિત

# શિક્ષણ પત્રિકા



# બાલમિત્ર

(નૂતન બાલશિક્ષણ સંઘ)

આદ્ય તંત્રી: સ્વ. શ્રી. ગિજુભાઇ બધેકા

તંત્રી: શ્રી. તારાબેન મોડક

સહ સંપાદકો: શ્રી. ગોપાળરાવ કુલકર્ણી, શ્રી. બંસીધરજી, શ્રી. રામલાઈ પાઠક

વાર્ષિક લવાજમ: ૨) ૩. [છૂટક અંક ૬ આના

વર્ષ ૨૧] ડિસેમ્બર ૧૯૪૬ [અંક ૧૨ મો


## અનુક્રમણિકા


| | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧ | સંપાદકીય | ગો. રા. કુલકર્ણી | ૧૮૯ |
| ૨ | લોકસાહિત્ય અને બાલવાર્તા | જુગતરામ દવે | ૧૯૦ |
| ૩ | અમે ગાંધી જયંતી કેમ ઉજવી? | સંપાદક | ૧૯૨ |
| ૪ | બીકના ગંભતભર્યા પ્રકાર | સૌ. સરલા દેવધર | ૧૯૪ |
| ૫ | વાસુદેવ બાબાજી નવરંગે અનાથ બાલકાશ્રમ | તારાબેન મોડક | ૧૯૬ |
| ૬ | શિક્ષક ન્યાયાધીશ અને ગુનેગાર! | દેવશંકર ત્રેષી | ૧૯૭ |
| ૭ | શ્રી ગિજુભાઇ જયંતી | નૂ. બા. શિ. સંઘ | ૧૯૮ |
| ૮ | નોંધપોથી | પુનમચંદ શાહ | ૧૯૯ |
| ૯ | કસ્તુરબા ગાંધી રાષ્ટ્રીય સ્મારક ટ્રસ્ટ–ગુજરાત | સંપાદક | ૨૦૦ |
| ૧૦ | પત્રિકા વિષે | બાબીબેન મૂળજી | ૨૦૧ |


માણસના મગજ અને હૃદય વચ્ચે આજે જે કલહ છે તે એટલો તીવ્ર છે કે એની આગળ સ્ત્રીપુરૂષના કૌટુંબિક પ્રશ્નો તો ઝાંખા પડી જાય છે. હાથ એ ક્રિયાનું સાધન છે; ને મગજ વિચારનું સાધન છે. આજે વ્યક્તિઓનાં જીવનમાં એ હાથ અને મગજ વિષે જે ઘોર સંગ્રામ ચાલી રહ્યો છે તેને મુકાબલે મજૂર અને મૂડીદાર વચ્ચેનો વિગ્રહ તો નાનું છમકલું જ ગણાય.

—સોફિયા વાડિયા.

# સંપાદકીય

**કેટલીએક સૂચનાઓ:—**

શિક્ષણ પત્રિકાના વાંચકોમાંથી બે જણાએ પત્રિકા માટે ટીકા–સૂચનાઓ મોકલી છે. તેમાંથી એક સજ્જને (કે સન્નારીએ) નનામો કાગળ મોકલ્યો છે. નનામા કાગળોની નોંધ સાધારણ રીતે લેવામાં નથી આવતી, નજ લેવી જોઇએ. ટીકા કે સૂચના એ બરાબ વસ્તુ નથીજ—જો તે સદ્બુદ્ધિથી કરી હોય તો. શિક્ષણ-પત્રિકાનું અંતરંગ અને બહિરંગ બન્ને વધારે સુંદર થાય એવી અમારી ઇચ્છા છે જ. એ હેતુ સફળ થાય એ દૃષ્ટિથી જેટલી ટીકા આવે તેનું અમે સાભાર સ્વાગત કરીશું. પણ ટીકાકાર પોતાનું નામ છુપાવે તે યોગ્ય નથી. તેમાં લખનારના દિલની કમજોરી જણાઇ આવે છે.

અમારી પાસે જે ટીકાપત્રો આવ્યાં છે તેમાં નીચેના મુદ્દાઓ છેઃ (૧) આટલા બધા તંત્રીઓનાં નામ શા માટે લખાય છે ? (૨) મુખપૃષ્ઠ પરનું ચિત્ર સારૂં નથી. (૩) શિ. ૫. માં નૂતનબાળશિક્ષણ સંઘની પ્રવૃત્તિઓના અહેવાલ છપાવા નહીં જોઇએ. (૪) પત્રિકા નિયમિત મળી શકતી નથી.

હવે આ મુદ્દાઓનો વિચાર કરીએ.

( ૧ ) આદ્યતંત્રી શ્રી. ગિજુભાઇનું નામ મૂકવામાં અમને ઔચિત્ય જણાય છે. તેમાં કૃતજ્ઞતા પ્રગટ થાય છે અને વળી જે મહાન વ્યકતિએ પત્રિકાનું સર્જન કર્યું તેનું નામ પોતાની સામે તેમજ સમાજની સામે સતત રહેવાથી પત્રિકાનું ધોરણ ઊંચું રાખવાના પ્રયત્નમાં શૈથિલ્ય નહીં આવે.

શ્રી. તારાબેન મોડક ચાલુ તંત્રી છે, તેથી તેમનું નામ આવે તેમાં અયોગ્ય શું છે?

બાકી ત્રણ સંહપાદકો છે, એક મરાઠી વિભાગ માટે, એક ગુજરાતી વિભાગ માટે અને એક હિંદુસ્તોની વિભાગ માટે. એટલે તેમનાં નામ પણ મૂકવા ઉચિત જ છે.

(૨) ચિત્રની બાબતમાં જેવી જેની દૃષ્ટિ. અમે અમારી શકિત પ્રમાણે પત્રિકાનું સૌંદર્ય વધારવા મથીએ છીએ. એમાં બધાંને સંતોષ આપવો મુશ્કેલ છે.

(૩) નૂ. બા. શિ. સંઘનું મુખપત્ર હોઇ શિક્ષણ પત્રિકા તે સંઘના કામનો અહેવાલ આપે તે જરૂરી છે. વળી પત્રિકા, જેમ માબાપો માટે છે, તેમજ શિક્ષકો માટે પણ છે. નૂતન શિક્ષણનો પ્રચાર કરવો એ શિ. ૫. નો મુખ્ય હેતુ છે. કામના પ્રત્યક્ષ અહેવાલ આપવાથી બીજા કાર્યકર્તાઓને માર્ગદર્શન થાય છેજ. વળી સંઘની પ્રવૃત્તિઓ, તેના હિસાબ કિતાબ વગેરે સમાજ આગળ રજુ કરવાંજ જોઇએ. તેને માટે પત્રિકા શિવાય બીજું સાધન સંઘ પાસે નથી. બીજાં માસિકો કે છાપાંઓ આવી અમારી વાતો કેવી રીતે છાપે ?

માત્ર જગા ભરી કાઢવા માટે આ બધા અહેવાલો છપાય છે એ વાત બરાબર નથી. આવા અહેવાલોમાં વાંચકોના વિશિષ્ટ વર્ગને રસ ન આવે એ અમે સમજીએ છીએ. પણ વાંચકોમાં એક વર્ગ એવો છે કે જે આહેવાલો હમેશા માગે છે. વળી કાર્યકર્તાઓના કામની કદર પણ આ પ્રકારની પ્રસિદ્ધિથી થાય છે અને તેથી કાર્યને વેગ મળે છે.

(૪) પત્રિકા પહોંચવામાં અનિયમિતતા થાય છે એવી ફરીયાદ છે. તે દૂર કરવાનો બનતો બધો પ્રેયત્ન અમે કરીએ છીએ. તે છતાં ક્ષતિ જણાય તો વાંચકવર્ગ ક્ષમા કરે અને અમારૂં ધ્યાન તરતજ તે તરફ ખેંચે.

ગો. ૨. કુલકર્ણી.

☆

## અ. ભા. બાલશિક્ષણ સંમેલન

તા. ૨૯ મી ડિસેંબરે ત્રાવણકોર રાજ્યમાં ત્રિવેન્દ્રમ્ મુકામે ઉપરોકત સંમેલન ભરાવાનું છે. આ સમેલનમાં મોટી સંખ્યામાં હાજરી આપી સંમેલનને સફળ બનાવવાની વિનંતી સંમેલનના સંચાલકો કરે છે. પત્રવ્યવહારનું સરનામું:—

"કે. વી. કુડકે, મંત્રી, ચાઇલ્ડહુડ અને હોમ એજ્યુકેશન, ઓલ ઇન્ડિયા ફેડરેશન ઓફ એજ્યુકેશનલ એસોસિએશન્સ, શ્રદ્ધાનંદ પાર્ક, કાનપોર, યુ. પી."

## બાળમંદિરોનું નિરીક્ષણ

નૂ. બા. શિ. સંઘના મંત્રીઓ જણાવે છે કે સંઘ બાળમંદિરોનું નિરીક્ષણ કરવા માટે યોગ્ય નિરીક્ષકની શોધમાં છે. પણ અત્યાર સુધી નિરીક્ષણનું કામ થઇ શકયું નથી. હવે એપ્રિલ ૧૯૪૭ સુધીમાં શ્રી. તારાબેન મોડક પોતે અથવા તેમના તરફથી મોકલાયેલા નિરીક્ષક નિરીક્ષણ માટે નીકળશે. ૧૯૪૬ ની સાલમાં નિરીક્ષણ નથી થઇ શકયું તે બદલ મંત્રીઓ ક્ષમા ચાહે છે.

# લોક સાહિત્ય અને બાલવાર્તા

[શ્રી. જુગતરામ દવેને શ્રી. કાકાસાહેબ કાલેલકરે "સ્વયં શિક્ષક" તરીકે ઓળખાવ્યા . કે। પણ અધ્યાપન મંદિરમાં શિક્ષણશાસ્ત્રના તાલીમ લેવા તેઓ ગયા નથી, તેમ છતાં બાળકોને શીખવવાની શાસ્ત્રીય પદ્ધતિ તેમને અચૂક જડી આવે છે. તેથીજ તેઓ સ્વયંભૂ શિક્ષક છે. લોક સાહિત્યની બાબતના તેમના વિચારો પણ મૌલિક છે. બારના બાલશિક્ષક સંમેલન વખતે એક પ્રશ્નના જવાબમાં તેમણે લોકસાહિત્ય વિષેના વિચારો આપ્યા હતા. તેનો સાર નીચે આપ્યો છે.—સંપાદક]

લોકસાહિત્ય એટલે લોકોએ સર્જેલું સાહિત્ય. તેના રચનાર કોણ છે એ નામઠામથી નથી કહી શકાતું. તેથી તે સાહિત્ય અપૌરુષેય હોય છે. તે અપૌરુષેય છે તેથી તેમાં એક વ્યકિતના નહીં, સમગ્ર સમાજના માનસનું પ્રતિબિંબ દેખાય છે, અને તેથીજ લોકસાહિત્યમાં સમાજજીવનના સારાં નરસાં તત્ત્વો દેખાઇ આવે છે. એક રીતે લોકસાહિત્ય બાણ જેવું છે. તેમાંથી જ્યારે શિક્ષક તરીકે બાળકો માટે આપણે પસંદગી કરવાની આવે ત્યારે આપણે સારાસારવિવેક કરવો જોઇએ. જેટલું લોક સાહિત્ય તેટલું બધું જ બાળકો આગળ પીરસી શકાય તેમ નથી. આપણે સાહિત્યને ચાળીને લેવું જોઇએ. બાળકોને માટે રમકડાં જરૂરી છે, પણ તેથી કાંઇ બજારમાં જેટલાં રમકડાં દેખાય તે બાળકને આપીજ દેવાં એમ નથી હોતું. જે રમકડાં બાળકના જીવનવિકાસમાં મદદરૂપ છે તેનેજ આપણે પસંદ કરવાં જોઇએ. તેવીજ રીતે જે લોકસાહિત્ય બાળકના જીવનવિકાસને પોષક હોય તેવુંજ આપણે લેવું જોઇએ.

વળી લોકસાહિત્ય એટલે એક ભૂતકાળના ઇતિહાસનીજ ઘટના હોય એમ નથી. જ્યાં લોકજીવન છે ત્યાં લોકસાહિત્ય હોયજ. ગઇ કાલનું લોકસાહિત્ય જેમ આપણી આગળ છે તેમ આજનું લોકસાહિત્ય પણ હોવું જોઇએ. અને એ લોકસાહિત્યના સર્જકો પણ આજના સમાજના ઘટકો એટલે આપણે બધાંજ થઇ શકીએ છીએ. લોકજીવનનાં ઊંડાં તત્ત્વોને ઓળખીને તેને આપણે બાળકો આગળ પીરસવાં છે. તે માટે નવા લેખકો અને કવિઓ જાગવા જોઇએ. આપણો સર્વોત્તમ વારસો આપણે આપણા સાહિત્યદ્વારા ઊગતાં બાળકોને આપવો છે.

લોકસાહિત્યનો એક મહત્વનો ભાગ છે બાલવાર્તા. એટલે લોકસાહિત્ય માટેની ઉપરની ચર્ચા તેને માટે પણ લાગુ પડે છે. આપણી પ્રચલિત બાલવાર્તાઓમાં ઘણું અનિષ્ટ તત્ત્વો જોવામાં આવે છે. તેથીજ બોરડીના મારા વ્યાખ્યાનમાં મેં કહેલું કે આપણો વારસો અને આપણો આદર્શ એ બન્નેને વિરોધી એવાં તત્ત્વો જે વાર્તામાં હોય તેવી વાર્તાઓ આપણે ત્યાજ્ય ગણવી જોઇએ. એને બદલે આપણે નવી વાર્તાઓ રચીને બાળકો આગળ પીરસવી જોઇએ. હું પોતે સાહિત્યક નથી, મને લખતાં આવડે છે એમ પણ નથી. તેમ છતાં મેં એક વાર્તા લખવાનો પ્રયત્ન કર્યો છે. તેમાં આપણને વારસામાં મળેલો એક મહાન સિદ્ધાંત ગ્રથિત કરવાનો પ્રયત્ન મેં કર્યો છે. "तेन त्यक्तेन मुञ्जीथाः" આ તત્ત્વ આપણે આપણા જીવનમાં વણી દેવું જોઇએ. બાળકોને ત્યાગનો આનંદ માણતાં બાળપણથીજ શીખવવું જોઇએ. ત્યાગનો એ મહાન આદર્શ બાળકો આગળ રજુ કરવા માટે મેં જે વાર્તા રચી છે, તે આ રહી:

**મોર મામાની કેરી**

એક હતો છોકરો. એનું નામ ગોવિંદ.

ગોવિંદ ચાલ્યો ફરવા. ફરતાં ફરતાં વાડી આવી. વાડીમાં હતો આંબો. આંબા ઉપર મોર બેઠો હતો.

મોર કહે–કોણ ગોવિંદ કે? ટિહુક ટિહુક.
વાડીમાં ફરવા આવ્યો બેટા?
ટિહુક ટિહુક.

ગોવિંદ કહે–જય જય મોર મામા. આજ
તો વાડીમાં ફરવા આવ્યો છું.

મોર–લે બાપુ, કેરી બાપુ.

ગોવિંદ કૂદવા લાગ્યો,
ગોવિંદ નાચવા લાગ્યો,
ગોવિંદ ગાવા લાગ્યો–

બાને જઇને બતાવીશ, મોર મામાની કેરી
બાપુજીને બતાવીશ, ,, ,,
ભાઇને જઇને બતાવીશ, ,, ,,
બબલી બહેનને બવરાવીશ, ,, ,, ,,

બાવળિયા ઉપર કાગડો બેઠો હતો. તેણે આ સાંભળ્યું.

કાગડો મનમાં મનમાં કહે છે–અરે ભોળિયા ગોવિંદા ! જરાક તો મારા જેવો પાકો થા.

| | | |
|---|---|---|
| ગોવિંદા રે ગોવિંદા | કા | કા કા કા |
| કાચો થામા પાકો થા | ,, | ,, |
| કેરી ઝટ ઝટ ખાઇ જા | ,, | ,, |
| વહેલો ચટ કરી જા | ,, | ,, |
| બા જોશે તો પટાવી લેશે | ,, | ,, |
| બાપા જોશે તો ઉડાવી જાશે | ,, | ,, |
| ભાઇ ઝડપીને ભાગી જાશે | ,, | ,, |
| બબલી રોઇને માગી લેશે | ,, | ,, |
| પાકો હોય તો ખાઇ જા | ,, | ,, |
| કાચો હોય તો લઇ જા | ,, | ,, |

ગોવિંદ કહે–તમારી મહેરબાની કાગડા·કાકા. પણ હું કાંઈ કાગડો નથી, હું તો માણસ છું.

ગોવિંદ કૂદવા લાગ્યો,
ગોવિંદ નાચવા લાગ્યો,
ગોવિંદ ગાવા લાગ્યો.

| | | |
|---|---|---|
| બાને જઇને બતાવીશ | મોર મામાની કેરી | |
| બાપુજીને બતાવીશ | ,, | ,, |
| બબલી બહેનને બવરાવીશ | ,, | ,, |

વાડમાં હોલો રાણો સંતાઇ રહ્યો હતો. તેણે આ સાંભળ્યું.

હોલો મનમાં મનમાં કહે છે આ તો ઢોલો લાગે છે, હોલો હોય તો આવું બોલે નહીં.

હોલો કહે—

| | | |
|---|---|---|
| ગોવિંદ રે ગોવિંદ | ધૂ | ધૂ ધૂ ધૂ |
| ઢોલો થા મા, હો | ,, | ,, |
| કેરી ઝટ ઝટ ખાઈ જા | ,, | ,, |
| અહિંયાને અહિંયા ચટ કરી જા | ,, | ,, |
| બા જોશે તો પટાવી લેશે, | ,, | ,, |
| બાપા જોશે તો ઉડાવી જાશે | ,, | ,, |
| ઝૂંટીને ભાગી જાશે | ,, | ,, |
| બબલી રડીને માગી લેશે | ,, | ,, |
| ઢોલો હોય તો ખાઇ જા | ,, | ,, |
| ઢોલો હોય તો લઇ જા | ,, | ,, |

ગોવિંદ કહે–તમારો આભાર માનું છું, હોલા રાણા. પણ, હું કાંઇ હોલો નથી.

હું તો માણસ છું.

ગોવિંદ તો કૂદવા લાગ્યો,
ગોવિંદ નાચવા લાગ્યો,
ગોવિંદ ગાવા લાગ્યો–

| | | |
|---|---|---|
| બાને જઇને બતાવીશ, | મોર મામાની કેરી | |
| બાપુજીને બતાવીશ, | ,, | ,, |
| ભાઇને જઇને બતાવીશ | ,, | ,, |
| બબલી બહેનને બવરાવીશ, | ,, | ,, |

તળાવડીમાં બગલા મુનિ ધ્યાન ધરતા હતા. બગલો મનમાં મનમાં કહે છે–

આ તો સાવ ભગલો છે. ઠગ વિદ્યા જરાય જાણતો નથી.

બગલો કહે છે–ગોવિંદ રે ગોવિંદ,

( આંખ મીંચીને )

ટપ માછલું, ટપ માછલું.

| | | |
|---|---|---|
| ભગલો થામા, બગલો થા | ,, | ,, |
| કેરી ટપ ટપ ખાઇ જા | ,, | ,, |
| બા જોશે તો પટાવી લેશે | ,, | ,, |
| બાપા જોશે તો ઉડાવી જાશે | ,, | ,, |
| ભાઇ ઝડપીને ભાગી જાશે | ,, | ,, |
| બબલી રડીને માગી લેશે | ,, | ,, |
| બગલો હોય તો ખાઇ જા | ,, | .. |
| ભગલો હોય તો લઇ જા | .. | .. |

ગોવિંદ કહે–મહેરબાની બગલા મુનિ હું કંઇ બગલો નથી. હું તો માણસ છું

પછી ગોવિંદ તો કેરી લઇને ઘેર ગયો. ઘરમાં સોને કેરી બતાવી. ફરી ફરીને બતાવી. વારે વારે બતાવી.

બાને કેરી દેખાડી.

બાપુજીને દેખાડી.
ભાઇને કેરી દેખાડી.
બબલી બહેનને બોલાવીને
આખી કેરી બવડાવી.
બા રાજી થયાં
બાપુજી રાજી થયા
ભાઈ રાજી થયા.
બબલી બહેન બહુજ રાજી થઇ અને
ગોવિંદ ભાઈ તો રાજી રાજીના રેડ થયા.

આમાં આપ જોશો કે જાનવરોમાં જે સ્વાભાવિક સ્વાર્થવૃત્તિ છે તે માણસમાં ન હોવી જોઇએ એવું બતાવવાનો મેં પ્રયાસ કર્યો છે. હોલો, કાગડો, બગલો, વગેરેનો સ્વભાવ પોતા પૂરતો જોવાનો છે. પોતાની ઉપભોગની ચીજ પોતેજ ખાઇ જવી જોઇએ, બીજાને બતાવીએ તો બીજા તેને ઝુંટવી લેશે એ તેમનું તત્વજ્ઞાન આપણે બાળક આગળ નહીં પીરસી શકીએ; કારણ કે માણસ પશુ નથી; પશુથી શ્રેષ્ઠ છે. માણસને ભોગ કરતાં ત્યાગમાંજ વધુ આનંદ આવે છે. પેલા છોકરાના બાપે તેની કેરી ન લીધી, માએ પણ ન લીધી, બધાંએ એનેજ ખાવાનું કહ્યું. પણ એણે જાતે ખાધી નહીં, પણ તે પોતાની નાની બહેનને બવરાવી. બ્હેન રાજી થઇ, મા, બાપ બધાં રાજી થયાં. પણ સૌથી વધારે રાજી છોકરો થયો કારણ કે તેને ત્યાગનો આનંદ, ત્યાગનો ભોગ મળ્યો. આ મહાન તત્વ મેં આ વાર્તામાં ગૂંથવાનો પ્રયાસ કર્યો છે. આ તત્વ કલાત્મક રીતે રજુ ન થયું હોય તો તે દોષ મારો છે, તત્વનો નથી.

કલા અને કલ્પનાનું સૌંદર્ય જેનામાં નથી તે વાર્તાકાર નહીં થઇ શકે. કેટલાક લોકો કહે છે કે કાલ્પનિક વાર્તાઓ અસત્ય છે તેથી ત્યાજય છે. પણ એમાં અસત્ય નથી. કલ્પનાની સમૃદ્ધિ હમેશાં સત્યપરજ રચાય છે. સત્યથી વેગળી કલ્પના તે કલ્પના નથી પણ તરકટ છે. તેથીજ આપણી પરીકથાઓમાં મને કલ્પનાનો અભાવ દેખાય છે. કલ્પનાનો ત્યાગ કરવા બેસીએ તો સાહિત્ય સર્જાયજ નહી, વાર્તા સાહિત્ય પેદાજ ન થાય. તેથી કલ્પનાને સત્યની ભૂમિકા પર ગોઠવી જીવનના સૌંદર્યને પોષનાર બાલ સાહિત્ય આપણે સર્જવું જોઇએ અને તેને આપણે બાળકો આગળ રજુ કરવું જોઇએ. આ કામ કોણ કરી શકે તે દરેકે જાતે જોવાનું છે. પણ એક વાત નક્કી છે કે આ કામ આપણામાંથીજ કોઇએ કરવાનું છે. જેનામાં લખવાની કલા છે, કાવ્યશક્તિ છે, રચનાચાતુર્ય છે તે લખે, સર્જે; પણ પોતાના સર્જનમાં જીવનને પોષક મૂલભૂત સિદ્ધાન્તો ભુલાવા નહીં જોઇએ. તોજ આપણું સાહિત્ય પ્રાણવાન થશે, તોજ તે સાહિત્ય બાલકના જીવનવિકાસમાં ઉપકારક નીવડશે.

જુગતરામ દવે.

## આ મે ગાંધી જયંતી કેમ ઉજવી ?

[ પાટણ ધીરે ધીરે બાલશિક્ષણનું મહત્ત્વનું મથક બનતું જાય છે. ત્યાં સારો એવો કાર્યકર્તાઓનો જૂથ છે. તેના મોવડી શ્રી. પુનમચંદ શાહ બી. એ. એલ. એલ. બી. છે, બાલશિક્ષણની તાલીમ લીધેલ છે, વ્યાયામની તાલીમ પામેલ છે. તેમની દોરવણી નીચે પાટણમાં કેવું સુંદર કામ ચાલે છે તેની કલ્પના આ અહેવાલથી આવશે. અમે આશા રાખીએ છીએ કે પૂ. ગાંધીજીના જન્મ દિવસે જે શુભ પ્રવૃત્તિ ઉત્સાહભેર ઉપાડવામાં આવી તે પાટણની એક કાયમની પ્રવૃત્તિ થઇ જશે. આ અહેવાલ ઉપરથી બીજા કાર્યકર્તાઓને પ્રેરણા મળશે એમ લાગવાથી જ આ અહેવાલ આપીએ છીએ.—સુંપાદક ]

છેલ્લાં અઢી વર્ષ થયાં અમે પાટણમાં એક બાલમંદિર ચલાવીએ છીએ. અમારૂં બાલમંદિર સર્વાંગે સાર્વજનિક હોવા છતાં, અને પછાત કોમનાં બાળકોને બાલમંદિર લાવવા ઘણીવાર બાસ પ્રયત્નો પણ કરવા છતાં, બહુ જ ઓછા પ્રમાણમાં તે કોમો એનો લાભ ઉઠાવે છે તે અનુભવસિદ્ધ હકીકત છે. એટલે આ વર્ષે ગાંધી જયંતી દરમ્યાન તેમનીજ વચ્ચે જઇ એક રચનાત્મક પ્રયોગ કરવા અમે વિચાર્યું અને બાલશિક્ષણ અમારૂં ક્ષેત્ર હોઇ તેનોજ પ્રયોગ હરિજન કોમના બાળકો માટે કરવાનું અમે ઉચિત ધાર્યું. આ માટે અમે પાટણના મુખ્ય હરિજન લત્તા મોટીસરા, નાનીસરા, તથા મોતીશા દરવાજે હરિજનવાસ એ બધા જોઇ આવ્યા. મોટીસરા અને નાનીસરા અનુક્રમે ૨૦૦, અને ૫૦, ઘરના જથ્થા છે. તેમની

બાજુમાંજ સરકારી હરિજન શાળા છે. શાળા નજીક હોવાને કારણે તેમજ બીજી ઊજળીઆત કોમોનો વધારે નજીકનો સહવાસ હોવાને લીધે આ લત્તાનાં લોકો અને બાળકો વધારે સ્વચ્છ અને કેળવાયેલાં જણાયાં. આ સાથે સરખાવતાં મોતીશા દરવાજાનો હરિજનવાસ ઘણો જ પછાત માલમ પડ્યો. શાળા દોઢેક માઇલ કરતાં પણ દૂર હોવાને કારણે અને આજુબાજુ પણ વાઘરી, બામચા તેમજ બીજી પછાત કોમોની વસ્તી હોવાને કારણે આ લોકો અભણ તેમજ ગંદા જણાયા.

અમારા પ્રયોગને માટે અમારે આવોજ કોઇ સેવાને માટે વધુ અવકાશવાળો લત્તો પસંદ કરવાનો હતો. અમારી નજર ત્યાં ઠરી અને અમે પ્રયોગ શરૂ કર્યો.

આ લત્તામાં વણકરોનાં તથા ચમારોનાં મળીને પચાસેક ઘર છે. લત્તાની મધ્યમાં લીમડા નીચે જગા પસંદ કરી અને ત્યાંનાં ભાઇ બહેનોને એકઠાં કરી વાતચીત શરૂ કરી.

અમને તેમની વચ્ચે ગયેલાં જોઇ કુતૂહલથી મોટા પ્રમાણમાં સ્ત્રી પુરૂષો ત્યાં એકઠાં થયાં. અમે અમારૂં ત્યાં જવાનું કારણ તેમને જણાવ્યું અને અમારા કાર્યમાં તેમનો સહકાર માગ્યો.

મહિને દિવસે બે ચાર આના આપી છૂટી સહકાર આપીએ છીએ એમ બતાવવા ટેવાયેલા લોકોને અમારા તરફથી આવી નાણાકીય મદદ વગરનો ફકત બાળકોની સુધારણામાં સક્રિય સહકાર માગવાનું સાંભળી ઘણાને આશ્ચર્ય થયું. તેમને કેટલું કે નહિ સમજાયું હોય છતાં તેમનામાં સંસ્કારની ભૂખ અને કેળવણી તરફની અભિમુખતા અમને સ્પષ્ટ દેખાયાં. અને યોગ્ય વાતચીત પછી તેઓએ અમને સહકાર આપવાનું કબૂલ્યું. નિયત કરેલી જગાને વ્યવસ્થિત કરવાની અમે શરૂઆત કરી. બધાં જ બાળકો પોતાને ઘેરથી ઘડા લાવી પાણી લાવ્યાં, સાદીનાં બબ્બે ત્રણ ત્રણ ઢેફાં લઇ આવ્યાં, અને પાદરેથી દોડતાં દોડતાં છાણ લઇ આવ્યાં. મોટાંઓએ લીપવાનું કામ કર્યું અને એટલી માંડી આપી. અને આ રીતે ભાડૂતી માણસો દ્વારા તેમને કામ તૈયાર કરી આપવાને બદલે બાળકો તેમજ મોટેરાંઓના સહકારથી ફકત બેજ કલાકમાં જગાની સફાઇ, લીંપણ, એટલી વગેરે અમે કરી લીધું.

આ પ્રસંગે અમને સુધરેલી કહેવાતી કોમોમાં ચાલી રહેલો આગેવાનીનો મોહ અને પક્ષાપક્ષી અહીં પણ જોવા મળ્યાં, પરંતુ તેનું પ્રમાણ ઘણું જ ઓછું હતું, જેથી સામાન્ય સમજુતીથી બધાં એકતાથી અમારી સાથે જોડાયાં.

બીજેજ દિવસથી સમૂહપ્રાર્થના, ભજનધૂન, બાલવાર્તાઓથી અમે અમારૂં કામ શરૂ કર્યું. બાળકો સાથે શારીરિક સ્વચ્છતા તેમજ થોડીક વ્યાવહારિક જીવનની વાતો વિષે અમે વાતચીત કરી. આ બાળકોને દાતણ કરવું, માથું હોળવું કે નહાવું ધોવું એ તો જાણે વાર તહેવારનો વિષય હતો. એના પરિણામે પચાસ ટકા બાળકો ચામડીના રોગોથી પીડાય છે.

બસ અને ગડગૂમડ એ એમનો બારમાસ રોગ છે. ઘણાં બાળકોનાં માથાં તો સૂગ આવે એવી રીતે ગૂમડાંથી સડી ગયાં હતાં. આ બધાંને કારણે આ બધાંને સાફ કરવા અને દવા લગાવવી એ પહેલે જ દિવસથી અમારો રોજીંદો કાર્યક્રમ બની ગયો છે.

એક બાળક બસ અને ગૂમડાંથી બૂબજ સડી ગયેલું હતું, એની મા પણ એની પાસે જ બેઠી હતી. ધીરેથી અમે એને સમજાવવા માંડ્યું. "બેન આ છોકરાને આટલી બધી બસ થઇ છે તો તમે સંભાળતાં કેમ નથી?" તેણીએ જવાબ આપ્યો, "ભાઇ સાહેબ, રાંડી રાંડ છું, એ બધા ચાળા કરવા બેસું તો છોકરાંને શું બવડાવું?" આ શબ્દોમાં તેમના જીવનની કરુણતા સાથે સાથે તેમની અજ્ઞાનતાની પરાકાષ્ટા હતી. છોકરો પૂરેપૂરો સડી જાય અને પછી એની સારવાર પાછળ દેવાં કરીને પણ દિવસોના દિવસો બગાડવા પડશે એ કરતાં થોડો સમય તેની સાફસુફી પાછળ કાઢવો એ સીધો અને શ્રેયસ્કર રસ્તો છે એટલું એ બેનને સમજાવતાં અમને સારો એવો સમય લાગ્યો.

પહેલેજ દિવસથી સારાં બાળકો અને ચામડીનાં દરદી બાળકોને જુદાં બેસાડ્યાં. અને આ દરદોનું મૂળ સ્વચ્છતાનો અભાવ છે તે વસ્તુ મોટેરાઓ અને બાળકોને સમજાવી, ઘરમાં પણ ચેપથી દૂર રહેવા સમજાવ્યાં. સાથે સાથે દાતણ, કોગળા કરવા, નહાવું, માથું હોળવું વગેરે સમજાવ્યું. બાળકો એટલા ઉત્સાહમાં આવી ગયાં હતાં કે અમારા ત્યાંથી નીકળ્યા પછીજ નળ શરૂ થયો એટલે નહાવા લાગ્યાં, કોલસો વાટી દાંત સાફ કરવા લાગ્યાં, અને લીમડાના દાતણથી જીભ સાફ કરવા લાગ્યાં. બીજે દિવસે બાળકોનો અમારો વર્ગ પચાસ

ટકા સાફ જણાયો.

એકજ દિવસમાં આટલી પ્રગતિ જોઇ અમારામાં પણ અનેરો ઉત્સાહ અને વિશ્વાસ આવ્યો અને બીજેજ દિવસથી અમે બ્લડ ગૂમડાનો મલમ, આંખનાં ટીપાં વગેરે જરૂરી દવાઓ સાથે લઇ જવા લાગ્યાં. કાતરો લઇ જઇ ઘણાં બાળકોના નખ કાપી આપ્યા. મોટાં બાળકોને પોતાના હાથે કાપતાં શીખવ્યું. દવા આપતાં અમને એક અનુભવ થયો કે આ લોકોમાં ધર્માદા બાવાની વૃત્તિ વિશેષ પ્રમાણમાં છે. કારણ દર્દ વગરનાં અને મોટેરાં પણ દવાખાનામાં ન જતાં અમારી પાસેથી દવાઓ અને મલમ વગેરે મેળવવા કાલાવાલા કરતાં હતાં. પરંતુ જેમ જેમ આ વૃત્તિના ઊંડાણમાં અમે ઊતરતાં ગયાં તેમ તેમ અમને સમજાયું કે આ લોકોની દવાની આકાંક્ષા તેમને દવાખાનામાં દવા મેળવવામાં પડતી મુશ્કેલી છે. કહેવાતા ધર્માદા કે સરકારી દવાખાનામાં તેઓ સહેલાઇથી અંદર જ જઇ શકતાં નથી તો ડોકટર સાહેબના ઓરડા સુધી તો કેવી રીતે જઇ શકે? સવારે જાય અને દવાખાનું બંધ થવા વખતે મલમ જેવી દવા પણ મેળવી શકે તો નસીબદાર! એટલે એમની આ વૃત્તિના ઊંડાણમાં અમને તો સામાજિક અવ્યવસ્થાનુંજ સ્પષ્ટ દર્શન થયું. આ પછી તો અમે એક જરૂરી દવાઓની પેટી ત્યાં રાખવાનો નિશ્ચય કર્યો અને જરૂર પ્રમાણે તેમને આપવાનું નકકી કર્યું.

શરૂઆતમાં અમારો વિચાર જયંતી પૂરતોજ બાલવાડીનો આ પ્રયોગ ચાલુ રાખવાનો હતો. પરંતુ દસ દિવસના અમારા અનુભવથી અમને લાગ્યું કે જો ખરૂં કાર્ય કરવું હોય તો આજ ક્ષેત્ર છે.

બાળકો સાથેના સંપર્કમાં આવતાં વાલીઓના પ્રશ્નોમાં પણ અમારે ઊતરવું પડયું અને જોયું કે આમાંના ઘણાં દારૂની બદીમાં ડૂબેલાં છે. ફરજીઆત દંડનો પ્રશ્ન એમને બૂબ સતાવી રહ્યો છે. આ માટે અમે પ્રયત્ન હાથ ધર્યો છેજ.

વણવાનું તેમનું મુખ્ય કામ છતાં તેમને જોઇતું સૂતર મળી શકતું નથી. આનો ઉપાય એજ છે કે હાથ કંતાઇ શરૂ થાય અને તેજ સૂતર તેઓ વણે. જો આમ થાય તો સૂતર ન મળતાં આળસમાં જે વખત જાય તેનો સદુપયોગ થાય. કપાસ કાઢવાથી શરૂ કરી કાંતવા સુધીનું આખું એ વસ્ત્ર વિજ્ઞાન અમે બાલવાડીમાં બાળકો માટે ખાસ વિષય તરીકે આ દૃષ્ટિએ રાખ્યું છે. કારણ આગળની વણવાની ક્રિયા તો એમનો ધંધો જ છે. સાથે સાથે નજીકમાંજ કોઇ વિશાળ જગા શોધી તેમાં બાળકોની મદદથીજ થોડાં શાકભાજી ઉગાડી તે દ્વારા તેમના અધૂરા પોષણનો પ્રશ્ન ઉકેલવા અમે ઇચ્છીએ છીએ અને આ રીતે બાલવાડીમાં અક્ષરજ્ઞાન કરતાં, આહાર અને આરોગ્ય ઉપરાંત બીજી પણ જીવનની આવશ્યક પ્રાથમિક જરૂરીઆતોને પ્રાધાન્ય આપવા માગીએ છીએ.

દારૂની બદી છોડાવવા અને બીજાં અનેક વહેમો અને વ્યસનો દૂર કરાવવા પ્રૌઢ શિક્ષણ વર્ગ અને એવાં આવશ્યક કાર્યો યોગ્ય સમયે શરૂ કરવાનું અમે વિચારી રહ્યા છીએ. પરંતુ આ પ્રયોગ પછી અમે બાલવાડીને કાયમનું સ્વરૂપ આપવાનું અને એ દ્વારા બાળકો અને વાલીઓ સાથેનો જીવન સંપર્ક ચાલુ રાખવાનું બૂબજ આવશ્યક માની એ દિશામાં પગલાં પણ માંડયાં.

અમારો આ નવોજ પ્રયોગ હોઇ, અનુભવી મિત્રો વખતો વખત અમને માર્ગદર્શન કરતા રહેશે એવી આશા રાખીએ છીએ. અને અમારામાં ખંત અને ધીરજ ચાલુ રાખી અમારા આ કાર્યમાં સફળતા મળે એવી પ્રભુ પ્રત્યે પ્રાર્થના કરીએ છીએ.

# બીકના ગંભીર પ્રકાર

[આ લેખનાં લેખિકા મુંબઇના શિશુ વિહારમાં મુખ્ય શિક્ષિકા છે. વર્ષની શરૂઆતમાં ૨ થી ૩ વર્ષનાં બાળકો શિશુવિહારમાં નવાં નવાં આવે છે તે વખતે દર વરસે તેમને જે અનુભવ થાય છે તે લેખિકાએ આ લેખમાં આપ્યો છે. સંપાદક.]

જૂનમાં શાળા શરૂ થઇ. નવાં બાળકો આવતાં હતાં. કોઇ બે વર્ષનાં, કોઇ અઢીથી ત્રણ વર્ષનાં, તો કોઇ પાંચ વર્ષનાં.

શરૂઆતના દિવસો બાળકોની દૃષ્ટિએ કેટલા મહત્વના હોય છે! શાળાની જે છાપ પહેલે દિવસે પડે છે તે બાળકના મન ઉપર રહે છે.

કેટલાંક બાળકો પહેલ દિવસે રડે છે, તો કેટલાંક મહિનાઓ સુધી રડે છે. આમ રડવાનાં કારણો અનેક છે.

કેટલાકને ઘર છોડીને આવવું ગમતું નથી. કોઇને મા છોડવી ગમતી નથી. કોઇને શાળાની બીક લાગે છે. કોઇને ઘણાં છોકરાંઓ સાથે હળીમળીને રમવું ગમતું નથી. કોઇને શાળામાં માર પડશે કે શું એમ લાગે છે. આવાં અનેક કારણો છે.

ઘર છોડવાનું ગમતું નથી તેનું કારણ શાળામાં બધા ચહેરા નવીન લાગે છે. ઓળખીતું કોઇ નહીં. એટલે આવે વખતે જે કોઇ મૂકવા આવ્યું હોય તેને છોડતાં નથી. ઘણાં બાળકો મા સિવાય બીજા કોઇની પાસે જવા ટેવાયલાં ન હોવાથી રડ્યા કરે છે.

બાળકો રડે છે તેમાં કાંઇ ખાસ વિશેષ નથી. પણ તેમને માથી છોડાવવાં તે કઠિન કામ છે. બાળકોએ રડ્યા વિના શાળામાં જવું એવી ઇચ્છા હોય છે. પણ આપણને મોટાંઓને પણ નવી જગ્યાએ જઇએ ત્યાં ગમતું નથી એવું નથી બનતું શું? આપણે મોટાં છીએ તેથી રડતાં નથી અને તે નાનાં છે માટે રડે છે.

બાળક રડે નહીં તે માટે માતા અનેક પ્રકારની બીક દેખાડે છે. પણ આ બીકનું પરિણામ ન રડવામાં આવવાને બદલે બાળક વધારે રડે છે. તે કેવી રીતે તે આપણે જોઇએ.

માતા અથવા નોકર ઘેરથી નીકળતાં જ બાળકને બીક બતાવવા લાગે છે, 'જો આજ શાળામાં તું રડીશ તો એન મારશે. અથવા પૂરી દેશે–એટલે તારે શાળામાં જ પુરાઇ રહેવું પડશે. અને પછી અમે ઘેર મજા કરશું તે તને નહીં મળે.'

'આજ હું એનને કહેવાની છું કે તું ઘેર બહુ હઠ કરે છે, એને અહીં શાળામાંજ રાખે!'

આવાં અનેક પ્રકારનાં વાક્યો આપણે સાંભળીએ છીએ. તેનું પરિણામ આપણી ઉપર કશું થતું નથી, પણ બાળકના મન ઉપર તેનું પરિણામ કેવું અને કેટલું થાય છે તેનો વિચાર આપણે કરવો જોઇએ.

બાળકને ઘર છોડીને, ઘરનાં સર્વ માણસોને છોડીને શાળામાં જવાનું હોય છે. કોઇની ઓળખાણ નહીં. મન નાજુક બન્યું હોય, એવે સમયે ઉપરનાં વાક્યો સાંભળે, ત્યારે તેના આળા મન ઉપર કેટલું જલ્દી પરિણામ થાય! રડવાનું રોકી શકાય નહી (કારણ કે તેના હાથમાં નથી હોતું) અને રડીશ તો માર પડશે એમ માએ કહ્યું હોય છે. ઘેર જવાનું મળશે નહીં. આવાં વાક્યો યાદ આવવાથી ઉલટું વધારે રડવું આવે.

આવે વખતે શિક્ષિકાએ માયું ન હોય, સમજાવીને છાનું રાખવા ગમે તેટલો પ્રયત્ન કર્યો હોય છતાં તેને શિક્ષિકાની બીક જ લાગ્યા કરે છે. અને તેથી શિક્ષિકા અને બાળક બન્નેને સમરસ થવાનો વખત મળતો નથી.

કોઇ વખત બાળકને શાળામાં મૂકવા આવેલી માતા તેને શિક્ષિકાને સોંપીને તરત ચાલ્યા જવાને બદલે રડતા બાળકને સમજાવવા બેસે છે. જરાક બાળક શાંત થાય કે જવા લાગે છે. એટલે બાળક રડવા લાગે છે. પણ તે કરતાં શિક્ષિકાને સોંપીને ચાલ્યા જવું સારું. શિક્ષિકા અને બાળકનો પરસ્પર સંબધ થતાં એક બે દિવસ તો લાગેજ. બહુ તો બે દિવસ બાળક રડે. પણ ઘણાંખરાં બાળકો તો બા દેખાતી બંધ થઇ કે છાનાં રહી જાય છે. તેથી આ વખતે માતાએ બાળકને શિક્ષિકાને સોંપીને ચાલ્યા જવું જોઇએ. કેટલીક વાર જે બાળકની સ્થિતિ હોય છે તેજ માતાની પણ હોય છે. બાળકને રડતું મૂકીને એનાથી જઇ શકાતું નથી. શિક્ષિકાના કહેવાથી એ જાય છે. પણ પંદર વીસ મિનિટ પછી બાળક છાનું રહ્યું કે નહીં તે જોવા ફરીથી આવે છે. આ વે સમયે શિક્ષકાને ખૂબ હેરાનગતી થાય છે. કારણ મહા મહેનતે એણે બાળકને છાનું રાખેલું હોય છે તેવામાં માતા કે નોકર નજરે પડે એટલે ફરી રડવા લાગે છે. અને ફરી પાછું એને છાનું રાખતાં પહેલાં જેટલોજ સમય જાય છે.

તેથી ફરી પાછા આવવાનું બંધ કરવું જોઇએ. અથવા બાળકને જોવા આવવું જ હોય તો છાનામાના જોઇને પાછા ચાલ્યા જવું.

એક માતાએ પોતાના બાળકને બહુ વિચિત્ર પ્રકારની બીક બતાવી હતી. તેનું બાળક ઘેરથી નીકળતાંની સાથે જ રડતું હતું. તેનો ઉપાય એટલે માતા રોજ એક મરચું લઇ આવતી અને બાળક રડવા લાગે કે તેના મોઢામાં મરચું મૂકતી. બીકનો કેવો ભયાનક પ્રકાર!

પણ આનાથી તો બાળક રડતો છાનો રહી જ

શકે નહીં ઊલટું મરચાથી કાયમને માટે ડર તો થાય.

એક માતાએ બાળકને કહ્યું કે તું જો આજ રડીશ તો ઘેર આવ્યા પછી હું તારા બાપુજીને કહીશ કે એને માટે બૂટ લાવતા નહીં. બાળકને થતું હશે કે બૂટને અને રડવાને શો સંબંધ હશે ?

કોઇ માતા કહી જાય છે. 'તું રડીશ નહીં હું હમણાં પાંચ મિનિટમાં આવું છું.' બાળકને પાંચ મિનિટ એટલે શું એની કલ્પના હશે એનો વિચાર આવતો જ નથી. પરંતુ બાળકને સમયની કલ્પના હોય છે અને થોડો વખત થાય કે તે રડવા લાગે છે, બા પાંચ મિનિટમાં આવવાની હતી. પણ હજી કેમ ન આવી ? કેટલો બધો વખત થઇ ગયો ? બીજે ત્રીજે દિવસે તો બાળક ચોખ્ખું કહી દે છે કે: 'તું બોટું બોલે છે, તું જલ્દી આવતી નથી.' આવે વખતે સાચું અને ચોકકસ કહેવાનું કામ સરળ હોય છે. જતી વખતે જ બાળકને કહી જવું કે: 'હું તને મૂકીને જાઉં છું અને હવે બે વાગતાં (અથવા શાળાનો જે સમય હોય તે વખતે) આવીશ''.

કોઇ વાર શું થાય છે કે બે વાગ્યાનું કહીને ત્રણ વાગ્યા સુધી આવે નહીં. પણ એમ ન કરતાં બરાબર સમય આપ્યા પ્રમાણે વખતસર હાજર થવું જોઇએ એ બાળકની દૃષ્ટિએ ઘણું મહત્વનું અને લાભકારક છે.

આ વાત માતાઓ ધ્યાનમાં લેશે તો તેમનું અને શિક્ષકોનું બંનેનું કામ સરળ થશે.

**સૌ. સરલા દેવધર**

---

# વાસુદેવ બાબાજી નવરંગે અનાથ બાલકાશ્રમ, પંઢરપૂર

## પરિચય

આ અનાથ બાલકાશ્રમ ગયાં પોણોસો વર્ષથી પંઢરપૂરમાં અનાથ બાળકોને સંભાળવાનું, ઉછેરવાનું, તેમને ભણાવી ગણાવીને રસ્તે ચઢાવવાનું પવિત્ર કામ કરે છે. મુંબઇ પ્રાર્થના સમાજ તરફથી આ સંસ્થા ચાલે છે.

દુકાળને કારણે જેમનું પોષણ થઇ શકતું નથી, ગરીબાઇની હદ આવી જવાથી જેમનું પોષણ થઇ શકતું નથી અને અનીતિથી પેદા થયેલાં અને તેને લીધે તજી દેવાયેલાં અનાથ બાળકો આ સંસ્થામાં આવે છે. પહેલાં તો આ સંસ્થાની બહારની બાજુ એક પેટી રાખવામાં આવતી હતી. તેમાં તાજાં જન્મેલાં બાળકો મૂકી જવામાં આવતાં. જેથી એ કોનાં છે તે ખબર ન પડે. હવે એ રીત બંધ કરી છે. અત્યારે અનાથ બાળકોને લેવામાં આવે છે.

આ સંસ્થાને શ્રી. રમાબાઇ નવરંગેએ પોતાના મહાન શ્વશુરની યાદગીરીમાં તેમના નામે ત્રીસ હજાર રૂપિયાની ઉદાર સખાવત આપી. તેથી ઉપરના નામથી આ સંસ્થા ઓળખાય છે.

આજ આ સંસ્થા પાસે ઉત્તમ મકાનો છે અને બીજી અનેક બાબતમાં એ સંપન્ન છે. પરંતુ ચાલુ ખર્ચ મેળવવાની હજી મુશ્કેલી પડે છે.

આટલાં વરસો અત્યંત પ્રયત્નપૂર્વક અને સતત મહેનત લઇને ચલાવેલી આ સંસ્થાનો લાભ અનેકોએ લીધો છે. અન્ય પ્રાંતોના લોકો પણ તેનો લાભ લે છે. અનેક ધનિકોએ તેને દાન આપેલાં છે. અનેક મોટા મોટા અધિકારીઓ તેની મુલાકાત લઇને સંતોષ વ્યકત કરે છે. પરંતુ તેનું વાર્ષિક લગભગ અર્ધા લાખનું ખર્ચ કેવી રીતે ચલાવવું તેનો કોઇ વિચાર કરતું નથી તેમ તેને માટે પ્રયત્ન કરતું નથી.

## સામાજિક સંસ્થાનો ખર્ચ

આ પ્રશ્ન ફકત આજ સંસ્થાનો છે એમ નહીં; અનેક સંસ્થાઓ વરસો વરસ દાન ઉપર નભે છે. પણ દાન સામેથી આવવાં જોઇએ એમ બનતું નથી. કાર્યકર્તાઓએ ઘેર ઘેર અને ધનિકોનાં ઘર આગળ ધકકા ખાવા પડે છે. હંમેશા પૈસાની ચિંતામાં રહેવું પડે છે અને પૂરતી રકમ ન મળવાથી સંસ્થા જેટલા જોસથી અને ઉત્તમ પ્રકારે ચાલવી જોઇએ તેટલા જોસથી આગળ વધી શકતી નથી.

અત્યારે આપણી સરકાર રાજ્ય કારભાર ચલાવે છે તેણે પહેલાં સંસ્થાને સનાથ કરવી જોઇએ. રાષ્ટ્રોદ્ધારની દૃષ્ટિએ કઇ સંસ્થા ઉપયોગી છે અને કઇ નથી તે નક્કી

કરવું જોઇએ. દરેક સંસ્થા જોવા માટે અને તેનો અભ્યાસ કરવા માટે એક સમિતિ નીમવી જોઇએ. અને પછી જે સંસ્થા ચલાવવી જોઇએ એવો સમિતિનો મત થાય તેને નિયમિત રીતે ખર્ચની રકમ મળી રહે તેવી યોજના કરવી જોઇએ.

આવી બધી સંસ્થાઓ ચલાવવાનું સઘળું ખર્ચ સરકાર પોતાની તિજોરીમાંથી કરી શકશે એમ નથી. પરંતુ ખર્ચ ચલાવવાની યોજના તે જરૂર કરી શકે. ધનિકોનું અને દાનવીરોનું ધ્યાન આ બાજુ જરૂર દોરી શકે. દાન માગવા માટે હમેશા પૈસાદારોની પાછળ ફરીને પોતાના જોડા ફાડનારા કાર્યકર્તાઓને એ કામમાંથી મુકત કરવાની જરૂર છે. આખા પ્રાન્ત માટે એક પૈસા એકઠા કરનારી સમર્થ સમિતિ નીમવી જોઇએ અને તેણે નાણાં મેળવીને દરેક ખાનગી સંસ્થાને મદદ કરવી જોઇએ. આજ આપણા શ્રીમંતોનાં દાન જુદીજુદી રીતે ખર્ચાળ તો છેજ, પણ તેને કાંઇ ચોકકસ દિશા કે અંકુશ નથી. જેમને ફંડ કરવાની હથોટી છે તેવા લોકો હજારો ને લાખો રૂપિયા મેળવી જાય છે. અને જેને એ કળા હસ્તગત થઇ નથી તે માત્ર સ્વાર્થત્યાગ કરીને બેસી રહે છે.

આપણા દેશમાં દાનશૂરપણું અને દાનભાવના પુષ્કળ છે. પરંતુ તેની રાષ્ટ્રીય યોજના થવી જોઇએ. એટલે રાષ્ટ્ર ઘડતરના કામમાં આ દાનનો પ્રવાહ વળવો જોઇએ.

## અનાથાલયમાં બાળકોનું શિક્ષણ

ઘણાં અનાથાલયો જોયાં. ઘણી મિલોમાં મજૂરોનાં નાનાં બાળકો સાચવવાની જગ્યા જોઇ. પાંચ અથવા ૭ વર્ષ નીચેનાં બાળકોને સંભાળવાં એટલે તેમને નવરાવવાં ધોવરાવવાં, પિવરાવવાનું કર્યું એટલે થયું એવી સમજ સર્વત્ર છે.

ખરું જોઇએ તો દોઢ બે વર્ષ સુધી માત્ર એટલું કરીએ તો ચાલે. પરંતુ ત્યાર પછી પાંચ કે ૭ વર્ષની ઉમર સુધી બાળક ઝપાટાબંધ વધવા લાગે છે. તે વખતે નર્સરી સ્કૂલ એટલે બાલમંદિરની ખાસ જરૂર છે. આ વાત ઘણી જગ્યાએ ધ્યાન બહાર રહેલ છે.

પંઢરપુર બાલકાશ્રમમાં તેના વ્યવસ્થાપકોને આ વસ્તુની ખબર છે અને તે કરવાની ઇચ્છા પણ છે. પરંતુ અનેક જગ્યાએ એમ દેખાય છે કે એની ખબર હોતી નથી, એની જરૂર દેખાતીજ નથી.

પરંતુ ૨ થી ૫ વર્ષનાં બાળકોને એક જગ્યાએ એકઠાં કરવાની અને તેમનો બુદ્ધિ વિકાસ અને તેમની શારીરિક હિલચાલમાં મદદ થાય એવાં સાધનો આપવાની જરૂર છે, એ વસ્તુ ધ્યાન બહાર રહેવાથી બાળકોનું બાદ્ધિક દૃષ્ટિએ કેટલુ મોટું નુકસાન થાય છે એ બાલકાશ્રમના વ્યવસ્થાપકોના ધ્યાનમાં નથી આવ્યું એ દુઃખની વાત છે.

આ વસ્તુ તરફ પણ સરકારે ધ્યાન આપવું જોઇએ તો આનો ઉપાય જલ્દી થશે.

**તારાબેન મોડક.**

---

# શિક્ષક ! ન્યાયાધીશ ! અને ગુનેગાર !

એક વખત કામ પ્રસંગે મારે એક પ્રાથમિક શાળામાં જવાનું થયું. તે શાળાના હેડમાસ્તર સાથે હું બેઠો હતો. અમારી વાતચીત ચાલતી હતી તે દરમ્યાન તેમનાજ ધોરણ છઠ્ઠાના બે વિદ્યાર્થીઓનો ઝગડો ચુકાદા માટે તેમની પાસે આવ્યો.

ન્યાયાધીશની અદાથી શિક્ષક તપાસ કરવા લાગ્યા "અલ્યા મણીઆ, શું છે ?"

" સાહેબ, મને શવલાએ માર્યો. "

" અલ્યા શવલા, તેં એને કેમ માર્યો ? "

" સાહેબ, તે મને વારંવાર બીજવ્યા કરે છે, આજે પણ બહાર જઇને તે મને ગાળો બોલતો હતો. સાહેબ, બોટું કહેતો હોઉં તો આ છગનીઆને પૂછો."

" અલ્યા, છગનીઆ શું હતું ? "

" સાહેબ, તમે આ શવલાને ઊંટ કહીને બોલાવો છો તેથી આ મણીઓ અને બીજા છોકરા તેને ઊંટ કહીને જ રોજ બીજવે છે. આજે મણીઓ બહાર જઇ ઊંટ, ઊંટ, કરી બીજવતો હતો એટલે શવલાએ તેને માર્યો."

શિક્ષકે ચૂકાદો સંભળાવ્યો, "આ સા...શવલીઓ હરામખોર છે. તેને શા માટે બીજવતો હતો ? જાઓ બેસો, ફરીથી લડયા છો તો હાડકાં ભાંગી નાખીશ."

હું આ કાર્ટનો પ્રેક્ષક હતો. મને શિક્ષક અને તે વળી હેડમાસ્તર માટે દયા ઉત્પન્ન થઇ. પાંચસો બાળકોની જવાબદારી જેને માથે છે તેની આ સ્થિતિ ?

એમને શિક્ષક ન્યાયાધીશ કે ગુનેગાર, એમાંથી કયા નામને યોગ્ય ગણવા ?

**—દેવશંકર જોષી.**

# શ્રી. ગિજુભાઈ જયંતી

## વડોદરામાં

ગુજરાત કાઠિયાવાડમાં ગિજુભાઇની જયંતી ઠેર ઠેર ઉજવાઇ. તેમાં વડોદરામાં ત્રણ દિવસનો ભરચકક કાર્યક્રમ હતો. તા. ૧૫ મીએ સવારે પ્રાર્થના અને સાંજે નાગરિકોની જાહેર સભા; તા. ૧૬ મીએ બાળકોનું સંમેલન; તા. ૧૭ મીએ હરિજન બાળકોની સાથેના સંપર્કનો કાર્યક્રમ ગોઠવાયો હતો. આખો કાર્યક્રમ ખૂબ જ સફળ થયો હતો.

## કચ્છમાં

તા. ૧૫ મીએ ગિજુભાઇની જયંતી અંગે સભા મળી હતી. તેમાં અનેક વકતાઓએ ગિજુભાઇનું જીવન અને તેમનું કાર્ય એ વિષે વિવેચન કર્યાં હતાં.

## સુરતમાં

નૂ. બા. શિ. સંઘની દક્ષિણ ગુજરાત શાખાના આશ્રયે સુરતમાં ગિજુભાઇ જયંતીને દિવસે સુરતનાં બધાં બાળમંદિરો ભેગાં થઇ એક જાહેર સભા શ્રી. રતનલાલ બાંડવાળાને પ્રમુખપદે મળી હતી. તેમાં બાળકોએ નાનકડો રંજન કાર્યક્રમ રજુ કર્યો હતો. શ્રી. અભયાબેન ભટે ગિજુભાઇનાં અંગત સંસ્મણો રજુ કર્યાં હતાં. શ્રી. વલ્લભદાસ અકકડે ગિજુભાઇના સાહિત્ય વિષે ભાષણ કર્યું હતું. શ્રી. ચન્દ્રવદન શાહે ગિજુભાઇના શિક્ષણ વિષે વાતો કરી હતી.

**નવભારતી બાળમંદિરમાં** તે દિવસે બાળકોને ભેગાં કરી પ્રાર્થના ભજન વગેરે કર્યાં હતાં. આ દિવસની યાદગીરીમાં બારમાસીના છોડની રોપણી તે દિવસે બાળકોએ કરી હતી.

## બોરડીમાં

નૂતન બાલ શિક્ષણ સંઘના ગ્રામ બાલશિક્ષણ કેન્દ્ર બોરડીમાં ગિજુભાઇ જયંતી ઉત્સાહ પૂર્વક ઊજવાઇ હતી. ગ્રામ અધ્યાપન મંદિરનાં ભાઇબેનો તથા અધ્યાપકોએ સવારે જીવન મંદિરથી જયંતીની શરૂઆત કરી હતી. આઠ વાગે બોરડી ગામની મરાઠી તથા ગુજરાતી શાળાનાં બસો અઢીસો બાળકોએ બાલવાડીમાં ધ્વજવંદન કર્યું હતું. ત્યારબાદ સરબત અને સંગીત, વાર્તા વગેરેનો મનોરંજક કાર્યક્રમ થયો હતો. સાંજે પાંચ વાગે જાહેર સભા થઇ હતી જેમાં ટ્રેનિંગ કોલેજ, હાઇસ્કૂલ તથા ઇતર સંસ્થાઓ તથા સંભાવિત ગૃહસ્થોએ હાજરી આપી સદ્‌ગત ગિજુભાઇને અંજલિ આપી હતી.

## ભાવનગરમાં

ગિજુભાઇની કર્મભૂમિમાં કાઠિયાવાડ વિભાગના મંત્રી શ્રી. પ્રેમશંકર ભટે જયંતી ઉત્સવનો સુંદર કાર્યક્રમ યોજ્યો હતો. દક્ષિણામૂર્તિ બાલમંદિર ઉપર સભા અને બાળકોનો મનોરંજન કાર્યક્રમ થયો હતો. મજૂર બાલમંદિર તથા શિશુવિહારનાં બાળકોએ તથા શિક્ષકોએ જયંતી નિમિ-તે કાર્યક્રમો યોજ્યા હતા.

## મુંબઇમાં

મુંબઇનો મુખ્ય ઉત્સવ ઊજવાયો તેનો અહેવાલ અંકમાં આવ્યો જ છે. તે ઉપરાંત, કાલબાદેવી, વાળકેશ્વર, કોટ, વિલેપાર્લે, માટુંગા, ચર્ની રોડ, વડગાદી, વિઠ્ઠલભાઇ પટેલ રોડ વગેરે લત્તાઓનાં બાળમંદિરોમાં ગિજુભાઇ સપ્તાહમાં જુદે જુદે દિવસે કાર્યક્રમ થયા હતા.

## બેંગલોરમાં

ગુજરાતની બહાર દૂર દક્ષિણમાં પણ દેસાઇ વેલચંદ વશ્રામ ગુજરાતી શાળાના શિક્ષકો તથા બાળકો તરફથી ૧૫-૧૧-૪૬ ને રોજ જયંતી ઉજવાઇ હતી.

મંત્રી
નૂ. બા. શિ. સંઘ.

**ઇન્દોરના નૂ. બા. શિક્ષણ સંમેલનની તારીખો : ૨૧ ને ૨૨ અને ૨૩ ડિસેંબર ૧૯૪૬**

પ્રમુખ . સરલાબેન સારાભાઇ, ભાષણો, ચર્ચાઓ, પ્રદર્શન વગેરે કાર્યક્રમ.

# નાં ધા ચા થી માં થી

## (૧) વિશેષમાંથી વ્યાપક

અશોકભાઇ સ્પર્શનાં પાટિયાંની રમત રમી ચૂકયા હતા. વારંવાર પુનરાવર્તન કરી એ ખ્યાલ એમણે સારી રીતે હસ્તગત કર્યો હતો. એક દિવસ બાલમંદિરમાં આવતાંની સાથેજ મારી પાસે દોડી આવી એમણે મારી દાઢી ઉપર અને ગાલ ઉપર એમ વારાફરતી હાથ ફેરવવા માંડયો.

મેં પૂછયું "અશોકભાઇ, શું કરો છો ?"

એમણે ક્રિયા ચાલુજ રાખી દાઢી ઉપર હાથ ફેરવી એમણે જવાબ આપ્યો. "આ ખરબચડું" અને ગાલ ઉપર હાથ ફેરવી "આ લીસું."

સાધન ઉપર અશોકભાઇને જે અનુભવ થયો હતો, જ્ઞાન મળ્યુ હતું, એનો એમણે વ્યાપક રીતે ઉપયોગ કરેલો જોઇ મને ખૂબ આનંદ થયો. અને તેમાં પણ એમના અનુભવનો પરિચય કરાવવા એમણે જે સાધન વાપર્યું એથી તો ખાસ આનંદ થયો.

## (૨) આનુંનાસ સ્વયં સ્ફૂર્તિ

આજે થોડોક વરસાદ પડયો હતો. પહેલોજ વરસાદ હતો. એટલે બાળકો આનંદથી આંગણામાં રમતાં હતાં. કોઇ-ઘર બનાવતાં હતાં. તો કોઇ લાડવા વાળતાં હતાં. પણ લાડવા બરાબર થતા ન હતા, અને ઘર તૂટી જતાં હતાં, કારણ પાણી ઓછું હતું. બધાં બાળકો શું કરવું એનો જાણે વિચાર કરતાં હતાં. ત્યાં પ્રફુલ્લ ઊભા થયા અને બાજુની કુંડીમાંથી ડોલભરી પાણી લાવી રેતીમાં નાખ્યું. પ્રશ્ન ઊકલી ગયો અને લાડવા ઘીથી જાણે તરબોળ થઇ ગયા. બધાંને દિશા સૂઝી.

## (૩) કામ થયું પણ હાર્ટ ગયું

આજે શનિવાર હતો. બાળકોને ફરવા લઇ ગયા હતા. પાછા ફરવાનો સમય થયો અને બધાં બાળકો ચાલવા લાગ્યાં. ભાનુભાઇ બૂટની દોરી બાંધવાની ગડમથલ કરતા હતા, એટલામાં દૂરથી તેડાગર બાઇ આવી. બૂટ લઇ લીધા અને "જલ્દી ચાલો, આટલી વારમાં તો મેં ત્રણ વખત બૂટ પહેરાવ્યા હોત" બોલતાં બોલતાં બૂટ પહેરાવવા લાગી.

બૂટ પહેરાઇ ગયા, પણ એથી ભાનુભાઇને આનંદ ન થયો, એતો નિરાધાર બની ત્યાં ઊભા ઊભા રડવાજ લાગ્યો. એમને એમનું સ્વમાન ઘવાતું લાગ્યું. એમને સ્વાવલંબી બનવું હતું. બૂટની દોરી જાતે બાંધવી હતી. કોઇ બાંધી આપે એથી કંઇ ઓછો સંતોષ થાય ?

## (૪) શિક્ષણની ફેરી

આજે ઉપલા વર્ગના થોડાંક બાળકો સાથે બજારમાં નાસ્તાની ખરીદી માટે જતો હતો. રસ્તે એક સંબંધીને ત્યાં અમે ઊભાં હતાં, એટલામાં ગંદાં કપડાં પહેરેલા, બીડી ફૂંકતા અને હાથમાં સોટી હલાવતા એક ગૃહસ્થે મહોલ્લાને નાકેથીજ બૂમ પાડી.

"એ.....ચમનીયા.....સેવલા.....પૂનીઆ... હેંડો." એક બાળકે પૂછયું. "આ ફેરીઓ શું વેચે છે?"

(આગલેજ દિવસે બાળકોને ટોપીવાળા ફેરીઆની વાત કહી હતી. અને ફેરીઆઓના જાતજાતના અવાજોનો આછો ખ્યાલ આપ્યો હતો.)

"શિક્ષણ" મેં કહ્યું.

"એટલે ?" બાળકે પૂછયું.

"એ માસ્તર છે." મેં કહ્યુ.

"આવા માસ્તર ! કેવા ગંદા છે ? આ તો બીડી પીએ છે," બાળકોનું કુતૂહલ વધ્યું.

"અલ્યા, આતો અધ્યારૂ છે. એમની નિશાળ તો ત્યાં.....છે." હું કંઇ પણ બોલું તે પહેલાં બીજું એક બાળક વચ્ચે બોલી ઉઠયું.

આ વાતને અઠવાડિયું વીતી ગયું હશે. એજ જગાએથી પસાર થતાં એક વાલીએ મને ઊભો રાખી પૂછયું, "અમારા છોકરાને તમારા બાલમંદિરમાં દાખલ કરશો ?"

"કેટલા વર્ષનો છે ?"

"છ—સાત"

"હમણાં કયાં ભણે છે ?"

".....અધ્યારૂને ત્યાં"

"ત્યાં નથી ફાવતું ?"

"ના, છોકરો રોજ રોતો રોતો ઘેર આવે છે."

"કેમ ?"

"માસ્તર બહુ મારે છે, તેથી છોકરો બૂબજ કંટાળી ગયો છે. એણે તો માનતા રાખી છે.,,

"શાની ?"

"માસ્તર મરી જાય તો બે દીવા કરવાની."

આ પછી બીજી ઘણીએ વાતો થઇ અને વખતના વહેણમાં ભુલાઇ પણ ગઇ. પણ એ "શિક્ષણની ફેરી" અને આ બાળકની કરુણતા મને લાગે છે કે આ જન્મે તો નહીંજ ભૂલાય.

**પુનમચંદ શાહ**

# કસ્તુરબા ગાંધી રાષ્ટ્રિય સ્મારક ટ્રસ્ટ—ગુજરાત

[ક. ગાં. રા. સ્મારક ટ્રસ્ટ વિષેની નીચેની માહિતી ગુજરાત વિભાગના પ્રતિનિધિએ અમારી પાસે મોકલી આપી છે. —સંપાદક]

કસ્તુરબા ટ્રસ્ટની થોડી ગ્રામ સેવિકાઓ તાલીમ લઈને જાન્યુઆરીની અધવચમાં તૈયાર થશે. એટલે ગુજરાતના જિલ્લાઓ, વડોદરા રાજ્યના પ્રાન્તો કાઠિયાવાડ (ભાવનગર રાજ્ય સિવાય) અને કચ્છમાં ૨૦૦૦ થી ઓછી વસતિવાળાં કેટલાંક ગામોમાં કસ્તુરબા ટ્રસ્ટના ગ્રામ કેન્દ્રો શૈક્ષણિક પ્રવૃત્તિઓથી ખોલાશે. આ ગ્રામ કેન્દ્રોની પ્રવૃત્તિઓ અઢીથી સાત વર્ષનાં બાળકો માટે બાલવાડીઓ, કન્યાઓ માટે સંસ્કાર કેન્દ્રો અને સ્ત્રીઓ માટે પ્રૌઢ શિક્ષણથી શરૂ થશે. ગ્રામ કેન્દ્રો ખોલવા માટે નીચેની બાબતો ધ્યાનમાં લેવાની હોય છે.

જે ગામના લોકોની ઇચ્છા હોય અને સક્રિય સહકાર આપવાની તૈયારી હોય તે ગામમાં કેન્દ્ર ખોલાશે. ટ્રસ્ટના સંચાલન નીચે ત્યાંની પ્રવૃત્તિઓ નિધિ તરફથી તાલીમ પામેલી ગ્રામ સેવિકાઓ સ્થાનિક લોકોના સહકારથી ચલાવશે. નિધિ તરફથી શરૂ કરાયેલા કેન્દ્રોને "કસ્તુરબા ગાંધી રાષ્ટ્રિય સ્મારક ટ્રસ્ટ ગ્રામકેન્દ્ર" એવું નામ અપાશે. કેન્દ્રોની પ્રવૃત્તિઓ સ્વાવલંબી બને તે માટે તેના ખર્ચની અરધી જવાબદારી જે ગામમાં કેન્દ્ર ખોલવામાં આવશે તે ગામના અગર તેની આજુબાજુના પ્રદેશના લોકોએ શરૂઆતથી જ ઉપાડી લેવાની રહેશે. અને ત્રણ વર્ષને અંતે તે કેન્દ્ર આર્થિક દૃષ્ટિએ સ્વાવલંબી થવું જોઇએ. જો શરૂઆતથી જ ખર્ચની અરધી જવાબદારી સ્થાનિક સાધનોથી ન ઉપાડી શકાય તો પ્રવૃત્તિના પહેલા વર્ષમાં ખર્ચના ૧૫ ટકા જેટલી રકમ તો સ્થાનિક સાધનોથી મેળવવી જ જોઇશે, બીજે વર્ષે ૨૫ ટકા, ત્રીજે વર્ષે ૨૫ ટકા, ચોથે વર્ષે ૫૦ ટકા, પાંચમે વર્ષે ૭૫ ટકા, અને પાંચમા વર્ષને અંતે તો તે કેન્દ્ર સ્વાવલંબી થવું જ જોઇએ.

જે લોકો પોતાના પ્રદેશના ગામમાં ટ્રસ્ટ તરફથી કેન્દ્ર ખોલાવવા ઇચ્છતાં હોય તેઓને ટ્રસ્ટના ગુજરાત વિભાગના પ્રતિનિધિ (ધી રીટ્રીટ, શાહીબાગ, અમદાવાદ) સાથે પત્ર વ્યવહાર કરવા વિનતી છે.

# ન્યૂ બા. શિ. સંઘના વ્યવસ્થાપક મંડળની ચૂંટણીનું પરિણામ

નૂતન બાલ શિક્ષણ સંઘના વ્યવસ્થાપક મંડળની ચૂંટણી પૂરી થઇ છે. તેને માટે પાંચ ઉમેદવારો ઊભાં હતાં. (૧) શ્રી. તારાબેન મોડક (૨) શ્રી. નાનાભાઇભટ્ટ (૩) શ્રી. સરોજબેન યોધ (૪) શ્રી. નર્મદાબેન રાવળ અને (૫) શ્રી. સરલાબેન દેવધર. એમાંથી ચારની ચૂંટણી થવાની હતી. નીચે મુજબ ચાર જણ ચૂંટાઇને આવ્યા છે: (૧) શ્રી. તારાબેન મોડક (૨) શ્રી. સરોજબેન યોધ (૩) શ્રી. નાનાભાઇ ભટ્ટ (૪) સરલાબેન દેવધર. ચૂંટાઇને આવેલા ભાઇ બહેનોને અમે અભિનંદન આપીએ છીએ ન. બા. શિ. સંઘનું વ્યવસ્થાપક મંડળજ નૂતન શિક્ષણની બધી પ્રવૃત્તિ ચલાવે છે. એ દૃષ્ટિએ વ્યવસ્થાપક મંડળની જવાબદારી ઘણીજ મોટી છે. વળી ન્યૂ. બા, શિ. ના કામનું ક્ષેત્ર પણ વધતું જાય છે. એ દૃષ્ટિએ વ્યવસ્થાપક મંડળના કામનો બોજો સારી પેઠે વધશે. આ બધા કામને પહોંચી વળવા માટે યોગ્ય એવા વ્યવસ્થાપકો ચૂંટાયા છે તે આનંદની વાત છે. નવા વ્યવસ્થાપક મંડળની સભા રવિવાર તા. ૧૬ મીએ બોરડી મુકામે મળવાની છે. અમે આશા રાખીએ છીએ કે વ્યસ્થાપક મંડળ નવા કાર્યની વેગવાન અને પ્રેરક રૂપરેખા આંકી ન્યૂ. બા. શિ. ના કાર્યકર્તાઓને માર્ગદર્શન કરાવશે.

સંપાદક

## પત્રિકા વિષે

૧ જનેવારી ૧૯૪૭ થી શિક્ષણ પત્રિકાનું લવાજમ રૂા. ૩) દરેક ભાષા માટે થાય છે.

૨ શિ. પ. નું નવું વર્ષ જનેવારીથી શરૂ થાય છે.

૩ નૂ. બા. શિ. સંઘના સભાસદને શિ. પ. મોકલવામાં આવે છે.

સભાસદના વર્ગ નીચે મુજબ છેઃ

| | | | | |
|---|---|---|---|---|
| સામાન્ય સભાસદ | રૂા. | ૩) | વાર્ષિક લવા. | |
| સક્રિય | ,, | ,, | ,, | ,, ,, |
| સહાયક | ,, | ,, | ૬) | ,, ,, |
| જોડાણ | ,, | ,, | ૭) | ,, ,, |
| હિતેચ્છુ આજીવન | ,, | ,, | ૧૦૦) | એકી સાથે |
| શુભેચ્છક | ,, | ,, | ૨૫૦) | ,, ,, |
| દાતા | ,, | ,, | ૫૦૦) | ,, ,, |
| પ્રદાતા | ,, | ,, | ૧૦૦૦) | ,, ,, |

૪ પત્ર વ્યવહારના સરનામાંઃ—

શિક્ષણ પત્રિકાઃ—
**શ્રી બાબીભેન મૂળજી**
શાન્તારામ નારાયણ લેન
વાળકેશ્વર, મુંબઇ ૬

નૂ. બા. શિ. સંઘઃ—
**શ્રી તારાભેન મોડક**
બાલવાડી
ઓઠી વાયા ધોલવડ
B. B. C. I. RLY.

૫ જનેવારી ૧૫ સુધી જેમનું લવાજમ નહીં આવ્યું હોય તેમને શિ. પ. નો જનેવારીનો અંક વી. પી. થી મોકલી આપવામાં આવશે. વી. પી. થી ૫/૬ આનાનો ખર્ચ વધારે થાય છે. તેથી પોતાનું લવાજમ મનીઓર્ડરથી મોકલી આપવા સભ્યોને વિનતી છે.

૬ જનેવારી ૧૯૪૭ થી ગુજરાતી પત્રિકામાં બાલવિભાગનાં ચાર પાનાં આપવામાં આવશે.

૭ શિક્ષણ પત્રિકામાં જાહેરાતો લેવાના દર નીચે મુજબ છેઃ—

**એક વર્ષ તથા ત્રણ ભાષા માટે.**

| | |
|---|---|
| આખું પાનું | રૂા. ૧૪૦૦ |
| અર્ધું પાનું | રૂા. ૮૦૦ |
| પા પાનું | રૂા. ૪૦૦ |

**કોઇ પણ એક ભાષામાં એક વર્ષ માટે.**

| | |
|---|---|
| આખું પાનું | રૂા. ૭૦૦ |
| અર્ધું પાનું | રૂા. ૪૦૦ |
| પા પાનું | રૂા. ૨૦૦ |

**કોઈ પણ એક ભાષામાં એક માસ માટે.**

| | |
|---|---|
| આખું પાનું | રૂા. ૨૫૦ |
| અર્ધું પાનું | રૂા. ૧૫૦ |
| પા પાનું | રૂા. ૭૫ |

**બાબીભેન મૂળજી**
વ્યવસ્થાપક
શિક્ષણ પત્રિકા.

## ઇન્દોરનું સંમેલન

ઇન્દોરનું સંમેલન તા. ૨૧-૨૨-૨૩ ડિસેંબર એ ત્રણ દિવસોએ ઇન્દોરમાં મળશે. હિન્દુસ્તાની વિભાગનું આ પ્રથમ સંમેલન હોઈ તેનું મહત્ત્વ ઘણું જ છે. આ સંમેલનને સફળ કરવા માટે ગુજરાતના નૂ. શિ.ના અનુભવી કાર્યકર્તાઓએ કટિબદ્ધ થવું જોઇએ. ઉત્તર હિંદમાં નૂ. શિ.નો સંદેશો લઇ જવાની જવાબદારી ગુજરાતના કાર્યકર્તાઓની જ છે, એમ અમને લાગે છે. ગુજરાતનાં બાળમંદિરોનાં શિક્ષક શિક્ષિકાઓ બની તેટલી સંખ્યામાં આ સંમેલનમાં હાજરી આપે અને સંમેલનને સફળ બનાવે એવી વિનંતી અમે કરીએ છીએ. —સંપાદક.

# બાળકો માટે ગ્રામોફોન રેકર્ડ્સ

[શ્રી. ચંદુલાલ વ્યાસ મુંબઇની જાણીતી ન્યૂ ઇરા સ્કૂલના મુખ્ય અધ્યાપક છે. પોતાના અનુભવથી બાળકોને ગમતી રેકર્ડોની યાદી તેમણે બનાવી છે. શિ. પ. ના વાંચકોની જાણ માટે અમે તે યાદી નીચે આપીએ છીએ—સંપાદક]

| નંબર | ગીત | બનાવનાર | ગાનાર | ઉતારનાર |
|---|---|---|---|---|
| ૧ | નિત્ય નિત્ય મોરલો | વસંત નાયક | પોતે | ક્રોલંબીઆ |
| ૨ | વીણુ રે વીણુ (પાછળ) | ,, | ,, | ,, |
| ૩ | ચાલોને રમીએ હોડી | પિનાકીન | પિનાકીન | ,, |
| ૪ | દિન રાત ચાલ્યા કરે | ,, | ,, | |
| ૫ | વાદળ વાદળ વરસે | વસંત નાયક | વસંત નાયક | ,, |
| ૬ | તારા તારા તુહારા જેવી | ,, | ,, | ,, |
| ૭ | મા હોઉં જો આભનો તારો | ,, | ,, | ,, |
| ૮ | અમે ફેર પુધરડી | ,, | ,, | ,, |
| ૯ | મોગરાની માળ | ,, | ,, | ,, |
| ૧૦ | મારે આંગણે ઊગ્યાં | ,, | ,, | ,, |
| ૧૧ | પેલા પંખીને જોઇ | પિનાકીન | પિનાકીન | ,, |
| ૧૨ | પેલા ચમક ચમક ચમકંતા | ,, | ,, | ,, |
| ૧૩ | દિવાળીની છુટ્ટી | ,, | ,, | ,, |
| ૧૪ | હલેસાં માર | ,, | ,, | ,, |
| ૧૫ | હું ધોબણ | અવિનાશ | જ્યોત્સ્ના | યંગ ઇન્ડીઆ |
| ૧૬ | બીજો ભાગ | ,, | ,, | ,, |
| ૧૭ | લઇ લ્યો ભાજી તાજી | ,, | મધુરિકા | યંગ ઇન્ડીઆ |
| ૧૮ | ,, | ,, | | ,, |
| ૧૯ | રમતાં રે રમતાં | અવિનાશ | મંજુ અને શાંતાબેન | હિઝ માસ્ટર્સ વોઇસ |
| ૨૦ | નાના જાય નિશાળે | ,, | ,, | ,, |
| ૨૧ | એક જાદુગર | ,, | ,, | ,, |
| ૨૨ | નાનાં નાનાં બાળ | ,, | ,, | ,, |

ધી ન્યુ ઇરા સ્કૂલ, મુંબઇ નં. ૭. સંપાદક : ચંદુલાલ વ્યાસ


## બાળમંદિરો માટે સાધનો

બાળમંદિર માટે સાધનો ખરીદતાં પહેલાં અમારું સૂચિપત્ર મંગાવો.

**દરેક સાધનો શાસ્ત્રીય પદ્ધતિથી બનાવવામાં આવે છે અને તે બધાં નિષ્ણાતોની દેખરેખ નીચે તૈયાર કરવામાં આવે છે.**

સૂચિપત્રમાં જણાવેલ ભાવ ઉપર બાળમંદિરોને જ ૬ ૧/૪ ટકા કમિશન આપવામાં આવે છે.

તમારી જરૂરિયાત માટે લખો :

બનાવનાર : **નૂતન શિક્ષણ સાધનાલય એન્ડ આર્ટ વર્કર્સ લિમિટેડ.**

વઢવાણ કેમ્પ (કાઠિયાવાડ).


મુદ્રક–પ્રકાશક:–ગો. રા. કુલકર્ણી, ૧૧૭, હિંદુ કોલોની દાદર–મુંબઇ ૧૪, મુદ્રણ સ્થાન:–સ્ટેટ્સ પીપલ પ્રેસ, ૧૩૮, મેડાઝ સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઇ

23_15
23115